દીવાળીની ઉમ્મર ફક્ત ૨૪ વરસની હતી. તેને બે છોકરીઓ ૭ અને ૬ વરસની હતી. દીવાળી હજી જુવાન હતી. તેના પતિ કેશવલાલની ઉમર ૨૮ વરસની હતી. તે ગુમાસ્તાગીરી કરી રૂ. ૨૫) નો પગાર લાવતો. ધણી ધણીઆણી ખુશીથી જીંદગી કાઢતાં હતાં. કુદરતને સારૂં ન ગમ્યું. અને કેશવલાલની ૨૮ ની ઉમરે તે હૃદય બંધ પડવાથી અચાનક મરણ પામ્યો. તે તેની પછાડી એક વિધવા અને બે પુત્રીઓ મુકી ગયો. તે જુવાનીમાં મરણ પામ્યો તે વાતની દયા ન ખાતાં પંચો તેના મરણના લાડુ ખાવા તૈયાર થયા. તેની પાસે લાડુ કરાવવાનું બીડું ચોરમલ શેઠે ઝડપ્યું આપણે ઉપર જોઇ ગયા તેમ દીવાળી પાસે જેમણે લાડુ કરાવવાની બળાત્કારે સંમતિ માંગી લીધી.

જુવાનીઆઓએ આ ભોજન સામે બંડ ઉઠાવ્યું. આ જમણ થશે તો હમે પીકેટીંગ કરીશું એવી પત્રિકાઓ પણ યુવક મંડળ તરફથી બહાર પડી. શેઠ ચોરમલે કોઇનું માન્યું નહિ. તેઓ કહેવા લાગ્યા કે "કોણ છે પીકેટીંગ કરનારૂં? અમે તો અમારા ઘરથી આવાં જમણ બંધ કરવાનો રીવાજ પાડીશું નહિ," વિગેરે બોલી યુવકો ધમકાવવા લાગ્યા.

અંતે બાસુદી પુરીનું જમણ થયું, યુવકોએ નિરધાર કર્યા મુજબ સવારે "લોહીના લાડુ બાઇકોટ" પોકાર કરતુ સરઘસ કાઢ્યું, સાંજે જમવાને વખતે જમણવાર અગાડી પીકેટીંગ શરૂ કર્યું.

હજારો માણસો પરનાતના પણ આ પીકેટીંગ જોવા ભેગા મળ્યા હતા. જે કોઇ જમવા

જાય તેના માટે "શરમ, શરમ" ના પોકારો આ ટોળીઓ કરતી હતી. જમવા જનારા શરમાઇને પાછા ફરતા હતા.

યુવકોએ તો શાંત પીકેટીંગ ચાલુ રાખ્યું. તેમણે કોઇનું માન્યું નહિ. ચોરમલ શેઠ કોઇને કાંઇ ગાંજ્યા જાય તેવા ન હતા. તેમણે સુલેહના ભંગની અરજી આપી ચાર પાંચ યુવકોની ધરપકડ કરાવી, પણ તેથી શું યુવકો ડરવાના હતા? યુવાનોમાં નવું જોમ આવ્યું. તેમણે બમણા જોરથી પીકેટીંગ ચાલુ કર્યું. પોલીસથી પોતાની ભૂલ સમજાઇ, અને તેમણે પકડેલા યુવકોને છોડી મૂકયા. તેઓ પાછા આવી શાંત પીકેટીંગ કરવા લાગ્યા.

પીકેટીંગ સફળ રીતે પાર ઉતર્યું. ફકત બે આની માણસો જમવા ગયા. એમની બાસુદી પુરી એમની એમ પડી રહ્યાં. ત્યારે એમને સમજાયું કે આપણે યુવકો ના ના કીધા પર જમણુ કર્યું તે એક મોટી ભૂલ કરી છે.

(૪)

હવે જમણુ વિગેરે ખલાસ થયાને ૧૫ દીવસ વહી ગયા હતા. દીવાળીનું ઘર ગીરો મુકાઇ ગયું હતું. ચોરમલ શેઠે દુકાનદારોના બીલો પોતાની રીત પ્રમાણે ચુકવી આપ્યાં હતાં.

જે ધણીએ ઘર પર પૈસા આપ્યા હતા તે ધણીએ વિચાર્યું કે હવે દીવાળી પાસે કાંઇ નથી. જો આપણે તકાદો કરીશું તો મકાન સસ્તામાં મળી જશે, તેથી તેણે તકાદો શરૂ કર્યો. દીવાળીએ કહ્યું કે હું પૈસા કયાંથી લાવું? શેઠ ચોરમલ પાસે જાઓ !!' શેઠ હવે સાંભળે ખરા કે? તે તો લાડુપ્રેમી હતા.

અંતે દેવું ચુકવવાને દીવાળીએ મકાન વેચી દીધું. ભીની આંખે ધડકતે હાથે શેઠ ચોરમલ પર શાપ વરસાવતી દીવાળીએ મકાન ખાલી કર્યું.

હાય! પ્રેત ભોજને આ કુટુંબનું આધારભૂત મકાન છીનવી લીધું. દીવાળી ને તેની છોકરીને ભિખારણ બનાવી રઝળતા કર્યાં.

સાગરમલ સુળચંદ તલાટી—દાહોદ.

જૈન સમાજને.

(લેખક—માણેકચંદ રામચંદ ગાંધી—ફતેપુર.)

સમગ્ર જગતમાં જ્યારે વિદ્યાની નવી નવી કળાની ભરતી આવી છે, જ્યારે નવાં નવાં આયુધો શોધાય છે, જયારે નવી નવી ભાવનાઓ ઘડાય છે, જ્યારે નવી નવી આર્થિક અને સામાજીક યોજનાઓ યોજાય છે, ત્યારે જૈન સમાજ કુરીવાજોને વળગી રહયો છે. ઉચ્છૃંખલતા અને સ્વચ્છંદતા અનુભવી રહયો છે.

જૈન જાતિની આધુનિક સ્થિતિ નિહાળતાં અશ્રુપાત થયા સિવાય રહેતો નથી. તેનું દિગ્દર્શન આલેખતાં કમકમી છૂટયા સિવાય રહેતી નથી. તેનું વૃત્તાંત લખતાં લેખની ધ્રુજ્યા સિવાય રહેતી નથી. તેની આર્થિક સામાજીક અને નૈતિક સ્થિતિનું વિવરણ કરતાં શું ન થાય? જે જાતિ એક સમયે ઉચ્ચતાને શિખરે હતી, જે સર્વ શ્રેષ્ઠ જાતિઓમાંની એક જાતિ હતી, જેના અનુયાયીઓ ઉત્કૃષ્ટ અને ઉત્તમ હક ભોગવતા હતા તેની મનોદશા શું આ હોઇ શકે? જે જાતિની પ્રશંસાનાં પાનેપાનાં ભરેલાં છે, જેના અવર્ણનીય ગુણોનું માપ આપણી આગળ ખડું છે તે જાતિના શું આવા હાલ? એ બધું કોને કોને આભારી છે?

જૈનત્વ તને, તને, તારી કુરૂઢીઓને, તારા કુરીતરીવાજોને, તારી જનતાને એ બધું આભારી છે.

જૈનત્વનાં પાને પાનાં ફેરવ્યાં, તેમાં પારંગત થયા, તેના અનુયાયી થયા, આશ્રિત થયા છતાં આજે આ દશા કેમ નિહાળો છો? અરે જૈન સમાજના વડીલો, આ ડંકા નિશાન શાના ગગડી રહ્યા છે. આ બધું શું જણાવે છે? તમારી ઉન્નતિ કે અવનતિ? ભૂલ્યા છો ત્યાંથી ફરી ગણવાનું શરૂ કરો. કુંભકર્ણની નિંદ્રાને પરિત્યાગો, અજ્ઞાનતાના વાદળને વિખેરો. ચાલતા અનહદ કજીઆ

કંકાશને તિલાંજલી આપો. રૂઢીચુસ્ત ન બનો. બાપ દાદાના પુછને તરછોડો. જૈનતત્વના અનુયાયી થતા પહેલાં ઓળખો જૈનત્વને. રૂઢી ગુલામ મા બનો.

જે નાવ ભર દરીએ ઝોલાં ખાઇ રહ્યું છે તે નાવને ડુબાવવું કે તારવું એ તમારે હાથે છે. તમે તેના નાવિક છો, તારણહાર છો. સુ સુકાની છો. ઉપરોકત બાબતને અનુસરશો તો ભરદરીએ તમારૂં નાવ ડુબશે. અડગ ટેકી બની, નહિ અનુસરવાને પ્રતિજ્ઞા લેશો તોજ તેના તારણહાર બનવાના નહિ તો તેના સંહારક તો છોજ ને? નાવ ને બચાવવાના અનેક ઉપાયો છે. દિવસ વધે એકેક ઉપાય અજમાવજો અને જોજો પછી તેનું પરિણામ.

જૈન સમાજના નાવને ડુબાવવાને અનેક ઝેરી નાગો અને મગરોએ સમુદ્રના પાણીમાં વસવાટ કર્યો છે. એ નાવ હવે હલાયમાન થઇ રહ્યું છે. બાળ લગ્ન, વિધવા વિલાપ, વૃદ્ધ લગ્ન, બાળ વિવાહ અને ભોજનવરા વિગેરે નાગ અને મગરોએ સમુદ્રમાં પ્રાધાન્યપદ મેળવ્યું છે. સામ્રાજ્ય ફેલાવ્યું છે, પણ એ સામ્રાજ્ય અને પ્રાધાન્ય પદ કયાં સુધી? એ પ્રાધાન્ય પદ અને સામ્રાજ્યને તોડવાને જૈન યુવાન વર્ગે સુપ્ત દશાને ત્યાગવી ઘટીત છે. કમર કસવી જોઇએ આગળ ધપવાને, કુરૂઢીઓને બરતરફ કરવાને, જૈન વૃદ્ધ સંચાલકોને ચેતવવાને, દિવ્ય, સંદેશા સુણાવવાને જૈનત્વનાં આદેશ અનુસરાવવાને.

જૈન જાતિના અગ્રેસરો! તમારી જાતિનું હિંદુ જાતિઓમાં શું સ્થાન છે? જૈન જાતિ એ અનેક વિભાગમાં વહેંચાઇ છે, અનેક ભાગલા પડયા છે. આવી ઉપજાતિઓ શાને? આવા નાહકના ભેદ શાને?

હિંદ આવી જાતિ અને ઉપજાતિઓથી ભરપુર છે. આ ઉપજાતિઓએ હિંદને પરવશ કર્યો છે. ઉપજાતિઓથી દરેક સમાજને અતિ હાનિ થઇ છે, છતાં ઐકયતાના મંત્રને પઢવો ગમે છે કોને? મમત્વતાથી આ ઉપજાતિઓ ઉપજી છે. શેઠાઇ શાહથી ઉપજાતિઓ ઉપજી છે, શેઠાઇ-શાહીમાં તમો અંધ બન્યા છો. મમત્વતાએ તમારો કેડો છોડયો નથી. શેઠાઇશાહી અને મમત્વતાએ તમારી સ્વતંત્રતા ઉપર કાપ મુકયો છે. કુળ લંબરથી પરવશ કર્યા છે, ઐકયતા ઉપર કાપ મુકયો છે. આવી શેઠાઇશાહી અને મમત્વતા એ તમને ન છાજે. આવા ગુલામીના મંત્રો તમને ન છાજે. **અહિંસાવાદી છો, સત્યધર્મના પાલક છો, મહાવીરના તનુજો** છો......તો પછી?

આખુંએ જગત જ્યારે ઉન્નતિનો શંખનાદ ફૂંકી રહયું છે, ઉન્નતિનાં સ્વપ્નાં સેવી રહયું છે ત્યારે તમારો પંથ ન્યારો છે, ઉલટો છે, જુદો છે દરેક જ્ઞાતિના અગ્રેસરો નૂતન વર્ષે નવાનવા કાયદા કાનુનો ઘડવા બેઠા છે ત્યારે તમારી જ્ઞાતિના અગ્રેસરો અજ્ઞાનતાની શય્યામાં સુપ્ત છે, મોજ શોખમાં આનંદ માની રહયા છે, આળસાઇમાં દિવસ ગુજારી રહયા છે, પણ સૂઝે છે કંઇ વિચાર જ્ઞાતિના ઉદ્ધારનો? થાય છે કંઇ ઇચ્છા તીર્થક્ષેત્રોમાં ખર્ચવાની? થાય છે કંઇ ઇચ્છા છાત્રાલયોમાં આપવાની? થાય છે કંઇ ઇચ્છા દાનાર્થે ખર્ચવાની? કીર્તિની ખાતર હજારોનું પાણી કરવું ગમે છે, લગ્ન પાછળ લાણી કરવી ગમે છે, મરણ પાછળ ન્યાતી કરવી ગમે છે, પણ નથી સૂઝતો એકે ઉપાય પૈસાના સદુપયોગનો.

જ્ઞાતિના ચુરેચુરા કરનાર, જ્ઞાતિને છેલ્લે પાટલે બેસાડનાર, જ્ઞાતિના ઉગતા યુવકોનાં લોહી ચુસી લેનાર **બાળ લગ્ન** જેવા કાળા નાગની સંખ્યાઓ વધતી જાય છે. દિવસ વધે તેનું પ્રમાણ વધતું જાય છે. એ નાગે-એ કીડાએ જ્યારથી ઘર ઘાલ્યું છે ત્યારથી આપણે અધોગતિમાં સડતા જઇએ છીએ. એ સંબંધીને તો હવે રજા આપવીજ જોઇએ નહિ તો ઉપરી પણું મેળવી

લેશે તો નોકરશાહીની નાદીરશાહી થશે. હે જૈન જાતિના અગ્રેસરો ! તમારૂ સુકાન આગળ ધપાવવાને જરૂર આ કીડાને તિલાંજલી આપજો.

કેટલીએ વિધવાઓ ચોધાર અશ્રુ પાડી રહી છે. કુમાર્ગે દોરાઇ રહી છે. છે કોઇ આની દાદ સાંભળનાર ? છે કોઇ આની મદદે આવનાર ? વિધવા બ્હેનોના અશ્રુઓથી જૈન સમાજ ખરડાઇ છે, પણ નથી ગમતું લેપ મારવાનું કોઇને ? એ દેવીઓની સ્વતંત્રતાનું હરણ કેમ ? આ સવાલનો જવાબ હજુ નથી અપાયો. અનેક વિચારો યોજાઇ રહ્યા છે.

જૈન સમાજ કેળવણી વિના ભુખે મરે છે એમ નથી પણ કેળવણીથી અધુરો છે. અજ્ઞાનતાએ પોતાની જાળ બીછાવી છે. કેળવણીએ દુઃખી એટલે દરેક રીતે દુઃખી. કેળવણીમાં સર્વસ્વ છે. કેળવણી તમારો ગુરૂ છે. માતા છે, પિતા છે પૈસો છે. તો પછી બીજાં ફાંફાં શાને ? આથી અધિક શું હોઇ શકે ? તમોએ હજુ કેળવણીની અસરો નથી જાણી અને તેથીજ તેનો અંગીકાર નથી કર્યો; પણ કેળવણી કે જે લક્ષ્મીની પણ લક્ષ્મી છે, દેવીની પણ દેવી છે તો પછી એને કેમ તરછોડાય ? તમારે હજુ આભૂષણોથી સજ્જ થવું છે અને એ લ્હાવા મેળવવા છે ત્યાં સુધી એ આશા ક્યાંથી હોય ?

દરેક સમાજનાં યુવક યુવતિઓની રોમેરોમમાં “કેળવણી” ના શબ્દો વહી રહ્યા છે, પણ જૈન સમાજની રગેરગમાં હજુ એ શબ્દો નથી વહી રહ્યા યુવકોએ કેળવણીનો અંગીકાર કર્યો છે તે પણ બહુજ થોડે અંશે, પણ યુવતીઓનું શું ? યુવતીઓ જે ભાવીને ઘડનાર છે, જેની કુંખે વિરલા ઉત્પન્ન થવાના છે. જેને એક આંખે આખું જગત નિહાળી રહ્યું છે, જેના ઉપર જગત અને જાતિનો આધાર છે, જેના ઉપર સંસારનું ભાવી વાતાવરણ ચાલી રહ્યું છે, જે શાંતતાની દેવીઓ છે તેઓની અજ્ઞાનતા અને અભણતાને કેમ સાંખી શકાય ? કેળવણી આપવી ઘટે છે પહેલાં યુવતીઓને અને પછી યુવાનોને.

કેળવણી સિવાય બધુ અંધારૂં છે, સમાજની અધોગતિ છે, દેશની પાયમાલી છે, વીર સંતાનોની આશા વ્યર્થ છે, પરતંત્રતાની બેડીઓને તોડવી અશક્ય છે.

મરણ પાછળ થતી ન્યાતો નિરાંતે જમો છો. હજારોનો ધુમાડો કરો છો, લાડુ ખાવા ખવડાવવાનો લ્હાવો લો છો. વધારે ખર્ચ જ્યાં થાય તે ન્યાતને તમો પ્રશંસનીય બનાવો છો. બાહ્ય આડંબરથી તેની વાહવા બોલો છો, પણ જૈનો વિચારો કે આ તમો શું કરો છો ? મરનારની આંતરડીને તમે ઠારો છે કે પાળો છો ? દુઃખી કરો છો કે સુખી કરો છો ? કળકળતી આંતરડીને કદી આવી રીતે શાંત્વન ન મળે. એક બાજુ મિષ્ટાન ઉડે અને બીજી બાજુ છાજીઆ લેવાતાં હોય, અશ્રુપાત થતો હોય એ શું શાંત્વનનું નીશાન કે દુઃખી કરવાનું નિશાન ? આવા પ્રેત ભોજનના લાડુ શાને ? આવાં નાહકનાં ખર્ચ શાને ? આવી ન્યાતોને તિલાંજલી આપવી એજ ઉચિત છે.

બાળવિવાહ અને વૃદ્ધલગ્ન એ પણ જૈન સમાજમાં પ્રચલિત છે, તેનું પણ નિકંદન થયું નથી. જો એનું નિકંદન થશે તોજ ઠીક નહિ તો સમાજને સડવું પડશે, રીબાવું પડશે.

જૈન સમાજના વડીલો હવે તો ચેતો. કલમને કસતા પહેલાં અમલમાં મુકવાનું શરૂ કરો. જૈન સમાજનું જે સ્થાન હતું તે સ્થાનને કબજે કરવાને કટિબદ્ધ થાઓ. હવે દિવસો વીતાવવાનો સમય નથી રહયો. કુરિવાજોને તિલાંજલી આપો. ખરા જૈનત્વના અનુયાયી બની ખરા માર્ગે દોરાઓ. આલેખાયું છે બહુ પણ જુગજુગની નિંદ્રા હજુ ઉડતી નથી, વિકાસ કરવો ગમતો નથી, ગુલામીને તરછોડવી ગમતી નથી.

કરજો, કંઇ કરજો એક સમાજ સેવાની ધગશ રાખી હમેશાં આગળ ધપ્યા રહેજો.

ઐક્યતાનો મંત્ર પઢજો. ગુલામગીરીનાં બંધનોને તોડજો. સમગ્ર જૈન જાતિને પ્રેરજો. ઝળકાવજો તમારી જૈન જાતિનું નામ હિંદની જાતિઓમાં. અસ્તુ.

આપણી ઉન્નતિ કે અવનતિ?

(લેખક-ગોપાળભાઈ પી. શાહ, નરસીપુર)

મનુષ્યને મનુષ્યત્વમાં આણનાર કોણ? તેને તેની શૈલીનું ભાન કરાવનાર કોણ? જે સમયે સારો ભારતવર્ષ વામ માર્ગીઓથી પીડાઇ રહ્યો હતો, યજ્ઞ ક્રિયા સર્વત્ર પોતાનું સામ્રાજ્ય પ્રસારી રહી હતી, અને તેના પાખંડી પુજારીઓ પેટને અંગે તેનું મહાત્મ્ય બતાવી રહયા હતા, અન્ય રાજાઓ પણ તેને ઉત્તેજન આપી રહયા હતા, તેવે સમયે અજ્ઞાન રૂપી ઘનઘોર વાદળથી ઘેરાયલા ભારત વર્ષને વીજળીની માફક ઝળુકી તાળનાર તે જૈનત્વજ હતું.

જે સમાજ જૈન તત્વોને માને, તેના આદર્શોનું સંપૂર્ણ રીતે પાલન કરે અને તેના સિદ્ધાંતોને અખંડિત રીતે અનુસરે તેજ જૈન સમાજ.

તેવા જૈન સમાજનો આદર્શ શો હોઇ શકે? પરસ્પર પ્રેમ, મિત્રતા, ઉંચ નીચનો ભેદ તેમાં ન હોઇ શકે. ઐકયતાનો આદેશ તેના અંગે અંગમાં વ્યાપેલ હોવો જોઇએ. જૈન સમાજ એ સર્વત્ર શાન્તિનુંજ સામ્રાજ્ય પ્રસારી શકે. મમત્વતાનો તેમાં સર્વદા અભાવજ હોવો જોઇએ. જેણે "હું" ને તિલાંજલી આપી છે તેજ કંઇ ઉદ્ધાર કરવાને શકિતમંત નિવડી શકે છે, મમત્વથી કરેલ કંઇ પણ કાર્ય ફળદાયી નિવડતું નથી, આત્મવાદિ ન બનો, દેહ સદાને માટે નાશવંત છે. આત્મોન્નતિને પંથે વળો.

ઉપરોકત આદર્શોને માનનાર સમાજ આજે કેવી સ્થિતિમાં ઝોલા ખાઈ રહયો છે? તેનું નાવ આજે ડુબુડુબુ થઇ રહયું છે, તેનું કારણ?

સામાન્ય રીતે નિહાળતાં સમાજના નાવિકો બેજ હોઇ શકે એક આચાર્યો; અને બીજા જ્ઞાતિ આગેવાનો.

આજ કાલ આચાર્યો ધર્મ ઝનુનથી ભાગ્યેજ બળતા દેખાય છે. શાન્તિની મૂર્તિ રૂપ આચાર્યો પરસ્પર નિંદામાં નિશદીન મશગુલ રહેલા માલુમ પડે છે તેઓ ધર્મની અગ્રસ્થતાને બદલે પોતાની અગ્રસ્થતા મેળવવાને તનતોડ પ્રયત્ન કરતા હોય તેમ લાગે છે. દિવસે દિવસે ધર્મના તત્વોને બાજુએ મુકતા લાગે છે. આવા સાધુઓની સમાજ ઉપર કેવી અસર થાય તેનો વિચાર કરો ને તેઓ ધર્મનું મહાત્મ્ય કેવી રીતે વધારી શકે.

તેથી પણ વધુ અસર તો સમાજના કાર્યવાહકોની થાય છે, પરંતુ હાલ તેઓ કેવી સ્થિતિમાં સંડી રહ્યા છે? કદી તેમણે સમાજ ઉન્નતિનાં સ્વપ્નાં પણ સેવ્યાં છે? દિવસે દિવસે તેઓ ટંટાફિસાદનાં બીજ રોપતાજ જાય છે. પક્ષાપક્ષી કરી, વધુ ને વધુ ભાગલા પાડી,-કાંતો સ્વાર્થ ખાતર યાતો હુંપદ ખાતર,-સમાજને અધોગતિને પંથે વાળી રહ્યા છે; નહિતર આટલા વિશાળ આદર્શવાળા જૈન સમાજમાં પરસ્પર મિત્રતાને બદલે આટલા બધા ભાગલા શાને? જવાબ તો એકજ મળી શકે "સ્વાર્થ" પછી તે કોઇ બી નિમિત્તે. દરેક આગેવાન પોતાનો પક્ષ મજબુત કરવાને તનતોડ પ્રયત્ન કરે છે ને નાનાવિધ લાંચ રૂશ્વતો પણ વાપરે છે. તેને બદલે ઐકયતા સાધવાને આટલા પ્રયત્નો આદરે તો કેવું સારૂં! પણ કયાંથી હોય આશા તેની. ગૃહકાર્યના ઝગડાઓનેજ ધાર્મિક કાર્યોમાં ભેળવે ત્યાં. ખરેખર જો ધાર્મિક કાર્યોમાં વિઘ્ન પડતું હોય તો તે ગૃહકાર્યના ઝગડાજ છે. કહેવાતા સમાજના ધારાધોરણોને અંગે તેઓ સર્વસત્તાધિકારીની માફક તેનો છુંટે હાથે ઉપયોગ કરે છે ને તેથી પ્રતિદિન પક્ષાપક્ષી વધતીજ જાય છે.

એવી રીતે ધર્માચાર્યો ને કાર્યવાહકો જ્યારે

સમાજને અવનતિને પંથે ખેંચી રહયા છે તો તેનો ઉદ્ધાર રહયો કોના હાથમાં ?

હે યુવક ! તુંજ તેનો નાવિક બન. ધર્માચાર્યો કે વડિલોને પંથે વહયા કરતાં ધર્મને પંથે વળ. તેથીજ તું ત્હારો ને તારા સમાજનો ઉદ્ધાર કરી શકીશ, સમાજના કેટલા ભાગલા ને વળી તેમાં કેવી પક્ષાપક્ષી ? જાણે સાપ નોળીયાની મિત્રતા. તે વેર ને ઝેર દૂર કરવા હવે ત્હારે હસ્તકે રહયાં. જો યુવક મંડળનો આદેશ આ એક હોય તો ને અસ્થાને નહિજ ગણાય. સમાજ ને મંદિરોના ઝગડાથી દૂર કરવાને તું તત્પર બન. સંકુચિત વિચારોને તિલાંજલી દે. જુનું તેટલું સારૂં નહિ માનતાં ઉન્નતિને ઉપયોગી તેટલું સારૂં માન. ત્હારાં જ્ઞાતિનાં બંધનો કારણકે તે જુનાં છે માટે હોવા જોઇએ તેમ નહિ માનતાં તે જરૂરી છે કે નહિ તેનો વિચાર કર ને તેને અમલમાં મૂક. જો યોગ્ય લાગે તો તે શુદ્ધ બનાવ. અયોગ્ય લાગે તો તોડવાને યથાશક્તિ પ્રયત્ન કર. સમાજ બંધનો જરૂરી છે પણ તે ઉન્નતિને પંથે દોરનાર નહિ કે અવનતિને.

જ્ઞાતિમાં અગ્રપદ ભોગવતો પ્રેત ભોજનનો રીવાજ છે, તે પર કદિ વિચાર કર્યો છે ? મૃત્યુ-શોકે વિહોમાતા આત્માઓ તેવા અઘટિત ખર્ચથી વધુ ને વધુ વિહોમાય છે. તે તેમને વધુ ને વધુ દુઃખ દીધાં કરે છે. પ્રેત ભોજન માટે સાધારણ રીતે બે ઉદ્દેશો બતાવવામાં આવે છે. (૧) મૃત આત્માને શાન્તિ મળે છે!!! (૨) પરસ્પર મળી શકાય છે.

(૧) આત્મા અમર છે. તેનો કદી નાશ થતો નથી. હાડપિંજરનોજ નાશ થયા કરે છે. તે પોતે કરેલ સારાં નરસાં કર્મોનું ભાથું પોતાની સાથે લઇ જાય છે. પર હસ્તે થયેલ પુન્ય તે મૃત આત્માને કેવી રીતે શાંન્તિ આપી શકે ? સ્વહસ્તે કરેલ કર્મોનોજ તે ભોક્તા થાય છે. તો પછી...?

(૨) પરસ્પર મળવું એટલે પ્રેમના બંધનો મજબુત કરવાં. પરંતુ જીવડો દુઃખ ઉદધિમાં ઝોલા ખાતો હોય ત્યાં આવો પ્રેમ સાંભળેજ કયાંથી ? હૃદય અનેક ઉપાધીઓથી ઘેરાયેલ હોય છે, તો પછી તે બંધનો કેવી રીતે મજબુત બની શકે ? લગ્નોત્સવ આદિ ખર્ચાઓ પણ સમાજના રિવાજને અંગે તો નજ હોવા જોઇએ. કેટલાક પોતાની જુની કીર્તિને વળગી રહીને પોતાની શક્તિ ન હોવા છતાં ખોટા ખર્ચ કરે છે, તો તેમ ન હોવું જોઇએ, તેવા ખર્ચા તો અવશ્ય દૂર હોવાજ જોઇએ.

વધુમાં આપણા સમાજમાં એક નવો રીવાજ નહિ પરંતુ ધંધો નિકળ્યો છે કે જે કન્યાવિક્રયને નામે ઓળખાય છે. તે કેટલાએ બહાનાં નીચે માંગવામાં આવે છે યા તો કેટલાક સિદ્ધા સિધે માંગી લે છે. દ્રવ્ય દેખી મોટા મુનીઓનાં મન ચલિત થાય છે તો પામર પ્રાણીઓનું તો પૂછવુંજ શું ? પણ મનુષ્યને જ્ઞાનેન્દ્રિય છે. વિચાર શક્તિ છે. લક્ષ્મી ચંચળ છે. તે કોઇની થઇ નથી ને થવાની પણ નથી, તો તેવા ક્ષણિક આનંદની ખાતર કોઈ આત્માના આનંદનો નાહકનો નાશ શાને ? તે પૈસાથી તું સુખ ન ન માણ. તે જે દ્વારે આવ્યા તેજ દ્વારે વહી જવાના, તેથી તું કંઇ ઉદ્ધાર કરી શકીશ નહિ તો પરઆત્મ ઘાતનું પાપ શાને ?

કેળવણી એ ઉન્નતિમાં મોટો ભાગ ભજવે છે. તો હે સમાજ ! તું ત્હારા પુત્ર પુત્રીને કેળવ, અજ્ઞાનવશાત્ અથવા ખોટી મર્યાદામાં રહી તું તેમને જડ ન બનાવ. કેટલાક નોકરી ન મળવાનું બ્હાનું કહાડી તથા થોડું ભણેલા સારો પગાર લાવે છે તેમ કહી પોતાના પુત્રોને ભણાવતા નથી પણ તે વખત વીતી ગયો. જ્યારે ભણેલાનો ભાવ પૂછાતો નથી તો અભણની તો સ્થિતિજ શું. જે વખતના અભણો સારો વેતન લાવે છે તે વખતના ભણેલાઓ કેવી સ્થિતિમાં છે

તેનો કદી વિચાર કર્યો છે? ભણેલ હશે તો કોઇ પ્રકારે પોતાનું ગુજરાન ચલાવશે. અભણ શું કરશે, છેવટે નીચ ધંધો.

સ્ત્રી કેળવણી ઉપર નાખવામાં આવતો એક દોષ એ છે કે તેથી તેઓ અવળે માર્ગે વળે છે. તેઓ ગૃહકાર્યમાં સંપૂર્ણ ધ્યાન આપતાં નથી, પરંતુ તે તદ્દન અઘટિતજ છે. ભણેલી તેટલી દોષિત અને અભણેલ તેટલીજ અદોષિત માનવાને કંઇ કારણ નથી. જો તું ધારતો હોય કે ભણેલ કુછંદે વળે છે તો નક્કી માનજે કે અભણ તેથી પણ વધારે દુષ્કૃત્યો કરતી હશે.

કજીઓ ને કંકાસ તે અભણના સદાના મિત્રો થઇ રહે છે. અદેખાઇ સર્વત્ર પોતાનું સામ્રાજ્ય તેના ઉપર ફેલાવી દે છે. તે પોતે સુખી થતી નથી તેમજ તેના સંબંધીઓને સુખી થવા દેતી નથી. તો એવી અજ્ઞાનતા શાને! હે વાંચકવૃંદ! તેનો તું વિચાર કર.

નારીનું સ્વર્ગ.

શોભા સહુ સૌભાગ્યની સંસારમાં છે નારને,
પ્રાણાંન્ત શીલને સાચવી, હ્રદયે વિચારે નાથને.
પતિ પ્રેમમાં રસ બસ રહી, સુકાન ગૃહનું કર ગ્રહે,
મોહન કહે સુખ ભોગવી, તે નાર સ્વર્ગે સંચરે.

* * * *

હું તો નિહાળું આત્મને.!

રહેનાર છું સ્વરૂપમાં હું, શુદ્ધ જેવા રૂપથી,
નહિ રોગ કે નહિ મર્ણ હોવે, મર્ણ છે આ દેહથી.
જેથી ન ચિંતા થાયછે વળી, દુઃખ પણુ નવ થાયછે,
આનંદ ને આનંદથી, હું તો નિહાળું આત્મને.

લેખક.

મોહનલાલ મથુરાદાસ, શાહ.

કાણીસાકર,–કમ્પાલા

સમાજની દશા.

(લેઃ–રતીલાલ કેશવલાલ શાહ–ભરૂચ.)

વ્હાલા સમાજ બંધુઓ!

આપણા સમાજની આધુનીક દશા તરફ દષ્ટિપાત કરતાં મનમાં કંઇ કંઇ વિચારો ઉદ્દભવે છે, અને હૃદય ગળગળીત થઇ જાય છે કે હે જૈન સમાજ! ત્હારી આ દશા ક્યાંથી? પ્રાચીન સમયનું ત્હારૂં તેજ, ત્હારૂં ગૌરવ, ત્હારી પ્રતિષ્ઠા......એ બધું ક્યાં હણાઇ ગયું? ક્યાં ગયા પ્રાચીન સમયના ત્હારા વિદ્વાન અને ધાર્મિક સાધુઓ? ક્યાં ગયા ત્હારા ધર્મને નામે મરી ફીટનારા, જૈનધર્મનો ડંકો ગજવનારા, અને પ્રજાનું કલ્યાણ દીલમાં ઇચ્છિનારા વીર **જૈન રાજ્ય શાસકો?** ક્યાં ગયા ત્હારા દયાળુ, અને દાનશીલ જૈન શ્રાવકો અને શ્રાવિકાઓ? દયાહીન કાળના મ્હોમા સર્વ સ્વાહા થઇ ગયું, અને હે સમાજ! ત્હારા તરફ પાછા ફરી લેશ માત્ર પણ દષ્ટિ કરી નહિ તે દયાહીન કાળે! ત્હારાં વીરરત્નો ક્યાં છુપાઇ ગયાં, અને ત્હારી આધુનિક પ્રજા આવી નમાલી, અધર્માચરણી, દયાહીન અને ખોટે રસ્તે અનુસરનારી ઉત્પન્ન થઇ શા કારણથી?

કારણો મોજુદ છે. તેને બહુ દૂર વિચારવા જવું પડે એમ નથી, કેમકે અત્યારનું સામાજીક તેમજ રાજકીય બંધારણજ એવું છે કે તે આપોઆપ કારણો દર્શાવી શકે છે. અને તે બધાનું મૂળ કારણ આપણો સમાજજ છે. હે સમાજ! ત્હને કેટલો કહેવો નિષ્ઠુર? હજુ ક્યાં લગી ટકી રહેશે એ નિષ્ઠુરતા?

આ બધાનું પ્રથમ કારણ **આપણું સામાજીક બંધારણ છે.** હાલના સમયને અનુસરીને સમાજના બંધારણમાં જે જે અગત્યના ફેરફારો કરવા જોઇએ તે બંધારણો હજુ ગાડરીયા પ્રવાહની માફક ચાલુજ રહ્યાં છે, અને તેમાં

જરૂરી સુધારા દાખલ કરવાની આપણી ઉંઘ હજુ ઉડી નથી, અને તે કારણે હાલમાં સમાજમાં કેટલીક પેટા જ્ઞાતિઓ વિગેરે પડી જઇ કેટલાય ફાંટા પડી ગયા છે, અને પરિણામે અમુક જથામાં બિચારા યુવકોની સંખ્યા વધી ગઇ છે, જ્યારે બીજા જથામાં કન્યાઓનો વધારો થઇ ગયો છે. અત્યારના સમયે સર્વેએ ભેગા મલી જઇ **અંતરજાતિય વિવાહ**ની પદ્ધતિને અનુસરવું એજ ઉન્નતિના પંથ પ્રતિ પગલાં પ્રસારવા જેવું છે.

બીજું કારણ આપણો બાળલગ્ન તથા વૃદ્ધ વિવાહરૂપી સડો છે, અને તેને લઇનેજ કેટલાય ઉછરતા યુવાનોને આપણો સમાજ અકાળે ગુમાવે છે, કેટલીક યુવતિઓ અકાળે વૈધવ્યને પ્રાપ્ત થાય છે. કેટલીય જીંદગીઓ બરબાદ થાય છે, અને કુરસ્તે દોરાય છે. આ બધી બદીનું કારણ આપણાં બાળલગ્નો અને વૃદ્ધવિવાહોજ છે, અને તેને તો મૂળમાંથીજ નાશ કરવાને માટે આપણે પગ ઉપર સ્થિત થવાની ખાસ જરૂર છે. હાલમાં સમાજના સુભાગ્યે અમુક અંશે બાળલગ્નો નહિ જેવા નાબુદ થયાં છે, પણ તે સડો તો જડમૂલથીજ ઉખેડવો એ સમાજના દરેક શિક્ષિત વ્યક્તિનું, કર્તવ્ય ન હોય તો બીજા કોનું હોઇ શકે?

આપણી છેક આવી હીનદશા હોવાનું બીજું કારણ આપણા સમાજમાં અમુક અપવાદો બાદ કરતાં દરેક વિદ્યામાં પ્રવીણ વિદ્વાનો ઓછા છે. અમુક યુવાનો તો થોડું ઘણું ભણ્યા, નહિ ભણ્યા અને પોતાનો વિદ્યાભ્યાસ બંધ કરી સંસાર લાલસામાં નિમગ્ન રહે છે, અને એ રીતે પોતાની ભવિષ્યની જીંદગાનીની બરબાદી કરે છે.

વલી દેશકાળાનુસાર વિદ્યાભ્યાસ પ્રતિ જ્યાં લક્ષ ઓછું હોય ત્યાં ધાર્મિક વિદ્યાભ્યાસ અને ધાર્મિક તત્વોનું મનન, અને આચરણ તો ક્યાંથીજ સંભવી શકે? એ રીતે ધાર્મિક જ્ઞાનના અભાવને લીધે કેટલાય મનુષ્યો પોતે સુભાગ્યે પ્રાપ્ત થયેલ દુર્લભ માનવ જન્મને વૃથા ગુમાવે છે કે જેવી રીતે અણસમજુ માણસ પોતે અનાયાસે મેળવેલ અમુલ્ય રત્નને પાષાણ સમજીને ફેંકી દે છે. ધર્મ તેજ આપણો હંમેશનો સુખદુઃખનો સાથી અને આત્માનું કલ્યાણ કરનારો છે. આ કારણે આપણા સમાજમાં વિદ્યાલયો અને **જૈન કોલેજની** ખાસ આવશ્યકતા છે, અને તે માટે સમાજના ધનિકોની મદદની ખાસ જરૂર છે.

આપણી અધોગતિનું ચોથું કારણ **સ્ત્રી શિક્ષાનો** અભાવ છે. આપણી પુત્રીઓ કે જે ભવિષ્યનાં સંતાનોની માતાઓ છે, અને જેના થકીજ આપણી ઉન્નતિ છે, તેમની કેળવણી પ્રતિ દુર્લક્ષ આપવામાં આવે છે અને તેમને સામાજીક તેમજ ધાર્મિક શિક્ષણ પુરૂં આપવામાં આવતું નથી, અને તે કારણે આપણી સ્ત્રીઓની આવી હીનદશા છે, અને ઠેરઠેર કલહ કંકાસો સાંભળવામાં આવે છે. સ્વર્ગસ્થ મહિલા-રત્ન શ્રી. મગનબ્હેન, તથા શ્રીમતિ મહિલારત્ન લલિતાબ્હેન જેવી સુધારાની ધગશવાળી બ્હેનોની સમાજને ખાસ આવશ્યકતા છે, તેમાં શ્રી. મગન બ્હેનની ખોટ તો પુરાય એમ નથીજ.

આપણા સમાજમાં બીજા સમાજો પેઠે સંગઠનનો ખાસ અભાવ છે. અને ઠેર ઠેર જૈન ભાઇઓમાં કુસંપ જોવામાં આવે છે. **"બે હાથ વગર તાળી પડી શકે નહીં."** તે સૂત્રાનુસાર આપણા સમાજમાં સંગઠનની ખાસ આવશ્યકતા છે. અને એ માટે આપણી પરિષદો, સભાઓ, મંડળો તથા યુવક સંઘો વિગેરેએ ખાસ પ્રયત્ન આદરવાની જરૂર છે, કે જે દ્વારા ઉંધે રસ્તે દોરાતા નિદ્રાધીન આપણા બંધુઓને આપણે સુરસ્તે દોરી શકીએ.

ઉપલાં મુખ્ય કારણો શિવાય બીજાં અનેક કારણો—ગાડરીયા પ્રવાહની માફક ચાલતા આવેલા કુરિવાજો, જાતિબંધન વિગેરે—આપણી હીનદશાનાં છે, પરંતુ આ લેખ લંબાઇ જવાની બ્હીકે તેનું વિવેચન અત્રે આપી શકાયું નથી.

વ્હાલા સમાજ બંધુ ' અંતમાં આપણા સમાજની આવી હીન દશામાંથી મુક્ત કરી તેને સુરસ્તે દોરવાનો પ્રયત્ન આપણે યુવકોએજ કરવાનો છે, કેમકે યુવકોજ ભવિષ્યના આગેવાન સુધારકો થવાના છે. આપણો યૌવનકાળ એ માનવ જીવનનો વસંત કાળ છે, અને એ કાળમાં યુવકમાં મહત્વાકાંક્ષાઓનાં પુષ્પો પ્રગટે, કલ્પનાઓની કુંપળો ફુટે, અને ભવિષ્યની જીંદગાનીના આદર્શનાં બીજ રોપાય ! યૈવનમાં વીજળી જેવી ચપળતા છે, યૌવન નવજીવન સીંચી શકે છે, યૌવન એ ચૈતન્યનું સતત ઝરણું છે. અને તે ઝરણાનું શીતળ જલ સમાજની સળગતી આગને શાંત કરી શકવાને સમર્થ છે. માટે હે યુવક બંધુઓ ! તમે સમાજનાં બંધનોની લેશ માત્ર પણ પરવાહ ન કરતાં જ્યાં સુધી તમારા લક્ષ્યને ન પહોંચો ત્યાં સુધી પ્રગતિના રાજમાર્ગ પ્રતિ તમારી કુચ આગળ ચાલુજ રાખજો, અરે તમારા માર્ગમાં કંટકરૂપે આવતી અનેક આપત્તિઓમાંથી તમારો માર્ગ મોકળો કરી, અખુટ ધીરજ અને શાંત સ્વભાવ ધારણ કરી, તમારા ધ્યેયને પ્રાપ્ત કરી, તમારૂં જીવન સાર્થક કરજો, ૐ શાંતિ ! શાંતિ ૐ શાંતિ !!!

સમાજ સેવા કોણ-કેવી રીતે કરી શકે ?

(શા. મોતીલાલ ત્રીકમદાસ માલવી-બાકરોલ.)

જે સત્યનિષ્ઠ, પ્રમાણિક અને કર્ત્તવ્ય પરાયણ હશે તેજ દેશ સેવા, જ્ઞાતિ સેવા, અને સમાજ સેવા, સારી રીતે બજાવવાને લાયક ગણાય છે, તે કેટલીક સેવા બજાવી પણ શકશે, સ્વદેશ, જ્ઞાતિ, કે સમાજની સેવા સુધારણા કરવા ઇચ્છનારે પ્રથમ સ્વ આત્મ સુધારણા કરી લેવા અવશ્ય લક્ષ આપવું જોઇએ, આત્મ સુધારણા કરી શકનારજ ખરેખર અન્ય જનોની સુધારણા કરવા શક્તિવાન બની શકે છે.

આત્મ સુધારણા:એટલે દોષ કલંકથી દૂર રહી સદ્દગુણ ધારવા પોતાની બધી ઇન્દ્રિઓને કાબુમાં રાખવી એટલે ઉન્માર્ગે જતાં અટકાવવી અને સન્માર્ગે જોડવી, તે આત્મ સુધારણા. ક્રોધ અભિમાન, માયા, લોભ, રાગ, દ્વેષ, અને મોહાદિક વિકારોને કબજે કરી તેમને નિર્મૂલ કરવા. ઉદારતા, ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ, અને સંયમાદિક સદ્દગુણોને સારી રીતે સેવવા તે આત્મ સુધારણા. વિચાર વાણી અને ક્રિયાને પવિત્ર બનાવવા તે આત્મ સુધારણા, દયા, સત્ય, પ્રમાણિકતા અને શીલાદિક વ્રતોને સમજ પૂર્વક આદરી તેનું અખંડ પાલન પ્રમાદ રહિત કરવું તે આત્મ સુધારણા. સૌનું શ્રેય કલ્યાણજ ઇચ્છવું, ચિન્તવવું, અને બની શકે તેટલું તે નિસ્વાર્થપણે કર્યા કરવું. ઉમદા અને ઉચ્ચ વિચારો દ્વારા આપણું વર્તન ઘડાય છે, કોઇ પણ મલિન અને ખરાબ વિચારને પેદા થતાંજ ભયથી અટકાવવા સારૂ ઉચ્ચ વિચારોનું મનન અને સેવન કરતા રહેવું જોઇએ. દ્રઢ, મજબુત નિરોગી શરીરવાળા મનુષ્ય એવા ઉચ્ચ આશયો અને ઉચ્ચ વિચારો સેવી શકે છે, કાળજીપૂર્વક મન પર સંયમ

મેળવી બ્રહ્મચર્ય વડે સ્વવીર્યનું સંરક્ષણ કરના-રનુંજ શરીર મજબુત હોઇ શકે છે. પરન્તુ જેઓ સ્વચ્છંદ પણે કંઇક પ્રકારના અપલક્ષણો સેવે છે. તેઓ નાહક સ્વ વીર્યનું સત્યાનાશ વાળી શરીર પાયમાલ કરે છે અને પછી તે સ્વ અને પરહિત કરવા તદ્દન નાલાયક બને છે. તેથી સ્વવીર્યરક્ષા વૃદ્ધિ, અને તેનો વિવેકથી સદુપયોગ કરવો ખાસ ઉપયોગી છે. જે જે કારણોથી સ્વવીર્યનો વિનાશ થવા પામતો હોય તે કારણો તજી જે જે કાર-ણોથી સ્વવીર્ય રક્ષાદિક થાય તેમ કરવું જોઇએ. દ્દઢ સંયમ, ઇન્દ્રિય નિગ્રહ અને કષાય વિજ્યા-દિક વડેજ અહિંસા ધર્મનું ઉપાસન અને આરાધન કરી શકાય છે. બ્રહ્મચર્યનું સંરક્ષણ અને પોષણ થાય તેવીજ તપશ્ચર્યા કરવી હિતકારી છે. એવી તપશ્ચર્યા વડે સંયમની પણ વૃદ્ધિ થઇ શકે છે. બ્રહ્મચર્યનું અખંડ પાલન કરવા ઇચ્છનારને વિકાર ઉપજાવે તેવા સ્ત્રી સ્થાનથી અલગ રહેવું જોઇએ. અને વિકાર ઉપજાવી દુર્ગુણને રસ્તે દોરી જાય એવી વિષય કથાદિક અને વાર્તાઓથી દૂર રહેવું જોઇએ. બ્રહ્મચર્યને ખલેલ પહોંચે તેમ તેનો ભંગ થાય એવા આસન, શય્યાદિકને તજી દેવાં જોઇએ. વિકાર ઉપજાવે તેવી કામક્રિડા સેવાતી હોય, ત્યાં નજદીકમાં વસવું, સુવું કે બેસવું કે ત્યાં અભ્યાસ નહિ કરવો જોઇએ. વિકાર ઉપજાવે તેવી પૂર્વે થયેલી કામક્રીડા સંભારવી નહિ જોઇએ. વિકાર ઉપજાવે એવી નિરસ વસ્તુ પણ પ્રમા-ણથી અધિક વાપરવી કે ખાવી પીવી નહિ જોઇએ. તેમ વિકાર ઉપજાવે તેવી જાતની શરીર શોભા કરવી નહિ જોઇએ. ઉપરના નવ નિયમોનું પાલન–બ્રહ્મચર્યનું સંરક્ષણ કરવા ઇચ્છનારે–તથા સ્વદેશ, જ્ઞાતિ, કે સમાજની સેવા કરવા ઇચ્છનારે અવશ્ય કરવુંજ જોઇએ. અસ્તુ !

સમાજનાં પંચ.

(લે:–નાગરદાસ નરોતમદાસ સંઘવી–આમોદ)

પંચ અને નાણાંવહીવટ—

પંચોના બંધારણ સાથે સમાજનો ઘાડો સંબંધ છે. પંચોનું મુખ્ય અંગ સમાજમાં અગ્રગણ્ય ગણાતા ગૃહસ્થોનું બનેલું હોય છે. ઘણે ભાગે પંચ બોલાવવાનો અધિકાર અમુક શેઠ કે પટેલના હાથમાં હોય છે. આ પદ્ધતિ જો કે જુની હોવાથી, એ છોડી શકાતી નથી; પરંતુ એમાં દોષ કાળે કરીને પેસી ગયા છે. પંચોના નાણાંનો વહિવટ અને બીજો સામાન્ય વહિવટ એક હસ્તુ હોવાથી એમાં ભારે ઘોંટાળો થવા સંભવ છે નાણું એવી વસ્તુ છે, કે તેની જો એક બીજાના હાથમાં ફેરબદલી ન થાય તો, તેને હમેશ રાખનારને કોઇક વખત જોખમમાં આણી મુકે છે. હરેક માણસની સ્થિતિ હમેશ સારી રહેતી નથી. તેમજ સારી સ્થિતિના ગૃહસ્થો બીજાઓની અદેખાઇને પાત્ર પણ બને છે. તેથી કરીને નાણાંનો વહીવટ અને પંચ બોલાવવા વગેરેનો વહીવટ જુદાજુદા હસ્તક વારા ફરતી રાખવાની પ્રથા દરેક પંચોમાં દાખલ કરી દેવી જોઇએ. પંચ બબ્બે ત્રણ ત્રણ વર્ષે હિસાબ તપાસનારાઓ જેને નીમે તેમણે હીસાબ ચોખ્ખા કરી જાહેરમાં મુકી દેવા જોઇએ.

આ રીતે જો પંચના શેઠીઆઓના હાથમાંથી નાણાંનો ભાર ઓછો કરવામાં આવશે ત્યારેજ, પંચોમાં ન્યાયનું ધોરણ સાચવ બને સચવાતું થશે. નાણાંની વ્યવસ્થાના ગુંચવાડાને લીધે તેમને પોતાનો પક્ષ સબળ રાખવાનો પ્રયત્ન કરવો પડે છે. એમ પક્ષ સબળ રાખવાના કાર્યમાં હરેક રીતે પક્ષપાત થવાનો સંભવ હોય છે.

મંદિરો અને ધર્માદા સંસ્થાઓના નાણાંનો એકત્ર વહિવટ ચલાવવામાં આવે, એ વધારે ઇચ્છવા યોગ્ય છે, કારણ કે મંદિરોના બ્હાના નીચે એકઠા થયેલા ધનનો ઘણા વખત દુરૂપયોગ થાય છે. કાંતો નિરર્થક વસ્તુ વસાવવામાં અથવા બાંધકામ કરાવવામાં તેનો ઉપયોગ કરી નાખવાની ફરજ પડે છે, અથવા તો એ રકમોનો ઉપયોગ લાંબે વખતે થતો હોવાથી વધી વધીને એટલી મોટી થઇ જાય છે કે, તેના હિસાબ સમજવામાં ઘણી વખત મુશ્કેલીઓ ઉભી થઇ જાય છે. બન્ને ખાતાનાં દ્રવ્ય, દેવ દ્રવ્ય છે, એમ માની તેના સદુપયોગ તરફ માત્ર દષ્ટિ રાખવી ઘટે છે. જ્યાં જ્યાં પંચોમાં ઝગડા છે, તે બધા ઘણે ભાગે અંદરથી નાણાંના વહીવટને લીધે ઉપસ્થિત થયેલા છે, બહાર તકરારો જુદા બ્હાના નીચે ચાલે છે; અને તેમાં દીવશે દીવશે એટલો બધો કશ વધી જાય છે, કે, તેમાંથી પક્ષો બંધાય છે બન્ને પક્ષો સામસામી ચીલાં મુકતાં નથી. ખોટાં ખરાં તહોમતો, ના હોય ત્યાંથી ઉપસ્થિત કરી એક બીજા ઉપર મુકવામાં આવે છે. બન્ને પક્ષો આમ કરી એક બીજાને નમાવવાની બાજી ગોઠવે છે. પરિણામે ઝગડા વધે છે. તોડ કાઢવાનું કામ મુશ્કેલ લાગે છે. ધર્મ ન્યાય અને નીતિ બધી વસ્તુ વિસરી જઇ એક બીજાના કટ્ટા દુશ્મન તરીકે કામ કરતાં અચકાતા નથી. વ્રતોનાં ઉદ્યાપન, મંદિરોની પૂંજાઓ, વરાઓ અને લહાણીઓ આ બધાં સ્વામી વાત્સલ્ય જેવા **સમ્યગ્ દર્શન**ના અંગરૂપ ધર્મના કાર્યો, અધર્મ પ્રચાર કરવાનું કામ કરે છે. નજરે જોતાં હોય છતાં ડાહ્યા માણસો આમાં સામેલ થાય છે; અને પોતાનો વિનાશ વ્હોરી લે છે.

પંચમાં માન અપમાનની ખોટી પ્રથા.

પંચના કામમાં માન, અપમાનની ભાવના પણ એટલીજ ખરાબ છે. પંચોના આગેવાન પોતાને સેવક માનીને કામ લેનારા હોવા જોઇએ તેને બદલે તેઓ પોતાને માલીક અથવા ઉપરી અધિકારી ગણે છે. પોતે બોલે તેજ પ્રમાણ ગણવામાં આવે એવી એમની મનોદશા બંધાઇ જાય છે. સભામાં એમને માટે સદા ઉંચું આસન હોવુંજ જોઇએ. એ જ્યાં જાય ત્યાંજ પંચનું કામ ચાલે, આવી ખોટા **મનની** ભાવનાઓ એટલી બધી જડ કરી બેઠી હોય છે. પરિણામે એવા કદાગ્રહી શેઠીઆનાં કાંતો [illegible] થાય છે, કાંતો નાણાંની સ્થિતિમાં હલકા પડી જાય છે. અથવા બીજી રીતે ભારે ક્લેશમાં આવી પડે છે.

પંચમાં કાયદાનું બંધારણ.

આપણા જૈન સમાજના બધાજ પંચોમાં ઉપર જણાવ્યા પ્રમાણેનાં લક્ષણો મોજુદ છે, અને તેને લઇને આપણી સારી સારી યોજનાઓ પણ મારી જાય છે. અનેક સુધારાઓ પંચોમાં પસાર થાય છે ખરા; પરંતુ ઘણા ભાગે તેના અનુવર્તનમાં જોઇએ તેટલો સંતોષ મળતો નથી. દુનિયાભરમાં સુધારાનો પવન વાય છે, તેવે વખતે આપણી પંચોની સંસ્થાઓને આપણે સુધારીએ નહિ તો આપણે આગળ ચાલી શકવાના નથી. જ્યારે જ્યારે ઝઘડા ઉભા થાય છે ત્યારે ત્યારે, શાસન પ્રણાલીકા સાચવવા માટે કાયદાના બંધારણ (Low & order) નો હાઉ આગળ ધરવામાં આવે છે. આ બ્હાના નીચે, કેટલાએક વખતે અણઘટીત સજાઓ ગુન્હેગાર માટે જાહેર કરવામાં આવે છે. આ સજાઓ, કેટલીએક વખત એટલી બેહુદી હોય છે કે તેનું પરિણામ ગુન્હેગારને સુધારવાને બદલે બગાડવામાં વધારે મદદ કરે છે. અમેરિકા વગેરે સુધરેલા દેશોની જેલોની માફક આપણી સજાઓ ગુન્હેગાર ફરીથી ગુન્હો કરવા ન લલચાય એવા પ્રકારનો તેના વર્તનમાં સુધારો કરે એવો આશય હોવો જોઇએ. સમાજનો ગુન્હેગાર આપણો સંબંધી છે, એવો પણ પ્રસંગ આવે કે જ્યારે આપણે તેને આપણો નજીકમાં નજીકનો સબંધી બનાવવાની ફરજ પડે, કદાચ ન પડે એમ હોય તો

પણ તે આપણા બંધુ તો છેજ. આવી સ્નેહની ભાવનાથી જેમ બાળક ઉપર પ્રિતિથી સંમિશ્રીત સજાઓ કરવામાં આવે છે તેવી વ્યવહારૂ સજાઓ ફરમાવવી જોઇએ. સજાઓ એવી હોવી જોઇએ કે તે સ્હેલાઇથી અમલમાં મુકી છુટી શકે. ન્યાયપૂર્વક કરેલી સજાઓ જરૂર ફળદાયી છે, જ્યારે એથી ઉલટી ભાવનાથી કરેલી સજાઓ ઝેર, વૈરનો પ્રચાર કરે છે. તેનો પક્ષ બંધાય છે અને તેથી આખા સમાજનું અનેક રીતે અહિત થાય છે.

વ્યવહાર બંધ કરવાની સજા.

પંચોમાં માત્ર એકજ સજા કરવાની હોય છે, અને વ્યવહાર બહારની અથવા તો, નાનો મ્હોટો દંડ તે દંડ ન ભરે તો છેવટ, વાત તો આવે છે વ્યવહાર બંધ કરવા ઉપર. આ નિતિ કલેશ ઉત્પન્ન કરનારી થઇ પડી છે. સાંભળવા પ્રમાણે ગાયકવાડ સરકારની ધારાસભામાં હમણાંજ એક કાયદો પસાર થયો છે તેની મતલબ એવી છે કે આવા અન્યાય પુર્વક થતા પંચોના જુલમને થતા અટકાવવા અને તેને ફોજદારી ગુન્હો ગણી એ ધોરણે કામ લેનારા પંચોને યોગ્ય સજા કરવી. જુના કાળથી ચાલતી પૃથા તેમજ આપણી અંગત સત્તા ઉપર આ એક સહાજીક હુમલો હોવાથી આપણુને (......) રૂચી કરતો નહિ થાય પરંતુ એ નિબંધ પંચોના વહિવટ સુધારવાને માટે જરૂરનો છે. એ કાયદાનો અમલ સારો નહિ થાય તો, આપણા પંચોના બંધારણનો નાશ કરવો પડશે. સમજુ યુવાન વર્ગ એની સાથે બળવો ઉઠાવવા ટપટપી રહ્યો છે, અને નજીકના ભવિષ્યમાં આપણી બળ બુદ્ધિને અવળે રસ્તે લઇ જનારી ઘાતકના આપણો ઘાત કરીને નાશ થઇ જશે.

વય અને રોટી વ્યહવાર ત્યાં બેટી વ્યવહાર.

બધા સુધરેલા દેશોમાં આપણા પંચો જેવી સંસ્થાનો નાશ થયો છે, સામાન્ય વરાવાજન, કરવા અને યોગ્ય સ્થાને કન્યા આપવી લેવી, એ બન્ને બાબતોમાં પંચોએ ઉદાર નીતિ અખત્યાર કરવી જોઇએ. મરી ગયલાં મા બાપ કે ભાઇ ભાંડુ પાછળ મિષ્ટાંત્ર જમવાં એ દેખીતી રીતે અણઘટતું છે, પરંતુ અંતીમ ક્રિયાના ધાર્મિક બ્હાના નિચે એ રીવાજ ભારે જડ ઘાલી બેઠો છે. મરનારની પાછળ વરા ન કરવા એવો સુધારો આપણા ઘણા પંચોએ કર્યો છે, તેના અમલથી ઘણું સારૂં પરિણામ આવ્યું. છે. એ વાત દરેક જણ સ્વીકારે છે, તેવીજ રીતે વૃદ્ધ મરણ પાછળ પણ ગરીબ માણસને ખેંચાઇને પોતાની મોંઘી બચત રકમ ખરચી નાખવી પડે છે. અથવા દેવું કરવું પડે છે. એ રીવાજ સદંતર બંધ કરવા જેવો છે. યોગ્ય પૈસાદાર ગૃહસ્થોને જો પૈસા ખરચવા હોય તો બીજી ઘણી દિશાઓ છે. પ્રેત ભોજનનું નામ બદલી બીજી અનેક રીતે જમણવાર કરી શકે છે. અથવા તો સમાજને મદદગાર થાય એવી રીતે પોતાના ધનનો સદ્-ઉપયોગ કરી શકે છે.

કન્યા લેવા દેવાના સંબંધે જેની સાથે ખાન-પાનનો સંબંધ છે, તે વર્ગમાંથી કન્યા લાવવાનો ઠરાવ ઘણા પંચોમાં છે, જ્યારે દેવાનો ઠરાવ કરતાં ઘણાઓને એવો ડર લાગે છે કે પોતાના વાડાની કન્યાઓ બીજા વાડામાં ખેંચાઇ જશે, અને છોકરાઓ કુંવારા રહેશે.

આ દષ્ટિ યુક્તિ યુક્ત નથી. જ્યાં રોટી વ્યવહાર હોય ત્યાં બેટી વ્યવહાર કરવાથી નાના વાડા મટી જઈ વિશાળ મેદાન થશે. વિશાળ મેદાનમાં ગંદકી હોય તો પણ ઓછી માલુમ પડે છે, તેમ એથી વર કન્યાઓની છુટ થશે, અને હાલ જેમાં કન્યાની તંગી હોય છે તે વાડાના યુવાન છોકરા કુંવારા રહે છે. તેને બદલે, જે તે રીતે યોગ્ય વર કન્યાના સંબંધ જોડાવામાં સુલભતા જણાશે. પૈસાદાર માણસો મનમાન્યા પૈસા ખર્ચી દેશ પરદેશથી કન્યાઓ લાવે છે, એમાં સમાજને એવડું નુક-

શાન થાય છે. એક તો સમાજમાંથી દહોડા નાણાંની રકમ જાય છે, અને કેટલીક વખત અયોગ્ય ઉમરના માણસ પણ એ રીતે યુવાન કન્યાઓ સાથે લગ્ન કરતા હોવાથી, તેનાં દૂષણ સમાજને ભોગવવાં પડે છે.

પંચોના બંધારણ વિશાળ કરો.

પાણીને જેમ વિશાળ મેદાનમાં વહેતું કરીશું, તેમ તે વધુ સ્વચ્છ રહે છે; અને જો તેને એક ખાડામાં સંઘરી રાખીશું તો થોડા વખતમાં ગંદુ થઇ જઇ ખરાબ હવા ફેલાવવાનું કામ કરશે. આપણા સમાજનું પાણી પણ બળદાયી રાખવું હોય તો એને વિશાળ સ્થાનમાં ફેલાવવાની તક આપો, કુંઠીત દ્રષ્ટ રાખી, નજીવા સ્વાર્થિ વિચાર છોડી દો.

કેટલાક પંચોમાં જ્યાં પક્ષો પડી ગયા હોય તે એમ વિચાર કરે કે, કદાચ પંચોનાં બંધારણમાં સુધારો થશે અને જો નાનાં પંચો મટીને એક વિશાળ મહોટા બંધારણ વાળું પંચ થશે, તો ગુન્હેગારને સજા કરવાની તેમની નેમ ચુકી જવાશે, એ વિચાર ભુલ ભરેલા છે. **જ્ઞાનાવરણીય** કર્મના આવરણથી આપણી દષ્ટિમાં વિકાર પેસી ગયો છે. તેમાં વિકાશ થવા માટે પોતાના અંતરાત્મા ઉપર આધાર રાખો. સારાનું પરિણામ હમેશ સારૂં, એમ વિચારી જે સારૂં છે તેનું ગ્રહણ કરો. આપણું માન ઓછું થશે, આપણા સમાજમાં આપણું ચલણ મટી જશે, પક્ષોનું બળ નબળું થશે, એવા એવા અણઘટતા વિચારો છોડી દઇ પ્રગતિના પંથે વળો, એમાંજ આપણું શ્રેય છે; "વાડ કારીંગડું ગળી જાય" એ કહેવત પ્રમાણે આપણા પંચો રૂપી વાડો, આપણું ભક્ષણ કરવા બેઠી છે, તેમાંથી બચવા માટે ઉદાર નીતિ ધારણ કરી. જ્ઞાતિઓને ગંગાનો પ્રવાહ બનાવો. સમજુને અપનાવો. પ્રભુનો ડર રાખી, પ્રભૂને નામે અવળી ક્રિયા કરતાં પહેલાં, અંતરાત્માની સલાહ લ્યો. *અહિંસા પરમો ધર્મ:* ના શ્રેષ્ટ તત્વ જ્ઞાનમાં માનનારાઓ, ડગલે પગલે પોતાના બંધુઓ પ્રત્યે જાણે અજાણ્યે હિંસાનો પ્રયોગ કરતાં અચકાય નહિ તો આપણો ધર્મ કેમ ટકશે? **દશ લક્ષણ** ધર્મ માનનારા ઉત્તમ **આર્જવ** અને ઉત્તમ **માર્દવ** ધર્મો વિસરી જઇ એ ધર્મ પાળવાના દશમે દીવસે ધમધમા કરવા મંડી પડે એથી કેમ કરી ઉન્નાત થશે? ધર્મ પાળવા હોય તો વ્યવહારને પ્રથમ સુધારો. ધર્મ રૂપી દવાથી શરિરને નિરોગી કરવાને બદલે, આપણે વધારે રોગી થતા જઇએ છીએ તેનો વિચાર કરી આપણા પંચોની ઉત્તમ સંસ્થાઓને ન્યાયનાં મંદિર બનાવો. એમાં પ્રવેશ કર્યા પછી, ખોટા કાવાદાવા અને બંધારણનાં બ્હાનાં વિસરી પ્રેમ અને શાંતિ એ, ન્યાયાલયનાં મુખ્ય દ્વાર બનશે, તોજ આપણી હયાતિ ટકશે, નહિતો પશ્ચિમનો જડવાદ આપણો નાશ કરવા મથી રહ્યો છે. કાં,તો, તેમાં કે પછી શ્રી કૃષ્ણ જેવા બુદ્ધિશાળી નેતાના અનુયાયી યાદવો પોતાના ભાઇઓનાં પોતપોતાને હાથે ગળાં કાપી નાશ પામ્યા તેમ આપણે પણ નાશ પામીશું.

નૂતન વર્ષે!

નવિન આ વર્ષના ટાણે, ધરીએ ધ્યાન મહાવીરનું,
વરસના આ પ્રથમ દિને, ધરીએ ધ્યાન મહાવીરનું.
મળેલા આ સુભગ ટાણે, ધરો તમ ધ્યાન મહાવીરનું,
ઉદય જેથી થશે સઘળે, ધરો તમ ધ્યાન મહાવીરનું.
ગએલા વર્ષના પડઘા, રહયા છે વાગી અંતરમાં,
વસેલા વિશ્વના પ્રેમે, રહી છે જ્યોત અંતરમાં.
જૈનના પુત્ર પુત્રીનું, રહ્યું છે ધ્યાન ઇશ્વરમાં,
જૈનના જ્ઞાતૃ પુરૂષોનું, રહ્યું છે ધ્યાન મહાવીરમાં.
વરસના દિન આ પ્રથમે, પૂજીને વીરનાં સુત્રો,
જૈન હે ભ્રાતૃ મારા હો, તમે છો વીરના પુત્રો.
કથેલી વીરની વાણી, કરો હે માન્ય મમ વીરો,
સુણીને શીખ **મોહન**ની નવિન આ વર્ષમાં ફરજો.

મોહનલાલ એમ. શાહ—કંપાલા.

ગુજરાતની દિ. જૈન :–
–: શિક્ષા-સંસ્થાઓ.

("જૈન જ્યોતિ" શિક્ષણાંક ઉપરથી ઉદ્ધૃત.)

ગુજરાત અને કાઠિયાવાડમાં દિગંબર જૈનોની સંખ્યા શ્વેતાંબર જૈન ભાઇઓના પ્રમાણથી ઘણી ન્યુન છે. એટલે કે શ્વે. જૈનોની વસ્તી જ્યારે આશરે લાખ સવાલાખની હશે ત્યારે દિગંબર જૈનો આશરે ૮–૧૦ હજારજ હશે તેમાં શ્વે. જૈનોની અનેક જાતિઓ જેવી કે ઓસવાળ, પોરવાડ, શ્રીમાળી વગેરે છે ત્યારે દિગંબર જૈનોમાં હુમડ, નૃસિંહપુરા, મેવાડા, રાયકવાળ, ખંડેલવાળ, અગ્રવાળ, પદ્માવતી પરવાર, પરવાર ગોલાપૂર્વ, ગોલાલારે વગેરે વધુ જાતિઓની સંખ્યા નાની નાની વસ્તીના પ્રમાણમાં જણાય છે. અને શિક્ષા સંસ્થાઓના સંબંધમાં વિચાર કરીએ તો શ્વેતાંબર જૈન ભાઇઓમાં ગામે ગામ ને શહેરેશહેર અનેક પાઠશાળા, બોર્ડિંગ, વિદ્યાલય, શ્રાવકાશ્રમ, જૈન હાઇસ્કુલ વગેરે નજરે પડે છે તથા શ્વે. જૈન મુનિઓદ્વારા પણ શ્રાવકોમાં નિત્ય વ્યાખ્યાનદ્વારા અનેક પ્રકારનો ઉપદેશ અપાયાજ કરે છે જ્યારે ગુજરાતના દિગંબર જૈનોની શિક્ષા સંબંધી સ્થિતિ તપાસીશું તો માલમ પડશે કે ગુજરાતમાં માત્ર સુરત, મુંબઈ, અંકલેશ્વર, ભાવનગર, વડોદરા, કલોલ, અમદાવાદ, ઉજેડિયા, લાકરોડા, કરમસદ, ઇડર, જાંબુડી, સોનાસણ, સોજીત્રા, પ્રાંતિજ વગેરે ગણુત્રીના સ્થાનોમાંજ રાત્રિની દિ. જૈન પાઠશાળાઓ ચાલે છે, તેમાં માત્ર અમદાવાદ, મુંબાઈ, ઇડર અને પ્રાંતિજ એટલેજ સ્થળે બોર્ડિંગો છે તેમજ મુંબાઇ, સોજીત્રા અને જાંબુડીમાં શ્રાવિકાશ્રમ છે, જેમાં માત્ર અમદાવાદ બોર્ડિંગ, હી. ગુ. જૈન બોર્ડિંગ (મુંબાઇ) અને રતનબ્હેન રૂક્ષ્મણીબાઇ શ્રાવિકાશ્રમ મુંબઇની સ્થિતિ સંતોષકારક ગણી શકાય, બાકી તે ઉપરાંત બીજી પાઠશાળાઓ, બોર્ડિંગો અને શ્રાવિકાશ્રમોની સ્થિતિ જોઇએ છિયે તો માલમ પડે છે કે તેનો અત્યંત અલ્પ પ્રમાણમાંજ લાભ લેવાય છે એટલે કે જ્યાં ૧૦૦–૫૦ વિદ્યાર્થી પાઠશાળાનો લાભ લેવાવાળા હોય છે. ત્યાં તેની ચાર આની વિદ્યાર્થી પણ તેનો લાભ લેતા નથી. સોજીત્રા અને જાંબુડીના શ્રાવિકાશ્રમોની સ્થિતિ પણ એવીજ કે એથી પણ નીચેની કોટીએ છે. વળી આખા ગુજરાતના દિગંબર જૈનો તરફ નજર ફેરવતાં જણાય છે કે તેમાં સંસ્કૃત અને ધર્મશાસ્ત્રનો જાણકાર એક સાધારણ પંડિત પણ નથી જણાતો તો પછી ન્યાયાચાર્ય, ન્યાયતીર્થ, કાવ્યતીર્થ, સાહિત્ય રત્ન, શાસ્ત્રી તો કયાંથીજ મળી શકે અને તેથીજ ગુજરાતમાં પાઠશાળા ને અધ્યાપક કે સુપ્રિન્ટેન્ડેન્ટ બોર્ડિંગ માટે–તથા ધર્મશિક્ષણ માટે હિંદુસ્તાની દિ. જૈન પંડિતોનેજ બોલાવીને રાખવા પડે છે જે ગુજરાતના દિગંબર જૈનોને સંસ્કૃતને ધાર્મિક કેળવણીના સંબંધમાં કેટલું નીચું જોવા જેવું છે ?

ગુજરાતમાં એક પણ સ્થળે એવું દિ. જૈન બ્રહ્મચર્યાશ્રમ કે વિદ્યાલય નથી કે જ્યાં અમુક વર્ષો સુધી વિદ્યાર્થી રહી વ્યવહારિક, ધાર્મિક, સંગીત, વ્યાયામ ઔદ્યોગિક વગેરેની વિદ્યા પ્રાપ્ત કરી ઉત્તમ પંડિત, બ્રહ્મચારી કે ઉત્તમ વ્યવસાયી થઇ શકે.

વ્યવહારિક અને ધાર્મિક શિક્ષાની સાથે ઔદ્યોગિક શિક્ષાની ઓછી અગત્ય નથી કેમકે ઉંચું અંગ્રેજી શિક્ષણ લઇ તૈયાર થતા ડોકટરો વકીલો ને સોલીસીટરો બેરિસ્ટરો હવે ઉભરાવા લાગ્યા છે. ને બી. એ. કે મેટ્રીક થયેલાઓને નોકરીના ફાંફાં પડે છે ત્યારે વડોદરાના કળાભવન જેવા એક જૈન ઉદ્યોગ ભવનની આવશ્યકતા કંઇ ઓછી નથી અને જો ગુજરાતના સમગ્ર જૈનો તરફથી એક જૈન ઉદ્યોગ ભવન મુંબાઈ, સુરત કે અમદાવાદ જેવા મોટા

श्रीयुत् जयचंद हीराचंद गांधी, सिविल इंजिनीयर—भावनगर।

(भावनगर स्टेटसे स्कोलरशीप लेकर इंग्लेंड जानेवाले व वहां 'सिविल इंजिनीयर' की परीक्षा पास करके अभी ही लौटकर भावनगर स्टेटमें उच्च पदपर नियुक्त गुजरातके दशाहूमड़ दि० जैनबंधु)

Jain Vijaya Press, Surat.

[जो श्रीमान अपनी यशःकीर्ति और वाहवाहीके लिये हजारों रुपया लुटा देते हैं उनके दरवाजे पर सजातीय गरीब विद्यार्थी पुस्तकोंके लिये भिक्षा मांगने जाते हैं मगर दो चार उल्टी सीधी सुनकर निराश हो वापिस लौट जाते हैं।]

Jain Vijaya Press, Surat.

શહેરમાં ઉઘાડવામાં આવે તો ગુજરાતના જૈનો ઓદ્યોગિક શિક્ષામાં ઘણુજ આગળ વધી શકશે.

વળી વ્યવહારિક શિક્ષા સાથે ધાર્મિક ઉચ્ચ શિક્ષાની આવશ્યકતા કંઇ ઓછી નથી તો એ માટે જો ગુજરાતમાં મુંબાઇ કે અમદાવાદમાં એક જૈન કોલેજ સ્થાપવામાં આવે તો તે બની શકે તેવું છે, પણ જ્યાં સુધી જૈન કોલેજ ન સ્થપાય ત્યાંસુધી જ્યાં જ્યાં કોલેજો હોય ત્યાં ત્યાં જૈન બોર્ડિંગની તો અવશ્ય જરૂર છે. મુંબાઇ અને અમદાવાદમાં એવી બોર્ડિંગ છે પણ વડોદરા અને સુરતમાં આવી બોર્ડિંગની જરૂર પ્રત્યક્ષ માલમ પડે છે, તો ગુજરાતના દિ. જૈન શ્રીમાનોને સુરત તેમજ વડોદરામાં બનતી તાકીદે બોર્ડિંગો ખોલવાની હવે ખાસ જરૂર છે.

પણ એકલી બોર્ડિંગો કે રાત્રિ પાઠશાળા-ઓથી પણ સંતોષ પામવાનો નથી. કેમકે એ તો ન છૂટકાના ઉપાયો છે, પણ દરેક પ્રકારની ઉત્તમ કેળવણી આપી શકાય તે માટે ગુજરાતમાં એક શાંત સ્થળે દિ. જૈન ગુરૂકુળની આવશ્યકતા છે કે જેવા આશ્રમો આર્ય સમાજો તરફથી પણ ગુજરાતમાં અનેક સ્થળે ચાલી રહેલા છે. આવું આશ્રમ સ્થપાય તો તેમાંજ અમુક વર્ષો સુધી વિદ્યાર્થી રાતદિન નિયમીત રીતે રહી વ્યવહારિક, ધાર્મિક, વ્યાયામ, સંગીત, ઉદ્યોગિક વગેરે દરેક શિક્ષા પ્રાપ્ત કરી શકે અને એથીજ ગુજરાતમાં આપણે ઉચ્ચ વિદ્વાન ઉત્પન્ન કરી શકીશું.

એક સમય એવો હતો કે જ્યારે માબાપો પોતાના છોકરાંને પોતાની નજર સામેથી બહાર ગામ બોર્ડિંગોમાં પણ ભણવાને મોકલવા તૈયાર નહોતા ને તે માટે સ્વર્ગીય દાનવીર શેઠ માણે-કચંદ હીરાચંદને અત્યંત પરિશ્રમો કરવા પડેલા ત્યારેજ અમદાવાદની પ્રે. મો. દિ. જૈન બોર્ડિંગ ચાલુ થઇ શકેલ પણ હવે સમય બદલાયો છે. ને માબાપો પણ વિદ્યાર્થીઓને બોર્ડિંગમાં રાખીને ભણાવવાના લાભો સમજવા લાગ્યા છે. જેથીજ બોર્ડિંગોમાં હવે એટલા વિદ્યાર્થીઓ દાખલ થવા આવે છે કે તેમને માટે પુરતી સગવડ ન હોવાથી ના કહેવી પડે છે. આથી એમ તો હવે સ્પષ્ટ માલમ પડે છે કે ગુજરાતમાં એક દિ. જૈન ગુરૂકુળ ખોલવામાં આવે તો હવે તેમાં પણ ધીમે ધીમે જોઇતા વિદ્યાર્થીઓ મળી શકે ખરા. ગુરૂકુળો સ્થાપન કરી આજે આર્ય સમાજીઓ કેટલું ઉત્તમ કાર્ય કરી રહ્યા છે કે જે જોઈ જૈનોએ શરમાવા જેવું છે.

શ્વેતાંબર જૈનોમાં સાધુઓની સંખ્યા પણ વિશેષ છે ને તે વળી વધતીજ જાય છે ને સાધુઓમાં સંસ્કૃત પ્રાકૃત ભાષા અને ધાર્મિક જ્ઞાન ઉત્તમ પ્રકારે અપાતુંજ રહે છે ને તેઓ શ્રાવકોને વ્યાખ્યાનો દ્વારા ઉત્તમ ઉપદેશ નિત્ય આપતાજ રહે છે. ત્યારે આ દિશા તરફ દિગંબર જૈનોની સ્થિતિ અત્યંત શોચનીય છે. કેમકે દિ. જૈનોમાં નિર્ગ્રન્થ (નગ્ન) મુનિ તો ગણ્યાજ છે ને બ્રહ્મચારીઓ પણ ગણ્યા ગાંઠ્યા છે તેમાં ગુજરાતમાં તો સાધારણ જ્ઞાનવાળા એક બે બ્રહ્મચારી શિવાય એક પણ ત્યાગી દિ. જૈન સમાજમાં નથી, આથી ગુજરાતના દિગંબર જૈનોને ઉપદેશ મળવાનું સાધન માત્ર હિંદુ-સ્થાનના પંડિતોને બોલવીને રાખે તોજ પ્રાપ્ત થઇ શકે છે એટલે કે જ્યાં જ્યાં પાઠશાળા હોય છે ત્યાં ત્યાંના પંડિતો દ્વારાજ શાસ્ત્ર વંચાય છે ને ઉપદેશનો લાભ મળી શકે છે. આથીજ જો ગુજરાતમાં સંસ્કૃત અને ધાર્મિક ઉચ્ચ શિક્ષા આપી શકાય એવું વિદ્યાલય કે બ્રહ્મચર્યાશ્રમ ખોલવામાં આવે તો સ્થાને સ્થાને ગુજરાતી દિ. જૈન પંડિતો ઉત્પન્ન કરી શકાય. આશા છે કે ગુજરાતના દિગંબર જૈન ભાઇઓ આ તરફ લક્ષ આપશેજ.

આ ઉપરાંત વિધવાઓની સ્થિતિ સુધારવા માટે ને ગુજરાતમાં સ્ત્રી અધ્યાપિકાઓ તૈયાર કરવા માટે હાલ જે સોજીત્રા અને જાંબુડીમાં

શ્રાવિકાશ્રમો ચાલે છે તેનો લાભ વિધવા બ્હેનો સારા પ્રમાણુમાં લે તો ભવિષ્યમાં એ દિશામાં પણ ઉન્નતિ થઇ શકે. એક સમયે મુંબાઇનું શ્રાવિકાશ્રમ અમદાવાદમાંજ ખોલવામાં આવેલું પણ ત્યાં ગુજરાતની શ્રાવિકાઓએ જોઇએ તેવો લાભ ન લીધો તેથી પછી એ મુંબાઇ લઇ જવામાં આવેલું અને ત્યાં એ આશ્રમનો લાભ હિન્દી મરાઠી અને થોડી ગુજરાતી બ્હેનોએ ઉત્તમ રીતે લાભ લઇ રહેલાં છે, પણ હવે સમય બદલાયો છે ને લોકોના વિચારો ફેરવાયા છે, તો હવે તો અમદાવાદ જેવા શહેરમાં પણ એક સારૂં શ્રાવિકાશ્રમ ખોલવામાં આવે તો સહેલાઇથી ચાલી શકે ખરૂં.

—સંપાદક "દિગંબર જૈન."

દોહરા.

અસ્થિર આ સંસારમાં, અસ્થિર સૌનું ચિત્ત છે,
અસ્થિર બનેલા દેહથી, અસ્થિર સૌ સંબંધ છે.

ચંચળ બનેલા ચિત્તથી, ચિતા જળે ચિંતાતણી,
ચિંતા વિનાના પ્રાણીઓ, શાંતિ ગૃહે હિંમત થકી.

કર્યો જો દુષ્ટનો વિશ્વાસ, તહાં તો મોત સોંપડશે,
ધર્યો જો નીચમાં ઇતબાર, તહાં સૌ નાશ તો કરશે.

ઉધારી એ ઉપાધિ છે, ઉપાધિ છે ઉધારીથી,
જશે સૌ સંપત્તિ ચાલી, પછી રહેશેજ સૌ ખાલી.

પુસ્તકને સૌ વાંચજો, કરી ગ્રહણુ કંઇ સાર,
નીતિમય નાયક બનો, કરી અવગુણનો નાશ.

સત્ય ગ્રહો હૃદયે સદા, ધરો નહિ મન પાપ,
પુન્ય થકી જશ વાધશે, વાધી સુખ અમાપ.

શીતળ સત્યની છાંયડી, અસત્ય આતશ ઝાળ,
સત્ય ગ્રહે સુખ સાંપડે, જુઠ થકી દુઃખ ઝાડ.

વણુ વિચાર્યું જે કરે, પુઠ થકી પસતાય,
એ નીતિના સૂત્રથી, ભલભલા મુંઝાય.

મોહનલાલ એમ. શાહ—કમ્પાલા.

પ્રાચીન અર્વાચીન—
—જૈન સમાજ.

લેખકઃ—અંબાલાલ હાથીચંદ શાહ.
પ્રાંતિજ બોર્ડિંગ.

જૈન શાસનોદ્ધારક—જૈન ધર્મની વિજય પતાકા ભારતના ભવ્ય દુર્ગોપર ફરકાવનાર વીર પ્રભુના નિર્વાણને આજે પચીસમો સૈકો જાય છે. વીર વિભુના વખતની જૈનોની જાહોજલાલી —જૈનોની જગ વિખ્યાતિ—જૈનત્વનો વિસ્તાર— જૈનત્વ પ્રત્યે જનતાનું માન અદ્વિતિય અનુપમ અને અકથ્યજ હતું. ગ્રીસ, સ્વીડન, નોર્વે, જાપાન, સિલોન, સારો ભારત અને યુરોપીય અન્ય દેશોમાં જૈનત્વની પ્રચારણા પૂર વેગમાં હતી, એમ કહેવાને અસંખ્ય કારણો ગ્રંથકારોની ગ્રંથાવલિઓમાં મોજુદ છે. વાણિજ્યમાં પ્રથમ પદની પ્રાપ્તિ કરનાર અને સંપૂર્ણ સુવિખ્યાતિ પામનાર એકજ જનતા હતી, અને એ વણિક યા તો જૈન સમાજ. જૈનો ધીર, વીર ગુણવાન, સમૃદ્ધિશાળી, અને ગૌરવશાળી હતા અને એમ હોવાનું પાટણની પ્રભુતા, ગુજરાતનો નાથ, ગુર્જરેશ્વર કુમારપાળ નામક ગ્રંથો અને અન્ય અનેકાનેક પુસ્તકો સાક્ષી પુરતાં પોકારી રહ્યાં છે. જનોના ધર્મગ્રંથો, આચાર્યોના ઇતિહાસો અને વીરવિભુની વાણી ખરેખર ભારતને ને ઉપરોક્ત અન્ય દેશોને એક સમયે જૈનત્વમાં મ્હાલતા, જૈનત્વને પાળતા યાતો જૈનત્વને માનતા બતાવવા સકારણ સશક્ત છે

એ વિભુના વખતમાં જૈનધર્મ સાર્વ ધર્મ હતો અને એમની ઉકત્યનુસાર આજેય છે. કિંતુ આજના આચાર્યો અને આજના જૈનો જૈન ધર્મ વણિકો યા જૈનોએ રજીસ્ટર ટ્રેડ માર્ક કરાવ્યો હોય એમ એમના આચરણુ અને ઉક્તિથી ભાસે છે. યદિ એમ ન હોત તો "જિન" નામક પદવી આ ધર્મને આચાર્યો અને પૂર્વે થઇ ગયેલા તીર્થંકરો નજ અર્પત,

એ સમયે ભારત વર્ષમાં અને અન્ય પ્રદેશોમાં જૈન ધર્મની પ્રચારણા પૂર વેગથી હતી; એ એટલી હદ સુધી કે આ જમાનાના જૈનો તો એની મનોકલ્પના પણ કરી શકે તેમ નથી, અને કદાચ ગ્રંથોને આધારે થાય તોય અશ્રદ્ધાળુ આત્માઓને તો સમજવી મુશ્કેલ થઇ પડે. આટલી હદ સુધી હતી કે આ જમાનામાં જૈન ધર્મની જાહોજલાલી ખુદ રાજાઓ પણ પાછલા જીવનમાં જિનદિક્ષા ધારણ કરી અચળ સુખ પામવા ચાલ્યા ગયા છે એમ પુસ્તકો પ્રમાણ આપે છે. હા ! પણ એ દિવસ આવ્યો ને પાણીના રેલાની પેરે વહી ગયો !!

રે ! આજે કયાં છે જૈનત્વના જાણકાર ? કયાં એ મહાવીરની મુખોક્તિદ્વારા મળેલો જૈનત્વનો મુદ્રાલેખ અહિંસા ? કયાં છે એ અહિંસાના આદર્શ પુજારી ? કયાં ગઈ એ જૈનત્વની જાહોજલાલી ? કાઢયું છે સરવૈયું કોઇએ કે કેટલા છે આજે જૈનત્વના સાચા સૈનિકો અને કેટલા છે કેશરનો ભાલપ્રદેશે પીળો ચાંલ્લો કરનાર જૈનો. જ્યારે માતૃભૂમિમાંજ જન્મ પામીને આછું આછું અને અધોગતિના સાગરમાં ડુબતું જણાય છે એ જૈનત્વ, ત્યારે અન્ય પ્રદેશમાં તો એનો અંશમાત્ર પણ હોયજ કયાંથી અને એ સંભવે પણ શાનું ! વાણિજ્યમાં પ્રથમપદ હતું તે કયાં છે ? અખિલ ભારત વર્ષનો વ્યાપાર એકલે હાથે ખેડનાર કયાં છે એ જૈનો ! હાય !! આજ તો ઉલટીજ ગંગા વહી રહી છે !!

નથી એ સમશેરનું શૂર સમજાવનાર જૈનો—નથી એ જૈન આલમપરથી ભિરૂતાનું કાળુ કલંક ભુસી નાખનાર **ભામાશા** કે નથી એ પાટણની પ્રભુતામાં સિદ્ધરાજને સહાયક થયેલા ધીરવીર અને રાજનિષ્ઠ જૈનીઓ. નથી જૈનત્વને જગતમાં વિસ્તારનાર એ સમયના જૈન સાધુઓ કે નથી વીરવિભુની ઉક્તિદ્વારા થયેલા અહિંસાના અનુયીઓ. નથી એ જમાનાના જ્વલંત લખાણો લખનાર જૈનાચાર્યો !!

આ બધું પરિવર્તન, આ બધો ધર્મ વિપ્લવ વીર વિભુના વખતથી તે આજ સુધી આછી નજર ફેરવતાં આછુ આછુ આંખોને પલકારે દેખાય છે ને પાછું સીનેમાના પડદાની પેરે ચાલ્યું જાય છે આ દશ્ય અવલોકતાંને વાર આ ઉલટો જીવન કાળ—આ પરિવર્તન ચક્ષુ સમક્ષ આવતાંને વાર દરેક જૈન વ્યક્તિનું હૃદય ઉંડાણ દ્રવી જાય છે. રે ! રોમાંચ ખડો થાય છે.

"આ બધું કોને શીર ? આનો કોણ જવાબદાર !" હાજર જવાબી જવાબ પણ વાળી દે કે "જૈનત્વ પર કાળ—ચક્રનો ધસારો" **અણસમજું** અને પ્રમાદી પ્રજા સમજી લે આને ખરો આક્ષેપ. હા ખરો હુંય માનું પણ કેટલેક અંશે. સંપૂર્ણ જવાબદારી એને શીર નહિ હોં. **કાળચક્રને** એકલાને શીર આવો અને આવડો આક્ષેપ ફેંકવાની નીતિ ન્યાયી ન કહેવાય. અન્ય ભલે ફેંકે કિંતુ હું તો નહીંજ.

જૈનત્વના એ વિભાગ કરનાર **જૈનો** કે **કાળચક્ર** ? જૈન ધર્મમાંથી ભિન્ન ભિન્ન સમાજોમાં પલટાવનાર જૈનો કે કાળચક્ર ? જૈનત્વને ભિન્ન ભિન્ન જાતિઓ અને ભિન્ન ભિન્ન સમાજમાં પલટાવનાર જૈનો કે કાળચક્ર ? ન્યાયી નીતિથી તો જૈનોજ. આમ જૈનત્વને પરમાણુઓમાં પલટાવનાર જૈનો કે કાળચક્ર. પછી કાળચક્રનો દોષ પ્રથમ પદે ને બધી જવાબદારી એને શીર એ વદનાર વક્તાઓના સિદ્ધાંતો તો જમીનદોસ્તજ થાય. રે પરમાણુઓના પણ અણુઓ થતાં થોડાજ વર્ષો વીતે અને પોતાના કુહાડાના ઘાવ કેવું વિપરીત પરિણામ લાવે છે.—પોતાના નયન સમક્ષ કેવો ચિતાર રજુ કરે છે એ વિચારવું તો જૈન બંધુઓનેજ રહ્યું, એ ઘાવ તો જૈનત્વને જડમૂળથી ઉખેડશે.—રે નષ્ટભ્રષ્ટ કરશે.

જૈન ધર્મ પર આજે જૈનીઓ બીજો ઘાવ કયારનાય મારતા ચાલ્યા આવે છે. તીર્થસ્થાનો અને ધર્માલયોના ઝગડા એજ એ ઘાવ. એ ઘાવે તો એવું વિરાટ સ્વરૂપ ધારણ કીધું છે કે ભલભલાં વજ્રમયી હૃદયો પણ સાંભળતાંને વાર પીગળી

જ્યાંની ધાસ્તિ રહે છે. હા પીંગળી પણ જાય એમાં કંઇ અત્યુક્તિ નથી. એ જિન ચૈત્યોને સારૂં એ તીર્થ સ્થાનોને સારૂં આજે શ્વેતાંબર જૈનો અને દિગંબર જૈનો વચ્ચેના ઝઘડા પરાકષ્ટાએ પહોંચ્યા છે.

એ જૈન ધર્મના ભિન્ન ભિન્ન સમાજોમાં—ભિન્ન ભિન્ન પંથોમાં આજે કેટલી ને કેવી બદીઓ બંધન રૂપ થઇ ગઈ છે, એ કાંઇ ઓછી જૈનત્વની પ્રચારક છે? એ તો જૈનત્વને જડમૂલથી ઉખેડવા ઉપસ્થિત થએલ વિધ્વંસક છે બીજી જાતિની બદીઓ તો હું કયાંથી કહું! કિન્તુ મારા સામાજની તો કહીશ. બીજાની ખોડ ખાંપણું કાઢવા તો કયાંથી શક્તિમાન હોઉં કિન્તુ મારા સમાજની તો કહેવા તો કંઇક શકિત હોય અને છે. મારા સમાજની બદીઓ કહું તો બાળ લગ્ન તો બધાયનો પ્રથમ વિધ્વંશક અને એ નરાધમનું બળ અસીમ. એણે આજ લગી મારા સમાજનાં હજારો બાળોનાં બલિદાનો લઇ એમને બીજી દુનિયાના મહેમાન કરી દીધા છે. રે કર્યે જાય છે. નુર શુર વિહીન માય કાંગલી પ્રજા ઉત્પન્ન કરવામાં ફરજીઆતને પ્રથમ ફાળો પોતેજ અર્પે છે. પછી કયાંથી રહે એ પ્રાચીન જૈનત્વ? કયાંથી હોય એવી જાહોજલાલી?

વિધવાઓની—રે બાળ વિધવાઓની વસ્તી તો દિન પર દિન વૃદ્ધિ પામતી જાય છે શુક્લ પક્ષના શશિની જેમ અને એ બધું બાળ લગ્નને બળેજ. નથી એ ધર્મ ભગિનીઓને પુરતુ માન, કે નથી પુરતુ જ્ઞાન, નથી તેમને ધર્મને પંથે વાળનાર કોઇ ધર્મવીર. આમાંય બાળ વિધવાઓની સંખ્યા વૃદ્ધ અને સામાન્ય વયની તો જવલ્લેજ. જીવનની કૌમાર્ય વયમાંજ જયાં વૈધવ્યની મહાન વેદી હોય તેમને સારૂ ત્યાં તો જૈનત્વનો ચળકાટ અને ઝળકાટ છે ઓઝલાંના જળ સમાનજ. ધીર, વીર, રણવીર, અને ધર્મવીર ભવિષ્યની ભારતી પ્રજાની જનતાઓજ જ્યાં અંધકારમય અને અંધારે અથડાતી હોય, એ નર રત્નોની ઉત્પાદક માતાઓ જ્યાં જ્ઞાન દાન હીન હોય, જ્યાં તેમની પ્રતિ સન્માનનો શબ્દ ન હોય ત્યાં તે વળી સંભવે જૈનત્વની જાહોજલાલી?

પિતાઓજ જ્યાં પોતાની બાળાને જ્ઞાનની ખીણમાં અને સાહિત્યના ઉંડાણમાં જતાં આવરણ રૂપ થાય ત્યાં શેની સંભવે તેમને ઉરે સરસ્વતિની સરિતાની ઝર્ણીઓ? કયાંથી સંભવે સુરતા વિરતા કે ગુણજ્ઞતા. ખર્ચે છે હજારોના ધન કીર્તિના કળશ ચઢાવવા, (!) ને ખર્ચે છે લાખોનાં દ્રવ્ય માનવના દેહની છેલ્લી ગતિ–મૃત્યુના સમરાંગણમાં. એ ન્યાતવરામાં એ ચલિત કીર્તિના જંગમાં થાય છે હજારોનો ધુમાડો ને કીર્તિના આશાવંતોને મળે છે. ફળ પ્રાપ્તિમાં શુન્ય. પરદેશમાં જવાનો કોઇ વિચાર સરખોય કરે તો ધુતકારી કાઢે એને મારા સમાજ બાંધવો, અને વાતોને વંટોળે છિન્ન ભિન્ન કરે છે એની એ સુકીર્તિને.

આ ઉપરોક્ત બદીઓ જૈનત્વને આબાદીને આંગણે ખેંચે કે બરબાદીના બારણામાં ઢકેલે એ તો વિચારવાનું રહ્યું પ્યારા વાંચક ગણોને. હું તો બરબાદીના બારણામાંજ કહીશ. અને જ્ઞાની બાંધવો તો એજ મત આપશે.

હજારો જૈન ચૈત્યો આજે હયાતિમાં છે. પુરાણાંજ પચાવાને કેટલા જૈન બાંધવો કમર કસી સજ્જ થાય છે ત્યાં મારા અંધ શ્રદ્ધાળુ બંધુઓ નવી ઇમારતો—નવાં નવાં જીનાલયો બંધાવે છે. પુરાણાં પાળી શકવાની તો શક્તિ નથી તો આ વૃદ્ધિ પામતા નૂતન દેવાલયો તો અધમ દશાને પામે તેમાં આશ્ચર્ય શું? આજના સાધુઓ જૈનોને જૈનત્વનું ખરૂં ભાન કરાવવાને બદલે પાખંડોની પ્રતિચ્છાયા પાથરે છે એ જૈનીઓ પર આમ આ જૈનત્વ પર ચોથો ઘાવ.

આમ મારા સમાજમાંજ ઉપરોક્ત બદીઓ ઘર કરી બેઠી છે તો જૈન ધર્મના એ પેટા સમાજોમાં શુ નહિ હોય. જરૂર હશેજ. હું ન જાણું કિન્તુ અનુમાન તો કરી શકું અને કદાચ ન હોય તો તો પેટા વિભાગ પડેજ શાના ? રે નાનકડા નાનકડા પંથ હોયજ શાના ? આ બધું એ બદિઓને પરિણામે છે. એ બદીઓએ આણેલી ભાગા ભાગ અને વિભાગા વિભાગ પાડવાની જાગૃતિ છે ! આવા અનેકાનેક ઘાવને પરિણામે એ ઘાવનેજ બળે જૈનત્વ આજે અધોદશામાં સડે છે—રે ! આબાદીને બદલે બરબાદી છે. કાળચક્રનો એમાં એવડો દોષ નથી. નથી એની ભુલ. એ તો છે વિખવાદના વંટોળમાં ગોથાં ખાતા જૈન બાંધવોનો. જે ધર્મપર જે જનતાપર આટલા આટલા ને આવડા આવડા ઘાવ વાગે, રે ! વાગ્યા હોય તેની તે શીદને હોય જાહોજલાલી ? શેની હોય ઉન્નતિ.

આટ આટલુ ઉરમાં ધારી, નયન નીચે કાઢી ગયા પછી દરેક વ્યક્તિ ઇચ્છે, દરેકનું હૃદય પ્રશ્નોની પરંપરા કરવા તલસે અને પ્રશ્ન થાયજ કે " પૂર્વની જાહોજલાલીની પુનઃ સંસ્થાપના થાય કેમ, એ જૈનત્વ જગતમાં ઝળકાવાય કેમ ? રે ! એ પ્રશ્નના જવાબો તો નજરે પડે છે "દિગંબર જૈન" પત્રનાં પાનાઓમાં અને એ લખાણોથી ભરપુર ભર્યા છે અન્ય જૈન પત્રો. પછી પુનઃ પુનઃ વિવરણ કરવું એ તો કઠોર હૃદયોને અર્થેજ હોય. અણસમજુ અને હીણ નજરાઓને સારૂજ હોય. હું તો નથી જોતો એની આવશ્યકતા. એ લખાણોનું—એ અસ્ખલિત વાગ્ ધારાઓનું એક વખત પુનઃ સંભારણું કરી જજો અને તરતજ એ પૂર્વની જાહોજલાલી ને પરાપૂર્વથી જગવિખ્યાતિના મુખ્ય ઉપાયો જડશેજ. તોય કહું. આ ઉપરોક્ત ચાર અને અને અન્ય અવ્યક્ત ઘાવને દૂર કરો, એ બદીઓને નષ્ટ ભ્રષ્ટ કરો. સર્વ સંમિલિત થાઓ. જૈનત્વને પ્રાણાર્પણ કરતાં પણ ઝળકાવવા કમર કસો તો દૂર નથી એ જૈન ધર્મીઓની અકથ્ય, અને અદ્વિતિય જાહોજલાલી રે ! જગવિખ્યાતિ, રે !–નથી દૂર એ જૈનોન્નતિ કિન્તુ ઉપાયો યોજાય તો હો, નહિ તો નહિ, એ તો પછી–પત્થર પર પાણીજ.

ત્યારે સમાજ સુધરશે.

સુકાનીઓ જે સમાજના તે નૂતન સુકાનો ધરસે,
શૌર્ય પ્રેમથી સેવા કરવા પ્રાણાર્પણ કરશે;
સાચા સમાજ સેવક બનશે,
ત્યારે સમાજ સુધરશે. (૧)

બાળ લગ્ને દફનાવીને બાળ ઉરે બળ ભરશે,
જ્ઞાન દાનનું પાન કરાવી ધીરતા વીરતા ધરશે;
જ્યારે નિપુણ નરો અવતરશે,
ત્યારે સમાજ સુધરશે. (૨)

નર રત્નોની ખાણ સ્વરૂપી જનેતાઓ ભણશે,
જ્ઞાનવાન ધીર વીર જનેતા ધીર વીર બાળો જણશે;
વધતી વિધવાઓ ઘટશે,
ત્યારે સમાજ સુધરશે. (૩)

પલટી ઘડીઓ પેખી બંધન સમાજનાં ટળશે,
જૈનની જનતા તન મન ધનથી જવ ભેળી મળશે;
લગ્નનાં ક્ષેત્રો પ્હોળાં કરશે,
ત્યારે સમાજ સુધરશે. (૪)

યુવક સંઘની—ગગન ભેદીને પ્રચંડ ઘોષણા થાશે,
સકળ સંઘ સંમેલન થાતાં વાગ યુધ્ધો મંડાશે;
અનેરી ઐક્યની આશા ફળશે,
ત્યારે સમાજ સુધરશે. (૫)

અંબાલાલ હાથીચંદ શાહ.

પાશ્ચાત્ય વિદ્યા અને– –જૈન સમાજ.

(લેખકઃ—જયંતિલાલ ઠાકોરદાસ મોદી. બી. એસ. સી. એન્જી.—સુરત.)

ભારતવર્ષનો કોઇ પણ સમાજ, ભલે તે જૈન સમાજ હોય કે ઇતર સમાજ હોય, છતાં તેને પાશ્ચાત્ય વિદ્યા–મુખ્યત્વે અંગ્રેજી વિદ્યા–વગર આધુનિક સમયમાં ચાલતું નથી. " येन केन प्रकारेण " તે વિદ્યાનો આશરો લે છે. વ્યવહારમાં તો તેનો ઉપયોગ ડગલે ને પગલે કરવો પડે છે, અને હવે એટલે સુધી વાત આવી છે કે અર્વાચીન જમાનાના ઉગતા યુવકને જો એ વિદ્યા, એ ભાષાથી પરાંગમુખ રહેવું પડે તો તે અકળાય છે, મુઝાય છે, શરમાય છે.

એ ભાષાનો સ્વાદ જૈન સમાજના ઘણી વ્યક્તિઓએ ચાખ્યો છે, ચાખે છે અને ચાખશે. એમાંના કેટલાંકોએ તેનો ઉપયોગ જૈન સમાજ તેમજ જૈનધર્મની સેવામાં પણ કર્યો છે, એ પ્રશંસનીય છે, અનુકરણીય છે. આધુનિક જમાનામાં જ્યાં એ આંગ્લ ભાષાનો ઉપયોગ વિધ વિધ ધર્માવલંબીઓએ પોતપોતાના ધર્મનો ફેલાવો કરવામાં, તેનું રક્ષણ કરવામાં, તેના હકો સાચવવામાં અગર તેની પ્રતિષ્ઠા જાળવવામાં કરે છે, તો જૈનસમાજમાં આગ્લ ભાષા શીખતી હરેક વ્યક્તિ પોતાના હંમેશના વ્યવહારમાંથી અમુક વખતનો ભોગ પોતાના ધર્મને માટે આપે એ કંઇ વધારો પડતું નથી. અલબત તે કરવાને માટે અન્ય અન્ય દૃષ્ટિએ આંગ્લ ભાષાની સાથે જૈનધર્મનું જ્ઞાન પ્રાપ્ત કરવું પડશે. એ કંઇ અશકય નથી. એની જરૂરીઆત, હાલના તાજા બનેલાં પૂજ્ય મુનિશ્રી જયસાગરજીના ઉપસર્ગ નિવારણના બનાવથી કેટલી છે તે હરેક વ્યક્તિ સમજી શકે છે. જો લખનો નિવાસી શ્રી. પંડિત અજીતપ્રસાદજી જૈન એડવોકેટે સુગમતાથી વિદ્ધર્માવિલંબીઓને જૈનધર્મની દિગંબર મુનિ અવસ્થાનો ખ્યાલ ન આપ્યો હત તો તે "ઉપસર્ગ નિવારણ" ના વિષયનો ઉકેલ ઘણી વિષમતાને પામતે. બીજું આજે દરેક ધર્મની કિંમત બહારની વ્યક્તિઓના પ્રભાવ પરથી અંકાય છે, માટે જૈનધર્મનો પણ જો પ્રભાવ પાડવો હોય તો શિક્ષિત દેશોની સમક્ષ તેઓનીજ ભાષામાં જૈનધર્મને બાહર લાવવાની જરૂર છે. શ્રી. બાબુ ચંપતરાયજી જૈન બેરીસ્ટર આ પ્રકારે હાલમાં અમેરિકામાં જૈન ધર્મનો કેવો ફેલાવો કરે છે, તેનો "જૈન મિત્ર"માં આવતા બૈરિસ્ટર સાહેબના પત્ર વાંચવાથી માલમ પડે છે.

આટલું જાણ્યા છતાં અંગ્રેજી ભાષાનો અભ્યાસી કેવી રીતે જૈનધર્મ પ્રત્યે પોતાની ફરજ અદા કરે એ પ્રશ્ન તેને મુઝવે છે, છતાં પણ જો વિચાર કરવામાં આવે તો તેનો ઉકેલ કરવો ધારવા જેટલો કઠણ નથી જેમકે બી. એ. તેમજ એમ. એ.ની સાથે ઇતિહાસ અને અર્થશાસ્ત્રના વિષય લેનારા, ભારતવર્ષની તેમજ વિદેશની સંશોધક સભાઓના (Institution of Historical Research) સભાસદ થઇને ભારતવર્ષના પ્રખ્યાત ઇતિહાસકાર સર જદુનાથ સરકાર જેવાની મદદ લઇને જૈન ઇતિહાસનું સારી રીતે સંશોધન કરી શકે છે. આ કંઇ જેવો તેવો જૈનધર્મને ફાયદો નથી, દાખલા તરીકે કેટલાંક ઇતિહાસકારો ભગવાન મહાવીરને જૈનધર્મના સ્થાપન કર્તા સમજે છે. અને પોતાના ઇતિહાસમાંજ પણ એ પ્રમાણે લખે છે. આ ઇતિહાસ જ્યારે જૈનધર્માવલંબીઓ શીખે છે, ત્યારે તેઓના પર ખોટી છાપ પડે છે એટલુંજ નહિ પણ ઇતર જનતાપર પણ તેને માટે ખોટો ખ્યાલ આવે છે. અને જ્યારે જૈનધર્મના જ્ઞાતા તે વાંચે ત્યારે અત્યંત દુઃખ થાય છે.

હમણાંજ ઇતિહાસકારો માનવા લાગ્યા છે કે

ભગવાન મહાવીરના પહેલા ભગવાન પાર્શ્વનાથ થઇ ગયા છે. એ વિષેનો ખ્યાલ બનારસ હિંદુ યુનીવરસીટીના ઇતિહાસના પ્રોફેસર બેરીસ્ટર પુતાંબેકરે, જૈન એસોશીયન બનારસ હિંદુ યુનીવરસીટીના આસરા હેઠળ ઉજવાયલી મહાવીર જયંતિના વખતે આપ્યો હતો અને કહ્યું હતું કે એવો એવો વખત આવશે કે જ્યારે જૈનના ૨૪ તિર્થંકરો માનવા પડશે. આવી અનેક પ્રકારની પ્રવૃત્તિમાં ઇતિહાસના વેત્તા જો પોતાના શિક્ષણનો ઉપયોગ કરે તો જરૂર જૈનધર્મને લાભ થાય. તેવીજ રીતે વકીલ, એડવોકેટ, બેરીસ્ટર, સોલીસીટર વગેરે પણ જૈન કાયદામાં સંશોધન કરી શકે.

જૈન ન્યાયના વિષયમાં જો **ન્યાયતીર્થો** આંગ્લ ભાષાના અભ્યાસી બને તો પોતાના વ્યહવારમાં એટલુંજ નહિ પણ પોતાના ધર્મની પ્રાચીનતા તથા હકો સિદ્ધ કરવામાં યુક્તિ પ્રયુક્તિનો સારો ઉપયોગ કરી શકે. અને હાલમાં કોલેજમાં તેમજ નિશાળોમાં શિખતા વિદ્યાર્થીઓ જેઓ પોતાને ઘણી વાર જૈનો કહેતાં શરમાય છે તેઓ પણ જૈનધર્મની મહત્તાનો ખ્યાલ બીજાને આપી શકે. આ ન્યાયનાં પુસ્તકો સંસ્કૃતમાં હોવાથી બી. એ. કે એમ. એ. માં મુખ્ય વિષય સંસ્કૃત લેનારા તો તેનાથી કંઇ ઓરજ પ્રકાશ પાડી શકે છે. આના ઉપરથી ફક્ત કળા (ARTS) ના અભ્યાસી જન ધર્મની પ્રભાવના કરી શકે એટલુંજ નહિ પણ વિજ્ઞાન (Science) ના અભ્યાસી પણ કરી શકે છે. કેમકે આ જમાનો વિજ્ઞાનનો છે અને જનધર્મનો અભ્યાસ વિજ્ઞાની દૃષ્ટિથી સમજવો સુગમ છે. વિજ્ઞાનનું જ્ઞાન લેનારા વિદ્યાર્થી જેવા કે—બી. એસ. સી.; એમ. એસ. સી; એન્જીનીયર, ડાકટર; વગેરે પોત પોતાના વિષયોની મદદથી પોતપોતાના વિષયની સંશોધક સભાના સભાસદ થઇને તે વિષયમાં પારંગતોની સહાયતા લઇને જૈન સિદ્ધાંતો જો દુનિયાની સમક્ષ રજુ કરે તો જૈન ધર્મને ઘણો લાભ થાય.

દૃષ્ટાંત તરીકે જૈનો આજ કેટલાંકો વર્ષથી જાણતા હતાં કે વનસ્પતિમાં જીવ છે **અને એની** જગતને જાણ નહોતી અગર કબુલ કરતું ન હતું, પણ જ્યારે સર **જગદીશચંદ્ર બોઝ** જેવા એક મહાન વિજ્ઞાનીએ સાબીત કરી બતાવ્યું ત્યારે સર્વે તેને માન્ય કરે છે. આવાં આવાં વિષયો તરફ વિજ્ઞાનના અભ્યાસીઓની પ્રવૃત્તિ કરવામાં આવે તો જૈનધર્મની ઉન્નતિ થાય એટલુંજ નહિ પણ જૈન સમાજની પણ ઉન્નતિ છે

આ ઉપરાંત **જૈન સાહિત્ય** કે જે આજે ભંડારોમાં છે તેનું ભાષાંતર જો અન્ય ભાષાઓમાં કરવામાં આવે તો તેની મહીમા ઘણી છે. આ વિષયમાં જૈન સમાજમાંથી કંઇક પ્રયત્ન થયો છે કે જેનાથી આજે ઇગ્લંડ તેમજ અમેરીકામાં જૈનધર્મનું જ્ઞાન લેવાઇ રહ્યું છે. છતાં એટલાંથી કંઇ બસ નથી. પણ જૈન સમાજમાં પ્રાશ્ચાત્ય વિદ્યાની સાથે જૈન ધર્મના પ્રખર જ્ઞાતા ઉદ્ભવિત થવાની જરૂર છે. અને તે માટે બોર્ડિંગોમાં રહીને શિક્ષણ લેનારા વિદ્યાર્થીઓને ફરજીઆત ધર્મ શિક્ષણ આધુનિક ઢબથી પદ્ધતિસર આપવામાં આવે અને તેની ઉપયોગિતા સમજાવવામાં આવે તો બીજા પાંચ વર્ષની અંદર જૈન સમાજમાં જૈન ધર્મને સમજનાર પ્રખર વિદ્વાનો કે જેની ખોટ આજે જણાય છે તેવા નીકળશે. આથી જે જે પાશ્ચાત્ય વિદ્યાના અભ્યાસી હોય તેઓ જૈન ધર્મનો અભ્યાસી શરૂ કરી યથા તથા હાલની સ્થિતિમાં જૈન ધર્મની ઉન્નતિ માટે પ્રયત્ન કરે તો તે પ્રશંસાને પાત્ર છે.

સત્યમૂર્તિ-પ્રભાવતી !

લેખકઃ-મોહનલાલ મ. શાહ-કંપાલા.

પૂર્વે ભરતક્ષેત્રમાં કાંચનપુર નામના નગરમાં એક શેઠ રહેતો હતો, તેનું નામ **હેલોક** કરીને હતું. અને તેની સ્ત્રી **હેલીથી** હાલક નામનો એક પુત્ર હતો.

હેલોક શેઠ મીઠા બોલો હોઇ, ખોટાં ત્રાજવાં, અને ખોટા માપથી વ્યાપાર કરતો હતો. તેમજ એક ચીજમાં બીજી ભળતી ચીજ મેળવી વેચતો. વળી ચોરીનો માલ પણ ખરીદતો હતો. એમ કરી, તેણે ઘણું ધન એકઠું કર્યું હતું.

હાલક જુવાન થતાં તેને સારંગપુર શહેરના મણીધર શેઠની પ્રભાવતી નામની સુગુણા પુત્રીથી પરણાવ્યો, પ્રભાવતી ધર્મજ્ઞ અને શ્રાવિકાના ઉત્તમ ગુણોથી યુક્ત હોઇ, વ્યવહારિક અને ધાર્મિક શિક્ષણ પણ તેણે બાળપણામાંજ મેળવ્યું હતું. તેનામાં ઉત્તમ શ્રાવિકા અને સતી સ્ત્રીનામાં જેટલા ગુણ જોઇએ, તે બધા વિદ્યમાન હતા.

પ્રભાવતીનો બાપ ઉત્તમ શ્રાવક હોઇ, ન્યાય પૂર્વક જીવન નિર્વાહ ચલાવતો હતો, જેથી, તેના ન્યાયી ગુણો પ્રભાવતીનામાં ઉતર્યા હતા.

યથાવસરે પ્રભાવતી સાસરે આવી, સાસરાના ઘરના રીત રિવાજોથી વાકેફ થઇ. શેઠની દુકાન અને ઘર એકજ મકાનમાં હોવાથી વ્યાપારની ઘણી ખરી બાબતો પ્રભાવતી ધ્યાનમાં લેવા લાગી. એટલે કે-બાપ દિકરાને થતી વાતચીત તરફ તે હંમેશ બારીકાઇથી લક્ષ દેતી.

હેલોક શેઠ કોઇને છેતરતો હોય, ને તેમાં પુત્રની મદદની જરૂર પડે ત્યારે તે, પુત્રને જુદા જુદા બનાવટી નામોથી સંબોધતો. તેણે હાલકનાં પંચપોકર, ત્રિપોકાર, હૃદયપોકાર વિગેરે નામ લોકોને છેતરવા માટે રાખ્યાં હતાં.

શેઠજીની એ ખટપટ ધીરે ધીરે ગામના લોકો જાણી ગયા. અને તેમના વ્યાપારમાં કમી દેખાવા લાગી, જેથી હેલોક અને હાલક દિલગીર થયા.

પિતા-પુત્રની ઉદાસી ચતુર પ્રભાવતી કળી ગઇ, તેણે એક વખત અવસર મળતાં પોતાના પતિને પૂછ્યું-નાથ, આપને પિતાજી જુદાજુદા નામથી કેમ બોલાવે છે? હાલકે કહ્યું-વ્હાલી! એ હમારા વ્યાપારની સંકેત ધ્વનિ છે.

પ્રભાવતીએ વ્યાપારની હકીકત જાણવા ફરી પૂછ્યું,-તો વહાલા! હાલ કેટલાક દિવસથી આપ બંન્ને ઉદાસ જેવા કેમ લાગો છો! નથી તમે પહેલાંની માફક બોલતા! કે નથી પુરૂં જમતા! શું મારો કંઇ દોષ થયો છે તે મારી સાથે હસીને વાત કરતા નથી!

હાલકે દિલગીર થઇ કહ્યું,-પ્રિયે! એવું કાંઇ છેજ નહિ. પણ પહેલાં આપણો વ્યાપાર વધુ ઉન્નતિ પર હતો, ત્યારે હમે આનંદિત રહેતા, પણ હવે હમારા ખટપટ લોકો જાણી ગયા છે, જેથી આપણા વ્યાપારમાં ભંગાણ પડયું છે, તેથીજ જીવ ઉદાસ રહે છે.

પ્રભાવતીએ કહ્યું,-નાથ! તો તેનું કારણ શોધી, તેનું નિવારણ કરવું જોઇએ, કે જેથી જીવને ઉચાટ થાય નહિ.

હાલક બોલ્યો, પ્રિયા? પણ અમારી ઓછા વત્તા તોલની વાત હવે લોકો જાણી ગયા છે, જેથી હવે લોકો હમારા પર વિશ્વાસ કરતા નથી, તો પછી કારણ શોધવાનું કયાં રહ્યું!

પ્રભાવતી બોલી,-વહાલા! આપ એવો ધૂતવાનો ધંધો ત્યાગ કરો! કેમકે અન્યાયથી આ લોકમાં ઇજ્જતનો નાશ છે. અન્યાયનું ધન, ન તો ઉપયોગમાં આવે છે. યા ન તો ધર્મ કાર્યમાં કામ લાગે છે, માટે ન્યાયથીજ વ્યાપાર કરી ધન ઉપાર્જન કરવું જોઇએ!

૭ મહિના સુધી દગો–ફટકો ત્યાગ કરી, સત્યતા પૂર્વક વ્યાપાર કરો !

જો આપને લાભ ન જણાય તો પછી તમારી અસલ રીત ધારણ કરજો ! પણ હું નથી ધારતી કે આપને સત્યમય વ્યાપારમાં લાભ ન થાય !

શેઠજીએ પ્રભાવતીના વચનને માન્ય કરી, પોતાની રીતભાત, વ્યાપારાદિમાં ન્યાયનો પ્રવેશ કરાવ્યો. ખોટાં માપ ખોટાં ત્રાજવાં, ઘરના એક ખુણામાં સંતાડી દીધાં. અને ખરાં બનાવી વ્યાપાર કરવા લાગ્યા.

જે લોકો શેઠની દુકાન છોડી ચાલ્યા ગયા હતા, જે લોકો તેમના અન્યાય સામે ફિટકાર કરતા હતા, જે જરા પણ તેમની દુકાને જતા નહોતા, તેજ લોકોને શેઠની સત્યતાએ શેઠને ત્યાં બોલાવ્યા. લોકો હર્ષ ભેર તેમનો માલ લેવા લાગ્યા. ટુંકમાં શેઠનો વ્યાપાર હતો તેથી બમણો થયો, બજારમાં તેમની વાહવાહ બોલાવા લાગી, તેમના નામ પર લાખોની હુંડીઓ દેશાવરમાં સીકરાવા લાગી.

૭ મહિના પછી શેઠે હિસાબ કર્યો, તો તેમણે પાંચ શેર સોનું ખરીદી શકાય તેટલી રકમ પેદા કરી. શેઠે આ બધો પ્રતાપ પ્રભાવતીનો માની, તે રકમનું સોનું ખરીદી પ્રભાવતીને આપ્યું, ને તેની ઘણી પ્રશંસા કરી.

પ્રભાવતીએ કહ્યું–પિતાજી ! આ સોનું આપણા સત્યમય વ્યાપારનું છે, માટે તેની પરીક્ષા કરો !

શેઠજીએ સોનાની પાંચશેરી બનાવરાવીને તેને એક ચામડામાં મઢી લીધી. ને તેના ઉપર પોતાનું નામ લખી, બજારના ચોકમાં ફેંકી દીધી. ત્રણ દિવસ તે ત્યાં પડી રહી, પણ કોઇએ તેને ઉપાડી નહિ, પછી તેણે ત્યાંથી ઉપાડી, એક મોટા તળાવમાં નાંખી, જ્યાં તેને એક મોટી માછલી ગળી ગઇ.

માછીએ નાંખેલી જાળમાં તે માછલી પકડાઇ ગઈ, અને માછીએ માછલીને ચીરવા માંડી, ચીરતાંજ તેને એક પોટલી મળી કે–જેના પર હેલોક શેઠનું નામ લખેલું હતું. શેઠનું નામ વાંચીને તરતજ માછી તે પોટલી લઇ હેલોક શેઠની દુકાન પર ગયો ને શેઠને બધી વાત જણાવી શેઠે તેને બક્ષીસ આપી પોટલી ખરીદી લીધી.

સત્યની પ્રતીત પર શેઠને ઘણોજ વિશ્વાસ બેઠો ને બનેલા આ સાચા બનાવથી તેમને ઘણોજ આનંદ થયો. પુત્રવધુના વચન પર વધુ વિશ્વાસ બેઠો અને ન્યાયમાં વધુ તત્પર રહી, ધર્મ ધ્યાન કરવા લાગ્યા.

શેઠજીની આબરૂ જગત ભરમાં ફેલાઇ ગઇ, બધા લોકો તેનું દ્રવ્ય ન્યાયી છે, એમ માની, તેમની સાથેજ લેણ દેણ કરવા લાગ્યા. વહાણવાળા પણ શેઠના દ્રવ્યને વહાણ પર પહેલું સ્થાન આપવા લાગ્યા. વળી શેઠજીના નામથી અધિક લાભ થાય છે, એમ વિચાર કરી, વહાણ ચલાવતી વખતે હેલોક–હેલોક એમ ઉચ્ચાર કરવા લાગ્યા, જેનો અપભ્રંશ હેલોઉ–હેલઉ શબ્દ હજી પણ જુના વહાણવટીઓ ઉચ્ચારે છે.

એવી રીતે ન્યાય યુક્ત વ્યાપારથી આ લોકમાં પ્રતિષ્ઠા અને ધન બધું મેળવાય છે. માટે દરેક જણે ન્યાય યુક્ત વ્યાપાર કરી, જીવન નિર્વાહ ચલાવવો જોઇએ. કહ્યું છે, કે—

सुधीरर्थो जने यत्नं कुर्वान्न्यायपरायणः ।
न्याय एवा न पायोयऽमुपाय संपदापदम् ॥

ભાવાર્થ—ન્યાયમાં તત્પર રહી, બુદ્ધિશાળી મનુષ્યે ધન ઉપાર્જન કરવા પ્રયત્ન કરવા જોઇએ ! ન્યાયજ સંપત્તિ મેળવવાનો વિઘ્ન રહિત ઉપાય છે. સજ્જન પુરૂષોએ નિર્ધન રહેવું સારૂં છે, પણ બુરાં કૃત્યોથી ધનવાન થવું સારૂં નથી. ન્યાય વૃત્તિજ આ લોકમાં સુખી કરી, પુન્યોપાર્જન કરાવી, પરલોકમાં સુખી કરે છે, માટે સમજુ મનુષ્યોએ વ્યાપારાદિમાં છળ પ્રપંચનો ત્યાગ કરી, સત્યથી વ્યાપાર–રોજગાર કરી, ધન ઉપાર્જન કરવું જોઇએ ! સત્યનોજ જય થાય છે, એ ભુલવું જોઇતું નથી. શાંતિઃ શાંતિઃ

જૈન સમાજની ઉન્નતિના ઉપાયો.

ગુજરાતના દિગંબર જૈનોમાં સંગઠન કાર્ય.

લે:-શ્રી. છોટાલાલ ઘેલાભાઈ ગાંધી—અંકલેશ્વર.

અહિંસા ધર્મ.

જૈન સમાજે **અહિંસા પરમો ધર્મ**નો સિદ્ધાંત સ્વીકાર્યો અને ઉન્નતિના ઉપાય તરીકે અહિંસા પ્રથમ સ્થાન ભોગવે છે. કારણ કે प्रमत्तयोगात् प्राणव्यपरोपणम् हिंसा એટલે ગ્રહસ્થીને માટે જીવન ટકાવવા સિવાયની અર્થાત્ એશ આરામ ભોગવવા મન વચન કાયાથી કાર્ય કરવામાં પોતાના કે બીજાના પ્રાણનું વ્યપરોપણ થાય તે હિંસા મનાઇ છે. રત્નકંડ શ્રાવકાચાર પણ संकल्पात कृत० ના શ્લોકથી કહે છે કે જીવનની જરૂરીયાત સિવાય સંકલ્પથી જીવને હાનિ કરે તે હિંસા. એટલે જીવન ટકાવવા પુરતુંજ કાર્ય ગૃહસ્થીને માટે અહિંસામય ગણાય પણ એશ આરામ માટે પૈસા સંગ્રહી રાખવા કે માન બડાઇ માટે, આદિ પ્રમત્તયોગથી સંઘરો કરાય નહિં. અને કરેલો હોય તો તે બીજાના હકનો હોવાથી બીજાના ભલા માટે વાપરવો જોઇએ, ત્યાગ ધર્મ સેવવો જોઇએ. ગૃહસ્થી જીવન માટે હિંસા કરે તે ધર્મધ્યાનથી ફના કરે. એમાંથી એ તાત્પર્ય નીકળે છે કે સમાજમાં તમામને જીવવાનો હક છે. તમામ મનુષ્ય એક સરખી ઉન્નતિએ પહોંચે અને વધુ ઉન્નતિએ પહોંચેલ મનુષ્યની ફરજ છે કે કે ત્યાગ ધર્મ આદરી, દાન કરવાની પ્રથા સેવે. એટલે સમાજની ઉન્નતિનો બીજો ઉપાય દાનધર્મ છે.

દાન ધર્મ.

જે જે ઉન્નતિના ઉપાય રૂપે સંસ્થા ચાલતી હોય તેને દાન આપી નભાવવી એ આવશ્યક ઠરે છે. ગૃહસ્થી ન હોય તેવા વિધુર કે વિધવા ત્યાગધર્મને અંગીકાર કરે. સાધુ આર્જીકા થાય અગર સમાજના ભલા માટે કામ કરે. આ જમાનામાં સાધુ આર્જીકા બની તેના આચાર વિચાર નહિં પાળી શકાય એવા લાગે તો એ બ્રહ્મચારીથી લઇ ઐલક સુધીની પ્રતિમાઓ પૈકી એક પ્રમાણેનું વર્તન જરૂર રાખી શકે. અને તેટલે દરજ્જે નહિં પહોંચી શકે તો ઉદાસીન આશ્રમો એવા સ્ત્રી અને પુરૂષોને માટે જુદા હોઈ શકે છે. વિધવા કે વિધુર ગૃહસ્થીના ઘરમાં રહે અને તે ઘરમાં સગા સંબંધીને વિષયસુખ ભોગવતાં અનુભવે છતાં તે વિધવા કે વિધુર પોતાના મનને સંયમમાં રાખી શકે એ ઘણે ભાગે અસંભવિત નથી લાગતું? માણસને કામેચ્છા થાય તેથીએ પાપ થાય છે, તો પછી વિધવા કે વિધુર ત્યાગી નહિં બને તેઓને માટે ઉદાસીન આશ્રમો સ્થપાય તોજ સમાજમાંથી સડો અટકે અને ઉદાસીન આશ્રમો સમાજને ઉન્નતિના માર્ગ તરફ વધુ લઇ જાય.

આશ્રમોની જરૂર.

સમાજની ઉન્નતિની શરૂઆત બાળકોથી થવી જોઇએ. વારસાનો હક છોકરાને પ્રથમ હોવાથી છોકરાને માટે કેળવણી આદીની વ્યવસ્થા સૌ કોઇ સ્વાર્થી કરે છે, પરંતુ કન્યા પારકું ધન માની છોકરા કરતાં કન્યાને ઘણા માબાપો નીચી દૃષ્ટીએ જુએ છે અને શહેરીઓ કન્યાને કેળવવા તરફ કદાચ ધ્યાન આપે પણ ગામડાના માબાપોને ગામમાં ખાસ કન્યાશાળા નહિં હોય એટલે "ઘરનો પૂંજો કાઢવા" કે "નાના ભાઇ બ્હેનને રમાડવા" ના

બ્હાના હેઠળ કન્યાને કેળવવાને માબાપ ઇચ્છા ધરાવતા નથી અને પરિણામે એવું બને છે કે સુધરેલા વિચારના વરને યોગ્ય કન્યા મળતી નથી અને શહેરી છોકરીને યોગ્ય વર મળતો નથી. સંસાર બગડે છે, એટલે આ રેલ્વે અને તારના જમાનામાં આખા ગુજરાતમાં ગમે તે ગામે ૨૪ કલાકમાં પહોંચી શકાય કે વાતો કરી શકાય છે તો ગામડામાં રહેનાર સમાજે પણ પોતાના સંતાન એક સરખી રીતે કેળવાય તે માટે ગોઠવણુ સ્વીકારવી જોઇએ. છોકરા માટે કોલેજ, કલા ભૂવન આદિમાં ભણાવવા તેઓ ગોઠવણુ કરે છે અને બાળકો માટે પોતાને ગામે અનુકુળતા નહીં હોય એટલે શ્રાવિકાશ્રમ જેવી સંસ્થામાં બાળિકાઓ મોકલવી એ માબાપની શું ફરજ નથી ? જે પ્રજાને પોતાની ઉન્નતિ કરવી હોય તેણે પહેલાં માતાને જ્ઞાન આપવું જોઇએ એમ અનુભવે જોયું છે—નેપોલીઅન કહે છે. એટલે સમાજે પ્રથમ સ્ત્રીઓને કેળવવાનું કામ હાથ ધરવું જોઇએ છે. શહેરોમાં તો મોટી સ્ત્રીઓને કેળવવા માટે સંસ્થાઓ ખોલાયલી હોય છે, અને ગામડાવાળા માટે શ્રાવિકાશ્રમો તૈયાર હોય છે કે ખોલવા જોઇએ પરંતુ આપણા ભાઇઓ સ્વાર્થી દ્દષ્ટિથી રસોડામાંજ સ્ત્રીઓને રાખે છે અગર તો સંતાન ઉત્પન્ન કરનાર મશીન તરીકેનીજ ગણુના કરે છે, પછી ફળ કેવાં આવે છે તેની દરકાર કરે નહિં અને સમાજ અધો-ગતિએ જાય છે, માટે આશ્રમોમાં કન્યા, સધવા કે વિધવાને મોકલવા જોઇએ, એ વાત સમજાવવા ગામડામાં લગભગ પંદર દિવસ આ સેવક ફર્યો હતો અને તેનો હેવાલ "દિગંબર જૈન"માં આવી ગયો છે.

જૈન સમાજમાં ભેદો. અહિંસા ધર્મ પાળનાર જૈન સમાજ સાચી રીતે અહિંસા ધર્મ સેવતો હોત તો તેમાં ભેદ અને ભેદના ભેદ નહિ હોત. આજે તો એ જૈન સમાજમાં દિગં-બર, શ્વેતાંબર એવા મૂળ બે પંથ પડયા છે. એ પંથમાંએ વીસ પંથી, તેરા પંથી, તારણ પંથી, એવા દિગંબરમાં ભેદ થયા છે. શ્વેતાંબરમાં મૂર્તિપૂજક અને સ્થાનકવાસી એવા ભેદ થયા છે. વળી એ પેટા પંથોમાં ગુજરાતમાં હુમડ, મેવાડા, નરસિંહપુરા, રાંયકવાળ આદિ અનેક કોમો દિગંબર જૈનમાં અને શ્વેતામ્બર ભાઇઓમાં ઓશવાળ, પોરવાડ, શ્રીમાળી આદિ અનેક કોમો છે. તેમાંએ વળી કન્યાની આપ લે માટે એક કોમમાં એ અનેક ભેદો !!! આ બધા ભેદો સાબીત કરે છે કે સાચો અહિંસા ધર્મ જૈન સમાજ પાળતો નથી—સમજતો નથી.

જે જમાનામાં મહાત્મા ગાંધી જેવા અહિંસા ધર્મ વિશ્વ ધર્મ બનાવવા મથે છે તે જમાનામાં અહિંસા ધર્મનો ધ્વજ લઇને ફરનાર માંહો માંહે ભેદ રાખે ! અરે તીર્થના ઝઘડાઓ માટે કોર્ટે ચઢે ? અરે એકજ કોમની પંચમાં પણ લડવાઢ કરે, અનેક તડ પાડે અને નજીવી બાબતો પર મતામતી કરી દ્વેષ ઉત્પન્ન કરે ? બેટી વ્યવહાર ખરો પણ રોટી બ્યવહાર બંધ ? અરે કેટલીક પંચના તડમાં કન્યાની આપલે ચાલુ રાખી પછી વહુ દીકરીને પીએર સાસરામાં મોકલવાની મના કરવામાં આવે અને તે નિર્મલ હૃદયની બ્હેનો આંખમાંથી આંસુ વહેવાડે તોએ કઠોર હૃદયના વડીલો અહિંસાનો ઝુંડો પકડનાર કહેવડાવે છતાં જરાએ મીટ મુકે નહિં. આવી સ્થિતિ ગુજરાતના દિ. જૈન સમાજને શું નીચું નથી જોવડાવતી ?

ગમે એટલા પાણી ગાળીએ કે નાના જીવને બચાવવા પ્રયાસ કરીએ પણ પંચેદ્રી સંજ્ઞી જીવની હિંસા તરફ ધ્યાન નહીં આપીએ તો આપણા જૈનપણાને મહાન કલંક નથી ?

સંપ જ્યાં જંપ. સંપ ત્યાં જંપ એમ સૌ કોઇ વાતો કરે છે, પણ અમલમાં મુકતાં અચકાય છે. ખરી રીતે જૈન સમાજની દરેક વ્યક્તિએ પોતાના ઘરથીજ શરૂઆત કરવી

જોઇએ. પોતાના પંચના તડાં દૂર કરવા ભોગ આપવો પડે તો તે આપવો. પોતાનીજ કોમ ગુજરાતના ગમે તે ખુણામાં હોય તેની સાથે સંગઠન કરે પછી જુદી જુદી કોમોનું સંમેલન (કોન્ફરન્સ) કરી ભેગી મળે. જુના જમાનાની કોન્ફરન્સો ગમે તે વ્યકિત થઇ ભલામણના ઠરાવ કરી ઉઠી જતી, એટલે આવા વાચાળ મંડળથી કંઇ થતું નહીં. વૃદ્ધનો વિરોધ થતો અને સુધારા અટકતા. હવે જમાનો કાર્યનો આવ્યો છે. દરેક પંચમાં સમજુ હોય છે. કેટલાક કદાચ અણુસમજુ હોય તેને પણ સમજાવવાનો પ્રયાસ કરવો જોઇએ છે. માર્ગ લાંબો છે તોએ પ્રયાશથી સૌ સારૂં ફળ આવે છે. દરેક પંચના વસ્તિના પ્રમાણમાં સેંકડે બે થી ચાર ટકા જેટલા પ્રતિનીધી માંગી તે પ્રતિનીધિઓ એકત્ર મલે અને કામ કરનાર મંડળ સ્થાપે તેવા મંડળમાં દરેક પંચને અનુકુળ થાય તેવા પંચના બંધારણનો ખરડો રજુ થાય. લગ્નના રીત રીવાજની સમાનતા માટે ખરડો રજુ થાય, જુદી જુદી પંચ વચ્ચેની તકરારોનો નીવેડો કરવા જુદા જુદા પંચમાં સમાધાનીથી એક સંપી કરવા સમિતિ નીમવા આદિના ભલામણ રૂપે ઠરાવ થાય. તે ઠરાવો દરેક પંચ વિચારે, પોતાથી બને તેટલે દરેકજણે બીજાના લાભ ખાતર મત મતાંતર છોડે અને તે ઠરાવ અંગીકાર કરે અગર તે ઠરાવમાં ન છુટકે સુધારો વધારો પડે તે સૂચવી જ્યારે બંધારણ પૂર્વકનું મંડળ મળે ત્યારે તેમાં તે રજુ કરી સંપ ત્યાં જંપનું ધ્યેય સાચવી એકત્ર થવાનીજ ભાવના પ્રેરાય તે માટે જૈન સમાજનો દરેક વ્યક્તિ કામ કરી શકે છે.

પ્રચાર કાર્ય. દાખલા તરીકે દિગંબરમાં વિશા મેવાડા અંકલેશ્વર અને સોજીત્રા વગાના જુદા હતા. સોજીત્રા વગામાં બાળ વિવાહની રીત ચાલે છે, કન્યા કેળવણી કમ અપાય છે પણ તદન નજીવા છતાંએ અંકલેશ્વરના મેવાડા તેમની સાથે ભળ્યા. હવે મેવાડા સાથે સુરત મુંબઇના વીશા હુમડ, ગુજરાતના રાયકવાળ અને કેટલાક નરસિંહપુરા ને દશા હુમડ આદિ સર્વ કોમો એકત્ર થાય તે માટે પ્રયાશ ચાલુ થયો છે. અને એ પ્રચાર કાર્યમાં સુપ્રસિદ્ધ સમાજ સેવક ભાઈ મુલચંદ કસનદાસ કાપડિયા, છગનલાલ ઉત્તમચંદ સરૈયા, નાગરદાસ નરોતમદાસ, મોતીચંદ તાસવાળા આદિ મને સાથ આપી રહ્યા છે.

વીશા હુમડ, રાયકવાળ અને કેટલાક નરસિંહપુરા ભાઇઓ તો પરસ્પર કન્યાની આપ લે કરવા તૈયારી બતાવી અંકલેશ્વર આવ્યા. અંકલેશ્વરના પંચે સંમતિ આપી. વળી આમોદ, સોજીત્રા, વસો, બોચાસણ, રૂદેલ, બોરસદ, કરમસદ, બાકરોળ, વડોદરા આદિ સ્થાને પંચ મેળવી તેમની સંમતિ પણ મેળવઇ એટલે મેવાડાના મોટા ભાગના ગામની સંમતિ મેળવઇ. પછી અમદાવાદ, કલોલ અને ઝહેરમાં જઇ નરસીંહપુરા ભાઇઓના પંચ મેળવાયા. એમાં અમુક કારણસર ભારે રસાકશીવાલાં તડ છે છતાં સંમતિ આપી. કલોલ ગામે તો યુવકોએ તડ ટુટે નહિં ત્યાંસુધી કોઇપણ તડમાં જમવા જવું નહિં એટલો બધો સત્યાગ્રહ ચાલુ કર્યો છે, અને તે ગામે પણ બીજા ગામોની માફક બંનેતડના પંચો એકત્ર મળી ઠરાવ કર્યો છે. નમુના તરીકે એ ઠરાવની નકલ રજુ કરૂં તોએ અસ્થાને નહિં ગણાય-"શ્રી કલોલ દિગંબર જૈન નરસિંહપુરા પંચ સમસ્ત આજરોજ (તા. ૧-૧૧-૩૩) ઠરાવ કરે છે કે ગુજરાતના દિગંબર જૈનોમાં ઐકયતા સ્થાપવા તથા સંગઠન કરવા તથા આર્થિક ધાર્મિક તથા સામાજીક ઉન્નતિ કરવા સારૂ શ્રી ગુજરાત દિગંબર જૈન મંડળ સ્થાપવા તથા પેટા જ્ઞાતિઓમાં રોટી બેટી વ્યવહાર કરવા માટે સુરત મુકામે ગુજરાત દિ० જૈન કોન્ફરન્સ મેળવવા જે પ્રયત્ન થઇ રહ્યો છે, તેને અમો અનુમોદન આપીએ છીએ અને તે વખતે વિચા-

રણા કરવા સારૂ નીચેના પ્રતિનીધીઓની પસંદગી કરી મોકલવા અમે સર્વે સંમત છીએ. (પંચના ઓબ્બાદાર ૨૧ પ્રતિનીધીના નામો આપ્યા છે) ઉપર પ્રમાણે પંચ તરફથી પ્રતિનીધીઓ સર્વાનુમતે પસંદ કરવામાં આવ્યા છે, જાહેર, નરસીંહપુર ગામે તો ખૂબ ઝહેર વરસે છે. મંદીર માટે લડયા, મંદીરમાં મારામારી કરી પૂજા થતી પરસ્પર અટકાવી એવા અધમ કર્તવ્ય ધર્મ-(કે અધર્મ ?) મતમતાંતર સાચવવા કરનાર બે તડો પણ ૨૦ વર્ષ પછી સભામાં તો સાથે બેઠા અને ઉપર મુજબ ઠરાવ કરે છે. આશા છે કે કોન્ફરન્સ મળે તે પહેલાં હજી બાકી રહેલ પોત પોતાના મતમતાંતર છોડી દઇ સાચા જૈન તરીકે તેઓ પોતાને જાહેર કરશે. જો તેમ નહીં કરે તો બન્ને પક્ષને નામોશી છે, એમના જાતિભાઇ કલોલવાસીઓ પર વધુ આધાર છે અને તેઓ છેવટે બન્ને પક્ષને ઠેકાણે આણશેજ.

સંગઠનની આશા. આ ઉપરથી સમજાશે કે ગુજરાતની પાંચ કોમો પૈકી ચાર કોમ રાંયકવાલ, વીશાહુમ્ડ, વીશા મેવાડા અને નરસિંહપુરા ભાઇઓ તો એક મતના થયા છે. હવે દશા હુમડ ભાઇઓ બાકી છે. ને તે માટે પ્રાંતિજ જવાનો પ્રોગ્રામ છે ને તે પછી છડર અને દાહોદ પણ જવાના છિયે ને એક દિવસ મુંબાઈ જવા પણ વિચાર છે. એટલે સુરતમાં પોષ માસમાં સાચા પ્રતિનીધીત્વવાળું સંમેલન (ગુજરાત દિ૦ જૈન કોન્ફરંસ) થશે, એવો પૂર્ણ સંભવ છે. આવી રીતે દરેક પ્રાંત વાર સંમેલન થાય, અમલી ઠરાવ થાય અને એક રૂપ બને તથા શ્વેતાંબર જૈનો સાથેના ઝઘડા પણ માંહોમાંહે પતાવી દઇ બધા જૈનો જૈન ધર્મને વિશ્વ વ્યાપી બનાવવાને સાથે મળી પ્રચાર કાર્ય કરે અને માંહોમાંહે એક્તા સ્થાપિત કરે તોજ જૈન ધર્મની ઉન્નતિ કરી શકાય.

જ્યારે જૈનો પોતાના સમાજના સડા ઉપરના

જૈન સમાજના શ્રીમાનોનું કર્ત્તવ્ય!

(લેઃ-મોહનલાલ મથુરાદાસ શાહ-કંપાલા.)

સમાજને સુરક્ષિત રાખવો, તે શ્રીમાનોનું ખાસ કર્તવ્ય છે. આ વાકય એક સોનેરી વાકય માફક દરેક જણને કબુલ કરવું પડશે.

વર્તમાન કાળમાં જૈન સમાજ એવી અસ્તવ્યસ્ત સ્થિતિમાં મુકાઇ ગયો છે, કે તેને કોઇ નિયત ગતિપર મુકવાની ખાસ જરૂર છે. જૈન સમાજને જમાના અનુસાર સુધારવાની જરૂર છે જે માટે આપણા શ્રીમાનોનું શું કર્ત્તવ્ય છે, તેજ આપણે આ સ્થળે વિચારવાનું છે. એટલે બીજાઓના કર્ત્તવ્યનો વિચાર કરવો છોડી દઇ, આપણે શ્રીમાનોના કર્ત્તવ્ય ઉપરજ વિચાર કરીએ.

જૈન સમાજને સુધારવાના ઉપાયોમાં આપણને નીચે મુજબ ચાર ભાગ પાડવા પડશે.-

શાસ્ત્ર સંગઠન; જ્ઞાતિ સંગઠન, સંસ્થા સંગઠન, અને ભાષા સંગઠન, આ ચાર બાબતોનો વિચાર કરી, તેને સુધારવાની વર્તમાન કાળે જૈન સમાજને જરૂર છે. અને તેનો દ્દઢ અમલ કરવા માટે જૈન સમાજના શ્રીમાનોએ લક્ષ આપવાની જરૂર છે.

હવે આપણા શ્રીમાનો સમાજ ઉન્નતિ કેવી રીતે કરી શકે તે વિચારીએ.

શાસ્ત્ર સંગઠન.—આ બાબત જ્ઞાનની છે, પણ તેને અંગે અનેક બાબતો વિચારવાની હોઇ, તેનો માટે ઘણા સારા પ્રમાણમાં દ્રવ્ય ખરચવાની આવશ્યકતા છે.

અગર બીજા ઉપાયોથી દૂર કરશે, ત્યારે જરૂર જૈનધર્મ મહાત્મા ગાંધી જેવાની સહાયથી વિશ્વ ધર્મ બનનાર છે. અને બોલાશે—"જૈન ધર્મની જય" અહિંસા ધર્મની જય" "સાચા સમાજની જય." તથાસ્તુ.

આપણા હજારો અમુલ્ય ગ્રંથ, ઇડર નાગોર જેવા ભંડારોમાં સડે છે, સેંકડો ગ્રંથો જુની ભાષાઓમાંજ નાશ પામે છે, અનેક ગ્રંથો ભાષાંતરને અભાવે જીજ્ઞાસુના લાભમાં આવી શકતા નથી, અનેક ગ્રંથો ઉત્તેજનના અભાવે લેખકો કે-પ્રકાશકોના કબાટોમાં સડે છે, અને પુણ્યવાન પ્રકાશકો બીજી કૃતિ પ્રસિદ્ધ કરતાં અચકાય છે. જેથી જૈન ગ્રંથોનું પ્રકાશન કાર્ય બંધ પડે છે. આવા ટાઇમે જૈન સમાજના શ્રીમાનોનું કર્તવ્ય છે, કે-તેઓ પોતાનો ઉદાર હાથ જૈન ગ્રંથો છાપવા, છપાવવા, ભાષાંતર કરવા સાચવવા અને ફ્રી પ્રચાર કરવાના કામમાં લંબાવે !

જ્ઞાતિ સંગઠન—એકત્ર બળ થયા સિવાય કોઇ સમાજ ઉન્નતિને રસ્તે જઇ શકતો નથી. એ નીતિ સૂત્રને હૃદયમાં ધારણ કરી, જૈન સમાજના શ્રીમાનો જૈન સમાજ એવા એક નવિન જ્ઞાતિ તંત્રની સ્થાપના કરી, જે જે જૈન હોય તેમને એકત્ર કરી, જ્યાં રોટી વહેવાર ત્યાં બેટી વહેવાર દાખલ કરે, તો જૈન સમાજને ઉન્નત થતાં વાર લાગે નહિ.

એકજ પિતાના સંતાનો-એકજ પ્રભુનાં બાળકો-એકજ દેવની આરાધના કરનારા સેવકો, ખાવા-પીવામાં અને કન્યા લેવા દેવામાં એક બીજાથી અભડાઇ જાય, એ કયા ન્યાય શાસ્ત્રનો સિદ્ધાંત છે ! સ્વાર્થ વશ જૈન સમાજના શ્રીમાનો ઇતર સમાજથી કન્યા લાવનારા શું આ બાબતનો વિચાર નજ કરી શકે ?

જ્ઞાતિઓના સંગઠનમાં જેટલું કામ શ્રીમાનો કરી શકે, તેટલું કોઇપણ વ્યક્તિ કરી શકવાની નથી. શ્રીમાનો દ્રવ્યના બળથી, અનેક ઉપનાતોને પોતાના પક્ષમાં ખેંચી શકે છે, પોતાના સમાજને સમૃદ્ધ કરી શકે છે. જ્ઞાતિની વિધવાઓ અને બેકારોને રસ્તે વળગાડવાના કામમાં પોતાના દ્રવ્યનો ઉપયોગ કરી, જ્ઞાતિને સુધારાને રસ્તે લઇ શકે છે. બારમાની નાતો અને લહેણી વહેંચવી બંધ કરી, તે દ્રવ્યથી જ્ઞાતિની વિધવાઓ અને ગરીબ કુટુંબોનું પોષણ કરી શકે !

હજારો રૂપીઆ નવિન પ્રતિષ્ઠા મહોત્સવ અને મંદિર નિર્માણમાં બંધ કરી, તે દ્રવ્યથી જ્ઞાતિને સુધારાને રસ્તે લાવી શકે !

જ્યાંસુધી શ્રીમાનો પોતાના દ્રવ્યનો ઉપયોગ જ્ઞાતિ હિતાર્થે નહિ કરે, ત્યાંસુધી જ્ઞાતિ સંગઠનની આશા રાખવી અસ્થાને છે.

સંસ્થા સંગઠન— જૈન સમાજની દરેક સંસ્થાઓ, પછી તે કોન્ફરન્સ હોય કે સભા પાઠશાળા હોય કે શાળા કન્યાશાળા હોય કે શ્રવિકા શાળા કે ગ્રામ્યપંચ હોય, જ્ઞાતિ જનરલ પંચ, પણ બધાને એકજ ધુંસરી નીચે સંગઠન કરવાની જરૂર છે, જૈન સમાજના શ્રીમાનો આ કામ ઉપાડી લઇ, પોતાના દ્રવ્યનો ઉપયોગ કરતી વખતે અને સખાવતો કરતી વખતે જરૂર આ બાબત પર વિચાર કરે, તો જૈન સમાજ એક સમૃદ્ધશાળી સમાજ બની શકે.

જૈન સમાજના શ્રીમાનો આ બાબત જરૂર વિચારે.

ભાષા સંગઠનઃ—શ્રી જિનેંદ્રદેવ પ્રાણી માત્રને ઉપદેશ કરવા પોતાની ભાષા અર્ધમાગધી વાપરતા, તેવીજ રીતે ત્યાર પછીના કાળમાં આપણા આચાર્યોએ જૈન સૂત્રો સંસ્કૃત ભાષામાં સંગ્રહિત કર્યાં, તેનું ખરૂં કારણ ભાષા સંગઠનથી જૈન સમાજને એકજ ઝંડા નીચે એકત્ર કરવાનું હતું, એ આપણે ભુલવું જોઇતું નથી. જૈન શ્રીમાનોએ સમાજને એકત્ર કરવાના કામમાં હિંદી ભાષાને પોતાની ખાસ ભાષા બનાવવાની જરૂર છે. રાષ્ટ્રીય મહાસભા હાલ હિંદી રાષ્ટ્ર ભાષા કરવા આંદોલન કરી રહી છે, તેવા ટાઇમે જૈન શ્રીમાનોને હિંદી ભાષાનો પ્રચાર જૈન સમાજને ઘેર ઘેર કરવાની જરૂર છે. ભાષા સંગઠનમાં જૈનશાળા, પાઠશાળા, કોલેજ, હાઇસ્કુલ જેવા સંસ્થાઓ ખોલવાનું પણ ભુલવું જોઇતું નથી.

જૈન સમાજના શ્રીમાનો, પોતાની લક્ષ્મીનો ઉપયોગ, ઉપરનાં કાર્યોમાં કરવા કમર કસે તો હાલજ જૈન સમાજ ઉન્નત થાય.

જ્યાં સુધી જૈન સમાજના શ્રીમાનો સામાજીક સુધારાની સાથે, ધાર્મિક સુધારામાં પણ ભાગ નહિ લે, ત્યાં સુધી જૈન સમાજની ઉન્નતિ ન ભૂતો ન ભવિષ્યતિ માની લેવાની છે.

કહ્યું છે, કેઃ—

કર્તવ્ય છે શ્રીમાનકા, આજે જગત ઉદ્ધારકા,
કર્ત્તવ્ય છે શ્રીમાનકા, આજે ધર્મ સંભાળના;
જ્ઞાતિતણા ઉદ્ધારકા, કર્ત્તવ્ય છે આજે ખરે,
શ્રીમાન જે જૈનો તણા, વાતોજ માહરી સાંભળે.

અંતે હું મારા સર્વે શ્રીમાન બંધુઓને વિનંતી કરૂં છું કેઃ—

પોતાની બધી સખાવતો હવેથી જૈન સમાજની પુનઃરચનાના કામમાં અને જૈન સમાજના ઉદ્ધારના કામમાં કરે!

નવિન મંદિરો અને મોટા રથોત્સવોની હાલ સમાજને જરૂર નથી. સોનાનાં ઉપકરણો અને સોના રૂપાની પ્રતિમાઓની હાલનાં જૈન મંદિરોમાં આવશ્યક્તા નથી, પણ જૈન સમાજની વિધવાઓ અને ગરીબ-બેકાર માણસોને રસ્તે વળગાડવાની જરૂર છે. શાંતિઃ શાંતિઃ

મૂર્તિ.

રાગ ભૈરવી-તાલ ત્રીતાલ.

(લેઃ—અંધકવિઃ કાંતીલાલ વિ. શાહ-મુંબાઇ.)

મમ હૃદયમાં વ્યકતી વસી રહી,
નિહાળું તોયે તે નજરે ન પડતી;
ઘડીમાં હસાવતી ઘડીમાં રમાડતી,
ઘડી પળમાં તે હેત કરતી;
ઘડીમાં મૂર્તિ મુજને રડાવતી-૧.
અદશ્ય વ્યકતી ઝબકારા કરતી,
ઘડી ઘડીમાં તે ચક્કર ફરતી,
મનહર મીઠી વાણી તે કરતી-૨.
મુજમાં વસી રહી જગમાં પ્રસરી રહી,
નામ મોટું તેહનું ધરાવી રહી,
સૌને એ તારૂણી મોહબાણ મારી રહી-૩.

સમાજમાં પંચનું કર્તવ્ય.

લેઃ—શ્રી. છોટાલાલ ઘે. ગાંધી-અંકલેશ્વર.

नमः श्री वर्द्धमानाय निर्धूतकलिलात्मने ।
सालोकानां त्रिलोकानाम् यद्विद्या दर्पणायते ॥

અહીં કર્મ મલરહિત શ્રી મહાવીર સ્વામીને મંગળાચરણમાં નમસ્કાર સૂચવાય છે, પણ એ શ્લોક એવું પણ સૂચવે છે કે (પેટમાં) મેલ રાખ્યા વગરના (વર્દ્ધમાન) પ્રગતિમાન આત્માને નમસ્કાર હો, એની વિદ્યા અલોક સાથે ત્રણ લોકમાં દર્પણની માફક ઝળકે-એ કેવળજ્ઞાની થશે-મોક્ષે જશે. આપણા સમાજના હાલના પંચ પ્રગતિમાન થતા નથી એટલે દરજ્જે મોક્ષે જતાં અટકાય છે. હાલના પંચની સ્થિતિ જોશો તો માલમ પડશે કે ફકત જમણવારની પરવાનગી આપનાર કે કન્યા બાબત અમુક વાંધા જોનાર એ મંડળ છે. પંચ મળ્યું હોય તેમાં ૯૯ માણસની હા હોય ને તે બાબત એક માણસ મોટા ઘાંટાથી વિરોધ કરે તો પંચનું તે કામ ઉડી જાય અને એ રીતે ગમે તેવા સારા કામ એમાં મંજુર થઇ શકતાં નથી. પંચ ત્યાં પરમેશ્વરને બદલે બળીયાના બે ભાગ એ સિદ્ધાંત પંચમાં સાબીત થાય છે. ન્યાયને બદલે આંતરિક વેર કેળવાય છે, અર્થાત્ પંચનું ખરૂં કર્તવ્ય લોપાઇ ગયું છે.

પશુ પક્ષીના સમાજ કુદરતી નિયમોને આધિન થઈ સમય આવે ત્યારે સંસાર ભોગવે છે, કોઇ રાત્રે વિચરે છે તો કોઇ સાંજ પડે કે તરત શાંત માળામાં ભરાય છે કે અમુક સ્થાનકે બેસી જાય છે. મનુષ્ય બુદ્ધિ અને વિદ્યામાં આગળ હોવાથી એક સરખું વર્તન રાખવા, માંહો માંહે રાગદ્વેષ ન વધે તે માટે નિયમ ઘડવા એ વિગેરે શુભ હેતુથી બંધારણ બાંધી તેને ધર્મનું નામ આપી સમાજ રૂપે વર્ત્યા. એ સમાજમાં જર જમીન અને જોરૂ એ ત્રણ તકરાર ઘણે ભાગે આવે એટલે જર અને જમીન માટે

વારસા હકના અનુક્રમ નક્કી થયા અને જોરૂ (સ્ત્રી) માટે પણ નિયમ ઘડાયા કે એક ગોત્રમાં લગ્ન નહીં થાય. ઘણી સ્ત્રી લગભગ ૨૦ થી ૩૦ વર્ષ દરમ્યાનમાં સુવાવડ કે ક્ષય રોગથી મરે છે (જુઓ વસ્તિ પત્રક) એટલે પુરૂષ બીજી સ્ત્રી કરી શકે છે, પણ સ્ત્રી ફરીથી લગન કરી શકતી નથી. અને સ્ત્રી પુરૂષનું જોડું એક વખત વચનથી બંધાયા પછી ઉચ્ચ આશયના સમાજમાં દંપતિ તો કદી છુટા છેડા નહિં કરે અને આનંદ પૂર્વક જીવન ગાળે છે.

પંચનું પ્રથમ કર્તવ્ય તો વસ્તિ ગણત્રીનું છે, વસ્તિની ગણત્રી કરી પોતાની પંચમાં કેટલા કુંઆરા છોકરા પાંચ વરસની અંદરના. ૫ થી ૧૦ અને ૧૦ થી ૧૫-૧૫ થી ૨૦ અને ૨૦ થી ૨૫ તથા ૨૫ થી ૩૫ એમ સંખ્યા કાઢવી જોઇએ. તેમજ છોકરી કેટલી કુંવારી છે તે સંખ્યા કાઢવી જોઇએ. પાંચ વરસ સુધીના છોકરાની સંખ્યા બાદ કરવી જોઇએ કારણ તેટલો આંતરો તો વર કન્યા વચ્ચે હોવોજ જોઇએ. ૫ થી ૨૫ વર્ષની ઉમર સુધીના છોકરાની સંખ્યા જેટલીજ છોકરી હોય તો તો ઠીક નહિં તો અર્થાત્ જો છોકરી કમ હોય તો તો જરૂર પંચે સૌથી પહેલો એક ઠરાવ કરવો જોઇએ કે દશ વર્ષની અંદરની કન્યાનો વિવાહ (સગપણ) કરવું નહિ અને જેટલા છોકરાની સંખ્યા છોકરીની સંખ્યા કરતાં વધે તેટલા છોકરાની સંખ્યા પ્રમાણે વધુ વર્ષનો આંતરો કન્યા વચ્ચે રખાય તોજ પંચમાં આગળ ઉપર ફાયદો થાય. (આવો પ્રસંગ અંકલેશ્વરમાં ૩૦ વર્ષ પર હતો અને સ્વર્ગસ્થ શેઠ માણેકચંદ હીરાચંદે એ ઠરાવ સૂચવ્યો હતો અને તેથી મોટી ઉમરના લાયક છોકરા મંડાયા હતા અને આજે અંકલેશ્વરમાં કન્યાનું પ્રમાણ પણ ઠીક ઠીક મળી આવ્યું છે) ૨૫ કે ૩૦ વર્ષની ઉમરના અવિવાહિત કે વિધુર માણસોને બહારથી કન્યા લાવવા પ્રોત્સાહન આપવું જોઇએ જો તેમ નહિં હોય તો—અને એ સાચા બ્રહ્મચારી ન બને તો-જરૂર ન્યાતમાં સડો પેસે—એની સાથેજ ત્યાગ ધર્મ આગળ વધારવા–સમાજની ઉન્નતિને ખાતર વિધવાઓને આશ્રમમાં મોકલી આપવી એ બહુ જરૂરનું છે. શ્રીમગનબ્હેન, કંકુબ્હેન, લલીતાબ્હેન, પ્રભાવતિબ્હેન આદી નાનપણમાં વિધવા થયેલ બ્હેનોએ આશ્રમ ચલાવ્યાં એઓએ હિન્દુસ્તાનમાં નવ આશ્રમો અને અનેક પાઠશાળાઓ માર્ફત સ્ત્રી ઉન્નતિના પગલાં લીધાં છે, તે મોજુદ છે. અને એવી ઉન્નતિ વગર સમાજ કદિ ઉન્નતિપર આવશે નહીં.

આપણા સમાજમાં સમાન આચરણ અગર ઉદ્યોગ અગર તો સહ આગમન આદિ કારણોને લઇને પેટા સમાજ પડયા ને પેટા સમાજે નિયમો ઘડી પંચ રૂપે વર્તન કર્યું. અર્થાત સમાન આચરણ રાખનાર જન સમુહનું પંચ (બ્રાહ્મણ) એક ઉદ્યોગ પર જીવન નિભાવનારનું પંચ (વૈશ્ય, ક્ષત્રિ, લુહાર, સુથાર આદિ) અગર એક પ્રાંતમાંથી જે સાથે આવ્યા અને અમુક સ્થાને રહયા તે જનસમુહનું *પંચ (મેવાડા) એમ જુદે જુદે કારણે પંચ બંધાયા. રેલ્વેનો જમાનો નહિં એટલે ટુંકા ક્ષેત્રના પંચ બંધાયા. તેવા એક ગામના અનેક પંચનું માહાજન ગણાય. અને તે મહાજન પ્રાચીન કાળમાં તે ગામની આર્થિક સમાજીક ધાર્મિક ને રાજકીય તમામ વ્યવસ્થા જાળવતી. કોઇ માણસ એ પંચ કે મહાજનથી વિરૂદ્ધ ચાલે તેને ગામમાં દીવો દેવતા પાણી આદિની સવળતા મળતી નહીં અને તેથી દરેક મનુષ્યને પરસ્પર પ્રેમ રાખી રહેવુંજ પડતું. આ રેલ્વે અને રાજ્યના કાયદાના જમાનામાં એ મહાજનની સત્તા રહી નહીં. દીવાસળી ઠેર ઠેર મળે અને પાણીનો બહિષ્કાર પણ થઇ શકે નહીં. મહાજનના બંધારણ ટુટયા પંચ તો નામના રહયા, ગામ પંચાયત, મ્યુનીસીપાલીટી કે લોકલ બોર્ડ મહાજનના

ઘણાએ કર્તવ્ય હાથ કર્યાં. એટલે મહાજનને પણ હાલ કંઇ કરવાનું રહેતું નથી. કદાચ કોઇ ગામમાં મહાજન હોય તો તે પણ ફક્ત જમવા જમાડવાના રીત રીવાજ પુરતુંજ હોય છે. રાષ્ટ્રીય ભાવનાના જમાનામાં જમવા જમાડવાની રીતમાં અનેક ટ્રૂટ પડી છે. બ્રાહ્મણો, વૈશ્ય, ક્ષત્રિ આદિ પરસ્પર સાથે બેસી જમવા લાગ્યા છે. અને મોટા શહેરમાં હોટેલે તો જમવાની આભડ છેટની મર્યાદા છેક છોડી છે. ત્યારે હવે મહાજન કે પંચને જમવા જમાડવામાં બહિષ્કાર કરવાની સત્તાનો ઉપયોગ કરતાં ઘણી વખત નીચું જોવું પડે એવા ઠરાવ કરવા પડે છે. અને તે ઠરાવના અમલ પણ લાંબો કાળ નીભતા નથી. ત્યારે મહાજનના બંધારણ તો નહિં ટકે. પણ જો કોઇ યુક્તિથી સમાજ ચલાવવા ઇચ્છે તો પંચના બંધારણ ચાલી શકે એમ છે. કારણ કન્યાની આપ લે પંચના હાથમાં છે. કદાચ કોઇ સ્વતંત્ર થઇ એક પંચનો સખસ બીજા પંચમાં કન્યાની આપ લે વગર બંધારણે કરે તો તેના છોકરાંને કન્યા મળશે કે કેમ તે નિશ્ચિત નથી. અને કન્યાની આપ લે માટે અમુક વાડા કરી મંડળો-પંચો બંધારણ નહિં બાંધે તો તે પંચના ગરીબ છોકરા તો જરૂર અવિવાહિત રહે કારણ કે સામાન્ય રીતે કન્યાના વડીલ હમેશ પૈસાદાર કુટુંબના લાયક છોકરાનેજ પોતાની કન્યા આપવા ઇચ્છે અને સૌ કોઇને સારા રૂપની હોશીઆર કન્યા જોઇએ એટલે કદાચ સામાન્ય કન્યા રખડે. અને પંચના બંધારણ નહિં હોય તેવે પ્રસંગે જાતિ ભેદ જોયા વગર બહાર કન્યા નંખાયજ અને પરિણામે પોતાના પંચના મનુષ્યોની સામાન્ય સ્થિતિ હોય ત્યાં વધારે અવિવાહિત છોકરા રહી જાય. એનો અર્થ એ નથી કે નાની નાની પંચોએ પણ એવાં નાના સમુહ કાયમ રાખી સગપણમાં સગાઇ કરવી? નાના પંચોમાં તો નાના ખાબોચીયાંની માફક કુસંપ ઝઘડા રૂપ એવી દુર્ગંધો છે કે ત્યાં પંચ જેવી વસ્તુ રહી નથી. ત્યારે એકજ ઉપાય છે અને તે ઉપાય એ છે કે એક પ્રાંતમાં (ભાષાવાર) સમાન વર્તનવાળા યા તો સમાન ધર્મવાળા પંચો એકમેક સાથે બંધારણથી જોડાય. એવા જોડાણ માટે સામાન્ય કોન્ફરન્સ મળે અને ઠરાવ કરે તેથી કામ નહિં ચાલે. પ્રથમ તો દરેક પંચે પોતાના બંધારણ તાજા કરવા જોઇએ. અને બંધારણવાળા પંચો પ્રતિનીધિ મોકલે તેવા પ્રતિનીધીઓ મળી તે કોમનું પ્રાંતિક પંચ યા મંડળ બને, તેનું બંધારણ પાકું થાય અને તેની કમીટી નિયમિત કામ કરે.

ત્યારે પ્રથમ તો પંચનું બંધારણ નવેસર થવું જોઇએ. લોકલ બોર્ડ, મ્યુનીસીપાલીટી,-ગામ પંચાયતની મીટીંગોમાં અડધા કરતાં એક વધુમત જે બાબત મંજુર કરે તેનો અમલજ થાય છે, અનેક જાતના સભ્યોની ચુંટણીમાં એક મત વધુ આવે કે તે સભ્ય ચુંટાય છે. ત્યારે પંચોમાં ૯૯ મત એક બાજુ હોવા છતાં એક મત કંઇ કારણે સામો થાય કે તરત પંચ કામ કરતું બંધ થાય, અગર તડ પડે છે. હા, એટલું વિચારવા જેવું છે કે પંચના હાથમાં કંઈ રાજકીય સત્તા નહિં અને તેથી જનસમુહના હૃદયની ભાવનાપર ઠરાવનો અમલ રહ્યો તેથી જે ઠરાવને બહુ કરોકટીની બહુ મતિ મળી હોય તે ઠરાવ અમલમાં નહિં મુકાય. પંચે તો કોઇ સાચી લઘુમતિને પણ માન આપવું પડે છે, અને તેથી પંચોમાં ઠરાવ કરતી વખતે મત ગણત્રી કરવાનો પ્રસંગ નહિં આવે એવી સમજુતી ડાહ્યા પુરૂષ કરે છતાં મત ગણત્રી કરવી પડે તો હાજર સભ્યોના ¾ કે છેવટ ⅔ ભાગનો ટેકો હોય તેવાજ ઠરાવ મંજુર કરવા ઘટે છે. વળી હાલમાં પંચમાં શેઠાઇ માટે તકરાર થાય છે અગર તો કેટલાકને પોતાને વહિવટ કરવાનો ઉમંગ હોય છે, તેથી પણ પંચમાં ફુટ હોય છે, તો સામાન્ય રીતે બંધારણનો ખરડોજ રજુ કરવા યોગ્ય ધારૂં છું.

એ ખરડામાં દરેક ગામ પંચ પોતાને અનુકુળ સુધારા વધારા કરી શકે છે, પણ જો દરેક ગામાત જ્ઞાતિ પંચ આ કે આવા બંધારણુ કબુલ રાખે અને તે ગામાત પંચની વસ્તિના પ્રમાણમાં મોટી પંચ પ્રતિનીધી મળે તે પ્રતિનીધીઓનું મોટું પંચ બને. અને તેવા મોટા પંચ પોતાના પ્રતિનીધી પ્રમાણસર મોકલી આખા પ્રાતનું પંચ કે મંડળ સ્થાપે તો તો એવા મંડળની મર્યાદા નહિં છોડવા દરેક પંચને ફરજ પડે અને વ્યવસ્થિત ચાલે.

કોઇ મોટી વસ્તિનું જ્ઞાતિ પંચ હોય તેને ભલે પ્રાંતપંચ માટે ઉણપ નહિં લાગતી હોય તોએ સંગઠનથી અનેક પ્રકારે ઉન્નતિ સંધાય છે તેથી તેવા મોટા પંચે પણ કંઇ ભોગ આપવો પડે તો તે આપીને પણ એવા સંગઠનમાં જોડાવું જોઇએ. એવા બહોળા સંગઠન રાષ્ટ્રીય ભાવના પ્રેરે છે અને અંતે સદ્‌વર્તન ને આચરણવાળા સંગઠનો એક રાષ્ટ્ર દીપાવશે. આ યુગના સંગઠનોનો—અયોગ્ય નીતિ આચરણવાળા સમાજનો સામનો કરી શકશે અને પોતાના સદ્ વર્તન, આચરણ—ધર્મ ટકાવી શકશે.

પંચનું બંધારણ.

૧—ગામમાં રહેતા દિગંબર જૈન લેણાવાળાઓના અને હવે પછી પંચનો અમુક કર આપી પંચની પરવાનગીથી દાખલ થનાર લેણાવાળાઓના કુંટુંબોનું......ગામનું દિગંબર જૈન પંચ સમસ્ત ગણાશે.

૨—લેણાવાળાના કુંટુંબમાં ૨૧ વર્ષની ઉમર ઉપરાંતનો લેણા દીઠ એક એવા આગેવાનોનું મંડળ એકત્ર મળે તે તે ગામનું દિગંબર જૈન પંચ ગણાશે અને તે પંચ દિ. જૈન પંચ સમસ્તનું પ્રતિનીધી ગણાશે.

૩—પંચે અત્યાર પહેલાં ઠરાવેલ અને હવે પછી ઠરાવે તે ઠરાવો મુજબ સામાજીક ધાર્મિક વર્તન રાખી સમાજની ઉન્નતિ અર્થે બંધારણ પંચ સમસ્ત જાળવશે.

૪—જેટલા લેણાવાળા હોય તેમાં સર્વને વહિવટનો પ્રસંગ મળે એ હેતુથી બે ત્રણ કે પાંચ વર્ષ માટે વિભાગ પાડી સમિતિ સ્થાપવી અને તે સમિતિને પંચ સેવા સમિતિ નામ આપવું. દાખલા તરીકે અંકલેશ્વરમાં ૩૫ લેણા પૈકી ૨૫ લેણાવાળાને ત્યાં ૨૧ ઉપરની ઉમરવાળા છે, તો પાંચ પાંચ માણસની સમીતિ નિયત કરવામાં આવી છે. અને તે પણ એવી રીતે કે ચુંટણીની જરૂર રાખી નથી પણ મકાન હોય તે અનુક્રમે ૧ લા ૬ ઠા, ૧૧મા ૧૬મા ૨૧મા મકાનવાળાનો ટુકડી એક વર્ષ માટે, બીજા વર્ષ માટે, ૨જા, ૭માં, ૧૨માં એમ દરેક છઠા મકાનવાળો દરેકમાં આવે એટલે કોઇને બોલવાનું કારણ રહેતું નથી. અમુક સેવા સમિતિ પૈકી જેના નામની પહેલી ચિઠ્ઠી ઉંચકાય તે સેવા સમિતિ પહેલે વર્ષે કામ કરે અને તેની પછીના સમિતિ બીજે વર્ષે કામ કરે (ભાદરવો મહિનો ધર્મ સાધનનો હોવાથી તે પહેલાંજ સમિતિ પોતાનો હવાલો હિસાબ બીજી સમિતિને સોંપી દે તો ભાદરવામાં સારી રીતે ધર્મ સાધન થઇ શકે તેથી) શ્રાવણ વદ ૧૪ સુધીમાં એવી સેવા સમિતિએ બીજી સેવા સમિતિને હવાલો હિસાબ તથા ચોપડાનો આપી દેવો,

૫—સેવા સમિતિના ⅔ સભ્યો સમિતિમાંથી જેને પસંદ કરે તે સમિતિનો મુખ્ય સેવક ગણાય અને પંચના રાચરાચિલા—હિસાબના ચોપડા આદિ માટે તે જોખમદાર ગણાય. જો ⅔ સભ્યો એક મત નહિં થાય તો સેવા સમિતિ પૈકી કોઇને પંચ મુખ્ય સેવક ચુંટશે.

૬—પંચ સેવા સમિતિનું કર્તવ્ય નીચે પ્રમાણે—

અ પંચ સમસ્તનો હિસાબ સેવા સમિતિ રાખશે અને વર્ષ આખરે સરૈયું કાઢી રજુ કરશે.

આ પંચના ઠરાવ અમલમાં મુકાયલા જોશે અને અમલમાં નહિં મુકાય તો તેના વિરોધના કારણ દર્શાવી પંચ મેળવશે.

ઙ અમુક હદ (ઠરાવવામાં આવે ત્યાં) સુધી ખર્ચ કરે. વધુ માટે પંચની પરવાનગી મેળવી ખર્ચ કરે.

ઈ પંચ સંબંધી કામ માટે સેવા સમિતિ પંચ બોલાવે અગર બીજા કોઇ કંઇ (ઠેરવેલ રકમ) આપી પંચ મેળવાવે તો તે મેળવશે.

ઉ મકાન ભાડા ચિઠ્ઠી કે કોર્ટ કચેરીના પંચ તરફના કામ સેવા સમિતિ કરશે.

ऊ પંચ સમસ્તનું જે કાંઇ કામ હશે તે તેના તરફથી કરશે પણ કોઇનો વ્યવહાર બંધ કરવો કે કોઇનું નોતરૂં કાપવા કે કોઇને સજા કરવાનું કામ પંચને હસ્તક હોવાથી એ કામ સેવા સમિતિ કરી શકશે નહિં પરંતુ પંચ મેળવી નિર્ણય થાય તેનો અમલ સેવા સમિતિ કરશે.

ऋ પ્રત્યેક આ. વ. ૦)) સુધીમાં આખા વર્ષનો હિસાબ તેમજ કામકાજનો હેવાલ પંચ બોલાવી તેમાં રજુ કરે અને મંજુરી મેળવે.

પણ એવું ઠરાવે છે કે જે પંચ સેવા સમિતિના ૨/૩ સભ્યો ઉપર દર્શાવેલ કે બીજા કામોમાં એક મત નહિં થાય તો તેવે પ્રસંગે પંચનો નિર્ણય માંગવો અને તેના નિર્ણય પ્રમાણે કામ કરે. સેવા સમિતિના સભ્યોમાં પંચ સંબંધીના કામકાજમાં મત ભેદ પડતાં જરૂર જણાય તો એક સભ્ય પણ પંચ બોલાવી શકશે. એ સમિતિના સર્વ સભ્યો એક મત થયા હોય તે કામ જરૂર કરે અને તે કામનો વિરોધ ત્રણ માસ પર્યંત પંચનો કોઇપણ સભ્ય કરી શકશે નહિં. ત્રણ માસ વિત્યાબાદ વિરોધી સખસ પંચ બોલાવી નિર્ણય માંગે.

(૭) પંચનું બંધારણ.

(અ) લેણા દીઠ એક એવા (૨૧ વર્ષ ઉપરના) આગેવાનો જેટલા હોય તેના ૨/૩ શખસો હાજર હોય તો પંચ માનવામાં આવે.

(આ) પંચમાં હાજર રહેલ હોય તે શખસો પૈકી ૨/૩ કે વધુ ભાગના શખશો જે બાબત હાથ ધરવા ના કહે તે બાબત પંચમાં લેવી નહીં.

(ઇ) કોઇના વ્યવહાર બંધ કે લેણા નોતરા કાપવાની બાબતમાં હાજર સભ્યોના ૨/૩ કે વધુ ભાગની સંમતિ જોઇએ.

(ઈ) કોઇ બાબતમાં નિર્ણય લાવતાં વિચિત્ર અડચણ આવે તેવે પ્રસંગે એક લવાદ સમિતિ તે કામ પુરતી નીમવી અને તે સમિતિ ૩/૪ થી વધુ મતે કે સર્વાનુમતે નિર્ણય લાવે તે પંચ કબુલ રાખે. જો ૩/૪ સભ્યો એકમત નહિં થાય તો લવાદ સમિતિ ફરીથી ચુંટવામાં આવે.

(ઉ) પંચના ઠરાવ પંચની ચોપડીમાં લખાય અને તે નીચે મુખ્ય સેવક તથા અસલ શેઠ હોય તેની સહી લેવામાં આવે.

(ઊ) પંચમા હાજર રહેલ શખસો પૈકી ૩/૪ થી વધુ ભાગના શખસો એકમત થાય તે ઠરાવ મંજુર ગણાય.

(ઋ) સર્વાનુમતે થયેલા અગર હાજરના ૨/૩ ભાગના સભ્યોના સંમતિથી થયેલ ઠરાવની વિરૂદ્ધમાં તમામ લેણાદારના ૧/૪ ભાગના શખશોની લેખી અરજી આવે તોજ તે ઠરાવ માટે પંચ ફરી વિચાર કરશે નહિં તો એવા ઠરાવ માટે પંચ ફરી વિચાર કરશે નહિં, પણ ઉપરની અરજી ઠરાવ થયા પછી એક મહિનાની અંદર આવવી જોઇએ.

(આ) પંચ તરફના પ્રતિનીધી ઉપરની કોઇ મોટી પંચ કે સંસ્થા માટે તેના નિયમને આધીન રહી મોકલશે.

(એ) મત ગણત્રી કરવામાં અગવડ આવે તો તેવે પ્રસંગે પંચના અસલ શેઠ હોય તેના તે નહીં હોય તો મૂખ્ય સેવકના બે મત ગણાશે.

(૮) પંચનું કર્તવ્ય.

(અ) પંચ સમસ્તના ઉન્નતિના ઉપાય પંચ હાથ ધરશે.

(આ) પંચ સેવા સમિતિએ કરેલ ખર્ચ અને કામોના હેવાલ જોઇ મંજુર કરશે.

(ઇ) આજ દીન પહેલાં થયેલ ઠરાવનું તારણ (જે પાછળથી નોંધવામાં આવે તે) નો અને નવા ઠરાવ થાય તેનો અમલ થતો જોશે અને તેનો ભંગ કરનારને યોગ્ય લાગે તેવી શિક્ષા કરશે.

(ઈ) લેણુદારોની વચ્ચેની કાંઇ તકરારનો નિવેડો કરવા તેમના તરફથી લેખી અરજ આપવામાં આવે ને પંચનો નિર્ણય છેવટ સુધી કબુલ રાખવા લેખી ખાત્રી આપે તો પંચ તેનો નિર્ણય આપવા તે કામ હાથ ધરશે.

(ઉ) પંચ સમસ્તની લેણી પડતી રકમ મેળવવા માટે શક્તિ અને સત્તા હોય તેટલે દરજ્જે ઉપાય લેશે.

(ઊ) પંચ સમસ્તના બંધારણ વિરૂદ્ધ ચાલનારને દંડ કરવા, વ્હેવહાર બહાર કરવા, તેનું લેણું બંધ કરવા સુધીની તમામ સત્તા પંચને છે પરંતુ તેવી બાબતમાં પંચમાં હાજર રહેલ સભ્યા ના ⅔થી વધુ સભ્યોએ સંમતિ આપેલી હોવી જોઇએ.

(ઋ) મોટા પંચ કે એવી સંસ્થાનું કંઇ કામકાજ આવે તે પર નિર્ણય કરશે. અને તે પંચ કે સંસ્થાની સાથે તેમના રીવાજ પ્રમાણે બનતા સુધી ચાલવા પ્રયાશ કરશે. અગર તેમના રીવાજમાં બનતો સુધારો વધારો કરી અંતે સમાન રીવાજ કરવા પ્રયાશ કરશે.

(એ) પંચ સેવા સમિતિ હિસાબના ચોપડા, શીલક, વાસણ, રાચ રચીલાં, ભાડા ચીઠ્ઠી, દસ્તાવેજ આદિનો હવાલો લે ત્યારથી તે જાળવવાની જોખમદારી તેમની છે. તેની યોગ્ય વ્યવસ્થા માંહો માંહે તે કરી લે. છતાં સેવા સમિતિના સભ્યો મતભેદ રાખે અને પંચને તેથી નુકશાન થાય એવું પંચને સમજાશે તો તે વર્ષ દરમ્યાનમાં ગમે ત્યારે તે સમિતિ પાસેથી સર્વ વસ્તુ અને કામનો હવાલો લઇને તેમની પછીની સેવા સમિતિને સોંપશે. તે નવી આવનાર સમિતિ તે વર્ષના બાકીના વધુ સમય માટે કામ કરશે.

(ઐ) આ નિયમાવળીના ઠરાવમાં સુધારો વધારો હવે પછી પંચ કરી શકશે કે આખો નિયમ પણ કાઢી નાંખી શકશે. અગર નવો નિયમ દાખલ કરી શકશે પણ ⅔ થી વધુ મતથી મંજુર થયેલ નિયમ ૭ માસ સુધી કોઇ બદલી શકશે નહિં.

× × ×

(૯) પંચ સમસ્તના અત્યાર સુધીના મંજુર થયેલ ઠરાવો જોઇ તપાસી તે વિષયવાર ગોઠવી સાર રૂપ તારણ તૈયાર કરવું તેને માટે એક સમીતિ (અમુક ગ્રહસ્થોની) નીમવામાં આવે છે અને એ સમિતિએ એ તારણમાં બે ભાગ પાડવા (૧) આગલા હેવાલ રૂપ ઠરાવના (૨) પંચ સમસ્ત માટે નિયમ પાળવાના એમ બે ભાગના ઠરાવોમાંથી નિયમ પાળવા બાબતના ઠરાવો પૈકી જે ઠરાવમાં કાંઇ ફેરફાર કરવા યોગ્ય લાગે તે માટે સમિતિએ પોતાનો અભિપ્રાય પંચમાં રજુ કરવો. અને બાકીના જેમને તેમ ઠરાવ રૂપે કાયમ રાખવા.

(૧૦) ઉપરના પંચના કર્તવ્યમાં અનેક બાબતો ઉમેરી શકાય છે પણ દરેક પંચ પોતપોતાને અનુકુળ આવે અને બીજા પંચ સાથે જેમ બને તેમ એક વિચારના થવા ઉદાર દીલથી નિયમો ઘડે તોજ આખા સમાજની ઉન્નતિ થશે. સ્વાર્થથી એક બાજુ ખેંચવામાં કોઇનું ભલું થતું નથી. યજ્ઞમાં જે આહુતી આપે છે તેનેજ પુણ્ય પ્રતાપે આગળ ફાયદો થાય છે માટે પંચના કર્તવ્ય ઉદાર દીલે હાથ ધરવા સર્વને વિનંતિ છે.

———

कैसे हित होवे री समाज ?

सबका हितकारी जो अपार ।
सब श्रेष्ठ रूप संस्कृति भंडार ॥
नद ज्ञान अतुल जिसका न पार ।
क्या रहा बंधुओ पास आज ?
कैसे हित होवे री समाज ?

सुखको जो करती छिन्न भिन्न ।
सबको जो करती भिन्न भिन्न ॥
रहते जिससे सब खिन्न खिन्न ।
क्या किया फूटका कुछ इलाज ?
कैसे हित होवे री समाज ?

सुख संपतिका है जो भण्डार ।
सब कार्य सिद्धिका एक द्वार ॥
मन प्रमुदितताका पुष्पहार ।
क्या दिया निमन्त्रण ऐक्य राज ?
कैसे हित होवे री समाज ?

संतत विलासिताके प्रभाव ।
कम वयमें बच्चोंका विवाह ॥
परिणाम दुखद वह वृद्ध ब्याह ।
क्या किया जरा इनपर लिहाज ?
कैसे हित होवे री समाज ?

शिल्पादि कलाओंसे विहीन ।
भोजन कपड़ों बिन रहें दीन ॥
होतीं जातीं पर धर्म लीन ।
क्या दिया ध्यान विधवा समाज ?
कैसे हित होवे री समाज ?

उत्कृष्ट अधम सबको समान ।
भव उदधि तारवे नौ महान् ॥
थी अबतक जिसकी महा शान ।
क्या उस वृषवरकी रखी लाज ?
कैसे हित होवे री समाज ?

जात्युन्नतिताका एक हेतु ।
गुणगरिमा सागर-अतुल सेतु ॥
प्रसरित दिगन्त जिन धर्मकेतु ।
साहित्य नष्टसम हुआ आज ?
कैसे हित होवे री समाज ?

जनतार्थ प्राणदान-प्रवीण ।
सद्धर्म धुरंधरता धुरीण ॥
विद्याव्यसनी नहिं कलाक्षीण ।
क्या दिखते एवं युवक आज ?
कैसे हित होवे री समाज ?

रचयिता:-'विद्यार्थी,' राजकुमार जैन, स्या. म. वि. काशी ।

दिगंबर जैनका समाज अंक।

दि–लमें कुछ सोचा न पहिले, अब रहा हूं हाथ मल।
ग–गमें खाता हूं गोते, किस तरह जाऊँ निकल॥
ब–न करके जबतक वीर वह, मुझको नहीं अपनायगा।
र–खकर शरणमें पार, दुःखोंसे मुझे न हटायगा॥

× × ×

जै–जय प्रभो जय जय प्रभो, करता रहूंगा नाथ मैं।
न–हिं पार जबतक होऊँगा, तबतक न छोडूं साथ मैं॥
का–मोंको दे करके तिलांजलि, अब तो भगवन् तारिये।
स–ब दुःखसे मुझको छुड़ा, अब नाथ इधर निहारिये॥

× × ×

मा–या तुम्हारी का प्रभो, पाता न कोई पार है।
ज–ब कोई भी आता शरण, तब होत बेड़ा पार है॥
अं–तिम है मेरी प्रार्थना, भगवन् दया कर दीजिये।
क–हता "हरिश्चंद्र" जोड़कर, अब तो शरणमें लीजिये॥

× × ×

अ–पनाइये इस अङ्कको, जिन प्रेमियो क्या ध्यान है।
प–ढ़िये इसे चितको लगा, तब ही तुम्हारा मान है॥
ना–म इसका है दिगंबर और अंक समाज है।
ओ–प्रेमियो लो देख लो, सौभाग्य आया आज है॥

हरिश्चन्द्र जैन-सासनी (अलीगढ़)।

दिगंबर जैन — का समाज अंक

"जैनविजय" प्रिन्टिंग प्रेस, खपाटिया चकला–सूरतमें मूलचंद किसनदास कापड़ियाने मुद्रित किया
और "दिगम्बर जैन" ऑफिस, चन्दावाड़ी–सूरतसे उन्होंने ही प्रकट किया।

ગુજરાત દિગંબર જૈન પ્રાન્તિક સભાનું માસિકપત્ર—

— संपादक अने प्रकाशक —

मूलचन्द किसनदास कापडिया—सूरत.

वर्ष २७	वीर संवत २४६० पौष—माघ.	अंक ३—४

विषय सूची.

उपहारोंके पोस्टेज सहित वार्षिक मूल्य २।) व समाजअंक मू० ।।।)

पावागढ़ क्षेत्र—का वार्षिक मेला माघ सुदी १३–१४ को होगा। सुदी १३ को प्रबन्धकारणीकी मीटिंग भी होगी।

सूर्यप्रकाश परीक्षा—प्रकट होगई है। पृ० १७९ हैं। दो आने पोस्टेज भेजकर तुर्त ही मुफ्त मगा लीजिये। जौंहरीमल शर्राफ बडादरीबा-देहली।

श्री भारत० दि० जैन युवक संघ—की स्थापना इटारसी परिषदमें हुई है। संघकी ओरसे जैन युवक ट्रेक्टमाला भी प्रतिमाह प्रकट होगी। मंत्री बा० चंद्रसेन जैन वैद्य–इटावा हैं।

जीवदया सभा आगरा—का वार्षिक अधिवेशन ता० २७–२८ जनवरीको पेंडतमें होगा। पेंडत शिकोहाबाद स्टेशनसे १८ मीलपर है। मोटर जाती है।

थूबौनजी—का मेला माघ सुदी १० से फा० व० १० तक होगा। साथमें बुन्देलखंड प्रांतिक सभा और परवार सभा भी शायद हो।

जैन महिला आश्रम देहली—की संचालिका पं० रामदेवीबाई इटारसी परिषदमें पधारी थीं। वहां आपको आश्रमके लिये ७११) की सहायता मिली थी।

मुलतान—से पं० अजितकुमारजी शास्त्री आदि २९-३० भाइयोंका यात्रा संघ निकला है। यह संघ लाहौर, अमृतसर, सहारनपुर, देहली, मथुरा, आगरा होकर आगे बढ़ा है। सब स्थानोंपर शास्त्र सभा व व्याख्यानसभा होती हैं।

श्री गिरनारजी—पर सहसाम्रवनमें दोनों डेरियोंमें पूजन करनेका व धर्मशालामें ठहरनेका अपनेको कायमका हक मिल गया तथा प्रथम टोंककी अपनी धर्मशालामें दिवाल बनानेका भी हुक्म हो गया है। पांच वर्षोंसे ये दोनों केस चलते थे उनमें दिगम्बरोंकी ही जीत हुई है।

डॉ० लक्ष्मीचंद्रजी जैन प्रोफेसरको—भारतीय बेंक सम्बन्धी खोजके कारण लंडन यूनीवर्सिटीसे डी० एस० सी० की उपाधि मिली है।

शोक—आगराके प्रतिष्ठित अगुए सेठ पदमचंदजीका स्वर्गवास होगया! आप बड़े दानी थे।

मूडबिद्रि—में वीर वाणी विलास जैन सिद्धांत भवनका उद्घाटन सेठ रावजी सखाराम दोशी सोलापुरके हस्तसे गत मासमें होगया। उस समय सेठ रावजीभाईको मानपत्र व पं० लोकनाथजी शास्त्रीको "सरस्वती भूषण"की पदवी दीगई तथा भवनकी इमारतका अधूरा काम पूरा करनेके लिये २१००) चंदा हुआ उसमें १००१) सेठ रावजीभाईने व ५०१) शेठ वीरचंद कोदरजी फलटनने दिये हैं। यहांके "महाधवल" ग्रन्थकी प्रतिलिपि बाहर देनेके लिये भट्टारकजी व सज्जनोंसे सम्मति सेठ रावजीभाईके अनुरोधसे मिल गई है।

गुजरात-से ऋषभ ब्र०आश्रम चौरासी (मथुरा) को पं० मनोहरलालजी शास्त्री प्रचारकके प्रयत्नसे ४०९।।।) की सहायता मिली है।

झूठा आक्षेप-श्वेतांबर जैन पत्रोंमें प्रकट हुआ है कि केशरियाजीकी चढ़ी हुई केशर बेचनेमें दि० जैन मेम्बरोंने भी सम्मति दी है। यह आक्षेप बिलकुल असत्य व निंद्य है। अभीतक कमेटीमें इस विषयमें कोई बात तय नहीं हुई है। श्वेतांबर लोग चाहे जैसे गपगोले केशरियाजीके विषयमें फेंका ही करते हैं।

परतापगढ—में संघपति सेठ घासीलाल पूनमचंदजीकी ओरसे पंचकल्याणक प्रतिष्ठा फाल्गुन सुदी १ से १२ तक होगी। उस समय यहां दोनों आचार्य संघ भी पधारेंगे।

मुनि श्री जयसागरजी—हैदराबाद स्टेटमें बेरोकटोक विहार कर रहे हैं।

सुरतमां मळेली गुजरात दिगम्बर जैन परिषद् समये लेवायलो ग्रूप फोटो ता० १-१-३४.

शेठ ताराचंदजी झवेरी प्रमुख. शेठ छगनलाल संघ्या स्वागत प्रमुख, शेठ छोटालाल गांधी स्वा. उपप्रमुख, श्री० मूलचंदजी कापडिया मंत्री वगेरे.

ગુજરાત દિગંબર જૈન પ્રાન્તિક સભાનું મુખ્ય માસિકપત્ર

वर्ष २७ वां
अंक
१-४

वीरसं०२४६०
पौष-माघ
सं०१९९०.

प्रासंगिकैः सामयिकैः सुवृत्तैर्लेखैर्विनोदैः कविता-कलाभिः ।
सद्धर्मसाहित्यसमाजवृद्धयै "दिगम्बरो जैन" उदेत्यपूर्वः ॥

सम्पादकीय वक्तव्य ।

देवगढमें मेला । जैसे जैनबिद्री मूडबिद्रीमें हमारे अनेक प्राचीन जैन स्मारक, मूर्ति व शिलालेख हैं इसी प्रकार या इससे भी अधिक महत्वशाली शिलालेख, मूर्तियां व दि० जैन स्मारक देवगढ़ पहाड़पर हैं जो सरकारके कब्जेसे आज हमारे कब्जेमें आ गया है। यह स्थान ललितपुर (झांसी)के पास जाखलौन स्टेशनसे ७ मीलपर एक छोटे पहाड़पर है जो अतीव मनोज्ञ व दर्शन करने योग्य है। ललितपुरके भाइयोंके प्रयत्नसे इस क्षेत्रका उद्धार होरहा है तथा इसकी विशेष उन्नतिके लिये यहां बड़ा भारी मेला ता० १-२-३ फर्वरीको होनेवाला है। जिसमें मेलेके साथ२ अनेक कार्य होनेवाले हैं। अतः इस मेलेमें देवगढ़ अवश्य२ जाकर यात्राका, सभाओंका व आसपासकी यात्राओंका लाभ लेना चाहिये।

* * *

तीर्थक्षेत्र कमेटीका अधिवेशन । २९-३० वर्ष पहिले हमारे तीर्थोंकी अस्त-व्यस्त व्यवस्था सुधारनेके लिये स्वर्गीय दानवीर सेठ माणिकचन्दजी आदिके प्रयत्नसे बम्बईमें **भारत० दि० जैन तीर्थक्षेत्र कमेटी** स्थापित हुई थी, जो आजतक अपना कार्य बराबर कर रही है। व इसने हमारे अनेक तीर्थोंकी सुव्यवस्था की है। तथा अन्योंकी रुकावटोंसे अनेक क्षेत्रोंकी रक्षा हरएक प्रकारसे कैसी की है व कर रही है सो दिगम्बर जैन समाजसे छिपा नहीं है। इसी तीर्थक्षेत्र व कमेटीका अंतिम अधिवेशन श्री गोम्मटस्वामी मस्तकाभिषेकके मेलेपर करीब ८ वर्षपर हुआ था उसके बाद कोई अधिवेशन नहीं हुआ था। अतः देवगढ़के मेलेकी प्रबंध कमेटीने इसके लिये आमंत्रण दिया था जो स्वीकार हो जानेसे तीर्थक्षेत्र कमेटीका अधिवेशन अपूर्व समारोहके साथ ता० १-२-३ फर्वरीको देवगढ़में होगा। तथा इसके सभापतिपदके लिये भी श्री विद्यावारिधि बैरिस्टर चम्पतरायजी साहब नियुक्त होगये हैं तथा इस मौकेपर वहांपर पं० अजितप्रसादजी, सर सेठ हुकुमचंदजी आदि अनेक तीर्थभक्त श्रीमान व विद्वान पधारेंगे। अतः तीर्थक्षेत्र कमेटीके इस अधिवेशनके लिये भी देवगढ अवश्य पधारिये।

* * *

महिला परिषद् । करीब २९ वर्ष पहले श्री सम्मेदशिखरजीमें प्रतिष्ठाके समय स्व० जैन महिलारत्न श्रीमती मगनबहिन, कंकूबहिन व ललिताबहिनके प्रयत्नसे भारतवर्षीय दि०जैन महिलापरिषदकी स्थापना हुई थी जो आजतक अपना कार्य सुचारु रीतिसे चला रही है तथा इसकी तरफसे "जैन महिला-

दर्श " मासिक १२ वर्षसे सूरतसे पं० चंदाबाई-जीके संपादकत्वमें स्त्रियोंके ही लेखोंसे विभूषित उत्तमतया प्रगट होरहा है, इसी महिला परिषदका अधिवेशन भी आमंत्रण मिलनेसे देवगढ़के मेलेमें होगा। इसकी सभानेत्रीके लिये श्रीमती शांतिबाई पुत्रवधू श्री० श्रीमंत सेठ पूरनसाहजी सिवनी नियुक्त हुई हैं। अतः महिला परिषदका यह अधिवेशन भी शानदार होगा। अतः देवगढके मेलेमें महिलायें भी अवश्य२ पधारें।

* * *

देवगढ़ मेलेके अनेक लाभ। देवगढ़के मेलेमें और भी अनेक सभा व कन्या-पाठशालाओंके अधिवेशन होंगे। तथा मेलेके बाद इसके आसपासके ८-१० सिद्धक्षेत्र व अतिशयक्षेत्रोंकी यात्राका लाभ भी मिल सकेगा। इसलिये एक पंथ व अनेक कार्य करनेके लिये देवगढ़के मेलेमें अवश्य२ पधारिये। इस क्षेत्रका इतिहास व इसके स्मारकके अनेक चित्र हम 'दिगम्बर जैन' के २१ वें वर्षके विशेषांकमें प्रगट कर चुके हैं उसको निकाल कर एकवार फिर पढ़ जाइये, तो पाठकोंको देवगढ जैसे प्राचीन क्षेत्रकी महत्वता प्रगट होजायगी व देवगढ जानेका मन अवश्य होजायगा। आशा है कि इस निवेदन पर हमारे पाठक अवश्य ध्यान देंगे।

* * *

સુરતની પરિષદ. "સમાજ અંક" માં જણાવવા પ્રમાણે સુરતમાં ગુજરાત દિ. જૈન પરિષદ અત્યંત ઉત્સાહ અને અપૂર્વ સફળતા પૂર્વક મળી હતી જેનો વિગતવાર હેવાલ આ અંકમાં પાને ૧૪૯ થી ૧૬૨ સુધી આપેલો છે જે વાંચવાથી વાંચકોને જણાશે કે સુરતમાં આ પરિષદ મળવાથી ગુજરાતના દિગંબર જૈનોમાં એક નવુંજ ચેતન આવ્યું છે. સુરતમાં કંઇ મેળો, પ્રતિષ્ઠા, સભા, રથયાત્રા કે કંઇ બીજો પ્રસંગ નહોતો છતાં પણ સુરતમાં આખા ગુજરાતના દિગંબર જૈનો તરફથી પ્રતિનિધિ રૂપે આશરે ૩૦૦ ભાઇઓએ આવી પરિષદનો ઉત્તમ રીતે લાભ લઇ ગુજરાતમાં એક આવી સ્થાયી સંસ્થાની જરૂર છે એમ સાબીતી કરી આપી છે અને તે સાથેજ અત્રે ગુજરાત દિગંબર જૈન પ્રાંતિક સભાની સ્થાપના પણ થઇ ચુકી છે એ જાણી ગુજરાત તો શું પણ આખા હિંદુસ્તાનના જૈનો હર્ષના ઉદ્‌ગારો કાઢી રહ્યા છે.

× × ×

પરિષદના પ્રમુખો. સુરતમાં ભરાયલી પરિષદની સ્વાગત કમેટીના પ્રમુખ **શેઠ છગનલાલ ઉત્તમચંદ સરૈયાનું** તેમજ પરિષદના સુયોગ્ય પ્રમુખ શ્રીમાન શેઠ **તારાચંદ નવલચંદ ઝવેરી** મુંબઇના પ્રમુખ તરીકેનાં સચિત્ર ભાષણો પણ આ અંક સાથે વેંચવામાં આવ્યાં છે તે દરેક વાંચકને આદ્યંત સુધી વાંચી જવાને તથા તે ઉપર ગંભીરપણે વિચાર કરવાને દરેક વાંચકને ભલામણ કરીએ છીએ. આ બંને પ્રમુખોના ભાષણોના વિચારો પ્રમાણેનું કાર્ય જો ગુજરાતના દિ. જૈનોમાં થાય તો ગુજરાતમાં ઐક્ય ને ઉન્નતિ થતાં વાર લાગવાની નથી એ નિઃશંસય છે પણ એ માટે વાતો કરીને બેસી રહી શકાશે નહિ પણ તન મન ધનથી એ માટે પ્રયત્ન કરીશું ત્યારેજ એ કાર્ય થઇ શકશે.

× × ×

પરિષદના ઠરાવો. સુરતની પરિષદે ઘણા ઠરાવો કર્યા છે તેનો અમલ કરવાને આ અંકમાંજ "પંચોને નમ્ર વિનંતિ" નામે લેખ લખાયલો છે જે અક્ષરશઃ વાંચી જવા તથા તે પ્રમાણે કામગીરી કરવાને પણ ગુજરાતની દરેક દિ. જૈન પંચને આગ્રહ પૂર્વક ભલામણ કરીએ છીએ. બધા ઠરાવોમાં માત્ર **જ્ઞાતિ ઝગડા** નિવારણ કમેટી, લગ્ન ને વિવાહની હદ, પંચનું વ્યવસ્થિત બંધારણ, **પેટા જ્ઞાતિઓમાં પરસ્પર કન્યા આપ લે કરવાના દ્વાર** ખુલ્લાં મુકવાના ઠરાવોનો જો પુરેપુરો અમલ થાય

તો ગુજરાતમાં ઐકય, સંગઠન ને ઉન્નતિ થતાં વાર લાગશે નહિ પણ એ માટે દરેક જ્ઞાતિએ ઉદારતા બતાવવી પડશે ને ખંત રાખીને નિષ્પક્ષપણે કાર્ય કરવું પડશે જે માટેનો સમય હવે આવી પુગ્યો છે તો દરેક નાની મોટી પંચોએ પોતાની પંચ મેળવી સુરત પરિષદના ઠરાવો પર વિચાર કરી પોતાનો નિર્ણય દિગંબર જૈનમાં પ્રગટ કરવો જોઇયે. અમારી ધારણા પ્રમાણે ગુજરાતની દરેક પંચોમાંથી ચુંટાઇનેજ પ્રતિનિધિયો સુરત પરિષદમાં આવ્યા હતા ને તેમણેજ વિચાર પૂર્વક જે ઠરાવો કર્યા છે તે દરેક પંચને પસંદ તો પડશેજ, પણ તેનો અમલ ચાલુ કરવાનો માર્ગ હવે ખુલ્લો કરવાની જરૂર દરેક પંચની છે ને તે દરેક પંચે મળી એ માર્ગ ખુલ્લો કરી દેવો જોઇએ કે જેથી ગુજરાતની બધી પેટા જ્ઞાતિઓનું સંગઠન થઇ શકે.

× × ×

ગુજરાત દિ. જૈન પ્રાંતિક સભાની સ્થાપના.

સુરતની પરિષદે ગુજરાત દિ. જૈન પ્રાંતિક સભાની સ્થાપના કરી તેની નિયમાવળી પણ તૈયાર કરી દીધી છે. તેમજ એની મેનેજીંગ કમેટી પણ નીમાઇ છે. ને આ સભાનું બંધારણ ને નીયમો પણ આ અંક સાથે પ્રગટ કારવામાં આવ્યા છે, તે પુરેપુરા વાંચી જવાથી સભાનો ઉદ્દેશ ને બંધારણ બરાબર રીતે સમજવામાં આવશે અને તે પછી આ સભાના વંશ પરંપરાના, જીંદગી પર્યંતના કે ચાલુ સભાસદ થવા ગુજરાતના દરેક દિગંબર જૈન ભાઇને ભલામણ કરીએ છિયે કે જેથી આ સભાનું કામ સુચારૂ રૂપે ચાલુ રહી શકે.

× × ×

“દિગંબર જૈન” વિનામૂલ્ય

ગુજરાત દિ૦ જૈન પ્રાંતિક સભા તરફથી એક માસિક પત્ર કાઢવાની વાત પણ એજ નિયમોમાં છે તેથી તેનો પણ જલ્દી અમલ થાય એ હેતુથી પ્રમુખ શેઠ તારાચંદભાઇ, છોટાલાલભાઇ ગાંધી, શેઠ ઠાકોરદાસ ભગવાનદાસ ઝવેરી વગેરેની સુચનાથીજ આ અંકથીજ આ “દિગંબર જૈન” પત્રને હાલ તુરત ગુજરાત પ્રાંતિક દિ૦ જૈન સભાનું મુખપત્ર બનાવવામાં આવે છે અને એમાં હવે ગુજરાતી ભાષાના લેખો વધુજ આવશે તેમજ દીવાળી પછી એને બિલ્કુલ ગુજરાતી ભાષામાંજ પ્રકટ કરવાનો પ્રયત્ન કરવામાં આવશે. “દિગંબર જૈન” ૨૬ વર્ષ અગાઉ અમદાવાદની શેઠ પ્રે૦ મો૦ દિ૦ જૈન બોર્ડિંગ તરફથી ચાલુ કરવામાં આવ્યું હતું જે આજે પાછું ગુજરાત દિ. જૈન પ્રાંતિક સભાના મુખપત્ર રૂપે પ્રકટ થાય છે, એ જાણી દરેક ગુજરાતના ભાઇને આનંદ થશેજ. તથા આ પત્ર હવે સભાના સભાસદને વિના મૂલ્યે મળનાર છે એટલે રૂ૦ ૫૦૧), ૧૦૧), ૫) કે ૨) વાળા સભાસદને દિગંબર જૈન પત્ર મફત મળશે. (માત્ર પ્રતિષ્ઠિત સભાસદ પાસેજ અડધું મૂલ્ય માત્ર રૂ।. ૧। લેવાશે) આથી હવે ગુજરાતમાં “દિગંબર જૈન” ની ગ્રાહક સંખ્યા ગ્રાહક રૂપે કે સભાસદ રૂપે મોટી સંખ્યામાં થવાની જરૂર છે કે જેથી પૃષ્ટ સંખ્યા પણ વધારી શકાય. હવે ‘દિગંબર જૈન’ માં ગુજરાત સંબંધી લેખો તથા સમાચારોને વિશેષ સ્થાન મળશે માટે જ્ઞાતિ, ધર્મ તથા સમાજ હિત સબંધી લેખો તેમજ વખતો વખત બનતા સમાચારો સમય પર મોકલવાને દરેકને આગ્રહ કરીએ છિયે.

× × ×

પંચનું બંધારણ ને વસ્તિ પત્રક.

દરેક પંચનું વ્યવસ્થિત બંધારણ કરવાને તેમજ દરેક સ્થાનનું વસ્તિપત્રક તૈયાર કરવા માટેનો ખરડો ને ફારમ પણ આ અંકને છેડે જોડવામાં આવ્યા છે જેથી હવે દરેક પંચે પોતાનું બંધારણ વ્યવસ્થિત કરવા માટે એકઠા મળી વિચાર કરવો જોઇએ કે જેથી અવ્યવસ્થિત મળતી પંચો સમયપર મળી શકે, હિસાબો પણ બહાર પડી શકે તથા પંચના ઝગડાઓ પણ પતાવી શકાશે.

इटारसीमें भारत० दि० जैन परिषद्।

भा० दि० जैन परिषदका दशवां अधिवेशन इटारसीमें ता० २९-३० दिसम्बरको अतीव समारोहके साथ हुआ था जिसके लिये महिनोंसे बड़ी२ तैयारियां कीगई थीं। स्वागत समापति पं० मूलचंदजी तिवारी थे व मंत्री पं० सुंदरलालजी जैन वैद्यरत्न थे।

ता० २७-२८ को मनरंग कृत चौवीस जिन पूजनपाठ हुआ था। दोनों दिन शास्त्रसभा भी हुई थी। ता० २८ की दुपहरको सभापति बेरिस्टर बा० जमनाप्रसादजी सबजज आदि पधारे थे। अपूर्व स्वागत हुआ था। रात्रिको बा० उग्रसेनजी वकीलके सभापतित्वमें आम सभा हुई थी जिसमें पं० तुलसीरामजीने अहिंसातत्वपर कहा फिर बा० रतनलालजी वकील मंत्री परिषदने जैन धर्मकी प्राचीनतापर कहाथा, पं० रामदेवी व विद्यावतीदेवी नागपुरने स्त्रीशिक्षा व स्त्रियोंपर होते हुए अत्याचारोंपर हृदयभेदक वर्णन किया। यहां सभामें स्त्रियोंके आगे चिकें लगाई गई थीं। सभापतिजीने जोशभरे शब्दोंमें कहा कि यदि स्त्रियां चाहती हों तो वे स्वयं चिकोंको हटा सकती हैं। तुर्त ही स्त्रियोंने चिकें हटा दीं। सभामें अपूर्व जोश फैला। फिर स्त्रीशिक्षापर बा० नानकचन्दजी एडवोकेट, पं० तुलसीरामजी, बा० कुलवंतराय आदिके भाषण हुए थे। अंतमें चन्द्रसेनजीके उत्तेजक भजन हुए थे।

ता० २९की सुबह बेरिष्टर चम्पतरायजी सा० बम्बईसे पधारे। १००० भाई लेने गये थे। आज सनावद, खंडवा, हरदा, धरणगांव, होशंगाबाद, बासोदा, बीना, सागर, दमोह, नरसिंहपुर, गोटेगांव, कटनी, जबलपुर, भोपाल, भेलसा, मह्व, सिहोर, दिल्ही, अजमेर, आगरा, इटावा, कानपुर, रोहतक, फिरोजपुर, नागपुर, अमरावती, वर्धा आदि शहरोंसे अनेक पंडित व श्रीमान् आपहुंचे थे। पंडितोंमें पं० क्षेमंकरजी, पं० कमलकुमारजी, पं० बंशीधरजी (बीना), पं० जगमोहनलालजी, पं० विद्याकुमारजी, पं० गोविंदरायजी, पं० बाबूरामजी, पं० अभयकुमारजी, पं० आनंदीलालजी, पं० तुलसीरामजी, पं० लोकमणिजी, पं० वसंतलालजी आदि थे व श्रीमानोंमें सिंघई पन्नालालजी, बा० कस्तूरचन्दजी, बा० कन्छेदीलालजी, सिं० कपूरचंदजी, बा० अमोलकचन्दजी, सेठ मोतीलालजी आदि थे। श्री० ब्र० सीतलप्रसादजी भी उपस्थित थे। मंडप १५०० आदमियोंके योग्य बना था जो खचाखच भर गया था। स्त्रियोंके स्थानपर आज परदा नहीं था। करीब १२। बजे परिषदका कार्य आरम्भ हुआ था। मंगलाचरण व गानके बाद स्वागत चेयरमेन तिवारीजीका व्याख्यान हुआ।

फिर सभापतिजीका चुनाव हुआ जिसमें बेरिष्टर चम्पतरायजी साहब, उग्रसेनजी, कस्तूरचन्दजी आदिके खास व्याख्यान हुए थे। फिर बेरिष्टर जमनाप्रसादजीका जोशभरा व्याख्यान हुआ था। जिसमें आपने उन्नतिकी घुड़दौड़, जैन कालेज, जैन बोर्डिंगोंमें ऐक्यकी आवश्यकता, जैन साहित्यका प्रकाशन, जैन कलाभवनकी आवश्यकता, विदेशमें धर्म प्रचार, दिगम्बर मुनि, अंतर्जातीय बिवाह, बाल-वृद्धविवाह व कन्याविक्रय निषेध आदि विषयोंपर उत्तम प्रकाश डाला था। इसके बाद सहानुभूतिके आये हुए तार व पत्र महामंत्रीजीने सुनाये थे। जिनमें सर सेठ हुकमचन्दजी, सेठ हरनारायणजी, पं० चन्दाबाईजी; पं० अजितप्रसादजी, पं० माणिकचंदजी न्यायाचार्य, पं० दीपचंदजी वर्णी, विनोदीराम बालचंद आदिके तार मुख्य थे। फिर श्री० पं० हीरालालजी अमरावतीने जैन साहित्य प्रचारपर व्याख्यान देकर अपभ्रंश भाषाके जैन ग्रन्थोंकी उपयोगिता व उसके प्रचारकी आवश्यकता बताई। फिर रिपोर्ट आदि होकर

९ बजे प्रथम बैठक समाप्त हुई थी। रात्रिको ७से दो बजे तक सब्जेक्ट कमेटी शांतिपूर्वक हुई थी।

ता० ३०को परिषदकी दूसरी बैठक हुई थी। उसके पहिले सुबह ही एक जलसा हुआ जिसमें सेठ लक्ष्मीचन्द भेलसा जिन्होंने ११०००) जैन साहित्य प्रचारके लिये दान कर दिये हैं उनको "श्रीमंतसेठ"की पदवी दी गई। उस समय पं० तुलसीरामजी, पं० जगनमोहनजी, बा० चेतनदासजी आदिके व्याख्यान हुये, उनमें सबने आजकल नवीन २ प्रतिष्ठाओंकी आवश्यक्ता नहीं है परन्तु प्राचीन जैन साहित्यकी प्रतिष्ठाकी आवश्यक्ता है यह सिद्ध किया था। एक और सभा हुई थी जिसमें जैन महिलाश्रम देहलीके लिये ७००) की सहायता मिली, जिसमें ५०१) सेठ लक्ष्मीचंदजी भेलसाने प्रदान किये थे।

दूसरी बैठक १॥ बजेसे ५ बजे तक हुई थी जिसमें निम्नलिखित प्रस्ताव पास हुए थे—

१-सिं० गोकुलचंदजी वकील, पं० अर्हदासजी, कवि न्यामतसिंहजी, बाबू नवलकिशोरजी, सेठ पदमचन्दजी आदिकी मृत्युपर शोक।

२-गोपालदास चवरे कांजाने २५०००) व सेठ लक्ष्मीचन्दजी भेलसाने ११०००) जैन साहित्य प्रचारके लिये दिये हैं उनको धन्यवाद।

३-सतनामें रीवा राज्यमें विमानोत्सव पर जो शर्तें हैं वे हटा ली जावें।

४-अंतर्जातीय विवाहकी तरक्की करनेके लिये विवाह संयोजक कमेटी नियत की जावे जिसके मंत्री बा० चन्द्रसेनजी जैन वैद्य इटावा रहें।

५-जर्मन सरकार व लंडन रॉयल सोसायटीको जीवदयाके कार्यके लिये धन्यवाद।

६-चिकागो (अमेरिका) में सर्व धर्म परिषदमें भाग लेकर व लंडनमें ऋषभ जैन लायब्रेरी द्वारा जैनधर्म प्रचारका उत्तम कार्य करनेवाले बेरिष्टर चंपतरायजी सा० को धन्यवाद।

७-१८ वर्षसे कम उम्रकी कन्याओंका विवाह ४५ वर्षसे ऊपरवाले वृद्धोंके साथ होना घातक है, अत: ऐसा कानून धारासभाओंमें बननेका प्रयत्न किया जावे।

८-मध्यप्रांत, मालवा, खानदेश, बरार व बुन्देलखण्ड ऐसे कुरीतियां हटानेको अलग २ समितियां नियुक्त की गई।

९-आगामी सालके लिये २४००) का बजट पास हुआ।

१०-अनावश्यक खर्च हटानेके लिये जातियोंमें नुक्ता व लान बांटना बंद किया जाय, जन्म मुंडन आदिमें बिरादरीका जीमन न हो, बारात कन्यावालोंके यहां २ दिनसे अधिक न रहे, स्वदेशी शुद्ध वस्त्रोंका लेनदेन धार्मिक व विवाह आदि कार्योंमें हो व कन्या व पुत्रके बदलेमें कोई धन ठहराकर न लिया जावे।

११-जैन कालेज होनेका समर्थन। इस कार्यमें सहायता करनेके लिये ९ वकीलों व पंडितोंकी कमिटी नियुक्त हुई जिसमें प्रो० हीरालालजी मुख्य संयोजक हुए हैं।

१२-लड़के लड़कियोंको धार्मिक शिक्षा देनेके लिये हरएक स्थानपर पाठशालाएं स्थापित होनी चाहिये जिनकी परीक्षा परिषद बोर्ड लेती रहेगी।

१३-महावीर जयंती, व अनंत चतुर्दशीकी आम छुट्टीके लिये प्रयत्न किया जावे।

१४-जैन ध्वज कैसा हो इसका निश्चय करनेके लिये प्रो० हीरालालजी, पं० तुलसीरामजी व पं० जगन्मोहनलालजी शास्त्रीकी नियुक्ति।

१५-कहीं२ चौसके परवार व विनैकावालोंको मंदिरोंमें दर्शन पूजन नहीं करने देते व बोर्डिंगोंमें

भर्ती नहीं करते यह उचित नहीं है। समस्त जैन मात्रके लिये जैन मंदिर व जैन शिक्षा संस्थाओंके द्वार खुले ही रहने चाहिये।

१६–त्रिवर्णाचार, चर्चासागर, दानविचार, सूर्यप्रकाश आदि भ्रष्ट व अप्रमाणिक ग्रन्थोंपर घृणा व ऐसे साहित्यसे समाज सावधान रहें। तथा जिन विद्वानोंने साहित्य रक्षार्थ इनकी समीक्षाऐं लिखी हैं उनको धन्यवाद।

१७–किसी भी स्त्री पुरुषका कैसे भी अपराधके लिये मंदिर बंद न किया जावे। दण्ड, प्रायश्चित्त व अंतमें जाति वहिष्कार ही बस है।

१८–बा० राजेंद्रकुमारजी बिजनौर परिषदके सहायक मंत्री नियुक्त हुये।

१९–'वीर' पत्रका संचालन भविष्यमें किस प्रकार हो इसका विचार उत्तरीय प्रचार समिति करें।

परिषदमें अपील होनेपर करीब १९००)की सहायता मिली थी जिसमें मुख्य रकमें ये हैं–२९१) श्रीमन्त सेठ लक्ष्मीचन्दजी भेलसा, १११) बेरिष्टर चम्पतरायजी साहब, १११) बेरिष्टर जमनाप्रसादजी साहब, १११) बा० लालचन्दजी एडवोकेट आदि। सारांश यह है कि परिषदका दशवां अधिवेशन इटारसीमें अतीव सफलतापूर्वक हुआ था और अब इसके प्रस्तावोंका अमल करना दि० जैन समाजका फर्ज होजाता है।

राय साहब–बा० तनसुखरायजी श्रावगी पांड्या गोहाटी (आसाम) को राय साहबकी उपाधि मिली है।

दक्षिण म० दि० जैन सभा–का ३६वां अधिवेशन श्रीस्तवनिधि क्षेत्रके मेलेपर माघ वदी १४–०)) को होगया। साथमें महिला परिषद भी हुई थी तथा मराठी जैन साहित्य संमेलन श्री० तात्या नेमिनाथ पांगलके सभापतित्वमें हुआ था।

પરિષદ પછીનું પ્રચારકાર્ય.

સુરતમાં મળેલી ગુજરાત દિ. જૈન પરિષદે કરેલા ઠરાવોનો પ્રચાર કરવા મહામંત્રી છોટાલાલ ભાઇ, મંત્રી મુળચંદભાઇ ને એક સભ્ય ભાઇ-છગનલાલ સરૈયા પોષ વદ ૬ રવિવારે વ્યારા ગયા હતા. અત્રે શેઠ રતીલાલને ઘેર નૃસિંગપુરા ને રાંયકવાળનું પંચ રાત્રે ૮ થી ૧૨ સુધી મેળવ્યું જેમાં અત્રેનું મંદિર જે શીવલાલ શેઠની રૂા. ૬૨૦૦૦) ની મદદથી નવેસરથી બંધાયેલું તેનું અધુરૂં કામ પુરૂ કરવાં ભાઇ તલકચંદ અને શેઠ બહેચરદાસે ઘણી મહેનત કરી બાકીનું કામ પુરૂ કરવા ટીપ કરાવી દહેરાસરનું કામ પુરૂં કરાવેલું છતાં નૃસિંહપુરા અને રાયકવાળમાં મંદિરના વહીવટ વગેરે સબંધી વૈમનસ્ય હોવાથી મંદિરની પ્રતિષ્ઠા થતી નહોતી તે માટે પંચમાં વાટાઘાટ થતાં અંતે નકી કરાવ્યું કે પ્રતિષ્ઠા થાય ત્યાર પછી મંદીરનો વહીવટ દિ. જૈન પંચ તરફથી શેઠ રતીલાલ શીવલાલ અને શેઠ પાનાચંદ ગુલાબચંદ બંને મળી કરે નૈ ચોપડા રતીલાલ શેઠ રાખે તથા ધર્મશાળાની ભાડા ચીઠી બંનેના નામની કરાવવી ને તે શેઠ પાનાચંદ રાખે. મંદિરમાં રંગ રોગાન વગેરેનું કામ કરાવવાનું શેઠ બહેચરદાસ ને તલકચંદભાઇ ચાલુ રાખે ને રાયકવાળ તથા નૃસિંહપુરા બંનેમાં પંચને નામે ટીપ કરી પ્રતિષ્ઠાનું કામ જેમ બને તેમ જલદીથી કરવું.

એવી સમજુતથી સર્વને આનંદ થયો છે. પરિષદના ઠરાવનો અમલ કરવાની વાત કરતાં પ્રાંતિક સભાની સાધારણ સભાના સભાસદ થવા સુચના કરતાં નીચેના ગ્રહસ્થો સભાસદ થયા અને પરિષદના તમામ ઠરાવોને સર્વએ ટેકો આપ્યો હતો. એટલુંજ નહિં પણ વ્યારા તો ગાયકવાડી રાજ્યનું હોવાથી ત્યાંના કાયદા મુજબ પંચના ઠરાવ વગરજ પંચમાં ઠરાવ કબુલજ છે એમ કહ્યું.

दिगंबर जैन — सूरतमां मळेली गुजरात दिगंबर जैन परिषद् समये लेवायलो ग्रुप फोटो ता० १-१-३४.

૧૦૧) શેઠ રતીલાલ શીવલાલ લાઇફસભાસદ
૧૦૧) શેઠ બહેચરદાસ ખુશાલદાસ ,,
૧૦૧) શેઠ કંચનલાલ ડાહ્યાભાઇ ,,
૨૫) શેઠ પાનાચંદ ગુલાબચંદ સાધારણ સભાસદ
૨) શેઠ નરોતમદાસ જગજીવનદાસ પ્રતિનીધી
૨) શા. ગોકલદાસ મોતીચંદ ,,
૨) શા. તલકચંદ દલીચંદ ,,
૨) શા. કેશવલાલ ધનાલાલ ,,

વ્યારામાં ફક્ત બાર ઘર છે છતાં ઉપર મુજબ આઠ સભાસદ થયા હતા. એ પછી મંત્રી મુલચંદભાઇને સોમવારે મળશકે સુરત જવું પડયું અને ગાંધીને સરૈયા સોમવારે સાંજે **બુહારી** પહોંચ્યા. બુહારીમાં ૨૩ વર્ષ પહેલાં નૃસિંહપરા ભાઇઓમાં દેરાસરના રૂપીયા માટે બે પક્ષ પડયા હતા, તેમાંથી થોડાક ભાઇઓ વગેરેગે બીજા પક્ષમાં સામેલ થયા હતા. પરંતુ સ્વ. અસલ શેઠ ડાહ્યાભાઇના ચી. ભાઇ રાયચંદ અને તેમના કાકી હરકોર બ્હેનજ અલગ રહેલા હતા. એ ઝઘડાનો નિવેડો બુહારીમાં કરવાનો હતો. ભાઇ રાયચંદને બુહારી ગામ છોડવું પડયું છે. અને તેથી એ રાયચંદભાઇને લઇને ઝઘડા નિકાલ કમીટીના સભ્ય ભાઇ નાગરદાસને બોલાવ્યા હતા, પણ તેઓ કારણવશાત્ આવી શકયા નહોતા. બુહારીના આગેવાન નિકાલ માટે ઉદાર ભાવથી આતુર હતા. અને બાઇ હરકોરની પંચને અરજ મળતાં તેમની પાસેથી ગોરના ડાપાના નીકલતા રૂપીયા તથા ધારાના લઇ વ્યવહાર ચાલુ કરવા તેઓએ ઇંતેજારી બતાવી પણ ભાઇ રાયચંદ બુહારીથી નહીં આવેલા હોવાથી એક મહિનાની મુદતમાં રાયચંદને મળી ઝઘડો પતાવવા નિર્ણય થયો છે. અત્રે ગુ. પ્રાંતિક સભાના સભાસદ નીચે મુજબ થયા.

૫) હીરાલાલ મોતીચંદ સાધારણ સભાસદ
૫) જમનાદાસ ડાહ્યાભાઇ ,,
૫) ચુનીલાલ ખીમચંદ ,,
૫) મણીલાલ તારાચંદ ,,
૨) ચીમનલાલ ખીમચંદ પ્રતિનીધી

અત્રે માત્ર નૃસિંહપુરાનાજ ઘર છે. એઓએ પેટા જ્ઞાતિઓમાં વિવાહ સંબંધ જોડવા માટે ઇચ્છા અને ઇંતેજારી બતાવી હતી. પરિષદના બીજા ઠરાવને પણ અનુમોદન આપ્યું હતું. મંગળવારે સાંજે ગાડા રસ્તે નીકળી રાત્રે **મહુવા** પહોંચ્યા. મહુવામાં ભાઇ કાન્તીલાલ ઇચ્છાચંદે પંચ મેળવ્યું. પરિષદના ઠરાવો અને તેને અમલમાં મુકવા બાબત ભાઇ ગાંધી અને સરૈયાએ વિવેચન કર્યું અને નીચેના સભાસદ નોંધાયા.

૫) અમરતલાલ જગજીવનદાસ સભાસદ
૫) શેઠ રતીલાલ જગજીવનદાશ ,,
૫) શેઠ મૂલચંદ જગજીવનદાશ ,,
૫) શેઠ કાંતિલાલ ઇચ્છાચંદ ,,
૫) શેઠ પ્રેમચંદ ગુલાબચંદ ,,
૫) શેઠ ભગુચંદ લખમીચંદ ,,
૫) શેઠ મંછારામ જેચંદ ,,
૨) શા. ડાહ્યાભાઇ જગજીવનદાશ પ્રતિનીધી
૨) શા. મગનલાલ છગનલાલ ,,
૨) શા. કાંતિલાલ રતનચંદ ,,

મહુવાના નૃસિંહપુરા અને રાયકવાળભાઇઓએ પરિષદની કાર્યવાહી માટે સંતોષ બતાવ્યો અને ઠરાવોનો અમલ જેમ બને તેમ જલ્દી થાય તેવી ઇચ્છા બતાવી એટલુંજ નહિં પણ જે જે કામ સોંપવામાં આવે તે કરવા બનતી મદદ આપવા તૈયારી બતાવી. તેઓએ અંતરજાતિય વિવાહ સબંધ ગુજરાતના દિગંબર જૈનોની કોઇ પણ કોમ ઇચ્છા બતાવે તેની સાથે જોડાવા પૂર્ણ ઇન્તેજારી બતાવી અને આગેવાન ભાઇઓએ તો પરિષદના સબંધના ઠરાવને ગાયકવાડ રાજ્યના કાયદાથી ખોટો ઠરાવ્યો અને કહ્યું કે તે કાયદા મુજબ તો કોઇપણ ન્યાતમાં કોઇ કન્યા આપે તે માટે પ્રતિબંધ નહિ રાખવાનું હોવાથી પંચોની પરવાનગી કે ઠરાવની પણ જરૂર રહેતી નથી. એ રાજ્યની દિ. જૈન પ્રજા તો પેટા જ્ઞાતિમાં કન્યાની આપ લે કરવાના ઠરાવનો વિરોધ કરી શકેજ નહિં એટલે પરિષદના ઠરાવ પમા ઠેલ્લો

ભાગ "એ દૃષ્ટિએ ગુજરાતી દિગંબર જૈનોની...માં માંહોમાંહે ખૂલ્લા મુકે" એ શબ્દોજ કાઢી નાંખવા જોઇતા હતા અને તે સ્થાને "જે પેટા જ્ઞાતિમાં કન્યાની આપલે બાબતમાં પ્રતબંધ હોય તે દૂર કરવા" એવા શબ્દો ઉમેરવા સૂચના કરી હતી, પણ મહામંત્રીએ દિગંબર જૈનોમાં ઐકયતા સાચવી આપણી સર્વની સ્થિતિ ઉચ્ચ અને સમાન થાય તે હેતુથી હાલના ઠરાવની ઉપયોગીતા બતાવી હતી.

ઉપર દર્શાવ્યા મુજબ ત્રણે ગામમાં પરિષદના ઠરાવોને પૂર્ણ સહાનુભૂતિ મળી છે અને આશા છે કે ગુજરાતના કોઇ પણ પંચ ઠરાવોની વિરૂદ્ધ જશે નહિં, પરંતુ જેમ બને તેમ એ ઠરાવોનો અમલ થાય તે માટે મોટા પંચ જલ્દીથી મેળવી પરસ્પર વિવાહ સંબંધ જોડી સાચો અમલ કરી બતાવશે.

છો. ઘે. ગાંધી

મહામંત્રી ગુ. દિ. જૈન પ્રાં. સભા, અંકલેશ્વર

સુરત પરિષદનો ફોટો—જે આ અંકમાં પ્રગટ કર્યો છે તે જાડા આર્ટ કાગળ ઉપર (કાચમાં મઢાવવા લાયક) માત્ર એક આને સુરતથી મળી શકશે.

ભૂલ શુદ્ધિ—આ અંકમાં પાનું ૧૫૯ કોલમ ૧ લું ત્રીજી લીટીમાં રૂ૦ ૬૦૧) ને બદલે ૫૦૧) વાંચવા તથા રૂ૦ ૧૦૧) શા૦ જયંતીલાલ છગનલાલ ગજીવાલાની રકમ વધારી લેવી.

સુરતના નરસિંહપુરા—ભાઇઓનું પંચ પરિષદ પછી બે દિવસ સુધી મળ્યું હતું જેમાં દહેરાસરનો વહિવટ ચલાવવા શેઠ કાંતીલાલ હરગોવનદાસ, છગનલાલ ઉ. સરૈયા, શેઠ બાલુભાઇ નેમચંદ, ચીમનલાલ વજેચંદ, ચીમનલાલ છગનલાલ ને મણીલાલ તારાચંદ એમ પાંચની કમીટી નીમાઇ છે, જેમાં પ્રમુખ શા. કાંતીલાલ ને મંત્રી ચીમનલાલ છગનલાલ નીમાયા છે. આજ પ્રમાણે બધી ન્યાતોમાં પંચ તથા દહેરાસરોના વહિવટ માટે કમેટીઓ નીમાવી જોઇએ.

जैन समाचारावलि।

श्री सम्मेदशिखरजी तेरापंथी कोठी–में फाल्गुन सुदी १ से ६ तक अनेक वेदीप्रतिष्ठाएं व पंचकल्याणक प्रतिष्ठा होगी। साथमें नवीन प्रमुखद्वार व धर्मशालाका उद्घाटन होगा व खंडेलवाल दि० जैन महासभाका १४ वां अधिवेशन भी होगा।

પરિષદની સ્વાગત કમીટીની છેલ્લો મીટિંગ—નવાપરામાં સરૈયા સદનમાં તા. ૧૧ જાનેવારીને ગુરૂવારે રાત્રે ચેરમેન ભાઇ છગનલાલ સરૈયાના પ્રમુખપદે મળી હતી જેમાં મંત્રી મુલચંદભાઇ કાપડિયાએ ઉપજ ખરચનો હિસાબ રજુ કર્યો હતો જેથી જણાયું કે કુલ્લે ૬૦) સભાસદ ફી ૪૩૩) ટીપના ને રૂ. ૧૦॥ પ્રેક્ષક ફી મળી રૂ૦ ૫૦૩॥ ની આવક થયેલ ને ૪૪૮।।ऽ।। ખરચ થયેલો એટલે રૂ૦ ૫૪।।ऽ વધારો પડયો તે ગુજરાત દિ૦ જૈન પ્રાં૦ સભાને ભેટ આપવાનો ઠરાવ થયો તથા સુરતની વીશા હુમડ પંચે એક દિવસનો બધો ભોજન ખર્ચ ઉપાડી લીધેલો તેનો ખાસ ઉપકાર મનાયો. વળી કાપડિયાજી, જીવરાજ ગાંધી, જયંતીલાલ ચુનાવાળા ને પ્રમુખે ધટતાં વિવેચનો કરી બધી કમીટીઓનો તથા પરિષદનું કાર્ય ઉપાડનાર ત્રણે ભાઇયોનો ઉપકાર માન્યો હતો. અને હારતોરા અપાયા પછી સરૈયાજી તરફથી સભાસદોનો ફ્રુટ, દુધ વગેરેથી સત્કાર થયો હતો. ને પાંચ રૂ. વાળા ૬ સભાસદો પ્રાંતિક સભાના નોંધાયા હતા,

અમદાવાદમાં—કાલુપુર ચોખા બજારમાં દીવાળીબાઇ દિ૦ જૈન ધર્મશાળા ગાંધી જીવાભાઇ વહાલચંદને હાથે માહા સુદ ૬ ની સવારે ખુલનાર હતી. સુદ પાંચમ ૧ ટંક ને સુદ ૬ બે ટંક ભોજનની સગવડ હતી.

ઉજેડિયા—માં બેનકોરબાઇ જૈન પાઠશાળાનું નિરીક્ષણ કરીને શેઠ માણેકચંદ છગનલાલ તથા ગુજરાત દિ. જૈન યુવક મંડળે ઉત્તમ સંમતિ આપી છે.

સુરતમાં ગુજરાત દિ. જૈન પરિષદ.

અપૂર્વ ઉત્સાહ, અત્યંત સફળતા અને ગુજરાત દિગંબર જૈન પ્રાંતિક સભાની સ્થાપના.

આશરે ૩૦૦૦) નું ફંડ અને "દિગંબર જૈન" માસિક સભાનું પત્ર થશે.

જ્ઞાતિ ઝઘડા નિવારક કમેટી, ને પંચ બંધારણ કમેટીની નીમણુંક તેમજ લગ્નની હદના ને અંતર્જાતીય (પેટા જ્ઞાતિઓમાં) વિવાહ કરવાના થયેલા ઠરાવો.

અગાઉ જણાવવા પ્રમાણે ગુજરાતના દિગંબર જૈનોનું સંગઠન કરવા તથા તેમની ધાર્મિક આર્થિક ને સામાજીક ઉન્નતિ કરવાના હેતુથી સુરત મુકામે એક ગુજરાત દિગંબર જૈન પરિષદ બોલાવવાની હિલચાલ શ્રી. શેઠ છોટાલાલ ઘેલાભાઇ ગાંધી, શ્રી. મુળચંદ કસનદાસ કાપડિયા, છગનલાલ ઉત્તમચંદ સરૈયા, નરોતમદાસ જગજીવનદાસ બ્યારા, વગેરેએ કરી હતી જેને આખા ગુજરાતે સંમતિ આપવાથી આ પરિષદ પોષ સુદ ૧૫ ને વદ ૧ ને દિને સુરતમાં મેળવવા માટે નક્કી થવા પછી એ માટે આ ભાઇઓએ સુરતના દિગંબર જૈનોની સહાનુભૂતિ મેળવવા પછી સુરતના અને આસપાસના દિગંબર જૈનોની બે સભાઓ ૨૬ ભાઇઓની સહીથી ફુલવાડીમાં શા. મોતીચંદ સાકેરચંદ તાસવાળાના પ્રમુખપણા નીચે તા. ૧૬ ને ૧૯ ડીસેંબરે મળી હતી જેમાં સ્વાગત કમીટીની નીમણુંક થઇ તે દિને તથા ૨૭-૨૮ મીએ સ્વાગત કમીટીની સભાઓ શેઠ છોટાલાલ ઘેલાભાઇ ગાંધી અને શા. છગનલાલ ઉત્તમચંદ સરૈયાના પ્રમુખપણા નીચે મળી હતી જેમાં સ્વાગત કમીટીના પ્રમુખ તરીકે શા. છગનલાલ ઉત્તમચંદ સરૈયા, ઉપપ્રમુખ શા. છોટાલાલ ઘેલાભાઇ ગાંધી, કોષાધ્યક્ષ શા. જયંતીલાલ છગનલાલ, જનરલ સેક્રેટરી શા. મુલચંદ કસનદાસ કાપડીઆ તથા મંત્રીઓ તરીકે શા. જીવરાજ ગુલાબચંદ ગાંધી, બી. એ; જયંતીલાલ સાકેરચંદ ચુડાવાલા, શા. મગનલાલ પાનાચંદ ઝવેરી, શા. નરોતમદાસ જગજીવનદાસ અને શા. ખીમચંદ સવઇચંદ નીમાયા હતા. વળી એ સાથેજ પત્ર વ્યવહાર કમીટી, ઉતારા કમીટી, વોલંટીયર કમીટી, ભોજન કમીટી વગેરે નીમાઇ હતી જેમાં જનરલ સેક્રેટરી તથા મંત્રીઓ ઉપરાંત ગોપાળભાઇ શાહ, ચીમનલાલ શાહ, શેઠ મોતીચદ સાકેરચંદ તાસવાળા, જયંતીલાલ છગનલાલ ગજીવાળા, કાંતીલાલ હરગોવનદાસ, જયંતીલાલ રતીલાલ રેશમવાળા (વોલંટીયર કેપ્ટન), પં. પરમેષ્ઠીદાસજી ન્યાયતીર્થ, શા. ફુલચંદ છગનલાલ, શા. અમરચંદ ઉત્તમચંદ, શા. ભાઇચંદ પ્રેમચંદ, ચીમનલાલ છગનલાલ, અભેચંદ ગોકળદાસ, ચંપકલાલ કેશવલાલ

વગેરે નીમાયા હતા. તેમજ પ્રથમ દીવસનો કુલ ભોજન ખર્ચ સુરતની વીશાહુમડ પંચે ઉપાડી લેવા માંગણી કરેલી તે આભાર સાથે સ્વીકારમાં આવી હતી.

આ મંત્રીઓ તથા કોષાધ્યક્ષના પ્રયાસથી સ્વાગત કમીટીમાં નીચે મુજબ રકમો ભરાઇ હતી ને સ્વાગત કમેટીમાં ૧) ભરી કુલ્લે ૬૦ સભાસદો સુરત ને આસપાસના દિ. જૈનોમાંથી નોંધાયા હતા.

૧૦૧) શા. મોતીચંદ સાકેરચંદ તાસવાલા
૧૦૧) ,, છગનલાલ ઉત્તમચંદ સરૈયા
૭૫) ,, જયંતીલાલ છગનલાલ ગજીવાલા
૫૧) ,, મુલચંદ કસનદાસ કાપડિયા
૨૫) ,, કસનદાસ પુનેમચંદ કાપડિયા
૨૫) ,, ત્રીભોવનદાસ બીજલાલ
૨૧) ,, છોટાલાલ ઘેલાભાઈ ગાંધી અંકલેશ્વર
૩૫) ,, કાંતીલાલ હરગોવેનદાસ
૧૧) ,, નરોતમદાસ જગજીવનદાસ વ્યારા
૫) ,, ભાઇચંદ પ્રેમચંદ
૫) ,, જીવરાજ ગુલાબચંદ ગાંધી બી. એ

૪૫૫)

આ પ્રમાણે સ્વાગતનું કાર્ય સ્વાગત કમીટીએ ઉપાડી લઈધું હતું અને સર્વેને ઉતરવા માટે ચંદાવાડી ઉપરાંત શેઠ લુરીયાભાઇનો "જીવન નિવાસ" અને સર પરશોતદાસની આલીશાન વાડીઓ કંઇપણ બદલા વગર મળી હતી (જે માટે એ બંને વાડીના વ્યવસ્થાપકોની સ્વાગત કમીટી અત્યંત આભારી થઇ છે)

પરિષદ માટે 'આર્ય સમાજ' હૉલ લેવામાં આવ્યો હતો જેને વાવટા, તોરણો, કમાનો, સુશોભિત જરી કામના બોર્ડો, પરિષદના ઉદ્દેશાત્મક વાકયો વગેરેથી અતીવ સુશોભિત કરવામાં આવ્યો હતો.

તા. ૩૧ની સવાર સુધીમાં આશરે ૩૦૦ પ્રતિનિધિઓ આખા ગુજરાતના વીસા મેવાડા, વીશાહુમડ, દશા હુમડ, નૃસિંહપુરા અને રાયકવાળ જ્ઞાતિના સુરત આવી પહોંચ્યા હતા, જેના ગામનાં નામો નીચે મુજબ છે—

મુંબઇ, સુરત, અંકલેશ્વર, આમોદ, પીપલાવ, ઇસિણાવ, ઉંદેલા, કરમસદ, ધાયજ, છાણી, જલાલપુર, દાવોલ, નાર, પેટલાદ, પંડોલી, બાકરોલ, બોચાસણ, બોરસદ, ભોજ, મહેળાવ, માજલપુર, રૂદેલ, વડુ, વહોદરા, વલાસણ, વેડચ, ભરૂચ, સોજીત્રા, છાણી, ઇડર સાયમા, કરમસદ, ઓરાણ, પાંતિજ, ઉજેડિયા, સાંબલી, રાનકુવા, જાંબુડી, અલવા, લાકરોડા, જાદર, જામલા, સાણોદા, વદરાડ, કુકડીયા, કુંદેરી, માંડવી, મહુવા, કેરવાડા, કાનમ, બુહારી. ઝહેર, નરસીપુર, વ્યારા, ડભકા. કલોલ, અમદાવાદ, નરોડા, વાંઝ, અસલાલી, સુદાસણા, પરીયેજ, ભાવનગર, વગેરે વગેરે.

પ્રમુખની પધરામણી.

પ્રમુખ પદ માટે નક્કી કરાયલા પ્રમુખ શેઠ તારાચંદ નવલચંદ ઝવેરી મુંબાઇ (કે જેઓ સ્વર્ગીય દાનવીર જૈન કુળભૂષણ શેઠ માણેકચંદ જે. પી. ના સુયોગ્ય ભત્રીજા થાય છે, તેઓ સાહેબ) તા. ૩૦ મી સવારે સુરત સ્ટેશને આવી પહોંચ્યા હતા, જેમનો આશરે ૧૦૦ ભાઇ બ્હેનોએ ઉત્તમ સત્કાર કર્યો હતો, અને મોટરોમાં સરઘસ રૂપે ચંદાવાડીમાં લાવવામાં આવ્યા હતા. દરમ્યાનમાં સ્વાગત સભાપતિ શ્રી. છગનલાલ ઉત્તમચંદ સરૈયાએ, જનરલ સેક્રેટરી મુળચંદ કસનદાસ કાપડિયાએ, શેઠ છોટાલાલ ઘેલાભાઇ ગાંધી તરફથી, વીસાહુમડ પંચ તરફથી શા. મગનલાલ પાનાચંદે નૃસિંગપુરા પંચ તરફથી પ્રેમચંદ હરગોવનદાસે ત્રીભોવનદાસ ડાહ્યાભાઇ ટોપીવાલા, સરૈયા બ્રધર્સ જૈની, ને કાંતીલાલ હરગોવનદાસે હાર તોરાથી સત્કાર કર્યો હતો અને આ પ્રસંગે સુરતના દિગંબર જૈન ભાઇઓનો ઉત્સાહ સમાતો નહોતો. પ્રમુખ સાહેબની સાથે ખાસ કરીને શેઠ ઠાકોરદાસ ભગવાનદાસ

ઝવેરી, શ્રી. મોહનલાલ કાળીદાસ સોલીસીટર, શા. શાંતીલાલ હરજીવનદાસ સોલીસીટર ને મનસુખલાલ ચોકસી સોલીસીટર ખાસ પધાર્યા હતા.

ભોજન વ્યવસ્થા.

ચંદાવાડીમાં તા. ૩૧મીએ વીશા હુમડ પંચ સુરત તરફથી તેમજ તા. ૧લીએ પરિષદ સ્વાગત કમીટી તરફથી ભોજનની વ્યવસ્થા થઇ હતી જેમાં ઝહેર નરસિંહપુરના મગનલાલ હરજીવનદાસના ઝગડા માટે ઝહેર, કલોલ, આમોદ વગેરેના નસિંહપુરા ભાઇઓ તરફથી સાથે ન બેસવાની ઘણીજ ખેંચતાણો થઇ હતી પણ અંતમાં પ્રમુખ સાહેબ, મોતીચંદ તાસવાલા, દલપતભાઇ જેચંદભાઇ વગેરેના અથાગ પ્રયત્નથી સમાધાની થઇ હતી ને સર્વે સાથે બેસીને જમ્યા હતા. અને હવે એ બંને પક્ષો ઉદારતા દર્શાવશે તો ઝહેર નરસિંહપુરનો ઝઘડો હવે પુરેપુરો પતી જશે એમ પૂર્ણ સંભવ છે. ભોજનની વ્યવસ્થામાં શા. અમરચંદ ઉત્તમચંદ, તથા ભાઇચંદ પ્રેમચંદે કામ ધંધો મુકી ભારે જહેમત ઉઠાવી હતી.

પરિષદની પ્રથમ બેઠક.

તા. ૩૧મી ડીસેંબર રવિવાર ને પોષ શુદ ૧૫ ની બપોરે ૩ વાગતે પરિષદની પ્રથમ બેઠક આર્ય સમાજ હોલમાં શરૂ થઇ હતી જેમાં મુંબાઇથી ખાસ પધારેલા શેઠ અમરચંદ ચુનીલાલ જરીવાલા, શેઠ ભાઇચંદ રૂપચંદ, શેઠ લલ્લુભાઇ લખમીચંદ ચોકસી સાહિત્યરત્ન પં. દરબારીલાલજી ન્યાયતીર્થ, જૈન મહિલારત્ન શ્રીમતી લલિતા બ્હેન, શ્રીમતી ધર્મપ્રચારિકા નાની બ્હેન સંઘવી, શા. ગમનલાલ ખુશાલચંદ સુતરવાલા, શેઠ ભગવાનદાસ ઝવેરદાસ, શેઠ મંગળદાસ નાથાભાઇ, શેઠ જીવણલાલ વખારિયા, શેઠ સોભાગચંદ જેઠાભાઈ વગેરે ખાસ નજરે પડતા હતા. સ્વાગતના સભ્યો, પ્રતિનિધી, વીઝીટર, પ્રેસ રિપોર્ટર તથા સ્ત્રી વર્ગ માટે ખાસ જુદી જુદી બેઠકો રખાઇ હતા જેની વ્યવસ્થા માટે જયંતીલાલ ગજીવાલા, જયંતીલાલ ચુડાવાલાને, જયંતીલાલ રેશમવાલાએ, ખાસ મહેનત ઉઠાવીને વ્યવસ્થા સુંદર રીતે રાખી હતી.

કાર્યનો પ્રારંભ થતાં સહિત્યરત્ન પં. દરબારીલાલજી ન્યાયતીર્થે નમઃ શ્રી વર્દ્ધમાનાયથી માંડીને મંગલાચરણ વિવેચન પૂર્વક કર્યું હતું. જે પછી બાળિકા સમાજ સુરતની બાળિકાઓએ વાજાં સાથે સ્વાગત ગાયન ગાયું હતું. એ પછી શ્રી. મુલચંદ કસનદાસ કાપડીયાએ આ પરિષદની આવશ્યકતા અને એનો ઉદ્ભવ કેવી રીતે થયો તે પર અસરકારક વિવેચન કર્યું હતું. બાદ સ્વાગત પ્રમુખ **શેઠ છગનલાલ ઉતમચંદ સરૈયાએ** સ્વાગતનું ભાષણ બુલંદ અવાજે વાંચી સંભળાવ્યું જે આખું ભાષણ તેમના ચિત્રસાથે આ અંકમાં વ્હેચવામાં આવ્યું છે.

એ પછી પ્રમુખપદ માટે શા. મોહનલાલ કાળીદાસ સોલીસીટરે શ્રીમાન શેઠ તારાચંદ નવલચંદ ઝવેરી માટે વિવેચન પૂર્વક દરખાસ્ત મુકી હતી જેને શા. ગમનલાલ ખુશાલચંદ સુતરવાળા, લલ્લુભાઇ લક્ષ્મીચંદ ચોકસી, શાંતીલાલ હરજીવનદાસ શાહ સોલીસીટર, શેઠ ભગવાનદાસ ઝવેરદાસ, જીવણલાલ ગોપાળદાસ વખારિયા, નાગરદાસ નરોતમદાસ, કેવળભાઇ રાવજી ને જીવરાજ ગુલાબચંદ ગાંધી બી. એ. એ ટેકો આપ્યો હતો, જે પછી શેઠ તારાચંદ નવલચંદ ઝવેરીએ તાળીઓના હર્ષનાદ વચ્ચે પ્રમુખસ્થાન સ્વીકારતાંની સાથે સ્વાગત પ્રમુખ શેઠ સરૈયાએ પ્રમુખને હારતોરા અર્પણ કર્યા હતા.

એ પછી નવીનતલાલ ખુશાલચંદે પ્રમુખના સ્વાગતનું ગીત ગાયું હતું. બાદ પ્રમુખ સાહેબે પોતાનું ભાષણ અપાર શાંતિ વચ્ચે ઉત્તમ રીતે વાંચી સંભળાવી શ્રોતાઓના મન હરી લીધા હતા. ભાષણ દરમ્યાન અપૂર્વ શાંતિ હતી અને વચ્ચે વચ્ચે તાળીઓના હર્ષનાદ થતા હતા.

એ પછી નીચે મુજબ બે ઠરાવો થયા હતા.

ઠરાવ ૧ લો.

આ પરિષદ ઠરાવ કરે છે અને નીચેના ગૃહસ્થોની એક કમીટી નીમે છે તેમણે ગુજરાત દિગંબર જૈન પરિષદના બંધારણનો સ્વાગત સમિતિએ મંજુર કરેલો ખરડો તપાસી આ પરિષદને પોતાના અભિપ્રાય સાથે રજુ કરવો.

પ્રમુખ સાહેબ, મોહનલાલ કાળીદાસ સોલીસીટર, શાંતિલાલ હરજીવનદાસ સોલીસીટર, માસ્તર જીવરાજ ગુલાબચંદ ગાંધી બી. એ.; છોટાલાલ ઘેલાભાઇ ગાંધી, શા. મનસુખલાલ સોલીસીટર, કાળીદાસ જેશીંગભાઈ, જીવણલાલ ગોપાળદાસ વખારીયા (કલોલ), ગમનલાલ ખુશાલચંદ સુતરવાળા, જયંતીલાલ સાકરચંદ ચુડાવાલા ને ચીમનલાલ નરસઇદાસ વકીલ—અમદાવાદ.

દરખાસ્ત—છોટાલાલ ઘેલાભાઇ ગાંધી અંકલેશ્વર.
ટેકો—મુળચંદ કસનદાસ કાપડિયા,—સુરત,

ઠરાવ બીજો.

આ પરિષદ પ્રાથમિક હોવાથી વિષય વિચારીણી (સબજેકટ કમીટી) ના સભ્યોની સંખ્યા માટે કોઇ નિયમ નથી તેથી સ્વાગત સમિતિની ભલામણ મુજબ સ્વાગત સમિતિના સભ્યો અને પ્રતિનિધિઓની જે સંખ્યા આવી છે, તેના કોમવાર ચોથા હિસ્સાના સભ્યો તેમજ પ્રમુખ શ્રી અને તેમના તરફના ૫ સભ્યો અને સ્વાગત સમિતિના પ્રમુખ તેમજ ઉપ પ્રમુખ મળી જે સંખ્યા થાય તેટલા સભ્યોની વિષય વિચારિણી સમિતિ નક્કી કરે છે, અને તે પ્રમાણે સબજેકટ કમીટી બને છે.

પરિષદમાં આવેલા પ્રતિનિધિ ભાઇઓમાંથી પુરા ચાર પ્રતિનિધિએ ૧ મુજબ સભ્યનું નામ લખી તેની નીચે તેને ચુંટનાર પ્રતિનિધિઓની સહીયો તેમના પ્રતિનિધિ નંબર સાથે લખી સાંજે ૬।। પહેલાં મંત્રીને ચંદાવાડીમાં આપવું. તે પછી આવનાર તેમજ નંબરમાં ભુલ કરનાર સભ્યનું નામ સ્વીકારવામાં આવશે નહિ. એટલે દરેક કોમે અનુક્રમે હાજર પ્રતિનિધિયોમાંથી ચોથા ભાગના નામો ચુંટીને એક કલાકમાં મહામંત્રીને ચંદાવાડીમાં આપવા. અને સબજેકટ કમીટી ચંદાવાડીમાં સાંજના ૭।। વાગતે મળશે.

દરખાસ્ત—શા. જીવરાજ ગુલાબચંદ ગાંધી બી. એ. સુરત.

ટેકો—શા. નાગરદાસ નરોતમદાસ સંઘવી આમોદ.
,, શા. છોટાલાલ ઘેલાભાઇ ગાંધી—અંકલેશ્વર

આ બે ઠરાવો થવા પછી પરિષદની પ્રથમ બેઠકનું કામ સાંજે ૫ વાગતે પૂર્ણ થયું હતું.

સબજેકટ કમીટી.

ઠરાવ પ્રમાણે જનરલ સેક્રેટરી પાસે નીચે મુજબના નામો સબજેકટ કમેટીના સભાસદો તરીકે આવી ગયા હતા.

૧ શેઠ તારાચંદ નવલચંદ ઝવેરી મુંબાઇ
૨ ફુલચંદ છગનલાલ સુરત
૩ ડાહ્યાભાઇ ઘેલાભાઇ ,,
૪ ચંદ્રવદન છગનલાલ ,,
૫ મૂળચંદ કસનદાસ કાપડિયા ,,
૬ ચીમનલાલ દીપચંદ ,,
૭ જયન્તિલાલ રતિલાલ રેશમવાલા ,,
૮ ગમનલાલ ખુશાલચંદ સુતરવાલા ,,
૯ પંડિત પરમેષ્ઠીદાસજી ન્યાયતીર્થ ,,
૧૦ જયન્તિલાલ સાકરચંદ ચુડાવાલા ,,
૧૧ જીવરાજ ગુલાબચંદ ગાંધી બી. એ. સુરત
૧૨ પ્રેમચંદ હરગોવનદાસ ,,
૧૩ જયન્તિલાલ ઠાકોરદાસ મોદી ,,
૧૪ નરોતમદાસ જગજીવનદાસ વ્યારા
૧૫ જયંતિલાલ છગનલાલ ગજીવાલા સુરત
૧૬ છોટાલાલ ઘેલાભાઇ ગાંધી અંકલેશ્વર
૧૭ શેઠ ભગવાનદાસ ઝવેરદાસ સોજીત્રા
૧૮ નગીનલાલ ફુલચંદ પાદરા
૧૯ શંકરલાલ જેચંદભાઈ પાદરા
૨૦ અંબાલાલ ત્રીભોવનદાસ ભોજ

૨૧ અંબાલાલ લલ્લુભાઇ
૨૨ વકીલ મોહનલાલ ચુનીલાલ પેટલાદ
૨૩ નવનીતલાલ ઠાકોરદાસ મોદી સુરત
૨૪ ગમનલાલ વજેચંદ ચુડાવાલા
૨૫ નાથુભાઇ નેમચંદ ચોકશી અંકલેશ્વર
૨૬ જનકલાલ નાથુભાઇ ,,
૨૭ ભુરાભાઇ મુળચંદ ,,
૨૮ દેવચંદ ફુલચંદ માંજલપુર
૨૯ વસ્તુપાળ શંકરલાલ આમોદ
૩૦ રતિલાલ નરોતમદાસ વ્યારા
૩૧ ચુનીલાલ ધરમચંદ આમોદ
૩૨ નાગરદાસ નરોતમદાસ આમોદ
૩૩ ઉદેચંદ બહેચરદાસ
૩૪ ફુલચંદ રૂઘનાથદાસ પેટલાદ
૩૫ તલકચંદ જેલાભાઇ તાસવાલા સુરત
૩૬ અમરચંદ ચુનીલાલ જરીવાલા મુંબાઇ
૩૭ મણીલાલ ચુનીલાલ
૩૮ ગાંધી કેશવલાલ ખુશાલચંદ
૩૯ લલ્લુભાઇ પદમશી
૪૦ કાળીદાસ જેસંગભાઇ બીનકીશોરદાસ બોરસદ
૪૧ હેમેન્દ્રલાલ નેમચંદ સુરત
૪૨ નવનીતલાલ ખુશાલચંદ સુરત
૪૩ ધનસુખલાલ પ્રેમચંદ ,,
૪૪ મણીલાલ તારાચંદ
૪૫ ઉગરચંદ અમથાલાલ નરસીંહપુર
૪૬ બાલુભાઇ નેમચંદ મુંબાઇ
૪૭ ચુનીલાલ શીવલાલ કુડસદ
૪૮ કેવળદાસ રાવજી ઇડર
૪૯ ખીમચંદ ફીલાભાઇ કરમસદ
૫૦ મણીલાલ ચુનીલાલ મહેલાવ
૫૧ મુલચંદ જેચંદ સુદાસણા
૫૨ કાલીદાસ જેશીંગભાઇ બીનભૈજી બોરસદ
૫૩ શેઠ મુળચંદ હરીલાલ સોજીત્રા
૫૪ ઠાકોરભાઇ ભગવાનદાસ ઝવેરી, મુંબાઇ
૫૫ મોહનલાલ કાલીદાસ સોલીસીટર
૫૬ શાન્તીલાલ હરજીવનદાસ ,, મુંબાઇ
૫૭ ચીમનલાલ નરસીંહદાસ વકીલ અમદાવાદ
૫૮ મનસુખલાલ સોલીસીટર મુંબાઇ
૫૯ જમનાદાસ પ્રભુદાસ ઝહેર
૬૦ જીવણલાલ ગોપાલદાસ વખારિયા કલોલ
૬૧ ચંદુલાલ તારાચંદ
૬૨ ફુલચંદ છગનલાલ
૬૩ સોભાગચંદ જેઠાભાઇ આમોદ
૬૪ હરીલાલ વીમળશી નરોડા
૫૫ કેશવલાલ કસ્તુરચંદ
૬૬ ચીમનલાલ કેવળદાસ
૬૭ નાથાલાલ મોતીલાલ
૬૮ મંગળદાસ નાથાભાઇ વેડચ
૬૯ નાથાભાઇ પરશોતમ
૭૦ જીવણલાલ હલોચંદ ઓચાસણ
૭૧ ફુલચંદ હરીભાઇ
૭૨ સેવકલાલ દલપતભાઇ
૭૩ મુળચંદ નાનચંદ
૭૪ તલકચંદ દલીચંદ
૭૫ ભીખાભાઇ બહેચરદાસ

સબ જેકટ (વિષય વિચારીણી) કમીટી ચંદાવાડીના હોલમાં રાત્રે ૯ ૨॥ વાગતા સુધી શાંતિ પૂર્વક મળી હતી, જેમાં વાદવિવાદ પૂર્વક લગભગ ૧૩ ઠરાવો પરિષદમાં રજુ કરવા માટે સર્વાનુમતે કે વધુમતે મંજુર થયા હતા. આ કમેટીમાં અનેક વકીલ સોલીસીટરોની હાજરી વચ્ચે થયેલી ઉત્તમ કારવાઈથી ગુજરાતના દિ. જૈનોને ઘણું જાણવાનું શીખવાનું ને નિયમીત કાયદા પૂર્વક કાર્ય કરવાનો પરિચય મળ્યો હતો જેની મુક્ત કંઠે પ્રશંસા થતી હતી.

પરિષદની બીજી બેઠક.

પરિષદની બીજી બેઠક તા. ૧ જાનેવારી સવારે ૯ વાગતે શરૂ થતાં શ્રીમતી જૈન મહિલારત્ન લલિતાબ્હેને મંગલાચરણ કર્યું હતું જે પછી જનરલ સેક્રેટરી શ્રી મુળચંદ કસનદાસ કાપ-

ઙયાએ પરિષદ માટે આવેલા સંદેશાઓ વાંચી સંભળાવ્યા હતા જેનાં નામો નીચે મુજબ છે.-

૧	શેઠ વ્રજલાલ કેવળદાસ	ભાવનગર
૨	પં. છોટેલાલ પરવાર	અમદાવાદ
૩	શા. જીવરાજ ઉગરચંદ ગાંધી	સોનાસણ
૪	શા. ચુનીલાલ નાનચંદ	નનાનપુર
૫	શા. પં. દીપચંદજી વર્ણી	દાહોદ
૬	શા. અંબાલાલ ત્રીભોવનદાસ શાહ	ભોજ
૭	શા. કાળીદાસ નાનચંદ મીઠાવાલા	ઇડર
૮	શા. પં. સુંદરલાલજી	ઉજેડીયા
૯	શા. કેશવલાલ ત્રીભોવનદાસ	વડોદરા
૧૦	શા. ત્રીભોવનદાસ વલ્લભદાસ	કાણીસા
૧૧	શા. હેમચંદ પીતાંબરદાસ	કપડવંજ
૧૨	શા. સાકેરચંદ જગજીવનદાસ	નરોડા
૧૩	શા. ચીમનલાલ જીવાભાઈ	કરમસદ
૧૪	શા. દોશી મોતીચંદ પદમસી	ઉજેડિયા
૧૫	શા. રતીલાલ કેશવલાલ શાહ	ભરૂચ
૧૬	શા. રતીલાલ મગનલાલ દેશાઇ વકીલ	વડોદરા

વગેરે વગેરે. ઉપલા સંદેશાઓ પૈકી શેઠ વ્રજલાલભાઇ કેવળદાસનો લાંબો સંદેશો અત્યંત લાગણી પૂર્વક ને પરિષદના કાર્યને અતીવ ઉત્તેજક હોવાથી તેનો ખાસ ભાગ નીચે પ્રકટ કરીયે છિયે.

સરવે મુરબ્બી શ્રી. મુલચંદ કશનદાસ કાપડીયા તથા શ્રીયુત સ્નેહી છોટાલાલભાઇ વગેરે મું. સુરત. આપ રૂબરૂ મુંબઇ આવ્યા બાદ મુબઇનો સાથ સારો જાણી ખુશી થયો છું. આ સાથે અત્રેનું પ્રતિનિધી ફોર્મ બીડયું છે જે બંન્ને જણુ મુંબઇ ગયેલ છે ને ત્યાં આવશે. મારે આવવાનું ખાસ છે. હું મારી ફરજ સમજુ છું ને પ્રથમ પાયા ચણવામાં મહેનત સૌએ કરવી પડે તેમાં આપના પ્રેમ આગ્રહ અંગે મારૂં મન વળગી રહયું છે પણ કુદરતનો ક્રમ જુદો છે. સારાને સો વીઘ્ન રૂપ તેમ મારા ઘર આગળ બૈરાને નીમોનીયા થયેલ છે જેથી હું લાચાર બન્યો છું ને મારી ઉમેદ મારા મનમાં રહા જેવું છે જેથી હું આવી શકીશ નહીં તે માટે મને બહુજ દીલગીરી થાય છે. આપ ભાઇઓએ જે શ્રમ ઉઠાવી કામ હાથ લીધું છે તેમાં સફળ નીવડો તેમ પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે. જરૂર નીસ્વાર્થ આત્મ ભોગ ને પરોપકાર વૃતિથી ઉપાડેલ કામ મુશ્કેલીઓ વેઠતાં છતાં સફળજ નીવડે છે માટે જે ઉમેદથી કામ ઉપાડયું છે તેમાં પાછા હઠશો નહીં તેની મને ખાત્રી છે. આ પરીષદની સ્થાપના કહો, એકત્ર સંગઠન ગુજરાત દિગમ્બર જૈનોનું ઉન્નતિનું મુહુર્ત કહો કે ગમે તે કહો પણ જરૂર આ ગુજરાત સમસ્તનું ગૌરવ વધારનાર ઐતિહાસીક સોનેરી દીવસ નોંધાશે માટે મત કેળવી એક સંપીથી આ કાર્ય આગળ ધપે તેમ સુંદર ઉકેલ બાહોશ નાવીકો મળી લાવશો એવી આશા રાખું છું. હાલ વરસોથી આવું એકપણ સંગીન કાર્ય ગુજરાતના દીગમ્બર જૈનો માટે થયું નથી તેવું આ ઉપાડેલ છે. જેમાં દશા, વીશા, નરસીંહપુરા મેવાડા કે રાયકવાલ કોઇ જાતનો ભેદ ભાવ ન રહેતાં દિગમ્બર જૈન ધર્મનોજ વિજય કેમ થાય, સામાજીક ધાર્મિક દ્રષ્ટિથી કેમ ઉન્નતી થાય ને પરસ્પર ભેદભાવ મટી ઐકય સંપ વધી રોટી વહેવાર બેટી વહેવાર દીગંબર જૈનોમાં થાય તે માટે શુદ્ધ અંતઃકરણથી પ્રચાર થવો જોવે. વધુમાં આ પરીષદના શુકાની શ્રીમાન શેઠ તારાચંદજી જેઓ દાનવીરના પ્રસિદ્ધ કુટુંબી ને જેઓના કુટુંબ તરફથી દિગંબર સમાજ માટે સર્વસ્વનો ભોગ અપાઇ આપણા ઉપર મહાન ઉપકાર થયેલ છે જેથી તેમની આગેવાની હેઠળ જરૂર ગુજરાતનું સારૂં પરિણામ આવશે, તેમ હું ઇચ્છું છું. સુરતના કહો કે ગુજરાતના કહો દશા હુમડભાઇઓ જે સંકુચીત દ્રષ્ટીથી જોઇ આનો હેતુ ન સમજતા હોય તો સમજાવા પ્રયત્ન કરશોજી. લખવા જતાં વધુ લખી આપનો અમુલ્ય મહેનતનો ટાઇમ ને કેટલીક તૈયારીની મહેનત કરવામાં સહાયભુત થવા બદલ કંટાળા રૂપ થવા

નથી ઇચ્છતો પણ અનેક રીતે આપને પરમાત્મા જશ-સફળતા આપે એમ ઇચ્છું છું.

લી૦ **વ્રજલાલ કેવળદાસના** સવિનય પ્રણામ.

આ ઉપરાંત આપનો બીજો સંદેશો તથા ઉન્નતિ યા અવનતિ નામે લેખ પણ મળ્યો હતો જે નીચે મુજબ છે:—

"ગુજરાત દિગમ્બર જૈન પરિષદ સુરત મુકામે મળી શ્રીમાન શેઠ તારાચંદ નવલચંદ ઝવેરીના પ્રમુખપણા હેઠળ ધાર્મિક, સામાજીક, આર્થિક ઉન્નતિના ઉપાયો યોજે તેમાં મ્હારી સહમતી ધરાવું છું ને પરિષદની સફળતા ઇચ્છું છું કે ગુજરાતના હીત માટે આ સંસ્થા ભવિષ્યમાં સમાજની ઉન્નતી માટે એક મહાન ઉપયોગી થઇ પડશે. એજ."

લી. **વ્રજલાલ કેવળદાસ**(ભાવનગર)ના પ્રણામ.

ઉન્નતિ યા અવનતિ.

સુરતમાં ગુજરાત દિગમ્બર જૈન પરિષદ મળનાર છે ને સામાજીક આર્થીક ધાર્મીક ઉન્નતિ કરવા સારૂ યોજના રૂપ પ્રયાસો કરી ગુજરાતના દિગમ્બર જૈનમાં ઐકય વધી કાંઇપણ માર્ગદર્શક સાધનોના મુદ્દા નકી કરવા સારૂ અને ગુજરાતના દિગમ્બર જૈનની ઉન્નતિનું એક પણ સાધન જે હૈયાત નહોતું તે એક પરિષદ રૂપે એકત્ર સૌ બંધુ મળી વિચારની આપ લે કરી એક મહાન સંસ્થાનો પાયો નાખવાનું જ્યારે મુહૂર્ત થાય છે ત્યારે જરૂર અંતઃકરણ આનંદથી ઉભરાય છે કે આ પણ સુવર્ણ અવસર ગુજરાતના સમસ્ત દિગમ્બર બંધુઓ માટે સોનેરી અક્ષરે ઇતિહાસ લેખાશે.

હવે બંધુઓ, આ અવસરે આપણી શું ફરજ છે કે **જ્ઞાતિ પ્રથાનો મૃત્યુ ઘંટ, આપણા** સમાજમાં જ્ઞાતિઓ અને તેની પણ પેટા જ્ઞાતિઓ અને તેના પણ પેટા વિભાગ છે અને તેના વિભાગમાંય ગોળ અને એકડા યા તડ પક્ષ જેવા વાડાઓ બાંધી ક્ષેત્ર એકદમ સંકુચિત કરી નાખ્યું છે તેથી વર કન્યાની યોગ્ય પસંદગી માટે ખૂબ તકલીફ વેઠવી પડે છે અને એ ગોળ એકડાના બંધન એટલા બધા કડક ને જલદ હોય છે કે અનેક માબાપોને મરજી વીરૂદ્ધ પણ પોતાના બાળકોને ગોળમાજ પરણાવવા પડે છે. પછી વર કે કન્યા યોગ્ય મળો કે ન મળો તેની પરવા ઓછી કરાય છે છતાં એ કોઇ એ વાડામાંથી છટકવા પ્રયાસ કરે તો જ્ઞાતિ અગ્રેસરો તરફથી જ્ઞાતિ બહિષ્કાર જેવા કડવા ફળ ભોગવવા પડે છે મનુષ્યની સ્વતંત્રતા હણાય છે અને ઘણે ઠેકાણે યોગ્યાયોગ્યનો વિચાર સરખોએ કર્યા સીવાય લગ્નના લ્હાવા લુંટાય છે. પરિણામે ઘણાના જીવન વેડફાય છે વા જીવતર ધુળમાં મેળવાય છે.

વ્હાલા બંધુઓ, ટુંકમાં સમજો તો એકજ ધર્મ એકજ માર્ગના અનુયાયીમાં હવે ફાંટા શેના સંભવે ? અરે હતાજ કયારે તેનો તો જરા ઉંડા ઉતરી વીચાર કરો ? માટે હવે ઉંઘવાનો વખત નથી. અભિમાન રાખી ખોટા ઓઠા હેઠળ શંકા પણ રાખી અવળા અવનિતીના માર્ગો ગ્રહણ કરવાનો સમય પણ નથી કે અમને શું છે. અમારા વાડામાં અમારે કન્યાની વધુ છત છે, એકત્ર થશું તો કન્યા બીજા વાડાવાળા લઇ જશે તેમ બીજા વાડાવાળો માને કે અમો સબળ અને શ્રીમંત છીએ જેથી એકત્ર થવાની શું પરવા છે આવા મિથ્યા અભિમાન રાખી વીશા દશા, નૃશંગપુરા, મેવાડા, રાયકવાલ આદિ કહેવાતા મૂળ તો દિગમ્બરજ જેથી કોઇ જાતનો ભેદ રાખ્યા વગર પરસ્પર એક સંપીથી સમગ્ર એકજ ગોળ સ્થાપી પરસ્પર પ્રેમથી જેવો રોટી વહેવાર છે તેવોજ બેટી વહેવાર સ્થાપવો જુવે.

બંધુઓ, દિગમ્બર કોમની ઘટતી જતી થાય છે, અરે ચોમેરથી પડતીનાજ વાદળો દેખાય છે, અંધકારમાં કાંઇ માર્ગ નજરે પડતો નથી, તેવા સમયે આ સુવર્ણ માર્ગ સંગઠનનો યોજવા તક

મળી છે તો હાથથી જવા ન દેવી. સ્થળ સમય અને સંજોગ બધું કુદરતે અનુકુળ પરોપકારી બંધુઓના પ્રયાસથી સાંપડયું છે તેમાં વળી જેના નાવિક ગુજરાતનુ હિત હૈયડે ધરાવનાર દાનવીર પરોપકારી જૈન કુલ ભુષણ સ્વર્ગીય શેઠ માણેકચંદજીના ભત્રીજા શ્રીમાન શેઠ તારાચંદ નવલચંદ જવેરી આપણને મળ્યા છે. આપણા ગુજરાત ઉપર જેમનો ઉપકાર ન ભુલી શકાય તેવો છે. તેના યથ ક્રીંચીત્ ઋણ બદલ આ શુભ પ્રસંગને વધાવી લઇ સમાજની ઉન્નતિના ઉપાયો યોજવા સૌ એક સંપીથી એકમત થશો.

વળી જે સ્થળેથી બ્રીટીશ સલ્તન્તની કોઠી નખાઇ આ હીંદુસ્થાનમાં જમાવટ થઇ છે તે સ્થળેથી તેવીજ રીતે ગુજરાત દિગમ્બર જૈન સમાજની ઐક્ય પરિષદ સ્થપાઇ ચીર સ્થાઇ સ્મરણ રીતે કાયમ રહે અને સમાજના વાડા કુશંપ તોડી ધાર્મીક સામાજીક આર્થીક ઉન્નતિ કેમ વધે તેવો માર્ગ ગ્રહણ કરવાનો સુરત દિગંમ્બર જૈન બંધુઓ એક સંપથી ગુજરાત માટે કરી બતાવશે એવી આ સમય માટે જરૂર હું આશા રાખુ છું એજ. સેવા અભિલાષી સેવક પરિષદની સફળતા ઇચ્છતો.

શા. વ્રજલાલ કેવળદાસ સુતરીયા.

ભાવનગર, તા. ૩૦-૧૨-૩૩

સંદેશાઓ વંચાવા પછી નીચે મુજબ ઠરાવો શાંતિથી ને ઘટતાં વિવેચનો પૂર્વક પસાર થયા હતા:—

ઠરાવ ૩ જો—જ્ઞાતિ ઝઘડા નિકાલ કમીટી.

ગુજરાતની દિગંબર જૈન નાતિઓમાં જ્યાં જ્યાં સામાજીક ઝઘડાઓ હોય ત્યાં ત્યાંના પંચોને આ પરિષદ વિનંતિ કરે છે કે તેવા ઝઘડાઓનો સલાહસંપથી નીકાલ કરવો. એવા નીકાલ તે તે પંચો પાસે કરાવવા બનતો પ્રયાસ કરવા નીચેના ગૃહસ્થોની કમીટી નીમવામાં આવે છે. સદરહુ કમીટીને એ કાર્ય માટે યોગ્ય લાગે તેવા સદ્‌ગૃહસ્થોને ઉમેરવાની સત્તા આપે છે.

કમીટીના નામો—શેઠ તારાચંદ નવલચંદ ઝવેરી (મુંબાઇ), કાલીદાસ જેશીંગ બીન કીશોરદાસ (બોરસદ), શેઠ ભગવાનદાસ ઝવેરદાસ (સોજીત્રા), શા. જીવણલાલ ગોપાળદાસ વખારિયા (કલોલ), શા. નાગરદાસ નરોતમદાસ સંઘવી આમોદ, શેઠ વ્રજલાલભાઇ કેવળદાસ ભાવનગર છોટાલાલ ઘેલાભાઇ ગાંધી અને મુળચંદભાઇ કાપડિયા.

દરાવ મુકનાર—**શા૦ મનસુખલાલ બહેચરદાસ ચોકશી સોલીસીટર-મુંબઇ.**

ટેકો આપનાર—**શા૦ નાગરદાસ નરોતમદાસ**

ઠરાવ ૪ થો—વિવાહ (સગપણ) અને લગ્નની હદ.

આ પરિષદ નીચેની બાબતોને સંમતિ આપે છે અને એ બાબતો પસાર કરવા દરેક પંચને ભલામણ કરે છે.

(૧) દશ વર્ષની ઉમર પુરી થતા સુધી કન્યાની સગાઇ કરવી નહીં.

(૨) કન્યા કરતાં વરની ઉમર ઓછામાં ઓછી ૪ વર્ષ વધુ હોવી જોઇએ.

(૩) વૃદ્ધ વિવાદ થતા અટકાવવા માટે વર કન્યા વચ્ચે ૨૪ વર્ષથી વધુ અંતર રાખવો નહીં.

દરાવ મુકનાર—**શા. મુળચંદ કરસનદાસ કાપડિયા.**

ટેકો આપનાર—**શા. જનકલાલ નાથુભાઇ અંકલેશ્વર.**

આ દરાવ પર શા. નવનીતલાલ ખુશાલચંદ મોદી સુરત, શા. મંગલદાસ નાથાભાઇ વેડચ વગેરેએ જુદી જુદી રીતે વિરોધ કર્યો હતો ને વાદાનુવાદ પછી શાંતિથી આ દરાવ માત્ર બે વિરૂદ્ધ મતે પાસ થયો હતો.

ઠરાવ ૫ મો-પેટા જ્ઞાતિઓમાં લગ્ન.

આ પરિષદ ગુજરાતી દિગંબર જૈનોની પેટા જ્ઞાતિઓ અરસ પરસ કન્યાની આપ લે કરે તેને ધાર્મિક તથા સામાજીક દ્રષ્ટિએ યોગ્ય અને આવશ્યક ગણે છે, અને તેવાં લગ્નોને ઉત્તેજન આપવા ભલામણુ કરે છે. એ દ્રષ્ટિએ ગુજરાતી દિગંબર જૈનોની પેટા જ્ઞાતિઓમાં જે જે પંચો આ ઠરાવને સંમત થાય તેઓ અરસપરસ કન્યા આપ લે કરવાનાં દ્વાર માંહો માંહે ખુલ્લાં મુકે.

ઠરાવ મુકનાર—**શા૦ શાંતીલાલ હરજીવનદાસ**
ટેકો આપનાર—**શેઠ ભગવાનદાસ ઝવેરદાસ,**
" **પં. દરબારીલાલજી ન્યાયતીર્થ**
" **શા૦ ગમનલાલ ખુશાલચંદ**
" **નરોતમદાસ જગજીવનદાસ**

આ ઠરાવ પર છુટથી ઘણાં વિવેચનો થયાં હતાં. એક બે ભાઇએ ઠરાવનો વિરોધ પણ કર્યો હતો છતાં છેવટે હર્ષનાદ વચ્ચે આ ઠરાવ માત્ર એક વિરૂદ્ધ મતે પાસ થયો હતો.

ઠરાવ ૬ ઠો-પંચનું બંધારણ.

આ પરિષદ ઠરાવ કરે છે કે નીચેના ગૃહસ્થોની એક કમેટી .પંચોના બંધારણનો ખરડો તૈયાર કરે અને આ પરિષદની બીજી બેઠક પહેલાં પ્રમુખને રજુ કરે.

કમીટીનાં નામો—૧-શેઠ કાળીદાસ જેશીંગભાઇ બીન કીશોરદાસ-બોરસદ, ૨-શેઠ ભગવાનદાસ ઝવેરદાસ સોજીત્રા, ૩-શા. મોહનલાલ કાળીદાસ સોલીસીટર, ૪-શેઠ છોટાલાલ ઘેલાભાઇ ગાંધી અંકલેશ્વર, ૫-શેઠ તલકચંદ જેલાભાઇ તાસવાળા સુરત, ૬-શા. ચીમનલાલ નરસીંહદાસ વકીલ અમદાવાદ, ૭-શેઠ જમનાદાસ પરભુદાસ ઝહેર. ૮-મોહનલાલ મગનલાલ બોરાણુ.

ઠરાવ મુકનાર—**છોટાલાલ ઘેલાભાઇ ગાંધી.**
ટેકો આપનાર—**શેઠ બાલુભાઈ નેમચંદ,**
" **શા. ભુરાભાઇ મુળચંદ,**

ઠરાવ ૭ મો—વસ્તી પત્રક.

આ પરિષદ દરેક પંચને ભલામણુ કરે છે કે પોતપોતાની કોમનું વસ્તી પત્રક તૈયાર નહિ હોય તો તૈયાર કરે અને મંત્રીને મોકલી આપે.

પ્રમુખ તરફથી.

ઠરાવ ૮ મો.

આ પરિષદ ઠરાવ કરે છે કે ગુજરાતમાં વસતા દિગંબર જૈનોને જીવન નિર્વાહના સાધનો મેળવવામાં પડતી મુશ્કેલી દુર કરવા માટે હાલના સંજોગો ધ્યાનમાં લેતા એક એવી ગુજરાત માધ્યમિક સંસ્થા સ્થાપન કરવી કે જે જીવન નિર્વાહના સાધનોથી વિમુખ હોય તેવી વ્યકિતઓના નામોની નોંધ કરી તેઓને મદદ કરવાને ઉપાયો યોજી શકે અને તેને માટે નીચેના ગૃહસ્થોની એક કમીટી નીમવી.

૧—શા૦ ગમનલાલ ખુશાલચંદ સુતરવાલા.
૨—શેઠ ઠાકોરદાસ ભગવાનદાસ ઝવેરી, મુંબાઇ.
૩—શા૦ જીવરાજ ગુલાબચંદ ગાંધી બી. એ.
૪—શા. શાંતીલાલ હરજીવનદાસ સોલીસીટર-મુંબાઇ.
૫—શા૦ મુલચંદ કરસનદાસ કાપડીયા-સુરત.

પ્રમુખસ્થાનેથી.

ઠરાવ ૯ મો—સ્વદેશી વસ્તુઓ.

આ પરિષદ ઠરાવ કરે છે કે સર્વે સામાજીક અને ધાર્મિક પ્રસંગોએ ખાદી તથા સ્વદેશી વસ્તુઓ વાપરવાની સર્વે "દિગંબર જૈનોને" વિનંતિ છે. **પ્રમુખસ્થાનેથી.**

ઠરાવ ૧૦ મો—શ્રાવિકાશ્રમોને ઉત્તેજન.

આ પરિષદ સર્વ પ્રતિનિધીઓ મારફત દરેક પંચને આગ્રહ પૂર્વક વિનંતિ કરે છે કે વ્હેનો માટે ગુજરાતના દિગંબર જૈનોમાં એક સરખી સંસ્કૃતિ લાવનાર એકજ ઉપાય સ્ત્રી કેળવણી છે અને એનું એક સાધન શ્રાવિકાશ્રમ છે ને એવા આશ્રમો મુંબાઇ, સોજીત્રા અને જાંબુડીમાં છે છતાં તેનો લાભ ગુજરાતી કન્યા સધવા કે વિધવા વ્હેનો નહીં જેવોજ લે છે માટે પોતાની આશ્રિત

બ્હેનોને વીતરાગભાવનાને અર્થે-ખાસ કરીને વિધવા બ્હેનોને જરૂર આ શ્રાવિકાશ્રમમાં મોકલે.
ઠરાવ મુકનાર—**શ્રીમતી લલિતાબ્હેન; મુંબાઈ**
ટેકો આપનાર—**શ્રી નાની બ્હેન સંઘવી.**

આ ઠરાવ પર વિધવા બ્હેનોનાં દુઃખોનું વિવેચન કરતાં શ્રીમતી લલિતાબ્હેને એવું હૃદય-ભેદક ભાષણ આપ્યું હતું કે શ્રોતાઓની આંખોમાં આંસુ આવી ગયા હતાં ને જ્યારે આપે એક પાંચ વર્ષની વિધવાની કથા સંભળાવી હતી ત્યારે તો સભામાં અત્યંત ક્ષોભ છવાઇ ગયો હતો. અંતમાં લલિતાબ્હેને દેવગઢ ક્ષેત્રમાં માહા વદ ૧ પર મળનારી ભારત દિ० જૈન મહિલા પરિષદના અધીવેશનની સર્વેને સુચના કરી હતી.

આ ઠરાવ પર જુદા રૂપે શા. શાંતીલાલ હરજીવનદાસ સોલીસીટરે વિરોધ કર્યો હતો પણ પ્રમુખ સાહેબના ખુલાસાથી આપે આપનો વિરોધ ખેંચી લીધો હતો અને આ ઠરાવ સર્વાનુમતે પાસ થયો હતો.

ઠરાવ ૧૧ મો—પાઠશાળાઓ.

આ પરિષદ દરેક ગામની પંચને ભલામણ કરે છે કે ગુજરાતમાં જ્યાં જ્યાં પાઠશાળાઓ બંધ પડી છે તે ચાલુ કરવી તથા જ્યાં જ્યાં ન હોય ત્યાં ચાલુ કરવા પૂર્ણ પ્રયત્ન કરવો.
ઠરાવ મુકનાર—**જનકલાલ નાથુભાઈ અંકલેશ્વર.**
ટેકો આપનાર—**છગનલાલ ઉત્તમચંદ સરૈયા**

ઠરાવ ૧૨ મો—ગુજરાત દિ. જૈન પ્રાંતિક સભા અને તેના ઉદ્દેશ ને નિયમો.

આ ઠરાવ ઘણો લાંબો છે જે આ અંકમા આખો પ્રકટ કરવામાં આવ્યો છે, જે પૂર્ણ ધ્યાનથી વાંચી જવા તથા સભાના સભાસદ થવા દરેકને ભલામણ કરીએ છિયે પણ એના સારાંશ રૂપે એટલું તો અત્રે જણાવીએ છિયે કે-

(૧) આ પરિષદનું નામ હવે ગુજરાત દિ. જૈન પ્રાંતિક સભા રહેશે. (૨) એનો ઉદ્દેશ ગુજરાતના દિ. જૈનોનું સંગઠન કરવાનો તથા તેમની ધાર્મિક, આર્થિક, સામાજીક, શારીરિક, માનસિક ઉન્નતિ કરવાનો તથા બની શકે તે બાબતોમાં સમસ્ત જૈન સમાજમાં એકતા સ્થાપન કરવાનો છે તથા ખાસ ઉદ્દેશ પંચોના ઝઘડા પતાવવાનો તથા ગુજરાતી દિ. જૈન પેટા જ્ઞાતિ-ઓમાં લગ્ન સંબંધ (અંતર્જાતીય વિવાહ) ચાલુ કરાવવાનો છે તથા એક માસિક પત્ર પ્રકટ કરવાનો છે. (જે માટે "દિગંબર જૈન" માસિક હવે એ સભાનું માસિક થાય છે.) (૩) ચુંટાયલા પ્રતિનિધીની મેમ્બર ફી વાર્ષિક રૂ. ૨) ને સાધારણ સભાસદની વાર્ષિક ફી. રૂ. ૫) છે. માનદ સભાસદ પણ લેવાશે તથા ૧૦૧) આપ-નાર લાઇફ (જીંદગી પર્યંતના) મેમ્બર અને ૫૦૧) આપનાર પેટ્રન એટલે વંશપરંપરાના સભાસદ ગણાશે. (૪) સભાનું માસિક પત્ર દિગંબર જૈન માનદ સભાસદોને અડધા મુલ્યથી તથા બાકીના સભાસદોને વિના મુલ્યે મોકલવામાં આવશે.

આ ઠરાવ શા. મોહનલાલ કાળીદાસ સોલી-સીટરે મુકયો હતો ને તેને શા. કાળીદાસ જેશીંગ બીનકિશોરદાસ, ગમનલાલ ખુશાલચંદ સુતરવાલા ને છોટાલાલ ઘેલાભાઇ ગાંધીએ ટેકો આપ્યા પછી એ ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

ઠરાવ ૧૩ મો—પરિષદ નિભાવ ફંડ.

આ પરિષદના ઉદ્દેશોનો પ્રચાર કરવા માટે તથા એના નીભાવ માટે એક સાધારણ ફંડની જરૂર છે.
ઠરાવ મુકનાર—**મૂલચંદ કસનદાસ કાપડીઆ**
ટેકો આપનાર—**શા. નાગરદાસ નરોતમદાસ**

આ ઠરાવ ઉપર કાપડિયાજીએ એવું અસરકારક વિવેચન કર્યું હતું કે જેથી તરતજ નીચે મુજબ રકમો લાઇફ મેમ્બર ને મેમ્બર તરીકે ભરાઇ હતી.

૫૦૧) શેઠ તારાચંદ નવલચંદ ઝવેરી મુંબાઇ
૧૦૧) ,, મોહનલાલ કાલીદાસ સોલીસીટર ,,
૧૦૧) ,, મૂલચંદ કસનદાસ કાપડિયા સુરત
૧૦૧) ,, વસ્તુપાલ શંકરલાલ આમોદ

૧૦૧) શા. મોતીચંદ સાકેરચંદ તાસવાલા સુરત
૧૦૧) ,, રસીકલાલ હરજીવદાસ આમોદ
૧૦૧) ,, મનસુખલાલ બ્હેચરદાસ સોલી૰ મુંબઇ
૧૦૧) ,, ચીમનલાલ કેવળદાસ કરમસદ
૧૦૧) ,, ભાઇચંદ રૂપચંદ (ફલટનવાળા) મુંબાઇ
૧૦૧) ,, અંબાલાલ ત્રિભોવનદાસ ભોજ
૧૦૧) ,, ઠાકોરદાસ ભગવાનદાસ ઝવેરી મુંબાઇ
૧૦૧) ,, મહાસુખભાઇ દામોદરદાસ અમદાવાદ
૧૦૧) ,, ભોગીલાલ ઉગરચંદ અમદાવાદ
૧૦૧) ,, મગનલાલ હરજીવનદાસ સુણદા
૧૦૧) ,, છોટાલાલ ઘેલાભાઇ ગાંધી અંકલેશ્વર
૧૦૧) ,, છગનલાલ ઉત્તમચન્દ સરૈયા સુરત.
૧૦૧) ,, સોભાગચન્દ કાળીદાસ ડભકા
૧૦૧) ,, નાગરદાસ નરોત્તમદાસ સંઘવી આમોદ
૧૦૧) ,, હીરાલાલ છગનલાલ વખારીયા કલોલ
૧૦૧) ,, લલ્લુભાઇ લક્ષ્મીચન્દ ચોકસી મુંબાઈ

ઉપલા ભાઇયોએ લાઇફ મેમ્બર થવા ઇચ્છા દર્શાવી હતી તથા નીચે મુજબ સભાસદોના નામો નોંધાયા હતા ને વધુ નોંધાતા જાય છે.

૫) નાગરદાસ નરોતમદાસ આમોદ
૨) મણીલાલ ઇશ્વરલાલ કલોલ
૨) ફુલચંદ છગનલાલ ,,
૨) રતીલાલ નરોતમદાસ આમોદ
૨) ચંદુલાલ જમનાદાસ કલોલ
૨) સોભાગચંદ હેમચંદ વાગરા
૨) ઉદેચંદ બહેચરદાસ આમોદ
૨) અમરતલાલ કેશવલાલ દાલીયાપોળ વડોદરા
૨) છોટાલાલ મગનલાલ ડભોઇપોળ ,,
૨) વ્રજલાલ છોટાલાલ વાડી વડોદરા
૨) રતીલાલ માણેકલાલ દાલીયા પોલ વડોદરા
૨) હીંમતલાલ જગજીવનદાસ ,, ,,
૨) દેવચંદ ફુલચંદ માજલપુર (,,)
૨) હીરાલાલ નાથુભાઈ ચોકશી ભરૂચ
૨) ઠાકોરલાલ હરજીવનદાસ આમોદ
૨) હીરાલાલ મોતીલાલ વડુ
૫) ગાંધી લીલાચંદ ફતેચંદ જાદર (ઇડર)
૨) સાકેરચંદ પાનાચંદ જાદર (ઇડર)
૨) નટવરલાલ હરીલાલ દાળીયાપોળ વડોદરા
૫) ચંદુલાલ તારાચંદ વખારીયા કલોલ
૨) વ્રજલાલ છગનલાલ ડભકા
૫) દોશી મુચલંદ જેચંદ સુદાસણા
૫) મુલચંદ શીવલાલ છાણી
૨) મગનલાલ રતનજી સુણદાવાળા
૨) ભુરાભાઇ મુલચંદ જંબુસર
૨) દોશી મગનલાલ કોદર સાબલી
૨) દલુચંદ લખમીચંદ
૨) મોતીલાલ માણેકચંદ
૨) મુળચંદ અમથાભાઇ
૨) દલુચંદ ખુશાલચંદ
૨) કસ્તુરચંદ મોતીચંદ
૨) પાનાચંદ અમથાભાઇ
૨) માણેકચંદ ધરમચંદ
૨) હીરાચંદ નેમચંદ
૨) તલકચંદ ગુલાબચંદ કુકડીયા
૨) ગાંધી કુબેરદાસ પદમશી સદલજ

ઠરાવ ૧૪ મો—ગુજરાત દિ. જૈન પ્રાંતિક સભાની વ્યવસ્થાપક સમિતિ.

આ સભાનું કાર્ય ચલાવવાને માટે નીચેના ગૃહસ્થોની એક વ્યવસ્થાપક (મેનેજીંગ) કમીટી બીજી ચુંટણી ન થાય ત્યાં સુધીને માટે નીમવામાં આવે છે.

વ્યવસ્થાપક સમિતિના નામો

૧–શેઠ તારાચન્દ નવલચંદ ઝવેરી, પ્રમુખ અને અને કોષાધ્યક્ષ, મુંબાઇ
૨–શેઠ મુલચન્દ હરીલાલ સોજિત્રા ઉપપ્રમુખ
૩– ,, ભગવાનદાસ ઝવેરદાસ ,, ,,
૪–વ્રજલાલ કેવળદાસ ભાવનગર ,,
૫–સોભાગચન્દ જેઠાભાઇ આમોદ ,,
૬–છોટાલાલ ઘેલાભાઇ ગાંધી અંકલેશ્વર મહામંત્રી
૭–મૂલચન્દ કસનદાસ કાપડિયા સુરત મંત્રી અને સંપાદક "દિગંબર જૈન."
૮–મોહનલાલ કાલીદાસ સોલી૰ ખાર. સભાસદ

૯–મનસુખલાલ વ્હેચરદાસ „ સભાસદ
૧૦–દલપતભાઇ પાનાચન્દ વેડચ „
૧૧–કાલીદાસ જેસીંગભાઇ બીનકિં બોરસદ „
૧૨–પ્રેમચન્દ દેવચન્દ ધાયજ „
૧૩–વસ્તુપાલ શંકરલાલ ચોકસી આમોદ „
૧૪–ત્રિભુવનદાસ વલ્લભદાસ કાણીસા „
૧૫–મંગલદાસ નાથાભાઇ વેડચ „
૧૬–ગમનલાલ ખુશાલચન્દ સુતરવાળા સુરત „
૧૭–માણેકચન્દ છગનલાલ ખાનપુર „
૧૮–કાલીદાસ નાનચન્દ મીઠાવાલા ઇડર „
૧૯–મોહનલાલ મગનલાલ ઓરાણ „
૨૦–ચુનીલાલ નાનચંદ અલવા સાદરા „
૨૧–સુરજમલ જેચંદ ગાંધી દાહોદ „
૨૨=જીવરાજ ગુલાબચંદ ગાંધી બી૦ એ૦ સુરત
૨૩–જીવણલાલ ગોપાલદાસ વખારીયા કલોલ
૨૪–નાગરદાસ નરોતમદાસ સંઘવી આમોદ
૨૫–છગનલાલ ઉત્તમચંદ સરૈયા સુરત
૨૬–મણીલાલ ઇશ્વરલાલ વકીલ કલોલ
૨૭–ફુલચંદ છગનલાલ શાહ સુરત
૨૮–કેવળદાસ રાવજીભાઇ ઇડર
૨૯–નરોતમદાસ જગજીવનદાસ વ્યારા
૩૦–ચાંદમલજી મનીરામ ગોરધનવાલા અમદાવાદ
૩૧–પં૦ છોટેલાલજી પરવાર અમદાવાદ
૩૨–શા ઠાકોરદાસ ભગવાનદાસ ઝવેરી મુંબઇ

એ પછી સ્વાગત કમીટીનો આભાર માનવાની દરખાસ્ત શા. શાંતીલાલ હરજીવનદાસ સોલીસીટરે મુકી હતી જેને શા. કાળીદાસ જેશીંગભાઇ બીનકીશોરદાસ ને મોહનલાલે ટેકો આપવા પછી તાળીઓના અવાજ વચ્ચે તે પસાર થઇ હતી, આ દરખાસ્તમાં ખાસ કરીને આ પરિષદની યોજના કરવાવાળા શેઠ છોટાલાલ ઘેલાભાઇ ગાંધી અંકલેશ્વર, શેઠ મુળચંદ કસનદાસ કાપડિયા સુરત અને શા. છગનલાલ ઉત્તમચંદ સરૈયાનો તો ખાસ આભાર માનવામાં આવ્યો હતો એ પછી પ્રમુખ સાહેબનો આભાર માનવા ની દરખાસ્ત શા. મોહનલાલ સોલીસીટરે મુકી હતી જેને ગમનલાલ ખુશાલચંદ સુતરવાળાને ચીમનલાલ નરસઇદાસ વકીલે ટેકો આપ્યો હતો તે પછી ભાઇ છગનલાલ ઉત્તમચંદ સરૈયાએ શા. મુળચંદ કરસનદાસ કાપડીયાના ટેકા સાથે પ્રતિનિધિઓ, ભોજન કમેટી, ઉતારા કમેટી, પત્ર વ્યવહાર કમીટી, વોલંટિયર કમીટી વગેરેનો આભાર માની ઉતારા માટે કંઇપણ બદલા વગર મળેલ 'જીવન નિવાસ' અને સર પરશોતમદાસની આલીશાન વાડીઓના વ્યવસ્થાપકોનો ખાસ આભાર માનવામાં આવ્યો હતો જે પછી પ્રમુખ સાહેબ ને સ્વાગત સભાપતિએ હારતોરા અર્પણ કર્યા હતાં. પ્રમુખ સાહેબે છેવટે ટુંકમાં અસરકારક વિવેચન કરી સર્વનો આભાર માની અત્રે થયેલા ઠરાવો પર પોત પોતાની પંચોમાં એનો તાકીદે અમલ કરવાની તથા આ સભાને ચિરસ્થાયી બનાવવા એના મેમ્બરો થવાની સર્વેને હાકલ કરી હતી અને હર્ષનાદ વચ્ચે પા વાગતે પરિષદનું કાર્ય વિસર્જન કર્યું હતું. જે પછી આખી સભાનો મોટો ગ્રુપ ફોટો લેવામાં આવ્યો હતો.

રાત્રે ૭ થી ૮ાા દિગંબર જૈન યુવક સંઘની તરફથી એના પ્રમુખ શા. જીવરાજ ગુલાબચંદ ગાંધી બી, એ. ને ઘેર ખાસ ખાસ પ્રતિનિધીઓને નોતરવામાં આવ્યા હતા જ્યાં સ્વાગત થઇ પારષદના ઠરાવો પર ચર્ચા થઇ હતી.

પછી રાત્રે ૮ાાથી ૧૦ાા સુધી આર્યસમાજના હોલમાં બાળિકા સમાજ સુરતના ગરબા અને કસરતના પ્રયોગો થયા હતા જેથી પ્રસન્ન થઇ માણેકબ્હેન તથા એક ભાઇએ ૧) ૧) એ છોકરીઓને ભેટ આપ્યો હતો તથા ૪૧) એ સમાજને મદદ આપવામાં આવી હતી.

આ પ્રકારે સુરતમાં ગુજરાત દિ. જૈન પરિષદનું કાર્ય ધાર્યા કરતાં પણ અતીવ સફળતાપૂર્વક થયું હતું અને **ગુજરાત દિગંબર જૈન પ્રાંતિક સભા**ની સ્થાપના થઇ ગઇ **છે.**

ગુજરાતી દિ. જૈન પંચોને નમ્ર વિનંતિ.

ગુજરાતી દિ. જૈન પંચ, સંઘ, પક્ષ કે મંડળને ધારા ધોરણ અને ઠરાવની નકલ મોકલવામાં આવે છે અને આગ્રહ પૂર્વક નમ્ર વિનંતિ કરીએ છીએ કે સુરતમાં જે જે ઠરાવો કર્યા છે તેનો અમલ પોતાની જ્ઞાતિ, પંચ કે મંડળમાં જેમ બને તેમ વહેલો થાય તે માટે દરેક ઉપાય અજમાવે. ઓરાણ પ્રાંતિજનું ચોકલું માહ મહીને મળશે, મેવાડા ભાઇઓ મહા મહિને પાવાગઢ સ્થાને પંચ મેળવે અને નરસિંહપુરા ભાઇઓ સાત ગામના વિભાગનું સમસ્ત પંચ મેળવે તેમજ વીશાહુમડ, રાયકવાળ અને બીજા ભાઇ તે પહેલાં પંચ મેળવી પરિષદના ઠરાવોને પૂર્ણ સંમતિ આપે તો આપણું કામ બહુજ જલ્દીથી અમલમાં આવે એમ છે. દરેક ગામ પંચ પક્ષ કે મંડળ પોતાની ઉપરી સમસ્ત પંચ મેળવવા વિનય ને ઉદાર ભાવ રાખે અને જે જે ઉપાયો અને ઠરાવો કરે તે "દિગંબર જૈન" ના સંપાદકને સુરત ખબર આપશે તો તે આભાર સાથે સ્વીકારાશે.

દરેક પેટા જ્ઞાતિના દરેક ગામને પંચ કહેવાશે, એવા ગામ પંચો મળીને જે પંચ થાય તે સંભા ચોખલા કે વિભાગ પંચ કહેવાશે અને એવા સંભા, ચોખલા કે વિભાગી પંચો મળીને જે પંચ થાય તે સમસ્ત પંચ ગણાશે. દાખલા તરીકે સુરત વિભાગ નૃસિંહપરા પંચમાં વ્યારા બુહારીના ગામ પંચો, આમોદ વિભાગ નરસિંહપુરા પંચમાં આમોદ, વિરજઇ. વાગરા, કેરવાડા, ડભકા આદિ ગામ પંચો આવી જાય છે. તેજ પ્રમાણે કલોલ, ઝહેર, નરોડા, મખીઆવ અને અમદાવાદ વિભાગી પંચોમાં સમાતા દરેક ગામ પંચો આવી જાય અને સુરત, આમોદ અને કલોલાદિ, વિભાગી પંચો મળી ગુજરાત નરસિંહપુરા સમસ્ત પંચ થાય છે. એવીજ રીતે સુરત, ભાવનગર, દાહોદ, ઓરણ, પ્રાંતિજ, રાયદેશ, સત્તર જીલ્લાના વિભાગી દશા હુમડ પંચો મળીને ગુજરાત દશાહુમડ સમસ્ત પંચ બને છે. તેજ રીતે સુરત, સંતરામપુર, ઇડર આદિ વિભાગી પંચ મળી વિશા હુમડ સમસ્ત પંચ થાય છે અને ધારા ધોરણના નિયમ ૮ મા દર્શાવેલ સૂચના મુજબ ગુજરાત બહારના ગુજરાતમાં આવી વસેલ ખંડેલવાળ, અગ્રવાલ આદિ દિગંબર જૈનોના પંચ કે મંડળ હોય તે સાધારણ પંચ તરીકે ગણવામાં આવશે. જો બે કે વધુ પેટા જ્ઞાતિ મળી જાય તો તેને સંઘ કહેવામાં આવશે.

(૧) દરેક ગામ પંચ વિભાગી કે સંભા પંચ અને સમસ્ત પંચ તેમજ સાધારણ પંચ અને મંડળ કે સંઘ અને તેમના કાર્યકર્તાઓને વિનંતી કરવામાં આવે છે કે પોતાના પંચ અને કાર્યકર્તા કે શેઠનું નામ સરનામા સાથે મહામંત્રીને અંકલેશ્વર મોકલી આપે કે તેથી મહામંત્રીને તેમની સાથે પત્રવ્યવહારમાં સુગમતા થાય.

(૨) ઠરાવ ૧ અને ૩ મુજબ ગુજરાત દિ. જૈન પ્રાંતિક સભાના ઉદ્દેશ અને ધારા ધોરણ મંજુર થયા છે તેમાં દર્શાવેલ નિયમ ૮ પ્રમાણે ચુંટી કાઢેલા સભાસદ પોતાને ત્યાંની વસ્તિના સેંકડે ચાર ટકાના પ્રમાણમાં જે સંખ્યા થાય તેટલા પ્રત્યેક રૂ. ૨) આપી સભાના સભાસદ બને, બીજા સભાસદોએ વાર્ષિક રૂ. ૫) આપી સાધારણ સભાસદ જેમ બને તેમ વેલાસર બનવું અને નામો લવાજમ સાથે સુરત મોકલી આપવા, જેઓએ રૂ. ૨) કે ૫) લવાજમ આપ્યા હશે અગર મોકલ્યા હશે તેમનેજ "દિગંબર જૈન" માસીક મફત મોકલાશે.

(૩) ધારા ધોરણ નિયમ નંબર ૮ (૪) અને (૫) મુજબ રૂ. ૧૦૧) અને તેથી વધુ ભરનાર

જીવન પર્યંતના સભાસદ બનાવી તેમજ રૂ. ૫૦૧) અને વધુ ભરનાર વંશપરાના સભાસદ બનાવી તેઓના અમર નામ પ્રાંતિક સભા સાથે જોડવા દરેક પ્રયાસ કરશોજી અને તેમને પણ "દિગંબર જૈન" માસીક જીવન પર્યંત મફત મોકલાશે. વળી એઓને નિયમ ૧૬ પ્રમાણે બનતી સાધારણ સભાના કાયમના સભાસદ તરીકે તમામ હક રહેશે.

(૪) દરેક વિભાગી સંભા કે ચોખલાના પંચ પોતાના પંચમાં જેને કાર્યવાહક કમીટી નીમે; તેના નામ કંઇપણ લવાજમ લીધા વગર પ્રાંતિક સભાએ (૧૬) મુજબ પોતાની સાધારણ સભામાં દાખલ કરવાના છે. એટલે હાલ બોરણુ પ્રાંતિજના ચોખલાના પંચની કાર્યવાહક કમીટીના ૪૦ સભ્યો બીન લવાજમે ગુ. દિ. જૈન પ્રાંતિક સભામાં દાખલ થાય છે. અને એવીજ રીતે સુરત, સોજીત્રા, અંકલેશ્વર, દાહોદ, છડર, રાયદેશ, કલોલાદિ પાંચ ગામ કે સાત ગામ વીગેરે વિભાગના તમામ પેટા જ્ઞાતિઓએ કે તેવા ગુજરાત બહારના ગામોએ પોતાના પંચ મેળવી પંચના બંધારણ કરીને અગર બંધારણ કર્યા વગર પણ કાર્યવાહક કમીટી નીમવી જોઇએ અને તેના નામો મહામંત્રીને મળેથી તેઓને વગર લવાજમે ગુ. દિ. જૈન પ્રાંતિક સભાની સાધારણ સભામાં દાખલ કરવામાં આવશે.

એવા સભાસદને પ્રતિષ્ઠિત સભાસદનું નામ આપવામાં આવ્યું છે અને તેઓમાંથી જેઓ "દિગંબર જૈન" નું અરધું લવાજમ રૂ. ૧–૨–૦ મનીઓર્ડરથી મોકલશે (વી. પી. થઇ શકશે નહીં) તેને દર માસે દિગંબર જૈન મળશે. અત્યાર પહેલાં છપાયલો 'દિગંબર જૈન સમાજ અંક મંગાવનાર રૂ. ૦–૬–૦ વધુ મોકલશે તો શિલીકમાં હશે ત્યાં સુધી તે પણ મોકલવામાં આવશે.

(૫) 'દિગંબર જૈન' આ પ્રાંતિક સભાનું માસિક થવાથી હવે તે ગુજરાતને ખાસ ઉપયોગી નીવડશે. એમાં દરેક ગામ અને પેટા જ્ઞાતિની હકીકત આવશે એટલે આશા છે કે સૌ કોઇને દિગંબર જૈનના ગ્રાહક થશે. અને દરેક સ્થાનથી 'દિગંબર જૈન' માટે સમાચાર અને પરિષદના ઉદ્દેશ સાચવી લેખો પણ મોકલશોજી.

(૬) ઠરાવ નં. ૪ પેટા જ્ઞાતિમા જ્યાં જ્યાં ઝઘડા હોય તેનો સલાહ સંપથી માંહો માંહે નિકાલ કરવા પરિષદ પંચોને વિનંતી કરે છે. તે પ્રમાણે આવતી હોળી પહેલા ઝઘડા પતાવી દઇ આપણા અંદર અંદરના રાગદ્વેષને હોળીમાં આહુતી રૂપે ભસ્મ કરી દેવા સર્વને વિનંતિ છે. જે જે ગામોએ એવા ઝઘડા હોય અને તે માંહોમાંહે પતે એમ નહિ લાગતા હોય તો અંકલેશ્વર મહામંત્રીને ખબર આપવામાં આવશે તો સેવક આપને ત્યાં આવવા સમય આપશે અને બનતો પ્રયાશ કરશે. મહામંત્રીને જરૂર લાગશે તોજ ઝઘડા નિકાલ કમીટીના સભ્યોને તે સ્થાને પધારવા વિનંતિ કરશે અને તેમને તસ્દી આપશે.

(૭) ઠરાવ ૫ મો—બહુજ અગત્યનો છે અને તે માટે દરેક પંચો યોગ્ય ઠરાવ કરે ને દિગંબર જૈનમાં છપાવવા મોકલે અને તેની નકલ સમસ્ત પંચને પણ મોકલે. હમો માનીએ છીએ કે ગામ પંચો એ ઠરાવ કરે, પછી કદાચ સંભા પંચ કે સમસ્ત પંચની ચર્ચા ઉપરથી પોતાનો મત ફેરવવો એ પડે, માટે દરેક ગામ પંચ આ ઠરાવ પોતાની પંચમાં મંજુર કરાવી લખી મોકલશે. વળી આ ઠરાવનો અમલ કરતાં પહેલાં આપણા રીત રીવાજો એક સમાન થાય એ પણ ઇચ્છવા જોગ છે. દરેક સંસ્કાર જૈન શાસ્ત્ર પ્રમાણે હોય પણ દરેક પેટા જ્ઞાતિના આગેવાન અગર ઉત્સાહી યુવાન કે વૃદ્ધ હિતેચ્છુને વિનંતિ છે કે પોતાની જ્ઞાતિના જન્મથી કે મરણ પર્યંતના કેટલાક વધુ પડતા સ્થાનિક રીત રીવાજ લખે અને પોતે સર્વને અનુકુળ બનાવવા શું સુધારો કરવા ઇચ્છે છે તે પણ લખી આખો લેખ

મહામંત્રીને એક માસમાં મોકલવા તસ્દી લે અને સેવકને આભારી કરે. આવા લેખ આવશે તે ઉપરથી મહામંત્રી અને મંત્રી એક સામાન્ય ખરડો તૈયાર કરશે અને તે ખરડો વ્યવસ્થાપક કમીટીને મોકલશે પછી તે પંચને વિચાર માટે મોકલશે. શહેરોમાં પલ્લાં બહુજ વધારે છે તેથી આ જમાનાને અનુસરી ઓછામાં ઓછું પલ્લું, પહેરામણી, અને લગનના કપડાં કેટલાં હોવા જોઇએ તે વિષેના લેખો પણ મોકલે.

(૮) ઠરાવ ૬ ઠો—સગપણ અને તેની હદ બાબત છે અને તે આ જમાનાને તદન અનુસરતો છે. ૧૪ વર્ષની અંદરની કન્યાના લગ્ન તો કાયદા પ્રમાણે થનારજ નથી તો શા માટે પહેલાથી સગપણ કરી કન્યા પર અવળા સંસ્કાર પાડવા દઇએ ? આ બાબત તો દરેક ગામ પંચ પણ ઠરાવ કરી શકે છે અને કોઇ વ્યકિત પણ દૃઢ મનથી ઠરાવ કરી શકે છે. અને એથી સર્વને વિનંતિ કરીએ છીએ કે જેઓ આ ઠરાવનો અમલ વ્યકિતગત અગર પંચમાં કે મંડળમાં ઠરાવથી સ્વીકારે તેઓએ તરત હમોને જણાવવું કે તેઓને વિષે 'દિગંબર જૈન'માં સમાચાર અપાશે અને તેમને ધન્યવાદ આપવામાં આવશે.

(૯) ઠરાવ ૭ મો—પંચોના બંધારણ બાબતનો છે, "દિગંબર જૈન" ના કાર્તક માગસિરના અંકના પૃ. ૧૩૮-૧૩૯ અને ૧૪૦ માં એક સામાન્ય ખરડો છપાઈ બહાર પડી ચુકયો છે. તે સુરત નરસિંહપુરા અને અંકલેશ્વર મેવાડા પંચે તો તે ઘણે અંશે સ્વીકાર્યો છે. તે ખરડામાં સુધારો વધારો સુચવવા અગર તદન નવો ખરડો બનાવી એક માસમાં મોકલવા દરેક પંચના આગેવાન કે ઉત્સાહીને આગ્રહપૂર્વક વિનંતિ છે. ફેબ્રુઆરીની તા. ૧૫મી સુધીમાં આવેલ સુધારા વધારા કે નવા ખરડા ઉપર વિચાર ચલાવી એક ખરડો તૈયાર થશે તે ખરડો અને આવેલા ખરડા પર વિચાર કરવા બંધારણ કમીટી બોલાવવામાં આવશે. આશા રાખીશું કે બંધારણ કમીટીના સભ્યો પહેલાથીજ ઉમદા ખરડો તૈયાર કરી મોકલે તો માર્ગ ટુંકો થાય.

(૧૦) ઠરાવ ૮ મો-વસ્તિ પત્રક કરવા બાબતનો છે ને તેમ સૌ કોઈ હિતકારક સમજે છે. અને દરેક પેટા જ્ઞાતિ તરફથી એવાં પત્રક તૈયાર પણ કરવા માંડયાં છે પણ તે છપાઇને બહાર પડયાં નથી. પ્રાંતિક સભાને ખાસ ઉપયોગી બાબત તો આ સાથેના ફારમમાં જણાવી છે તે દરેક ગામ મંડળ કે પક્ષે પોતાના ગામ પુરતી તો લખીજ મોકલવી અને આખી જ્ઞાતિ કે પેટા જ્ઞાતિએ પોતાને યોગ્ય લાગે તેવી રીતે વસ્તિ પત્રક છપાવવા પણ દરેક જ્ઞાતિ ને પંચ કે મંડળને વિનંતિ કે પોતે છપાવેલ વસ્તિ પત્રકની બે નકલ મહામંત્રીને મોકલે.

(૧૧) ઠરાવ ૯ મો-શ્રાવિકાશ્રમોને ઉત્તેજનાર્થે છે. સોજીત્રા તેમજ જાંબૂડીમાં ઉત્સાહી ધર્મ પ્રચારિકા બ્હેનો છે. સોજીત્રા આશ્રમમાં રહેનાર બ્હેનને માટે માસિક ખર્ચ ફકત રૂા. ૩) છે, તેમજ જાંબુડીમાં પણ બહુ ઓછે ખર્ચે રહી શકાય છે. તો સર્વને વિનંતિ છે કે કન્યા, સધવા કે વિધવા બ્હેનોને થોડા વખત માટે પણ આશ્રમમાં મોકલે. અને ઉત્તમ સ્ત્રી કેળવણી અપાવે.

(૧૨) જીવનનિર્વાહના સાધન મેળવવામાં પડતી મુશ્કેલી દૂર કરવા નિમાયેલ કમિટી ઘણા દિગંબર જૈન ભાઇ અને બ્હેનને આશીર્વાદ રૂપ ગણાશે. પત્રવ્યવહાર એ કમીટીના મંત્રી ભાઇ જીવરાજ ગુલાબચંદ ગાંધી બી. એ. હરીપરા ભવાનીના વડ પાસે-સુરત, એ સરનામે કરવો.

(૧૩) સ્વદેશી વસ્તુ પ્રચાર માટે દેશનેતા અને પત્રો ઘણું કહી ગયા છે અને કહેતા ફરે છે. આચરણ એ સૌથી પહેલી જરૂરી વસ્તુ છે. સ્વદેશીની વાત હજારોગણી કર્યા કરો પણ તેને બદલે એક ચીજ સ્વદેશી લ્યો તે દેશને ફાયદો

કર્તી છે. નવરાશના વખતમાં રેંટીયા પર બેસી કાંતવાથી અને ખાદી પહેરવાથી પોતાની અને હિન્દની આબાદી કરી શકશો.

(૧૪) દરેક ગામ પંચના આગેવાન કે ઉત્સાહી પોતાને ત્યાં પાઠશાળા ચલાવે. અને "દિગંબર જૈન"માં તેના સમાચાર આપવામાં આવશે. બોરસદમાં હિંમતલાલ વકીલ અને બીજા સ્વયંસેવક બની પાઠશાળા ચલાવે છે, તેવા ઉત્સાહી નવજુવાનો પોતે પાઠશાળા ચલાવે તો નવા વિચાર સાથે સાચો ધર્મ દરેક બાળકમાં પ્રવેશશે અને સાચા ઉદ્ધારક એ બાલક બનશે. શું થોડો વખત નહિં આપો ? સ્વયંસેવક નહિં બનો ? સ્વયંસેવકો ઉત્સાહથી પોતે જે કામ કરવા ઇચ્છા હોય તે દર્શાવી હમોને લખે. જ્યાં પાઠશાળા માટે સાધનનો અભાવ હોય તોપણ હમોને સૂચવે. છેવટમાં હમો મંત્રી અને મહામંત્રી ગમે તેટલું લખીશું કે કહીશું તેમાં ઉન્નતિ નથી પણ તે વિચારી તેના ઉદ્ધાર-ઉન્નતિના માર્ગ તો આપ સર્વેના હાથમાં છે, માટે ઉપરની વિનંતિ સ્વીકારી અગર તેમાં વધારો કરવા યોગ્ય હોય તે હમોને સૂચવી **કાર્ય કરો, કાર્ય કરો, કાર્ય કરો.** વાતુડા બની કોઇના વખાણ કર્યા કરશો તેમાં કંઈ સાર્થક નથી. આપને ફરી વિનંતિ કરીએ છીએ કે થયેલા ઠરાવોને અમલમાં મુકાવવા બની શકે તેટલો તનતોડ પ્રયાસ કરશોજી. એજ **વિનંતિ.**

લી० સેવકો,

છોટાલાલ ઘેલાભાઇ ગાંધી મહામંત્રી,
મેવાડા ફળીયા, **અંકલેશ્વર.**

મૂળચંદ કસનદાસ કાપડીયા મંત્રી,
ગુજરાત દિ. જૈન પ્રાંતિક સભા, ચંદાવાડી-**સુરત.**

સુચના—હિસાબી કામ (મેમ્બર ફી) તેમજ "દિગંબર જૈન" માસિક માટેના લેખ તથા લવાજમ માટે સુરત મંત્રીને લખવું તથા સંસ્થા (સભાના)ના બાકીના કામો માટેનો પત્રવ્યવહાર અંકલેશ્વર મહામંત્રી સાથે રાખવો.

ગુજરાત દિ. જૈન કોન્ફરન્સ.

કાળીદાસ નાનચંદ મીઠાવાલા, ઇડરનો સંદેશો.

આ કોન્ફરન્સનો હેતુ ગુજરાતમાં દિગમ્બર જૈનોનું સંગઠન (સંપ) કરવાનો તથા આપણા સમાજની ધાર્મિક તેમજ આર્થિક ઉન્નતિ થાય તે છે.

આ જમાનામાં દરેક ઠેકાણે નાની નાની જ્ઞાતિઓમાં પણ સમાજને લગતા સુધારા થવા માંડ્યા છે. અને તે જ્ઞાતિઓનું સંગઠન થવા લાગ્યું છે. આપણી દિગમ્બર કોમમાં પણ દક્ષિણ જેવા ભાગમાં પરિષદો જેવું છે, પરંતુ ગુજરાતની અંદર દિગમ્બરોના જાગૃતી માટે કંઈ થયેલ નથી તેથી જો આવી કોન્ફરન્સ (સભા) થાય તે ઘણુંજ ઇચ્છવા જોગ છે.

આપણા ભારત વર્ષને પરતંત્રતાની ધુંસરીમાં બાંધી રાખનાર તે આપણી પેટા જ્ઞાતઓજ છે. નાના નાના વાડાથી નુકશાન ઘણુંજ થયેલ છે. આવી નાની વાડોને દુર કરવાની જરૂર છે પણ આ બધું ક્યારે થાય તો જવાબ એજ કે આપણામાં એક્કાની જરૂર છે.

સુતરનો એક તાંતણો તુટી જાય છે પણ વધુ તાંતણા ભેગા થાય તો તે દોરડાને તોડવું મુશ્કેલ બને છે. જડ વસ્તુ જેવી કે. બાજી તેમાં પણ એક્કો દરેકને જીતી જાય છે, તે ઉપરથી આપણે જાણીએ છીએ કે સંપ ત્યાંજ જપ છે.

પાણી જેમ વિશાળ જગ્યામાં વહે છે, તેમ વધુ ચોકખું રહે છે. ખાડામાં રહેલ પાણી ગંદુ થઇ જાય છે. આપણું પાણી રાખવું હોયતો સમાજને વિશાળ બનાવો. સ્વાર્થના વિચાર છોડી સંપીલા થઇશું તોજ આપણું શ્રેય છે. કુસંપથી કેવાં ફળ આવે છે તે ઇતિહાસના વાંચનથી આપણને માલુમ પડે છે.

આવી કોન્ફરન્સોથી આપણને ઘણુંજ શીખવાનું મળે છે. એક બીજાના રીત રિવાજો જાણવાથી આપણે ઘણી રીતે સુધરી શકીશું, નવું જાણવાનું મળશે માટે ઉઠો, જાગો અને સંપીલા બનીને કોન્ફરન્સને સાથ આપો. આપણે બધા શ્રી વીર પ્રભુનાં એકજ બાળકો છીએ એ ધ્યાનમાં લઇ કામ કરો. આપણે એકત્ર થઇશું તોજ ઉન્નતિ છે. એકજ ધ્વજા નીચે ઉભા રહીશું તોજ આપણો શ્રેય છે. છેવટમાં એકજ શબ્દ (સંગઠન કરો).

આ અંકનો વધારો.

ૐ

ગુજરાત દિગંબર જૈન પ્રાંતિક સભા.

ઉદ્દેશ અને ધારા ધોરણ.

જે તા. ૧-૧-૩૪ વીર સં. ૨૪૬૦ પોષ વદ ૧ સોમવારે ગુજરાત દિ. જૈન પરિષદ-સુરતની બેઠકમાં મંજુર થયેલા છે.

ગુજરાત દિગંબર જૈન પ્રાંતિક સભાની આવશ્યકતા.

(૭) પંચમાં હાજર રહેલ શખસો પૈકી ૩/૪ થી વધુ ભાગના શખસો એકમત થાય તે ઠરાવ મંજુર ગણાય.

(ઋ) પંચ તરફના પ્રતિનીધી, ઉપરની કોઇ મોટી પંચ કે સંસ્થા માટે તેના નિયમને આધીન થઈ મોકલશે.

(એ) મત ગણત્રી કરવામાં અગવડ આવે તો તેવે પ્રસંગે પંચના અસલ શેઠ હોય તેના ને તે નહીં હોય તો મૂખ્ય સેવકના બે મત ગણાશે.

(૮) પંચનું કર્તવ્ય.

(અ) પંચ સમસ્તના ઉન્નતિના ઉપાય પચ હાથ ધરશે.

(આ) પંચ સેવા સમિતિએ કરેલ ખર્ચ અને કામોના હેવાલ જોઇ મંજુર કરશે.

(ઇ) આજ દીન પહેલાં થયેલ ઠરાવના તારણનો અને નવા ઠરાવ થાય તેનો અમલ થતો જોશે અને તેનો ભંગ કરનારને યોગ્ય લાગે તો શિક્ષા કરશે.

(ઇ) લેણાદારોની વચ્ચેની કાંઈ તકરારનો નિવેડો કરવા તેમના તરફથી લેખી અરજ આપવામાં આવે ને પંચનો નિર્ણય છેવટ સુધી કબુલ રાખવા લેખી ખાત્રી આપે તો પંચ તેનો નિર્ણય આપવા તે કામ હાથ ધરશે.

(ઉ) પંચ સમસ્તની લેણી પડતી રકમ મેળવવા માટે શક્તિ અને સત્તા હોય તેટલે દરજ્જે ઉપાય લેશે.

(ઊ) પંચ સમસ્તના બંધારણ વિરૂદ્ધ ચાલનારને દંડ કરવા વગેરેની તમામ સત્તા પંચને છે.

(ઋ) મોટા પંચ કે એવી સંસ્થાનું કાંઈ કામકાજ આવે તે પર નિર્ણય કરશે. અને તે પંચ કે સંસ્થાની સાથે તેમના રીવાજ પ્રમાણે બનતા સુધી ચાલવા પ્રયાસ કરશે.

(એ) પંચ સેવા સમિતિ હિસાબના ચોપડા. શીલક વગેરેનો હવાલો લે ત્યારથી તે જાળવવાની જોખમદારી તેમની છે. તેની યોગ્ય વ્યવસ્થા માંહો માંહે તે કરી લે. છતાં સેવા સમિતિના સભ્યો મતભેદ રાખે અને પંચને તેથી નુકશાન થાય એવું પંચને સમજાશે તો વર્ષ દરમ્યાન ગમે ત્યારે તે સમિતિ પાસેથી સર્વે ચાર્જ લઇને તેમની પછીની સેવા સમિતિને સોંપશે.

(ઐ) આ નિયમાવળીના ઠરાવમાં સુધારો વધારો હવે પછી પંચ કરી શકશે કે આખો નિયમ પણ કાઢી નાંખી શકશે અગર નવો નિયમ દાખલ કરી શકશે, પણ ૪/૫ થી વધુ મતથી મંજુર થયેલ નિયમ ૭ માસ સુધી કોઇ બદલી શકશે નહિં.

(૯) પંચ સમસ્તના અત્યાર સુધીના મંજુર થયેલ ઠરાવો જોઇ તપાસી તે વિષયવાર ગોઠવી સાર રૂપ તારણ તૈયાર કરવું તેને માટે એક સમીતિ (અમુક ગ્રહસ્થોની) નીમવામાં આવે છે અને એ સમિતિએ એ તારણમાં બે ભાગ પાડવા (૧) આમલ હેવાલ રૂપ ઠરાવના (૨) પચ સમસ્ત માટે નિયમ પાળવા બાબતના ઠરાવો પૈકી જે ઠરાવમાં કાંઇ ફેરફાર કરવા યોગ્ય લાગે તે માટે સમિતિએ પોતાનો અભિપ્રાય પંચમાં રજુ કરવો. અને બાકીના જેમને તેમ ઠરાવ રૂપે કાયમ રાખવા.

(૧૦) ઉપરના પંચના કર્તવ્યમાં અનેક બાબતો ઉમેરી શકાય છે પણ દરેક પંચ પોતપોતાને અનુકુળ આવે અને બીજા પંચ સાથે જેમ બને તેમ એક વિચારના થવા ઉદાર દીલથી નિયમો ઘડે તોજ આખા સમાજની ઉન્નતિ થશે. સ્વાર્થથી એક બાજુ ખેંચવામા કોઇનું ભલું થતું નથી. યજ્ઞમા જે આહુતી આપે છે, તેનેજ પુણ્ય પ્રતાપે આમળ કાર્ય થાય છે માટે પચના કર્તવ્ય ઉદાર દીલે હાથ ધરવા સર્વને વિનંતિ છે.

નોટ—આ ખરડા પર દરેક ભાઇ પોતપોતાના વિચારો મને જણાવશે તો આભારી થઇશ.

છોટાલાલ ઘેલાભાઇ ગાંધી, મહામંત્રી.
ગુજરાત દિ. જૈન પ્રાં. સભા—અંકલેશ્વર.

ગુજરાતી દિગંબર જૈન વસ્તિપત્રક.

ગામનું નામ	પેટા ગ્નાતિનું નામ	લેણુા કેટલા ક ઘ કેટલા	કુલ કુટુંબ	અવિવાહીત પુરૂષ					વિવાહીત પુરૂષ		કુલ પુરૂષ	અવિવાહીત કન્યા		વિવાહીત સ્ત્રી		(આશ્રમ લાયક) વિધવા બ્હેનો			ગુજરાતી ભણેલા		મેટ્રીક ઉપર અંગ્રેજી ભણેલા
				પાંચ વર્ષની અંદરના	૫ થી ૨૫ વર્ષ સુધીના	૨૫થી ૪૦ વર્ષના અવિવાહીત	૨૫થી ૪૦ વર્ષના વિધુર	૪૦ ઉપરના બ્રહ્મચારી કે વિધુર	સગપણ થયેલા	પરણેલા		૧૦ વર્ષ અંદરની કન્યા	૧૧ ને તે ઉપરની કન્યા	સગપણ થયેલ કન્યા	પરણેલ સ્ત્રી	૧૪ વર્ષ અંદરની	૧૫ થી ૪૫ વર્ષ સુધીના	૪૫ અને તે ઉપરની	પુરૂષ	સ્ત્રી	
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨

સુચના—(૧) પરણેલ સ્ત્રી અને વિધવા બ્હેનોના ગણત્રી સાસરાના ગામમાં કરવી.

(૨) ગામના ઉત્સાહી ભાઈઓને વિનંતી કે પોતાના ગામનું વસ્તીપત્રક તૈયાર કરી તે ઉપરથી આ ફારમ ભરવું.

(૩) આ ફારમ ભરીને છોટાલાલ ઘેલાભાઈ ગાંધી, મહામંત્રી ગુજરાત દિ. જૈન પ્રાં. સભા, અંકલેશ્વરને સરનામે મોકલવું.

(૪) આ વિષયમાં વિશેષ પત્રવ્યવહારની જરૂર જણાય તો મહામંત્રીનેજ લખવું.

(૫) જો આખા ગુજરાતના ગામોના ફારમો ભરાઇ આવશે તો ગુજરાતી દિ. જૈનોનું એક ઉત્તમ વસ્તી—પત્રક આ પ્રકારે તૈયાર થઇ શકશે.

મુલચંદ કસનદાસ કાપડિયા, મંત્રી.

સુરત પરિષદના સંસ્મરણો.

ગુજરાતના દિગંબર જૈનોની તારીખ ૩૧ મી ડીસેંબર તથા ૧ લી જાન્યુઆરીએ સુરતમાં ભરાયલી પરિષદ્ ઘણે અંશે ફતેહમંદ થઇ છે. ગુજરાતના દિગંબર જૈનોનું આવું સંમેલન ઘણા વર્ષે ભરાયું છે. પ્રતિનિધિઓની સંખ્યા પણ સારી હતી.

પ્રતિનિધીઓ માટેની સ્વાગત સમિતિની વ્યવસ્થા કંઇક અધુરી ગણાય. સ્વાગત સમિતિએ ધાર્યા કરતાં પ્રતિનિધીઓની સંખ્યા વધી હશે, એમ છતાંય બીજે દિવસે કેટલીક ખામીઓ દૂર થઇ અને વ્યવસ્થા ઉત્તમ થઇ. જમવાની વ્યવસ્થા ઘણીજ સારી હતી. દિગંબર જૈનોનું ગુજરાતમાં આવું સંમેલન ઘણા વર્ષથી ભરાયું નથી એટલે બધાજ બીન અનુભવી.

તારીખ ૩૧ મી ડીસેંબરે ૩ વાગે પરિષદની શરૂઆત થઇ. સ્વાગત ગીત ગવાયા બાદ સ્વાગત સમિતિના પ્રમુખ શ્રી. સરૈયએ પોતાનું ભાષણ વાંચ્યું. પછી પ્રમુખની વરણી થઇ. જુદા જુદા પ્રતિનિધીઓએ પ્રમુખની ચુંટણીની દરખાસ્તને ટેકો આપ્યો. પછી પ્રમુખે પોતાનું ભાષણ શરૂ કર્યું. બેઉ પ્રમુખના ભાષણ એકંદરે સારાં અને મુદ્દાસર હતાં. સમાજની ચાલુ સ્થિતિ અને તેને સુધારવાના ઉપાયો, તેમજ ખોટા રિવાજ દૂર કરો, એ બેઉ ભાષણોનો પ્રધાન સુર હતો.

પહેલે દિવસે ભાષણો પુરાં થયાં પછી વિષય વિચારીણી સમિતિ મળી. જેમ દરેક પરિષદ્‌માં ખાસ ચર્ચા વિષય વિચારીણી સમિતિમાંજ થાય છે તેમ અહીયાં પણ ખુબ રસમય ચર્ચા થઇ. રાત્રે નવ વાગે શરૂ થયેલું કામ મધ્યરાત્રે બે વાગે પુરૂં થયું. સમિતિએ પસાર કરેલા ઠરાવ વિશે આગળ લખું છું.

પ્રમુખ સાહેબ શેઠ શ્રી૦ તારાચંદનું સૌજન્ય, તથા કામ લેવાની કુનેહ વિષયવિચારીણી સમિતિમાં ખાસ ધ્યાન ખેંચતાં હતાં. તે ઉપરાંત શ્રીયુત શાંતિલાલના ઠરાવો તથા બીજાના ઠરાવો પરના એમના વિવેચનોમાંની પ્રણાલિકાવાદ ભંગ કરતી હદ બહારની વિચારસૃષ્ટિ ખાસ ધ્યાન ખેંચતી હતી!

કહેવું જોઇએ કે પરિષદ્‌ના કાર્યકર્તાઓએ પ્રમુખની ચુંટણી બહુજ સારા અને લાયક પુરૂષની કરી હતી. શેઠ શ્રી તારાચંદમાં શ્રી અને સરસ્વતીનો સારો સુયોગ છે. તે ઉપરાંત પ્રમુખ તરીકે બહુજ શાંતિથી દરેક પક્ષને સાંભળી ન્યાય આપવાની વૃત્તિ પ્રસંગોપાત જણાઇ આવતી. એમની સાદાઇ તથા મીલનસાર સ્વભાવ એ એમના આકર્ષક ગુણો છે.

પ્રમુખશ્રીથી બીજે નંબરે સૌ જુવાન તેમજ વૃદ્ધોનું પરિષદ્‌ની શરૂઆતથી તે પૂર્ણાહુતિ સુધી ધ્યાન ખેંચી રહેલી કોઇ વ્યક્તિ હોય તો તે શ્રી શાંતિલાલ સોલીસીટર! એમના આગળ પડતા વિચારોએ વૃદ્ધોમાં તેમજ જુવાનોમાં ખુબજ ખળભળાટ પેદા કર્યો છે. પરિષદ્‌માં તેમજ સબજેકટસ કમીટીમાં એમની વકીલ બુદ્ધિએ ઘણાને બોલતા રોકયા હતા. પરિષદ્‌ને બીજે દિવસે રાત્રે ભાઈ જીવરાજ ગાંધીને ત્યાં જુવાન મનોદશાનો અચ્છો ચિતાર એમણે રજુ કર્યો હતો. સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અપરિગ્રહ વિગેરેમાં માનવા છતાં એમના વિચારોમાં સમાજવાદની છાયા વિશેષ પ્રમાણમાં છે.

પરિષદના ઠરાવો અગત્યના કહી શકાય. ગુજરાતની દિગંબર જૈનોની જુદી જુદી જ્ઞાતિઓને અંરસપરસ કન્યા આપ લે કરવા ભલામણ કરતો ઠરાવ એ આ સંમેલનનો પ્રાણ છે. તે ઉપરાંત દશ વર્ષની નીચેની ઉમરની છોકરીઓનો વિવાહ (સગાઇ) નહીં કરવાનો તથા પાઠશાળાઓ ખોલવાનો, જ્ઞાતિની તકરારો દુર કરવાનો તથા સ્વદેશી વસ્તુ પ્રચારનો વિગેરે ઠરાવો મુખ્ય હતા.

આ પરિષદની ભૂમિકા તૈયાર કરવાનું તથા એને સાંગોપાંગ પાર ઉતારવાનું માન શ્રી. છોટાલાલ, શ્રી. સરૈયા તથા શ્રી. કાપડીઆની ત્રિપુટિને ઘટે છે. આખા ગુજરાતમાં આ વિચારોનો

પ્રચાર કરી એ ત્રિપુટી તથા નરોતમદાસને નાગરદાસે એ માસ ખુબ ભ્રમણ કરી, જુદી જુદી જ્ઞાતિઓને જાગ્રત કરી છે. વિષય વિચારીણી સમિતિમાં મધ્યરાત્રે પસાર થયલા ઠરાવ છપાઇને ઉગતા પ્રભાતે પ્રતિનિધિઓના હાથમાં આવી જતા તે મહેનત મહામંત્રીજી મુળચંદભાઇની !!

ભાઇશ્રી છોટુભાઇએ તો વારંવાર કારાવાસ સેવીને પોતાની જાતને ખુબ ખડતલ બનાવી છે. પરિષદમાં બીજે દિવસે નરસિંહપુરા ભાઇઓને ઐકય સાધવા એમણે કરેલી હૃદયસ્પર્શી અપીલ કદી નહિ ભૂલાય—!!

ગુજરાતના દિગંબરો સુરતમાં બહુ વર્ષે મળ્યા. ઉત્સાહ પણ સારો દેખાડયો. સારા ઠરાવો કર્યા. ફંડ પણ સારૂં કર્યું. સંગઠન કરવા નિશ્ચય કર્યો. સંમેલનને વિજયી કરી મંત્રીઓની અવિશ્રાંત સેવાને સફળ કરી પરિષદમાં થએલા ઠરાવો કંઇક મૂર્તિમંત સ્વરૂપ લે એવી પ્રાર્થના દરેક પંચોના આગેવાનોને કરી અત્રે વિરમાશ.

"એક પ્રતિનિધી"

गजपंथाजी क्षेत्रपर—फाल्गुन सुदी ९ से १२ तक पंचकल्याणक व मानस्तंभ प्रतिष्ठा सेठ जीवराज गौतमचंद दोशी सोलापुर व ब्र० कंकुबाईजी की ओरसे होगी।

अंबादास चवरे दि० जैन ग्रंथमाला—कारंजासे प्रकट होती है जिसके संचालक प्रो० हीरालालजी अमरावती हैं। इस मालासे संस्कृत प्राकृत व अपभ्रंश भाषाके प्राचीन दि० जैन ग्रन्थ अंग्रेजी अनुवाद सहित प्रकट होते हैं। आजतक जसहर चरिउ (यशोधरचरित्र), सावयधम्म दोहा (श्रावक धर्म दोहा), पाहुड दोहा और करकंडु चरिउ (करकंडु स्वामी चरित्र) ये चार ग्रन्थ प्रकट होचुके हैं। इस ग्रन्थमालाकी नियमावली आदि इस पतेसे मगा[illegible] अंबदास चवरे-कारंजा (बरार)

परिषदकी परीक्षाएं—ता० २१-२२-२३ जनवरीको सुबह १० से १ व दुपहरको १॥ से ४ बजे तक सर्वत्र होंगी।

युवकोंकी बहादुरी—आगरामें अलवरसे एक बरात आई थी। कन्यासे उम्रमें वरराजा चारगुने बड़े थे। अतः युवकोंने विवाहकी रात्रिको बरातवाले मकानका ताला बंद कर दिया व उधर कन्याकी जातिके ही १८ वर्षके युवकके साथ शादी करादी गई। सवेरा होते ही बूढे वरराजा व बराती अपनासा मुंह लेकर अलवर चले गये।

अहमदाबाद—में प्र० मो० दि० जैन बोर्डिंगमें छात्रमंडलका बृहत् अधिवेशन ता० २७-२८ दिसम्बरको बड़े प्रोग्रामके साथ हुआ था।

ललितपुर—में जैन स्पोर्ट्स क्लबकी स्थापना हुई है।

१००) इनाम—ऐतिहासिक प्रमाण सहित "पतितोद्धारक जैन धर्म" नामक पुस्तक (फुलसकेप १२५ पृष्ठको) ता० ३० सितम्बर ३४ तक जो२ भाई लिख भेजेंगे उनमेंसे प्रथम नंबरको १००) इनाम मैं दूंगा। जांचके लिये ३ विद्वानोंकी कमीटी भी रहेगी। जुगलकिशोर मुख्तार-सरसावा

स्याद्वाद महाविद्यालय काशी—में ता० १७ दिसम्बरको "वर्णव्यवस्था जन्मना कर्मणा वा" इस विषयपर संस्कृतमें वादविवाद हुआ था जिसमें काशीकी अनेक संस्कृत १६ संस्थाओंके विद्यार्थीने भाग लिया था। अंतमें जन्मके पक्षमें भारत-महामंडलके छात्र अयोध्याप्रसादको व स्या० महाविद्यालयके छात्र श्यामलाल जैनको सर्वश्रेष्ठ होनेके कारण रजतपदक मिला था।

दोहदमें—नसियाजीमें सेठ पनालाल दुलीचंदजीकी ओरसे नवीन मंदिर निर्मापण हुआ है उसकी पंचकल्याणक प्रतिष्ठा पं० दीपचंदजी वर्णीके हस्तसे फाल्गुन वदी १०से फाल्गुन सुदी २ तक होगी।

"जैन विजय" प्रिन्टिंग प्रेस, खपाटिया चकला—सुरतमें मूलचन्द किसनदास कापड़ियाने मुद्रित किया और "दिगम्बर जैन" ऑफिस, चन्दावाड़ी-सुरतसे उन्होने ही प्रकट किया।

ગુજરાત દિગંબર જૈન પ્રાન્તિક સભાનું માસિકપત્ર—

— संपादक अने प्रकाशक —

मूलचन्द किसनदास कापडिया—सूरत.

वर्ष २७	वीर संवत २४६० फाल्गुन.	अंक ५

विषय सूची.

उपहारोंके पोस्टेज सहित वार्षिक मूल्य २।) व. समाजअंक मू० ।।।)

ભ્રમણ પં. પીતાંબરદાસજી,

ઉપદેશક, જુબિલી બાગ ટ્રસ્ટ ફંડ-મુંબાઇ.

ઉપદેશકજીના ભ્રમણનો સપ્ટેમ્બરથી જાનેવારી સુધી ૫ માસનો રિપોર્ટ એના મંત્રી શેઠ ઠાકોરદાસ ભગવાનદાસ ઝવેરી તરફથી મળ્યો છે જેનો સારાંશ નીચે મુજબ છે—

નેકોડા—૨ સભા કરી. છ માસ માટે શાસ્ત્ર સભા નક્કી થઇ, પ્રતિજ્ઞાઓ લેવાઇ. મંદિરનો ખૂંટો પડી ગયો છે તે સુધારવો જોઇએ.

ગરોડા—બે સભા કરી. કેટલાક નિયમ લેવાયા.

નનાનપુર—બે શાસ્ત્ર ને બે વ્યાખ્યાન સભા થઇ. ૨૨ જણે પ્રતિજ્ઞાઓ લીધી.

સલાલ—એક સભા થઇ શકી. ૫ બ્હેને સ્વાધ્યાયની પ્રતિજ્ઞા લીધી.

રખિયાળ—જૈન ધર્મ પર જાહેર ભાષણ આપ્યું. નિયમો લેવાયા.

પાટનાકુવા—બે સભા કરી. રોજ શાસ્ત્ર સભાનું નક્કી થયું. પાઠશાળા માટે ૧૫) માસિકના એક શિક્ષકની જરૂર છે.

અમદાવાદ—ખડાયતા બોર્ડિંગની બેઠકમાં સામેલ થયા ને વિદ્યાર્થી કર્તવ્ય પર ભાષણ આપ્યું

ગોધરા—હલવાઇ રણજીતલાલલ કન્હૈયાલાલને જૈનધર્મમાં સ્થિર કર્યા, આ ૫૦ વર્ષની દુકાન હોવા છતાં ચૈત્યાલય પણ નથી.

દાહોદ—બા. રાજમલજી વકીલના પ્રમુખપણે જાહેર સભા કરી જૈન ધર્મની વ્યાપકતા પર ભાષણ આપ્યું. ૮૦૦ની સંખ્યા હતી.

રતલામ—પ્રયત્ન કરવા છતાં સભા ન થઇ શકી. પાઠશાળાની સ્થિતિ પણ શોચનીય છે.

મકસીજી યાત્રા કરી. વ્યવસ્થા ઠીક છે.

ભેલસા—સભા કરી વીતરાગના પર ભાષણ આપ્યું. પં. ગણેશપ્રસાદજી વર્ણી ને બ્ર. પ્રેમસાગરજીએ સમર્થન કર્યું. જૈન પાઠશાળા જોઇ. ધર્મ શિક્ષણ બધાં છોકરાં છોકરીઓને નથી અપાતું તે માટે સુચના કરી. શેઠ લખમીચંદજીએ ૧ લાખ રૂ. ખરચી ધર્મશાળા બનાવી છે તેમાં પાઠશાળા પણ છે.

સાગર—સતર્કસુધા. પાઠશાળા ઉત્તમ રીતે ચાલે છે.

વરોઠ—બે સભા કરી. પાઠશાળા બંધ છે તે ચાલુ થવી જોઇએ.

થાંદલા—બે સભા ને શાસ્ત્ર સભા કરી. અત્રે લોકો દરરોજ ન્હાતા નથી તે માટે સુચના કરી. પાઠશાળા જોઇ ને મીઠાઈ વેચી.

દેલવાદ—૧ સભા થઇ ને કેટલાક નિયમો લેવાયા.

અલવા—૧ સભા કરી. ભણવા યોગ્ય ૪૫ છોકરાં છે. છતાં પાઠશાળા નથી.

ભેલસા તરફ વિનૈકાવાલ ભાઇઓને પૂરવાર, ગેલાલારે ભાઇ મંદિરમાં દર્શન કરવાની પણ મનાઇ કરે છે એ ઠીક નથી.

દશેરા—બે સભા કરી. ૧૮ છોકરાં ભણવા યોગ્ય છે, તેથી પાઠશાળાની જરૂર છે. ૭૦૦૦) મંદિરમાં છે માટે તેને સુધારવું જોઇએ.

ઓરાણ—૪ સભા થઇ. ગુંજવાવાળા તરફથી પાઠશાળા ચાલુ છે. પંચમાં ફુટ છે તે મટાડવા તથા પાઠશાળા કાયમ કરાવવા પ્રયત્ન કર્યો. જડાવબાઇની ૯૦૦૦) ની રકમ પણ પાઠશાળામાં લેવા પ્રયત્ન થવો જોઇએ,

લાકરોડા—૩-૩ સભા થઇ. નિયમો લેવાયા પાઠશાળા માટે ૯૦૦૦) નું ફંડ છે. ૨૦) માસિકના અધ્યાપકની જરૂર છે. શેઠ માણેકચંદ હીરાચંદ લાયબ્રેરી સારી ચાલે છે. (અપૂર્ણ)

स्वर्गवासी सेठ किसनदासजी पूनमचन्दजी कापड़िया-सूरत।

("दिगम्बर जैन" तथा "जैनमित्र" के सम्पादक श्री० मूलचन्दजी कापड़ियाके वयोवृद्ध धर्मवत्सल पिताजी, जिनका बीना कुछ बिमारीके चार माहसे शरीर क्षीण होते होते ८२ वर्षकी आयुमें स्वर्गवास होगया है।)

जन्म-विक्रम सं० १९०८ आश्विन वदी ८ स्वर्गवास-विक्रम सं० १९९० माघ सुदी १०

अहमदाबादमें दीवालीबाई दिगंबर जैन धर्मशालाका उदूघाटन। (ता॰ २१-१-३४)

(बीचमें उदूघाटनकर्ता सेठ जीवाभाई वहालचंद सोनासण बैठे हैं व आजूबाजू पं॰ छोटेलालजी सुप्रि॰, चिम्मनलालजी वकील, मूलचन्दजी कापड़िया, मणीलाल चुन्नीलाल कोठारी आदि खडे हैं।)

जैनविजय प्रिन्टिंग प्रेस—सूरत.

वर्ष २७ वां
अंक
९

दिगम्बर जैन

वीर सं० २४६०
फाल्गुन।
सं० १९९०.

प्रासगिकैः सामयिकैः सुवृत्तैर्लेखैर्विनोदैः कविता-कलाभिः।
सद्धर्मसाहित्यसमाजवृद्ध्यै "दिगम्बरो जैन" उदेत्यपूर्वः॥

सम्पादकीय वक्तव्य।

भूकम्प-प्रलय। हिन्दमें गत ता० १९ जनवरी दुपहरको दो बजे भूकम्प हुआ था जिसकी असर विहार प्रांतमें इतनी भारी हुई कि विहारमें एक प्रलय ही होगया है। मुजफरपुर व मुंगेर शहरका तो पूरा नाश होगया है तथा विहारके हमारे जैन तीर्थोंको भी कम ज्यादा नुकसान होगया है। इस भूकम्पसे विहार प्रांतमें करोड़ों रुपयाका नुकसान होगया। व ६-७ हजार आदमी तो मर गये व हजारों होस्पिटलमें पड़े हैं। अतः आज विहारकी दशा अतीव दयाजनक है और यहांके लिये एक करोड़की सहायताकी आवश्यक्ता है व तभी वहांका कुछ उद्धार होसकेगा। इसमें सरकार भी सहायता कर रही है तथा प्रजामें भी लाखोंका फण्ड होरहा है व होनेकी आवश्यकता है। हमारे जैन भाइयोंको भी इसी भूकम्प पीड़ित सहायक फण्डमें यथाशक्ति रकम भेजना चाहिये जो बा० राजेंद्रप्रसाद विहार बैंक पटनाके नामे भेजी जासकती है तथा विहारके दि० जैन तीर्थोंकी सहायतार्थ द्रव्य बा० निर्मलकुमारजी-आराको भेजना चाहिये।

* * *

महावीर जयंती। परम पूज्य पुण्य पर्व-श्री महावीरजयंती आगामी चैत्र सुदी १३ को फिर आ रही है। उसको सर्वत्र सार्वजनिक रूपसे देहली, आगरा, इन्दौर, आदिकी तरह मनानेका विचार अभीसे करिये तभी ही यह कार्य सफल हो सकेगा व महावीर जयंतीकी आम छुट्टी जो सरकार मंजूर नहीं करती है उनको भी छुट्टी मंजूर करनी पड़ेगी। अतः स्थान २ पर आगामी महावीर जयंती अपूर्व ठाठवाठ व सार्वजनिक रूपसे मनानेका आन्दोलन अभीसे कीजिये व चैत्र सुदी १३ का सारा दिन काम धंधा बन्द करके धर्मध्यान व धर्मप्रचारमें बितानेका प्रबन्ध अभीसे कीजिये।

* * *

ગુજરાત પ્રાંતિક સભા. ગુજરાત દિ. જૈન પ્રાંતિક સભાની સ્થાપના ને એના ઠરાવો તેમજ પંચને વિનંતિ, પંચના બંધારણનો ખરડો વગેરે બાબતો પર ગતાંકમાં પ્રકાશ પાડવાથી ગુજરાતના દિ. જૈનોમાં એ વાતની ચર્ચા ચાલી રહેલી છે ને જ્યાં ત્યાં એજ ચર્ચા જણાય છે પણ તેનું પરિણામ કંઇ માલમ પડતું નથી એ શોચનીય છે. હજુ પુરતા પ્રમાણમાં મેમ્બરો થયા નથી માટે દરેક પંચે પ્રયત્ન કરી સભાના સભાસદો નોંધી મોકલવા જોઇયે ૧૦૧)-૫) કે ૨) ભરી સભાસદ થઇ શકાય છે. પારપદના ઠરાવો પર વિચાર કરવા હજુ વીસા મેવાડા, વીસા હુમડ, દશા હુમડ, નૃસિંહપુરા ને રાંયકવાળના સમગ્ર પંચો હજુ મળ્યાંજ નથી જે માટે મહામંત્રી શેઠ છોટાલાલ ઘેલાભાઇ ગાંધીનો લગાતાર પત્રવ્યવહાર દરરોજ ચાલુજ છે. પંચોમાં ત્રણ કામ ખાસ કરવાનાં છે. એક તો પંચોનું રીતસરનું બંધારણ ઘડવાનું છે. બીજું

ગુજરાતની પરસ્પર જાતિયોઓમાં કન્યાની આપ લે કરવાનો માર્ગ ખુલ્લો કરવાનો છે તથા જ્યાં જ્યાં પંચોમાં ઝઘડા પડેલા હોય તે જાતે કે લવાદ કમીટી નીમી તે પતાવવાનું કામ મુખ્ય છે. ગુજરાતની વીસા મેવાડા ને રાયકવાળ પંચોમાં કંઇ ઝઘડો જણાતો નથી જ્યારે ઇડરની વીસા હુમડ પંચમાં ઝઘડો. સાદ સત્તરના દશા હુમડમાં ઝઘડો, સુરતની દશાહુમડ પંચમાં ઝઘડો રાયદેશના દશા હુમડ પંચમાં ઝઘડો છે, (જે પતાવવાની જરૂર છેજ) તથા નૃસિંહપરાના સાતે ગામોના પંચોમાં તથા સમગ્ર પંચમાં મહા ભારી એવો ઝઘડો પડેલો છે કે ગુજરાતમાં આજે નૃસિંહપુરા ભાઇઓ ઝઘડા માટે દાંતે મોઢે આવી રહ્યા છે. આથી નૃસિંહપુરા ભાઇઓને અમે નમ્ર ભાવે કહીશું કે આપ હવે સમયને વિચારો, ઉદારતા ને નમ્રતા બતાવો અને માંહોમાંહેના અંટસ દૂર કરી જ્ઞાતિ ઝઘડા મટાડી નૃસિંહપુરાના નામને દીપાવો. તમારે ત્યાં માત્ર મગનલાલ હરજીવનનોજ ઝઘડો નથી પણ અમદાવાદ, ઝહેર, નૃસિંહપુર, બુહારી, સુરત વગેરેમાં બીજા પણ ઘણા ઝઘડાઓ વર્ષોથી છે તે બધાનો નીકાલ લાવો તોજ નૃસિંહપુરા પંચમાં સંપ થઇ શકશે ને એ માટે પાંચ કે સાતે ગામના નૃસિંહપુરાની પંચ એક સ્થળે મળી વિચાર કરે તોજ કામ થઈ શકશે એમ અમારૂં માનવું છે. અમે ભાઇ છગનલાલ સરૈયાને એ વાત કરી તો તેમણે પણ એજ વાત કરી અને એમ પણ કહ્યું છે કે જો નૃસિંહપુરાનાં સાતે ગામનું પંચ મેળવવામાં આવે તો તે સુરતમાં બોલવવાની દરેક ગોઠવણ કરવા હું તૈયાર છું માટે હવે ઝહેર, નૃસિંહપુરા, કલોલ, નરોડા, મખિયાવ, અમદાવાદ, સુરત, બુહારી વગેરેના નૃસિંહપુરાના આગેવાન ભાઇઓ આ ચર્ચા ઉપાડી લે અને ભાઇ સરૈયા સાથે પત્ર વ્યવહાર કરી આખું પંચ સુરતમાં કે પછી બીજે પણ મેળવવા પ્રયત્ન કરે એજ અમારી આગ્રહ પૂર્વક સુચના એ ભાઇઓને છે.

दक्षिण म० दि० जैन सभा–का ३६ वां अधिवेशन स्तवनिधि क्षेत्रपर माघ वदी ०)) पर तीन दिन तक हुआ था। जिसमें १४ प्रस्ताव पास हुए थे। मुख्य ये हैं–प्रगति पत्र चैत्रसे साप्ताहिक किया जावे। बड़ोदर सेतवाल जैनोंको भ० विशालकीर्तिजीने पावन करलिये उसपर धन्यवाद! दक्षिणके जैनोंकी आय महसूल कम करनेकी सरकारसे विनति, निपाणीमें ऐक्य होनेपर हर्ष, सरकारी इतिहासकी पुस्तकोंमेंसे जैन सम्बन्धी भूलें निकलवानेको ९की कमेटी, ७४०९) बजट पास। सभापति भोजराजप्पाने १०००) सभाको दान किये थे। साथमें महिला परिषद भी हुई थी। जिसमें ८ प्रस्ताव हुये थे। मुख्य ये हैं–कोर्टोंमें स्त्री आरोपीपर केस चले तब १ स्त्री ज्यूरर हो, स्त्रीको संतति न हो तौभी कुटुम्बमेंसे वारसा हक्क मिलना चाहिये। एक पत्नी होते हुए दूसरी करनेकी प्रथाका निषेध, औद्योगिक शिक्षा दीजावे। व्यवहारमें स्वदेशी वस्तुको ही वर्ती जावे आदि।

ललितपुरमें दि० जैन सुकृत फण्ड–सेठ हरसुखजी और कापड़ियाजीके प्रयत्नसे ललितपुरमें दि० जैन पंचानकी सभा ता० ७ फर्वरीको श्री० सेठ वृद्धिचन्दजी सिवनीके सभापतित्वमें हुई थी जिसमें यहां बुन्देलखण्ड दि० जैन सुकृत फण्ड नामकी फर्म-दूकान खोलनेका निश्चित होकर उसके लिये ९ व्यवस्थापक भी नियुक्त होगये। इस फर्ममें तीर्थोंके व धर्मादाके रूपये व्याजपर लिये जांयगे व उसका सूद उपजाकर उसमेंसे जो नफा होगा उसका दानमें उपयोग किया जायगा। ऐसा सुकृत फण्ड मुसारीमें सेठ रोडमल मेघराजजीकी ओरसे बहुत अच्छी तरहसे चल रहा है।

व्यावरमें–सेठ चम्पालालजी रानीवालेका अतीव वृद्धावस्थामें स्वर्गवास होगया। आप बड़े दानी व धर्मात्मा थे।

स्वर्गीय रायबहादुर श्री० सेठ टीकमचंदजी सोनी।

यह समाचार जैनसमाजमें बड़े शोकके साथ सुना जायगा कि अजमेरमें ता० ३ फरवरी १९३४ को दिनके ३॥ बजे अजमेरकी प्राचीन और सुप्रसिद्ध फर्म सेठ जवाहरमल गम्भीरमलके मालिक राय-बहादुर श्रीमान् सेठ टीकमचन्दजी सोनीका एका-एक हृदयकी गति बन्द होजानेसे शरीरांत होगया। जिन लोगोंने सेठ साहबको ३ तारीखके प्रातःकाल १० बजे तक सदाकी भांति नित्य नियम निबाहते हुए देखा था उन्हें कल्पना न थी कि आप अब हमारे केवल ५॥ घन्टेके ही मह-मान हैं। किन्तु कालकी गति वास्त-वमें बड़ी विचित्र है।

आपका शुभ जन्म सन् १८८२ ई० में हुआ था। आपका घराना बेंकर्स मंडल और व्यापारिक क्षेत्रमें प्रतिष्ठित रहनेके साथ साथ राज-भक्ति और धार्मिक दृष्टिसे भी सदासे प्रधान रहा है। यही कारण है जो आपके जीवनसे आपकी प्रतिष्ठा सम्मान तथा त्यागका वैसा ही परिचय मिलता है जैसा कि किसी भी त्यागी धनवानके जीवनसे मिलना चाहिये।

बचपनमें धार्मिक शिक्षाके साथ २ आपका केवल व्यापारिक शिक्षण हुआ था। किन्तु उसी बलपर हिन्दी, अंग्रेजीका यथेष्ट अध्ययन न होनेपर भी आपने अच्छी निपुणता प्राप्त कर ली थी। सन् १९१७ ई० में पिता (रा० ब० सेठ नेमी-चन्दजी) का स्वर्गवास हो जानेपर अपने बढ़े हुए कारोबारको आपने संभाला और उसे उत्तरो-त्तर उन्नत करके अन्त तक बड़ी दक्ष-तासे चलाया।

[स्वर्गीय रा० ब० सेठ टीकमचंदजी—अजमेर]

केवल विपुल-धन-राशि-सम्पन्न होजाने-वाला व्यक्ति सर्वसा-धारणकी दृष्टिमें उतना महत्त्व नहीं रखता जितना सेठ साहबकी भांति किसी भी आये हुए याचक अथवा सहायताके पात्रको निराशाके साथ वि-मुख न करनेवाला। धर्मभीरु, त्यागी, स-ज्जन, सरलताकी मूर्ति, निरभिमानी, परदुःख-कातर और भोले जैसे शब्दोंकी सृष्टि ऐसी ही उच्चात्माओंके कारण होती है। सेठ सा०ने अपने कर्तव्यकी इति इतनेपरसे ही न समझी, बल्कि, शिक्षा, समाजसेवा, राजभक्ति, देशभक्ति, धार्मिक उन्नति, युद्ध-समस्या, बाढ़ पीडितोंकी सहायता आदि अवसरोंपर उन्होंने खुले हाथों प्रचुर दान देकर भी अपनी कर्तव्यपरायणताका अद्भूत परि-

चय दिया। कई देशी राज्योंका उन्होंने बडे २ आर्थिक संकटोंमें सहयोग किया। इस प्रकार अनेकानेक सुकृत्योंद्वारा अपने त्यागी घरानेके प्रमाण-पत्रमें वे एक छाप अपनी ओरसे भी लगा गए।

आपकी प्रशंसनीय राजभक्तिके उपलक्षमें गवर्नमेंटने आपको सन् १९१८में रायबहादुरकी पदवीसे सम्मानित किया था। बड़े २ देशी राज्योंमें (जयपुर, जोधपुर, उदयपुर आदि) आप एक विश्वसनीय व्यक्ति समझे जाते थे। और वहांसे आपको ताजीम, सोना आदि प्रतिष्ठा प्राप्त थी, ऊंचेसे ऊंचे आला अफसरोंने आपसे मैत्री-संबंध स्थापित करके अपनेको गौरवान्वित समझा था। और जातीय महासभाओंने अपने नेतृत्वकी बागडोर आपके वरद हस्तोंमें सौंपकर अपनेको उपकृत माना था।

आपकी मातृभूमिकी सेवाका इससे अधिक प्रमाण और क्या मिलेगा कि आज अजमेरका प्राय: प्रत्येक जन उस मिलनसार और सरल प्रकृतिवाली स्वर्गीय आत्माके किसी प्रकार पुन: प्राप्त होजानेका आव्हान कर रहा है। वह स्पष्ट शब्दोंमें घोषित कररहा है कि हम किसी न किसी रूपमे आपके चिर-ऋणी बन चुके हैं।

आपको अपने नवयुवक पुत्र (कुँअर दुलीचंदजी) का, आदर्श पुत्र-वधू (सौभाग्यवती श्रीमती ताराबाई) का और होनहार जामात्र (बाबू विमलचन्दजी सेठी) का वियोगजन्य असह्य दु:ख उठाना पडा।

इससे यद्यपि आपको आन्तरिक विरक्ति होगई थी किंतु आपने अपने बढे हुए धार्मिक ज्ञानके सहारे बड़ी शान्ति और धीरजके साथ सहन किया और व्यावहारिकतामें सब प्रकारका सांसारिक कार्यक्रम यथावत् ही रक्खा।

धर्मपर आपकी अटल श्रद्धा थी जिसका आपने अन्तिम क्षण तक उच्चतम रूपसे पालन किया। तारीख ३ को सदाकी भांति ४ बजे प्रात:काल ही धर्मध्यान करके नसियां आये, स्नानादिसे निवृत्त होकर बड़ी तन्मयताके साथ पाठ-पूजन की। दूकानका कामकाज देखा और अपनी दौलतबागकी कोठी होते हुए स्टेशन गये। १० बजेके लगभग शहरकी हवेलीपर पधारे। बस उसी समय एकाकी हृदयमें और साथमें पेटमें भी वेदना आरम्भ हुई। अनुभवी चिकित्सक आये, उत्तमोत्तम औषधोपचार हुआ। किंतु सब व्यर्थ। अन्तिम समय तक भी आपने वही औषधि ली जो सदासे लेते आये थे। उसमें थोडा भी परिवर्तन करते ही उन्होंने उसे नहीं लिया और कहते रहे कि इस औषधोपचारका परिणाम शून्य ही होगा। आप लोग क्यों व्यर्थ श्रम करते हैं, अब तो बस मुझे अपने दोषोंके लिये क्षमा करते हुए सहर्ष बिदा दीजिये। इसके पश्चात् एक एक करके आप सब आत्मीय जनों और बालबच्चोंको बुलवाकर मिले-भेंटे। इस प्रकार अपनी हरी भरी फुलवारीको देखते हुए भगवानके चरणोंमें लौ लगाकर पूर्ण शांतिके साथ नश्वर शरीरका त्याग किया। इससे अनुमान किया जासकता है कि सेठ साहब कैसे पुण्यवान जीव थे।

२ लाख रुपयेसे निर्मित अजमेरके सोनीका जैन मंदिर नसियां जहां आपके "द्रव्यका सदुपयोग" का परिचय देता है वहां भारतके कला-प्रवीण शिल्पियोंकी उत्तम वस्तु-निर्माण कलाकी भी याद दिलाता है और देशके प्रधान दर्शनीय स्थानोंमें गणनीय होनेके कारण देशी और विदेशी यात्रियोंको भी अपनी ओर आकर्षित करता है। अमीर काबुल, लार्ड किचनर, लार्ड और लेडी इरविन,

तथा लार्ड विलिंग्डन तकने इसकी उत्कृष्टताकी भूरी २ प्रशंसा की है। इसकी नींव संवत १९२२ में रखी गई थी जिसका कार्य आज भी अपूर्ण ही चलरहा है। इसी प्रकार अजमेर नगरमें दो लाख रुपयेसे अपने पिताके स्मारक स्वरूप बनवाई हुई धर्मशाला तथा सम्मेदशिखरजी (पारसनाथ हिल) कुण्डलपुर और मंदारगिरि आदि तीर्थस्थानोंमें कराया हुआ आपका जीर्णोद्वार आदि आपके अपूर्व धार्मिक दान और त्यागके उदाहरण हैं। यहां हजार पांचसौकी बीसों रकमोंको छोड़कर हम मुख्य २ का उल्लेख करते हैं—

(१) श्री सम्मेदशिखरजीमें एक रथ ६०००) में बनवाकर भेट किया।
(२) विक्टोरिया हास्पिटल अजमेरको १९०००) दान किया।
(३) उपरोक्त हास्पिटलके ट्यूबरकल वार्डमें १७०००) लगाया।
(४) आबूके नरसिंग होमको ३८००) दिया।
(५) सनातन धर्म इन्टर कालेज ब्यावरको १३०००) रु० दिया।
(६) कलकत्तेके एक औषधालयमें आपने करीब १००००) का दान किया।

आपकी सहायतासे कई शिक्षा संस्थाएं लाभ उठा रही हैं। जिनमें अजमेरका महावीर विद्यालय तथा कन्या पाठशाला मुख्य हैं। जिनका वार्षिक व्यय लगभग ८०००) आपके निजसे होता है।

शिक्षा प्राप्त करनेवाले बालक यदि आपके सहयोगके सहारे विद्यादान प्राप्त करके अपने भावी सुखमय जीवनकी आशा बांधते थे तो भूखे, दीन और वृद्धजन तथा विधवाऐं आपकी सहायता प्राप्त कर २ के हार्दिक कृतज्ञता-ज्ञापन करते थे। रोगी और मरणासन्न प्राणी आपके औषधि दानसे नीरोगता एवम् जीवन प्राप्तकर करके आपको आंतरिक आशीष देते थे तो यात्रीगण विश्राम लाभ कर२के सन्तुष्ट होते थे। आज कराल कालने एकाएक परिवर्तनकी लहर चलादी। किन्तु उसमें भी सेठ सा० का आदर्श जीवन अपने एकमात्र होनहार सुपुत्र (कुँवर **भागचन्दजी साहब**) की सत्पात्रता प्रमाणित करता हुआ आश्वासनकी झलक दिखा रहा है। ईश्वर करें, कुँअर साहब–जैसी कि उनके शील–सौजन्यसे दृढ़ आशा है, ऐसे ही प्रमाणित हों।

अन्तमें हम सेठ साहबके शोक-सन्तप्त परिवारके साथ अपनी हार्दिक समवेदना प्रदर्शित करते हुए जगदाधारसे प्रार्थना करते हैं कि वह उसे इस अपार शोकको सहन कर सकनेकी क्षमता एवम् धैर्य प्रदान करें और कुंअर साहब (भागचन्दजी) का ध्यान संसारकी अनित्यताकी ओर ले जाना चाहते हैं जहां वे अपनी सुविज्ञताके सहारे एक दृष्टिपात करें और परमात्माकी इच्छामें सन्तोष मानकर कर्तव्य–क्षेत्रमें प्रवृत्त हों।

लक्ष्मीसहाय माथुर–अजमेर।

उदगीरमें शास्त्रार्थ–करनेके लिये आर्यसमाजियोंने मुनिश्री जयसागरजीको चेलेंज दी थी। अत: मुनिश्री तथा पं० राजेन्द्रकुमारजी अम्बाला व ब्र० कुं० दिग्विजयसिंहजी भी पधारे थे। ता० १३–१४ फर्वरीको वेद ईश्वरीय ज्ञान है व क्या ईश्वर जगत्कर्ता है इसपर शास्त्रार्थ होनेकी पूर्ण तैयारी होचुकी थी, परन्तु पुलीस (हैदराबाद)ने शांति भंगका कारण बताकर यह शास्त्रार्थ रुकवा दिया था। मुनिश्रीको उदगीरमें ही नहीं आनेकी सूचना भी पुलिसने निकाल दी थी वह तो मुनिश्रीके सत्याग्रहसे पुलिसको वापिस लेनी पड़ी थी। मुनिश्रीका ज्ञान बहुत बढ़ रहा है।

जैन समाचारावलि।

बिहार भूकम्प फंडमें–दि० जैनियोंकी ओरसे बहुत अच्छी सहायता भेजी जारही है।

गोहाटीमें–चन्दामलजी जैन म्यूनिसिपल मेम्बर चुने गये हैं।

जैन युवक–नामक ट्रैक्ट सीरीज जैनयुवक संघ हरदाकी ओरसे प्रकट होने लगी है जिसका होली नामक चौथा ट्रैक्ट प्राप्त हुआ है। लेखक पं० कमलकुमारजी शास्त्री व प्रकाशक बा० कुलवंतराय जैन ओवरसियर हैं। वार्षिक मूल्य सिर्फ १) है।

महावीर जयंती–इसवार देहलीमें ता० २५–२६–२७–२८ मार्च व आगरामें ता० २८–२९ मार्चको मनाई जायगी। बड़ी २ तैयारियाँ होरही हैं।

प्रतापगढ़–में संघपति सेठ घासीलालजीकी ओरसे पंचकल्याणक प्रतिष्ठोत्सव धूमधामसे होगया। १८००० जनता आई थी। महासभाके उपदेशकोंने वहां जाकर महासभाके विजाती विवाहविरोध पर व परिषद तथा गुजरात दि० जैन प्रां०सभाका विरोध करना चाहा था परन्तु वे असफल रहे थे।

दाहोद–में भी पंचकल्याणक प्रतिष्ठा होगई। ३३१) संस्थाओंको दान व २५) परिषद व परीक्षा बोर्डको दिये गये। यहां भी पं० मूलचंदजी उपदेशक महासभाने गुजरात प्रां० सभाका विरोध करना चाहा परन्तु ये बुरी तरह असफल हुये थे।

थूबोनजी–का मेला होगया। १५०० की संख्या थी। श्री० ललिताव्हेन व विद्यावतीजीके पधारनेसे कई स्त्री सभायें हुई थीं व सेठ राजारामजी मगरौनीके सभापतित्वमें क्षेत्रकी सभा होकर क्षेत्रके सुधार संबन्धी ९ प्रस्ताव पास हुए थे व ६००) सहायता क्षेत्रको मिली थी।

अहिक्षेत्र–का वार्षिक मेला चैत्र वदी ८–९को होगा।

मल्हारगढ़–में तारनपंथी समाजका मेला व उत्सव निसईजीमें ता० ६ से १६ मार्च तक होगा। मुंगावली स्टेशनसे जाया जाता है।

रामपुर मनियारान–में जिला दि०जैन परिषद ता० २४ मार्चको होगी। २०से २५ मार्च तक वहां मेला भी है।

सोनागिरि क्षेत्रका मेला–ता० ३ से ६ मार्चको होनेवाला था, साथमें वीर विद्यालयका भी अधिवेशन था।

ब्र० सीतलप्रसादजी–ने अभी मदरास जाकर कर्नाटक प्रांतमें घूमकर मदरासकी जैन धर्मशालाका देन चुकवा दिया है। म्हैसूर व कर्नाटककी आपकी यात्राका जाननेयोग्य हाल जैनमित्रमें प्रगट होरहा है।

तीर्थक्षेत्र कमेटी के महामंत्री हरएक तीर्थके प्रबंधकोंको सूचित करते हैं कि वे देवगढ़के अधिवेशनके प्रस्तावानुसार अपने २ तीर्थक्षेत्रका विस्तृत इतिहास तैयार करें व हिसाबकी रिपोर्ट प्रतिवर्ष कमेटीको भेजते रहें।

करहल–में ता० १६से १८ श्री० चिरोंजाबाईजीने रत्नत्रय व दशलाक्षणी व्रतके उद्यापन कराये थे तब श्री. ब्र० सीतलप्रसादजी खास बुलाये गये थे अतः अनेक सभाऐं हुई थीं व ३००) दान भी हुआ था।

परिषद प्रचार समिति–की बैठक देहलीमें ता० १८ फर्वरीको हुई थी जिसमें 'वीर' पत्र, महावीर जयन्ती, रामपुर जिला परिषद आदिपर विचार हुआ था, तथा आगामी मीटिंग ता० २७ मार्चको मुजफ्फरनगरमें होगी। परिषदके कार्यकर्ताओंके कई भाषण भी देहलीमें हुए थे।

दि० जैन शास्त्रार्थ संघ–अम्बालाको ३५००) ला० शिब्बामलजी अम्बालाने प्रदान किये हैं। पहिले भी आपने ५०१) 'जैन दर्शन' पत्रके लिये दिये थे। धन्य!

देवगढका मेला–ता० १–२–३–४ फर्वरीको अपूर्व सफलतासे होगया। ५००० जनता थी। १०० स्वयंसेवक थे। प्रबंध उत्तम था। जंगलमें मंगल था। **भारत दि० जैन तीर्थक्षेत्र कमीटी**–का अधिवेशन श्री. बेरिस्टर चम्पतरायजीके सभापतित्वमें हुआ था। जिसमें पं० अजितप्रसादजी एडवोकेट, सेठ रतनचन्द चुन्नीलाल जगीवाले, सेठ हरसुखजी, पं० तुलसीरामजी, पं० मुन्नालालजी समगोरया, पं० गणेशप्रसादजी वर्णी, ब्र० दिग्विजयसिंहजी आदि उपस्थित थे। स्वागत सभापति सेठ गनपतलाल गुरहा–सागर थे। बेरिस्टर साहबका व्याख्यान मार्केका हुआ था। आपने प्रत्येक दि० जैनोंको फी घर १) तीर्थरक्षा फंडका अवश्य २ प्रति वर्ष देने पर खूब जोर दिया था। सभामें ९ प्रस्ताव पास हुये हैं जिसका सार इस प्रकार है—

१–सेठ सुखानंदजी, पं० धन्नालालजी, सेठ बनजी ठोलिया आदि १९ सभासदोंकी मृत्युपर शोक २–नवीन १७ सभासदोंकी नियुक्ति ३–देवगढ़ क्षत्रके लिये प्रयत्न करनेवाले ललितपुरके १८ महाशयोंको धन्यवाद ४–मुक्तागिरिका पहाड़ सेठ नत्थूसा पासुसा, मोती सघई ऋषभसिंघई व मोतीलालजी चंपालालजीने ४५०००)में खरीद लिया है उनको धन्यवाद, ५–तीर्थरक्षा फण्ड प्रति वर्ष फी घर १) अवश्य दिया जाय; ६–हरएक तीर्थके प्रबंधकर्ता अपने तीर्थका हिसाब मय विवरण तीर्थक्षेत्र कमीटीको अवश्य भेजें ७–सोनागिरजी भट्टारककी गद्दीके केसके सम्बन्धमें तीन प्रतिनिधि नियुक्त। ८-हरएक तीर्थका प्राचीन इतिहास लिखाया जावे। इस कार्यको प्रत्येक तीर्थके प्रबंधक अवश्य२ करावें। ९–आवश्यक खर्चके लिये अपील। इस समय करीब १२००) भरे गये। जिसमें ५०१) सेठ लखमीचन्दजी मेलसा, २५१) गणपतलालजी गुरहा, १०१) सेठ वृद्धिचन्दजी, ५१) रोडमल मेघराज, ५१) मूलचन्दजी कापड़िया, ५१) पं० मुन्नालालजी कागजी लखनऊ आदि थे।

फिर परमानंद वरयाको तीर्थसेवकका पद दिया गया। व अमेरिकाकी एक जैन धर्म प्रचारक महिला मिस मेत्रलानको धन्यवाद दिया गया व ऋषभ जैन लायब्रेरी–लंडनकी आनरेरी लायब्रेरियन मिस कोकसीको धन्यवाद व १५०) भेट देनेका स्वीकृत हुआ। व १५०) भी नगद प्राप्त होकर बेरिष्टर साहबको दिये गये।

यहां भा० दि० जैन महिला परिषदका अधिवेशन भी श्री० शांतिबाई सिवनीके सभापतित्वमें हुआ था। जिसमें अनेक स्त्रियोपयोगी प्रस्ताव पास हुये व १०१) प्रमुखाने दिये तथा ललिताब्हेन, नानीब्हेन, विमलाब्हेन व प्रभावतीब्हेन प्रत्येक १०१) देकर परिषदके स्थायी सभासद हुये। बुन्देलखण्ड प्रांतिक सभा व ललितपुर पाठशाला, कन्याशालाके अधिवेशन भी हुये थे तथा देवगढ़के क्षेत्रको जैनोंको वापिस दिलानेवाले मि० जोन्हस्टन साहब सब डि० ओफिसर ललितपुरको मानपत्र देकर पार्टी भी दी गई थी।

पं० इन्द्रलालजी शास्त्री–ने एक पत्र संपादक होते हुए भी अपने पुत्रका बाल व अनमेलविवाह कर वैश्यानृत्य भी कराया था! वाह पंडितजी!!

भूकंपसे–चंपानालाके ऊपरका व मुंगेरके मंदिरका नाश होगया है। प्रतिमा बची हैं।

पं० दीपचंदजी वर्णी–का स्वास्थ्य अहमदाबादमें अब ठीक हैं।

ऋषभजयंती उत्सव–पानीपतमें चैत्र वदी ८-९-१०को होगा जिसमें धर्म संमेलन होगा व इनामी लेखका भी प्रोग्राम है।

भूकम्प फण्डमें–कलकत्ताके दिगम्बर जैनोंने १३०००) दिये हैं।

पं० कन्हैयालाल शास्त्री–किशनगढ़को 'व्याख्यान भूषण' की पदवी भारतीय विद्वद् परिषदसे मिली है।

संस्कृत संजीवनी सभा–का उत्सव ता० ११ से १३ फर्वरीको जंवरीबाग इन्दौरमें हुआ था जिसमें छात्रोंके अनेक संवाद व डायलोग हुये थे। पं० जीवंधरजी शास्त्री सभापति थे।

देवगढ़–के मेलेमें इसकी कमेटीने देवगढ़का विस्तृत इतिहास तैयार करनेका प्रस्ताव पास किया है।

सोनागिर–के नाबालिक भट्टारकका झगड़ा अभी निवटा नहीं है, केस चल रहा है।

जीवदया सभा आगरा–का वार्षिक उत्सव पेंडलमें होगया। उसमें १४ प्रस्ताव पास हुए हैं–खास ये हैं–प्रबंधका नया चुनाव, ४९००) बजट पास, आगामी सालमें ११ स्थानोंपर पशुबलि बंद की जाय, विरोधीके सन्तोषके लिये आगरामें खास अधिवेशन किया जावे, हिंसाबंदी कानूनपर जर्मन सरकारको धन्यवाद ! भूकम्प फँडमें १००) दिये जांय, आगामी अधिवेशनके लिये काशीपुरका आमंत्रण स्वीकृत आदि। मंत्री पंडित बाबूरामजी बजाज ही कायम रहे हैं।

वीसा हुमड जैन युवक मंडले–मुंबईमां शिक्षा प्रचार माटे एज्युकेशन फंड स्थापन कर्युं छे जेमांथी स्कोलरशीप ने पुस्तको अपाशे.

दि० जैन युवक संघ सूरत–नी मीटींग ४ फेब्रुआरीए थई थी नवी चुंटणी थई छे जेमां प्रमुख, मंत्रीओ वगेरे हता तेज कायम रह्या छे.

भूकम्पसे–विहारके पावापुरी, कुंडलपुर, गुणावा, मंदारगिर, कमलदह, गुलजारबागके मंदिर व धर्मशालाओंको नुकसान हुआ है उनकी मरम्मतके लिये सहायता बा० निर्मलकुमार जैन रईस–आराके पास भेजनी चाहिये।

दक्षिण म० दि० जैन सभा–का ३९ वर्षका इतिहास 'सत्यवादी' मराठी पत्र कोल्हापुरने सचित्र प्रगट किया है इससे मालूम होता है कि सभाके पास स्थावर जंगम २४३६९०) की मिलकियत है व सभा आजतक ३२९०००) विद्यामें खर्च कर चुकी है।

क्षुल्लक नेमसागरजी—ગુજરાતમાં ભ્રમણ કરનાર છે.

વિજયનગર—ની હરીચંદ વસ્તા પાઠશાળાને કન્યાશાળાના મકાન માટે નાનચંદ હરીચંદનાં સ્વ. પુત્ર ડુંગરસી (કડિયાદરા)ના સ્મરણમાં ૧૦૦૦) મળ્યા હતા ને પાઠશાળાના ફંડમાં ૬૦૧) વધુ મળ્યા છે ને મકાન માટે ૫૦૦) વધુની જરૂર છે. માટે કોઇ ભાઇ ઓછામાં ઓછા ૨૦૦) આપશે તો તેમના નામની તખતી લગાડવામાં આવશે. **ખડકની** ૧૦ પાઠશાળાની પરીક્ષાઓ ચૈત્ર વદથી વૈશાખ સુદમાં થશે માટે જેમને સાથે આવવું હોય કે ઇનામ માટે રૂપીઆ આપવા હોય તેમણે અમોને લખવું. મોડાસીયા ફતેચંદ તારાચંદ મહામંત્રી–વિજયનગર.

સ્વર્ગવાસ—ભાવનગરમાં શેઠ વ્રજલાલ કેવળદાસ (છગન ધનજી) ના ધર્મપત્ની સૌ. દેવકોરબાઇનો ૬૫ વર્ષની યુવાન વયે ફાગણ સુદ ૬ સમાધિમરણ પૂર્વક સ્વર્ગવાસ થયો છે. (અંતના ચાર દિવસ તો અનશન લીધું હતું) એમના સ્મરણાર્થે ૧૧૦૧) કાઢવામાં આવ્યા છે જેની વ્યવસ્થા હવે પછી પ્રકટ થશે.

લાકરોડા–માં પાઠશાળા માટે અધ્યાપકની જરૂર છે, પગાર ૨૦) થી ૨૫) માસિક સુધી.

આવતા અંકે.

ગુજરાત દિ૦ જૈન પ્રાંતિક સભાના મહામંત્રી શેઠ છોટાલાલ ઘેલાભાઇ ગાંધી તરફથી સભાના પ્રચારકાર્ય સંબંધી મોટો લેખ ને એક સંવાદ હમણાંજ મળ્યા છે જે સ્થાનાભાવને લીધે આવતે અંકે છપાશે. આવતો અંક ચૈત્ર સુદમાં વહેલોજ પ્રકટ થશે.

દિગંબર જૈનનો આ અંકનો વધારો.

સ્વર્ગવાસી શેઠ કસનદાસ પુનેમચંદ કાપડિયા-સુરત.

રૂ. ૪૨૫૧) નું અનુકરણીય દાન.

આ પત્રના સંપાદક શ્રી. મૂળચંદભાઇના પિતાજી શેઠ કસનદાસ પુનેમચંદ કાપડિયાનો ૮૨ વર્ષની વૃદ્ધ વયે ગત માહા સુદ ૯ તા. ૨૪ જાનેવારીની રાત્રે ૧ વાગતે સારૂં કુટુંબ મુકીને ધર્મ ધ્યાન પૂર્વક સ્વર્ગવાસ થયો હતો. આપનો જીવન પરિચય જાણવા યોગ્ય હોવાથી અત્રે આપવો યોગ્ય થઇ પડશે.

શેઠ કસનદાસના પૂર્વજો હરચંદ રૂપચંદ મેવાડના ગંગરાડ ગામથી નોકરી માટે આશરે ૧૨૫ વર્ષ ઉપર સુરત આવ્યા હતા. અને અત્યંત ગરીબાવસ્થા હતી. એમના પુત્ર પુનેમચંદ થયા જે અફીણનો વ્યાપાર કરતા હતા. પુનેમચંદને બે પુત્રો કલ્યાણચંદ અને કસનદાસ થયા તેમાં કલ્યાણચંદને માત્ર એક પુત્રી કાશીબ્હેન (ફુઈ નંદકોરબાઇ) થઇ જે તીર્થક્ષેત્ર કમેટીના ભૂ૦ મહામંત્રી શેઠ ચુનીલાલ હેમચંદ જરીવાલાનાં દાનશીલ સૌ. ધર્મપત્ની છે ને આપનો પરિવાર સારો છે.

શેઠ કસનદાસનો જન્મ વિક્રમ સં. ૧૯૦૮ ભાદરવા વદ ૮ મે સુરતમાં થયો હતો. પિતાજીની સ્થિતિ અત્યંત સાધારણ હતી તથા પિતાજીનો સ્વર્ગવાસ એમની નાની વયમાંજ થઇ ગયો હતો, જેથી આપ પર કુટુંબનો ભાર આવી પડયો હતો. જેથી આપ ગુજરાતી ચાર ચોપડી સુધીજ શિક્ષણ લઇ શકયા હતા.

આપ પ્રથમ તો પિતાજીની અફીણની દુકાન ચલાવા લાગ્યા પણ તેમાં મન ન લાગવાથી તે દુકાન ઉઠાવી નાંખી ને સાચા મોતી વીંધવાનો હુન્નર શીખી મુંબઇ ગયા, ત્યાં કેટલોક સમય સારૂં કામ ચાલ્યું પણ ત્યાં કામની મંદીથી પછી સુરત પાછા આવવું પડયું. પછી સુરતમાં એક બે સ્થાને નોકરી કરી. પછી ટોપીની ને કાપડની દુકાન ભાગોળ પર કરી પરંતુ તેમાં પણ ભાગ્ય ન ચમકયું. એ દરમ્યાન આપ સુરતી પાઘડી બાંધવાનું કામ શીખ્યા ને ઘેર સુરતી પાઘડી પણ બાંધતા હતા. આ દરમ્યાન સુરતમાં આપના ઘરની પાસે વૈષ્ણવોનું મોટું મંદિર છે ત્યા સવાર સાંજ સંકડો સ્ત્રી પુરૂષો દર્શને આવતાં જતાં ત્યાં ખોટા મોતી વગેરેની એક દુકાન હતી ત્યાં જઇને આપ બેસવા લાગ્યા ત્યારે મનમાં વિચાર ઉદ્‌ભવ થઇ આવ્યો કે અહિં સ્ત્રીઓના કામની કોઇ ચીજનો વ્યાપાર કરૂં તો કદાચ ફાયદો થાય. એમ વિચારી ત્યાં એક નાની ઓછા ભાડાની દુકાન લીધી ને તેમાં કાચની બંગડીઓ વેચવાનું પ્રથમ શરૂ કર્યું ને તે પછી તે સાથે સ્ત્રી ઉપયોગી કાપડ પણ

રાખવા લાગ્યા. આપની પ્રમાણિકતા ને સરળ સ્વભાવથી આપનો આ વ્યાપાર ચમકી ઉઠયો એટલે બંગડીનું કામ બંધ કરી સુતરાઉ રેશમી ગરમ કાપડનો વ્યાપાર વધાર્યો. સુરતમાં બીયો જાતે ખરીદ કરવા આવે એવો પ્રથમ રિવાજ આપથીજ ચાલુ થયો હતો તે છતાં પણ આપની પ્રમાણિકતા ને સદ્વ્યવહારથી આપ પુરુષોના પણ અમાનીતા નહિ થયા ને આપનો વ્યાપાર વધતોજ ચાલ્યો અને ઠીક સંપત્તિ મેળવી. આપના પછી એજ સ્થળે બીજી દુકાનો થવા લાગી ને આજે તો ત્યાં ૩૦-૪૦ દુકાનો કાપડ વગેરેની થઇ મોટો પ્રસિદ્ધ બજાર થઇ ગયો છે, અર્થાત સુરતમાં મોટા મંદિરના કાપડ બજારના સ્થાપક શેઠ કસનદાસજ હતા.

આપ અને આપની ધર્મપત્ની સૌ૦ હીરાકોરબાઇને ચાર પુત્રો—મગનલાલ, જીવણલાલ, મુલચંદ અને ઇશ્વરલાલ તેમજ પુત્રીઓ મણી બ્હેન ને નાની બ્હેન એમ ૬ સંતાન થયાં તેમાં મગનલાલનો ૨૪ વર્ષની વયે પ્લેગથી સ્વર્ગવાસ થયો હતો. ને જીવણલાલનો સ્વર્ગવાસ પણ ૪૯ વર્ષની વયે ૬ વર્ષ થયાં થઇ ગયો છે. ત્રીજા ભાઇ **મુલચંદભાઈ કાપડીયા** અને ચોથા ભાઇ ઇશ્વરલાલ હયાત છે. એ ચારે ભાઇ પિતાજી સાથે વ્યાપાર કરતા હતા. જેમાં મુલચંદભાઇએ અંગ્રેજી શિક્ષણ સાથે સંસ્કૃત કેળવણી મેળવી હતી અને દાનવીર સ્વર્ગીય શેઠ માણેકચંદજીનો આપ પર અતીવ પ્રેમ હતો જેથી આપે દુકાનના કામ ઉપરાંત એ શેઠે સ્થાપન કરેલી પાઠશાળામાં રાત્રે શિક્ષા લઇ ધર્મ ને સંસ્કૃતનું સારૂં જ્ઞાન મેળવ્યું અને વ્યાપારની સાથેજ રાત્રિ દિન પરિશ્રમ કરી શેઠ માણેકચંદજી ને બ્ર. શીતલપ્રસાદજીના ઉપદેશથી ગુજરાતમાં 'દિગંબર જૈન' નામે માસિક ૨૬ વર્ષ પર ચાલુ કર્યું હતું, જે આજે પણ ચાલુ છે તથા આજ તો આપ જૈન વિજય પ્રેસના માલેક, 'જૈન મિત્ર' ના સંપાદક, જૈન મહિલાદર્શના પ્રકાશક તથા દિગંબર જૈન પુસ્તકાલયના માલીક છે અને દિગંબર જૈન સમાજની આપ અનેક પ્રકારે અપૂર્વ સેવા કરી રહ્યા છે.

શેઠ કસનદાસ ૧૫ વર્ષથી દુકાનથી નિવૃત્ત થયા હતા. અને મૂલચંદભાઇ દુકાનથી છુટા પડી 'જૈન વિજય' પ્રેસ સ્વતંત્ર રૂપે ચલાવવા લાગ્યા હતા ને ભાઇ ઇશ્વરલાલે મુંબઇમાં મલમલની દુકાન કરી, જેથી ભાઇ જીવણલાલ એકલાજ દુકાન ચલાવવા લાગ્યા હતા પણ સંવત ૧૯૮૪ માં એમનો વિયોગ થઇ જવાથી પછી એ કાપડની દુકાન બંધ કરવી પડી હતી. શેઠ કસનદાસને કંઇ પણ રોગ થયો નહોતો પણ ચાર મહિનાથી શરીર શક્તિ ધીમે ધીમે ઘટતી ગઇ ને ખોરાક પણ ઘટતો ગયો હતો. આપ ખાસ કોઇ દવા લેતાજ નહોતા. વિલાયતી દવાનો તો આપને કેટલાંક વર્ષોથી ત્યાગજ હતો. શરીર કૃષ હોવા છતાં અંત સુધી આપ ચેતન અવસ્થામાં હતા (માત્ર કલાક અડધો કલાક અચેતન રહ્યા હતા) આપના સ્મરણમાં નીચે મુજબ અનુકરણીય દાન કરવામાં આવ્યું છે.

૨૦૦૦) સ્થાયી વિદ્યાદાન વગેરે માટે.
૨૦૦૦) સ્થાયી શાસ્ત્રદાન (મૂળચંદભાઇ તરફથી)
૫૧) ભૂકંપ પીડીત સહાયક ફંડ, પટના.

૨૦૦) સંસ્થાઓને નીચે મુજબ—૧૦) અશક્તાશ્રમ સુરત, ૧૦) રક્તપિતિયાશ્રમ સુરત, ૧૦) મહાજન અનાથ આશ્રમ સુરત, ૨૦) પાંજરાપોળ સુરત, ૧૦) દિ. જૈન પાઠશાળા સુરત, ૧૦) ડુલકોર કન્યાશાળા સુરત, ૧૦) દિ. જૈન શ્રાવિકાશાળા સુરત. ૧૦) દિ૦ જૈન યુવક સંઘ સુરત. ૧૦) સ્યા૦ મહાવિદ્યાલય કાશી, ૧૦) ૠષભ બ્રહ્મચર્યાશ્રમ મથુરા, ૧૦) બ્રહ્મચર્યાશ્રમ કુંથલગિરિ, ૧૦) વીર વિદ્યાલય પપૌરા, ૨૦) અનાથાલય-ઔષધાલય બડનગર, ૧૦) સોનાગિર વીર વિ૦, ૧૦) ૠષભદેવ વિદ્યાલય, ૧૦) અનાથ વિધવા સહાયક ફંડ આગ્રા, ૧૦) જૈન અનાથાલય દીલ્હી, ૧૦) પરિષદ પરીક્ષા બોર્ડ (ઇનામ માટે) આ પ્રકારે ૪૨૫૧) નું દાન થયું છે. શેઠ કસનદાસના પૂજ્ય આત્માને શાંતિ તથા શ્રી. મુળચંદભાઇ ને ઇશ્વરભાઇ આદિ કુટુંબીઓને ધૈર્ય પ્રાપ્ત થાઓ એજ મારી આંતરિક ભાવના છે.

ઇશ્વરલાલ કલ્યાણદાસ મહેતા,—મેનેજર.

સફળતા.

પરિષદ નિમિત્તે સુરત પ્રતિનિધીઓ મોકલવામાં, બધી કોમોની પંચોએ બહુ સારી કાળજી બતાવી હતી. આગેવાનો અને વિચારકોનો ઠીક સમૂહ ટોળે થયો હતો. પરિષદને સફળ બનાવવામાં બધા ભાઇઓએ, વિવિધ પ્રકારના વિરોધો રજુ કરતા હોવા છતાં, સરસ ટેકો આપ્યો છે. પ્રતિનિધીઓની સરભરા કરવામાં, સુરતના શ્રીમંત ભાઇઓએ પણ સુહૃદય ભાગ લીધો છે. જાતે પીરસીને જમાડવામાં અને હરેક પ્રકારની સગવડ દૂર કરવા જાતે પરીશ્રમ લેઇને વાત્સલ્ય અને પ્રભાવના અંગનો વ્યવહારમાં અમલ કરી બતાવ્યો છે, કરકસર અને ડહાપણથી બધો સમારંભ સંપૂર્ણ નિર્વિન્ધ પાર ઉતર્યો હતી.

આખા દીગમ્બર સમાજનું રક્ષણ કરવાને તૈયાર કરેલી પરિષદ રૂપી ઢાલની એક બાજુ તો આવી સુંદરતાથી સજ્જીત થયેલી માલુમ પડે છે. ઢાલનું અંદરનું પડખું ઘણે ભાગે પોલું હોય છે. આ પોલમાં હાથ રાખીનેજ શત્રુ સામે રક્ષણ મેળવવાનું હોય છે. કુસંપ અને ઇર્ષારૂપી ભારે શત્રુઓ સમાજનું અહિત કરી રહ્યા છે. બધા વર્ગોમાં જુદી જુદી રીતે ઇર્ષા અને ખોટા માનની લાગણીઓ હજી પુરેપુરી સમી ગઇ હોય એમ જણાતી નથી. સમયના ગાંભીર્યને લઇને ગૈરવી ભુલાવાના પ્રયત્નો સફળ થયા છે. તે વૈરની લાગણીઓનો નાશ કરવાને હરેક રીતે મદદ કરે તોજ કોન્ફરન્સના ઠરાવો અમલમાં મુકાય.

પંચના બંધારણોના રક્ષણના બ્હાના નિમિત્તે હજી કાંઇ કાંઇ તર્ક વિતર્કો વિચારવાન ભાઇયો–ઓના દીલમાં ઉઠી રહ્યા છે.

સમાધાનને ચ્હાનારા હૃદયોમાં જ્યારે શાન્તિથી એ બધા વળ કાઢવાની ગડભાંજ થાય છે, ત્યારે કલેષથી કલુષીત થયેલાં હૃદયો હજી પણ શાંત થતા નથી. બાળેલા દેવતાની માફક સ્હેજ સ્હેજમાં બળી ઉઠે છે.

આવી પરિસ્થિતિમાં ઠરાવોનો અમલ કરવાના કામનો ઉકેલ આણવાનું કામ હોકળે ચઢે છે ને બધા સમજુ માણસો કાંઇપણ તર્ક કર્યા શીવાય માની લે કે, આપણે બધાઓએ એકઠા મળીને પસાર કરેલા પરિષદના ઠરાવો આપણું હીતજ કરવાના છે, સમાજમાંથી કળેશ કાઢવાનો અને આપણી ઉન્નતિ સાધવાનો બીજો કોઈ રસ્તો નથી, અને કદાચ હશે તો વિચાર કરવાને હજી ઘણી તક આપણને આસ્તેજ મળી શકે એમ છે. આમ નિશ્ચય કરીને જુના કળેશરૂપી કચરાને એક વખત જે તે રીતે ઉદારતાથી ફેંકી દેવા તત્પર થઇ જાઓ.

એક વખત રસ્તો ચોખ્ખો થયા પછી બધા જોઇ શકશે કે, આપણે કેટલા બધા આગળ વધી શકયા છીયે. ધર્મમાં અને વ્યવહારમાં આપણે ઉલટે રસ્તે ચઢી ગયા છીએ. સમજતા હોવા છતાં ધર્મને બદલે, અધર્મ આચરીએ છીયે. વિતરાગની ઉપાસના કરવાના બ્હાના નિચે સરાગ થઇ દહેરાસર માટે દ્રવ્ય મેળવવાના ઝઘડા લડી રહ્યા છીએ. સત્ય કહેવાના બ્હાના નીચે અનેક પ્રકારના હીત, મીત અને પ્રીય વચનો કહેવાને બદલે, અપરિચીત વિતંડાવાદ કરીને આપણા સગા ભાઇ, બ્હેનોનાં અંતર દુ:ખાવી રહ્યા છીયે.

આપણા મંદીરોના ઝઘડાઓને આપણે જો ઉદારતા પુર્વક સમાવીએ નહિ તો જરૂર માનજો કે, આવતા જમાનાના યુવાનોની શ્રદ્ધા એ મંદીરો ઉપરથી ઉઠી જશે. આપણે ઝઘડામાં રચ્યાપચ્યા રહીશું એટલે જૈનધર્મના તત્વજ્ઞાનના ઉંચા આદર્શનો સ્વાદ આપણે કળી શકીશું નહિ–માત્ર બહારથી સામયિક, પૂંજા કરવાથી, જ્યાંસુધી તેની સારી અસર આપણા સામાન્ય વ્યવહારમાં નહિ જણાય, ત્યાંસુધી, ઉછરતા યુવાનોમાં શ્રદ્ધા ઉત્પન્ન નહિ કરી શકે. સમાજવાદ કહે છે, કે, મુડીવાળા-

એ મંદીરો અને ધર્મ ગુરૂઓને હાથમાં લીધા છે; અને તેના રક્ષણના બ્હાના નિચે ગરીબ અને સામાન્ય વર્ગને તે જાણે અજાણે પણ કચડે છે. આ, તોહમત ખોટું પાડવું હોય તો, ધર્મના ખરા તત્વજ્ઞાનને વ્યવહારીક આચરણમાં મુકો. પંચનાં બંધારણોનો ખોટો અર્થ ન કરો. બંધારણો સુખ સંપથી રહેવા માટે ધર્મના પાયા ઉપર રચાયાં છે. એનાથીજ સુખ અને સંપનો નાશ થાય તો પછી એ બંધારણો નિરર્થક થઇ જશે.

આજ પણ આપણે બંધારણોને સિથીલ થયેલા જોઇએ છીએ. યુવાન વર્ગ સુખ મેળવવાને ઉતાવળો બન્યો છે. વટાળની વાડ લગભગ છેદી નાખી છે. જાતિવાડ ડગમગી રહી છે. સમાજ સ્વાતંત્ર્યની કેળવણીએ યુવાનોના હૃદયમાં અનેક પ્રકારની ગરબડ મચાવી મુકી છે. એ બધી મુઝવણને સવેળા યોગ્ય રસ્તે વાળવા માટે સમાજના નાના વાડા તોડી મ્હોટા કરવાની અનિવાર્ય અગત્ય સ્વીકારીને આપણે પરિષદના ઠરાવો કર્યા છે. તેને જાળવી અમલમાં મુકવા માટે સવડ કરો નહિ તો, આપણો પરીશ્રમ નકામો જશે. પ્રાચીનકાળથી, સમાજના બંધારણો ટકાવવાને ઘણી છુટછાટ મુકવામાં આવી છે. મહાભારતની વાતો અને મોગલ શહેનશાહ અકબરના સમયનો ઇતિહાસ આપણને સ્પષ્ટ બતાવે છે કે, મુશ્કેલીઓનો અંત લાવવા માટે આંતરજાતિય લગ્નોને અને દેખીતી રીતે અધર્મ આચરણોને પણ ઉદારતા પુર્વક તે સમયની સમાજોએ નિભાવી લીધા છે. તેમ જો બન્યું ન હોય તો આજ આપણાં આવાં સુઘડ બંધારણો રહ્યાં ન હોત. દીર્ઘ દ્રષ્ટિથી જોશો તો જણાશે કે, આપણાં હાલનાં બંધારણોમાં જલદી સુધારો થાય તો હાલ પ્રવર્તતા કોઇપણ વાદ કરતાં આપણાં સમાજવાદનું બંધારણ ઉત્તમ પ્રકારનું છે, અમલમાં માત્ર ઉદારતા અને ડહાપણની જરૂર છે.

—નાગરદાસ.—

વડોદરા રાજ્ય જ્ઞાતિ ત્રાસ–નિવારણ નિબંધ.

(લેખકઃ–મોતીલાલ ત્રી. માલવી, બાકરોલ.)

મહાશયો ! જ્ઞાતિ ત્રાસ નિવારણ નિબંધ આપણી જ્ઞાતિની સત્તા ઉપર કાપ મૂકતો હોવાથી તથા વ્યકિતને રક્ષણ આપતો હોવાથી–ને આ રાજ્યની તમામ જ્ઞાતીઓને અને તેની સાથે સંબંધ ધરાવતી–આપણી દિગંબર જૈન જાતિ (૧) સોજીત્રા સમુહની વીશા મેવાડા જૈન જાતિ (૨) અંકલેશ્વર સમુહના વીશા મેવાડા જૈન જાતિ (૩) નૃસિંહપુરા, સંગપુરાની જૈન જાતિ, (૪) રાયકવાળ જૈન જાતિ, (૫) દશા–વીશા હુંમડની જૈન જાતિ–વણિક કોમને ખાસ ઉપયોગી હોવાથી અક્ષરશઃ નીચે મુજબ આપવામાં આવે છે, તો તેના ઉદ્દેશો ધ્યાનમાં લઇ તથા હમણાં થોડાજ સમય પર નાતાલના તહેવારોમાં સુરત ખાતે "ગુજરાત દિગંબર જૈન પરિષદ" મળી હતી, તેના કાર્યવાહકોના ઉદ્દેશો ધ્યાનમાં લઇ જે તે જ્ઞાતિના અગ્રેસરોએ જમાનાને અનુસરી કન્યા વ્યવહારનું ક્ષેત્ર ઉદારતાની સાથે વિશાળ કરવાને તાત્કાલીક ઉપાયો યોજી જ્ઞાતિ તંત્રમાં યોગ્ય સુધારો કરવાની જરૂર છે.

ઉદ્દેશ—હિંદુઓની કેટલીક જ્ઞાતિઓમાં અમુક સ્થળ સીમમાંજ લગ્ન થઇ શકે એવો પ્રતિબંધ મૂકનારા, એકવાર થયેલું સગપણ તોડી શકાય નહિ, એવો પ્રતિબંધ મૂકનારા, લગ્ન અગર મરણ પ્રસંગે, અગર બીજા કોઇ પ્રસંગે અનિચ્છાએ પણ ભોજનો કરવાંજ જોઇએ–એવા ખર્ચાળ, તથા પરદેશ ગમનની સ્વતંત્રતા ઉપર અંકુશ મૂકનારા રીત રિવાજ હોય છે, એવા રીત રિવાજનો ભંગ કરનારને બહિષ્કાર અથવા દંડની શિક્ષા કરવામાં આવે છે, તેથી તે જ્ઞાતિના લોકોની ભૌતિક અભિવૃદ્ધિ તથા પ્રગતિને અડચણ આવે છે અને લોકોને ત્રાસ થાય છે, આવી

અડચણ તથા ત્રાસ દૂર કરવા અર્થે કાયદો કરવો ઇષ્ટ જણાયાથી-શ્રીમંત સરકાર મહારાજ સયાજીરાવ ગાયકવાડ સેનાખાસખેલ શમશેર બહાદુર-જી-સી-એસ-આય, જી-સી-આઇ-ઇ. ફરજંદે-ખાસ-ઇ-દૌલતે ઇંગ્લિશિયા એમણે નીચે મુજબ ઠરાવ્યું છે.—

સંજ્ઞા—૧ આ નિબંધને "જ્ઞાતિ ત્રાસ નિવારણ નિબંધ કહેવો.

૨—લાગુપણું-આ નિબંધ આ આખા રાજ્યને લાગુ થશે.

૩—વ્યાખ્યા-વિષય અગર પૂર્વાપર સંબંધથી બાધ આવતા ન હોય તો--

(क) "જ્ઞાતિ" એ શબ્દમાં પેટા જ્ઞાતિ, તડ. સમૂહ, ગોળ તથા કન્યાની લેવડ દેવડ અમુક સ્થળ સીમામાંજ અગર અમુક સમુહમાંજ થઇ શકે એવો પ્રતિબંધ મુકનારા, નોંધાયલા અગર બિન નોંધાયલા, મંડળો અને સમાજોનો, સમાવેશ થાય છે.

(ख) "આગેવાન" એટલે જ્ઞાતિના શેઠ-પટેલ તથા જ્ઞાતિના પંચો એમ સમજવું, અને જેમાં એવા શેઠ કે પંચો ન હોય તે જ્ઞાતિમાં જે કૃત્ય બાબત ફરિયાદ કરવામા આવે તે કૃત્ય કરવામાં જે શખ્સે આગેવાની ભર્યો ભાગ લીધો હોય તેનો સમાવેશ થાય છે.

(ग) "બહિષ્કાર" એટલે-પંકિત વ્યવહાર, કન્યા વ્યવહાર, લ્હાણા વ્યવહાર, વિગેરે પ્રકારનો જ્ઞાતિ વ્યવહાર, બંધ કરવો, તે એમ સમજવું.

(घ) "ત્રાસદાયક" રીત રિવાજ એટલે જે રીત રિવાજ—

(अ) તેજ જ્ઞાતિમાં અમુક સ્થળ સીમમાંજ લગ્ન થઈ શકે એવો પ્રતિબંધ મુકનારો હોય, અથવા-

(आ) એકવાર થયેલું [illegible] (વિવાહ-વેવીશાળ) કોઇપણ કારણસર તોડી શકાય નહિ, એવો પ્રતિબંધ મુકનારો હોય, અથવા-

(इ) અનિચ્છાએ ખર્ચ કરવો પડે એવી ફરજ પાડનારો હોય, અથવા-

(ई) દેશ પર્યટન કરવાની સ્વતંત્રતા ઉપર અંકુશ મુકનારો હોય, તે રીત રિવાજ સમજવો.

(૪) ત્રાસદાયક રીતરિવાજ બંધનકારક નથી. કોઈ જ્ઞાતિમાં કોઇ ત્રાસદાયક રીત રિવાજ અસ્તિત્વમાં હશે તો તે રીતરિવાજ તે જ્ઞાતિના કોઇપણ સખસને બંધનકારક ગણાશે નહિ.

(૫) ત્રાસદાયક રીત રીવાજના ઉલંઘન માટે શિક્ષા કરવી નહિ. કોઇપણ સખ્સ પોતાની જ્ઞાતિના કોઇ ત્રાસદાયક રીત રિવાજનું ઉલંઘન કરે તો તે માટે તેને તે જ્ઞાતિના-

(क) આગેવાને, અગર.

(ख) બીજા કોઇ સખ્સે.

બહિષ્કારની, અગર દંડની, અગર દંડના સ્વરૂપની, શિક્ષા કરવી નહિ.

(૬) કલમ ૫ નું ઉલંઘન કરનારને શિક્ષા-

(૧) જે-

(क) આગેવાન, અગર-

(ख) બીજો કોઇ શખસ, પોતાની જ્ઞાતિના કોઇપણ સખસને-

(अ) લેખી અગર મોંઢાનો ઠરાવ કરીને, અગર-

(आ) બીજી રીતે

કલમ ૫ ના ઠરાવનું ઉલંઘન કરીને-

(૧) પ્રસંગ. બહિષ્કારની, અગર-

(૨) દંડની, અગર-

(૩) દંડના સ્વરૂપની-

પરિણામ.-શિક્ષા કરશે તે છ માસ સુધીની આસાન કેદની અગર રૂપિઆ ૧૦૦૦ એક હજાર સુધીના દંડની અગર બંને પ્રકારની શિક્ષાને પાત્ર થશે.

(૨) પ્રથમનો બહિષ્કાર બંધ પડશે. (क) કોઇ સખસનો કોઇ ત્રાસદાયક રિવાજનો ભંગ કરવા માટે-આ નિબંધ અમલમાં આવતા પહેલાં બહિષ્કાર કરવામાં આવ્યો હશે તો તે આ નિબંધ અમલમાં આવશે તે તારીખથી.

(૧) નિરર્થક ગણાશે, અને–

(૨) તેનો અમલ બંધ પડશે.

(ख) કોઈ આગેવાન અગર બીજો કોઇ સખસ રકમ (क) પ્રમાણે નિરર્થક થયેલો બહિષ્કાર–

(૧) ચાલુ છે એવું જ્ઞાપન કરશે, અગર–

(૨) જે સખસનો બહિષ્કાર કરવામાં આવ્યો હોય તે સખસ તરફ તે બહિષ્કાર ચાલુ છે એવી રીતે વર્તશે તો તેણે–

(अ) પેટા કલમ (૧) પ્રમાણે ગુન્હો કરેલો ગણાશે, અને–

(आ) તેમાં ઠરાવેલી શિક્ષાને તે પાત્ર થશે.

(૭) ઇન્સાફનો અધીકાર.

(૧) આ નિબંધ મુજબના ગુન્હાનો ઇન્સાફ પહેલા વર્ગની સાધારણ ફોજદારી ન્યાયાધીશીથીજ થઇ શકશે.

(૨) ગુન્હાનો પ્રકાર—આ નિબંધ મુજબનો ગુન્હો પકડ હુકમ વગર પકડી શકાય નહિ. તેવો, તેમજ જામીન લઇ શકાય તેવો છે, એમ સમજવું.

(૩) ફરિયાદીની મુદત—આ નિબંધ મુજબના ગુન્હાની ફરિયાદ ગુન્હાની ખબર મળ્યાની તારીખથી છ માસ પછી થઇ શકશે નહિ.

(૪) ફરિયાદ કરવાનો અધીકાર—આ નિબંધના ગુન્હાની ફરિયાદ જે શખ્સને જ્ઞાતિ તરફથી–દંડ અગર બહિષ્કારની શિક્ષા કરી હશે તે શખસજ કરી શકશે.

(૫) જ્ઞાતએ કરેલો દંડ પાછો અપાવવો–કલમ ૬ પ્રમાણે ગુન્હો સાબિત ઠરાવી શિક્ષા કરનાર ન્યાયાધીશીએ ફરિયાદી પાસેથી આરોપીએ જો કોઇ દંડ વસુલ લીધો હશે તો તે પાછો આપવાનો હુકમ કરવો.

(૬) ન્યાયાધીશી—દંડ તથા પાછી આપેલી રકમ વસુલ કરવાની રીત.

(क) કલમ ૬ પ્રમાણે દંડની શિક્ષા કરશે તે, તથા–

(ख) આ કલમની પેટા કલમ (૫) પ્રમાણે જે રકમ પાછી અપાવવાનો હુકમ કરશે તે.

જે તે વખતે અમલમાં હોય તે ફોજદારી કામ ચલાવવાની રીતના નિબંધમાં ઠરાવેલી રીતે વસુલ કરી શકશે.

(૮) ગુન્હો માંડી વાળી શકાશે નહિ.

(क) આ નિબંધ મુજબનો ગુન્હો માંડીવાળી શકાશે નહિ એવો ગણાશે તેમજ–

(ख) કોઇપણ વખતે ફરિયાદી ફરિયાદ પાછી ખેંચી લઇ શકશે નહિ.

બીજા કાયદા પ્રમાણે દાદ લેવા પ્રતિબંધ નથી.

(૯) જ્ઞાતિના આગેવાને અગર બીજા કોઇ શખસને જે તે વખતે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદા પ્રમાણે દાદ લેવાને–

(क) આ નિબંધના કોઇપણ ઠરાવથી અગર–

(ख) આ નિબંધ પ્રમાણે કામ ચલાવ્યાના કારણથી પ્રતિબંધ નડે છે એમ સમજવું નહિ.

તારીખ ૧૨ માહે ડિસેમ્બર સન ૧૯૩૩

પુ. વા. મ.

વિ. કૃ. ધુરંધર.

ન્યાયમંત્રી (વડોદરા રાજ્ય)

નોટ–સદર જ્ઞાતિ ત્રાસ નિવારક નિબંધ શ્રીમંત સરકાર સયાજીરાવ ગાયકવાડ, સેનાખાસખેલ શમશેર બહાદુર, જી. સી. એસ. આય, જી. સી. આય. ઇ. ફરજંદે–ખાસ–ઇ–દૌલતે–ઇગ્લિશિયા, એમની મંજુરીથી સન ૧૯૩૩ ની નિબંધ ૫૫ મો તા. ૧૪ માહે ડીસેમ્બર સન ૧૯૩૩ ની વડોદરા રાજ્ય તરફથી પ્રગટ થતી આજ્ઞા પત્રિકામાં પ્રગટ થયેલો તે પરથી નોંધ લઇ જૈન સમાજના હિતાર્થે પ્રગટ કરવામાં આવ્યો છે, તો મારા જૈન ભાઇઓ તે સાદ્યંત વાંચી તેમાંથી સાર વસ્તુ ગ્રહણ કરી પોતાની જ્ઞાતિમાં જમાનાને અનુસરી યોગ્ય સુધારા દાખલ કરશે એવી શુભ આશા સહ વિરમતો–મો. ત્રી.

સમાજની ઘાતક રૂઢિઓ.

(હરીગીત છંદ)

૧

જૈની જનો જગમાં તમે આજે ગયા પાછળ પડી,
સંખ્યા તમારી સૌ થકી આજે ગઇ અવળી ગતિ,
નાંખો નજર નર નાંખશો જૈનો જુઓ ઝાંખાજ છે,
જૈની જનો જર જોરૂના આજે બન્યા લાંફાજ છે.

૨

જેના હતા વિર દૃષ્ટ તે આજે બન્યા ગાફીલ છે,
પુરા હતા પરાક્રમી તેઓ બન્યા આસીલ છે.
મનુષ્યને પશુ પંખીથી જેનો હતો સૌ પ્રેમ તો,
તેઓ બન્યા આજે અહો તુચ્છકારના સૌ નેમ તો.

૩

અહિંસા તણો સિદ્ધાંત જેના દિલમાં વ્યાપો હતો,
વળી સત્યતા સંસારમાં જેના ગ્રહે જામ્યો હતો;
ગુરૂં ન ઇચ્છે બાળનું બહુ દ્રવ્ય જેના ભાલમાં,
સત્પાત્રને દે દાન તેથી સ્વર્ગ જેના તાલમાં.

૪

વિર ભીમ ને હનુમંત અર્જુન, રામ કોટી લક્ષ્મણો,
પ્રભુ પાર્શ્વ ને આદિજિને, ઝંડો જગે ધર્યો હતો,
સીતા અને સુલસા વળી, રાજુલ આદિ નાર જે,
જન્મી જગે જશ ખાટતી, એના બન્યા તે જૈન છે.

૫

આજે જુઓ દૃષ્ટ કરી, બિંકણુ દિસે તસ બાળ તો,
માયા અને જગજાલમા, ફસ્યા રહે સૌ લાલચો;
જાતી રહી સૌ સંપત્તિ, સુતો સદા ક્ષય થાય છે,
જૈનો તણી જશવેલ તે, એ રીતથી કોહાય છે.

૬

આજે જુઓ જગતે સહુ, સંપતતણા ગુલામ છે,
સુત સંતતિ વળી સંપની, કંઇએ નહિ પંચાત છે;
પિતા પછાડે પાળીને, પોતાતણી જે લાડકી,
વૃધ્ધો થકી પરણાવીને વિચ્છેદ કરતા બાળકી.

૭

બાળા બનેલી બારની કહો ? વૃદ્ધને શું કામની ?
શક્તિ નહિ પોષણ તણી–તેવા કને ત્યમ નારની !
વિધવા બને જલ્દી અને જશ જૈનનો ઝંખાવતી,
તેઓ તણા અશ્રુ થકી તમ ઉન્નતિ અટકાવતી.

૮

વળી બાળલગ્ને બાળનો જે ઘાણ કાઢ્યો જગ્તમાં,
કહેવા કથું હું બ્યાન તો મળશે ન પુરો વખ્ત તો;
નાનાં અને નાદાન જે, તિની ન જાણે કામની,
સુખો ન જાણે શ્રેષ્ટ તે, ઉકાળશે શું નારની.

૯

વિધ્વંસ આ સમાજનો આ રીતથી થાતો હવે,
આંખો ઉઘાડો જૈનીઓ, તે ધ્યાનમાં ધારો તમે;
વળી બારમાની નાત જે, પેઠી તમારા અંગમાં,
ખાલી કરે જર જગ્તમાં, રહેવા ન દેતે ઢંગમાં.

૧૦

લહાણી કરો મુવા પછી, વાસણતણી તમ નાતમાં,
તેથી ન કારજ આપનું, સધાય કોદી ભાતમાં;
ખાલી જતું જર તે અને, તમ કામના મારી જતી,
વિદ્યા વિના તમ દ્રવ્યની, એવી થતી અવળી ગતી.

૧૧

નિર્માણ મંદિરનું કરી, ફુલાવ શું ? જૈનો તમે ?
નૃતન નથી કાંઇ કામનું, એ ખ્યાલમાં લાવો હવે!
શોભા નહીં સૌ દ્રવ્ય તો, એ રીતથી ચાલ્યું જતું,
વિચાર નવ વિદ્યા તણો, યુવાન દિલ કયાં રાચતું.

૧૨

એ અને એથી અધિક, કુચાલ પેઠા નાતમાં,
જૈનો તમે એકત્ર થઇ, ઉન્નત કરો સૌ ભ્રાન્તિમાં;
શ્રીમાન જે જૈનો તણા, ધીમાન દોસ્તી જો કરે,
સાથે મળે બે પક્ષ તો, જૈનો તણો ઝંડો ચઢે.

૧૩

જૈની જનો એ રીતથી, સુધારજો સમાજને,
સર્વે મળી એકત્ર થઇ, ઉન્નત કરો આ ધર્મને;
જે જે થયા એકત્ર તે, આજે બધા આગળ થયા,
મોહન કહે જૈનો તમે, શાને કરી બેસી રહ્યા.

મોહનલાલ શાહ કાણીસા–કમ્પાલા.,

આપણો ધર્મ.

(લેખક—રતીલાલ કેશવલાલ શાહ, ભરૂચ.)

આ અસાર સંસારમાં આપણો હમેશનો સુખ દુઃખનો સાથી, અને હર હંમેશ આપણી સાથે રહેનાર, અને પરલોકમાં પણ આપણી સાથે આવનાર આપણો ખરો સાથી 'ધર્મ' છે- તેજ આપણો ખરો બંધુ છે, આપણને સુગતિ અપાવનાર, અને આ પ્રરિભ્રમણ યુકત સંસાર-સાગરમાંથી પાર ઉતારનાર ધર્મ રૂપ નાવ છે, અને તેના વડેજ આપણે પાર ઉતરી શકીએ છીએ.

આપણા ધર્માચાર્યોએ ધર્મો દશ પ્રકારના કહેલ છે-ઉત્તમ ક્ષમા, ઉત્તમ માર્દવ, ઉત્તમ આર્જવ, ઉત્તમ સત્ય, ઉત્તમ શૌચ, ઉત્તમ સંયમ, ઉત્તમ તપ, ઉત્તમ ત્યાગ, ઉત્તમ આકિંચન્ય, ઉત્તમ બ્રહ્મચર્ય—એ પ્રમાણે દશ ધર્મોનું આપણે પુરેપુરી રીતે પાલન કરવું જોઇએ. દશ ધર્મોનું સ્વરૂપ સર્વે વાંચક વૃન્દ સારી રીતે સમજે છે, એટલે તેનું લંબાણ વિવેચન કરી પાઠકોનો સમય વૃથા લેવા માંગતો નથી.

શ્રી પુજ્ય સમંતભદ્રસ્વામિએ ધર્મનું સ્વરૂપ નીચે પ્રમાણે વર્ણવ્યું છે-

सद्दृष्टिज्ञानवृत्तानि धर्मं धर्मेश्वरा विदुः ।
यदीयप्रत्यनिकानि भवन्ति भवपद्धतिः ॥
(रत्नकरंड श्रावकाचार)

અર્થાત્ સમ્યગ્ દર્શન, સમ્યક્ જ્ઞાન, સમ્યક્ ચારિત્ર એ ધર્મનાં લક્ષણ છે, અને તેથી વીરૂદ્ધ મિથ્યા દર્શન, મિથ્યા જ્ઞાન અને મિથ્યા ચારિત્ર એ ત્રણે સંસારને વધારનારાં છે. માટે આપણી ફરજ છે કે આપણે એ ત્રણે રત્નોનું શાસ્ત્રાજ્ઞા અનુસાર યથાશક્તિ પાલન કરવું જોઇએ.

ધર્મ એ શું છે? એ સવાલ જ્યાં સુધી આપણા હૃદયની અંદર પ્રવેશ કરતો નથી ત્યાં સુધી આપણે ધર્મની અગત્યતા સમજી શકતા નથી, ધર્મ એજ આપણો સાચો મિત્ર છે. ધર્મ તે આપણને યૌવન અવસ્થાના અંધકારથી થયેલ ઉન્મત્તપણું જે સુર્યથી પણ ભેદી શકાતું નથી, રત્ન પ્રભાથી ભેદી શકાતું નથી, પ્રદીપ્ત પ્રકાશથી દૂર કરી શકાતું નથી-તેવું છે, તેને તેમજ ચપળ અને અચળ માયાના પ્રતાપે થયેલ અંધકારને દૂર કરી આપણી અંતર ચક્ષુને આવી ગયેલ પડળ કાઢી યોગ્ય શીખામણનો ઉદ્દેશ આપી સન્માર્ગે ચઢાવનાર આપણો ખરો મિત્ર છે, અને ધર્મ તે ખરો શણગાર છે. આપણને હાલમાં અસ્તતાનું ચક્ર લાગેલ છે, જેથી જોકે આપણે આ મનુષ્ય દેહ પામ્યા છીએ, તેમ છતાં પણ આપણા ધર્મથી વીમુખ રહ્યાં છીએ. આપણા સુવીચાર સંતાઈ ગયા છે, આપણી પ્રફુલ્લીત મનઃશક્તિનું ભાન આપણે ભુલી ગયા છીએ, અને આપણો ધર્મ આપણે છોડી દીધો છે.

આપણો ધર્મ શ્રેષ્ટ છે એ તો સ્વતઃસિદ્ધ પ્રખ્યાત વિદેશી વીરોથી આપણે જાણી શકેલા છીએ અને તે જગતમાન્ય વાત છે. તે ધર્મની ઉપર આસ્તા ન બેસે અને તેને આપણે આસ્તે સમાજના વહનમાં ખેંચાઇ જઇએ તે આપણા માટે ઘણીજ શરમની વાત છે. માટે ભાઇઓ, હજુ પણ ચેતો, અને તમારા ધર્મ ઉપર આસ્થા વધારી કંઇ સુગતિ તરફ પગલા માંડો.

બંધુઓ, તમારી યુવાવસ્થા ચાર દીવસનું ચાંદરડું છે, તે પછી વૃદ્ધાવસ્થા પોતાની સાથે એક વિચિત્ર મતિ કરાવનાર પોતાનાં મિત્રને લઇને દોડી આવે છે-તે આપણને બાઝશે ત્યારે આપણે હાથ નહિ રહે આપણી શુદ્ધિ કે બુદ્ધિ, અને નહિ રહે આપણને ઉઠવા કે બેસવાનું જોર. એવે વખતે આપણે આપણો ઉદ્ધાર કવી રીતે કરી શકવાના? ઉદ્ધાર કરવાનો ખરો વખત આપણે આપણા હાથેજ ગુમાવીએ છીએ. આપણા જેવા રંકને હાથ રત્ન રૂપી ધર્મ આવેલા છે તેને આપણે આપણા સ્વહસ્તે પત્થર તુલ્ય ગણી ફેંકી દઇએ

છીએ તે માટે તમોને અવશ્ય પાછળથી પસ્તાવો થવાનો !

ભાઇઓ, તમે એમ માનતા હશો કે કર્મ ધર્મનું પ્રાબલ્ય આપણે કયાં દેખીએ છીએ ?–પણ તે તો તમને જ્યારે ખરૂં ભાન આવશે, અને ખરૂ સ્વરૂપ સમજાશે ત્યારે તમારી ધ્યાનમા આપોઆપ આવશે, અને તમારાં અંતરપટના દ્વાર આપોઆપ ખુલી જશે. રાત દીવસ તમે મોજ મઝામાં અને કુઆચરણોમાં તમારા અમુલ્ય સમયની બરબાદી કરો છો, પણ એક કલાક માટે પણ ધર્મના કાર્યને માટે તમો તમારો સમય બીલ્કુલ બચાવી શકતા નથી તે કેટલી આશ્ચર્યની વાત છે.

જ્યારે જ્યારે કોઇને કહેવામાં આવે છે. કે જરા ધર્મનો અંકુર રાખ અને ધર્મ ઉપર દઢતા વધારી તેનાં અમૃત તુલ્ય ફળ ચાખ, ત્યારે તેના મોંમાંથી નીકલે છે કે "પારકી તાબેદારી અને કામની ધમાલમાંથી મને તો પુરી જમવાની પણ નવરાશ મળતી નથી તો ધર્મ કાર્ય કયાંથી કરૂં ? પણ ઓ ભાઇ ! નકી સમજશો કે ધર્મ તેજ તમારો ખરો બેલી છે, અને તમારા મરણ પછી તેજ સાથે આવનાર છે–પરમ પ્રિય મિત્રો, પ્રાણાધીક પત્નિ, જીવથી વહાલો પુત્ર, પુત્ર પ્રેમી પિતા, અને વાત્સલ્ય ભરપુર માતા તથા અન્ય સંબંધીઓ જ્યારે તન છોડીને ચાલ્યાં જાય છે ત્યારે ગયા પછી તેઓ મિત્ર, પિતા કે પુત્રનું શું થયું તેની સંભાળ લેવા પણ આવતા નથી. મોહીની જેમ વધારશો તેમ વધશે અને જેવો વસ્ત્ર રહિત આવ્યો હતો તેવોજ પાછો જઇશ. સાથે કંઇ આવવાનું નથી. જો ધર્મમાં પ્રીતિ પરોવીશ, અને ધર્મનાં આચરણો પાળીશ તો તે આચાર વિચાર તથા સારાં નરસાં કર્મો સાથેજ આવનાર છે. બાકી હવેલી, પૈસો, ઘરેણાં, સ્વજનો વિગેરે બધું અત્રેજ પડી રહેવાનું છે. માટે તેવી વસ્તુઓ કે જે પરલોકમાં આપણી સાથે આવવાની નથી તેની ઉપર મોહભાવ શા માટે રાખવો ?

વ્હાલા વાંચક ! પવન જેમ પોતાના સપાટાથી સ્વેચ્છાચાર પૂર્વક દરેક વસ્તુને ઘસડી જાય છે તેમ ધર્મ વિના ત્હારો ઉન્મત્ત યુવાનીનો મદ તને આડે માર્ગે દોરી જઇ તારા બુરા હાલ કરશે. લક્ષ્મી રૂપી મદ ત્હારી કીર્તિને કાજળ જેવો ડાઘ બેસાડશે, અને ત્હારા યુવાનીના મદને હિંડોળે ચઢાવી ત્હને હીંચકાવશે માટે સાવધ થા, અને ધર્મનું યથાશકિત પાલન કર, અને કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર આદિ દુર્ગુણોથી વિમુખ રહે.

અંતમાં મારી સર્વે બંધુઓને વિનંતી કે તમો તમારી ધર્મ ઉપર પ્રીતિ રાખી તેના તરફ તમો લક્ષ દોરી કંઇક પણ સન્માર્ગે ચઢશો.

સર્વે યુવક સંઘો અને મંડળોને પણ મારી નમ્ર વિનંતી છે કે તેઓ ફકત જ્ઞાતિ સુધારાના ઠરાવો પસાર નહિ કરતાં તે સાથે તમારા ધર્મનું અભિમાન રાખી તેનું યથાશકિત પાલન કરવાની તમારા મંડળના દરેક મેમ્બરને ફરજ પાડશો, અને તેને અંગેના ઠરાવો પસાર કરશો, અને આપણા બંધુઓને સન્માર્ગે દોરશો. અસ્તુ !

"પંચનું બંધારણ."

(લે-શા. ભુરાભાઇ મુલચંદ અંકલેસરીઆ)

દરેક ગામે દરેક જ્ઞાતીના સભ્યોએ પોત-પોતાની પંચો માન્ય કરેલી હોય છે. અને સ્વજ્ઞાતી સંબંધીનું કાર્ય પંચ મારફતે થયે જાય છે. પચોની કાર્ય કરવાની પદ્ધતિ જોતાં એમ કહ્યા વગર ચાલતું નથી કે પંચના બંધારણમાં ફેરફાર કરવો એ ઘણુંજ આવશ્યક છે. પંચોની કાર્ય કરવાની ચાલુ પ્રણાલીકા જોતાં આપણે કબુલ કરવું પડશે કે પંચોમાં વીખવાદ ઉભેલો હોય છે તેનું ગૌણ કારણ પંચોનું વ્યવસ્થાસરનું બંધારણ નથી તેજ છે. અને સામાજીક પ્રગતી ધપાવવાને માટે પંચોનું બંધારણ હોય એ ઘણુંજ જરૂરી છે.

પ્રત્યેક પંચની કાર્ય પદ્ધતી ભીન્ન ભીન્ન હોય છે. પણ સાધારણ રીતે પંચના અગ્રગણ્ય નેતા તરીકે "શેઠ" નીયત કરેલા હોય છે. અને પંચનું સાધારણ કામ શેઠને કરવું પડે છે. શેઠાઇ વંશપરાની અપાઇલી હોય છે અને એકજ કુટુંબના માણસને પંચનું રાજ્ય આપવામાં આવેલું હોય છે! જો શેઠ પોતાની ફરજ બરાબર સમજનાર તેમજ કાર્ય કુશળ અને ઉત્સાહી હોય તો તો પંચનું કાર્ય સડા વગર ચાલ્યે જાય છે, નહિ તો પંચમાં અનીષ્ટ પરીણામ ઉત્પન્ન થાય છે.

પંચ એકત્ર કરવું, તેને માટે સમય તથા સ્થાન નક્કી કરવું. પંચ સમક્ષ કામ રજુ કરવાં, આ બધું કામ શેઠને સોંપાયલું હોય છે. પરંતુ દુઃખની વાત એ છે કે પંચ કયારે એકત્ર કરવું. પંચમાં કઇ પદ્ધતીએ કાર્ય લેવું. અને કામોનો કેવી રીતે ઉકેલ કરવો તેના ધારા ધોરણો તેમને તૈયાર કરીને આપેલા જણાતા નથી. અને તેથી તેમને પણ કાર્ય કરવામાં ઘણી મુશકેલીઓ આવી પડે છે.

ધારા ધોરણોના અભાવે કાર્ય સરલતાથી થાય તે હેતુએ શેઠને અગ્રગણ્ય ગણાતા શખસોની સલાહ વારંવાર લેવી પડે છે, અને આમ થતું હોવાથી શેઠની જોડે અંગત સંબંધ ન હોય એવાઓની સીધી વાત પણ મારી જાય છે. પંચને એકત્ર કરવા માટે સ્થળ સમય વિગેરે નક્કી કર્યા પછી પણ કોરમ જેવી વસ્તુનો નીયમ ન હોવાથી કામ શરૂ કરવામાં શેઠને ઘણુંજ વિચારવું પડે છે. અગ્ર ગણ્ય પુરૂષોની હાજરી ન હોય તો વારા ફરતી માણસોની યાદ દાસ્તી કરીને તેઓને હાજરી આપવા માટે તેડા કરવા પડે છે! અને જાણે કે તેઓ વિના હાજર કરેલા કાર્ય કરી શકે એવા ન હોય તેમ પંચનું કામ થતું નથી. જો આવા અગ્રગણ્ય ગણાતા નેતાઓને સમયની અગર નક્કી કરેલા વખતે હાજરી આપવી જોઇએ એવી પવિત્ર ફરજનું ભાન ન હોય તો એવા માણસો પંચની પ્રગતી કેમ ધપાવશે એ વિચારવા જેવું છે. તેઓને આવા તેડા વગર પંચમાં હાજરી આપવાની ટેવ હોતી નથી. અને એવું માની બેઠેલા હોય છે કે આમ થવાથી તેઓની પ્રતિષ્ઠા તથા માન વધે છે. અને જો તેઓ ન હોય તો પંચની સ્થીતિ રંડાયલી જેવી હોય છે. જો શેઠ આવાઓને માટે તેડાગર ન મોકલે તો પછી તેઓ કરેલા કાર્યને ફેરવવા માટે પોતાની શકતીનો ઉપયોગ કરે છે. અને તેથી થતી ઉન્નતીને બાધ આવે છે. સાધારણ રીતે આવો અગ્રગણ્ય ગણાતો વર્ગ યુવકોનો હોતો નથી એ એક ખુશી થવાની વાત છે. જો આવી પદ્ધતી દુર કરાય તો યુવક વર્ગ ઉત્સાહી બનશે અને પંચના કાર્યમાં રસ લેતો થઇ ભાવી ઉજવલ બનાવશે.

પંચ એકત્ર થતાં કામકાજ કરવાની પદ્ધતી એવી અનિયમીત હોય છે કે મોટા અવાજે બોલનાર, ગુસ્સાના આવેશમાં આવી બરાડનાર સીધી અને સાદી વાતનો અવાજ પણ બીજાના કાનને પહોંચવા દેતો નથી. અને તેથી જક્કી થઇને પકડી રાખનારને સમજાવી શકાતું નથી, આમ હોવાથી

ઉગતો યુવક વર્ગ હતાશ બને છે. અને કોઇપણ જાતનો સુધારો દાખલ કરી શક્તા નથી. આ વર્ગને "તડ" નો બાઉ બતાવવામાં આવે છે અને કહેવામાં આવે છે કે જો તમો આવા સુધારા રજુ કરશો, તો અમો માન્ય કરશું નહિ અને જુદા વિરૂદ્ધ પડીશું. જ્યાં જ્યાં પંચોમાં તડો પડયાં હોય ત્યાં ત્યાં મૂળ તપાસવા માંડીશું તો સ્પષ્ટ જણાઇ આવશે કે કજીઆનું મૂળ રૂપ કંઇપણ અગત્યતા વિનાનું હોય છે, પણ ખરૂં કારણ આગળ પડતા માણસોની હઠ, ગર્વ, તેઓના અંગત દ્વેષ અને મોટાઇનુંજ પરિણામ છે. લઘુમતી હોવાથી પોતાની વાત થતી ન હોવાથી તે જતી કરવા જેવી ઉદાર ભાવના જો કેળવાઈ હોય અગર તે માટેનું બંધારણ હોય તો આવા ઝેરી તડોની ઉત્પત્તિ હોયજ નહિ.

ચાલુ પંચોની આવી સ્થીતિ હોવાથી ઉન્નત થયેલી કોમની હરોલમાં ઉભી રહેવાની લાયકાતવાળી સ્થિતી પ્રાપ્ત કરવા માટે દરેક પંચને બંધારણ કરવાની ખાસ જરૂરીઆત છેજ. બંધારણ કેવી રીતનું હોવું જોઇએ એ નક્કી કરવા ગુજરાત દિગંબર જૈન પરિષદે અગ્રગણ્ય સમજુ ડાહ્યા માણસોની કમીટી નીમી છે. આશા રાખવામાં આવે છે કે આ કમીટી ઘણોજ વિચાર કરી બંધારણનો ખરડો તૈયાર કરશે. અને ગુજરાતના તમામ દીગંબર જૈનોની પંચ પર મોકલી આપશે અને તે ખરડો મંજુર રાખી તમામ પંચોનો વહીવટ એક સરખો થશે. અંતમાં એવી ભાવના ભાવીએ કે ભવિષ્યનું પંચ એવા બંધારણવાળું હોય કે જેથી દિગંબર જૈન કોમની ઉન્નતી દરેક રીતે થાય. અને ઘર કરી બેઠેલા સડાઓ આપોઆપ નાશ પામી ઉન્નતિના કીરણો ચોમેર પ્રગટાવી દિગંબર જૈન ધર્મની ખ્યાતિ વધારે.

વિશામેવાડા બંધુઓ પ્રત્યે.

મુરબ્બીઓ, વડીલો યાને બંધુઓ,

આપણે સુરત પરિષદમાં મોટી સંખ્યામાં હાજરી આપી તથા પરિષદના ઠરાવોમાં સમ્મતી આપી પ્રગતી તેમજ ઐક્ય માટેનો આપણો ઉત્સાહ બતાવી આવ્યા. હવે આપણે એટલેથીજ અટકવાનું નથી. ઠરાવો કર્યા, ભેગા મળ્યા, પરંતુ જ્યાં સુધી તે ઠરાવોને આપણા પંચ તરફથી યોગ્ય સમ્મતી ન મળે, અને અમલમાં ન મુકાય ત્યાં સુધી ઉન્નતી તેમજ પ્રગતીની આશા રાખવી વ્યર્થ છે. ગુજરાતના દીગંબર જૈનોમાં આપણી કોમની સંખ્યા મોટા પ્રમાણમાં છે, એટલે આપણું પંચ જો પરિષદના ઠરાવોને યોગ્ય સમ્મતી આપી અમલમાં મુકી દાખલો બેસાડે તો ગુજરાતનાં બીજાં પંચો આપોઆપજ તેમ કરશે અને તેમ કરીને ગુજરાતના દિગંબર જૈનોની પ્રગતીમાં આપણો ફાળો અગત્યનો ગણાશે.

બીજું આપણી કોમની મોટા ભાગની વસ્તી વડોદરા રાજ્યમાં વસે છે, ખુદ શ્રીમંત મહારાજાએ 'જાતિ ત્રાસ નિવારણ' કાયદો વડોદરા રાજ્યને લાગુ કરી સામાજીક ઉન્નતિ માટેની તેઓશ્રીની તીવ્ર ઇચ્છા પ્રગટ કરી છે. એટલે તે કાયદો આપણી કોમનો મોટો ભાગ જે વડોદરા રાજ્યમાં રહે છે તેમને લાગુ પડયો છે. અને તેઓએ તે કાયદાને મને અથવા કમને માન આપવાનુંજ છે. તો તે કાયદાના સકંજામાં આવતા પહેલાંજ આપણે આપણા પંચના ઠરાવોમાં યોગ્ય સુધારા વધારા કરશું તો પંચમાં કાયદાની દખલ રહેશે નહી અને આપણે ગુજરાતના દીગંબર જૈનોમાં આપણી મોટી સંખ્યાની મોટાઇ જાળવી શકીશું.

હવે આપણે શું કરવું તે પ્રશ્ન ઉભો થાય છે. વૈશાખ માસમાં લગ્નગાળા પ્રસંગે સોજીત્રા મુકામે આપણે બધા ભેગા થવાના છીએ. ત્યાં

જેમ દર વખતે ભેગા થઇ જમણવાર તેમજ લગ્નના લ્હાવા લઇ, રાત્રે ચાર ચાર વાગ્યા સુધી પંચોમાં જઇ ઉજાગરા કરી ધુમાધુમ કરી નહીં જેવુંજ કામ કરી છુટા પડીએ છીએ તેમ આ વખતે થવું ન જોઇએ. તેને માટે લગ્નગાળાની શરૂઆતમાંજ સમસ્ત પંચની બેઠક બોલાવી, ગયા લગ્નગાળા પ્રસંગે 'પંચને બંધારણની ખાસ જરૂર છે, એવો જે ઠરાવ કરેલો તેને અનુસરીને, ગુજરાત દિગંબર જૈન પ્રાંતિક સભાના મહામંત્રી શ્રીયુત રા. રા. છોટાલાલ ઘેલાભાઇએ બહાર પાડેલો પંચના બંધારણનો ખરડો આપણા સમસ્ત પંચની બેઠકમાં ચર્ચી યોગ્ય સુધારા વધારા સાથે પાસ કરી અમલમાં મુકી એક સુવ્યવસ્થીત પંચ તૈયાર કરવું. બાકીના દીવસોમાં નવીન પંચની બેઠકો બોલાવી, પરિષદના ઠરાવો ઉપર વાટાઘાટ કરી યોગ્ય સુધારા સાથે ઠરાવો પાસ કરવા જોઇએ અને આપણી કોમના રીત રીવાજોમાં પણ યોગ્ય સુધારા કરી પ્રગતી તેમજ ઉન્નતિનો માર્ગ મોકળો કરવો જોઇએ.

લગ્નગાળા જેવો ભેગા થવાનો આવતો પ્રસંગ નકામો નહી ગુમાવતાં કંઇક કામ કરી બતાવી જ્ઞાતીને ઉન્નતીને માર્ગે દોરે એવી પ્રાર્થના પંચના આગેવાનોને કરી અત્રે વિરમીશ.

ડો. વીરચંદ છગનલાલ શાહ—વસો.
(હાલ સોનગઢ)

"दिगंबर जैन" का समाज अंक।

जिसमें हिंदी, गुजराती, अंग्रेजी व संस्कृत भाषाके लेख व कविताओंका तथा १४ रंगबिरंगे १४ चित्रोंका संग्रह है व पृष्ठ सं० १४० है। सिर्फ ।।।)की टिकिट भेजकर मगाईये। वार्षिक मू० २।) भेजनेवालोंको यह अंक मुफ्त मिलेगा।

मैनेजर दि० जैन पुस्तकालय-सूरत।

સવારના પહોરમાં ઘરનાં બારણાં ખુલ્લાંએ થયાં નથી. એક યુવાન બાળા ઝાડુ લઇને સ્ટેશન માસ્તરના મકાનનું આંગણું કાળજીપુર્વક સ્વચ્છ કરી રહી છે.

સ્ટેશનમાસ્તરને સવારમાં વહેલા ડયુટી ઉપર હાજર થઇ જવાનું હોવાથી નવલબેન વહેલાં ઉઠી બંધ બારણેજ પાણી વગેરે ગાળી કરીને ચા નાસ્તાની તૈયારી કરી રહ્યાં હતાં. ઘડીઆળમાં છ ના ટકોરા થયા. બાબુ, ત્હારા બાપાજીને જગાડ, જો છ વાગ્યા, પછી ધાડ કરશે. ચંપકલાલ માસ્તર હાંફળા ફૂંફળા ઉઠી, દંત ધાવનથી પરવારી પાછલી ઓસરીનું બારણું ખુલ્લું કરી ચા નાસ્તાનો સત્કાર કરવા બેઠા હતા. સામે યુવાન ઝાડુ કાઢનારી પાર્વતિના ચેહેરા ઉપરથી પરસેવાનાં બિંદુ ટપકી રહ્યાં હતાં.

ચંપકલાલે નાસ્તો કરતાં કરતાં પાર્વતિને બોલાવી. 'પાલી અહિં આવ.' લે, આ બે પુરી, સ્હેજ નાસ્તો કરી લે, તું બહુ વહેલી કામ કરવા આવે છે. ના બાબુજી, એ મારાથી ન લેવાય. બા, પરવારશે ત્યારે કાંઇ ટાઢું શીળું આપશે, હું તે લઇશ. એમ કહી એ એના કામમાં મચી રહી.

નવલબેન વચ્ચે બોલી ઉઠયાં, બળ્યું આવો ભટવાડા કરો છો? તમે તમારી મેળે પરવારીને જાઓ, ભંગીઆ, ઢેડાને તે હાથો હાથ કંઇ અપાતું હશે. આપણો વાણીયા બ્રાહ્મણનો અવતાર ફરી ફરી આવવાનો છે?

એમ કે? વાણીયા, બ્રાહ્મણ સુતાં સુતાં ખાય, અને ગરીબ ભુખ્યાં મહેનત કરનારાંને સ્હેજ ખાવાનું આપતાં અધર્મ થઇ જાય! મા, છોકરાનું

મેલું ઉઠાવે એટલે છોકરાં માને ભુખી રાખે, એના જેવી આ વાત ન કહેવાય ?

નવલ બ્હેને જુવાબ વાળયો, મારે તમારી એવી વાતો નથી સાંભળવી, આપણે તો બધાની સાથે રહેવું છે, સૌ કરતાં હોય તેમ કરીએ.

ચંપકલાલ માસ્તરે બહુ આગ્રહ કર્યો ત્યારે પાર્વતિ ઓટલાની બાજુએ આડી ફરી ઉભી રહી. નાના બાબુએ બે ચાર ગરમ પુરી તેના ખોળામાં નાખી તે લઇને તે રસ્તે પડી ગઇ.

* * *

પાર્વતિનો બાપ માધીયો એક વખત ઝાડુ વાળતો સ્ટેશન માસ્તરને સલામ કરી આઘે ઉભો રહયો. કયમ અલ્યા માધા ! મઝામાં છે ના ' બાપુજીની મહેરબાની છે ત્યાંસુધી હમને શું દુઃખ ' એ તો ભાઇ સાહેબ પેલા પાદરી સાહેબ આવ્યા હતા તેમણે અમારા ફલીયાના નાનાં નાનાં છોકરાંને એકઠાં કરી પતાશાં વ્હેંચ્યાં, અમને બધાંને પણ બોલાવ્યા, એક ભાષણ કર્યું, અને પછી જતી વખતે હમારાં છોકરાને સાથે લઇ જવા આગ્રહ કર્યો ' મારી પાલીને પણ મેં તમની સાથે મોકલી. એ કહતા હતા કે એ છોકરા છોકરીઓને હમે ભણાવીશું, અને સારે ધંધે લગાડીશું. મારી છોકરી જુવાન એટલે મેં તો મોકલવાની બહુ ના કહી, પણ સાહેબ તો એને લઇ જવા ગાડોજ થઇ ગયેલા.

હમારામાંથી ખ્રિસ્તી થઇ ગયેલા માણસોએ મને બહુ સમજાવ્યો અને એ બુઢા પાદરીસાહેબના તો હું શું વખાણ કરૂં, હમારા કરતા એ વધારે હેત બતાવી બધા છોકરાં, જાણે એમનાંજ ન હોય એવાં કરી નાખ્યાં. પાલી પણ એમની સાથે ગઈ. બે વર્ષ થઇ ગયાં, બધું કામ મારે ને એની માને કરવું પડે છે. છોકરી બહુ ડાહી હતી. મહીને પંદર દીવસે લખનઉ જઇએ છીએ ત્યારે હમે બધાં મળી આવીએ છીએ. છોકરાંની તો જીંદગી બદલાઇ ગઇ. લુગડા પણ કેવાં ધોળાં ફગ, આખો દીવસ રમવાનું અને વખતસર ભણવા કરવાનું. એમની ઉપર સારાં સારાં માણસ દેખરેખ રાખે, ફરવા લઇ જાય...ભગવાનનું ભજન પણ દરરોજ કરે. પરમેશ્વર કેમ રાજી ન થાય ?

માસ્તરે કહ્યું–અલ્યા એ શું ! એ હવે તમને ઝાડુ કાઢવા નહિ લાગે. એ તો બધાં વિલાયત જશે, ત્યારે શું કરશો ? હશે ભાઇસાહેબ, હવે તો દુઃખમાં દહાડા પુરા કર્યા, છોકરાં સુખી થશે તોય સારૂં, હમારા ધંધામાં શાં સુખ છે ?

* * *

લખનઉ શહેર નજીકના એક નાના સ્ટેશન ઉપર ગાડી ઉભી હતી. સંપૂર્ણ યુરોપીઅન પહેરવેશમા સજેલી યુવતીએ ચંપકલાલ માસ્તરને ધોંશભેર ગાર્ડ તરફ જતાં જતાં, ફર્સ્ટ કલાસના ડબામાંથી ચંપક કાકા, ચંપક કાકા, કરી બોલાવતું હોય એમ લાગ્યું, પાછું ફરી નજર કરતાં, એમને કોઇ મડમ મજાક કરતી હોય એમ જણાયું, મેડમનો પટાવાળો ગાડીમાંથી ઉતરી ચંપકલાલ માસ્તરને પેલી બાઇ પાસે બોલાવી લાવ્યો. ચંપક કાકા, તમે મને ઓળખી નહિ ? પટાવાળો પોતાનો ડબામાં રજા લઇ જતો રહયો હતો.

હું તો તમારી પાલી ! ઓહ ! બ્હેન તમે માધીયાની દીકરી ? શું કહો છો ? કયાં જાઓ છો ?

પારવતીનું ઇંગ્લીશ નામ મીસ માર્ગરેટ રાખેલું હતું અને તે અલ્હાબાદ સ્કાઉટ રેલીના પ્રમુખ તરીકે જઇ રહી હતી. પોતે કેવી રીતે મીશનમાં દાખલ થઈ વગેરે વૃતાંત ટુંકમાં માસ્તરને કહી બતાવ્યું. મેટ્રીક કલાસ સુધીનો અભ્યાસ લખનઉની મીશન સ્કુલમાં એણે પુરો કર્યો.

એનો અંગ્રેજી ભાષા ઉપરનો કાબુ ત્યાંના શિક્ષક વર્ગને અજાયબ પમાડે એવો જણાયો. એને પુછવામાં આવ્યું કે એને જો લગ્ન કરી દેશમાંજ રહેવું હોય તો એ પ્રમાણે કરવાને એને રજા છે, અને જો પરદેશ વધુ અભ્યાસ

માટે જવાની ઇચ્છા હોય તો અમેરીકા મોકલવાની ત્યાંના પ્રીન્સીપાલે ઇચ્છા બતાવી. પાર્વતી ડાહી અને હિંમતવાળી હતી. એનો જન્મ સારા માબાપને પેટે થયો હતો. એક વિધવા માતાએ જન્મતાં વેંત કચરાના ઢગલામાં તજી દીધેલી પારવતી ઝાડુ વાળતા માધીયા ઢેડની નજરે પડી. એ ચુપચુપ તે છોકરીને ઘેર લઇ ગયો, અને પોતાની પત્નિને બોલાવી તેને સોંપી બધી અથ ઇતિ વાત કહી. માધીયાને કાંઇ સંતાન નહોતું. વાટે જતાં પોતાને આવું સ્વરૂપવાન બાળક મળ્યું જાણી પતિ પત્નિ પોતાનાં ધનભાગ્ય માનવા લાગ્યાં. પ્રભૂ કૃપાયે છોકરી મોટી થઇ, સ્વરૂપવાન ઉચ્ચ કુળની કન્યા ભંગીયાના ઘરમાં માબાપની સ્થિતિથી ઉછરી. માધીયાની પત્નિએ એનું સ્વરૂપ જોઇ એનું નામ "પાર્વતિ" પાડયું. મા,બાપની ઉમર મ્હોટી હોવાથી પાર્વતિ દરરોજ સવારમાં વ્હેલી ઉઠી, સ્ટેશન માસ્તરનું યાર્ડમાં ઝાડુ કાઢી નાખતી, એની મા પાછળથી આવતી ને બાકીનું કામ પુરૂં કરતી. છોકરી નાજુક બાંધાની, અને સુંદર હોવાથી એના ઉપર બધાનો પ્રેમ થતો.

સ્ટેશન યાર્ડમાં પણ બધાં એના તરફ કુતુહલ વૃત્તિથી જોતા અને ભંગીયાના ઘરમાં આવી સુંદર કન્યા જોઇને પ્રકૃતિની અવર્ણનીય લીલાનાં વખાણ કરતાં. માધીયો અને એની વહુ પણ એને કામ કરતી જોઇને હરખઘેલાં થઇ જતાં. એમના ગરીબ ઘરમાં જે કોઇ સારામાં સારૂં ખાવાનું બની શકે તે એનો પક્ષપાત કરી એને ખવડાવતાં. વૃદ્ધ પાદરી પણ એની ક્રાન્તિ જોઇને આકર્શાયો અને, કોઇપણ રીતે એને મીશનમાં લઇ જઇ કેળવણી આપવી એમ નિશ્ચય કરી માધીયાને સારી મદદ કરવાનું વચન આપી લખનઉ શહેરના અમેરીકન મીશનમાં પારવતીને દાખલ કરી. બધાનો વિશ્વાસ બેસે અને ગામડાની છોકરીને ગમે, તેટલા માટે એના કુળીયાના બીજાં બેચાર છોકરાંને પણ સાથે મીશનમાં દાખલ કર્યાં.

શરૂઆતથી મેટ્રીક સુધીનો અભ્યાસ પુરો કર્યા પછી એને અમેરીકા મોકલવામાં આવી. ન્યુયોર્ક શહેરના ગ્રાંડ મીશન કોલેજમાં, એમ. એ.ની ડીગ્રી મેળવી, એ સ્વદેશ, મીશનના ખર્ચે પાછી ફરી. ત્યાંથીજ લખનઉ મીશન હાઇસ્કુલની લેડી સુપ્રીન્ટેન્ડન્ટ તરીકે એની નિમણુંક કરવામાં આવી હતી. લખનઉ આવી ચાર્જ તપાશી લીધાને બે વર્ષ થઇ ગયાં હતાં. અમેરીકામાં અભ્યાશ દરમ્યાન સ્કાઉટ્સના શિક્ષણમાં એ ખાસ લક્ષ આપતી હોવાથી એની પસંદગી અલ્હાબાદમાં ભરાનારી સ્કાઉટ રેલીના પ્રમુખ તરીકે કરવામાં આવી હતી, અને ત્યાં એ તા. ૩૦ મીએ ભરનારી મીટીંગમાં હાજરી આપવા જઇ રહી હતી.

આ બધું વૃતાંત મીશ માર્ગરેટના મુખેથી ચંપકલાલ સાંભળી રહ્યા હતા, એટલામાં ગાર્ડે સીટી કરી. ગાડી ઉપડવાનો ટાઇમ થઇ જવાથી, ચંપકલાલ સેઇકહેન્ડ કરી પાછા વળતાં એમના મહેમાન થવા આગ્રહપુર્વક વિનંતિ કરી, પોતાના કામે વળગ્યા.

ટ્રેન ધીમી ધીમી સ્ટેશન યાર્ડમાંથી પસાર થતી હતી. ગાર્ડ ૨૫–૩૦ વર્ષની ઉંમરનો યુવાન એંગ્લો ઇન્ડીઅન હતો. ચંપકલાલને ઓફીસ તરફ પાછા વળતાં ગાર્ડે બુમ પાડી. હલો–મી. ચંપકલાલ (Wait a while) જરા ઉભા રહો. ચંપકલાલ સલામ કરી ઉભા રહ્યા. ગાર્ડે કહ્યું–પેલી બાઇ તમારાં ઓળખીતાં જણાય છે. કયમ નહિ? જરા એમના સાથે મને ઓળખાંણ કરાવી ન આપો?

અલ્હાબાદથી તા. ૧ એપ્રીલે સવારની ગાડીએ પાછા ફરતાં એ મારાં મહેમાન થવાનાં છે. હું આપના સંબંધી એમના સાથે વાતચીત કરીશ. ફરી ટ્રેને વ્હીશલ કરી, ગાર્ડના ડબો આવી

લાગ્યો એટલે ગાર્ડ સાહેબ સ્ટેશન માસ્તર સાથે હસતા હસતાં સેકહેન્ડ કરી, ટોપી ઉતારી સલામ ભરી, ટ્રેનને ઉતાવળી ચાલતી કરવાની શીગ્નલ આપી ડબામાં આનંદમાં મસગુલ થઇ બેસી ગયા.

* * *

બીજે દીવસે સવારે પાછી વળતી ટ્રેનમાં સ્ટેશન માસ્તરને ત્યાં બે કંડીઆ ફુટના ગાર્ડ તરફથી ભેટ આવી ગયા. ગાર્ડે મમતા ભરી મુલાકાત લેતાં મી. ચંપકલાલને વિનંતી કરી કે, એ બાઇ સાહેબને એ ચ્હાય છે, એમનો પ્રેમ મેળવવા જો એ ભાગ્યશાળી થશે તો તે ઉપકાર એ કદી નહિ ભુલે. સ્ટેશન માસ્તરે એ સંબંધી મીસ માર્ગરેટ સાથે આગ્રહપુર્વક વાત કરવાનું પ્રોમીશ આપી ગાર્ડ સાહેબનું મન સંતોષ્યું.

* * *

ફરૂખાબાદ સ્ટેશન ઉપર સવારના દશ વાગ્યાના અરસામા એક ફોર્ડ મોટરકાર તૈયાર ઉભી છે. સ્ટેશન માસ્તર મી. ચંપકલાલ આતુરતાથી ટ્રેન આવવાની રાહ જોઇ ઓફીસ બહાર હાર, તોરાની છાબડી તૈયાર કરાવી ઉભા છે. ટ્રેન આવી પહોંચી એટલે ફર્સ્ટ કલાસ ડબા આગળ જતા વેંત મીસ માર્ગરેટે મી. ચંપકલાલ તરફ આદરપુર્વક શીર નમાવ્યું. ડબામાંથી ઉતરી પ્લેટ ફોર્મપર આવ્યાં, ત્યાં એમનો સ્ટેશન માસ્તરના બાળકોએ હારતોરાથી સત્કાર કર્યો. મીસ માર્ગરેટે નાનાં ભાઇબેન સાથે પ્રથમ હસ્ત ધૂજન કરી, પછી પોતાનો સત્કાર કરનાર સ્ટેશન માસ્તર સાહેબના મીત્રો પૈકી ગાર્ડ મી. હેરીશ જેઓ પણ અત્રે હાજર હતા તેમની ઓળખાણ આપતાં સ્ટેશન માસ્તરે પોતાના હૃદયની લાગણીપુર્વક તેમના સારા સ્વભાવ અને ઉંચા ખાનદાનની તારીફ કરી. બધા સાથે ઓળખાણ અને હસ્તધુનન (shake hand) થઇ ગયા પછી નાનાં ભાઇ બ્હેન સાથે ગેલ કરતી મીસ માર્ગરેટ, મી. ચંપકલાલ સાથે મોટરમાં સવાર થઈ. પાંચ મીનીટના રસ્તા ઉપરના એક સુંદર બંગલામાં મીસ માર્ગરેટનો ઉતારો હતો. નવલબેન પણ સત્કાર માટે હાજર હતાં. જાણે બધાં એક કુટુંબના હોય તે પ્રમાણે ખુબ હસીહસીને એક બીજાની ખબર અંતર પુછી. સ્ટેશન માસ્તર અને એમનાં પત્નિ પડોશના પોતાના મકાનમાં, મહેમાનને જમાડવાની તૈયારી કરવામાં પડયાં. બાસુદી, પુરી, ભજીયાં વગેરે દેશી પદ્ધતિની વિવિધ વાનીઓ તૈયાર કરવામાં આવી હતી.

મીસ માર્ગરેટ માટે ખુરશી ટેબલ ગોઠવ્યાં અને બાજુમાં પાટલા ઉપર સ્ટેશન માસ્તરે જમવાનું રાખ્યું હતું.

મીસ માર્ગરેટ જમવા આવ્યાં. પોતાને માટે ટેબલ ખુરશી ઉપર ગોઠવેલી રકાબી પ્યાલાં વગેરેને જોઇ એ હશી પડી. અરે આ બધું શાને માટે, નવલકાકી "હું તો તમારી પાર્વતિ" મારે માટે આટલી બધી ખટપટ તમારે ત્યાં ન હોય. પોતાના હાથેજ રકેબી, પ્યાલાં નીચે ઉતારી, માસ્તરની બાજુ ઉપર પાટલા ઉપર જમવા બેસવાનું પોતે પસંદ કર્યું. નવલબેન તો બિચારી વિચારમાં પડી ગઇ. બે પુરી આપવામાં આભડછેટ લાગશે તો લોકો આપણે માટે શું વિચાર કરશે, એ ભાવનાવાળી નવલબેન આમ એક વખત ઝાડુ કાઢનારી, પણ હાલ આદર્શ યુવાન મેમ સાહેબને ઉંચા પ્રકારના યુરોપીયન પહેરવેશમા જોઇ દીંગ થઇ ગઇ. મનમાં ને મનમાં સમી જઇ. મીસ માર્ગરેટને, પ્રિતિ પૂર્વક ભોજન કરાવ્યું. દેશી રીવાજ મુજબ પાન બીડાં લઇ બધાં બાલ બચ્ચાં સાથે ગમત કરતાં બધાં વેરાયાં.

ગાર્ડ મી. હેરીસન સંબંધી, મીસ માર્ગરેટને પુછતાં, સ્પષ્ટ રીતે એણે જણાવી દીધું કે, હું એક શુદ્ધ યુરોપીઅન લોહીવાળા એક યુવાન જનરલ સાથે સ્નેહ સંબંધમાં આવી છું; અને

હમારાં લગ્ન આવતા મે માસમાં હૈદરાબાદ ખાતે થવાનાં છે. હું આશા રાખું છું કે તમે બધાં તે વખતે પધારી મને આનંદ આપશો.

* * *

તા. ૧૭ મેની સાંજે, મી. ચંપકલાલને મીસ માર્ગરેટ અને મી. રોબર્ટશનના લગ્ન પ્રસંગે તા. ૨૫મી એ સહકુટુંબ હૈદરાબાદ કેન્ટોન્મેન્ટમાં પધારવા આગ્રહ કરતો અરજન્ટ તાર મળ્યો. બીજે દીવસે સવારની પોસ્ટમાં રૂ. ૩૦૦) નો મનીઓર્ડર મુસાફરીના ખર્ચ માટે અને નાનાં ભાઇ બ્હેનને માટે સુંદર રમકડાંનું એક પાર્સલ પણ તેજ દીવસે, એમને મળ્યું. મી. ચંપકલાલે આભાર દર્શાવતો તાર મીસ માર્ગરેટ ઉપર કરી દીધો. નવલબેનની એકાએક બિમારીના સબબે મી. ચંપકલાલ જાતે તો લગ્ન પ્રસંગે હાજર ન થઇ શકયા. તા. ૨૬ ના સવારના ઇંગ્લીશ પેપરોમાં મ્હોટે અક્ષરે લખેલા હેડીંગ વાળું લખાણ આવ્યું હતું. "લખનઉ અમેરીકન મીસન હાઇસ્કુલનાં લેડી સુપ્રીન્ટેન્ડન્ટ અને ચોથી હૈદ્રાબાદ બ્રીગેડીયરના કેપ્ટન મી. રોબર્ટશનનાં સ્નેહલગ્ન મોટી ધામધુમથી થઇ ગયાં છે. લશ્કર તરફથી તેમને દશ તોપનું માન આપવામાં આવ્યું હતું." વગેરે.

('વિશાળ ભારત' ના હિંદી લેખ ઉપરથી)

ગુજરાત દિગંબર જૈન પરિષદ સુરતનો ફોટો.

જાડા આર્ટ બોર્ડ પર છાપેલો મોટા આકારનો તૈયાર છે જેમાં આશરે ૧૦૦ ભાઇઓનું દ્રસ્ય છે. પ્રચાર માટે કિં. માત્ર એક આનો એક માટે દોઢ આનાની ટીકીટ મોકલી મંગાવો.

મેનેજર–

દિગંબર જૈન પુસ્તકાલય,–સુરત.

તારાતંબોલ નગર વિષેનો પ્રાચીન પત્ર.

શ્રી ।।એ૬૦।। સંવત ૧૯૮૪ વરષે મહા સુદ ૧૩ દીવસે શ્રી સાહજીહાન રાજ બેઠા ત્યારે પાછલી વાત માંડી છે: મુલતાનનો વાસી જાતે ખત્રી નાંમ ઠાકુર ગુલાખીદાસ: તેના મુખથી દુર દેશાંતરની પાછલી વાત લખીયે: દેખી આવ્યો તે વાત લખી છે. પ્રથમ શ્રી ગુજરાત મધ્યે શ્રી અમદાવાદ નગરથી ત્યાંથી ૩૦૦ કોસ આગ્રા છે. તીહાંથી ૩૦૦ કોસ ખંધાર છે, લાહોર છે. તીહાંથી ૩૦૦ કોસ મુલતાંન છે. તીહાથી ૩૦૦ કોસ ખંધાર છે. ત્યાંથી ૧૦૦ કોસ ઇસર્પનગર છે, તીહાં તીલંગો પાદસાહ રાજ કરે છે. તેહનો બજાર લાંબપણે બારે કોસ છે. તીહાંથી ૨૦૦ કોસ અસતંબોલ નગર છે. તે નગર છે. તે નગર ૨૬ કોસ લાંબો છે. તે મધે ચોવટો ૨૪ કોશ બજાર છે, ત્યાં રૂમી પાદશાહ રાજ્ય કરે છે. તે ચાર મહીને બહાર નિકળે છે. તે પાદશાહને ૨૪૦૦૦૦ ઘોડા છે, સવાલાખ હાથી છે. તેહના ત્રણ લાખ ગુલામ છે. પાંચ લાખ દાસી છે. એક કરોડ અને પચ્ચીસ લાખ પાલા છે. તે નગરનો કીલ્લો લોઢાનો છે, કોટ છે, પાદશાહને કોટ તાંબાનો છે. તીહાં પાંચસે કોસ બબર દેશ છે. તીહાં ધોલો રેશમ માનસના રૂધીરમાં રંગાય છે. દેશ મોટો છે. પાંચસે કોસ લાંબો છે. તીહાંથી સાતસે કોસ **તારાતંબોલ** નગર છે તીહાં સુરચંદ નામે રાજા રાજ્ય કરે છે. તે નગર ઉડતાલીસ કોસ લાંબો છે. છત્રીસ કોસનો ચોવટો છે. રાજાના મહોલ રૂપા તથા સોનાના છે. ચાલીસ કોસના બજાર છે, એવડી લાંબપણુ છે. નગરને આસપાસ ચોક ફેર ત્રાંબાનો કોટ છે, રાજાના કોટને આસપાસ કોટ સાત ધાતુનો છે. તીહાં રાજા જૈન ધર્મ પાલે છે. તીહાં શ્રી વીતરાગનો ભાખ્યો ધર્મ છે

તીહાં જનેશ્વરજીના દેહરા સાતસેઉ અને ઉપર આઠ છે. સિખર વદ્યમાન છે. પંક્તિગત બજાર છે, દોનું તરફ છે. તે નગર મધ્યે મોટો ચોક છે. તે વચ્ચે દેવલ આદિનાથજીનું દેરૂ છે. એક કોસને વીસ્તારે છે, થંભ સોનાના છે. ઉપર કામ રૂપાનું છે. પ્રતીમા સોનાની છે. પ્રતીમાના કાઉસગીઆ છે. પ્રતિમા ૧૦૮ ધનુષ ઉંચી છે. પીઠ સોનાની છે. સિંધાસણ જડાવનો છે, દેરા ઉપરે કલસ સોનાનું છે તે કલસ મણ સાતસેનો છે, દેરાની આસપાસ ૭૨ ચૈત્યાલય છે, પ્રતિમા ત્રણ ચોવીસીની છે. તીહાં ત્રણ કાલ નિત્ય પૂજાય છે, એણી રીતે જૈનધર્મ વદ્યમાન છે. તારાતંબોલ પાસે સાધુનો (ઓ) નંદન વનમાં વિહાર કરે છે એવો વીતરાગનો ભાખ્યો ધર્મ પ્રવર્તમાન છે, સર્વ મળીને ગાઉની સંખ્યા ૫૬૫૦ જઇને આવ્યો તેહના મુખ થકી વાત સાંભળી લખી છે. ઇતિ પરદેશી કથા સંપૂર્ણ. *

* આ કાગળ શ્રી. હુકમમુનિજી (શ્વે.) ના પ્રાચીન શ્વેતાંબર જૈન જ્ઞાન ભંડાર સુરતમાંથી તેના વહિવટ કર્તા **શા. રતનચંદ ખીમચંદ કાપડિયા** પાસેથી મળી આવ્યો છે તેની આ અક્ષરશઃ નકલ છે, તે વાંચવાથી પ્રાચીન ભારત વર્ષની જાહોજલાલી કેવી હતી, જેનું સ્પષ્ટ દિગ્દર્શન થાય છે.

અમદાવાદમાં દિવાળીબાઈ દિ. જૈન ધર્મશાળા.

અમદાવાદમાં સ્ટેશનની પાસે એક દિગંબર જૈન ધર્મશાળાની ઘણીજ જરૂર હતી, તે માટે ઘણાં વર્ષોથી પ્રયાસ થતો હતો જે હાલ સફળ થયો છે, અર્થાત્ સ્ટેશનપર કાલુપર ચોખા બજારમાં **સોનાસણવાળા દીવાળીબાઇ દિ. જૈન ધર્મશાળા** ગયા માહા સુદ ૬ ને રવિવારે સવારે ૧૦ વાગતે શેઠ જીવાભાઇ વહાલચંદ સોનાસણવાળાના હાથે મોટા મેળાવડા સન્મુખ ખુલ્લી મુકાઇ હતી, જે પ્રસંગે પં. છોટેલાલજી પરવારે પ્રથમ જૈન વિધિથી વાસ્તુવિધાન કરાવ્યું હતું જે પછી મંગળાચરણ થયું અને શેઠ ચુનીલાલ ઉગરચંદની દરખાસ્ત ને મોતીચંદ પદમસી તથા કેશવલાલ ગુલાબચંદના ટેકાથી શેઠ જીવાભાઇ વહાલચંદને પ્રમુખપદ અપાયું હતું. એ પછી કોઠારી મણીલાલ ચુનીલાલ મંત્રી, ધર્મશાળાએ કહ્યું કે આ ધર્મશાળા ૧૫૦૦૦) માં દશ વર્ષ થયાં લેવાઇ હતી પણ કુટુંબી ઝગડાને લીધે ખોલી શકાઇ નહોતી તે આજે ખુલ્લી મુકાય છે. એમાં ૨૫૦૦) વધુ ખરચાયા છે વગેરે. એ બાદ શેઠ જીવાભાઇએ ધર્મશાળાનું બોર્ડ તથા શેઠ નાહલચંદ સાંકળચંદનો ફોટો બંને ખુલ્લા મુકયાં હતા. જે પછી શ્રી. હાથીભાઇ માણેકચંદ, શેઠ ચીમનલાલ નરસઇદાસ વકીલ, ચુનીલાલ ઉગરચંદ, પં. અક્ષયકુમાર અને પં. છોટેલાલજીએ ધર્મશાળાની આવશ્યક્તા અને ઉન્નતિપર વિવેચનો કર્યાં બાદ અમોએ આ ધર્મશાળાના ઉદ્‌ઘાટન પર હર્ષ પ્રકટ કરી જણાવ્યું કે આ અમદાવાદ જેવા મોટા વ્યાપારી શહેરમાં આ નાની ધર્મશાળાને વધારવાની ઘણી જરૂર છે જે માટે સહાયતા મળતી રહેવી જોઇએ. એ પછી સુરતમાં મળી ગયેલી ગુજરાત દિ. જૈન પરિષદ તથા તેમાં સ્થાપન થયલી ગુજરાત દિ. જૈન પ્રાંતિક સભાની ઉપયોગિતા અને પરિષદના ઠરાવો પર વિવેચન કર્યું હતું. એ પછી ધર્મશાળા માટે ટીપ થઇ હતી જેમાં પ્રમુખે રૂ. ૨૫૧) રોકડા, ૫૧) ના ગોદડાં તથા ૩। મણ વાસણ આપવા સ્વીકાર્યું તથા આશરે ૨૦૦) બીજા ભરાયા હતા જેમાં ૫૧) વીજકોર બ્હેન નરસીદાસ, ૧૫) ચંચળબ્હેન સોનાસણ, ૧૧) રૂપચંદ ફુલચંદજી, ૧૧) ચાંદ

મલ મોરીલાલજી, ૧૧) દેવચંદ ફુલચંદ, ૧૧) નાનચંદ મલુકચંદ, ૧૧) સાકલચંદ અનુપચંદ, ૧૧) મુલચંદ કસનદાસ કાપડિયા, ૧૧) નાનચંદ સાકલચંદ, ૧૧) ઝ્વેરદાસ પાનાચંદ, ૧૧) કોટડિયા સોમચંદ ઉગરચંદ, ૧૧) હેમચંદ અમુલખ, ૧૧) કેશવલાલ માણેકચંદ, ૧૧) મગનલાલ વેણીચંદ તથા ૫, થી ૨) સુધીની બીજી રકમો હતી. અંતમાં ૧૨ વાગતે હારતોરા ફુલપાન લઇ સભા વિસર્જન થઇ હતી. આ સભામાં દશાહુમડના ચોખલાના ૬૦-૭૦ આગેવાન ભાઇયો તથા અમદાવાદના દિ. જૈન ભાઇયો મળી ૧૫૦-૨૦૦ ની હાજરી હતી. સર્વેને પાંચમે ૧ ટંક ને છઠે બે ટંક ભોજન શેઠ જીવાભાઇ વહાલચંદ તરફથી અપાયું હતું તથા બપોરે ગુજરાત પ્રાંતિક સભાના ઠરાવો પર આગેવાનો સાથે અમે ને ચીમનલાલ વકીલે ચર્ચા કરી હતી.

સાંજે ૫ વાગતે એ ધર્મશાળાના મકાનનો આગલો ફોટો લેવાયો હતો, જે આ અંકમાં પ્રકટ કરવામાં આવ્યો છે. ને રાત્રે પ્રે. મો. દિ. જૈન બોર્ડિંગમાં સભા થઇ હતી, જેમાં હાથીભાઇ માણેકચંદ તથા અમોએ ગુજરાતના દશાહુમડ ભાઇઓની સ્થિતિનું વર્ણન કર્યું હતું તથા ગુજરાત દિ. જૈન પ્રાંતિક સભાના સભાસદ થવા અપીલ કરી હતા. આ સમયે વધુ ભાઇ હાજર ન હતા તેથી ચાર મેમ્બર નોંધાયા હતા. એજ રાત્રે અમે સુરત પાછા ફર્યા હતા, અમદાવાદ જતી વખતે અમે અંકલેશ્વર પણ ઉતર્યા હતા જ્યાંની પંચે ટુંક સમયમાં પરિષદના ઠરાવો પર વિચાર કરવા પંચ બોલવવા કબુલ્યું છે તથા ચોખલાના પંચના આગેવાનોએ પણ ફાગણ માસમાં પંચ બોલાવવાનું આશ્વાસન આપ્યું હતું.

પંચનું બંધારણ.

શ્રી વીશામેવાડા દીગમ્બર જન જ્ઞાતિનું બંધારણ સુવ્યવસ્થીત કરવા માટે વસો મુકામે યુવક સંઘની મીટીંગ મળેલી તે વખતે એક કમીટી નીમવામાં આવેલી તેમાંનો હું એક સભાસદ હોવાથી યોગ્ય લાગતી બંધારણ સંબંધીની યોજના જ્ઞાતી બંધુઓ સમક્ષ રજુ કરૂં છું.

નીચેની યોજનામાં સુધારો વધારો કરવાનો કોઇપણ વ્યક્તીને લાગે તો તેઓ સ્કીમ તૈયાર કરી પંચ સમક્ષ લાવે એવી મારી ખાસ વિનંતી છે. જો બંધારણ સારી રીતે ઘડી શકાય તોજ કામકાજ સહેલાઇથી ચાલી શકે.

બંધારણની યોજના નીચે મુજબની રાખવા મારી સુચના છે.

૧-દરેક ગામ દીઠ એક પ્રતિનીધી પંચમાં આવી શકે.

૨-જે ગામની જન સંખ્યા સો ઉપરાંતની હોય તેમાંથી દર સેંકડે બે પ્રતીનીધી પંચમાં તે ગામ મોકલી શકે.

૩-આ મુજબના ચુંટાયલા મંડળને એક સેક્રેટરી નીમવાની સત્તા રહેશે કે જે પ્રોસીડીંગ બુક એટલે (કામોનું લખાણ) તથા મીટીંગ વીગેરે બોલાવવી વીગેરેની કામગરી તે કરશે.

૪-ખજાનચી તરીકે જ્ઞાતીના શેઠજ રહેશે.

૫-દર ત્રણ વર્ષે કમીટીની નવી ચુંટણી કરવી ને બરખાસ્ત થતી કમીટીમાં આવેલો માણસ તરતજ ફરી ઉમેદવારી કરી શકે નહીં જેથી બધાંને લાભ મળે.

૬-કોષાધ્યક્ષ તથા સેક્રેટરી બરાબર કામ ન કરે તો તે બદલવાનો અધીકાર કમીટીને રહેશે.

ઉપર મુજબની કમીટી નીમાયા બાદ જ્ઞાતી હીતાર્થે ઠરાવો કરી અમલમાં મુકાય તોજ કામ સુવ્યવસ્થીત થાય.

ચોકસી વસ્તુપાળ શંકરલાલ-આમોદ.

शिक्षाका अध:पतन।

(ले.-पं० लक्ष्मणप्रसाद जैन न्यायतीर्थ-रफीगंज)

१—शिक्षा ! आज तेरा महत्व सार्व सामूहिक जनस्वकंठगत ध्वनिसे आह्वानन करते हैं। परन्तु शिक्षा तूने अपने अगाध अंतःस्थलका मर्मस्थल नहीं बताया कि कितनी गाम्भीर्य रस धार है। केवल बाह्य मोहपटसे आसक्त एवं मोहीजनोंको आच्छादित किया, लेकिन बेचारोंको अबतक भी अपने अपरिचित रसातलकी वास्तविकताका आस्वादन नहीं कराया।

२—शिक्षा ! तुझमें ऐसा कौनसा महत्व या जादू है जिससे कि आज सारा मानव समाज तेरी सदुपासनामें दत्तचित्त होकर पुनः पुनः भ्रमरावर्तन करता हुआ सदैव लालायित रहता है। यहांतक कि तेरे नामपर हमारा समाज ही नहीं, बल्कि सारा विश्व हजारों व लाखों रुपयोंपर पानी फेर देता है, फिर भी मीनाक्षि ! तेरे असीम कृपा कटाक्षोंका विक्षेप नहीं मालूम किस सौम्याकृतिमें होता है।

३—क्या कहूं, तेरे आराधक तो एक टकटकी निगाहसे एकांतस्थलीमें भी भलीभांति आराधना किया करते हैं, पर तेरा मनोरंजन अवचनीय है।

४—सरस्वती ! क्या तेरी क्रीड़ास्थली सर्व शक्ति साम्राज्यस्पद एवं काम विजयी भगवान महावीर जैसे योगिराट, अथवा स्वामी समन्तभद्र जैसे योगीश्वरोंके मन मंदिरमें ही थी। लेकिन हा ! आज उन सर्व विजयी योगीश्वरोंका तो अभाव है, फिर........।

५—मानव समाज ! यह सत्य है, पर मेरी यही धारणा हो ऐसा नहीं, मैं केवल सत्य प्रेमकी अनन्या उपासिका एवं भिखारिणी हूं। जो उपासक जन सत्य-प्रेमकी अविरलधारसे आर्द्री भूत करता है बस उसीकी केवल मात्र सेविका, वही मेरा निवासस्थान, और उसीकी रंग मंचवर मेरी क्रीड़ास्थली है।

६—अतः अब यह भी मुझे कोई उपालम्भ नहीं देसक्ता कि धनवानोंके यहां शिक्षा सतीका आवागमन नष्टप्राय होचुका। क्योंकि वे धनोन्मत्त धनी धनकी कदरके सामने मेरी कदर करना तो दूर रही, पर सदुपासना भी नहीं जानते। अतएव वे लोग स्वयं ही उस अमोघ काम बाणके सीमातीत सुखानुभवसे वंचित रह जाते हैं।

७—फलस्वरूप यह होता है कि—जाति एवं देशकी सर्व प्रकार तबाही करनेवाली, आज इन्द्रायण फलके समान, बालविवाह, वृद्धविवाह एवं अनमेलविवाहादि कुप्रथायें धड़ाधड़ जारी हैं। जिसको समूल नाश करनेके लिये आज जू तक नहीं रेंगती। साथमें भयंकर रोग तो धनकी गर्मीका और भी जोरोंसे बढ़ गया। सहस्र व लक्ष रु० की थैलीके सामने बाल, वृद्धका सवाल नहीं रहता।

८—जिससे आज हजारों एवं लाखोंकी तादादमें विधवाओंकी संख्या दिन दूनी रात्रि चौगुनी प्रमाण वृद्धिंगत होरही है। बेचारी सुकुमारवदना अल्प कालमें ही वैधव्य दुःखमय जीविनीसे यथा कथंचित काल यापन करती हैं।

९—हां गरीब समाज तो जरूर ही उच्च दृष्टिसे देखता है। साथमें उपभोगकी उपासनात्मक सामग्री भी खोजता है, पर यथेष्ट फलसे वह भी वंचित रह जाता है कारण एक मात्र शिक्षाकी उपासनाके भावको नहीं जानना है।

१०—जब हम प्राचीन भारतके शिक्षाकी आदर्शताको अर्वाचीन शिक्षाप्रणालीसे तुलनात्मक विचार करते हैं, तो हमें हमारी अकर्मण्यता एवं "शिक्षाका अधःपतन" क्यों? इसका साफ कारण प्रतीत होजाता है कि हमने अपनी "शिक्षा" को प्रत्येक कर्तव्यपरायणताका विस्तृत्व क्षेत्र न देकर, दूषित वातावरणके ही क्षेत्रमें संकुचित बनाया है।

११—जब कि हमने शिक्षाके आदर्शको ठुकराया तो शिक्षकोंका भी भाव मन्दा पड़ गया। अगर हमने अपनी शिक्षा सतीको योग्य निवास स्थान दिया होता तो आज विट्जारी एवं व्यभिचारी क्या नीची निगाहसे देखते? हिंसा, झूठ, चोरी, मायाचारी, दंभता इत्यादि बातोंका सामना देखते, अथवा यह भृत्यजीवन सहते?

१२--अगर अब भी शिक्षालयोंकी दृष्टि शिक्षा-सुधार विषयक हुई तो निःसंदेह जीता-जागता भारत फिर कभी उन्नतिके शिखरारूढ़ होगा। तन, मन, धनकी बढ़ती होगी। ईर्षा एवं स्पर्धाका कृष्ण मुख होगा, यानी विद्वेषाग्नि शान्त होगी। प्राणी मात्र उस अहिंसा-धर्मका पुजारी बन जायगा। अन्तमें सुख एवं शांतिमय जीवन यात्रा समाप्त होगी। पर अभी यह विकट समस्या भविष्यके गर्भमें है।

१३—बस उपर्युक्त कारणोंसे ही भारतवर्षकी वर्तमान परिस्थिति कैसी दारुण एवं धरातलशायी होरही है। दिन प्रतिदिन बेकारोंकी संख्या बढ़ रही है गरीब हाहाकार कर रहे हैं। अगर पेट भर खाना मिल भी गया तो शरीरपर कपड़े नहीं। ऐसी भयानक एवं विचारणीय अवस्थामें, जब कि देश सर्व प्रकारेण कष्टापन्न है, तो दूसरी ओर धनिकोंकी विलासता (ऐश-आराम) साथ ही साथ दोयज चन्द्रवत् बढ़ती ही जारही है। धर्म व समाज जीर्णशीर्ण ताज़वत् अंतिम रसातल दशाको पहुंच रहा है। फिर भी शिक्षा देवीकी क्रीड़ा गोदमें खुर्राटेकी नींद?................

१४- फिर क्या था-शिक्षाने मोहनी मंत्रसे मंत्रित कर ही तो लिया। तब तो हमने भावी हिताहितका विचार ही न किया। केवल मात्र पुस्तकोंके कीड़ा बनकर शिक्षा प्राप्त करनेका उपाय सोचा, अवसर पाकर सतीत्वके रक्षार्थ-शिक्षादेवीने भी अर्द्धमृतक दशावत् छोड़कर प्रस्थान किया।

१५--जब हम कार्यक्षेत्रमें अवतीर्ण हुये, तब कहीं आंखें खुली और शिक्षाकी बदनीतिको ही कोसने लगे। साथमें बी० ए० अथवा शास्त्री-पदमें बट्टा न लगे इसका और भी ख्याल बढ़ा। बस, पूरे "अकर्मण्य बन बैठे" तराजू बांट लेकर नमक, दाल, तौलनेमें शर्म, विना कुली या नौकरके सामान उठानेमें पाप मानने लगे।

१६--महिला समाज तो आज शिक्षा सखीके

नाते तिलांजलि देकर हाथ ही धो बैठा। अनन्या हितकारिणी सती शिक्षाका नाम सुनकर कोसों दूर भागनेकी पड़ती है। जिनके लिये काला अक्षर महषी (भैंस) तुल्य प्रतीत होता है, जिससे गार्हस्थ धर्म चलना भी अतीव कठिन होगया है, रात्रिदिवस कलह एवं विसंवादने घर बना लिया है, एक समय मात्र भी जीवन दशा सुख एवं शांतिपूर्वक नहीं बीतती, यह सब सोचते हुये कहना पडेगा कि शिक्षाका अधःपतन।

१७—जब सर्वप्रकार अज्ञान लताका अंकुरा भारत वसुंधरापर अंकुरित हुआ. व्यभिचारने अड्डा जमाया, तब लज्जावशात मुंह छिपानेके बहाने ही मानों ऊपरमें परदा पड गया !!! और परदेमें ही परदायत्वपना आगया, अर्थात् पापोंने छिपे रुस्तम भण्डा फोर किया। परदाकी ओटमें व्यभिचारी एवं कामोन्मत्त शूकरोंने शिकारकी। यानी नर पिशाचोंका अमानुषिक अत्याचार बढ़ गया।

१८—वाग्दायनी शिक्षा! इस हृदयहारिणी विरह-वेदनाका मैं स्वयमेव स्वागत करती हूं। मेरा यह विदीर्ण मानस इस प्रेममयी यंत्रणासे अब सदा आन्दोलित रहे। बस, यही एक अनन्यतम अभिलाषा है। प्यारी बहिन! क्या कहूं आपके सन्निकट न रहनेसे ही हम लोगोंकी गूढ़ाति गूढ़ प्रेम-वाटिकाके क्रीड़ारंगमें अब तिमिरसा छागया है। मानों तुमने अपना सर्वस्व हरण किया। आओ बहिन! पुनः क्रीड़ा—रंगस्थलीको हरा भरा करें।

१९—सरस्वती! मुझे यह नहीं कहलाना कि तुम्हारा क्या लेकर भागे। हृदयहारी! मेरा था ही क्या? अमूल्य जीवनके शृंगारकी कुंजिकाका आधिपत्य आपका ही था सो लेलिया। अब मुझे उसका कोई भी उपालंभ नहीं देना। मगर तुमने जो उसके बदले जड़तारूप शृंगार, महिला समाजके पैरोंसे चोटी तक प्रचलित किया, यह ठीक नहीं किया।

मनोहारी! क्या हम लोगोंको तबतकके लिये कैदरूप पैरोंमें बेड़ियां पहनाई? हम पुरुषार्थके नाते हाथ धो बैठी हैं। क्या इन कर पल्लवोंकी शोभा इन्हींसे सुयोग्य प्रतीत होती है? अगर सतीत्वकी रक्षा करें तो कैसे?

२०—पतिदेवको रात्रि दिवस मारे परेशानीके चैन नहीं। अब तो कहना ही क्या? स्त्री समाजमें इस शृंगार-मायावी, पिशाचनीका भयङ्कर रोग फैल गया है। अगर पांच सात सेर धातुका बोझ न हो तो बाहिर निकलना ही मुश्किल है। चाहे पतिदेव रात्रि दिवस परिश्रम करते करते जिन्दगी बशर करें। पर देवीजी तो यही चाहती हैं कि किसी तरह गहना बनें।

२१—बस गप्पाष्टकपुराण (?) का पाठ श्री जिनालयमें तो नियमसर होता ही है। धर्म-कर्म पर सफा हाथ फेरा जाता, वैराग्यस्थल रागस्थल बनाया जाता, मंत्रोंका भी उच्चारण "जिजी ये ककना भोतऊ नोने हैं, हमें सोऊ अपनी बिन्नाखों बनवाऊने" इत्यादि रूपमें होने लगता है। पाठ समाप्ति होकर घर आते ही, अगर पतिदेवके

मुखारविंदसे "नहीं" ऐसा निकल गया तो समझ लीजिये कि भूख हड़तालके साथ प्राणोंकी आहुतीमें कुछ ही न्यूनता रहती है।

२२—भारतीय ललनाओंका जब "शिक्षा"के प्रति अज़ब ढंग है तो क्या उनकी भावी संतान कर्मठ हो. धर्मधुराको धारण कर सकेगी?

क्या शृगालिनी शूराकृति-सिंहको पैदा कर सकेगी? उत्तम बीज भी विरस भूमिमें वपन करनेसे तत्सम फल सकेगा? नहीं। अतएव कहना पड़ेगा कि जबसे बच्चा गर्भमें आता है। तबसे माताके आहार-विहार, आचार-विचारका असर उस भावी संतानपर पड़ने लगता है। क्योंकि संस्कार निमित्त कारण नैमित्तिक पदार्थ विशेषसे संबन्ध रखता है, अगर वस्तु बाह्य निमित्त कारणोंसे सुसंस्कारित है, तो विशेष गुणोंमें भी परिवर्तन होगा। उदाहरणार्थ फोनोग्राफका प्लेट। न्याय भी यही कहता है कि "निमित्तापाये नैमित्तकस्याप्यपायः।"

२३—यही कारण तो है कि गर्भिणी स्त्रीके लिये सुशील, वीर, एवं आदर्श पुरुषोंके चित्रपट (फोटो) दिखाये जाते हैं, ताकि भावी सन्तान भी होनहार कर्मण्य बनें। यहांतक कि शयनागारोंमें भी प्राय: वही उन्नत चित्रपट लगाये जाते हैं। यही बात शैशवकालमें भी लागू है। क्योंकि उन अबजात शिशुओंका जितना घनिष्ट संबंध मातासे है उतना पितासे नहीं। माता अगर सद्गुण संपन्ना है, तो वह संतान भी उसी मार्ग गत पाई जायगी।

२४--सखी शिक्षाकी यह काष्ठागत-आदर्शता सुन उसका संतप्त हृदय धधक उठा, उसके शान्त एवं कामी नेत्र, काली मेघ-घटाके समान अश्रुधाराके बहाने उमड़ आये, उसके निस्सार जीवनकी एक करुण कहानीका दृश्य सामने नाचने लगा, यौवन-प्रांगण (आंगन)में इन्दुकलावत् शिक्षाका आभास हो गया, मृग भ्रांतिवत् मनोवृत्ति विभक्त (चलायमान) होगई, वह किसी प्रकार भी अपने मनोगत भावोंको न संभाल सकी, बस उसका अन्तरात्मा कह ही तो उठा....।

२५--दयावती! ठीक शृंगार रोगका जहरीला कांटा शंकूवत् हृदयस्थलके सुधा घटको विकृत करनेवाला है, इतनेपर भी मानव समाजने ऊपरसे परदा पटक दिया। अब मछलीके जालवत प्रीति-गलींके इस कांटेकी कसकीली चुभन जीर्ण-शीर्ण जीवनको भी तिलांजलि देगी।

हा! प्यारी बहिन, क्या पशुवत ही जीवनयात्रा समाप्त करनी होगी? हाय! ये अमूल्य जीवन कांचके समान दफनाऊंगी? हा! हा!! गजब सितम गजब!

२६—उसका कातर--स्वर कण्ठ तक भर आया मारे घवडाहटके अत्यन्त अधीर होगई। अविरल अश्रुधारा-प्रवाह प्रत्येक रोम-छिद्रोंको भिगोने लगा, मानों अव्यक्त लालसासे सर्व वेदनाएं अब सुधि अक्षरोंका चुम्बन कर आंखोंसे निकल पड़ीं। शृंगार-रसके प्रेम तूफानकी एक२ किकिरी खटकने लगी। उपाय केवल शिक्षाका ही सान्निध्य (सहवास) सूझने लगा।

विधवाकी स्मृति !

(ले०-श्री० पं० शुकदेवप्रसाद तिवारी, " निर्बल ")

मध्यप्रदेशान्तर्गत होशंगाबाद जिलेमें देनवा नदीके पार मड़ई नामक ग्रामसे कुछ अंतरपर एक अति प्राचीन मंदिरके खंडहर हैं। जिस प्रकार अनेक मंदिर अनेक देवताओंके नामसे प्रसिद्ध होते हैं उसी प्रकार यह मंदिर " सतीका चबूतरा " या " झिरझिरी महल " के नामसे प्रख्यात है। इस मंदिरमें दो खंड हैं और प्रत्येक खंडके ऊपर अलग अलग गुम्बज हैं। एक खंडकी गुम्बज समयचक्रके प्रबल फेरफारसे नष्ट होगई है। दूसरे खंडमें दो भिन्न२ कमरे, एक संयुक्त दालान, एक आँगन और मंदिरसे उत्तरमें एक पत्थरसे पटा हुआ तालाव है जिसमें बड़े२ वृक्ष खड़े हुए हैं। मंदिरके पीछे एक मीठे पानीका सुन्दर झरना सदियोंसे कलकल नाद करता हुआ स्वर्गीय सतीका गान अनवरतरूपमें कर रहा है। मंदिरके साम्हने आंगनसे लगी हुई सतपुड़ा पर्वतकी उच्च श्रेणी है तथा चारोंओर सघन जंगल है।

× × ×

यह स्थान ऐसे घोर जंगलमें हैं जहां दिनको भी शेर, चीते, तेंदुआ आदिका भय है। इस जंगलमें २-२ अथवा ४-४ मीलके अंतर पर गोंड नामक जंगली जातिकी छोटी २ बस्तियां हैं। जिस समय हम इन गांवोंमें गये और वहांके वृद्ध पुरुषोंसे भेंट की उस समय हमें इस स्थानका बहुत कुछ प्राचीन ज्ञान प्राप्त हुआ। सुना कि मंदिरके साम्हने घुटने टेककर प्रणाम करती हुई कुछ युवकोंकी मूर्तियां भी थी जिन्हें निरक्षर उद्दण्ड लोगोंने इधर उधर तोड़ फोड़कर फेंक दी हैं। सतीकी स्मृतिमें नवशक्तियोंकी मूर्तियां भी एक खंडमें रखी हैं तथा शिवरात्रि पर अनेक स्त्री पुरुप यहां आ पूजा कर मनौती मनाते हैं। जिस समय उस वृद्धसे इस विधवाका विस्तृत विवरण पूछा गया। उस वृद्धका कण्ठ अवरुद्ध होगया और आंखोंमें अविरल अश्रुधारा वह निकली। कुछ शांत होनेपर जो कुछ उसने सुनाया उसे अपने शब्दोंमें हम पाठकोंकी भेंट करते हैं।

× × ×

जिस समय भारतवर्षमें लगभग १००० वर्ष पूर्व विदेशियोंके आक्रमण प्रारम्भ हुए थे उससमय इस मंदिरके निकट एक झोंपड़ी थी। जिसकी दीवालें मिट्टीकी थीं। पशुशालाकी लकड़ियां जला डाली गई थीं। झोपडीकी दीवालें भी कहीं २ से गिरने लगी थीं। ऐसी गिरी हुई जगहसे घरके भीतरका दारिद्र्य प्रत्यक्ष दिखाई देता था। खटियाका पता भी नहीं था। ओढने बिछानेको थोड़ेसे फूटे चिथड़े और बड़े भाग्यसे प्राप्त रूखे सूखे भोजनको बनानेके निमित्त मिट्टीकी एक

हांडी, खानेको मिट्टीकी थाली और पीनेको एक तूमा था। उस घरमें प्रकाश कभी देखनेको भी न मिलता था।

× × ×

घरमें एक वृद्धा सास और रमियां नामक युवती सुन्दर विधवा वहू थी। वृद्धाके पति और पुत्र बलात युद्धमें सैनिक बनाकर लेजाये गये थे और इस बारका उनका विछोह सदाका विछोह था, वे फिर कभी लौटकर न आये। सास और वहू दोनोंने २--४ वर्ष बाट जोही और आशा सूत्रमें बंधी रही, परन्तु अधिक समय तक कोई सूचना तक न मिलनेमें वे निराश होगई और कपालको ठोककर वैधव्य जीवन व्यतीत करना प्रारम्भ कर दिया।

× × ×

इनकी दीनता बहुत बढ़ी चढ़ी थी। रमिया और उसकी सास आसपासके जंगलोंसे लकड़ी इकट्ठी करती और बुढ़िया उन्हें सिरपर ले ८ मील अंतरपर बसे सुहागपुर नामक गांवमें आती और वेचकर कुछ अनाज खरीदकर लेआती। जितने समय सास बाहर रहती अभागी रमिया अपने फटे पुराने कपड़ोंमें सुन्दरताको छिपाये या तो लकड़ी बटोरती या घरका काम धंदा करती अथवा झोंपड़ीके बाहर शहरसे आनेवाली रास्ताकी ओर टकटकी लगाये बैठी रहती। दोनोंमें परस्पर इतना प्रेम था कि कोई भी देखनेवाला उन्हें मां बेटी सरीखा प्रेम करते देखता। किसीने कभी आजकी सास वहू जैसा लड़ते झगड़ते नहीं देखा। दोमेंसे कोई एक कभी बीमार होजाती तो दूसरी उसको स्वस्थ करनेके निमित्त पागल हो उठती। जंगली जातियोंमें पुनर्विवाह कर लेनेका चलन है, परन्तु उस सुन्दर युवतीके मनमें कभी यह भावना आई भी न थी।

× × ×

दुर्भाग्यवश एक दिन मध्यप्रांतके जंगली हिस्सेके प्रधान जमींदार युवक शिकार खेलते हुए आ निकले। वृद्धा उन दिनों ५--६ दिनसे बीमार थी और रमियाँके पास लज्जा बचानेको पूरे वस्त्र नहीं थे कि जिन्हें पहिनकर वह लकड़ी बेचकर अपने व सासके पेटमें दो कौर अन्न भी डाले। अतः वे ४ दिनसे विना अन्न खाये ही थीं। दुखियोंके पास कोई श्रीमान केवल इसीलिये नहीं जाया करते कि कहीं वह कुछ मंगाने न लगे। यही कारण था कि उनके पास कोई सहानुभूतिके दो शब्द कहनेको भी नहीं जाता था। यद्यपि वे अपने कठिन परिश्रमसे कमाये हुए थोड़ेसे अन्नसे आधे पेट भोजन कर किसीका आश्रय ले पथभ्रष्ट नहीं होना चाहती थीं, तथापि इस समयकी भारी विपत्तिने उनको किसीकी सहायता लेनेको विवश कर दिया था। वैसे कई नवयुवक रमियाकी सुंदरतापर मोहित थे और उसे पथभ्रष्ट करनेको कभी२ उधर पहुंच प्रलोभन दिया करते थे, परन्तु वह पथभ्रष्ट होनेके पूर्व प्राण त्याग देनेको सदा उद्यत रहती थी।

× × ×

जमींदार नवयुवकका नाम फतहसिंह था और वह इन्हींकी जातिका था। इस युवकने देनवाके किनारे डेरा डाला। इसके नौकर शिकार

गाहकी खोजमें घूमते २ इस झोंपड़ीके पीछे वहनेवाले नालेके किनारे आये। इसी समय रमिया जिसके अंग फटे चिथड़ोंमेंसे स्पष्ट दिखाई देरहे थे और सुन्दरता जिसके शरीरसे ऐसी विपत्तिमें भी फूटी पड़ती थीं, हाथमें तूमा लिये पानी भरनेको नालेपर आई। मुखाकृतिसे स्पष्ट प्रतीत होता था कि रमियाके हृदयमें भयंकर वेदना है और वह बहुत दूर धुंधले प्रकाशमें दिखाई देती हुई अतीतकी स्मृतिमें तलीन है। उसके चहरेपर रूखापन, वालोंमें वर्षों कंधी न होनेसे मैलापन और उलझन, शरीरमें शिथिलता, वस्त्रोंसे दीनता और नेत्रोंमें कारुण्य स्पष्ट दिखाई देता था। वह आई, पानी भरा और चली गई। जमींदार युवकके नौकरोंने कुछ प्रश्नभी किये, परन्तु अपनी तल्लीनता और चिन्तामें रहनेसे उसने इनकी एक न सुनी।

× × ×

जमींदार युवक अपने डेरेमें बैठा था। फानूस जल रहे थे। एक वेश्या जो साथ थी उसका गाना होरहा था। विलासिताकी सब सामग्री उपस्थित थी। नौकरोंने आकर आखेटके अनेक स्थान बतलाये और इसके साथ ही साथ रमियांकी सुंदरताका वर्णन किया। यह सुनते ही उसने शराबका प्याला दूर फेंक दिया, नाच गाना बंद कर दिया और उन नौकरोंको एकांतमें लेजा कुछ मंत्रणा करने लगा। कुछ समय पश्चात् अपने सभी साथियोंको सूचना दी कि दूसरे दिनका पड़ाव अमुक नालेके किनारे होगा। जमींदार युवक दुराचारी था और वह अभीतक सैकड़ों स्त्रियोंका सतीत्व धन बल अथवा पशुबलसे नष्ट कर चुका था। उसे अभिमान था कि जैसे हो वैसे उस सुंदरीको वशमें लाया जायगा।

× × ×

पूर्व दिशामें सूर्य उदय होरहे हैं। उधर रमियां और उसकी सासके उपवासका पांचवां दिन प्रारम्भ हुआ और इधर पापियोंके दलने उस असहाय अबलाके सतीत्वको नष्ट करनेकी तैयारी की। सारा सामान गाड़ियोंमें लदकर रवाना होगया और जमींदार युवक फतेहसिंहने अपने ४-५ साथियोंके साथ हाथीपर चढ़ उस ओर प्रस्थान किया। इसके मनमें बड़ा उल्लास और आनन्द था। बड़ी बड़ी आशाएं बांधते हुए आगे बढ़ा। नालेके तटपर पहुंचा। डेरा आदि पहिले ही लग चुके थे। उसने नौकरोंको, झौपडीमें कौन २ रहते हैं और स्थिति कैसी है, यह देखनेको भेजा। वे देखकर आये और जो कुछ उनने देखा उसका पूरा विवरण सुनाया। विवरण सुनकर फतेहसिंहकी प्रसन्नताका पारावार न रहा। उसके मनमें पूर्ण विश्वास होगया कि थोड़ीसी सहानुभूति, प्रलोभन अथवा बलप्रयोगसे सब काम सहज ही बन जायगा।

× × ×

सास पीड़ित अवस्थामें फटे चिथड़ोंमें लिपटी भूमिपर पड़ी है और रमिया सासके पैर दाबती हुई अपने ससुर और पतिकी बातें साससे कर करके आंसुओंकी धारा बहा रही है। रमियाके हृदयमें उस समय यह भाव था कि किसी प्रकार यदि थोड़ासा कुछ भी अन्न प्राप्त होजाय तो वह सासके मुंहमें डालदे जिससे कि

यदि वह मरे भी तो भूखी न मरे। परन्तु उसके पास सिवाय अपने पति द्वारा प्राप्त शिवलिंगके और रखा ही क्या था। अतः वह इसी धुनमें छटपटा रही थी। इतनेमें वह जमींदार युवक अपने उद्दण्ड साथियोंके साथ झोंपड़ीके द्वारपर आपहुंचा। रमियांने अपने शरीरपर ओढ़ा चिथरा भी सासके सिरमें बांध दिया था। केवल कमर तक एक फटा पुराना वस्त्र लपेटे हुई थी। इन लोगोंको अचानक अपने द्वारपर आये हुए देख लज्जावश सासकी सेवकाई छोड़ एक अंधेरे कौनेमें छिप गई। जमींदारकी दुष्ट आंखोंने उसके शरीरको देख लिया था। और इस क्षणिक दृष्टिने उसके शरीरमें कामाग्नि प्रज्वलित करदी थी। फतेहसिंहने अपने कंधेपर पड़े हुए एक कीमती शालको झोंपड़ीके भीतर उसी कौनेकी ओर फेंका जहां विधवा रमिया छिपी हुई थी और आदेश दिया कि वह उस वस्त्रको निःसंकोच ओढले। बेचारीको जमींदारके पापी-हृदयका तनिक भी पता न था। उसने अनुग्रह मानते हुए सासकी स्वीकृति ले उसे ओढ़ लिया। परन्तु दूसरे ही क्षण उसकी निर्मल आत्मामें भविष्यत विपत्तिका भी आभास प्रतिबिंबित हुआ और उसने शालको बाहर फेंक झोंपड़ीके द्वारपर टट्टी लगादी।

× × ×

जमींदार इस प्रथम प्रयत्नमें असफल हो डेरेपर लौटा और नौकरोंको कुछ अच्छी २ खाद्य सामग्री ले झोंपड़ीमें भेजा। इसबार झोंपड़ीका द्वार खुला हुआ था और रमिया पूर्ववत् अपनी सासकी सेवा करती हुई उस अपरिचित जमींदारकी धृष्टताका वर्णन कर रही थी। इस अंतिम अवस्थामें बीमारी और भूखसे इसप्रकार व्यथित थी कि जिससे उसने बहू द्वारा किये गये व्यवहारपर खेदजनक भाव प्रगट किया और स्पष्ट इच्छा प्रगट की कि यदि वह कुछ सहायता करे तो स्वीकार की जाय और संभव हो जमींदार चाहे तो अपने जीवनको भविष्यतमें सुखी बनानेको विवाह भी करले, कारण कि अब वह अधिक दिन जीवित रहकर गृहस्थीका कार्य न चला सकेगी। बहूने एक लम्बी श्वास ली और सासके हितार्थ अपने सतीत्वकी रक्षा करते हुए कार्यसाधनका विचार कर पीछेकी ओर देखा। नौकर जो सामान लाये थे वह स्वीकार कर लिया और शीघ्रतासे उसमेंसे कुछ तैयार भोजन केवल सासको खिलाया। रमिया तो उसे छूनेकी ही दोषी थी। उसने उस सामग्रीका तनिकसा भी अंश अपने उपयोगमें नहीं लाई।

× × ×

नौकरोंने जमींदारसे सामानका रमिया द्वारा स्वीकार किये जानेका सारा समाचार कहा। जमींदारने ५००) रुपया और दो मूल्यवान साढ़ी पुनर्वार नौकर द्वारा झोंपड़ीमें भेजी। रमियाने सासको वह द्रव्यकी थैली और साढ़ी दीं। सासने एक साढ़ी अपने लिये रखली और अच्छी साढ़ी बहूको पहिननेको कहा। बहूने साढ़ी पहिनी। सास प्रसन्न हुई। थोड़ी देरमें एक और नौकर आया और उसने जमींदारके आनेकी सूचना दी। जमींदार आया। वृद्धाने उसे चिथड़ोंपर पास बिठा अपनी बहती

बीती हुई सारी घटना बड़े दुःखके साथ कह सुनाई और यह भी कह दिया कि उसके मरनेके पश्चात् विधवा बहू रमियाँका इस संसारमें कोई नहीं है। जमींदारने आश्वासन देते हुए रमियाँको अपने साथ ले जानेकी बात कही। यद्यपि बुढ़ियाको बहूके वियोगकी आशंकाने बहुत ही व्यथित बना दिया तथापि बहूके सुखी होनेकी यादने उसकी व्यथाको कम कर दिया और उसने ओठोंपर प्रसन्नता ला स्वीकृति देदी।

× × ×

बुढ़िया कुछ स्वस्थ होगई परन्तु १२ घंटेसे हुए बहूके वियोगमे वह व्याकुल होउठी। प्रातः-काल हुआ। बुढ़ियाने उपस्थित सामग्रीमेंसे कुछ खाया और सिरहाने रुप्योंकी थैली देखने लगी। थैलि रात्रीमें ही जमींदारके ही कोई साथी उठा लेगये थे। बैठे२ बुढ़ियाने झौंपड़ीका कौना २ छान डाला परन्तु रुप्योंकी थैली न मिली।

उसके मनमें भारी विकलता उत्पन्न हुई और बहूके पहिननेके पुराने चिथड़ोंको छाती और आंखोंमे लगा २ खूब रोती और कहती, " हाय यह क्या होगया! सती रमियाँका जीवन मैंने नष्ट किया और द्रव्य भी जाता रहा। " अंतमें वह जैसे तैसे किये हुए भोजनके आधार पर उठी और एक रस्सी ले मकानकी मंगरीमें बांध गलेमें बांध ली और लटक गई। कुछ ही क्षणमें उसके प्राणपखेरू इस पंचतत्वके शरीरको छोड़ चल बसे।

× × ×

रमियां रात्रिमें जमींदारके डेरेमें आगई थी परन्तु न तो उसने कुछ खाया पिया और न फतेहसिंहसे ही भेंट की। फतहसिंहके मनमें रमियांके डेरेमें आजानेसे प्रसन्नता और धीरज होगई थी, इसलिये उसने भी उसे किसी प्रकार सताना उचित न समझा। प्रातःकाल जब फतेहसिंहके डेराके कूचकी तैयारी होचुकी रमियांने अपनी सासंसे अंतिम भेंट करनेकी इच्छा प्रगट की। जिस समय रमियां अपनी झौंपड़ीके भीतर घुसी, उसने सासके शवको लटके हुए पाया। यह देखते ही वह मूर्छित हो गिर पड़ी। कुछ समय बाद मूर्छा खुलनेपर उसने वे ही पुराने चिथड़े पहिन सासके शवके पास दूसरी रस्सी बांध गलेमें फंदा डाला और अपने निर्दोष होनेकी सपथ परमात्माके सम्मुख खाते हुए और कहते हुए कि उसे तो सतीत्वकी रक्षार्थ आज नहीं तो कल अवश्य मरना था तथा उसने ऊपरी मनसे जो जमींदारके साथ जानेकी स्वीकृत दी थी वह केवल सासके सुखके निमित्त था, टंग गई!

× × ×

जमीदारने १—२ घंटे वाट जोही। जब कुछ ठिकाना रमियाके लौटकर आनेका न पाया तो वह भी उस झौंपड़ीमें गया और मंगरीमें लटकती हुई दोनों लाशोंको देख सन्नाटेमें आगया। सबसे पहिले उसने वहां रुप्योंकी थैलीको देखा। वह कहीं न मिली। उसकी समझमें सारी घटना याद हो आई। उसके कानोंमें ऐसे शब्द सुनाई देने लगे मानो कोई कहता हो " अरे धनके मदमें मस्त दुराचारी! तूने हमारी इस टूटीफूटी कुटियाके सतीत्व मय कष्टपूर्ण परन्तु सुखी जीवनको नष्टभ्रष्ट कर दिया।" कुछ देर वह विक्षि-

स सा होगया और फिर शांत होनेपर उसने एक शिलाखण्डपर लिखा कि इस आदर्श विधवा स्मृतिमें यहां एक कुटिया बनाई जाय और जिनने इनका धन हरण किया है और सतीत्व नष्ट करनेके प्रयत्नमें जिनने उसका हाथ बटाया है वे इनसे क्षमा प्रार्थी हों तथा वह स्वयं अपने व्यभिचारयुक्त भावोंके प्रायश्चित्त स्वरूप प्राण विसर्जन करता है और घोषित करता है कि रमियां वास्तवमें अनुकरणीय सती है और अन्त-तक सतीत्वका उसने पालन किया। इसके पश्चात् फतेहसिंहने भी उन दोनोंके चरण छूकर तीसरी रस्सो बांध अपने प्राण विसर्जन करदिये!

× × ×

फतेसिंहके साथियोंको चिन्ता हुई और उन्होंने झोंपड़ीमें पहुंच यह बीभत्स दृश्य देखा एवं शिला-खंडके लेखको पढ़ा। जो वास्तविक अपराधी थे वे घुटने टेक कर क्षमा मांग "विधवाकी स्मृति" बनवानेमें लग गये।

आज वही "विधवाकी स्मृति" सरकारी जंगलमें भग्न दशामें पड़ी है और शिक्षित समुदायका उस ओर कुछ भी ध्यान नहीं है।

अनमोल-बोल।

(संकलयिता–पं० कमलकुमार जैन शास्त्री–हरदा)

१–अपने अभीष्टका सदैव चिन्तवन करो! उसे प्राप्त करनेका यही सबसे सरल तरीका है।

२–अपनी कमजोरियोंको दिखानेकी कोशिष मत करो। ऐसा करना भविष्यमें तुम्हारे लिये घातक सिद्ध होगा।

३–अपना विज्ञापन करनेके लिये लोग जितनी कोशिष करते हैं उससे आधा भी अगर वे अपनेमें योग्यता लानेकी कोशिष करें तो स्वयं ही उनका विज्ञापन होजाय।

४–केवल बाहरी हावभावसे ही दूसरेके आच-रणका अन्दाज मत लगाने लगो। कभी २ इससे भारी गल्ती होजानेकी आशंका रहती है।

५–रातमें सोने समय अवश्य सोचो कि दिन-भरमें जो कुछ तुमने किया है उसमें क्या उचित है और क्या अनुचित। ऐसा करनेपर उस दिन जो गल्ती हुई होगी, फिर दूसरे दिन उसके होनेकी संभावना न रहेगी।

६–एकाएक दयासे पिघल जाना भी मनु-ष्यकी एक खास कमजोरी है।

७–अगर सावधानीसे काम करो तो अधिकसे अधिक काम आसानीसे कर सकोगे।

८–क्या तुमने कभी सोचा है कि अबतक तुम्हारी उन्नति क्यों नहीं हुई? अगर नहीं सोचा तो जरा अपनी छातीपर हाथ रखकर गौर करो।

९.–जिसे तुम हट्टाकट्टा और मजबूत देखते हो समझो कि उसका आचरण भी वैसे ही हट्टा-कट्टा और मजबूत है।

१०–तुम्हारे नाक मुंह अच्छे हैं, रंगरूप अच्छे हैं लेकिन सिर्फ इसीलिये तुम हरगिज खूबसूरत नहीं कहे जासक्ते। खूबसूरत तो वह है जो खूबसूरत काम करता है।

११–जो हमेशासे तुम्हारी भलाई करता आया है वह अगर कभी तुम्हारी बुराई भी कर दे तो तुम्हारा क्या कर्तव्य है कि तुम सारी भलाईपर पानी फेरदो और उससे बदला लेनेकी कोशिश करने लगो? नहीं हर्गिज नहीं। यह तुम्हारी भयंकर भूल है।

१२. अपने शत्रुको प्यार करना सीखो। ऐसा करनेपर कुछ दिनों बाद देखोगे कि तुम्हारा जीवन बहुत सुखमय होगया।

१३–निष्पाप जीवनमें जो सुन्दरता है वह बिना अनुभवके नहीं मालूम होसकती।

१४–प्रेम एक सुन्दर वस्तु है।

१५–आत्म निवेदन–गुरु चरणोंमें आत्मसमर्पण कर देनेसे निश्चिन्तताका आनंद प्राप्त होता है।

१६–खूबी तो तब है जब मनुष्य अपनी कल्पनाको खुद ही कार्यान्वित करके दिखा दे।

१७–उपादानका यथार्थ ज्ञान प्रतिभाको प्रेरित करता है।

१८–मनुष्यका गुरु काम है।

१९–अपने आसपास मित्रोंको इकट्ठा कीजिये, खुशामदियों अथवा अंध-भक्तोंको नहीं।

२०–नीति नियमोंकी अपेक्षा प्रेम, दाक्षिण्य, दया और सहृदयता आदि स्निग्ध-भाव कहीं अधिक कीमती हैं।

२१–विस्मृति प्राण क्षीण होनेका लक्षण है। जिस समाजसे धर्मका लोप होजाता है, उसकी स्मृति अर्थशास्त्र ही बन जाती है।

२२–आज हमारे समाजको मंत्र दृष्टा ऋषियोंकी जरूरत है, समाज व्यवस्थापक आचार्य तो अपने आप आ मिलेंगे।

२३–जो लड़का अपने समयका सदुपयोग करसकता हो उसका संपूर्ण विकास तभी होगा, जब आप उसे सम्पूर्ण स्वाधीनता दे देंगे।

२४–आप चाहे कितना ही प्रगतिका ढोल पीटते रहें परन्तु संसारसे जो विश्रांति चल बसी है वह जबतक लौट करके नहीं आवेगी तबतक समाजकी दशा दयनीय ही बनी रहेगी।

२५–संसार चक्र प्रचण्ड वेगसे दौडा जारहा है। परन्तु कहां? किसीको पता नहीं है कि कहां? क्योंकि ईश्वरपर श्रद्धा ही किसे है। मनुष्यको तो यही समाधान है कि जो सबका हाल होगा वही मेरा भी होगा।

२६–समाजकी शक्ति युवक है। युवकोंके भविष्यपर भी समाजका उत्थान या अध:पतन निर्भर है।

२७–सच्चे सैनिक (नवयुवक) समाजद्रोही नहीं होते। वरन वरवक्त समाज सुधारका पुनीत कार्यकर्ता ही रहता है।

होली।

(लेखक—पं० पीताम्बरदासजी उपदेशक)

दुंर्भाव तरुवर सम जलें ध्यानाग्निको प्रज्वलित करी,
मन, तन, वचन सुस्थिर करे निज आत्म शक्ति जगाधरी।
कार्माण योग नहीं जले उनके क्षपानेको चले,
ज्यों दंड, कपाट क्रिया करी शुभ, अशुभ कर्म सभी जले ॥ १ ॥

नख, केश, शेष लखे अमरपतिने उन्हें संग्रह करे,
कर्पूर सम वे भी उड़े कर कल्पना भू पर धरे।
आवाज दी परमात्माने अष्ट कर्म जला दिये,
त्रैलोकमें फैले उन्हें जगको दिखानेके लिये ॥ २ ॥

अतिशय सुगंध भरे मनोहर काष्ठ ले उस दृश्यका,
कुछ चित्र खींचा था प्रभावक ध्येय रख सर्वत्रका।
संग्रह किया ईन्धन बनाया शुभ, अशुभ वसु कर्मका,
रच यज्ञ शुभ स्तोत्र पद दे नाम होली पर्वका ॥ ३ ॥

कीर्तन किया बाजे बजा परमात्माने कर्मकी,
होली बना ध्यानाग्निकी, की सिद्धि हुई अपवर्गकी।
इससे अमर वसुकर्म करने नष्ट, अष्टम द्वीपको,
जाते वहां अर्चन करें नर जा न सकें उस द्वीपको ॥ ४ ॥

सुस्थापना करलें यहीं अर्चन करें परमात्मपद,
होने प्रगट संगीत गानेको चलें हर अष्ट मद।
वसुकर्मकी होली बना अष्टान्हिकाके अन्तमें,
कीर्तन करें गुण गान गा रम जांयगे अर्हन्तमें ॥ ५ ॥

सुस्मृति रखे जग इन्द्रने होली दिखादी विश्वको,
सूझे सुपथ भूलें न जग अर्हन्तपद सर्वज्ञको।
हो प्राप्त दण्ड, कपाट करनेको समग्र त्रिलोकमें,
चेतन प्रदेश रुके नहीं सत्ता अवस्थित मोक्षमें ॥ ६ ॥

रम जांय पूर्व शरीरसे, हों न्यून कुछ सिद्धात्मा,
उनको न कर्म सता सकें बनते न वे बहिरात्मा।
पुनर्जन्म दाता कर्म ईन्धन सम लखा की होलिका,
उद्यान तरुवर सम जलानेको सजी दीप मालिका ॥ ७ ॥

शुभ दृश्य लख संगीत सुन उपदेश लें भव्यात्मा,
आमोद और प्रमोदमें हुई व्यक्त अन्तर आत्मा।
ढूंढ़े समग्र त्रिलोकमें फैलीं करमकी वर्गणा,
उनकी धरें होली चतुरने कीं अनेकों कल्पना ॥ ८ ॥

हल हुई, अनंत सुगुण प्रगट हों काम, क्रोध, कपट चपल,
स्वयमेव होलीमें जलें सुम्मेरु सम चेतन अटल।
बन जायगा, ध्यानाग्निकी पंचाग्निमें अविरत जलें,
अणुव्रत महाव्रतको धरे होली जले देखन चलें ॥ ९ ॥

पर हाय! हा! सत्पथ प्रदर्शक नीति तज विद्या विना,
जगने अविद्याकी ग्रहण होली नियतकी उस दिना।
दुर्मुख किया ईंधन लिया पूछे विना रक्खा चुरा,
बैठे गधेपर देख लो मलमूत्र डलवाया बुरा ॥ १० ॥

कर २ प्रसव कु वचन निकाले दुर्जनोंने शर्म तज,
नर, नारियां एकत्र हो फेकें अनेकानेक रज।
कलरव करें पशु, पक्षि सम कुश श्वान वृत्ति धरे बना,
बोलें कवीर अवीरलें दुराचार दर्शक योजना ॥ ११ ॥

करते, करानेको सजे मन्मथ जगे उत्तेजना,
देने, नशे पीने पिलानेको चले तज तज घृणा।
सत्कर्म स्वच्छ सभी इकट्ठे कर चुके होली बना,
त्रण काष्ट सम उपहासकी ज्वाला लगा न करें मना ॥ १२ ॥

मन चले अधम करने ठठोलीं टोलियां तैयार कर,
विचरें नगरके बीचमें उगलें वचन सुन सुन जहर।
नर, नारि वृन्दोंको चढ़े शिशु, सुता अनसमझे, फंसे,
हा! हा! जमाता जननि सन्मुख जगत अंधा हो हंसे ॥ १३ ॥

दुर्नय जलें! दुर्मन जलें! दुर्जन न बन पावे जगत,
होली रची अज्ञान तमके नष्ट करनेको सशक्त।
तैयार हों! तैयार हों! दुर्विचारकी होली जला,
आदर्श जगके सामने रखदें न चढ़ पावे बला ॥ ४ ॥

हमारी वर्तमान दशा और सुधारके उपाय।

(ले० पं० उदयचंदजी लहरी-हरदा।)

૧—દરેક ગામદીઠ તેની જન સંખ્યાના પ્રમાણમાં ૨૫) જન સંખ્યાએ એક પ્રતિનિધિ પંચમાં જે તે ગામના પંચ સમસ્ત ભેગા મળી ચુંટી કાઢવો.

૨-જે ગામની જન સંખ્યા ૨૫ કરતાં ઓછી હોવે તે ગામનો એક પ્રતિનિધિ આવી શકે.

૩-ઉપર મુજબ ચુંટાયલા પ્રતિનિધિઓનું મંડલ તે કાર્યવાહક કમીટી કહેવાશે, અને તેઓ પોતાનામાંથી એક સેક્રેટરી નીમી શકશે.

૪-સેક્રેટરી કમીટીનું દરેક કામકાજ નીહાળશે, અને મીટીંગોની પ્રોસીડીંગ બુક રાખશે અને કમીટીએ કરેલ કાર્યોનો રીપોર્ટ બહાર પાડશે, જેથી પંચના દરેક વ્યક્તિને તેની જાણ થાય.

૫-દરેક ગામના પંચ દીઠ ચુંટાયલા પ્રતિનિધિઓ પોતાના ગામના પંચ સંબંધી જે કાંઇ બાબત રજુ કરવી હશે તે કાર્યવાહક કમીટીમાં રજુ કરી શકશે.

૬-કમીટીનું દરેક કાર્ય વધુ મતે કરવામાં આવશે, પણ કમીટીના ઓછામાં ઓછાં ૩/૪ સભ્યોની બહાલી તે ઠરાવને માટે જોઇએ.

૭-ઉપર દર્શાવેલ કમીટીના મેમ્બરો ઓછામાં ઓછાં ત્રણ વર્ષ માટે કાયમ રહી શકશે, અને તે પછી નવી કમીટીની ચુંટણી કરવામાં આવશે.

૮-પંચમાં જે નાણાં જમા હોય તેની વ્યવસ્થા કરવા માટે એક પેટા કમીટીની નીમણુક કરવી.

ઉપર દર્શાવેલ બંધારણ મ્હને ઠીક લાગે છે, તેમ છતાં કોઇ ભાઇ તે ઉપર પોતાના વીચારો તેમાં સુધારો કરી શકે છે. આશા રાખું છું કે બંધુઓ આ બાબત ઉપર વીચાર કરી એક મત થઇ જરૂર કાર્યપણ કરી કરશે.

લી૦ સમાજ સેવક.

રતિલાલ કે શાહ-ભરૂચ.

———

"સાઠના જીલ્લામાં ઐકયતા"

અત્યંત હર્ષ સાથે જણાવવું પડે છે કે છેલ્લાં આઠ વરસથી દશા હુમડ ભાઇયોના સાઠના જીલ્લામાં જે તડ પડયાં હતાં તે એકત્ર થયાં છે; જે માટે દાંતાના મહારાણા શ્રી. ભવાનીસીંહજી સાહેબને ખાસ અભિનંદન ઘટે છે. ગયા મહા સુદ ૯ના રોજ નવાવાસમાં ધ્વજાદંડ મહોત્સવ હોવાથી તે શુભ પ્રસંગે આ જીલ્લાનાં સર્વે ભાઇ-ઓને આમંત્રણ આપવામાં આવ્યું હતું. નવો-વાસમાં દિગંબર જન મંદીર મસજીદની નજીક-માંજ હોવાથી ત્યાંના મુસલમાનો છેલ્લાં સાઠ વરસથી મંદિર ઉપર ધ્વજાદંડ ચઢાવવા દેતા ન હતા આ બાબત નવોવાસના પંચ મહાજને દાંતાના મહારાણાશ્રીની હજુરમાં ફરીયાદ કરી તેઓશ્રીની ખાસ પરવાનગી મેળવી હતી. આ પ્રસંગે મુસલમાનો તરફથી કંઇ રોકાણ ન થાય તે હેતુથી ના. દાંતા મહારાણાશ્રી પોલીસ ફોર્સ સાથે જાતે હાજર રહ્યા હતા અને મહા સુદ ૧૦ના રોજ ધ્વજાદંડ નિર્વિઘ્ને ફરકાવવામાં આવ્યો હતો, જે માટે નામદાર મહારાણાશ્રીનો જેટલો આભાર માનીએ તેટલો ઓછોજ છે.

વળી હમારા જીલ્લામાં પડેલ તડો એકત્ર કરવા માટે પણ ના. મહારાણાથી છેલ્લા કેટલાક માસથી તક શોધતા હતા જે આ પ્રસંગે મળી. કારણ કે આ પ્રસંગે જીલ્લાના બન્ને પક્ષના ભાઇઓ ઉપસ્થિત હતા. ઘણા ભાઇઓ તો સમા-ધાની માટે ખાસ આતુરજ હતા એટલે જ્યારે ના. મહારાણાશ્રીએ તે માટે ઇશારો કર્યો ત્યારે બન્ને પક્ષોએ કેટલીક વાટાઘાટ બાદ લેખી કબુ-લાત આપી તેઓશ્રીને લવાદ તરીકે નીમ્યા. ના. મહારાણાશ્રીએ બન્ને પક્ષોની દલીલ અત્યંત ધૈર્ય અને શાંતિથી સાંભળી. તે બાદ બીજે દીવસે તેઓશ્રીએ લવાદ તરીકેનો પોતાનો ઠરાવ વાંચી સંભળાવ્યો હતો. આ ઠરાવ લંબાણમાં લખાયેલ

હોવાથી તેમાંથી કેટલાક ઉપયોગી ફકરા હું અત્રે ટાંકીશ.

પેરા (૨)......આ બધી તપાસને અંતે હમોને પુરી ખાત્રી થઇ કે સત્તર જીલ્લાના દશા હુંમડોની જ્ઞાતિમાં બે તડો પડવાનાં કારણ ખાસ મહત્વનાં ન હોઇ બીલકુલ ક્ષુલ્લક અને નજીવાંજ છે. જ્ઞાતિ જનોએ આવાં નજીવાં કારણોને "રાઇનો પર્વત" બનાવી નાહકનું મહત્વ આપી જ્ઞાતિમાં બે સામસામી તડ પાડી માંહોમાંહેનાં સમાજનાં બંધનો શિથિલ કરવાનું પાપ માથે વહોરવું જોઇતું નહોતું. પહેલેથીજ ડાહ્યા, વીચારશીલ અને સમજણા આગેવાનોની શીખામણથી જ્ઞાતિનું તંત્ર ચલાવવામાં આવ્યું હોત તો આજે જે પરિસ્થિતિ ઉત્પન્ન થવા પામી છે તે કદાપિ ન થાત. હમારે ઘણી દીલગીરી સાથે જણાવવું પડે છે કે હીંદુસ્તાનમાં ડાહી ગણાતી ઘણીક કોમની એક જ્ઞાતિએ કેટલાક ઉતાવળીયા તથા ધાંધલીયા લોકોની ખટપટના ભોગ થઇ જ્ઞાતિમાં નકામો વિખવાદ પેદા કરી તેના બે કકડા યાને તડ ઉભા કર્યાં છે. અને તેમ કરી પોતાનાજ પગ પર કુહાડી મારી લેવા જેવુ આ કૃત્ય કર્યું છે.

પેરા (૩).........સમાજ શાસ્ત્ર અને ધર્મશાસ્ત્રની દૃષ્ટિએ જોતા પણ તે હમોને તદ્દન ક્ષુલ્લક લાગે છે......

પેરા (૬)—સમાજ એટલે એક સંયુક્ત તંત્ર. તેને જાળવવા માટે સંધાણની નીતિનો અંગિકાર કર્યેજ છુટકો; નહિ કે ભંગાણની નીતિ. સમાજનું કોઇ અંગ ધીમું યા લુલું પડી જાય અથવા સડવાથી બગડી જાય તો તેનો યોગ્ય ઉપચાર કરી સુધારવુંજ જોઇએ. કાપીને અલગ કરી ફેંકી દેવાથી તો સમાજ ધીમે ધીમે નષ્ટ થવાની અણીએ આવી પહોંચે. સમાજ એટલે અસ્તિતાનો અખંડ વહેતો પ્રવાહ. તે પોતાના દરેક ઘટકને આત્મસાત બનાવી પોતાનામાં મેળવી લે નહિ કે ફેંકી દે.

મુદ્દાઓનો નિર્ણય.

પેરા (૭)—(૧) સત્તર જીલ્લાની દશા હુમડની જ્ઞાતિમાં જે બે તડ પડયાં છે તેનાં કારણો ખાસ મહત્વના નથી.

(૩) સુદાસણાના મી. જેચંદ જેઠાભાઇ દોશી તથા વડેરાબરના મી. જાદવજી ગુલાબચંદ કે જેમના અમુક પ્રકારના વ્યવહાર ઉપરથી જ્ઞાતિમાં બે તડ પડવા પામ્યાં છે તેમાંથી મી. જેચંદ જેઠાભાઇ દોશીએ પોતાની સ્વખુશીથી રૂ. ૪૫૧) ધર્માદા વાપરવાની શરતે આપવાની અરજ કરવાથી તેનો સ્વીકાર કરવામાં આવે છે અને તેવીજ રીતે મી. જાદવજી ગુલાબચંદે પોતાની રાજીખુશીથી રૂ. ૨૫૧) ધર્માદા કાર્યમાં વાપરવા આપ્યા છે, તેનો સ્વીકાર કરવામાં આવે છે.

(૮) સં. ૧૯૮૨ની સાલથી બન્ને તડોવાળાઓને થએલ આવક તથા ખર્ચની વ્યવસ્થા સત્તર જીલ્લાના મહાજને કરવાની છે.

મુ. કેંપ નવોવાસ, તા. ૨૫ માહે જાન્યુઆરી ૧૯૩૪

સહી. ભવાનસિંહજી મહારાણાશ્રી.

સ્વસ્થાન શ્રી દાંતા.

આ ઉપરથી વાંચક વર્ગને સ્પષ્ટ રીતે સમજાશે કે આ જ્ઞાતિમાં નજીવી બાબતને ખોટું મહત્વ આપી નાહકનો વીખવાદ ઉભો થયો હતો. ખરેખર ના. દાંતાના મહારાણા સાહેબે આ તડો એકત્ર કરવા માટે જે મુત્સદ્દીગીરીથી અને કુનેહ ભરી રીતે કામ લીધું છે તેમજ કીંમતી સમયનો ભોગ આપી જે પરિશ્રમ ઉઠાવ્યો છે તે માટે તેઓશ્રીને કોટીવાર ધન્યવાદ ઘટે છે.

લી० મુળચંદ દોશી સેક્રેટરી,

શ્રી. સત્તર જીલ્લા દિગંબર જૈન યુવક મંડળ.

સુદાસણા.

ગુજરાતના દિ. જૈન-બંધુઓને હાકલ.

(લેખક—ડૉ૦ વીરચંદ છગનલાલ શાહ, વસો-હાલ સોનગઢ)

હાલ સારીએ આલમમાં આગળ ધસો, આગળ વધો, પ્રગતિ કરો એજ શબ્દોનો ધ્વનિ પડઘા પાડી રહ્યો છે. અને તેમાં આપણો દેશ, આપણો સમાજ અને આપણી કોમ પણ અપવાદ રૂપ નથી. તેના મંગળાચરણ રૂપ પરિષદો તેમજ યુવક મંડળો દ્વારા અનેક પ્રયત્નો થઇ રહ્યા છે, પરંતુ તેમાં પુરતી સફળતા નહી મળવાનાં અમુક કારણો છે. તેમાં પરસ્પર કુસંપ, કેળવણીનો અભાવ અને ઇર્ષા એ મુખ્ય કારણો છે. આ બધાં કારણોનો વિચાર કરતાં તેનું મૂળ જ્ઞાતિનું અવ્યવસ્થિત તંત્ર હોવાનું માલુમ પડે છે.

આપણાં ચાલુ પંચોમાં બંધારણ જેવું કંઇ હોતું નથી. અને તેને લઇને અમુક માણસો પાસે પટલાઇના નામે સત્તા આવી પડે છે. આવા પટેલીઆઓને બે ભાગમાં વહેંચી શકાય, એક તો કહેવાતા કુલીનો અને બીજા સ્વાર્થી ખટપટીયાઓ. એક ત્રીજો પૈસાદાર વર્ગ છે, જેને તો પ્રસંગ આવે બધા સાથ આપે છે. ઉપરના કુલીનોનો સમુહ સામાન્ય વર્ગ ગણાય છે કે જે ઘણોજ વધારે હોવા છતા પણ તેના પર પટેલીઆઓ પોતાની સત્તા નિરંકુશ પણે ચલાવી શકે છે. એટલે જ્ઞાતિ બહાર મુકવાની, અમુક રૂપિયા દંડ કરવાની સત્તા પોતાની સ્વાર્થ વૃત્તિને લઇને અથવા કહેવાતી કુલીન શાહીના કારણે કે પૈસાના મદને લઇને જેઓની પાસે હોય તેઓ સામાન્ય વર્ગ કે જે તેમના કરતાં સાચો, સરળ, અને વિશેષ જાતિમાન હોવા છતાં, પટેલીઆઓના કાવાદાવામાં ફસાઇ મુંગે મોઢે સહન કરે છે, તેને હેરાન કરે છે. અને પોતે તો જે કરે તે સત્તા અને જે રીતે વર્તે તે નીતિ એમ માની ફુલાય છે, કેમકે એમને કોઇ પુછી શકતું નથી કારણ એઓએ લાગવગ અને ખટપટથી પોતાનો એક સબળ પક્ષ જમાવ્યો હોય છે. તેને લીધે તેઓ આપણા સામાન્ય વર્ગના માણસોને દબાવે છે આપણા સામાન્ય વર્ગને તેમના કાવાદાવાનો ખ્યાલ આવતો નથી એટલે પટેલીઆઓ વધારે ને વધારે ફાવતા જાય છે અને નીતિ અનીતિના નામે આપણને ખૂબ અને ખૂબ ડરાવતા-દબાવતા જાય છે. અને પોતાનો સ્વાર્થ સાધતા જાય છે.

પેલા કહેવાતા કુલીનોને તો એમની તમામ આબરૂ, પ્રતિષ્ઠા અને મળતા માન સાથે કન્યાઓની સગવડ એ બધું જ્ઞાતિના મોટા ભાગને અકુલીન તેમજ સામાન્ય ગણાવીને દબાવી નાખવામાંજ સમાઇ રહે છે. એટલેજ તેઓ આપણાં પ્રગતિના માર્ગોમાં સીધી અથવા આડકતરી રીતે વિઘ્નો નાંખી સંતોષ પામે છે.

માત્ર જન્મના અકસ્માતને કારણે જાતિનો એક માણસ કુલીન અને બીજો વધારે લાયકાતવાળો હોવા છતાં અમુક ગામમાં કે અમુક કુટુંબમાં જન્મવાના કારણે અકુલીન ગણાય તે કયાનો ન્યાય, પરંતુ અનેક વર્ષો સુધી જ્ઞાતિમાં સત્તા ભોગવી પ્રતિષ્ઠા પામી અને સહુને પજવનાર, થોડાં છતા ઘણી લાગવગ અને સત્તાવાળો અને ખટપટમાં પરિપૂર્ણ એવો કુલીન વર્ગ, સામાન્ય વર્ગના તે કુલીનશાહી તોડનારા પ્રગતિના પ્રયત્નોને પસંદ નજ કરે તે સ્વભાવિક છે; કેમકે તેઓએ આખી જ્ઞાતિને, પોતાની આંગળી પર નચાવી, પોતાનો સ્વાર્થ નજ જ્ઞાતિનો સ્વાર્થ મનાવી પોતાનાં કાર્ય સિદ્ધ કર્યા હોય છે, અને તેઓએ પોતાના આમંત્રણથી આખી જ્ઞાતિને બોલાવી અમુક વ્યક્તિ કે કુટુંબને પોતાના ખાનગી સંબંધને લઇ જ્ઞાતિ બહાર મુકાવી શકે અથવા જ્ઞાતિ બહાર હોય તો જ્ઞાતિમાં લઇ શકે એવી સત્તાનો સ્વાદ જેણે ચાખ્યો છે તેઓ આપણા પ્રગતિના કાર્યમાં સાથ કઇ રીતે આપે કેમકે તેમ કરવાની તેમની તમામ સત્તા ઉપર કાપ મુકાય.

કેટલાક જુના વિચારના કુલીન વડીલો પોતાની વયનું તેમજ કુલીનશાહીનું અભિમાન લઇ આપણા ઉત્સાહને અપમાને છે. તેઓ બધી વિદ્યામાં પારંગત હોય, પોતાને થયેલો અનુભવજ સાચો હોય એમ માની આપણી સામાન્ય વર્ગની પ્રગતિ માટેની હોંશ અને ધગશને હમે છે, અવગણે છે અને તીરસ્કારે છે કેમકે તેઓ માને છે કે વૃદ્ધ તરીકે અને ખાસ કરીને કુલીન તરીકે તેમને એ હક આપો આપજ મળેલા છે અને આવી રીતે આપણા પ્રગતિ કાર્યમાં તેઓ અનેક રીતે વિઘ્નો નાખે છે.

'પણ બન્ધુઓ શું તમે તમારી જાતને ગુલામ રાખવા માગો છો? તમારી ભાવી પ્રજાને તે વિના કારણે કુલીનશાહીના ગુલામ બનાવવા માંગો છો ! તમારા નિર્દોષ બાળકોના હજી પણ કુલીનશાહીના યજ્ઞમાં વિના કારણે બલિદાન આપવા માગો છો? જો તમારે તેમજ કરવું હોય તો કરો, પરંતુ યાદ રાખજો કે તેમ કરવાનો તમને જરા પણ હક નથી. તમો જીંદગી તો જાતે કુલીનોના ગુલામ રહો પણ તેથી તમારા નિર્દોષ બાળકોને ગુલામીની ધાણીમાં છુંદી નાંખવાનો તમને કાંઇપણ અધિકાર પ્રાપ્ત થતો નથી. જો તમે આજે નહી માનો તો આવતી કાલે કુલીનશાહીના હાથે અન્યાય પામેલાં બાળકો આવતી કાલના યુવકો અને ભાવી પ્રજા પણ તમારી આ ગુલામી ભાવનાને જરા જેટલુંએ માન આપશે નહી, ના ના માન આપશે નહી એટલુંજ નહી પણ તમે એમને માટે જે ગુલામી રાખી છે તે માટે તમને દુશ્મન માનીને તમારા મૃત્યુ પછી પણ તમારાં નામ યાદ કરીને તમારો તિરસ્કાર કરશે.

માટે બંધુઓ, જ્ઞાતિઓનાં તંત્રને કોઇપણ ઉપાયે વ્યવસ્થિત કરી પ્રગતિ કાર્યમાં એકમત થઇ તમારે માટે તેમજ તમારી ભાવી પ્રજાને માટેના કુલીનશાહીનાં બંધનો તોડી ફગાવી દઈ નિશ્ચિંત બની જ્ઞાતિની તેમજ સમાજની ઉન્નતિ કરો.

શેહરોની ઉત્પત્તિનો

પ્રાચીન પત્ર.

સં. ૧૮૧૫ નાગોર વસ્યો
,, ૧૧૮૫ ફલોદઇ દેશ થયો
,, ૧૬૧૯ માળપુરો વસ્યો
,, ૧૦૮૮ વિમલવસી આબુ ઉપર દહેરાં કરાવ્યાંજી
,, ૧૨૨૩ આબુ સંઘ કાઢયો વસ્તુપાલ તેજપાલજી
,, ૧૨૧૩ જગડુસા થયો
,, ૧૬૨૪ ચાત્રોડપલગે અકબરે
,, ૭૩૧ રાજા ભોજ કિલજેણી થયો
,, ૧૨૧૨ જેસલમેર વસ્યો
,, ૧૫૪૫ વાકાનેર વસ્યો
,, ૬૭૮ અનંગદેવે દલ્લીવાસો
,, ૧૩૭૫ અમદાવાદ વસ્યો
,, ૧૦૧૩ અકબસજાંઇ ચામાનેખ
,, ૨૦૨ અજમેર વસ્યો
,, ૧૪૮૫ કુંભેરાણે કુંભેલમેખ
,, ૧૪૮૯ સોમદેવડે સીવરાઇવાસી
,, ૧૩૬૦ મલોર વસ્યો
,, ૧૬૧ ઉદેપુર વસ્યો
,, ૧૩૧૬ આગરા વસ્યો
,, ૧૧૨૮ મેડતો વસ્યો
,, ૭૮૨ કંઓગેણામ ગયો સવાલવ
,, ૧૫૩૫ જાડો ગાડેળ વસ્યો
,, ૮૯ વૈશાખ સુદ ૧૧ દલાફરી વસ્યા
,, ૧૨૨૯ ચૈત્ર સુદી ૩ ચઉયાણે ચઉયાણ જીત્યા
,, ૧૨૪૮ ચઉહાણ હાયચિકતાવત જીત્યા
,, ૧૨૪૯ હિંદુશકો તરકે કલ્લોલીધા
,, ૧૦૦૧ થારાદ વસ્યો
,, ૧૫૧૧ સંતલપુર વસ્યો.
,, ૧૨૧૧ ભુજનગર વસ્યો
,, ૧૧૦૭ નવોનગર વસ્યો
,, ૧૨૨૪ વીરમગામ વસ્યો
,, ૧૧૧૫ સુરત વસ્યો

સં. ૧૧૭૧ ખંભાત વસ્યો
„ ૯૫૧ ભરૂચ વસ્યો
„ ૯૨૧ ધોળ ધંધુકો વસ્યો
„ ૧૧૨૫ શેર વડોદરા વસ્યો
„ ૧૫૫૪ સમાચંદ્ર વસ્યો
„ ૪૦૭ પાલણપુર વસ્યો
„ ૩૦૩ મુકપુર વસ્યો
„ ૪૪૪ સંખેસરો થયો
ઉજ્જૈની નગરી ચોથા આરાની છે
„ ૮૦૨ પાટણ વસ્યો વનરાજ ચાવડો
„ ૮૦૪ વડનાવસી
„ ૧૨૧૭ મેસાણા વસ્યો
„ ૧૧૫૫ સિદ્ધપુર વસ્યો
„ ૫૫૧ વડનગર વસ્યો
„ ૧૨૨૧ વીસલનગર વસ્યો
„ ૧૩૧૧ મોડાસાવાસી મંડલા કરાનાર
„ ૧૫૧ પાથુર વસ્યો
„ ૭૯૭ વણોદ વસ્યો—વણેલુ
„ ૧૮૬૩ અંવરેલીમઢ વસ્યો

સુરતમાં કુકમમુનિ મહારાજના શ્વેતાંબર જૈન ઉપાશ્રયના શાસ્ત્ર ભંડારમાંનાં એક પ્રાચીન શાસ્ત્ર ઉપરથી.—શા. રતનચંદ ખીમચંદ કાપડિયા.

બોધ વચનો.

સ્વતંત્રતા વિના ધર્મની રક્ષા અશક્ય છે.

માણસની ગૃહસ્થાઇ તેની ભાષામાં સમાયેલી છે.

આત્મા સ્વતંત્ર છે અને મૂળરૂપે સર્વ શક્તિમાન છે.

ખરી નિશાળ અનુભવ છે.

લખનારના પોતાના ચારિત્રની છાપ તેના લખાણમાં પડયાં વગર રહે નહિ.

નિરાશા અને દુઃખથી દબાઇ ન જતાં સંસાર યુદ્ધમાં પ્રસન્ન મને સદા તત્પર રહેનાર ગૃહસ્થ સર્વ વીજયી નીવડે છે.

ભવિષ્યકાળ માટે તૈયારીઓ કરવી અને તૈયારીઓ બરાબર થાય તે માટે પોતાનો વર્તમાન અને ભૂતકાળ બરાબર તીચારવો એ ડાહ્યા પુરૂષોનું પ્રધાન લક્ષણ છે.

અમારો કાશ્મીરનો પ્રવાસ

(લે:—નાગરદાસ નરોતમદાસ સંઘવી, આમોદ)

[અમારી એક કંપનીએ બે વર્ષ ઉપર કાશ્મીરની મુસાફરી કરી હતી જેનું જાણવા યોગ્ય વર્ણન નીચે રજુ કરું છું જે દિગંબર જૈનના વાંચકોને ઉપયોગી થઇ પડશે.]

શ્રીનગર (કાશ્મીર)

રાવલપીંડી સ્ટેશનથી મોટર ગાડીમાં પ્રવેશ કરતાં લગભગ દશ પંદર માઇલનો રસ્તો સપાટ પ્રદેશમાંથી પસાર થાય છે. ચઢતી ચઢતી ટેકરીઓ ઉપર રહીને લગભગ સાત હજાર ફુટની ઉંચાઇએ મરી કેન્ટોન્મેન્ટ આવેલું છે. બધો રસ્તો પહાડી હોવા છતાં રસાલ હોવાથી જાતજાતની ઝાડીથી ભરપુર છે. ઠેકાણે ઠેકાણે પહાડોમાં વહેતાં પાણીનાં ઝરણાં ખેતીના કામકાજમાં બહુ ઉપયોગી થાય છે. જયાં, જયાં સ્હેજ પણ ખેતી કરવા જેવી જમીન મળી ત્યાં, ત્યાં પહાડી ખેડુતોએ ડાંગર અને મકાઇનાં ખેતી કરી છે. આ ખેતરોનો દેખાવ રસ્તા ઉપરથી મોટરમાં જતા જાણે ચઢતા ઉતરતા પગથીઆંવાળા બાગ બનાવ્યા હોય એવો દેખાય છે. પહાડની ટોચેથી છેક ખીણના ઉંડામાં ઉંડા ભાગ સુધીનો આ સુંદર દેખાવ અચુક ચિત્તાકર્ષક અને આનંદદાયી છે.

પહાડીમાં મ્હોટે ભાગે મુસલમાનોની વસ્તિ છે. રસ્તામાં, નાના નાના ગામ અને તેની સાથે ખાવાપીવાની વસ્તુઓ મળે એવી દુકાનો આવે છે. લગભગ બધાય હિંદુ મુસલમાન માંસાહારી છે. દુધની છુટ સારી છે. દરેક કંદોઇની દુકાને મીઠાઇ સાથે ગરમ દુધ વેચાતું મળે છે.

અહીંની ઉંચી પહાડી જગ્યામાં યુરોપીઅન લશ્કરી ઓફીસરના બંગલાઓ ઠેકાણે, ઠેકાણે બાંધેલા છે. હવાખાવા આવનાર ગૃહસ્થોના પણ ઘણાં બંગલાઓ છે. ગોરા લશ્કરની છાવણી પણ ત્યાંજ

છે. સ્વભાવીક ઠંડકવાળી અને રૂમાળ ઝાડવાળી જગ્યામાં યુરોપીઅન લોકો પોતાના દેશને અનુકુળ વાતાવરણ અહિં મેળવી શકે છે. અહીંથી લગભગ ચાર પાંચ માઇલના વીસ્તારમાં એ લોકોનો વસવાટ છે.

મરી છોડયા પછી કોહલા નામના ગામ આગળ બ્રીટીશ હદ પુરી થાય છે અને કાશ્મીરના રાજ્યની હદ શરૂ થાય છે. મરી છોડયાને થોડા માઇલ ગયા પછી જેલમ નદિ, રસ્તાની નીચે વહેતી જણાય છે તેને ઓળંગીને જવાને કોહલા આગળ પુલ બાંધેલો છે તે સને ૧૯૨૮માં તુટી જવાથી અહિં આગળ મોટરોમાં ઉતરી બીજી મોટરોમાં બેસવું પડે છે. માલ ભરીને જતી મોટરોમાંથી માલ ખાલી કરી સામી બાજુ ઉભેલી મોટરોમાં ભરવામાં આવે છે. દર માણસ દીઠ રૂ. ૦–૬–૦ લેખે ટોલ અહિં લેવામાં આવે છે. મજુરો પાસેથી પણ દરેક વખતે ભાર લઇને આવજા કરે તે વખતે દરેક વારે રૂા. ૦–૦–૩ પાઇ લેવામાં આવે છે. રાવળપીંડીથી શ્રીનગર જતા ઉતારૂઓનો ટોલ કાશ્મીર અને જમુની સરકાર લે છે. અને પાછા વળતાં બ્રીટીશ સરકાર ટોલ વસુલ કરે છે, રાત રહેવા માટે રસ્તામાં ઘણે ઠેકાણે બંગલાઓ બાંધેલા છે. યુરોપીઅન લોકોની સગવડ સાચવવા માટે આ બંગલાઓ હોય છે. તેમાં બીજા ઉતારૂઓને પણ દરરોજના રૂ. ૦–૮–૦ થી રૂ. ૧–૦–૦ સુધીનું ભાડું લઇ રહેવા દેવામાં આવે છે. બંગલાના દરેક ઓરડામાં બે ખુરશી ટેબલ, એક આરામ ખુરશી, પાટી ભરેલો ખાટલો, અને એક મોટી શેત્રંજી અને ડ્રેસીંગ રૂમમાં ટેબલ અને એક મોટો આરસો તેની સાથે બાજુની નાની ઓરડીમાં પાણીની સગવડ તથા પ્રીવી જવા માટે સ્ટુલ વગેરેની વ્યવસ્થા હોય છે.

કોહલા મુકયા પછી દુમેળ નામનું ગામ આવે છે. તે ગામ મ્હોટું છે. અહિંયા કીશનગંગા તથા જેલમ એ, બે નદિઓનો સંગમ થતો હોવાથી એ ગામનું નામ દુમેલ પડયું છે. ગામમાં જવા માટે સંગમ આગલ નદિ ઉપર મજબુત લોખંડનો પુલ બંધાઇ રહયો છે. ત્યાંથી આગળ ચાલતાં ચખાર, બારામુલા વગેરે મ્હોટાં ગામ છે. એ બધે રસ્તે દેખાવ એક સરખો સુંદર છે. જયાં જુવો ત્યાં લીલી હરીયાળી ઝાડી અને ઠંડી, ઉંડી ખીણોના કીનારાના અડોઅડ રહીને મોટરગાડી પસાર થાય છે. રસ્તામાં નાના મોટા અસંખ્ય વાંક આવે છે. ડ્રાઇવરો ઘણા હુશીઆર અને કાબેલ ન હોય તો દરેક પળે ભય અને જોખમ ઝઝુમી રહેલું લાગે છે. જેલમ નદિ તો લગભગ શ્રીનગર સુધી સાથે ને સાથેજ પત્થરવાળી ખીણોમાં ખડખડ અવાજ કરતી વહે છે. રસ્તામાં ઝરણનાં પાણીને નળમાં ઉતારી જ્યાં ત્યાં રસ્તા ઉપર પાણી મળે એવી સવડ કરવામાં આવી છે. ઘોષા અને સફરજનની નાની નાની વાડીઓ ઘણા લોકો રાખે છે. તે ફળોની પેટીઓ ભરીને રાવળપીંડી મારફતે બહારગામ મોકલવામાં આવે છે.

બપોરના એક બે વાગે રાવળપીંડીથી ઉપડેલી મોટરકારને એક રાત રસ્તામાં ગાળવી પડે છે. રસ્તાની ભયંકરતાને લીધે સાત વાગ્યા પછી ભાર ભરેલી મોટર ચલાવવાની સખ્ત મનાઈ છે. પોલીસ ચોકીનો બંદોબસ્ત ઘણો સારો છે. જંગલી પ્રાણીઓનો ભય બીલકુલ નથી. આખા રસ્તે લગભગ પોષ, મહા માસના જેવી ઠંડી લાગે છે.

શ્રીનગર સપાટ જમીન ઉપર આવેલું છે. આગળ પાછળ ઉંચા ઉંચા પહાડો છે. શહેરમાં જેલમ નદીની નહેર એવી સરસ અને વાળવામાં આવી છે કે દરેક ભાગમાં એ નહેરનો લાભ મળે છે. બધા ભાગમાં એક બાજુએથી સામી બાજુ જવાને નાની હોડીઓ (શકારા)નો ઉપયોગ કરી શકાય છે. લગભગ બધા ભાગોમાં હોડીઓમાં

પાંચ સાત ઓરડાવાળાં ઘર બાંધવામાં આવેલાં છે. બધા ઓરડા યુરોપીઅન ફેશનમાં શણગારેલા હોય છે. દીવાનખાનું, સુવાનો, નાહવાનો, ખાવા કરવાનો વગેરે દરેક જુદા જુદા ઓરડાઓ દરેક પ્રકારનાં સાધન સાથે તૈયાર ભાડે મળે છે લગભગ બે ત્રણ હજાર એવાં મકાનો નદીઓ અને દાલ સરોવરમાં તરતાં ઠેકાણે ઠેકાણે નજરે પડે છે. દરેક મકાનનું ભાડું રોજ ઉપર ઠરાવવામાં આવે છે. સાથે સીકારાની સગવડ ફ્રી આપવામાં આવે છે.

દાલ સરોવરમાંથી નહેરમાં પાણી વાળવા માટે દરવાજો બાંધવામાં આવ્યો છે. તે દરવાજામાંથી જોઈતું પાણી લેવામાં આવે છે. પાણી વધી જાય તો, દરવાજા બંધ કરવામાં આવે છે. નહેરમાંથી દરવાજા બાંધી બીજા પણ નાના કાંટામાં પાણી લેવામાં આવ્યાં છે. સામી પાર શહેરમાં જવા માટે કેટલીએક જગ્યા ઉપર પાકા પુલ પણ બાંધવામાં આવેલા છે. શહેરની પૂર્વ દિશાએ, દાલ સરોવર આવેલું છે. આગળ પાછળ આવેલા ઉંચા પહાડોનાં ઝરણોથી એ સરોવર હમેશ કુદરતી અને ભરાએલુંજ રહે છે. સરોવરમાં સુંદર કમળો થાય છે. કેટલેક ઠેકાણે પાણી ઉપર તરતા કુદરતી રેશાની જમીન બંધાએલી છે, તેના ઉપર સકરટેટી, તરબુચ વગેરે જાતના ફળ ઉછેરવામાં આવે છે. સરોવર વિશાળ અને નૌકા ગૃહોથી ભરપુર છે. દેશદેશના લોકો સહકુટુંબ નૌકાગૃહોમાં આવી રહે છે, અને મોજ ઉડાવે છે. ખાવું પીવું અને અહિં તહીં ફરવું એજ માત્ર કાર્ય—મસગુલ રહી; એક બે માસ ઓગષ્ટ અને સપ્ટેમ્બર અને ઉનાળામાં મે, જુન દરમ્યાન રહે છે. એ ચાર માસની અત્રે સીઝન ગણાઈ છે. દાલ સરોવરના કાંઠા ઉપર શહેરથી લગભગ પાંચ માઈલ દૂર મ્હોટા પહાડોના ખોળામાં નિષાદ નામનો બાગ આવેલો છે. જેમાં દર રવીવારે ફુવારા છોડવામાં આવે છે. સાત ચડતા ઉતરતા ફુવારાના માળ ગોઠવવામાં આવ્યા છે.

દરેક માળમાં ચડતી ઉતરતી સંખ્યામાં ફુવારા ઉડે છે. હરવન નામના પહાડી ઝરાના પાણીથી ભરેલા તળાવમાંથી ઝપાટાબંધ પાણી આવે છે. જ્યાંથી શહેરને પાણી પુરૂં પાડવામાં આવે છે. આ પાણીનું વહેણ નિષાદ અને શાલીપેર બાગમાં વાળવામાં આવ્યું છે. ઉછાળા મારતું ધોધમાર આવતું પાણી બાગમાં ચણીને તૈયાર કરેલી નહેર ને કુંડમાં થઈને બાગના મધ્ય ભાગમાંથી પસાર કરવામાં આવે છે આગળ પાછળ જાત જાતનાં રંગનાં સુંદર ફુલઝાડોની ક્યારીઓ બાંધવામાં આવી છે જેમાં રહીને નિયમીત ઉડતા ફુવારા ઘણા રમણીય દેખાય છે. સંધ્યાકાળે આ રમણીય સ્થાનની મોજ ઉડાવવા સેંકડો યુરોપીઅન અને દેશી સ્ત્રી પુરૂષો, ટાંગા અને મોટરોમાં બેસી આવે છે. નૌકા ગૃહોમાં રહેતા ગૃહસ્થો સીકારામાં બેસીને ત્યાં આવે છે. બાગની અંદર પ્રવેશ કરવાની ફી દર માણસ દીઠ રૂ. ૦—૪—૦ લેવામાં આવે છે ત્યાંથી બે માઈલના છેટે શાલમેર નામનો બાગ આવેલો છે. આ બાગ નિષાદ કરતાં ઘણો મ્હોટો અને વીશાળ દેખાય છે, આમાં પણ ફુવારાની રચના કાંઈક જુદાજ પ્રકારની છે ઉંચેથી જુદા જુદા આકાર પડથાર ઉપરથી પડતા પાણીના ધોધમાં જુદા જુદા આકારનાં કુંડાળાં જોવાથી ખુબ મજા પડે છે. શાલમેર કરતાં નિષાદના ફુવારા ઉંચાઈમાં ઓછા ઉડે છે રમણીયતામાં નિષાદ કરતાં શાલમેર ચડે એમ છે

ત્યાંથી બે માઈલ છેટે ઉપર જણાવેલ હરવનું પહાડી તળાવ છે તળાવ કુદરતી રીતે નિર્મળ અને ઉંડા પાણીથી ભરેલું છે.

શ્રીનગરથી ૫૦ માઈલને છેટે ગુલમર્ગનો પહાડ અને સાઠ માઈલને છેટે પહેલગામ અને ત્યાંથી અંબર નાથના પહાડી રસ્તો ખાસ જોવા જેવી જગ્યાઓ છે, આ સ્થળો જોવા જવા માટે દરરોજ મોટર લોરીઓ જાય છે. અંબરનાથ ઉપર બરફ જામી ગએલો હોવાથી સપ્ટેમ્બર માસની આખરમાં ત્યાં જઈ શકાતું નથી.

(અપૂર્ણ.)

मनन करने योग्य।

[लेखक-श्रीयुत ताराचंद पांड्या।]

१-सच्चा ज्ञान सब धर्मोंकी कुञ्जी है, सत्य सब जगह विद्यमान है, किन्तु भिन्न२ स्वरूपोंमें सच्चा ज्ञान हमें उस सत्यको खोजनेकी दृष्टि देता है। संसारमें कोई वस्तु मिथ्या नहीं है, केवल हम ही उस वस्तुको मिथ्या दृष्टिकोणसे देखनेकी गलती करते हैं। सच्चा ज्ञान हमें प्रत्येक वस्तुको सच्चे दृष्टिकोणसे देखने योग्य बनाता है।

२-देवमें अन्ध विश्वास, गुरुमें अन्ध विश्वास, धर्म या मतमें अन्ध विश्वास, इनका नाश सत्यके मंदिरमें प्रवेश करनेका प्रथम सोपान है।

३-अपनी वास्तविकतासे च्युत होना ही पाप है; और जो हमें शान्ति, स्वाधीनता और हमारी अन्तर्प्रकृतिकी ओर लेजाता है वही धर्म है।

४-अपने सुखका अपनेसे विजातीय और स्वतंत्र वस्तुओंपर आश्रित होना ही 'इच्छा' है....दूसरे शब्दोंमें हम इसे 'दुःख' कह सकते हैं। इच्छा हीनता, स्वाधीनता और शान्ति एक ही वस्तुके नाम हैं।

५-'अहिंसा' पूर्णता है-क्योंकि पूर्ण व्यक्ति ही अपने आपमें पूर्ण होनेसे न किसीको दुःख देती है और न किसीसे दुःखित ही होती है।

६-'त्याग' प्रेमका संकोचन नहीं अपितु विस्तार है। ओ झूठे प्रेमी! तू जिसे तेरा 'प्रेम' कहता है वह केवल कुछ वस्तुओंकी कुछ अवस्थाओंके प्रति एक क्षणजीवी आकर्षण है। 'प्रेम' के इस पक्षपातका त्याग कर फिर देख कि तेरा 'प्रेम' सब वस्तुओंको सब अवस्थाओंमें सदा आलिङ्गन करता है।

७-सच्चे प्रेमीके लिये सब वस्तुएं सुन्दर हैं, उसके लिये असौंदर्यका अस्तित्व कहीं है ही नहीं!

८-वस्तुओंसे नहीं बल्कि उनके सम्बंधमें तेरे ज्ञानसे तू प्रेम या घृणा करता है। अतः किसी वस्तुके प्रति प्रेमभाव या घृणाभाव प्रदर्शित करनेमें तू अपने पर ही प्रेम या घृणा प्रदर्शित करता है!

९-अपनी आत्मासे प्रेमकर और तू सारे विश्वसे प्रेम करेगा, क्योंकि तू स्वयं ही सारे विश्वका ज्ञान है।

१०-अपनी आत्मासे प्रेम कर, अपनेको पहिचान और जैसा तू है वैसा बन जा-यही पूर्णत्वको प्राप्त करनेका मार्ग है। जिस क्षण तू पूर्ण रूपसे अपने आपसे एक होजायगा उसी क्षण तू सर्वज्ञ है- मुक्त है, हां, साक्षात् प्रभु है।

ओ अहंकारी! केवल तू अपने वास्तविक 'अहं' को जानले और देख तेरे इस 'अभिमान' की महात्मागण प्रतिस्पर्धा करेंगे। ओ स्वार्थी मनुष्य! अपने सच्चे 'स्व' को जान और फिर देख कि तेरा यह 'स्वार्थ' ही 'निस्वार्थपन' का आदर्श बनजाता है।

११-शोक, द्वेष, वेदना, भय और इसी प्रकारकी अन्य बुराइयां तेरी ही कल्पनाकी सृष्टि है-तो फिर तू इनके लिये दूसरोंको क्यों दोष देता है?

१२-तू तेरे संसारका स्वयं सृष्टा, पालनकर्ता और संहर्ता है, और तेरा संसार क्या है? तेरी भावनाएं, तेरे विचार, तेरी इच्छाएं और बाह्य वस्तुओंके सम्बन्धकी तेरी कल्पनाएं।

१३-परिवर्तन और स्थिरता सत् है जो कि 'हरि, हर और ब्रह्मा' इन तीन रूपोंमें विदित होता है। 'हरि 'स्थैर्य' है, 'हर' पूर्व अवस्थाका नाश है और 'ब्रह्मा' नवीन अवस्थाका सर्जन है। ये तीनों साथ २ काम करते हैं और साथ २ अस्तित्व बनाये रखते हैं-अनन्त हैं, सर्व व्यापी हैं, सारे ब्रह्मांडका कारण अन्त और अस्तित्व हैं-स्वयं सारा ब्रह्माण्ड ही हैं।[१]

१-ईश्वरलाल 'रत्नाकर' द्वारा अनुवादित।

विज्ञान और जैन धर्मकी तुलना।

(लेखक-पं० महेन्द्रसिंह न्यायतीर्थ वैद्यभिषग् विशारद-बड़नगर)

जीवनका वायु और श्वासोच्छ्वाससे संबंध।

वैज्ञानिकोंका मत है कि "वायुका हमारे जीवनसे घनिष्ट सम्बंध है, क्योंकि वायुके विना हम श्वास (सांस) नहीं ले सकते और श्वासके बिना हमारा जीवन नहीं हो सकता। अतः स्पष्ट ज्ञात होता है कि वायुपरे हमारा जीवन निर्भर है। किन्तु स्वास्थ्यके लिये शुद्ध वायुकी विशेष आवश्यकता है। यहांतक कि स्वच्छ वायुके विना जीवित नहीं रह सकते। इसके लिये कलकत्ताकी कालकोठरीका स्पष्ट उदाहरण है। कलकत्तामें १९ फुट चौड़े और १८ फुट लम्बे एक छोटेसे कमरेमें रात्रिके समय १४९ मनुष्य बंद कर दिये गये थे। प्रातःकाल किवाड़ खोलनेपर २३ मनुष्य जीवित निकले शेष १२२ मनुष्य मर चुके थे। किसी अन्य समय एक जहाज किसी कारणवश तूफानमें आगया। उसके कप्तानने मुसाफिरोंकी रक्षाके लिये १५० आदमियोंको जहाजकी एक कोठरीमें बंद कर दिया। तूफान समाप्त होनेपर कोठरीका दरवाजा खोला गया तो केवल ७० मनुष्य जीवित थे, बाकी ८० मनुष्य मर गये थे।

इन दोनों घटनाओंका कारण एक किस्मका पदार्थ है जो मनुष्यकी सांसमें पाया जाता है। वायुमें इसकी मात्रा अधिक होनेपर मनुष्य एकदम मर जाता है। इसको (Carbonic acid gas) कारबोनिक एसिड गेस कहते हैं। सामान्य वायुमें इसका परिणाम १०००० भाग। सामान्य वायुमें ४ भाग (Carbonic acid gas) कारबोनिक एसिड गेस होता है। लेकिन श्वासके द्वारा जो वायु निकाली जाती है उसमें इसका परिणाम १०००० भागमें ४४० होता है। इससे माछम होता है कि प्रश्वास वायु बहुत हानिकारक है।

वैज्ञानिकोंने अग्निके सिवाय पृथ्वी, जल और वायुको पुद्गल (Matter) माना है। इनमें पुद्गलपना सिद्ध करनेके लिये (रूप रस गंध स्पर्श और भारीपन) कारण बताये हैं। विषयान्तर होनेसे अन्य समयमें इसकी मीमांसा की जायगी।

जैनमत–में " वायुस्तावत् रूपादिमान् स्पर्शवत्वात् घटादिवत् " तत्वार्थराजवार्तिक पृष्ट नं० १९५ अ० ५ में लिखा है कि (भावार्थ) वायु भी रूपादि वाली हैं क्योंकि वायुका स्पर्श होता है–जैसे घटादिका रूप स्पर्शन इंद्रियसे स्पृष्ट (छुआ) जाता है, उसी प्रकार वायुका भी ज्ञान होता है। इस लिये उसके सहभावी रस, गंध आदि अवश्य हैं। इससे वायुको पुद्गलपनाकी सिद्धि होजाने पर उसके उपकारका वर्णन तत्वार्थसूत्रमें इस प्रकार किया है।

" शरीर वाङ्मनः प्राणापानाः पुद्गलानाम् "

भावार्थ–शरीर, मन, वचन और श्वास उच्छ्वास ये पुद्गलोंके उपकार हैं। जैन मतमें दश प्राण माने गये हैं जो कि जीवनके आधारभूत होते हुए बाह्य ज्ञापक हैं। जिन अभ्यंतर कारणोंसे जीव जीते हैं उन्हें प्राण बताया है। (गोमटसार जीवकांड)

वाहिर पाणेहिं जहां तहेव अभ्यंतरेहिं पाणेहिं।
पाणंति जेहिं जीवा पाणा ते होंति णिद्दिट्ठा॥

भावार्थ–जिस प्रकार अभ्यंतर प्राणोंके कार्यभूत नेत्रोंका मूंदना, खोलना, वचन, उच्छ्वास

निःश्वास होते हैं, उसही प्रकार जिन अभ्यन्तर कारणोंसे जीव जीते हैं उन्हें प्राण कहते हैं। इस प्रसंगमें केवल श्वासोच्छ्वास पर विचार करते हैं। श्वासोच्छ्वासकी प्रत्येक प्राणीको आवश्यक्ता होती है। यहांतक कि जैन मतमें एकेन्द्रियके भी चार प्राण बतलाये हैं जिनमें श्वासोच्छ्वास भी है। इसलिये वे भी पवन आदिका ग्रहण करते हैं और छोडते हैं। यानि एकेन्द्रियसे लेकर पंचेन्द्रिय जीवोंके पर्यंत श्वासोच्छ्वास पाया जाता है और उसके रहने पर ही वैद्य डाक्टर आदि जीवनका ज्ञान करते हैं। इस प्रकार जीवनका वायुसे घनिष्ट सम्बन्ध सिद्ध हो जाता है।

दूसरा स्वच्छ वायु स्वास्थ्य वर्द्धक है किन्तु (Carbonic acidgas) कारबोनिक एसिड गेस यानी उच्छ्वास "कोष्ठ्यो वायुरुच्छ्वास लक्षणः" अर्थात् जो वायु भीतर खींचीथी उसके निकालनेको उच्छ्वास कहते हैं। वह वायु अवश्य भीतरके अशुचि रक्त आदि वस्तुके सम्बन्धसे अशुद्ध हो जाती है जो कि स्वास्थ्यके लिये हानिकारक है तथा पुद्गलके बीस गुणोंमें सुगंध दुर्गंध भी गुण पाये जाते हैं। अतः बाह्यकी वायुमें अशुद्ध वस्तुओंसे संसर्ग होनेपर वे स्वास्थ्यके लिये लाभदायक होती हैं। इसीलिये बगीचा जंगल स्वच्छ वायु जीवनके लिये हितकर होती है और बन्द मकानकी वायुसेवन, नजदीक शयन आदि हानिकारक बताये हैं।

तम्बाकूके दोष।

माया तमाकूकी अटल, संसार भरमें छारही।
सब लोग उसके भक्त हैं, विषवेलि बढती जारही॥
कोई इसे है खा रहा, कोई इसे है पी रहा।
सबके लिये क्या है अमृत इससे जगत है जीरहा॥१॥
छोटी बड़ी सब जातियां, इसके पडी हैं फन्दमें।
चढ़ती चिलम दिन रात है, पीते बडे आनन्दमें॥
इसमें "निकोटिन" नामका रहता गरल जो है बसा।
वह धूमके द्वारा हृदयको, पूरकर करता नशा॥२॥
अभ्यास इसका डालना, है हानिकारक भी महा।
दम और खांसी आदिका, सामान बढता जारहा॥
मन्दाग्नि है रहती सदा, मल शुद्ध होता है नहीं!
है फूलता जब पेट है, तब दर्द फिर खोता नहीं॥३॥
मरते अनेकों जीव हैं गुड और शीरामें पडे।
मिट्टी तथा गर्दा मिले, जो हानिकारक हैं बडे॥
जूंठी चिलम सब लोग हैं, पीते परस्पर प्रेमसे।
क्या धर्म बाकी रह गया, ऐसे निराले नेमसे॥४॥
खाना तमाकूका भला, कैसा बुरा अभ्यास है।
फिरते पसारे हाथ हैं, रहती नहीं जब पास है॥
बेचैन ऐसे होरहे, मिलती तमाकू जब नहीं।
मानों अखिल संसारमें, सुख और कोई है नहीं॥५॥
मुखमें तमाकू हैं भरे, बस थूकनेकी फिक्र है।
है नीरसे भरता बदन, सुनते जहाँ पर जिक्र है॥
रस पेटमें इसका गये, होने वमन लगती अहो।
ऐसी विषैली चीजको, क्यों आप खाते हैं कहो॥६॥
कुछ लोग सुँघनी रूपमें, हैं नासिकामें भर रहे।
चैतन्य अपने चित्तको, इस भांति सोचे कर रहे॥
है ज्योति नेत्रोंकी अहो? इससे जवानीमें गई।
हो "पायरिया" भी दंतमें है कोसमें एनक नई॥७॥
बरबाद अपने हो चुके, सन्तान भी बरबाद है।
हैं सीखते सब प्रेमसे, इसमें धरा क्या स्वाद है?॥
जबतक न संयमपर चलो, क्या देशका उद्धार है।
संयम हमारा धर्म है, यह एक उन्नतिद्वार है॥८॥

"वैद्य"

जैन समाज और बेकारी।

[ले-०श्री० बंशीलाल पाटनी–नांदगांव।]

आर्थिक परिस्थिति।

देश व समाजकी दरिद्रता या बेकारी आज सुज्ञ समाजके लिए एक विचार-प्राप्त विषय होगया है। किसी समय साहू या धनाढ्य माने जानेवाली जैन समाज जिस शीघ्रतासे बेकारीकी ओर झुक रही है, उसे देख यह शंका हो उठती है कि जैन समाजका नामोनिशान कहीं दुनियासे उठ न जाय। क्योंकि जैसे प्रायः धनहीन या दरिद्रताके कारण एक कुटुम्बका सर्वनाश होनेमें देर नहीं लगती, उसी प्रकार यदि धनहीन समाजका उसकी बेकारीके कारण कालान्तरमें किन्तु शीघ्र लोप होजाय तो इसमें कोई आश्चर्यकी बात नहीं। जैन समाजकी आर्थिक परिस्थितिका यदि सूक्ष्म अवलोकन किया जाय तो यह सहज ही पता लग सकता है कि हमारे कितने ही भाई बेकारीके कारण अर्धपेट भोजन कर अपना समय कितने कठिनताके साथ बिता रहे हैं।

यद्यपि हमको अभीतक वह अवस्था प्राप्त नहीं हुई है, जिससे कि हमको अन्य समाजका या किसी अन्यछत्रकी शरण लेनी पड़े। परन्तु यदि यही अवस्था कुछ काल तक और बनी रही या समय रहते बेकारीको हटानेका उपाय जोरशोरसे नहीं किया गया तो वह समय दूर नहीं है कि हम अपने ही भाइयोंको अन्य समाजके द्वारपर बिलखते हुए या भीख मांगते हुए पाएंगे।

लक्ष्मी पुत्रोंकी भरमार।

यह हर्षका विषय है कि अभी भी जैनसमाजमें लक्ष्मी–पुत्रोंकी कुछ कमी नहीं है। इन लक्ष्मी–पुत्रोंके कारण ही जैनधर्मका अस्तित्व आज टिका हुआ है। हर वर्ष कहीं न कहीं बड़ी २ प्रतिष्ठाएं मेले ठेले, सभाएं इत्यादि कराकर जैनधर्मकी प्रभावना होती रहती है। परन्तु इतने मात्रसे यह नहीं माना जासकता कि जैन समाज सुखी है। लक्ष्मी–पुत्रोंके द्वारा लाखों रुपयेकी रेलछेल हरवर्ष हुआ करती है। परन्तु उन्हींके पड़ोसियोंकी भी क्या हालत है? वे लोग किस तरह दुःखमय अवस्थामें अपने जिंदगीके दिन काट रहे हैं? इस ओर हमारे लक्ष्मी–पुत्रोंका ध्यान आकर्षित नहीं होता यह खेदकी बात है। किसी लेखकने लिखा है कि–'यदि हम अपना अस्तित्व, मान और प्रतिष्ठाके साथ कायम रखना चाहिते हैं तो हमें अपने पड़ोसियोंकी (दिनबन्धुओंकी) उन्नति अवनतिका ध्यान अवश्य रखना चाहिए।' कहना नहीं होगा कि जबतक उन दिनबन्धुओंकी सहायता धनाढ्योंकी संपत्तिसे नहीं हो पाती–तबतक धनवानोंकी धनाढ्यता कौड़ी कीमतकी भी नहीं। अर्थात् वह अधिक समय तक टिकनेकी पात्र नहीं।

बेकारोंके लिये आवश्यक्ता।

हमारी समाजमें बेकारीका साम्राज्य अधिकाधिक बढ़ता जारहा है। कई भाई दानोंके लिए तरसते फिरते फिरते हैं। उन्हें पेटभर खानेको नहीं मिलता। घरमें गृहिणी व बालबच्चे भूखों मरते हैं। दरिद्रताके कारण रोग और मृत्यु उनके घरके मेहमान हैं। इसका कारण आप कह सकते हैं–उनकी आलस्यता या मेहनतकी कमी है? नहीं! नहीं!! इसका कारण उनकी आलस्यता या मेहनतकी कमी नहीं है। कमी है केवल कामकी व पूंजीकी। हमारी समाजमें ऐसे

सैंकडों सुशिक्षित नव युवक या घराने मिलेंगे, जो कि सब प्रकारकी कला कुशलता, व्यवसाय चातुरी एवं योग्यता रखते हैं। परंतु फिर भी उन्हें दारिद्र्यमें समय काटना पड़ता है। इसका कारण वे पूंजीके अभावमें अपनी योग्यता प्रगट नहीं कर सकते। भला, अपनी समाजमें ऐसे होनहार बेकार बन्धुओंके लिये अन्य समाजकी तरह ऐसा कोई फण्ड या मार्ग नहीं खुलाकर रखा है कि जिसमेंसे अपने व्यवसायके लिये उचित वापिसी मदद लेकर वे अपने कला कौशल्यके विकाशमें या व्यवसाय वृद्धिमें लगकर अपनी स्वतंत्र आजीविका कर सकें। इस विषयमें अन्य जातियोंकी उदारता अनुकरणीय है। हम भी समाजके पूंजी-पति जैसे-श्री० सर सेठ हुकुमचन्दजी इंदौर, श्री० सेठ भागचन्दजी अजमेर, श्रीमान् सेठ लालचन्दजी सेठी झालरापाटन, श्री० रा० ब० लाला हुलासरायजी सहारनपुर, श्री धर्मवीर सेठ रावजी सखाराम दोशी सोलापुर, श्री० सेठ चैनसुखजी गंभीरमलजी कलकत्ता आदि महानुभावोंसे सानुरोध निवेदन करेंगे कि वे भी हमारी जैन समाजमें शीघ्रही एक ऐसे विशाल 'बंधु-सहायक-फंड' की योजना करें, जिसके द्वारा हमारे असमर्थ भाइयोंको मदद की जासके, ताकि समाजमेंसे बेकारीका समूल उच्चाटन होजावे।

भाग्यके भरोसे न रहो।

अकसर करके हमारी समाजमें कई महाशय ऐसे हैं जो केवल भाग्यके भरोसे या ईश्वरेच्छापर विना व्यवसायके बैठे रहते हैं। उनकी पूंजीका लाभ न तो वे स्वयं उठाते हैं और न अपने बेकार दीन-बंधुओंकी सहायतार्थ ही लगाते हैं। वे मात्र 'Eat merry and enjoy' खाओ, पीओ और मजा उडाओके सिद्धांत! में मस्त होजाते हैं। इन लोगोंकी इस तरहकी वृत्ति समाजमें बेकारी-वृद्धिकी कारण पड़ती है व देश व समाजको अवनतिके गहरे खड्डेमें ढकेल देती है। ऐसे लोगोंको समयपर सावधान होकर व्यवसाय मार्गमें लगना जाहिये।

वाणिज्य वृद्धिकी आवश्यकता।

हमारी समाजके श्रीमान् लोग अपनेको बड़ा व्यापारी समझ खुशीमें खुर्राटें भरा करते हैं। वे नये नये धन्दे, कला, कारखाने खोलकर अपनी सर्वांगण उन्नति करना नहीं जानते। इस विषयमें समाज श्रीमानोंको विलायतवालोंका अनुकरण करना चाहिये। विलायतवाले अपने २ व्यापारमें शीघ्र ही उन्नति कर लेते हैं। इसका कारण वे जिस किसी कार्यको उठाते हैं, उसे पूर्ण उत्साहके साथ करते हैं। वे भाग्यके भरोसे बैठ रहना पसंद नहीं करते। न वे सबके सब किसी एक ही मार्गकी ओर नहीं दौड़ते। जैसा कि अकसर हमारे व्यापारी लोग किया करते हैं। हम लोग केवल वाणिज्यमें ही अपनेको लगा लेते हैं।

परिणाम यह होता है कि सबका एक ही मार्ग होनेसे कोई भी अपनी आर्थिक उन्नति नहीं कर पाता, क्योंकि हरएक दूसरेको गिरानेकी चेष्टा किया करता है। फल स्वरूप सबको ही अपने व्यवसायमें बेकारीका अनुभव होने लगता है। एतावता समाजके श्रीमानोंको चाहिए कि वे अपनी समाजमें नये २ धंधे २ कला कारखाने कंपनियो इत्यादि खोलकर समाजमें उद्योग कला व ऐश्वर्यकी वृद्धि करे। इस तरहका मार्ग स्वीकार करनेसे हम दो तरहसे फायदा उठा सकते हैं। अर्थात् खोले गये, नये २ व्यवसायोंमें हम अपने ही सुयोग्य बेकार भाइयोंको कामपर रख सकते हैं व हमारी आर्थिक उन्नति भी शीघ्रतासे हो सकती है। अब समाजके पूंजीपतियोंका मात्र वाणिज्य-व्यवसायमें बढतीकी आशा रखना व्यर्थ है। अब वह

समय गया जब कि वाणिज्य व्यवसाय हमारे ही हाथोंमें था। उस समय हम अपने सजातीय दीन बन्धुओंको वाणिज्य व्यवसायमें लगाकर भी अपनी उन्नति करलेते थे। किंतु अब वाणीज्य--व्यवसाय हमारे हाथोंसे प्राय: निकल गया है। अन्य जातियां अब वाणिज्य व्यवसायमें आगे बढ़रही है व उनने शिक्षित होनेके कारण कहीं हमसे बढ़कर सफलता प्राप्त की है अत: यदि वाणिज्य व्यवसायके अतिरिक्त उपरोक्त उपायका अवलंबन हमारे पूंजीपति करे तो शीघ्र ही बेकारीकी एक महान् त्रुटिकी पूर्तता होसकती है।

धनवानोंका कर्तव्य।

देशकी परिस्थितिने समाजको इतना बेकार बनादिया है कि व्यापारी भी अपनी बेकारीके विषयमें चिल्लाते नजर आते हैं। बेकार किन्तु किसी समय अच्छा व्यापारी होनेके कारण व समाजका मुख उज्वल रखनेके वास्ते न तो वह भीख ही मांगता है और न पेटभर ही खा सकता है। ऐसे एक नहीं सेंकडो उदाहरण पेश किये जासकते हैं। गरज यह कि यदि शीघ्र ही समाजके पूंजीपतियोंका एवं मुखियोंका इस ओर लक्ष्य आकृष्ट नहीं हुआ या उनने बेकारी हटानेके लिये झटीति प्रयत्न नहीं किया तो ये हमारे भाई दरिद्रताके कारण निर्लज एवं निर्बुद्धि बन जावेंगे व धर्म कर्मको तिलांजलि देकर अन्य अनुचित उपायोंका आलम्बन कर पेटकी क्षुधा ज्वाला जिस किसी तरह शांत करनेमें कदापि आगा पीछा नहीं करेंगे।

राक्षसी व्यर्थव्यय।

जैन समाजको व्यर्थ व्ययकी राक्षसी कुरीतियोंने तो समाजके कई घरोंका सफाया कर डाला है। बेकारीके कारणोंमें इन व्यर्थ व्ययकी कुरीतियोंने अपना पहला नंबर पटका है। गरज यह कि जितनी उत्तेजना बेकारीको इन कुरीतियोंके कारण मिली है, उतनी शायद ही किसी अन्य कारणके द्वारा हुई हो। हमें लज्जा माल्रुम होती है कि इन कुरीतियोंके सर्वोपरी कारण हमारे समाजके धुरीण कहलानेवाले श्रीमान् लोग ही हैं। उन लोगोंको जरा भी शर्म नहीं माल्रुम होती कि एक तरफ तो हमारा जातीय बंधु भीख मांग रहा है, और दूसरी तरफ हम बेखटके ऐश आराममें, ऐय्याशीमें, आतिशबाजीमें, रंण्डियोंके नाच व तमाशे देखनेमें अपने धन व शक्तिका दुरुपयोग कर रहे हैं।

वे यह नहीं सोचते कि यदि आज हम अपने दीन बन्धुओंकी सहायतार्थ बेकारी-निवारणके लिए अपने धनका सदुपयोग नहीं करते हैं तो एक दिन हमको भी उसीकी तरह दर दरका भिखारी बनना पडेगा। अब यदि हम अपनी समाजको सुसंपन्न अवस्थामें देखना चाहते हैं तो हमारे श्रीमानोंको व मुखियाओंको चाहिए कि वे सत्यनाशिनी कुरीतियोंका समाजमेंसे जडमूलसे नाश कर दे।

व्यापारी वर्ग जैनोंको आशरा दे।

हमारी समाजमें यह प्रथा बहोत कमसी है कि श्रीमान् लोग अपने २ यहांकी पीढियों, दुकान, या कारखाने इत्यादिमें अपने ही सजातीय भाइयोंको नौकरीसे लगावें। उनकी आमदनीका अधिकांश भाग अन्य ज्ञातिके नौकरोंके घरोंमें चला जाता है। जब कि समाजके सुयोग्य बांधव नौकरीके अभावमें बेकार बैठ रहते हैं। लेखकने कई श्रीमानोंकी दूकानें देखी है। जिनमें शायद ही कोई स्थानीय या पर स्थानीय जैन बांधव कार्य कर्ता दिखलाई दे। परन्तु अजैन बांधवोंकी भरमारसी रहती है। यदि उनसे पूछा जाय ऐसा क्यों? तो वे कह बैठते हैं कि जैनियोंपर हमारा विश्वास नहीं या हम उनके कारण ऊपर आते नहीं। अफसोस!

जहां ऐसे २ हितचिंतक ! श्रीमान् समाजमें मौजूद हों तो हम नहीं कह सकते कि हम कहांतक अपने समाज या धर्मकी उन्नति कर सकते हैं। अत: जिन श्रीमानोंके ऐसे गलत खयाल हों तो उन्हें वे अपने हृदय-मंदिरसे निकाल दें। जैनियोंको ही रखनेकी भीष्म प्रतिज्ञा वे आजसे करलें तो नौकरीके अभावमें बेकार बन्धुओंकी सहायता भी सहज-साध्य होसकती है। क्या हमारे श्रीमान् इस ओर अपना लक्ष्य पहुंचाकर अपने दीन हीन गरीब भाइयोंकी रक्षा करनेमें तत्पर होसकेंगे।

संस्कृत शिक्षाके बादकी स्थिति–

बहुधा देखा गया है कि जितने भी उच्च २ संस्कृत विद्यालयोंसे छात्र पढ लिखकर निकलते हैं, उन्हें पहली चिंता यह हो उठती है कि अब हम अपना जीवन–निर्वाह कैसे करें ? बस ! फिर क्या है। जहां कहीं 'आवश्यक्ता' शीर्षक समाचार पढते हैं, झटसे अर्जियां खरडना शुरू करते हैं। उनमेंसे किसी एक दोके सद्भाग्यसे कहीं किसी पाठशालामें या धर्मार्थ संस्थामें नौकरी मिलजाती है। बाकीके सब योंही ताके रहजाते हैं व अपने जिन्दगीके दिन उन्हें बेकारीमें काटना पड़ता है। गरज यह कि विद्यालयोंमें संस्कृत पठन पाठनके सिवा आर्थिक (औद्योगिक) शिक्षण नहीं दिया जाता: जिसके द्वारा छात्र अपनी स्वतंत्र आजीविका कर आर्थिकोन्नतिके साथ २ जैन धर्मकी प्रभावना करसकें। ऐसे विद्यार्थी हर वर्ष बेकारोंकी संख्या-वृद्धि करनेमें कारण होते हैं। हर्ष है कि इंदौरके महाविद्यालयमें, श्री सेठ हुकुमचंदजीके सत्प्रयत्नसे, वहां पढ़नेवाले छात्रोंके लिए औद्योगिक शिक्षणका भी प्रबन्ध किया गया है। आशा है अन्य विद्यालयोंके अधिष्ठातागण भी उक्त विद्यालयकी तरह अपने २ विद्यालयोंमें भी उचित रूपमें औद्योगिक शिक्षणका प्रबन्ध करेंगे।

आपत्तिका मूल बेकारी।

किसी लेखकने लिखा है कि–'दरिद्रतासे लज्जा उत्पन्न होती है। लज्जासे अपना अधिकार गिर जाता है। अधिकार गिरनेसे अपमान होता है। अपमानसे दु:ख और दु:खसे शोक उत्पन्न होता है। शोकसे बुद्धि हीन होती है और निर्बुद्धि नाशको प्राप्त होता है। इस प्रकार दरिद्रता या बेकारी ही सारी आपत्तियोंका मूल है।

उपरोक्त लेखकके कथनानुसार यह स्पष्ट है कि बेकारी समाजका नाश कर डालती है। अत: यदि हम ऐसी भीषण परिस्थितिसे बचना चाहते हैं; हमारे बेकार जातीय बांधवोंकी रक्षा करना हमें अभीष्ट हैं तो हमें चाहिए कि हम शीघ्रही उक्त कारणोंपर विचार करके समाजमेंसे बेकारीको हटानेका प्रयत्न करें।

बेकारी मिटानेके उपाय।

अत: यदि संक्षेपमें निम्न उपायोंका अवलंबन किया जावे तो बेकारी सहज ही दूर हो सकती है–

(१) हरएक विद्यालयोंमें उच्च धार्मिक व संस्कृत शिक्षणके साथ २ औद्योगिक शिक्षणका भी प्रबंध किया जावे।

(२) श्रीमानोंको अपने यहां पीढियोंपर, दुकानोंमें, कारखानोंमें जैनोंको ही नौकरी देना चाहिये।

(३) जहांतक बने वहांतक प्रत्येक व्यवसाय कार्य जैनियोंके साथमें ही किया जावे।

(४) इसी प्रकार जैन व्यवसाय, पूंजी व मेहनतको ही उत्तेजना दी जावे। और—

(५) एक ऐसा विशाल "जैन बन्धु सहायक फण्ड" खोला जावे, जिसके द्वारा बेकार जैन बांधवोंको व्यवसाय खोलनेको मदद की जासके।

संतानोत्पत्ति।

(लेखक-अमृतलाल जैन-रोहतक।)

हिन्दुस्तानके दरिद्र होनेका मुख्य कारण दिन पर दिन मनुष्य संख्याकी बढ़ती है। इस अधिक संतानोत्पत्तिपर भारतवासियोंको कदाचित् अभिमान हो और वे समझते हों कि उनमें संतानोत्पत्तिकी शक्ति अधिक है पर यह भ्रमपूर्ण धारणा है। दरिद्र, कमजोर और भूखी मरनेवाली जातियां अज्ञानतावश भारतमें किस तरह विवाह शादियोंको कराते हैं और संतान उत्पत्तिमें लापरवाही रखते हैं यह प्रथा अन्यत्र नहीं।

हम प्रत्यक्ष देखते हैं कि घरमें बालबच्चोंके खाने पीनेका बिल्कुल प्रबंध नहीं होता। मां बाप एड़ीसे चोटी तक पसीना बहा अपना पेट काटकर भी बच्चोंके पालनेमें समर्थ नहीं होते हैं। फिर भी हर साल या दूसरे वर्ष बच्चा पैदा करते जाते हैं। इसको अपनी अज्ञानता न समझ विधाताकी देन समझते हैं। शिक्षित समाज भी अपनी आमदनी और बच्चोंके पालनेकी अयोग्यता जानते हुये भी बच्चे पैदा किये जाते हैं। संतान पालनके साधन गाय, भैंस रखना तो आमदनीके अभावमें कठिन है फिर संतान उत्पत्ति ही क्यों की जावे?

याद रखिये बच्चे मरनेके लिये नहीं पैदा होते, यदि वह पैदा होकर मर जाते हैं तो इसमें हमारा ही दोष है। यदि हम अपनी दुर्दशा जानते हुये भी संतान पैदा करें और वह मर जाय तो उनका खून हमारे सिर है। उनकी मृत्युके पापभागी हम ठहराये जायंगे। हमारी असावधानी और खुदगर्जीका फल है कि एक वर्षके नीचे आयुके बच्चे १००० में ९०० के करीब मर जाते हैं। या यों कहिये कि भारतमें ४००००००० लाख बच्चोंकी मृत्यु प्रति वर्ष होती है। यह दशा भारत जैसे गरम देशकी है, जहांकी आबहवा बच्चोंको जीवित रखनेके लिये माफिक है, जहां स्त्रियोंको बहुधा कारखानोंमें काम नहीं करना पड़ता है, जीवन संग्राम जहां कड़ा नहीं है और जहां बच्चोंको दाई नहीं बल्कि स्वमाता पालती है। इंग्लेंड, फ्रांस आदि देशोंमें जहां कड़ी सरदी पड़ती है और जहां माताओंको बच्चोंको छोड़कर बाहर काम करना पड़ता है, जहां किरायेकी दाइयाँ बच्चोंको पालती हैं फिर भी वहां बच्चे कम मरते हैं। अन्य देशोंमें मृत्यु संख्या दिनोंदिन कम होती जारही है पर भारतकी मृत्युसंख्या बढ़ती जाती है। ये अल्पजीवी बालक वृथा पैदा किये जाते हैं। अपने जन्मके पूर्व और पश्चात् मृत्यु तक माताकी शक्ति तथा धनको व्यर्थ चूसनेवाले होते हैं। ये माताको युवावस्थाके सुख और सौन्दर्यको नाश करनेके अतिरिक्त कोई आनंद नहीं देते हैं। ऐसे बच्चोंको जिनके पालनपोषणका हम प्रबंध नहीं कर सकते जिन्हें हम दीर्घायु और बलवान नहीं बना सकते, जिनकी योग्य शिक्षाका प्रबंध नहीं कर सकते, पैदा करना महा पाप है, घोर असभ्यता है।

भारत सरकारकी मर्दुमशुमारीकी रिपोर्ट इस अत्यंत अधिक जन्म और मृत्यु संख्याके बारेमें लिखती है कि जब भारतवासी शरीरशास्त्रके नियमोंको समझकर विचारपूर्वक विवाह और संतान उत्पत्ति करेंगे तब जन्म और मृत्युसंख्या आपसे आप कम हो जायगी। विवाहकी शय्यासे ऐयाशीको उठादो और काम शक्तिको अपना मालिक न बना रक्खो, शरीर शास्त्र और समयके मुताबिक सावधानीसे विचारपूर्वक इस शक्तिसे काम लो तो विवाहित जीवनकी मुसीबतें आपसे आप आधी हो

મહામંત્રીનું નિવેદન.

ગુજરાતના દિ. જૈન ભાઇઓ ને બ્હેનો,

જય મહાવીર.

સુરતની પરિષદનો અહેવાલ, સભાનું બંધારણ, તેના ઠરાવ, ગુ. દિ. જૈનપંચોને વિનંતિ, દરેક પંચને વિચારવા યોગ્ય પંચના બંધારણનો ખરડો અને વરિત પત્રકનું ખોખું એ તમામ કાગળનું જુથ દરેક ગામના દરેક દિ. જૈન પંચને મંત્રીજી તરફથી મોકલવામાં આવ્યા હતા. તે કેટલીક પંચના કાર્યકર્તાનેજ મળ્યા, કેટલેક ગામે ગમે તેને મલ્યા હશે, અને કેટલેક સ્થાનથી સાચા સરનામાના અભાવે પાછા ફર્યાં. દરેક ગામ અને પંચને પહેલીજ જાહેર વિનંતિ હતી કે "પોતાના પંચ અને કાર્યકર્તા કે શેઠનું નામ સરનામા સાથે મહામંત્રીને મોકલવું પણ એ તરફ ધ્યાન અપાયું નથી. સમાજની સુસ્તી આગેવાનોની સુસ્તિ પર આધાર રાખે છે. એટલે ફરી ઉત્સાહી નરોને વિનવું છું કે પોતાના ગામ અને આજુબાજુના ગામોમાં પણ પ્રચાર કરી દરેક ગામના દિ. જૈન પંચના આગેવાન અગર તો પત્ર વ્યવહાર માટે નિમેલા સદ્‌ગ્રહસ્થનું નામ સરનામું પુરૂં મહામંત્રીને અંકલેશ્વર મોકલી આપવા તસ્દી લે.

ગયા માસમાં દરેક પંચ સાથે પત્ર વ્યવહાર ચાલુ કર્યો. સરનામા પુરાં ખબર નહી એટલે સાણોદ, ખાનપુર, વલાસણ, ગોરા, કરોલ એ ગામોના એ પત્ર પાછા ફર્યાં છે, સેવક માને છે કે જુદા જુદા સંભા કે મોટા પંચના આગેવાન પોતાની પંચના માણસો જે જે ગામે રહે છે તે ગામ અને આગેવાનનાં નામ લખી મોકલે તો સરનામામાં ભૂલ થવાનો સંભવ રહેશે નહીં.

મોકલેલ પત્રના જવાબ કેટલાક તરફથી આવ્યા છે, ને પત્ર વ્યવહાર ખુબ થયો છે. મંત્રીજીનું દેવગઢ પધારવું, સેવકને ઘરે માંદગી અને તેમાં વળી નરશીંહપુરા કોમનો ઝગડો આ માસમાં પતી જશે એ માટે જોવાયલી રાહ એ વીગેરે કારણોને લીધે કોઇ ગામે પારષદના કામે હમે કોઇ જઇ શકયા નથી તે માટે દીલગીર છીએ.

જે ભારે પત્ર વ્યવહાર ચાલ્યો છે, એ બતાવે છે કે પ્રાંતિક સભાના કામ માટે ઘણાને ઉત્સાહ ને જીજ્ઞાસા સારી છે. **નરસિંહપુરા કોમના ઝઘડાના સમાધાન માટે ઇચ્છા જ્યાં ત્યાંથી દર્શાવાય છે,** તે વિશે દિગંબર જૈનમાં પણ છાપવા અમુક ભાઇઓનો આગ્રહ છે, પણ ઝીણી બાબતો લખી લેખ લંબાવવા કે બન્ને પક્ષને રસે ચઢાવવા કોઇ ઇચ્છે નહી! ઝહેર નરસિંહપુરના પંચ-પક્ષ જરા જરા

जायगी, पति-पत्नीमें प्रेम अधिक होगा और उनका सुख तथा आनंद बढ़ेगा, संतान कम पैदा होगी। संतानपर माता-पिताका अधिक प्रेम, अधिक समय और अधिक द्रव्य खर्च कर सकेंगे। इससे लड़की लड़के बलवान् दीर्घायु और प्रसन्नचित्त होंगे और ऐसा घर स्वर्ग जैसा आनंद दे सकेगा। स्त्रियां केवल भोगविलासके लिये ही नहीं बनाई गई हैं, जो पुरुष स्त्रियोंके शरीरका उनके सुख और दुखपर ध्यान न देकर अपने ही सुख और आरामके लिये खुदगर्जीसे काममें लाते हैं वे विवाहके अधिकारके बाहर जाते हैं, और विवाहशय्याको अपवित्र करते हैं। ऐसे कामी पुरुषोंके विवाहको व्यभिचार कहते हैं।

** जो देश तथा जो जाति विवाहकी शय्या केवल भोगविलासके लिये ही ठीक समझती है वह जीवित नहीं रह सकती है उसका विनाश निश्चय होगा। जितने बच्चोंका पालनपोषण शिक्षण हम भली-भांति कर सकते हों उतनी ही संतानोत्पत्ति हमें करनी चाहिये।

નમતું આપે તો તમામ ઝઘડાનું નિરાકરણ સ્હેજે આવી જાય એમ છે. સુરત મુકામે પ્રમુખશ્રી અને બીજાના પ્રયાસથી એક બાબતનું સમાધાન થયું. એક માસ તો સર્વએ સાથે બેસવાનો નિશ્ચય કર્યો. ભાઇશ્રી સરૈયા ઉપપ્રમુખશ્રીએ એક માસમાં આમોદવાળા શેઠ ચુનીલાલ ધરમચંદ તથા કલોલવાળા શા. અંબાલાલ એ બેને કરારમાં લખ્યા મુજબની ખાત્રી કરાવી આપવાની જોખમદારી લીધી. મહા સુદ ૭ પહેલાં જવાનું નક્કી થયું, પણ નજીકના સગામાં લગન તે દીવસે હોવાથી રોકાવું પડયું. અને પછી આમોદવાળા ભાઇ ચુનીલાલને પણું બીજા તરફથી પત્ર મળ્યો તેમાં "જે પંચની કન્યા હોય તે પંચની સહીવાળી મેઝર લાવવી" આમ ખાત્રી કરવા જનાર જાણે ચિઠ્ઠીના ચાકર હોય એમ તેમને હુકમ થાય એ વ્યાજબી નથી અને એ સુરતના સમાધાનમાં પણ એવી બાબત નથી. આ પત્રથી ખાત્રી માટે જવામાં આડ આવી છે. ભાઈ સરૈયા સમાધાનની શરત મુજબ હજુએ જવા તૈયાર છે. અને સમાધાન કરનાર લગભગ તમામ કોમના દિગંબર ભાઇઓએ ભાઈ ચુનીલાલ અને અંબાલાલને ખાત્રી કરવાની સોંપી છે, તેઓએ ભાઇ સરૈયાએ લખી આપેલ લખાણની નકલ મંગાવી લઈ મીતિ નક્કી કરી ભાઇ સરૈયાને લખવાનું છે. ભાઇ નાગરદાસ તેમજ સેવક પૈકી કોઇની પણ મદદ જોઇએ તો તે આપવા તૈયાર છીએ, સાથે જવા પણ તૈયાર છિયે.

દીલગીરી સાથે લખવું પડે છે કે આ સમાધાનના પ્રયાશમાં સુણદાવાલા ભાઇ મગનલાલ તો અલગજ રહ્યા હતા. અને ભાઇ સરૈયા જેવા બન્ને પક્ષને સાંધવાને કાચા સુતર રૂપી પ્રેમની દોરી લંબાવી રહ્યા હોય તે દોરી પર ભાઇ સુણદાવાળા કુદકા મારવા મંડે એ ઠીક નથી. કરોળીઓ પોતાના મ્હોંની રાળથી તાંતણો કાઢે તે પર દેડ ચઢી જઇ શકે છે. અર્થાત એમણે જરા નમનતાઇ બતાવી હોત અગર પોતે શાંત રહી આમોદ જેવા સ્થાને નહીં ગયા હોત તો તેથી કંઇપણ બગડવાનું નહોતું.

બીજી તરફથી આમોદવાલાનો પણ એવોજ દોષ એ છે કે આમોદવાલા સુરતના સમાધાન પ્રસંગે હાજર હતા. તેઓ પંચના પ્રતિનીધિ આગેવાન હતા. અને એ ખાત્રી એક માસમાં કરવાની હતી તે મુદત દરમ્યાન મજકુર મગનલાલ માટે સુરતની માફક કાંઇ વાંધો નહિં લીધો હોત તો કંઇ બુરૂં થવાનું નહોતું, પણ બન્ને પક્ષે હવે એ વાત રસે ચઢાવવી નહીં જોઇએ. બીગડેલી સુધારે છે તે પુણ્ય મેળવે છે. બગડેલાને વધુ બગાડે એ પાપ ભાગી છે. એ વાતની સમાધાની પૂર્ણ થાય એ ઘણા તરફથી ઇચ્છા દર્શાવવામાં આવી છે. સેવકને એટલી સમાધાનીથી સંતોષ નથી. કંઇ વર્ષોના ઝહેર નરસીંહપુરના ઝગડા કયારે મોટું ભંગાણ પડાવે તેનો ભરોસો નથી અને તે ઝગડાના મૂળમાં ગમે તેટલા વાંધા હોય પણ એ વગાના પાંચ ગામનું પંચ મેળવી બન્ને પક્ષના અમુક અમુક સમાધાન ઇચ્છનારની એક સમિતિ નિમાય અને બન્ને પક્ષના મળી એક પ્રમુખને નીમે તેને સર્વ બાબતો નિકાલ માટે સોંપી દેવાય તો ઝટ નીકાલ આવે એવો છે.

એમાં ખાસ વાંધો નરસીંહપુરવાલા ભાઇનો એ છે કે "પાંચ ગામ પૈકીના નૃરસીંહપુરા ભાઇઓમાંથી સમાધાન કમીટીમાં સભ્ય નીમવા નહીં પણ પાંચ ગામ બહારના નરસીંહપુરા કે બીજા ગમે તે દિગંબર જૈનને નિમવા" આ વાત ઘણાને રૂચે એવી નથી કારણ પાંચ ગામના તમામ માણસો પક્ષપાતી નહી કહેવાય. બન્ને પક્ષનું પંચ મેળવતાં પહેલાં કોઇ કમીટી નીમવા બાબત કંઇ શરત કરવી એ પણ વ્યાજબી નથી. તેથી બન્ને પક્ષ જરા નરમાશ રાખી વેળાસર બધા ઝઘડાના નિકાલ માટે પ્રયાસ કરો એવી વિનંતી છે. ખાસ નરસિંહપુ-

રાવાળાને જાહેર વિનંતી કરૂં છું કે સમસ્ત પંચ મેળવવા પોતે ઇચ્છા રાખે છે કે કેમ તે એક માસ દરમ્યાન સેવકને જણાવે. જો બન્ને પક્ષ જ્યાંના ત્યાં રહેશે તો પછી ઝઘડા નિવારણ કમીટીના અભિપ્રાય લેવા વિચાર છે, પરંતુ આ સમય દરમ્યાન ખાત્રી કરનાર ભાઇઓ જરૂર પોતાનું કાર્ય કરે,

સુરત અને આમોદ વતનના નરસિંહપુરા ભાઇઓમાં પણ ખાસ બુહારી માટેની **થોડીશી** તકરાર છે. એ ભાઇઓ પણ જલ્દી પતાવી દે.

* * *

આખી કોમમાં ઐકયતા માટે પ્રશંસા પામેલ **વિશા મેવાડા** પંચના ગામો તરફથી અનેક કાગળ આવ્યા છે. કામ માટે પ્રશંસા કરે છે, વસ્તિ પત્રક ભરી મોકલે છે, તો કોઇ કહે છે કે પંચની સંમતિ વગર વસ્તિ પત્રક પણ લેખીત નહિં મોકલાય! સુરત પરિષદના ઠરાવો તો સોજીત્રામા પંચ મળે ત્યાં વિચારાશે. કોઇક સારી આશા આપે છે. પણ પોતાના ગામના પંચનો ઠરાવો બાબત અભિપ્રાય કોઇએ મોકલતા નથી; એ પોતાના મોટા પંચનું અને આગેવાનનું સન્માન સાચવવાની તેમની ઉત્તમ ધગશ બતાવે છે, પણ **"પંચોને વિનંતિ"** માં ચોખ્ખું સેવકે લખ્યું છે કે "કદાચ સભા પંચ કે સમસ્ત પંચની ચર્ચા ઉપરથી પોતાનો મત ફેરવવોએ પડે" અર્થાત્ પોતાના ગામના પંચનો અભિપ્રાય જાહેર કરવામાં પોતે કાંઇ બંધાઇ જતા નથી અને દરેકને અભિપ્રાય દર્શાવવાની તક મળે તો મોટું પંચ મળે તેમાં જલ્દીથી ઠરાવ પર આવી શકાય અને તે મોટાનું કે મોટી પંચનું ખરૂં સન્માન તો તે વખતે, પોતે લઘુમતિમાં હોય તો, પોતાનો વિચાર જતો કરી એકત્ર મતે ઠરાવ કરવામાં મદદ કરે, એ સાચુ સન્માન અને સ્વાર્થ ત્યાગ છે. આખા હિંન્દુસ્થાનમાં કે કોઇપણ દેશમા કોઇપણ બીના બને છે તે માટે વ્યક્તિગત કે પંચના અભિપ્રાય દર્શાવવામાં તો આવે છે. એમ નથી કરવામાં આવતું અને પોતાનું મુખ બંધ હોય તો તેને લીધે ઘણે પ્રસંગે પંચ મળે ત્યારે જરા ગમે તેમની વાત કરી ઉઠી જવાનો પ્રસંગ આવે છે અને તેથી પંચપર કલંક મુકાય છે કે **"પંચ મળે પણ કંઇ કરતું નથી,"** પોતાનાજ પંચ ને પોતાનાજ માણસો પાછળથી આમ વખોડે તે કરતાં પહેલાંથી સામાન્ય અભિપ્રાય દર્શાવવાની તક લેવી સારી છે.

સુરતમા પરિષદ મળી તેમાં **વિશા હુમડ** ભાઇનો પૂર્ણ ઉત્સાહ અને સાથ હતો તેઓ હવે જલ્દીથી પોતાનું પંચ મેળવી ઠરાવો માટે અભિપ્રાય આપે!

નાની કોમ પ્રથમ પગલું ભરે તેમાં તેને કંઇ હિણપદ નથી, સૂરોજ પહેલ કરે છે. **અંકલેશ્વરના મેવાડા** નાની સંખ્યામાં હતા તે સોજીત્રા સાથે મળવા ગયા'તા ને? ઇડર **વિભાગના વિશાહુમડનો** ઝઘડો પતાવવા નિમંત્રણ આવ્યું છે.

મહુવા, વ્યારાના રાયકવાળ ભાઇઓ તેમજ બીજાને પરિષદના ઠરાવ જરા હલવા લાગ્યા છે. કારણ ગાયકવાડી રાજ્યમાં પર કોમમા કન્યા આપે તેનો વિરોધ કરનાર દંડાય એવો કાયદો છે. આપણે પ્રેમથી પરસ્પર મળવું છે. અને એઓ તો બીજી પંચ ઠરાવ કરે એટલીજ રાહ જુએ છે. મારી સમસ્ત **રાયકવાળ પંચને વિનંતિ** છે કે તેમનું સમસ્ત પંચ બોલાવાય અને કંઇ રીત રીવાજ સામાન્ય ઘડી પરિષદના ઠરાવોનું અનુમોદન અપાય તો વધુ સારૂં થાય અને પરિષદની મુરાદ જલ્દી બર આવે—

દશા હુમડ ભાઇઓ—સુરત, સત્તર જીલ્લા, રાયદેશ, ઇડર, દાહોદ, ઓરણ પ્રાંતિજ ને દાહોદ વિભાગોમાં વહેંચાયલી છે. સુરતમાં તો સરસ યુવક સંઘ છે. વૃદ્ધો પણ સમજુ છે. ફકત

બંધારણની બારીકીમાં ઉતરવામાં પંચનું કામ ગોર પાસે લાંબો કાળ રહે એ કોઇ વ્યાજબી ગણે નહિ. સુરતના શહેરીઓ વખતની કીંમત જરૂર આંકી જાણે છે.

સાઠના ગામોના દશાહુમડ ભાઇઓમાં બે તડ હતાં તે એકત્ર થઇ ગયાં છે તે જાણી સૌ ખુશ થશો. **ઓરણ પ્રાંતિજ વિભાગનું ચોખલું** મળવાનું હતું તે મલ્યું નથી. બંધારણ પૂર્વકનું પંચ મોડું કરે એ ઠીક નહીં. **રાયદેશના** ગામ છુટા છવાયા છે પણ ભાઇ કાળીદાસ ન્હાનચંદ મીઠાવાલા તેમજ બીજા સારો મોભ્ભો ધરાવે છે અને તે પંચ એકત્ર કરવા બનતું કરશે એવી આશા છે.

ઇડર વિભાગ અને તારંગા વગામાં મુંબઇવાલા શેઠ લલ્લુભાઇ પ્રયાસ કરશે એવી આશા રખાય છે.

દાહોદ—(દાહદ) એ હદ પર છે. તેમને અનુકુળ પ્રાંતિક સભાનું બંધારણ ઘડાયું છે, પણ તે વગાના બ્રહ્મચારી શ્રી. દીપચંદજી વર્ણી માંદા પડયા છે. પ્રભુ એમને જલદી આરામ આપે એટલે દાહોદ વગામાં પરિષદ માટે કંઇ ભ્રમણા હશે તે દૂર થશે. **ભાવનગરમાં** પ્રાંતિક સભાના ઉપપ્રમુખ શ્રી. શેઠ વ્રજલાલ કેવળદાસના પત્નિ ૩૫ વયની નાની ઉમરે બે પુત્રી અને એક પુત્ર પાછળ મુકી ધર્મ ધ્યાન પૂર્વક ચાર દીવસ અનશન કરી સમાધી મરણ કર્યું અને લાંબી માંદગીમાંથી મુક્ત થયા, પ્રભુ એમને શાંતિ બક્ષો અને શેઠ વ્રજલાલને સંસાર તરફનો લાગેલો ઘા સહન કરવાની તાકાત આપો એવી પ્રાર્થના છે.

ગુજરાતમાં બીજા દિગંબર જૈનો પાલેજ, મીયાગામ, વડોદરા, પેટલાદ, અમદાવાદ આદિ સ્થાને છે તેઓ પણ પરિષદનો લાભ લઇ શકે છે. એ સર્વને સેવકની નમ્ર વિનંતિ છે કે અમદાવાદની માફક એક મંડળ સ્થાપે અને પોતાને યોગ્ય લાગે તેવી સૂચના તેઓ કરી શકે છે.

ફસલનો સમય અને હિમને લીધે ઘણા બીજા કાર્યમાં રોકાયા છે. છતાં એકંદર પત્ર વ્યવહારથી પરિષદનું કામ સારી રીતે આગળ વધશે એમાં જરાએ શંકા નથી પ્રભુ સૌને સંપ માટે પ્રેરણા કરો.

લી॰ સેવક.

છોટાલાલ ઘેલાભાઈ ગાંધી.
મહામંત્રી, ગુ. દિ. જૈન પ્રાંતિક સભા.
અંકલેશ્વર.

મિત્રોમાં વાર્તાલાપ.

કાંતિચંદ્ર—મિત્રો, સુરતમાં ગુજરાત દિ. જૈન પરિષદમાં ઠરાવો થયા પણ કંઇ અમલી કામ તો થયું નહિ! હું તો પરિષદ મેળવવાનીજ વિરૂદ્ધમાં હતો પણ શું કરે, બધાનો સાથ મેળવવાના હેતુથી મેં વિરોધ કર્યો નહિ. હું તો માનું છું કે દરેક પેટા કોમમાંથી બબ્બે ત્રણ ત્રણ કન્યાની આપ લે કરી દીધી કે થયું. અમલી કામ થયાં કે બેડો પાર.

ગંભીરમલ—ભાઇ, આપના વિચારને અનુમતિ આપનાર તો હશે પણ અમલ કરનાર સાથી કયાં છે? અને એવા સાથી હોય તો બેસી શું રહ્યા છો?

ઉત્સુકદાસ—અરે! તૈયાર છીએ, કંઇ કરી પણ બતાવ્યું. પણ જરાક અનુભવે દેખાયું કે પંચો મળીને ઠરાવ થયા પછી કંઇ થાય તો સારૂં પરિણામ આવે.

સાહિત્યચંદ્ર—હા, "દિગંબર જૈન" માં વાંચ્યું છે કે મંત્રી ને મહામંત્રીએ પંચો સાથે અનેક પત્ર વ્યવહાર કર્યો છે. પણ મને લાગે છે કે પંચો મળીને કદી ઠરાવ કરશે નહિ. જુના પંચો મગનું નામ મરી કહીને પણ પોતાનો અભિપ્રાય કયારે ખુલ્લે દીલે આપે છે? આખા

પંચમાં અમુકનો વિરોધી હોયજ એટલે અમુક વૃદ્ધો પણ સુધારાની તરફેણમાં હોય તેઓ પણ શાંતિથી જોયા કરે પછી પંચ શેનું મળે? અને જો પેટા કોમોમાં પરસ્પર કન્યાની આપ લે હવે થાય તો કોઇ બોલવાનું નથી. જુઓની સોજીત્રા વગાના મેવાડા ભાઇઓ કેવા સંપીલા છે? પોતાની પેટા જ્ઞાતિમાંથી વિવાહ તોડીને પણ બીજી પેટા જ્ઞાતિમાં કન્યા અપાઇ છતાં કંઇ બોલ્યા છે? બધીએ પંચ જમાનાને અનુસરીને ઉદાર થશે. નાના નાના ઝગડા ને વાંધા સાંધા પતાવવા જતાં વર્ષો વહી જાય પણ પંચ કંઇ કરી શકે નહિં અને પરિષદનો ખર્ચ વ્યર્થ જાય. સાહિત્યનો પ્રચાર ચાલુ રાખો અને સાથે સાથે અમલી કામ પણ ચાલુ રાખો. ગંભીરમલ તો વિચારમા ને વિચારમાં દિવસો નકામા કઢાવે છે. મને તો ક્રાંતિદાસનું બોલવું સોએ ટકા સાચું લાગે છે.

ગંભીરમલ—ભાઇ. ઉતાવળા નહીં થાઓ. હાલ જ્યાં ત્યાં મંદી છે અને તેમાં જરાતરા મોસમ આવી હોય તેવે વખતે સૌ કોઇ પોતપોતાના ધંધામાં પડયા હોય. વળી દૂર દૂર ગામડામાંથી આવે સમયે બોલાવી પંચના માણસને હેરાન કરવા પણ આગેવાન યોગ્ય નહિ ગણે એટલે ચોમાસું આવતાં પંચો મળશે. મહામંત્રી કહેતા હતા કે સહાનુભુતિના ઘણા પત્ર આવેલા છે, તો જરા થોભીએ તો શું બગડવાનું હતું? ઘણા વરસોના ચાલુ રીવાજ એકદમ ફેરવવા મથનાર કંઇ વધુ ભંગાણ પડાવશે!

ક્રાંતિલાલ—અરે લોઢું તપ્યું હોય ત્યારે ટીપવાથી કંઇ ભાંગતું નથી. બહુ નીચા બહુ ખરડાય છે. હાથમાં હોય તે ગુમાવ્યા પછી શું કરશો? પંચોને ભલામણના ઠરાવ થયા છે. શ્રીમંત ગાયકવાડ સરકારના રાજ્યમાં તો કાયદો છે કે પેટા કામમાં કન્યા આપનારને સજા કે દંડ કરનાર પંચ કે આગેવાનને દંડવા ત્યારે આપણી કઇ પેટા કોમવાલા એ રાજ્યમાં નથી? અને કદાચ અમુક કન્યાની આપ લે કરે તેમાં ક્યાં એમ છે કે અમુક પેટા કોમે કન્યા આપવા કરવી અને તે કોમમાં કન્યા નહિ આવે? આ અંકલેશ્વરવાલાએ સોજીત્રાવાલાને કન્યા આપી અને મેલવતા નથી તેમ તો આપણે નહિં કરીએ. આપણે તો હાલ તો સરખી સંખ્યામાં વર કન્યા દરેક પેટા કોમમાં મંડાય એવી ગોઠવણ કરીએ અને તેમ થાય તો પછી કોઇ પંચને નુકશાન નથી અને કોઇને બોલવાનું રહેશે નહીં. હાલમાં મોસમ છે તો પંચો મોસમ પછી મળશે. તેમાં અમલી કામને શું વાંધો છે? ગંભીરમલજી ખોટી અટકાયત નાંખે છે.

સાહિત્યચંદ—હા-હા. એ વાત તો ખરી. સાહિત્યના પ્રચાર સાથે બે ચાર વિવાહના જોડાણ થયાં હોય તો તે વાત પણ પ્રચારના કામમાં ને અમલી કામમા વધુ વેગ લાવશે. અતિશય ગંભીરતા કોઇ વખત ભારે નુકશાન કરે માટે ગંભીરમલ તો જાણે બધા પંચ મળી જશે! તે પછીજ અમલી કામની વાત કરે તે ઠીક નથી,

કાંઠાના ૪૨ ગામના દશા હુમડ ભાઇયોનું ચોખલાનું પંચ નનાનપુર કે જ્યાં એ ભાઇઓનાં ૧૦-૧૨ ઘર છે ત્યાં તા. ૨૪ એપ્રીલથી ૮ દિવસ સુધી આખી રાત્રિ મળ્યા કર્યું હતું ને દિવસે ખાવું, પીવું, સુવું, બેસવું કે સગપણ ગોઠવવાનું કામ થતું હતું. ને આશરે ૭૦૦ ભાઇ એકત્ર થવા છતાં સંતોષજનક કામ થયેલું જણાયું નથી. અમે તથા મહામંત્રી ભાઇ છોટાલાલ ઘે. ગાંધી ખાસ આમંત્રણ મળવાથી આ પ્રસંગે તા. ૨૫ થી ૨૭ સુધી ગયા હતા (જતાં આવતાં અમદાવાદની આપણી દીવાળીબાઇ ધર્મશાળામાં ઉતર્યા હતા જ્યાં પાણીના નળ ને સંડાસની સગવડ નથી તે તાકીદે થવાની જરૂર છે) ને રાત દિવસ પ્રચાર કાર્ય કર્યું હતું. તા. ૨૫મી એ રાત્રે પંચ સમયે અમે બંને એ વિવેચન કરી જણાવ્યું હતું કે આપની પંચમાં કન્યાની સગાઇ ૧૧॥ વર્ષ પહેલાં કરીજ દેવાનો ને ન કરે તો ૧૦૧) દંડ લેવાનો તથા કોઇના ઘરમાં પુત્રની સગાઇ થઇ જાય ને તેના ઘરમાં પુત્રી ગમે તેટલી નાની હોય તોપણ તેની સગાઈ છ માસમાં ન કરે તો ૨૫) દંડ લેવાનો જે જહાંગીરી કાયદો છે તે અત્યંત અનુચિત છે. વરકન્યાની વચ્ચે ૪ વર્ષનો અંતર રાખવાનો કાયદો સારો છે પણ એવો અંતર રાખી ૧ માસની છોકરીની પણ સગાઇ કરી દેવાય છે તે અત્યંત અયોગ્ય છે માટે આવા જહાંગીરી કાયદા રદ કરી કન્યા ૧૦ વર્ષની થયા સિવાય તેની સગાઇ કરવીજ ન જોઇએ એવો કાયદો કરો તો આપની પંચને ઘણો ફાયદો થશે વગેરે. એ પછી અમે બંનેએ ગુજરાત પ્રાં૦ સભાના ઠરાવો પર વિવેચન કર્યા પછી સવારના ૫ વાગતા સુધી પંચ બેઠું હતું તેમાં વસ્તીપત્રકના ફાર્મ ભરાઇને આવવા ન આવવાની ચર્ચાજ ચાલ્યા કરી હતી! પંચની પુરાણી ગોકળ ગાયની પદ્ધતિથી જ્યાં અવ્યવસ્થિત કામ થાય ત્યાં શું આશા રાખી શકાય? પછી બીજે દિને અમે બંનેએ બે કલાક બેસી ૯ ઠરાવ તૈયાર કર્યા અને તે મંત્રી શા. ચુનીલાલ નાનચંદ (સાદરા) ને પંચમાં રજુ કરવા આપી આવ્યા ને આખો દિવસ એ ઠરાવો માટે પ્રચાર કામ કર્યું. રાત્રે ફરી પંચ મળ્યું તેમાં પ્રથમ પં. સિદ્ધસેનજી, પં. અક્ષયકુમારજી, પં. સુંદરલાલજી ને પં. ચુનીલાલજીનું (મહા મહેનતે રજા મળવાથી) પાંચ પાંચ મીનીટ વ્યાખ્યાન થયું હતું તે પછી અમે બંનેએ ૯ ઠરાવ રજુ કર્યા જે પર માંહોમાંહે કુંડાળામાં ચર્ચા કરી શ્રી. મોહનલાલ મગનલાલે ઉભા થઇ કહ્યું કે આ ૯ ઠરાવ છે તો સારા પણ પ્રથમના ૪ મુલતવી રાખીએ છિયે (!) ને બાકીના પાંચ પાસ કરીયે છિએ. જે ચાર ઠરાવ મુલતવી રાખ્યા તે નીચે પ્રમાણે હતા–

૧—શ્રી દશા હુમડ બેંતાલીસના ચોખલાનું પંચ સમસ્ત મળે છે તેનું કામ જલ્દી અને સુગમ થાય તે માટે નીચેના નિયમો મંજુર કરે છે. (૧) પંચમાં જેજે બાબતો રજુ કરવાની હોય તે સેક્રેટરીએ લેખીત રજુ કરવી (૨) પંચના બીજા ગ્રહસ્થોને જેજે બીજી બાબત રજુ કરવી હોય તે પંચ મળે તેના એક કલાક પહેલાં લેખીત સેક્રેટરીને રજુ કરવી, પણ પંચ ચાલતું હોય ત્યારે નવી બાબત રજુ કરવા દેવામાં આવશે નહીં (૩) સેક્રેટરીની રજા સીવાય કોઇથી બોલી શકાશે નહીં અને બોલનારે સેક્રેટરી તરફથી આપવામાં આવેલ સમય પ્રમાણે ઉભા થઇને બોલવું. (૪) જે કોઇ વિષયાંતર બોલે તો તેને સેક્રેટરી બોલતા અટકાવી શકશે. (૫) અમુક વિષયની ચર્ચા અમુક સમય સુધી ચાલે પછી સેક્રેટરી ચર્ચા બંધ કરશે, અને તે વિષયની ચોક્સ દરખાસ્ત પંચ સમક્ષ મત માટે રજુ કરશે, (૬) મજકુર દરખાસ્તમાં સુધારો કે વધારો કરવાની ઇચ્છા હોય તેણે સુધારા વધારાની દરખાસ્ત લેખીત લાવવી (૭) આવેલી દરખાસ્ત કે સુધારા પર મત લેવા માટે નીચેની બે માંથી

ઠીક લાગે તે રીત સ્વીકારવી. (૧) ઘર દીઠ એક મત ગણવો અને તેવા મતદાર પંચમાં મત લેતી વખતે બેસે અને બીનમતદાર તેટલો વખત અલગ બેસે (૨) ગામના જે પ્રતિનીધિ મેંબર છે તે પોતાના ગામનો મત, પુછીને રજુ કરે. ૮—વધુ મતની દરખાસ્ત મંજુર ગણાશે સરખા મત પડે તો સેક્રેટરી પોતાનો એક વધુ મત આપી શકશે. (૯) આપણું પંચ ફરી મળે તે દરમ્યાનમાં પંચ સંબંધીની નજીવી બાબતોનો નિકાલ પંચ કમીટી અમુક બ.બતમાં કરી શકશે.

૨—દશા હુમડ બેંતાલીસના ચોખલાનું પંચ સમસ્ત ઠરાવ કરે છે કે:-આખા પંચમાં કોઇ પ્રકારનો હાલમાં ઝઘડો નથી પણ બોરાણુ ગામમા હજી પણ બે ત્રણ તડ છે તે પતાવવા ચોખલાના સેક્રેટરીએ જેમ બને તેમ જલ્દી એ ઝઘડાનો નિકાલ કરવા પ્રયાશ કરવો અને જરૂર પડે તો પ્રાંતિક સભાની જ્ઞાતિ ઝઘડા નિવારણ કમીટીના સભ્યામાંથી સભ્યોને સાથે લઇને પણ ઝઘડાનો નિકાલ લાવવા પ્રયાશ કરવો.

૩—દશાહુમડ બેંતાલીશનું ચોખલાનું પંચ ઠરાવ કરે છે કે:-આપણા પંચમાં દશ વર્ષની ઉમર પુરી થતા સુધીમા કન્યાની સગાઇ (વેવિશાળ) કરવી નહીં.

૪—દશાહુમડ બેંતાલીશનું ચોખલાનું પંચ ઠરાવે છે કે ગોલ બહાર કન્યા આપવી નહીં પણ જો કોઇ વ્યકિત કે પંચ આપણી સાથે મળવા ખુશી હોય તો તેમની સાથે મળવા આ પંચ પણ ખુશી છે.

હવે જે ૫ થી ૯ ઠરાવો પાસ થયા છે તે નીચે પ્રમાણે છે:—

૫—દશા હુમડ બેંતાલીશનું ચોખલાનું પંચ સમસ્ત ઠરાવ કરે છે કે:-(૧) શ્રી ગુજરાત દિ. જૈન પ્રાંતિક સભાની સ્થાપનાને વધાવી લઇએ છીએ. (૨) એ સભાના સભાસદ થવા દરેકને ભલામણ કરે છે. (૩) સભાના બંધારણ મુજબ તેની સાધારણ સભા મળે ત્યારે તે સભ્યો અને એ કમીટીના સભ્યોએ ત્યાં જઇ તેમાં ભાગ લેવો. (૪) પ્રાંતિક સભાની વ્યવસ્થાપક કમીટીમાં નીચે મુજબના શખશોના નામ છે:-શા. ચુનીલાલ નાનચંદ, શા. માણેકચંદ છગનલાલ શા. મોહનલાલ મગનલાલ, શા. જીવરાજ ગુલાબચંદ ગાંધી બી. એ. પ્રાંતિક સભા અને વ્યવસ્થાપક કમીટી જે ઠરાવ કરે તે આ ભાઇઓએ આ પંચમાં વિચારવા રજુ કરવા.

૬—ગુજરાતના દિ. જૈનોને જીવન નિર્વાહનાં સાધનમાં પડતી મુશ્કેલી દૂર કરવા ગુ. દિ. જૈન પ્રાંતિક સભાએ ગુજરાત માધ્યમિક સંસ્થા સ્થાપન કરવા જે ઠરાવ કર્યો છે તેની આવશ્યક્તા આ પંચ સ્વીકારે છે.

૭—આ પંચ સર્વે સામાજીક તથા ધાર્મિક પ્રસંગોએ ખાદી તથા સ્વદેશી વસ્તુ વાપરવા વિનંતિ કરે છે.

૮—આ પંચ ઠરાવ કરે છે કે આપણામાં એક સરખી સંસ્કૃતિ લાવવાનો અને આપણી સામાજીક ઉન્નતિનો એકજ ઉપાય કેળવણી છે અને તેના સાધન શ્રાવિકાશ્રમો, બોર્ડીંગ અને કન્યા પાઠશાળાઓ છે. માટે કન્યાઓને પોતાની ગામની કન્યાશાળા અને જૈન પાઠશાળામાં મોકલવી તથા જ્યાં એવું સાધન નહિં હોય ત્યાંની કન્યા સધવા કે વિધવા બ્હેનોને જાંબુડીના શ્રાવિકાશ્રમમાં મોકલવી. અને છોકરાને બોર્ડીંગોમાં મોકલવા.

૯—આપણા વિભાગમાં જ્યાં જ્યાં પાઠશાળા છે તેનો લાભ છોકરા તથા છોકરીઓને પુરતો અપાવવો અને ઓછામાં ઓછા ૧૫ ઘર આપણી જ્ઞાતિના હોય ત્યા જો પાઠશાળા નહિં હોય તો ત્યાં તે સ્થાપન કરવા આગ્રહપૂર્વક વિનંતિ છે.

ઉપલા પાંચ ઠરાવ થયા પછી આખી રાત્રિ ૧૧॥ વર્ષની ઉપર જેમણે જેમણે કન્યાની સગાઇ કરી નહોતી તેમના ગુન્હા શોધવાનું કામ થયું તેમાં બેએ ગુન્હો (!) કબુલ કર્યો ને બાકી માટે બીજે દિવસે સીલબંધ પેટી જાહેર જગ્યાએ

મુકવા નક્કી થયું જેમાં વગર સહીએ ગુન્હાની ચીઠીઓ નંખાઇ હતી. હવે એ ચીઠીઓમાં જે નામ આવે તેમાંથી ખોટા કે ખરા કસમ ખાય તેને માફ થાય ને બાકીનાને દરેકને ૧૦૧) દંડ થવાનો હતો. બીજે દીવસે અમે બંનેએ પ્રાંતિક સભાના સભાસદો બનાવવા પ્રયાસ કર્યો તો શેઠ જીવરાજ ઉગરચંદ ગાંધી, શેઠ જીવરાજ વહાલચંદ ગાંધી, મણીલાલ ચુનીલાલ કોઠારી, નેમચંદ ઉગરચંદ ગાંધી, મોહનલાલ મગનલાલ, શ્રી. ચુનીલાલ નાનચંદ (મંત્રી), શેઠ માણેકચંદ છગનલાલ, શેઠ વેણીચંદ હાથીચંદ વગેરે ભાઇ ૫) કે ૨) ના મેમ્બર થયા હતા. અને અમે બંને તા. ૨૮ બપોરે નનાનપુરથી ઘોડા પર સોનાસણ સ્ટેશન જઇ તા. ૨૯ સવારે અંકલેશ્વર–સુરત આવ્યા હતા.

એ પછી પાંચ છ દિવસ સુધી ચાલ્યું હતું જેમાં બે જમણ નનાનપુર તરફથી ને ૨ બહારના તરફથી થયાં હતાં ને બાકી માટે છેવટે ફાળો પડતાં ઘર દીઠ ૩) ફાળો આવ્યો હતો. આ પંચના ભાઇઓનો આદર સત્કાર ને પ્રેમભાવ ઘણોજ ઉત્તમ છે. નનાનપુરના ભાઇઓએ પણ ચોખલાના પંચની ઉત્તમ સેવા ચાકરી બજાવી હતી.

પંચ વિખેરાયા પછી એક બે ભાઇના પત્ર અમને મળ્યા હતા તેથી જણાયું છે કે–પાછલા દિવસોમાં કંઇ વિશેષ કામ થયું નહોતું. માત્ર તારંગા માટે લગ્ન દીઠ ૫), સગપણ દીઠ ૫) લેવાનો, ને લગ્નમાં ગામના મંદિરને ૧૦) આપવાનો ઠરાવ થયો. યુવક મંડળનું કામ કંઇ સંતોષકારક જણાયું નહિ. ૧૧॥ વર્ષની કન્યાના ગુન્હા માટે ૧૫૦ ચિઠી આવેલી તેમાં કેટલીક બિભત્સ હોવાથી રદ કરેલી, બાકીનામાંથી અમુકોએ કસમ ખાધા તેને માફ કર્યું ને કબુલ કર્યું તેવા ચાર પાંચ જણને દરેકને ૧૦૧) દંડ કર્યો તેમજ જે બે જણે પ્રથમ કબુલ કરેલું તેમને રાહત કરી ૮૧) દંડ કર્યો હતો. વળી અમરતલાલ છગનલાલને બીજા ગોળમાં કન્યા આપવા બાબત ૨૨૫) દંડ કર્યો. રા. હાથીભાઇ માણેકચંદ ને માસ્તર જીવરાજ ગાંધીએ ૧૧॥ વર્ષનો કાયદો, ને પુત્રની સગાઇ પછી તે ઘેર કન્યા હોય તો છ માસમાં ઉતારી દેવાનો કાયદો બંધ કરવા ઘણો પ્રયત્ન કર્યો પણ તે વાત ઉડાડી દેવામાં આવી હતી! આ પંચમાં કુલ્લે ૩૫ સગાઇઓ થઇ ગઇ હતી જેમાં માત્ર બે ત્રણજ મોટી ઉમરની સગાઇ હશે! સારાંશ કે આ પંચમાં ઘણોજ સુધારો થવાની જરૂર છે. ૧૧॥ ના કાયદાથી મોટી કન્યા તો મળેજ નહિ જેથી મોટી ઉમરનાને કે બીજવરને હજારો રૂ. આપીને બહારથી કન્યા લાવવી પડે છે. પાછા ફરતાં ટ્રેનમાં એ પંચના એક ભાઇ અમે બંનેને મળ્યા હતા તે કહેતા હતા અમારી કોમમાંથી ૮–૧૦ વર્ષમાં લાખ દોઢ લાખ રૂપ્યા કન્યા વિક્રયને ઉત્તેજનમાં ગયા હશે કેમકે મેવાડ, વાગડ વગેરેથી પાંચ પાંચ સાત સાત હજાર રૂ. આપી લોકો કન્યાઓ લાવ્યા છે. ગજબ!

પેથાપુર—શેઠ છગનલાલ સાંકળચંદનો ૬૧ વર્ષની આયુમાં સ્વર્ગવાસ સમાધી મરણ પૂર્વક તા. ૧૬ એપ્રીલે થયો છે. અંત સમયે ૩૦૧) સંસ્થાઓને દાન કરી ગયા છે.

જાંબુડા–માં શ્રાવિકાશ્રમની પરીક્ષા થઇ ગઇ પરિણામ સારૂં આવ્યું છે. અત્રેના મંદિરને ૨૦)ના બે સમગે શા૦ સાંકળચંદ તલકચંદે આપ્યાં છે

ગુજરાતમાં—પં. પીતાંબરદાસજી ઉપદેશક નીચે પ્રમાણે ભ્રમણ કરનાર છે–છાણી વડોદરા પાદરા, ડભકા, બોરસદ, સોજીત્રા, ભરૂચ, અંકલેશ્વર, કરવાડા વગેરે.

તારંગાજી માટે બે પંચોનો ઠરાવ

તારંગાજી તીર્થમાં આવક કરતાં ખર્ચ વધુ થતો હોવાથી રાયદેશની દશાહુમડ પંચે દરેક લગ્ન દીઠ ૫) અને વીસ વર્ષ ઉપરના મરણ પાછળ ૮) તેમજ કાંઠાના ૪૨ ગામના ચોખલાની દશા હુમડ પંચે નનાનપુરમાં મળી દરેક લગ્ન દીઠ ૫) અને દરેક સગપણ દીઠ ૫) તારંગાજી ખાતે આપવાનો ઠરાવ કર્યો છે.

વીસા મેવાડા બંધુઓને.

આપણું વસ્તીપત્રક અને લગનગાળા પ્રસંગે આપણી ફરજ.

(લેખકઃ—સોજીત્રા સંભાનો એક જ્ઞાતિસેવક.)

સુજ્ઞ બંધુઓ,

આપણી કોમનું યુવક મંડળે તૈયાર કરેલું વસ્તી પત્રક જોતાં નીચેના આંકડા ખાસ ધ્યાન ખેંચે છે. અને તે ઉપરથી આપણે ઘણી માહીતી મેળવી શકીએ છીએ.

આપણી કોમની કુલ વસ્તી આશરે ૨૭૦૦ માણુસની છે, તેમાં ૧૪૦૦ પુરૂષો અને ૧૩૦૦ સ્ત્રીઓ છે. અને કેળવણીનું પ્રમાણ પુરતું નથી. અવિવાહીત છોકરા તથા છોકરીઓની સંખ્યા ઉંમર પ્રમાણે નીચે મુજબ છેઃ—

અવિવાહિત છોકરાઓ.

૬ વર્ષની અંદરના	૨૧૮
૬ થી ૧૦ વર્ષ	૧૫૪
૧૦ થી ૧૫ વર્ષના	૯૫
૧૫ થી ૨૦ વર્ષના	૫૧
૨૦ થી ૨૫ વર્ષના	૨૩
૨૫ થી ઉપરના	૫૮
	૫૯૯

અવિવાહિત છોકરીઓ.

૬ વર્ષની અંદરના	૧૯૮
૬ થી ૧૫ વર્ષની	૭૬
	૨૭૪

ઉપરના આંકડાઓ જોતાં અવિવાહીત છોકરાઓ કરતાં અવિવાહીત છોકરીઓની સંખ્યા ઘણી ઓછી છે. અવિવાહીત છોકરાઓની સંખ્યામાંથી ૬ વર્ષની અંદરના ૨૧૮ અને ૨૫ વર્ષથી ઉપરના ૫૮ મળી ૨૭૬ ની સંખ્યા બાદ કરીએ તો ૩૨૩ ની સંખ્યા વિવાહ લાયક રહી, કારણકે ૬ વર્ષની અંદરનાને તો ભવિષ્યમાં જન્મનારી છોકરીઓ મળવાની કેમકે આપણે ઓછામાં ઓછું ૫ વર્ષનું અંતર રાખવાનો ઠરાવ કર્યો છે. અને ૨૫ વર્ષથી ઉપરનાને તો બહારથી લાવેજ છુટકો છે. અવિવાહીત છોકરીઓની સંખ્યા ૨૭૪ ની છે. એટલે વિવાહ લાયક છોકરાઓની અને અવિવાહીત છોકરીઓની સંખ્યા ૪૯ કે તેથી વધુનો તફાવત છે. તે ઉપરાંત કેટલીક કન્યાઓ તો પૈસાદાર વર્ગમાં થનાર વિધુરોને મળવાની.

પૈસાદાર વર્ગને તો કન્યાઓની અછત છેજ નહી અને પડશે પણ નહી. ફકત બધી અછત મધ્યમ વર્ગનેજ છે અને ઘણાને શ્રીમંતાઇના અભાવે કુંવારી જીંદગી ગાળવી પડે છે.

આપણામાં એક એવો વર્ગ છે કે જેની સાથે આપણે તેમના વડવાઓની મનાએલી સાચી જુઠી નજીવી ભૂલને પરિણામે આપણે કન્યા સંબંધ રાખતા નથી, તે વર્ગનું વસ્તીપત્રક જોતાં વિવાહ લાયક છોકરાઓ તથા કન્યાઓની સંખ્યા જોતાં નજીવો તફાવત છે એટલે તે વર્ગને પણ કન્યાઓની અછત નથી. એટલે મધ્યમ વર્ગને વધારેમાં વધારે અછત છે, અને તેના પરિણામે કોમમાં **અસંતોષની** લાગણી ફેલાએલી છે. અને કેટલાકને **ફરજીઆત કુંવારી જીંદગી** ગાળવી પડતી હોય, સમાજમાં સડો પેસે તે સ્વાભાવીક છે. આ બધું અટકાવવાને આપણે **નીચે મુજબ સુધારા** કરવાની જરૂર છેઃ—

આપણામાં ખરાબમાં ખરાબ રૂઢી બાળ વિવાહ(સગપણ)ની છે. કારણ કે નાનપણમાં બાળકનો સ્વભાવ, હોશીયારી તથા કુદરતા ખામી વીગેરે માલુમ પડતાં નથી અને ભવિષ્યમાં કેટલીક વખત વિવાહ તૂટવાના પ્રસંગો આવે છે અને સગાસબંધીઓમાં વિખવાદ ઉભો થાય છે, અથવા વિવાહ ન તૂટે તો કેટલીક વખત બાળકો પોતાની જીંદગી દુઃખી કરનાર માબાપોને શ્રાપ આપે છે.

આ બધું અટકાવવા **કન્યાનો વિવાહ**

(**સગપણ**) **દશ વર્ષ પછીજ** કરવાનો ઠરાવ કરવો જોઇએ અને એ ઠરાવનું ઉલંઘન કરનારને માટે સખ્ત શિક્ષા રાખવી જોઇએ. અને વિવાહ કરતી વખતે છોકરા તથા છોકરીની ઉમ્મર વચ્ચે ઓછામાં ઓછો **છ વર્ષનો તફાવત** રાખવાનો ઠરાવ કરવો જોઇએ, પરંતુ અમૂક સંયોગોમાં તે તફાવત રહી શકે તેમ ન હોય તો પંચની સમ્મતી મેળવી વિવાહ થઇ શકે તેવી છુટ રાખવી જોઇએ. આ બધી સાવચેતી લીધા છતાં પણ **છોકરા તથા છોકરીમાં કંઇ ખામી આવી જાય તો** બાળકોનું હિત ધ્યાનમાં લઇ પંચની સમ્મતિથી **વિવાહ તોડવાની છુટ હોવી જોઈએ.** આ બધા સુધારા કરવાથી જો છોકરામાં સંસ્કાર કેળવણી ને વ્યાપાર ચાતુર્ય હશે તો આપોઆપજ તેને કન્યા મળી રહેશે, છતાં પણ આર્થિક સ્થિતિનો પ્રશ્ન તો ઉભોજ રહે છે કે જે મધ્યમ વર્ગને મુઝવી રહ્યો છે.

પલ્લુ રૂા. ૧૮૧) હોવાથી કન્યાના માબાપ તવંગરને ત્યાં નાંખવા લોભાય છે. વળી પલ્લા ઉપરાંત હોંસની જણુસ કન્યાના માબાપ કરાવવા કહે તો તેનું કુળ નીચું ગણાય તે બ્હીકે બોલે નહીં અને તવંગરને ત્યાંથી હોંસની જણુસ થવાની એટલે તવંગરને ત્યાં કન્યાઓ જાય છે. મધ્યમ વર્ગ મૂંગે મોઢે બેસી રહે છે. તેનાથી પૂરેલી હોંશની જણુસ આપવાનું બોલાતું નથી. તેથી પલ્લામાં સુધારાની જરૂર છે. આપણામાં સ્ત્રી ધનને માટે જે રૂ. ૧૮૧) ની રકમ ઠરાવેલી છે તે વધારીને રૂ. ૧૦૦૦) કે તેથી કંઇક ઓછી કરવી અને હોંશની જણુસ આપવાનું બંધ કરવું. આપણી કોમ સીવાયની નરસીંહપુરા, વીસા હુમડ, દશા હુમડ વીગેરે તમામ કોમોમાં રૂ. ૧૦૦૦) અને તેથી વધુ પલ્લાંની રકમો છે. તેથી તે કોમોમાં મધ્યમ વર્ગનાના વિવાહ સંબંધ થાય છે. આપણામાં ખાસ મધ્યમ વર્ગમાં ભારે કન્યાની જરૂર છે. આથી આપણા મધ્યમ વર્ગમાં છોકરી આપતા કોઇ અચકાશે નહી કારણ સર્વની આંતરીક ઇચ્છા એ હોય છે કે પોતાની છોકરી સાધારણ સુખી જીવન ગાળી શકે કે જે સ્ત્રી ધનની રકમ વધારવાથી નબળી આર્થિક સ્થિતિમાં પણ પોતાના કુટુંબને તેમજ પોતાને સુખી અને સાદું જીવન ગાળવામાં મદદરૂપ થઇ પડે. આમાં એક પ્રશ્ન ઉભો થાય છે તે એ કે મધ્યમ સ્થિતિનો માણસ એકી સાથે રૂ. ૧૦૦૦) લાવે કયાંથી? આનાં ખુલાસામાં એટલું કહી શકાય કે તે રકમ એકી સાથે પુરી નહી કરતાં પોતાને અનુકુળ વખતમાં પુરી કરવાની બાંહેધરી આપી શકે. લગ્નની વિધિ પણ હજીએ ઘણીજ સાદાઇથી કરીને પણ થોડી રકમ બચાવી શકે અથવા તો છેવટના ઉપાય તરીકે પોતાનો વીમો રૂ. ૧૦૦૦)નો ઉતરાવી તે કન્યાના નામ ઉપર ચઢાવી, પોતે તેનું પ્રીમીયમ ભર્યા કરે. આમ થવાથી કન્યા આપતાં હાલ ખાસ કરીને જે કાંઈ શ્રીમંતાઇ જોવાય છે તે જોવાનું રહેશે નહી અને લાયકાત પ્રમાણે દરેકને કન્યા મળી રહેશે. અને એ કન્યા પણ અત્યારના જમાનાના સામાન્ય ઘરેણાં કપડાનો ઉપયોગ કરશે. ઉપરની બાબતોમાંથી એક પણ રીતે ચાલુ જમાનામાં જેની શકિત બાહેંધરી કે છેવટ વિમાથી પણ રૂ. ૧૦૦૦) બચાવી શકે તેવી ન હોય તે આપણા સમાજમાં પરણવા માટે લાયક કેમ કહી શકાય? એવાને ત્યાં રૂા. ૧૮૧) કે તેથી એ ઓછું પલ્લું રાખે તોએ કન્યા કોઇ નહીં આપે કારણ જીંદગીમાં રૂા. ૧૦૦૦) પણ તે બચાવી શકવાનો નથી.

દૈવયોગે અથવા કમનશીબે કદાચ જો સ્ત્રી **વિધવા** થાય તો અત્યારે જે કંગાળીઅત વૈધવ્ય ભોગવવું પડે છે તેનાં કરતાં આશ્રમમાં કે ઘેર મધ્યમ સ્થિતિમાં રહેશે અને તેને દુઃખી અને ગુલામી જીંદગી ગાળવાનું રહેશે નહી. તે ઉપરાંત સમાજમાં સડો પેસવાનો સંભવ પણ રહેશે નહી. અને વિધવા વિવાહનો પ્રશ્ન પણ આપોઆપ બંધ થશે.

આ બધું કરવા છતાં પણ કન્યાઓની અછતને લીધે કેટલાક લાયક છોકરાઓ અને વિવાહ કરવા યોગ્ય વિધુરો અવિવાહીત રહી જવાના. આને માટે એકજ ઉપાય છે તે એ કે અન્તરજ્ઞાતીય વિવાહ માટેનો માર્ગ મોકળો કરવો. આમ કરવાથી આપણી આખી સમાજનું ભલું થશે અને એક બીજા વચ્ચે સંપ વધી સમાજનું બંધારણ સુવ્યવસ્થિત થશે, પરંતુ અન્તર જાતીય વિવાહમાં સમ્મતી આપતા પહેલાં આપણે એક કામ કરવાનું છે તે એ કે જ્યાંસુધી આપણી કોમના આપણાજ બંધુઓ જે એકડાવાળા કહેવાય છે ને જેઓએ હવે ઘણા સુધારા કરી લગભગ સાત વર્ષથી સુવ્યવસ્થિત બંધારણ કરેલું છે તેમને અપનાવી લઇએ નહી ત્યાંસુધી અંતરજાતીય વિવાહની વાત પણ કરવી તે શરમાવા જેવું છે.

માટે આપણાજ બંધુઓને પહેલાં અપનાવી લઇ, અન્તર જાતીય વિવાહની છુટ આપવાથી આપણી કોમની ઉન્નતિ થઇ ગુજરાતના જૈનોમાં ઐક્યતા સધાશે. કેટલાકની માન્યતા એવી છે અન્તરજાતીય વિવાહની છુટથી શહેરનાને અને ભણેલાઓને કન્યા મળવાની અને ગામડાવાળા તથા ઓછું ભણેલા રહી જવાના, પણ આ માન્યતા ખોટી છે. કારણ કે ઘણા ખરા ગ્રેજ્યુએટો ગામડાના વતની છે. અને વળી હવે રેલ્વે તથા મોટરોનાં સાધનો વધવાથી શહેર ને ગામડામાં કંઇ ફેર રહ્યો નથી. ઉલટું શહેરના લોકો ગ્રામ્ય જીવન વધારે પસંદ કરે એ જમાનો આવે છે. શહેરની સંસ્કૃતિ ગામડામાં પણ મળી આવે છે. અને શહેરના વેપાર ધંધા પડી ભાગ્યા છે એટલે શહેરી જીવન કરતાં ગ્રામ્ય જીવન વધારે સુખી હોઇ, શહેરમાં વધારે કન્યાઓ જશે એ શંકા અસ્થાને છે.

બીજું કેળવણીની બાબતમાં એવું છે કે હવે યુનીવર્સીટીની કેળવણીનો મોહ રહ્યો નથી. કારણકે ભણેલાઓ પણ ઘણા બેકાર તરીકે ફરે છે, એટલે હવે કન્યા આપતા પહેલાં વ્યાપાર ચાતુર્ય અને સંસ્કાર ખાસ કરીને જોવાય છે. અને સંસ્કાર કેળવણીથીજ મેળવી શકાય છે, એટલે આ પ્રમાણે થવાથી ઘણાને ફરજીઆત પણ ભણવાની જરૂર પડશે કે જે ખાસ જરૂરનું છે.

હાલ કન્યા આપતા પહેલાં પૈસા અને કેળવણી, વ્યાપાર ચાતુર્ય ને સંસ્કૃતીજ જોવાય છે, નહી કે શહેરી જીવન, તેના દાખલા તરીકે આપણા સંભાનાં ગામડાં–કાણીસા, વેડચ, કરમસદ, સોજીત્રા તથા વડોદરાનો વિચાર કરો. ઉપરનાંમાં શહેર કરતાં ગામડાઓમાં કન્યાઓ વધુ પ્રમાણમાં જાય છે તે બતાવી આપે છે કે હવે શહેરનો નહી પણ પૈસાનોજ મોહ રહ્યો છે. તે પૈસાનો મોહ પણ સ્ત્રી ધનનો આંકડો વધારવાથી જતો રહેશે એટલે ફક્ત સંસ્કાર, કેળવણી ને વેપાર ચાતુર્યનો મોહ રહેશે. સાધારણ રીતે તવંગર કરતાં ગરીબના છોકરાઓ વધુ ભણે છે, એટલે શ્રીમંતોને પણ પોતાના છોકરાઓને ભણાવવાની ફરજ પડશે અને કેળવણીનું પ્રમાણ પણ વધશે.

જુના જમાનામાં જે રિવાજો ઘડેલા તે તે વખતના જમાનાને અનુસરી સારા હતા, પરંતુ જેમ જમાનો બદલાતો જાય તેમતેમ રીવાજોમાં પણ યોગ્ય ફેરફાર કરવા જરૂરના છે. સુધારાના ઠરાવો કરી અમલમાં મુકવા માટે એક **સુવ્યવસ્થિત પંચની ખાસ આવશ્યકતા** છે અને જ્યાં સુધી આપણે સુવ્યવસ્થિત પંચ તૈયાર કરી તે દ્વારા સુધારા અમલમાં મુકીએ નહી ત્યાં સુધી બધું ધૂળ ઉપર લીંપણ જેવું છે. તાર, ટપાલ, રેલ્વે સુધરાઇ આદિ બંધારણ વગરનાં આપણા પંચ જેવું મંડળ ચલાવી શકે કે? માટે સમાજ ઉન્નતિ માટે બંધારણ તો જરૂરીજ છે.

માટે આ **લગ્નગાળા પ્રસંગે** કોમના આગેવાનો ઉપરની બાબતો ધ્યાનમાં લઇ ઉત્સાહથી યોગ્ય સુધારા કરી અમલમાં મુકી જ્ઞાતિની તેમજ સમાજની ઉન્નતિમાં પોતાનો ફાળો આપશે એવી નમ્ર પ્રાર્થના કરી અત્રે વિરમીશ.

સામાજીક ઘાતકીપણું.

જમાનો જ્યારે સ્ત્રીના ઉચિત હકો, મનુષ્યોએ છીનવી લીધા છે, તેમનો યોગ્ય સત્કાર કરી તેમને ન્યાય આપવા તરફ વધુ ને વધુ પ્રમાણમાં વળતો જાય છે; ત્યારે આપણા ડાહ્યા વણીક બંધુઓ ત્રાજવાંનાં બન્ને પલ્લાંને સરખાં કરવાને બદલે ઉંચાનીચાં કરવામાં વધારે મહત્વ માનતા લાગે છે. કન્યા કેળવણી જો કે, જરૂર આપણામાં વધી છે, ભાગ્યેજ કોઇ કન્યા નિરક્ષર રહેતી હશે. બેચાર ચોપડી ભણ્યા પછી તે કન્યા જ્યારે પત્નિનું રૂપ ધારણ કરે છે, ત્યારે એ ચાર ચોપડીના ભણતરનો ઉપયોગ કરવાની તેને તક તો નથી મળતી; પરંતુ **પ્રચલીત ઝઘડાને લઇને કલેશ** પ્રગટ કરવાનું સાધન તેને બનાવવામાં આવે છે. માત્ર યુવાન સ્ત્રીઓ નહિ, પરંતુ ઠરેલ વૃદ્ધ અને આધેડ ઉમરની બ્હેનો પણ એજ દશા ભોગવે છે.

લગ્ન કે બારમાનો અવસર હોય, શાળો અને બનેવી, સસરો અને જમાઇ જુદા જુદા તડમાં હોય; ત્યારે વિવધ પ્રકારની વિચીત્ર ચાલબાજી એક બીજાની લાગણી વધારે તીક્ષ્ણ, અને દુખાય એટલા માટે, સ્ત્રી મારફતે રચાય છે.

બનેવી, પોતાની પત્નિને તેના ભાઇને ત્યાં જતાં અટકાવે છે. જમાઇ, પિતા, પુત્રોને વિખુટાં પાડી વૈર વધારવાની યોજના કરે છે. સ્ત્રીઓનાં હૃદય કોમળ હોવાથી તેમનાં હૃદય આવે પ્રસંગે જરૂર દ્રવે છે. ચ્હાય તેવી પતિવ્રતા પત્નિ, સારા માઠે અવસરે પિતાનું ઘર ત્યાગ કરવાનું સાંખી શકતી નથી. પરાધીનતાના સંસ્કાર પામેલી અબળા ગણાતી અર્ધાંગના ચાર આંસુ પાડી મનમાં ને મનમાં સમી જાય છે. આવે પ્રસંગે કોઇપણ સહૃદય પુરૂષનું અંતઃકરણ દુભાયા શીવાય રહેતું નથી. ખોટો મમત અને ચડશ કેળવવા ખાતર, તેવે પ્રસંગે તેની સાથે દીલશોઝીથી વર્તવાને બદલે ઘાતકી વર્તન ચલાવ્યાના અનેક દ્રષ્ટાંત આજ આપણે આપણા સમાજમાં સાંભળીએ છીએ. જીંદગીમાં આવા અનેક પ્રસંગો આવે છે અને તેથી અભ્યાસ પડી જવાથી અંતઃકરણ જડ થઇ જાય છે. **આ જડતા કોઇપણ પશુના વધ કરતાં વધારે ઘાતકી છે** એમ, ધર્મનો મર્મ જાણનાર સજ્જન પુરૂષને લાગ્યા સિવાઇ નહિ રહે.

શરૂઆતમાં સ્વાભાવીક રીતે નજીકના સબંધીઓ એક તડમાંજ હોય છે. તડને નિભાવનાર ઘણે ભાગે શ્રીમંત અને ધરખમ આસામી હોય છે. પોતાના તડ પૈકીના સંબંધીને જરૂર પડે નાણાંની મદદ કરવાની તેને જરૂર પડે છે. આમ મદદ રૂપે ધારેલી રકમ સ્હેજ ચુક પડતાં બન્ને સામ સામી તડથી થતાં દુશ્મન દાવો કેળવવાનું સાધન બની જાય છે. કોર્ટમા દાવા મંડાય છે. સમાધાન ને સ્થાન તો હોતુંજ નથી; એટલે સામા પક્ષનો ગરીબ માણસ ખુવાર થાય છે. મંકોડો ચબદાય ત્યારે બને તેટલા બળથી ચબદનારને બચકું ભરે, અને ન ચાલે ત્યારે પોતાની ગાંડ બચકું ભરે તેવી **પશુવૃત્તિ બન્ને બાજુ પ્રવર્તે** છે.

લાગવગ ધરાવનાર તડનો આગેવાન, પોતાના તડના કુંવારા મનુષ્યોને પોતાની લાગવગના બળે, ખોટા ખરા આગ્રહ કરવાની આવડતને લઇને કન્યા મેળવી આપે છે. મનમાન્યાં પલ્લાં, થાપણ વગેરેના પ્રપંચ રચી, તે રકમો પોતાને ત્યાં યુકિત પ્રયુકિત પૂર્વક જમા મંડાવે છે. જમાનું વ્યાજ નજીવું હોય છે. બધુંજ કાયદાસર, પણ જમાવાળા હિસાબ માંગે તો તે આપવાના અખાડા કરે છે. ને પ્રસંગ આવે અહેસાન નીચે આવેલો યુવાન પુરૂષ સ્વમાનની ખાતર સ્હેજ ડોકું ઉંચું કરે, કે તુરત તડના આગેવાન ગૃહસ્થ પોતાના હરેક કાયદેશરનાં હથીયારથી સુસજ્જીત થઇ લડાઇ જાહેર કરી દે છે. કાયદો છુટ આપે તો, બિચારો ગરીબ યુવક મોંઘે મૂલ્યે

મેળવેલી પતિ પણ ગુમાવી દે. નિર્દોષ પત્ની કાંતો પતિનો કે કાંતો પિતાનો પ્રેમ ગુમાવી બેસે છે.

છોકરો જુવાન થયો હોય, ભણ્યો હોય પણ સરટીફીકેટ મળ્યું ન હોય, તડના આગેવાન પોતાની લાગવગથી, તેની પુરી કસોટી કરી અથવા હાથપગ બાંધી લે એવાં લખાણ કરી, પોતાને ત્યાં અથવા બીજાને ત્યાં હલકા ભારે કામે વલગાડે છે. ઉપકાર નીચે દબાયેલ પિતાના ઠપકાના ડરથી સ્હાય તેવી, યોગ્ય અયોગ્ય ચાકરી પણ જુવાન છોકરો ઉઠાવે છે. કોઈ પ્રસંગે ભુલેચુકે શેઠનો અથવા શેઠની પત્નિનો ઠપકો સામા તડના માણસો સાથે વાત કરવા બદલને પાત્ર તે થઇ જાય છે, તેને ખડતુસ મલી જાય છે. પાછળથી એવાં કવોલીફીકેશન (Quali-fications) જાહેરમા મુકવામાં આવે છે, જેથી કદાચ તેની જીંદગી પણ રદ થઇ જાય.

આવાં તો ઘણાં ચિત્રો રજુ કરી શકાય એમ છે, જેમાં તડ અને બીજા ઝઘડાના કારને લીધે આશ્રિત વ્યકિત સાથે **નિર્દય વર્તન** ચલાવવામાં આવ્યું હોય. અવસર પ્રસંગે તો ઘાતકી પણે વર્તવાનો તો પક્ષાપક્ષનો પ્રથમ કાયદો છે. આડે પ્રસંગે, પણ તેની છાયા, ભુંસાતી નથી. કેટલાએક પ્રસંગોમાં તો આખી જીંદગી વૈમનસ્યની ભાવનાઓ કાયમ રહે છે. બધું બળ આશ્રિતો ઉપર અજમાવવામાં આવે છે. આમા બધાજ નિર્દય હોય છે એમ મારૂં કહેવું નથી, કેટલાક સહૃદય પણ હોય છે, તેમની લાગણી જરૂર દુઃખાય છે; પરંતુ પક્ષકારના બળ આગલ અતઃકરણથી વિરૂદ્ધ જઇને પણ તેમને નિર્દયતાને સાંખવી પડે છે. આગળ પાછળ બડબડાટ કરીને બેસી રહે છે. સ્ત્રીઓના સ્વભાવની કોમલતા, આવા પ્રસંગોથી ઘડાઇને કુટીલતાનું રૂપ ધારણ કરે છે.

દક્ષ પ્રજાપતિએ યજ્ઞ આદર્યો હતો, આવા મહાન દબદબાવાળા સમારંભમાં, શીવ જેવો લંગોટીઓ જમાઇ શોભે નહિ તેથી દક્ષ પ્રજાપતિએ શીવને આમંત્રણ ન આપ્યું. પાર્વતિજીએ તે સાથે બંડ ઉઠાવ્યું. અપમાનના કારણથી શીવને થયેલા ક્રોધની અવગણના કરી, પાર્વતિજી પોતાના પિતાશ્રીને ત્યાં વણ બોલાવ્યાં આવ્યાં અને પિતાને સાફ સાફ જણાવી દીધું કે તમે મારા મહાન પતિનું અપમાન કર્યું છે, તેનું બુરૂં પરિણામ તમારે સહન કરવું પડશે. શીવને તે ઉત્સવમાં આમંત્રણ કરવામાં આવ્યું અને ઉત્સવ હજીપણ નિર્વિઘ્ને પાર ઉતર્યો.

પાર્વતિજીના પરાક્રમનું સ્મારક હરદ્વારમાં ગંગાજીના પવિત્ર તટ ઉપર આજપણ હયાત છે. પતિનું અપમાન કરનાર પિતાને તેની ભુલ માટે યોગ્ય સુચના કરવાનો પુત્રીનો ધર્મ હીમત-પુર્વક પાર્વતિજીએ બજાવ્યો; અને પોતાના પિતા અને પતિ બન્નેને પડતા બચાવ્યા.

આજપણ બ્હેનોમાં તેની તેજ શક્તિ જીવંત છે. તેને પ્રગટ થવા ન દેનાર **સામાજીક અયોગ્ય બંધારણો** છે. પોતાને ઘેર પિતાશ્રી આવ્યા હોય, પુત્રી બીચારી દોઢ હાથનો ઘુમટો તાણી ઘરમાં ગડમથલ કર્યા કરે. સસરો, પતિ વગેરે વડીલ વર્ગની આગળ, પોતાના ભાઇ ભાંડુઓની ખબર અંતર પણ ખુલ્લે મોઢે પુછી ન શકે. હું પુછું છું કે લાજ તે કોની હોય? પિતા સ્વરૂપ સસરાજીની કે, નઠોરવા છટાકીયા દીયર વગેરેની! સ્ત્રીઓના હૃદયબળ અને ચારિત્રના તેજ આગળ કયા મહાન પુરૂષને નમવું નથી પડયું? આપણે એને લાજ કાઢતાં શીખવીને નિર્લજ બનાવી છે. વડીલ આગળ મ્હોં છુપાવવાથી વડીલ તેની લાગણી સમજી શકતા નથી. પતિ એકાંતમાં ભળે ત્યારે એની લાગણી સમજે; પરંતુ યુવાન હૃદય સમય જતાં, વિસરી જાય છે. આમ આપણે લડાઇ ટંટા, પક્ષાપક્ષ અને ટુંકા વાડાના બંધારણોના ભાર નીચે આપણી બ્હેનોની શક્તિને કચડી રહ્યા છિયે. ઝઘડામાં તેઓ પણ ઉલટી રીતે આગળ થતાં શીખી છે.

મારા સાંભળવામાં આવ્યું છે, કે, અમુક જગ્યાએ તો સ્ત્રીઓના હાથમાંજ ઝઘડો કરવાની ચાવીઓ છે, અને ત્યાં પંચ મળે તો સમાધાન થાયજ નહિ.

આ બધું આપણી આશ્રિત બહેનો અને યુવાન છોકરાઓ પ્રત્યે ગુજરતા ઘાતકીપણાનું પરિણામ છે. આપણી સંતતીમાં તેનું ઝેર વારશામાં મળતું જાય છે. હીંસક પશુઓ પણ પતિ પત્નિનું પ્રેમાળ જીવન જીવે છે ત્યારે આપણે મનુષ્ય હોઇને, તે પ્રેમના સ્વર્ગીય સુખનો હાથે કરીને નિરર્થક ચુરો કરી નાખીએ છીએ.

સામાજીક ઝઘડાઓને બળ, કળથી પતાવવાની અભિલાશા છાડી દઈ પ્રેમથી પતાવવાનું કામ આ શકિત પર છોડો. સાસરેથી પિયર છુટથી જવામાં અંતરાય ન નાખો. સાસરમાં અંતરાઇ રહેવાથી તેની તંદુરસ્તી બગડશે. એમની આંખનો અમીદ્રષ્ટિથી સમી જતા નાના નાના ઉગતા સામાજીક ઝઘડાઓ મ્હોટા પહાડ જેવા થઈ જશે. તેમના અંતઃકરણનો બળાપો અને નિઃશાસાથી કૌટુંબીક સુખનો નાશ થયેલો છે; પરંતુ એથી પણ વધારે વિનાશ કયમ ન થાય?

॥ यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवता ॥

સ્ત્રીઓની પૂજા એટલે તેમનો સત્કાર છે. તેમની યોગ્ય ભાવનાને બળ જબરીથી રોકવાથી તે ઉલટી દીશામાં જઇ આપણો અને એમનો એ વિનાશ સર્જશે. જે સમાજમાં તડ પડેથી સાથે જમવા બેસવાનો વાંધો આવે અને કન્યાઓને તો તડમાં પરસ્પર દેવાય છતાં તે કન્યાને પાછી પીએર જવા દેવામાં રોકાણ કરે તેવા કઠણ હૃદયના પુરૂષ જે સમાજમાં હોય તેનું ભલું શી રીતે થાય? પ્રભુ સામાજીક ઘાતકીપણું દૂર કરો! દૂર કરો!!!

—નાગરદાસ.

વીર ગોબિલજી.

(એક મહાન હિંદી શોધક)

મુંબાઇથી માર્સેલ્સ જતી એક સ્ટીમરમાં ૧ લા કલાસની એક કેબીનમાં પોતાની સાથે સફરે આવનાર નવયુવક હિન્દી વિદ્યાર્થિને પૂછયું. આપ કયાં જાવ છો?

વિદ્યાર્થિએ જવાબ આપ્યો કે મને ખબર નથી કે હું કયાં જઇશ પરંતુ એટલું તો ચોક્કસ છે કે માર્સેલ્સ ઉતરીશ. યાત્રીએ આશ્ચર્યથી પૂછયું; નવાઇ જેવી વાત છે કે આપ પરદેશ-ગમન કરી રહયા છો; અને આપ પોતેજ એટલું પણ કહી શકતા નથી કે આપ કયાં જશો.

વાત એમ છે કે અભ્યાસ કરવાને અમેરીકા જવાની મારી ઇચ્છા છે, પરંતુ મારી પાસે જેટલા પૈસા છે તેટલામાંથી મને માત્ર માર્સેલ્સની ટીકીટ પ્રાપ્ત થઈ છે. હવે જોઉં છું કે ફ્રાન્સ દેશમાં પહોંચ્યા પછી ભાગ્ય કયાં લઇ જાય છે.

આ સાંભળીને પેલા ગૃહસ્થને વધારે કુતુહલ ઉત્પન્ન થયું અને તેણે વિદ્યાર્થિને તેનું પૂર્ણ વૃત્તાન્ત પૂછયું. વિદ્યાર્થિએ ઉત્તર આપ્યો." મારૂં નામ હરગોવિન્દ ગોબિલ, મારા પિતાશ્રી અલીગઢના રહીશ છે પરંતુ મારો જન્મ બિકાનેરમાં છે. કાશી વિશ્વવિદ્યાલયમાં B Sc સુધીનો અભ્યાસ કરી પછી પરિત્યાગ કર્યો છે. હવે અમેરીકા જઇને વિજળીની એન્જીનીયરીંગ "Electrical Engineering" પસાર કરવાની મારી ઇચ્છા છે. મારી પાસે પૈસા નથી. જે તે રીતે રૂ. ૧૦૦૦) એકઠા કરીને હું મુંબાઇ આવી ગયો છું.

સને ૧૯૨૦ નો સમય હતો. મહા યુદ્ધ પુરૂં થયા પછી તમામ (હિન્દુસ્તાન) યુરોપીઅનો પોત પોતાને સ્વદેશ વિચરી રહયા હતા. તેમની ભીડને પરીણામે ૨ જા અને ત્રીજા વર્ગની

ટીકીટને માટે એટલા વખત સુધી રાહ જોઇ બેસી રહેવું, મને અસહ્ય લાગ્યું તેથી તે રૂ. ૯૯૦)ની માર્સેલ્સ સુધીની ટીકીટ લઇ લીધી. તેની આ રામકહાણીનો સદ્‌ગૃહસ્થ ઉપર ઘણો પ્રભાવ પડયો. તેઓ શ્રી મુંબઇના એક ધનીક વહેપારી હતા. તેમણે ગોબીલજીને લંડનની ટીકીટ ખરીદી આપી અને રસ્તા ખર્ચને માટે બે પાઉંડ જુદા આપ્યા

લંડન પહોંચ્યા પછી ગોબીલજીએ શેઠ અંબાલાલ સારાભાઇની કૃપાથી ન્યુયોર્કની (અમેરીકાની) ત્રીજા વર્ગની ટીકીટ પ્રાપ્ત કરી અને શેઠ અંબાલાલ સારાભાઇએ રસ્તાના ખર્ચને માટે કંઇક પૈસા આપવાની ઇચ્છા બતાવી પરંતુ તે વીર યુવકે કહ્યું કે માફ કરજો મહેરબાન, મારે હમણાં આવશ્યકતા નથી. જ્યારે શ્રી ગોબીલજી ન્યુયોર્ક જવા માટે સ્ટીમર પર પહોંચ્યા એટલે તેમની પાસે કુલ 'બેપેની' (બે આનાની) પુંજી હતી. સ્ટીમર ઉપર બીજા બે હિન્દી વિદ્યાર્થિઓ તેમને મળ્યા. તેઓ પણ વિદ્યાભ્યાસને માટે અમેરીકા જઇ રહયા હતા. જ્યારે તેમને માલમ પડયું કે ગોબીલજી પાસે એક કોડી પણ નથી, ત્યારે તેમણે તેમને કહયું "જો તમારી પાસે પચાશ ડોલર રોકડા નહિ હોય તો તમે અમેરીકાની ભૂમિપર પગ મુકવાને અશકિતમાન થશો. હવે ગોબિલજીને અમેરીકાનો એ નિયમ ધ્યાનમાં આવ્યો પરંતુ સ્ટીમર તો ચાલુ થઇ ગઇ હતી હવે શું કરવું? તેમણે એક વિદ્યાર્થિને કહયું. મને કૃપા કરી પચાશ ડોલર આપજો." હું ઇમીગ્રેશન ઓફીસમાં તે રકમ દેખાડીને બહાર નિકળીશ કે તુરતજ તે રકમ આપને પાછી પહોંચાડી દઇશ. તેણે જવાબ આપ્યો. હું તમને ઓળખતો નથી અને કદાચ તમે તે રકમ લઇને નાશી જાવ તો હું શું કરૂં? આ સાંભળીને ગોબીલજી ચૂપ થઇ ગયા. ચિંતાથી એમને શોષ પડવા લાગ્યા. શું આટલે દૂર આવ્યા પછી પણ નિરર્થક મને પાછો વાળવામાં આવશે? મારી બધી મહેનત નકામી જશે. આમ વિચારમાં ને વિચારમાં બે ત્રણ દિવસ પસાર થઇ ગયા. જહાજ ન્યુયોર્કના બંદર ઉપર જઈ પહોંચ્યું.

બધા યાત્રીઓ ઊતરીને ઇમીગ્રેશન ઓફીસની પાસે જવાને માટે એક હારમાં ઉભા રહયા. જ્યારે ગોબીલજીની વારી આવી તેજ વખતે પેલો હિન્દિ વિદ્યાર્થિ દોડતો આવ્યો અને હાથમાં એક પાકિટ આપતાં બોલ્યો "લ્યો એનાં પચાશ પાઉન્ડ" ઇમિગ્રેશન ઓફિસરને બતાવીને મને તુરત પાછા આપી દેજો.

ઓફીસરે એમનો પાસપોર્ટ વિગેરે જોઇને રૂપીઆ જોવા શિવાયજ જવાની રજા આપી દીધી. બહાર નીકળીને તે બંધનું બંધ પાકીટ તે વિદ્યાર્થીને તેમણે પાછું પહોંચાડી દીધું. ગોબિલજીનું કહેવું એવું છે કે એમને આજ સુધી માલમ પડયું નથી, કે એ પાકીટમાં ખરેખાત રૂપીઆ હતા કે નહિ તે હું જાણુતોજ નથી.

અમેરીકા પહોંચતાની સાથેજ ગોબિલજીનો સૌથી પહેલો પ્રશ્ન આજીવિકાનો હતો. એમણે બધા પ્રકારની મહેનત મજુરીનું કામ કર્યું. આખો દિવસ મહેનત કરતા હતા અને સાંજે કોલેજમાં જતા હતા. થોડા દિવસ પછી કોલેજ છોડી દીધી. અને બીજા કોઇ ધંધામાં વ્યવહારીક શિક્ષણ મેળવવાની ઇચ્છા ઉદ્‌ભવી, તે સમયે તેમને ઉત્તમ છાપખાનામાં કામ મળી ગયું. તે કામ તેમને ઘણું પસંદ આવ્યું બધા પ્રકારના છાપખાનાનું કામ તેમણે ઉમંગથી શીખી લીધું. છાપખાનામાં એ નવા શીખનાર તરીકે કામ કરતા હતા તેથી કરીને પગારના રૂપમાં જે કાંઇ મળતું હતું તેટલાથી તેમનું પુરૂં થતું નહોતું. આથી કરીને સાંઝના વખતે ખુલ્લી જગ્યાઓ અને પાર્કોમાં જઇને ભાષણ કરવાનું શરૂં કર્યું. તે દિવસોમાં મહાત્મા ગાંધીજીના અસહકારની ચર્ચા અમેરીકામાં ચાલી

રહી હતી. ગોબીલજીએ પણ અમેરીકન શ્રોતા સમક્ષ એના વિષયમાં વ્યાખ્યાન આપવાનું શરૂ કર્યું. આ વ્યાખ્યાનોએ તેમને ઘણા અમેરીકન સજ્જનો સાથે પરીચય કરાવ્યો. એમને માલુમ પડયું કે ઘણા અમેરીકનો ભારતના સંબંધમાં જાણવાને ઇચ્છા રાખે છે. અમેરીકામાં એવું કોઇ પત્ર નથી કે જે તેમની જીજ્ઞાસા તૃપ્ત કરી શકે. ગોબિલજીએ ત્રીસ ડોલરની કિંમતનું એક ભાંગ્યું તુટયું છાપખાનું ખરીદ કર્યું. જાતે તેની મરામત કરી અને "Orient" ઓરીઅંન્ટ નામનું એક માસીક પત્ર પ્રસિદ્ધ કરવા માંડયું. પત્રની કળાપૂર્ણ સફાઇ, સુંદર છપાઇ અને ઉત્તમ લેખોની બધાં અમેરીકન પત્રોએ પ્રશંસા કરી.

૧૯૨૪માં તેમણે ન્યુયોર્કમાં ઇન્ડીઆ સોસાયટી ઓફ અમેરીકાની સ્થાપના કરી જેનો ઉદ્દેશ અમેરીકા અને ભારતની વચ્ચે સદ્‌ભાવ ઉત્પન્ન કરવો અને ભારતની કળા વિદ્યા અને સંસ્કૃતિનો અમેરીકનોને પરિચય કરવવો એ હતો. કવિશ્વર રવિન્દ્રનાથ જ્યારે અમેરીકા ગયા ત્યારે એ સોસાયટીના પ્રયત્નથી કવિશ્વરના એ સ્વાગતમાં અમેરીકાના મોટામાં મોટાં ગૃહસ્થો સામેલ થયા હતા જેમાં હાલના રાષ્ટ્રપતિ શ્રી. રૂઝવેલ્ટ પણ હતા.

૧૯૨૬માં ગોબિલજી હિન્દુસ્તાન આવ્યા હતા, પરંતુ થોડા દિવસ રહીને ફરીથી અમેરીકા ગયા. બીજી રાઉન્ડટેબલ કોન્ફરન્સ વખતે મહાત્મા ગાંધીને અમેરીકા જવાનું આમંત્રણ આપવાને માટે એઓશ્રી લંડન ગયા હતા. પરંતુ મહાત્માજીએ તેમની આ વાતનો ઇન્કાર કરવાથી નિરાશા સાથે તેઓ અમેરીકા પાછા ફર્યા. અમેરીકા પાછા ફરતાં ૧ દીવસ અગાઉ લંડનની ઇન્ડીયા ઓફીસના સ્ટેશન વિભાગમાં એક પુસ્તક ખરીદવા ગયા હતા.

બહાર નિકળતી વખત વરસાદ વરસી રહ્યો હતો. વરસાદ બંધ થવાની રાહ જોતા રસ્તા ઉપર સડકની સામી બાજુએ ફુટપાથ ઉપર એક મોટી દુકાન હતી જેમાં મોટા અક્ષરોથી 'લાઇનો ટાઇપ' એમ લખેલું હતું.

ગોબિલજીએ દુકાનમાં પ્રવેશ કર્યો. યંત્રો જોવાં મેનેજરની સાથે મુલાકાત કરીને તેમને કહ્યું. આપ દેવનાગરીના 'લાઇનો ટાઇપ' કેમ બનાવતા નથી? મેનેજરે જવાબ આપ્યો કે જો દેવનાગરીના 'લાઇનો ટાઇપ' બની શકે તો હું ઘણો પ્રસન્ન થઇશ. અમે એને માટે ઘણી કોશીશ કરી છે. અનેક વિદ્વાનોની સાથે એને માટે ચર્ચા કરી છે. બધાએજ એક મતથી કહ્યું છે કે દેવનાગરી લીપીનાં લાઇનો ટાઇપ બનવા અસંભવ છે ગોબિલજીએ જવાબ આપ્યો. કોણ કહે છે કે એ અસંભવીત છે. હું બનાવીને તમને દેખાડી શકું છું. મારી પાસે તેના પુરા નકશા બનાવેલા તૈયાર છે. મેનેજરે આશ્ચર્યથી પૂછયું. શું આપ બનાવી શકો છો? આપ આપના નકશા લાવીને મને બતાવજો. ગોબિલજીએ જવાબ આપ્યો. દિલગીર છું કે મને વખત નથી. હું આવતી કાલેજ અમેરીકા જવાનો છું. મેનેજરે કહ્યું તોતો એ એથીએ વધારે સારૂં છે કારણ કે અમેરીકામાં હમારી કંપનીની હેડ ઓફીસ છે તેને ત્યાં હમારા મેનેજરને તમારી યોજના બતાવજો. હું અહીંથી તેમનો પત્ર લખી દઉં છું.

અમેરીકા પહોંચ્યા પછી ગોબીલજીએ પોતાની યોજના અને નકશાઓ લાઇનો ટાઇપ કંપનીના મેનેજરને બતલાવ્યા. કંપનીએ એકદમ તો એમના ઉપર વિશ્વાસ ન મુકયો. તેમને પ્રિન્સ્ટન અને પેન્સત વેનીઆ વિદ્યાલયોના બે પ્રોફેસરોના અભિપ્રાય માટે તે મોકલી આપ્યું. જ્યારે તે બન્નેએ ગોબિલજીની યોજના વ્યવહારીક છે એમ બતાવી આપ્યું ત્યારે કંપનીએ ગોબીલજીને યંત્ર બનાવવાનું કામ સોંપ્યું. તેમણે ૭ માસ દીન રાત પરિશ્રમ કરીને દેવનાગરી લાઇનો ટાઇપનું મશીન બનાવી તૈયાર કરી આપ્યું!

(વધુ માટે જુઓ પાનું ૨૭૭)

हमारी अवनतिके मुख्य कारण।

(लेखक-श्रीयुत् पं० लक्ष्मीचन्दजी जैन शास्त्री)

हमारी जातिकी आए दिनकी घटनाओंके अवलोकन करनेसे इस बातपर और विश्वास बढ़ता जाता है कि इस जैन समाजका हराभरा होना असंभव नहीं तो दु:साध्य जरूर है। हरेक जातिके उन्नतिके मूल कारण दो होते हैं। शिक्षा और सम्बंध। जब हम इन दोनों बातोंको लेकर जैन जातिपर दृष्टि डालते हैं तो पता चलता है कि अभी हमारी दोनों बातें बहुत ही अव्यवस्थित हैं। हमारी शिक्षा जिसे हम अपनी शिक्षाके नामसे कह सकते हैं। विद्यालय या पाठशालीय पठन-पाठन शैली वह बहुत ही निराले ढंगकी है। उसमें व्यवहार ज्ञानका बिलकुल भी समावेश नहीं है। जिससे छात्र निकल कर प्राय: व्यवहार शून्य होते हैं। और जो कोई अच्छे और प्रभावशाली भी होगये तो वह अपने बुद्धिबल और परिश्रमसे।

विद्यालयोंके पठन-पाठनमें कहीं भी लौकिक ज्ञानकी प्रधानता नहीं रखी गई है। जिससे उन छात्रोंका जीवन समाजके ही अर्थ न होवे। बल्कि वह अपनी आजीविका कहींसे प्राप्त कर सकें। उनको लगभग वीस वर्ष पर्यन्त संस्कृतकी शिक्षा दी जाती है। उसमें भी खासकर जैन न्याय और धर्मशास्त्र। ऐसी हालतमें जब वे अपनी आजीविकाके हेतुपर विचार करते हैं तो उनको केवल सामाजिक नौकरी ही दृष्टि पड़ती है। यदि कदाचित समाजमें स्थान नहीं मिला तो वह उस शिक्षाके बलपर जिसमें उसने शिक्षा प्राप्त करने योग्य वय बिता दी है। कोई भी आजीविकाका हेतु सुलभ नहीं है। ऊपरकी पंक्तियोंसे मेरा अभिप्राय यह नहीं है कि धार्मिक शिक्षा दी ही न जाय। बल्कि यह है कि धार्मिकके साथ२ आजीविका उपार्जनका भी साधन जरूर होना चाहिये।

इसलिए सामाजिक शिक्षालयोंके संचालकोंसे यह निवेदन है कि वे शिक्षाकी उपयोगता पर भली भांति विचार करें तथा इस बातपर भी ध्यान रखें कि धर्मपुरुषार्थके साथ अर्थ भी होना चाहिये। कहनेकी गरज यह है कि छात्रोंका धार्मिक ज्ञान तो बढ जाता है पर अर्थोपायसे शून्य रहजाता है। यही शिक्षाका एकांगीपन है और यह उनका जीवन सुखी नहीं बनासक्ता है। इस लिये विद्यालयों या पाठशालाओंमें कुछ ऐसे साधन अनिवार्य रूपसे रखदेना चाहिये जिससे छात्र अपनी जीविका सुगमतासे संपादन करसकें। ऐसे समयमें छात्रोंको तथा उनके संरक्षकोंको इन बातोंका सुधार अवश्य करना चाहिये। तभी हमारी जातिके भावी कर्णधार सच्चे जैनी व सद्गृहस्थ बन सकेंगे।

दूसरा अवनतिका प्रबल कारण सम्बन्ध है अर्थात् अनमेल विवाह (वृद्ध विवाह, बाल विवाह) कन्याविक्रय आजकल भी जहां इसका प्रतिबंध नहीं है जोरोंके साथ होते हैं।

हमारी जातिसे विवाह शादियोंमें ऐसे बेजरूरती खर्चीले रीति रिवाज चले आरहे हैं। हम जबतक उनको दूर न करेंगे तबतक समाजकी हालत सुधर नहीं सक्ती है। ऐसे नाजुक समयमें जातीय पंचोंका यह कर्तव्य होना चाहिये कि वे रीतिरिवाजोंको इतना मामूली कर देवें जिससे

मामूली स्थितिका आदमी भी सुगमतासे उसका खर्च बर्दास्त कर सके। ऐसे समयमें यह विचार न करना चाहिये कि हमारे बापदादोंका चलाया रीतिरिवाज हम कैसे तोड़ें ?

उस समय भारत धनसम्पन्न था। आज उससे विपरीत परिस्थितिमें है। तथा कन्याविक्रयपर कड़ा प्रतिबंध रखना चाहिये। और साथमें इस बातका भी प्रबन्ध यथाशक्ति कर देना चाहिए जिससे वह व्यक्ति विवाहके आर्थिक दुःखसे दुखी नहीं होवे। ऐसी हालतमें जो नियम विरुद्ध चले उसको दण्डित करना चाहिए। जिस प्रकार गाड़ी छोटे बड़े चक्रसे नहीं चल सक्ती है उसी प्रकार गृहस्थ गाड़ी अनमेल पतिपत्नीसे नहीं चलती तथा हमेशा दुखमय जीवन ही विताना पड़ता है। इसलिये पैसेकी तरफ ज्यादा ध्यान न रखकर वरके पुरुषार्थ, योग्य शिक्षा, तन्दुरुस्ती पर ही ध्यान रखना उचित है। उसी प्रकार कन्याके भी शिक्षा, गृहकार्य पटुता आदि बातोंपर ध्यान रखना चाहिए तथा दोनोंका जीवन सुखी होसकेगा या नहीं इसी बातपर ध्यान देना चाहिए।

जबतक विवाह शादियोंमें उचित सुधार न होंगे तबतक समाज भविष्यमें गिरता ही जायगा। अब नवयुवकोंका यह कर्तव्य है कि वे उचित सुधार करें। तथा पंचायतियोंमें ऐसे प्रस्ताव रखें और समझावें कि वर्तमान स्थितिके अनुसार नहीं चलोगे तो जैन जातिकी अवस्था सुधारना दुस्तर है। अब जगह जगह जैन नवयुवक सोसायटी कायम होनेकी सख्त जरूरत है। जिसका उद्देश्य जैन जातिमें एकता कायम रखना और उसकी संख्या घटने न देकर बढ़ानेका प्रयत्न करना। तथा जातिमें जो रीतिरिवाज बेजरूरती तथा खर्चीले हैं उनको पंचोंकी सम्मतिपूर्वक तोड़ना। यदि जरूरत पड़े तो अपने पासकी बड़ी पंचायतसे सहायता लेना। ऐक्य कायम करनेके लिये तथा समय २ पर सुधारकी जरूरत जाननेके लिये हर आठवें दिन बैठक रखना जिसमें बोलनेका अधिकार हरेक सोलह वर्ष या इससे ऊंची उम्रवालेको हो। इसके सिवाय इन सबको मिलाकर एक अखिल जैन नव युवक सभा हो। जिसकी सम्मतिसे समस्त सामाजिक सुधार किए जावें, इत्यादि।

जबतक हम लोग क्रमवार संगठित न होंगे तबतक केवल लिखने और भाषण देनेसे उचित सुधार होनेकी आशा नहीं है। समाजमें यों तो बहुतसे दीमक लग रहे हैं; लेकिन खासकर नीचे लिखे दीमक समाजकी जड़ खोखला कर रहे हैं। जैसे—मृत्युभोज, कन्याविक्रय, वृद्धविवाह, बालविवाह, शादियोंमें परम्परासे चले आए बेजरूरती खर्च, एक्यताका अभाव, इत्यादि इत्यादि।

जैन समाज और शिक्षा।

ले०—श्रीयुत बा० मुन्नालाल सिंघई बी. ए.

जैन समाज बिलकुल शिक्षाशून्य है, यदि यह कहनेका ही साहस कर लिया जाय तो अतिशयोक्ति नहीं होगी। जब भारतवर्ष ही अशिक्षित कहा जाता है और फिर जब जैन समाज भारतवर्षकी अनेक समाजोंसे बहुत कम परिमाणमें शिक्षित है तो उसे इस अपेक्षासे शिक्षाशून्य कहना कहीं अधिक अनुचित न होगा।

इस निराशा जनक परिस्थितिका कारण सिर्फ हमारे विचारोंकी संकीर्णता ही है। हमने समयानुकूल अपनी शिक्षाका ढंग नहीं बदला, उसीका भीषण फल हम आज यह देखरहे हैं कि जैनसमाज व जैन धर्म हर जगह ठुकराया जारहा है। जो धर्म विश्वधर्म होनेका दावा रखता है उस धर्मके अन्तर्गत पाले हुए अनेक ग्रेजुएट महोदयतक हमारी जैन समाजकी अनेकों अन्ध विश्वास युक्त रूढ़ियोंको देखकर जैनधर्मके अकाट्य सिद्धांतोंपर भी शंका करने लगते हैं।

इन सब दुष्परिणामोंका कारण सिर्फ एक हमारी शिक्षाकी संकीर्णता ही है। जैन समाजमें जितने शिक्षाके साधन हैं उतने शायद ही इस भारत वर्षकी किसी समाजमें हों। और अन्तमें जैन समाजही शिक्षामें अधिक अवनति-पथ पर आरूढ है। गांव २ तकमें जैन महिला एवं बाल शालायें हैं और करीब २ हर जगह मंदिरोंमें रात्रि कक्षाओंके रूपमें शास्त्र सभायें शताब्दियोंसे प्रचलित हैं परन्तु तो भी इस भारी रकमका सदुपयोग नहीं किया जारहा है और हमारी शिक्षाका ढंग सुव्यवस्थित न होनेके कारण समय, शक्ति और धन नष्ट होता जा रहा है और हम पतनकी तरफ दौड़े जा रहे हैं।

मैंने जितनी पाठशालायें देखी हैं उनको देखकर सिवाय सांसें लेनेके और खेद करनेके कुछ भी संतोष हाथ न लगा। तो भी, यदि 'विजीटर बुक' उठाकर देखीगई तो बड़े २ विद्वानों एवं पंडितोंके लहलहाती हुई भाषामें प्रशंसायें नजर आई। क्षमा करेंगे, मैं किसीपर आक्षेप एवं द्वेष प्रगट नहीं कर रहा हूं परन्तु ये हृदयके उबलते हुए विचार हैं।

जैन समाजमें प्रचलित वर्तमान शिक्षा पद्धति चूं कि प्राचीन है पर समयानुकूल नहीं है। जो जैन परीक्षालय हैं वे अधिकतर ही क्यों, मुख्यतः जैनग्रंथों ही तक मर्यादित हैं। परन्तु यह भी स्मरण रखना बहुत अवश्यक है कि इस संसारमें व्यवहारिक जीवन व्यतीत करनेके लिये हमें सिर्फ धर्म--शास्त्र ही कदापि सहायक नहीं होसकता। राज्य नीति, अर्थ शास्त्र आदि विषयोंका ज्ञान अत्यन्त आवश्यक है। क्योंकि हमारी व्यवहारिक एवं सामाजिक उन्नति इसीपर निर्भर है और जबतक सामाजिक एवं व्यवहारिक उन्नति नहीं होगी तबतक हम स्थिरता पूर्वक धर्मानुरागी नहीं होसकते और न धर्म प्रचार कर सकते हैं।

वर्तमान धार्मिक परीक्षालय जैन सिद्धांतोंकी परीक्षाएं संस्कृत भाषामें ही लेते हैं। संस्कृत भाषा मध्यम न रहनेके कारण अनेक हानियां हो रही हैं, जिससे धर्म प्रचार रुक रहा है।

(१) संस्कृत माध्यम द्वारा शिक्षित पंडितगण तथा प्रायः व्यवहारिक ज्ञान रहित अपने विचारोंको रसमयी भाषामें प्रदर्शित करते हुए दूसरोंपर प्रभाव डालनेमें असमर्थ होते हैं। फलस्वरूप वे

किसी प्रकार भी शिक्षित नवयुवकोंको धर्म-शिक्षा देनेमें असमर्थ रहते हैं।

(२) तथा उक्त कारण हीसे वे प्रचलित व्यवहारिक भाषामें धार्मिक ग्रंथ लिखनेको भी असमर्थ रहते हैं।

(३) फलस्वरूप जैन समाजके नवयुवकोंका बहुभाग जैनधर्म शिक्षणसे पूर्ण रीतिसे वंचित रह रहा है। इसका परिणाम बहुत भयानक नजर आरहा है। अतएव यदि विद्वान् लोग हम सरीखे अंग्रेजी शिक्षासे पले हुए अभागोंको जैनधर्मका ज्ञान कराने का कर्तव्य समझते हैं तो उन्हें एकदम वर्तमान शिक्षण शैलीकी काया पलट कर देना पड़ेगी।

यदि वे चाहते हैं कि हमारी स्त्री समाज भी भारतवर्षकी दूसरी स्त्री समाजोंसे शिक्षामें न्यून न रहे तो उनकी शिक्षाका भी विशेष प्रबन्ध करनेका समय आचुका है। मैं कुछ अपने नम्र विचार विद्वानोंके विचारार्थ प्रगट करनेका दुस्सास कर रहा हूं। आशा है कि विद्वान् लोग उसमें सुधार कर इस योजनाको कार्यरूपमें परिणत करनेकी पूर्ण कोशिश करेंगे।

मैंने सुविधाके लिये पढ़ाई क्रमको तीन परीक्षाओंमें विभाजित किया है:—प्रथमा, मध्यमा और उत्तमा।

पुरुष छात्रोंके लिये—

प्रथमा	मध्यमा	विशारद	
धर्मशास्त्र	धर्मशास्त्र	धर्मशास्त्र	
साहित्य हिंदी	हिन्दी सा०	हिन्दी सा०	
(मराठी गुज०)	(मराठी, गु०)	(मराठी गु०)	
गणित	गणित	राज्यनीति	
भूगोल	साधारण विज्ञान	वैकल्पिक—	
इतिहास	संस्कृत	संस्कृत	
साधारण ज्ञान	साधारण ज्ञान	वैद्यक	
वैकल्पिक—	अर्थशास्त्र	अंग्रेजी	
संस्कृत	वैकल्पिक—	कानून (Law)	
वैद्यक	वैद्यक	साधारण ज्ञान	
अंग्रेजी	अंग्रेजी	अर्थशास्त्र	
सम्पादन कला	सम्पादन कला		
मुनीमी	मुनीमी		

धर्मशास्त्रका मध्यम "हिन्दी" रहना चाहिये। तथा जो वैकल्पिक विषयोंमेंसे संस्कृत लें उनके लिये माध्यम संस्कृत रहना चाहिये।

मेट्रिक पास छात्रको 'प्रथमा' परीक्षामें सम्मिलित होनेके लिये सिर्फ धर्मशास्त्रमें तथा एफ. ए. परीक्षोत्तीर्ण छात्रको 'विशारद' परीक्षामें सम्मिलित होनेके लिये और ग्रेजुएट परीक्षोत्तीर्ण छात्राको 'उत्तमा' परीक्षामें सम्मिलित होनेके लिये भी 'धर्म-शास्त्र' में सम्मिलित होना अनिवार्य ही समझा जाय।

हरएक महाविद्यालय, विद्यालय एवं पाठशालामें इस प्रकार पढ़ाईका समुचित प्रबंध किया जाना चाहिये। इनकी व्यवस्थाकी देखरेखके लिये जैन परीक्षालयकी ओरसे निरीक्षक रहना चाहिये।

कन्याओंके लिये—

प्रथमा	मध्यमा	उत्तमा
धर्मशास्त्र	धर्मशास्त्र	धर्मशास्त्र
साहित्य	साहित्य	साहित्य
भूगोल इतिहास	गणित	अर्थशास्त्र
गार्हस्थ्य शास्त्र	अर्थशास्त्र	वैद्यक
स्वास्थ्य शास्त्र	वैद्यक	संस्कृत
संस्कृत	संस्कृत	राज्यनैतिक
सीना पुरोना	राज्यनैतिक	सीना पुरोना
साधारण ज्ञान	सीना पुरोना	साधारण ज्ञान
	साधारण ज्ञान	

नोट—१ सीना पुरोनाकी परीक्षाके लिये स्त्रीलिंग निरीक्षक नियत किये जायें।

२-जो गृहस्थ स्त्रियां उक्त परीक्षाओंमें बैठना चाहें वे अपनी२ सुविधानुसार—

प्रथमा परीक्षामें-धर्मशास्त्र, स्वास्थ्य शास्त्र, साहित्य, गार्हस्थ्य शास्त्र और सीना पुरोनाके अतिरिक्त यदि और विषय लेना चाहें तोलें, अन्यथा अनिवार्य नहीं होना चाहिये।

इसी प्रकार मध्यमामें-साहित्य, धर्मशास्त्र, वैद्यकशास्त्र, अर्थ शास्त्र और सीना पुरोनामें। तथा-

उत्तमामें-साहित्य, धर्मशास्त्र, वैद्यकशास्त्र, अर्थशास्त्र और सीना पुरोनामें सम्मिलित होना अनिवार्य होना चाहिए।

इस शिक्षण पद्धतिके अनुसार गृहस्थीमें फंसी हुई महिलायें भी परीक्षाओंमें सम्मिलित होनेको उत्साहित रहेंगी।

इस योजनाको कार्यरूपमें परिणत करनेके लिये परिषद् परीक्षालय और सोलापुर परीक्षालयको सम्मिलित होकर हरएक महाविद्यालयके प्रतिनिधि तथा हरएक प्रांतके कुछ प्रांतीय प्रतिनिधिकी सम्मिलित समिति स्थापित करना चाहिये और फिर जिलासमिति, निरीक्षक आदि नियत किये जावें। ये सब पदाधिकारी अवैतनिक ही रखे जांय।

आशा है कि विद्वान गण इसपर दीर्घ विचार करेंगे और कमसे कम हरएक विचारोंके विद्वानोंका समागम कर इस विषयपर गंभीर वाद विवाद कर निर्णय पर पहुँचनेका प्रयत्न किया जायगा। क्योंकि विषय बहुत ही महत्वपूर्ण है। और शिक्षा पद्धतिमें एकदम सुधारकी आवश्यक्ता है।

निद्रा-विज्ञान।

क्यों-कहां-कैसे और कब सोना चाहिए?

(ले०-श्रीयुत प्रभुनारायण त्रिपाठी 'सुशील')

चारपाई।

जहांतक हो सके चारपाईपर सोना चाहिये; क्योंकि कच्चे, गीले फर्श या पृथ्वीपर सोनेसे एक तो सीतके कारणसे सिरदर्द आदि बीमारियोंका, दूसरे सांप-बिच्छू आदि कीड़े-मकोड़ोंके काट खानेका डर रहता है। कभी-कभी कीड़े कानमें भी घुस जाते हैं, जिससे बड़ी तकलीफ होती है। पलंगपर सोनेसे त्रिदोष नष्ट होता है, तथा बात और कफकी बीमारी नहीं होती। पृथ्वीपर सोनेसे पुष्टि तथा वीर्यकी वृद्धि होती है; पर मैं इससे सहमत नहीं, जो लोग इसे मानें वे चाहें तो पक्के सहन व ऊपरकी साफ छतपर सो सकते हैं; पर वर्षा-ऋतुमें उसपर भी कभी नहीं सोना चाहिए। बहुत छोटी, टूटी, ऊँची, नीची, बिछौनेसे खाली, तथा खटमल आदि जीवोंवाली चारपाईपर न सोना चाहिए। चारपाई ३॥ हाथ लम्बी, २॥ हाथ चौड़ी और एक हाथ ऊँची होनी चाहिए, इससे बड़ी दरिद्र और छोटी सुखक्षय करनेवाली होती है! चारपाई सिरकी ओर कुछ ऊँची तथा पैरकी ओर नीची होनी चाहिए। दीवारसे चारपाई हटाकर सोना चाहिए।

सोनेकी परिस्थिति

छाती या हृदयपर हाथ रखकर, दरवाजेके किवाड़ खोलकर (पर खिड़कियां आदि हवा आने-जाने वाले द्वारको सदैव खुला रखे), बड़े घरमें अकेले,

उल्टा, अर्थात् तकिया पर मुख रख और हाथोंको मस्तक पर रख, जूते, मोजे और साफा पहनकर, ज्यादा थके हुए, भरे पेट या बिलकुल भूखे पेट न सोना चाहिए। मुँह दरारकी तरह खोलकर न सोना चाहिए—जिससे मुँहसे श्वास चले और बिना छनी वायु फेफड़ोंमें चली जाय। लुहारकी भाथीकी तरह खर्राटें न भरो। स्त्रियोंकी अपेक्षा पुरुष अधिकतर खर्राटें भरते हैं। मुख बंद कर सोने या खर्राटेके समय जिस करवट सोए हो उससे विपरीत करवट कर लेने अथवा खर्राटा भरनेवालेके कानमें सीटी बजा देनेसे खर्राटा भरनेकी आदत छूट जाती है। दो या कई मनुष्योंके साथ एक बिस्तरपर न सोना चाहिए। यदि स्त्री या और लोगोंके साथ सोना बहुत ही आवश्यक हो तो एक वस्त्र ओढ़कर या आमने-सामने मुखकर कभी न सोना चाहिए।

तुम्हारा मन जबतक स्वस्थ न हो, तबतक न सोओ। खूब तड़के उठनेका दृढ़ संकल्प कर सोओ। चारपाईसे नीचे पैर लटका कर न सोओ। सोते समय दीवालके पास सिर न होना चाहिए; बल्कि दीवारके पास पैर और खिड़कीके पास सिर होना चाहिए। सोनेका समय अवश्य नियत होना चाहिए और उस समय दिनभरके बिचार बिलकुल भुला देने चाहिए।

रातका भोजन।

रातके भोजनका भी निद्रापर बहुत अधिक असर पड़ता है। एकबार स्व० लालाजीको निद्रा नाशका रोग सताने लगा। प्रसिद्ध-प्रसिद्ध डाक्टरोंसे इलाज कराया गया; पर लाभ न हुआ। अन्तमें हकीम अजमलखां साहबसे जिक्र किया गया। हकीम साहबने लालाजीसे उनके भोजनका समय पूछा तो पता चला कि लालाजी दिनके १२ बजे और रातको ८ बजे भोजन करते हैं। यह सुनकर हकीम साहबने राय दी कि आप सुबह १० बजे और शामको ८ बजे भोजन किया करें। आपको यह सुनकर आश्चर्य होगा कि जिस रोगको प्रसिद्ध-प्रसिद्ध डाक्टरोंकी अनुभूत औषधियां न मिटा सकीं, उसे हकीम साहबकी भोजन संबन्धी इस छोटीसी युक्तिने नष्ट करदिया।

जहांतक होसके रातको भोजन करनेसे बचना चाहिए। क्योंकि एक तो उस समय भोजनके कच्चे-पक्केकी व शुद्ध अशुद्धकी परीक्षा नहीं होती, दूसरे उस समय कई छोटे बडे जंतु कीडे पतंगे इधर उधर उड़ते रहते हैं, जिनके भोजनमें गिर जानेसे भोजन अरुचिकर और अस्वास्थ्यकर होजाता है। तीसरे रातमें कर्मइंद्रियां प्राय: शिथिल रहती हैं, जिससे भोजन सरलतासे नहीं पच सक्ता इसलिये रातको देरसे हजम होनेवाला भोजन ही नहीं करना चाहिये। दिनमें तो कठिन भोजन भी सरलतासे पच सक्ता है। रातके भोजनमें भारीपन कम होना चाहिये। ताकि सुबह तबियत बहुत हल्की रहे। इसलिये रातमें हरे शाक, ताजे फल, हरे सिंगाड़े और दूध पर ही रहा जाय, तो अत्युत्तम है। प्राय: देखा जाता है कि दाल, चावल, रोटी आदि शीघ्र पचनेवाले भोजनको लोग दिनमें खाते हैं, और पूरी, परेठा आदि देरमें हजम होनेवाले भोजनको रातमें खाते हैं। यह उल्टी बात है। कितने ही लोग रातको सोते समय दूध पीते हैं। यदि इस समय अधिक दूध न पिया जाय, तो कुछ बुरा नहीं। गेहूंका दलिया, चावल मूंगकी खिचडी, साबूदानेकी खीर आदि यदि रातका भोजन रखा जाय तो उत्तम है। भोजनके अन्तमें किसमिश, दाख, सेव, नारंगी, अंगूर इत्यादि रसवाले फलोंका ही व्यवहार अच्छा है। सोनेसे

थोडी देर पहिले एक नींबू और एक नारंगीके रसमें एक गिलास जल मिलाकर पीना चाहिये। रातका भोजन सोनेसे ३ घण्टा पहले कर लेना चाहिये भरसक सूर्य डूबनेके पहले कर लेना चाहिए।

रातका भोजन—व्यालू, जितना अधिक खाया जाय, उतना अधिक सोनेके समयमें अन्तरे होना चाहिये। भोजनके बाद पान खा, कुछ इधर-उधर थोड़ासा कमसेकम सौ कदम टहलकर, सोनेके लिये चार पाईपर जाना चाहिये। रातके भोजनमें दही और विना घीके शक्कर न खावे। जो लोग रातमें भारी (गरिष्ठ), दिनसे अधिक या समान ही खूब भरपेट खाना खाकर एकदम सोजाते हैं, उन्हें गहरी नींद नहीं आती, रातको वारवार नींद खुल जाती हैं, अथवा शूलकी वेदना घेर लेती है या बुरे२ स्वप्नोंके कारण निद्रावस्थामें भी उनके मनको पूरा पूरा विश्राम नहीं मिलता। ऐसी अवस्थामें मस्तिष्क शक्ति हीन रहता है और आमाशयमें जिस मात शक्तिकी हाजमाके लिये आवश्यक्ता रहती है, वह स्थगित रहती है। इससे पाकाशयका खाद्य अपरिवर्तित अवस्थामें रहता है और इस कारण उसमें ज्वाला उत्पन्न होती है इसलिये भरपेट भोजनके बाद तुरत सोने मत जाओ सोनेके पहले चाय, काफी, शराब आदि उत्तेजक चीजें न पीनी चाहिये।

सिरहाना।

उत्तरकी ओर सिर करके न सोना चाहिए। बड़े बूढ़े इस ओर सिरहाना करना अशकुन मानते हैं—कहते हैं मृत्यु होती है; पर यथार्थ बात यह है, कि मनुष्यके मस्तिष्कमें विद्युत और चुम्बकका प्रमाण अधिक है और उत्तरकी ओर रहनेवाले पोलरादिकोंका विद्युत् तथा चुम्बकका अधिक प्रमाण दिमागके अल्प प्रमाणको हानि करता है। पूर्व और दक्षिणकी ओर सिरहाना करके सोना अच्छा होता है। कहते हैं पूर्वकी ओर सिर रखकर सोनेसे विद्या तथा जीवन-शक्ति, दक्षिणकी ओर आयुकी वृद्धि और पश्चिमकी ओर चिंता होती है! अपने घरमें पूर्वकी ओर, ससुरालमें दक्षिणकी ओर और यात्रामें पश्चिमकी ओर सिर करके सोना चाहिए!

सोनेका वेग।

जिस समय नींदका वेग आवे उसे रोकना नहीं चाहिए। जिनको जितनी नींद लेना आवश्यक है, उनको उतनी नींद न आनेसे, नींदका अभाव होनेसे अथवा नींदका वेग रोकनेसे, अंग-दर्द, शिरमें भारीपन, जड़ता, ग्लानि, भ्रम, मन्दाग्नि, तन्द्रा, सुस्ती, सिरदर्द और जम्हाई आदि आने लगती है। एवं अनेक वातज लक्षण दिखलाई पड़ते हैं। यदि कुछ दिनों तक बराबर न सोया जाय, जैसा कि प्राय: नाटक कंपनियोंमें होता है, तो स्वास्थ्य अवश्य खराब होजाता है। सोए विना दिमागमें गर्मी चढ़ जाती है और तबियत ठिकाने नहीं रहती। निद्राका वेग जब सवार होता है, तो काम करनेमें जी नहीं लगता। आँखें ढलमलाती हैं, पलकें बन्द होतीं और खुलती हैं, सिर आगे-पीछे झुकता है, श्वास-प्रश्वासकी गति सुस्त और हलकी होजाती है, नाड़ीकी गति एक मिनटमें दस बारके हिसाबसे घट जाती है, गर्मीकी उत्पत्ति कम होजाती है। सारांश यह कि शरीरके सारे अवयवोंकी क्रिया ढीली-सी होजाती है। जॉर्जियाके कुछ विद्यार्थी लगातार १०० घण्टे जागते रहे, फलस्वरूप उनकी ऊँचाई १-१ इंच घट गई। दो सप्ताह सोनेके बाद उनकी ऊँचाई फिर ज्योंकी त्यों ठीक होगई। "जागरण"।

जैनधर्मका परिचय।

(रचयिता श्री० ब्रह्मचारी प्रेमसागरजी पंचरत्न)

जिसको पाकर मनुज आत्महितकर सकता है।
पाप नाश, भण्डार पुण्यका भर सकता है॥
अपने बलसे आप, करमको हर सकता है।
निज पदको कर प्राप्त, मुक्ति तिय बर सक्ता है॥१॥
वही जैनका धर्म, प्राप्त जो कर पाता है।
वही मनुज संसार, समुद्रसे तिर जाता है॥
जन्म जरा अरु मरण, तीनसे जय पाता है।
पा अविनाशी धाम, नहीं फिर इत आता है॥२॥
परिचय उसका आज, आपके लिये बताऊं।
अनुभव जैसा किया, उसी अनुसार सुनाऊं॥
मान बड़ाई हेतु नहीं यह काव्य बनाऊं।
समझें इसको सभी, भावना ऐसी भाऊं॥३॥
वस्तु स्वभावो, धर्म, बताया सर्वज्ञोंने।
लेकिन इसको, समझ नहीं पाया अज्ञोंने॥
गुण अथवा पर्याय, वस्तुमें पाई जाती।
क्षय होती पर्याय, नहीं गुणसी रह पाती॥४॥
इसी तरहसे और, वस्तुओंको भी जानो।
निर्णय करलो खूब, तभी तुम उसको मानो॥
आत्म तत्व भी एक, वस्तु है सबकी मानी।
उसमें भी वह उभय रंग रहता लाशानी॥५॥
उसका दर्शन, ज्ञान, वीर्य, अरु बल स्वभाव है।
उसका हर्गिज, नहीं कभी होता अभाव है॥
नर, नारक, तिर्यंच, देव पर्याय नाश हो।
एक नाश हो तथा, दूसरीका विकाश हो॥६॥
सिद्ध हुआ वस्तुस्वभाव, अविनाशी रहता।
रहता हरदम साथ, कभी भी नहीं बिछुड़ता॥
गुण कहते हैं उसे, गुणीके पास रहे जो।
सोनेका पीतत्व स्वर्णको नहीं तजे जो॥७॥
जब पवित्रता पाय, आत्म अनुभव नर करता।
तजकर सकल विभूति, महातपको आदरता॥
तब कार्मिक मल धोय, आत्म गुण विमल बनावे।
पूर्ण ज्ञानको पाय, पूर्ण ज्ञायक बन जावे॥८॥
जाने सकल पदार्थ, तथा देखे वह स्वामी।
इसी लिये तो उसे, कहत हैं अन्तर्यामी॥
उसका सारा ज्ञान, जितेन्द्रिय ही होता है।
मानव उरके बीच, बीज वृषका बोता है॥९॥
जिसका हित उपदेश, सार्थक ही होता है।
क्यों की आत्म स्वभाव, प्रगट हो वृष बोता है॥
स्याद्वादको लिये, आप्त-ध्वनि प्रगटित होती।
मिथ्या मतको खण्ड, जैन वृषको है बोती॥१०॥
वही जैनका धर्म, स्याद्वादी कहलाता।
जो दुनियांमें, सत्य अहिंसा ध्वजा उड़ाता॥
अखिल विश्वका वही, हितकर होसकता है।
अथवा सबके लिये, एक ही होसकता है॥११॥
सच्चा आत्म स्वभाव, जैनका धर्म कहाता।
वही "सनातन तथा अनादी" है कहलाता॥
अध्यातमता सुधा, यही है एक पिलाता।
वही भवार्णवसे निकाल, शिवमदन पठाता॥१२॥
उसका यह सिद्धांत, अहिंसाका भारी है।
"जीने दो अरु जियो" यही तो हितकारी है॥
हमको जितनी जान, अहो, अपनी प्यारी है।
उनको उनकी जान कहो, उतनी प्यारी है॥१३॥
सत्य और वैराग, अहिंसाके नाते हैं।
जो रखते हैं उसे, वही इनको पाते हैं॥
निज हकोंको रखो, अहिंसाको अपनाके।
पर हकोंको नहीं, हड़पना लोभ कमाके॥१४॥
वृक्षादिक भी जीव, सताना व्यर्थ न उनको।
रखना मनमें दया, रुलाना व्यर्थ न उनको॥
यही एक सिद्धांत अहिंसाका है नीका।
इस बिन सारा कार्य, धर्मका होता फीका॥१५॥

(પૃ. ૨૬૮ થી ચાલુ)

જ્યારે ગોબિલજી પહેલી વખત અમેરીકા જઇ રહ્યા હતા ત્યારે સ્ટીમરમાં એક દક્ષિણી ગૃહસ્થની સાથે લોકમાન્ય તિલકના સંબંધમાં વાતચીત થઇ હતી. તે ગૃહસ્થે બીજી વાતોની સાથે એ પણ કહ્યું હતું કે લોકમાન્યે પણ દેવનાગરી લાઇનો ટાઇપ બનાવવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ તેમને સફળતા મળી નહોતી. તે વખતે ગોબિલજીનાં મગજમાં દેવનાગરી ટાઇપ બનાવવાનો વિચાર ઉદ્‌ભવ્યો હતો. અમેરીકામાં પ્રેસમાં કામ કરતી વખતે પણ એ બરાબર એજ ઉદ્યોગમાં લાગી રહ્યા હતા. સતત પ્રયત્ન કરવાથી સને ૧૯૨૨માં તે એક મૂળ સિદ્ધાંતનો નિકાલ લાવી શકયા હતા જેની ઉપરથી એ યંત્ર તૈયાર થયું છે, પરંતુ તેને ચાલુ સ્થિતિમાં મુકવાનો અવસર ૧૦ વર્ષ પછી મળ્યો.

જે પાઠકોને છાપખાનાનો અનુભવ નથી તેમને ખબર નહિ હશે કે લાઇનો ટાઇપ શું ચીજ હોય છે. લાઇનો ટાઇપનો અર્થ એ છે કે 'ટાઇપની એક લાઇન." સાધારણ રીતે છાપવાનું કામ એવી રીત થાય છે કે કોમ્પોઝીટર પ્રત્યેક અક્ષરનો ટાઇપ હાથ વડે ઉઠાવીને એક એક કરીને જોડે છે. પછી તે ટાઇપ ફર્મામાં સજ્જ કરવામાં આવે છે. અને છાપવાનું કામ પુરૂં થયા પછી તે ટાઇપોને અલગ અલગ ફરીથી જુદા જુદા ખાનામા વહેંચણી કરીને ભરી દેવામાં આવે છે

લાઇનો ટાઇપ વિજળીથી ચાલનારૂં એક યંત્ર છે. એમાં એક બાજુએ રીસું ભરવામાં આવે છે અને બીજી બાજુએ ટાઇપ રાઇટરની માફક અક્ષરની ચાવીઓ રહે છે. કોમ્પોઝીટર એ ચાવીઓને દબાવે છે જેથી કરીને એક પૂરી લાઇન કોમ્પોઝ થઇ જાય છે. તે યંત્ર પોતાની મેળેજ લાઇનો બરોબર ગોઠવી દે છે. અને તે ચાવી દબાવવાની સાથેજ આખી લાઇન જે વિજળીના બળે પિગળી ગયેલી હોય છે તે તેનો રસ ઢળી જઇને લાઇનમાં જઈ અક્ષરનાં બીબાં તૈયાર થઇ જાય છે. છપાઈ ચૂકયા પછી એજ લાઇન ફરીથી પીગળી જઇને બીજી વખત બીબાં ઢાળવાના કામમાં આવે છે. આ યંત્રમાં એકજ કોમ્પોઝીટર આઠ દશ કોમ્પોઝીટરનું (હાથથી કામ કરનારા) કામ આપે છે. એમાં ટાઇપની અને તેના ખાનાની જરૂરીઆત રહેતી નથી, એમાં દરેક વખતે નવા ટાઇપ છાપવાથી તે હંમેશા નવા ને નવા રહે છે, તેથી કરીને છપાઇનું કામ ઘણું ઉત્તમ થાય છે. હાથથી ગોઠવાતા ટાઇપોમાં કદી કદી કોઇક ટાઇપ વત્તા ઓછા પડી જાય છે, તો મોટી મુસ્કેલી ઉભી થાય છે. આ યંત્રમાં તે પ્રકારની મુશકેલી અસંભવીત હોય છે. હાથથી ગોઠવાતા ટાઇપમાં કદી કદી ફર્મો બાંધતી વખતે હાથમાંથી ટાઇપ છૂટી જતાં ખંડીત થઇ જાય છે. અને મહેનત નકામી જાય છે. આ યંત્ર મારફતે કોમ્પોઝ કરવાથી તે મુસ્કેલીનો ભય નથી. કેમકે જો મેટર પડી પણ જાય તો ચઢાવેલી લાઇનોને ઉઠાવીને ફરીથી તેના યોગ્ય સ્થાનમાં રાખી દેવાય છે. તેમાં સ્પેઇસ વિગેરે અલગ રાખવા પડતાં નથી. તે બધાંજ લાઇનની સાથે સાથે ઢળી જાય છે. બીબાંને જુદાં જુદાં અલગ કરવાનો ઝઘડો તો તેમાં છેજ નહિ. સૌથી મ્હોટી વાત તો એ છે કે દેવનાગરી લાઇનો ટાઇપ મશીનમાં અંગ્રેજીનું કામ પણ થઈ શકે છે. જો આપણી ઇચ્છા હોય તો એકજ લિટીમાં હિન્દી અને અંગ્રેજી ટાઇપ કોમ્પોઝ કરી શકાય છે.

એ યંત્ર તૈયાર કરતાં ગોબીલજીને કેટ કેટલી મુસ્કેલીઓની સામે થવું પડયું હશે, તેનું અનુમાન પણ કઠીન છે. હાથથી ગોઠવવાના ટાઇપથી અંગ્રેજી કંમ્પોઝ કરવામાં કુલ બસોથી વધારે ચિન્હ કામમાં આવે છે; જ્યારે હિંદી કમ્પોઝ કરવામાં

સાતસોથી વધારે ચિન્હ કામમાં આવે છે. અંગ્રેજીમાં પ્રત્યેક અક્ષર અલગ હોય છે; પરંતુ હિંદીમાં જોડાક્ષર અને વિભક્તિ મનમાની હોય છે, તેથી કરીને હિંદી છાપવાનું કામ બહુ કઠીન છે. કોઇ કોઇ જગ્યાએ એક અક્ષર ઉપર ત્રણ ત્રણ ચીન્હ લગાડવાં પડે છે. અંગ્રેજી લાઇનો ટાઇપની કી-બોક્ષમાં કુલ નવ કુંચીયો હોય છે. ગોબીલજી એ નવજ ખુંટીઓની સહાયતાથી સાતસો ચિન્હનું કામ કરવાની ગોઠવણ કરી શક્યા છે!!!

મર્ગન્થાલર લાઇનોટાઇપ કુંપનીએ ગોબીલજી પાસે એ યંત્ર બનાવડાવ્યું છે. કુંપનીના એંજીનીઅર તથા કારીગરોએ ગોબીલજીને સર્વ પ્રકારની સહાયતા આપી; પરંતુ મોટી મુસીબતની વાત તો એ હતી કે, હિંદીના કાળા અક્ષરો તેમને ભેંશ આગળ ભાગવત મમાન હતા. એ બધી મુસ્કેલીઓની સામે થઇને ગોબીલજીએ જે શોધ કરી છે, એને માટે કેવળ હિંદીજ નહિ; પરંતુ ભારત વર્ષની પ્રત્યેક ભાષાની મુદ્રણ પ્રણાલીમાં યુગાન્તર જેટલો સુધારો દાખલ થશે. ભવિષ્યમાં થોડા માસની અંદર ગુજરાતી અને બંગાળી મશીન પણ તૈયાર કરવામાં આવશે.

એ મશીન ભારતમાં આવી ગઇ છે. કલકત્તામાં લાઇનો-ટાઇપ કુંપની ઓફીસમાં એ જોઇ શકાય છે. આવા સ્વાવલંબી વિદ્યાર્થિઓ અને મહાન શોધકોને હમારા કોટીશઃ ધન્યવાદ છે. આજના જમાનામાં જ્યારે આપણે ત્યાં નોકરી અને દલાલી શીવાય બીજો કોઈ ધંધો રહ્યો નથી; ત્યારે આવા વિરલા સ્વતંત્ર્ય શોધકો આપણે માટે હજી સ્વર્ગના દ્વાર ખુલ્લાં મુકવા યા-હોમ કરતાં પાછીપાની કરતા નથી, એજ આપણા મહાન દેશની વિભૂતિ છે; કે જેમાં આવાં રત્નો અવારનવાર ઉત્પન્ન થાય છે.

—નાગરદાસ.

મહામંત્રીનું નિવેદન.

ગુજરાતના દિ. જૈન ભાઇઓ ને બ્હેનો,

જય મહાવીર.

આ બીજું માસિક નિવેદન—ગુજરાત દિ. જૈન પ્રાંતિક સભાના ઉદ્દેશની અભિલાષાના બીને કંઇક અંકુર ફૂટેલા બતાવે છે તે જોઈ સૌ કોઇને આનંદ થશે, છતાં એ અંકુરને દરેક વ્યક્તિ કે પંચ પોતાથી બનતું પાણી આપી ઉછેરશે તોજ ફળની આશા રહે છે. જમીન હજુ જોઇએ તેવી ખેડાઇ નથી તેથી કંઇ બી જેમને તેમ પડયા છે. જ્ઞાતિના આગેવાન ગણાતા સ્ત્રી પુરૂષો રૂપી ખેડુત અને સેવક એ માટે જોખમદાર છે. હું કહેતોજ આવ્યો છું કે "સમાજની સુરતી આગેવાનોની સુરતી પર આધાર રાખે છે." પણ જમાનો એ આવે છે કે જો એઓ સમયને માન આપી જોઇતા સુધારા વધારા નહીં કરે તો તેઓને માનપૂર્વક, યુવાનોના સંઘબળ આગળ વધતાં, પાછા હઠવું પડશે. આગેવાની ખોવી પડશે, પંચો સુધારા કરી બીજા પંચો સાથે નહીં જોડાશે તો વ્યક્તિઓ તેમનો માનમુર્તઓ છોડી આગળ ધપશે. પંચની દંડ કરવાની કે બહિષ્કાર કરવાની સત્તા તો અમુક રાજ્યમાં લોપાતી જાય છે, પછી ઉછળતા લોહી આગળ આવતાં પુરાણા પંચને સમાધ લીધે છુટકો છે, તો પહેલાંથી પંચો પોતાના બંધારણ સુધારી લે એ શું ઇચ્છવાજોગ નથી?

વસ્તિપત્રકો—રાયદેશ સાદના જીલ્લામાં, સોજીત્રા સંભામાં, અંકલેશ્વર સંભામાં યુવકો તરફથી થઇ ગયાં તેની તમામની સાર રૂપ નકલો આવી પહોંચી છે. નરસિંહપુરા જ્ઞાતિનું વસ્તિપત્રક થઇ ગયું છે પણ આંકડા મળવા બાકી છે. સુરતના ઉત્સુક વીશા હુમડનું વસ્તિપત્રક કેમ બાકી રહ્યું છે તે સમજાતું નથી. વસ્તિપત્રક બાબતમાં ઓરાન પ્રાંતિજ વિભાગના ચોખલાના પંચની મુસ્કેલી જાણવા જેવી છે.

એ પંચમાંથી પોતાના ગોળ બહાર તો કોઇ કન્યા આપતું નહીં અને આપે તો તે આપનારના કુટુંબને વંશપરંપરા કન્યા મળે નહિં; એ ચાલુ રીવાજ છે. એટલે કન્યા મોટી થઇ જાય તો એ ગોળ બહાર જવાની ભીતિ નથી. પરંતુ કોઇ પૈસાદાર બીજવર કન્યાને પરણી જાય તો ન્યાતના ગરીબ નાના છોકરા અવિવાહિત રહી જાય એ ભયથી પંચે શોધ કરી બે ઠરાવ કર્યાં હતા.—(૧) સાડા અગીયાર વર્ષની કન્યા થાય ત્યાં સુધીમાં તે કન્યાનો વિવાહ તેના માતપિતા કે વડીલ નહિં કરી નાંખે તો તેનો દંડ રૂ. ૧૦૧) પંચ લે (૨) જે છોકરાનો વિવાહ થઇ ગયો હોય તે કુંટુંબમાં તેની બ્હેન ગમે તેટલી નાની (કહો કે બે વાસા કે એક માસની) હોય તો એ છ માસમાં બીજે ઉતારીજ દેવી પડે. આ બે ઠરાવોનો ભંગ કરનાર અનેક જણા નીકળે છે કારણ કંઇક અનિષ્ટ પરિણામની વડીલોને ભીતિ રહે છે. અને તેથી વસ્તિપત્રક ભરી આપે તો પંચ ઉંમર જાણે અને તેવા દરેકના દંડ કરે તે દંડ આપવો પડે. એટલે સુધારાની દ્રષ્ટિએ નહિં પણ દંડ કરવાના સાધન રૂપ વસ્તિ પત્રક ચોખલાનું પંચ કરવા ઇચ્છે છે, ફારમો છપાવ્યાં છતાં વધુ ગામો–કુટુંબો તે ભરી મોકલતા નથી એટલે ત્યાં વસ્તિ પત્રક કરવાનું કામ શરૂ કર્યું છે. ચોખલાના યુવક સંઘ સુધારની દ્રષ્ટિ માટે હજુએ વસ્તિ પત્રક બનાવા નહિં મોકલે તો કંઇક ઢીલાપણાનું કલંક વ્હોરશે. રાંયકવાળ ભાઇઓ પણ વસ્તિ પત્રકમાં પાછળ છે. ઉત્સાહી પુરૂષ જરૂર એ કામ હાથ ધરે.

દિ. જૈન જ્ઞાતિના આગેવાનોને નિમંત્રણ—આપવામાં આવ્યું હતું તેમણે કરેલ ઠરાવો આ અંકમાં બીજે સ્થાને જોવામાં આવશે. આખા ગુજરાતમાં ફકત સોજીત્રા સભામાંજ પલ્લું ફકત રૂા. ૧૮૧) છે. જ્યારે બાકીની બધી કોમોમાં રૂા. ૮૦૦) થી લઇને લગભગ રૂા. ૧૫૦૦) સુધીનું છે. જમાનો મંદીનો હોવાંથી અનેક બાજુના વિચાર કરી પલ્લું રૂા. ૧૦૦૧) એક હજારથી વધુ નહિં રાખવા ભલામણ કરી છે. અને સોજીત્રા સંભાનું પલ્લું રૂા. ૧૮૧) છેક ઓછું છે, અને તેના પેટા:જ્થાએ રૂા ૩૫૦) નું પલ્લું રાખેલું હોવાથી સોજીત્રા સંભાને પણ અડચણ નહિં આવે એ હેતુથી ઓછામાં ઓછી પલ્લાની રકમ રૂા. ૩૦૧) રાખી છે. દશા હુમડ ચોખલાનું પંચ નનાનપુર મળ્યું, ત્યાં સોનું–૩૦ તોલા અને ૨૦૦ તોલા ચાંદી આદિનું પલ્લું છે. તે ઘટાડવા માટે મંત્રી અને મહામંત્રીએ અમુક અમુક સ્થાને ચર્ચા કરી હતી પણ દરેક તરફથી, સ્ત્રીની પાછલી દશા અને સ્ત્રી ધન તેમજ તેના પહેરવેશ માટે એટલું પલ્લું વ્યાજબી ઠરાવ્યું હતું. અને અનેક સ્થાનેથી જવાબ મળ્યા કે જેની પાસે આ જમાનામાં લગભગ રૂા. ૧૦૦૦) ની સ્થિતિ કે તેટલી થાપણ કરી શકે એટલી શક્તિ નહિં હોય તેને પરણવાનો અધિકાર નહિં હોવો જોઇએ.

મહાત્મા ગાંધીજી તો ફરે છે. ત્યાં અનેક સ્ત્રી પાસે દાનમાં ઘરેણા ઉતરાવે છે. અને ફરી નવા નહિં લેવાની પ્રતિજ્ઞા અપાવે છે. એટલે જ્યાં પતિપત્નિ પ્રેમથી જોડાયલા હોય ત્યાં પલ્લાંની જરૂર શી રહે છે ? એ દલીલ કોઇપણ વ્યક્તિ કરે. ત્યાગ માર્ગ તરફ વળેલ–મુનિ માર્ગ તરફ ઢળેલ વ્યક્તિ–પરિગ્રહ ઓછા કરે તેમ તેમ ધન્યવાદને પાત્ર છે, પૂજ્ય છે, પણ જે કામમાં વૈધવ્ય દશા સ્ત્રીને પ્રાપ્ત થતાં તેની સંસાર તરફની વાસના છોડવવાની હોય તેને બદલે સંસારમાં લીન રહેવાનીજ ભાવના કેળવાતી હોય, તેવે સ્થાને વિધવાને રાખે, પરિગ્રહ વધારતા જાય અને ત્યાગ માર્ગને બદલે સંસાર માર્ગ તરફ ઢળતા થવાય એવા વાતાવરણમાંજ રાખવામાં મોટાઇ મનાતી હોય ત્યાં ત્યાગ વૃત્તિ–પરિગ્રહ પ્રમાણની વૃત્તિને પોષણ ક્યાંથી મળે? જ્યાં ત્યાગ વૃત્તિને પોષણ નહિં હોય અને જીવનનું શોષણ થતું હોય ત્યાં પલ્લું

કેટલું જોઇએ એ આપ સમજી શકો છો. ફરજીઆત ત્યાગ કદી સારૂં પરિણામ લાવતો નથી.

પંચ અને તેમનું કાર્ય—રીતરીવાજનો ખરડો હજી વ્યવસ્થાપક કમીટીમાં રજુ થયો નથી. અને વ્યવસ્થાપક કમીટી સોજીત્રા મુકામે બીજા વૈશાખ વદ ૨ ને દીને મળનાર છે. સોજીત્રા સંભાનું પંચ તે પહેલાં મળી જશે. અને ગુજરાતની પંચોના આગેવાનો વ્યવસ્થાપક કમીટીમાં હોવાથી એ ખરડા પર સારી રીતે વિચાર ચલાવશે. સુરતના વિશા હુમડ ભાઇઓના પંચનું બંધારણ ફરી ઘડાય છે. અને તેઓ તરફથી બીજા પંચ સાથે જોડાવાની ખુશી આગેવાનોએ દર્શાવી દીધી છે. સુરતના નરસિંહપરા પંચે બીજી પંચો સાથે જોડાવાની ખુશી બતાવી છે. અને સાત ગામના મોટા પંચને પણ તેવી ભલામણ કરી છે. અંકલેશ્વરના વિશા મેવાડાના પંચે પણ બીજા પંચ સાથે જોડાવાની ખુશી બતાવી છે, અને એને સોજીત્રા પંચ સાથેનો સંબંધ હોવાથી એનું કામ તે પંચના ઠરાવપર આધાર રાખી સોજીત્રા સંભાના પંચના ઠરાવની રાહ જુએ છે. સોજીત્રા સંભાનું પંચ બીજા વૈશાખ સુદમાં લગ્નગાળામાં મળનાર છે. અને આગેવાનો દીર્ઘ દૃષ્ટિવાળા હોવાથી પંચના બંધારણ તેમજ સુધારા યોગ્ય સ્વરૂપમાં દાખલ કરશે એવી આશા છે. દશા હુમડના ચોખલાનું પંચ મળ્યું હતું તેમના નિયંત્રણથી મંત્રી અને સેવક જાતે ગયા હતા. નનાનપુર ગામ ઘણું નાનું ફકત ૧૫–૧૭ ઘર દશા હુમડ દિ. જૈનના છે પણ દરેકને ત્યાં પંચમાં પધારેલ લગભગ ૭૦૦ માણુસોને સુવા બેસવાની નહાવાની આદિ દરેક રીતે સત્કારની પદ્ધતિ જોઇ બહુ આનંદ થયો હતો.

એ પંચના ડાહ્યા આગેવાનોએ પંચ મેળવવાના સ્થાન નક્કી કરવામાં એવો નિયમ રાખેલો છે કે ચોખલાના ૪૨ ગામો પૈકી સાત ઘરથી ઓછી સંખ્યાવાળા ગામો છોડી બાકીના ગામે વારા ફરતી પંચ મેળવે. એ ત્રણ વરસે કે કદાચ એક વર્ષે પંચ મળે છે. જે ગામે પંચ મળ્યું હોય તે ગામે ફરી વારો કયારે આવશે એ કહી શકાતું નથી. પંચ પંદરને ખર્ચે બોલાવાય છે એટલે રસોડું ખોલવામાં આવે છે. તેનો ખર્ચ માણુસની સંખ્યા પર ફાળવી નંખાય છે.

પંચે ઠગવથીજ નક્કી કર્યું છે કે તે ગામના રહેનારે કોઇને ખાટલા આપવા નહીં. ચા કે નાસ્તો આપવો નહીં. એ ઠરાવ સારા હોવા છતાં એનો અમલ બહુ ઓછો થાય છે. કમીટીનું બંધારણ થયું છે પણ તે નામનું જણાય છે, પંચ મળે ત્યારે "આવો ફલાણાભાઇ" "આવો..." એમ વચમાં બોલાવી બેસાડાય છે. તેમા અનેક પુરૂષોને પોતાને પાછળ ખસવું પડે છે તેથી અપમાન થયેલું જેવું મનાય છે. જે કમિટી નીમાય છે તે આગળ બેસી તે કમીટીના સભ્યો પાછળ જેને તે ગામના માણુસો બેસે તો પછી દરેક ગામ માટેના પ્રતિનીધી તે ગામની વાત ઠીક રૂપમાં રજુ કરી શકે અને પંચનું કામ શાંત રીતે ચાલે, એ વ્યવસ્થા કરી શકે છે પણ હજી તેવું કશું થયું નથી. કમીટીમાં નાના મોટા દરેક ગામનો એક સભ્ય (ઓરાણમા હજુએ તડ જેવું હોવાથી તેના બે પ્રતિનીધી) લીધેલા હોવાથી મોટી વસ્તિવાળા ગામના દશા હુમડ ભાઇઓને અસંતોષ છે. અને તેથી લગભગ બે દીવસ તેની ખાનગી ચર્ચામાં વ્યતીત થયા. દરેક ગામનું એક પંચ ગણાય તેથી તેનો પ્રતિનીધી એક હોવો જોઇએ એમ એક બાજુનું કહેવું અને બીજી બાજુના ગ્રહસ્થો વસ્તિનું પ્રમાણુ જોવાં માંગે છે તેથી પ્રતિનીધિ વધે તો કમીટીમાં મત ગણત્રી વખતે શું કરવું એની વાટાઘાટમાં સમય ગયો. છતાં એ કોમના ડાહ્યા પુરૂષોએ એ વાત હાલ તુરત મુલ્તવી રાખી, છતાં એ દીલદાઝનો ધુંમાડો પંચ મળે છે તેમાં બહુ રીતે જણાય છે. ઓરાનમાંનો ઝગડો એ પંચ નીવેડવા હાથ લઇ શકતી નથી તેથી ઝગડા નિવારણ કમીટી હાથપર લેશે.

ઉપર જણાવેલ જાણીતા બે ઠરાવના ભંગ માટેના ગુના માટેજ છેલ્લા બે ત્રણ પંચ મળ્યા હતા અને તેના ચુકાદામાં ભારે અન્યાય થતો જોવામાં આવે છે છતાં એ બે ઠરાવ પડતા મુકાતા નથી. અને દશ વર્ષની ઉપરની કન્યાના વિવાહ થઇ શકે એવો મુદ્દાનો ઠરાવ મુલ્તવી રહ્યો પૈસાદાર વિધુર કરતાં ગરીબ વિધુર કેટલા એ ઘણા વધુ નથી હોતા ? પૈસાદાર વિધુર તો બહારથી કન્યા વિક્રયને મદદ દઇ કન્યા લાવે અને ગરીબ વિધુરો તો વાંઢાજ રહેને ? જો કન્યાની ઉમર કરતાં વરની ઉમરનો આંતરો કંઇક વધુ રખાય તો શું જન્મનાર કન્યા રહેલા છોકરાને આગળ ખપ નહીં આવે ? જરા ઉંડો વિચાર કરી ડાહ્યા પુરૂષો જરા જમાનાને વધુ ઓળખે તો ઠીક નહીં તો ચારસો ઘરની વસ્તિમાંથી આ નામિચા ઠરાવોના ભંગ કરનાર ૧૫૦ના નામ પેટીમાંથી નીકળ્યા, તે વધતા જશે. સાચું માની દેનાર એનો રૂા. ૮૧)નો દંડ થયો અને બે ત્રણ સીવાયના બીજાએ પ્રતિજ્ઞા ખોટી ખરી કરેલી તેઓ છુટી ગયા છે !

મંત્રી અને સેવકે નવ ઠરાવ રજુ કર્યા હતા તેમાંથી કેટલાક મંજુર રહ્યા અને બાકીના મુલતવી રહ્યા છતાં એમ તો કહેવુંજ પડશે કે પંચે ગુજરાત દિગમ્બર જૈન પ્રાંતિક સભાને અપનાવી છે. આશા છે કે કમીટીની સંખ્યા યોગ્ય ગોઠવાતાં પંચમાં વ્યવસ્થા માટે જોઇતા નિયમો પણ અમલમાં મુકાશે. પણ એક ઉત્સાહી યુવક મને લખે છે "પંચ મંગળવારે સવારે વેરાઇ ગયું છે. કંઇ કામ (ખાસ) થયું નથી. કેટલાક આગેવાનો પોતાની આગેવાની જતી ન રહે એ ધોરણે અંદરખાનેથી રમતો રમે છે. ગમે તેમ પણ હવે પછી પંચની બેઠક મળશે તેમાં કંઇક રાહ પર આવશે. આગેવાનોની રમતો ઉઘાડી પડી જશે." આ વાતો—અનેક યુવાનોના ઉદ્‌ગાર રૂબરૂ સાંભળ્યા છે, પણ યુવાનોને વિનંતિ કે બીલકુલ કડવાસ વગર આગળ વધો અને આગેવાન મુરબ્બીઓને વિનંતિ કે જમાનાને ઓળખવામાં સૌનું ભલું છે. સ્થાનિક સંસ્થા કે બીજા ખાતા ચલાવવા માટે છેજ તે પ્રમાણે સામાજીક કામ માટે પંચના બંધારણ જરૂરના છે—અને તે પ્રમાણે મોડા વહેલા સુધારવાજ પડવાના છે.

ઝઘડા નિવારણ—માટે ખાસ પ્રયાસ ચાલે છે. નરસિંહપુરા કોમમાં શહેર નરસિંહપુર ગામના મન ઊંચાજ રહેલા જણાય છે. કલોલ, આમોદ નજીકના ભવિષ્યમાં સારી મદદ દેશે. પણ ગયા નિવેદનમાં "પાંચ ગામ પૈકીના નરસિંહપરા ભાઇઓમાંથી સમાધાન કમીટીમાં સભ્ય નીમવા નહીં પણ પાંચ ગામ બ્હારના નરસિંહપુરા કે બીજા ગમે તે દિગંબર જૈનને નિમવા" એ અભિપ્રાય બદલવા નરસિંહપુરા ગામના ભાઇઓને વિનંતિ કરેલી તેનો જવાબ બીલકુલ નથી પણ એક બાબતમાં એ વાત આવી છે કે શા. મગન હરજીવનની બાબતમાં આમોદ ચોરાએ તો ઠરાવ કર્યો છે અને સુરતે જાહેરને પ્રશ્ન તો પુછયો છે પણ નિર્ણય કર્યો નથી એટલે એ બે ગામ પણ સાથે સમાધાનમાં હોવા જોઇએ. હજુએ વ્યવસ્થાપક કમીટી અને તે સાથે ઝઘડા નિવારણ કમીટી બી વૈશાખ વદ ૨ ને દીવસે સોજીત્રા મુકામે મળે તે પહેલાં એ વિષે એમનો જવાબ નહિં આવે તો સેવકને કમીટીના સભ્યોની સલાહ પ્રમાણે વર્તવાનું રહેશે.

સમાજમાં રહેવા માંગે તેણે સમાજની પરતંત્રતા સ્વીકારે છુટકો છે. પાંચ કે સાત ગામના પંચમાં રહેવું હોય તો તે નીમે તેવા માણસોને કબુલવાજ જોઇએ. ઝહેર વધુમતિ પર કૂદે છે પણ મોટા તો તેજ કહેવાય કે જે નાના તરફ ઉદાર રહે છે. કંઇ ગોટાળા પંચ સમાવી દે છે તો આ બાબતમાં શા માટે ખેંચી પકડવું જોઇએ. ન્યાત તો પાણીનો પ્રવાહ છે. શ્વેતાંબર ભાઇઓમાં તો જે જૈન દીક્ષા લે તે બધાને સાથે

બેસાડવા ઠરાવે છે. જૈન દિક્ષા લેનારને વર્ણ લાભ ક્રિયાને આધારે સાથેજ બેસાડી જમાડી શકાય છે. વળી સામાજીક સત્તા પરસ્પરના પ્રેમથી ચલાવાય. બળજોરીથી ચલાવવા જતાં પક્ષ પડયા છે તે ઉદાર દીલથી પ્રેમથી સમાવે અને બંન્ને પક્ષને વિનંતિ કે બી. વૈ. સુદની આખર પહેલાં નમ્રતા છે એમ બતાવો અને સંપ ત્યાં જંપ છે એવું સાબીત કરો.

જૈનધર્મ વિશ્વધર્મ—સુરતનો દિ.જૈન યુવક સંઘ ધાર્મિક આર્થિક અને સામાજીક ઉન્નતિ માટે ખૂબ પ્રયાશ કરે છે. પત્રિકા, ચોપાનીયા આદિ છપાવે છે. તેમજ કોઇ વિદ્વાન પંડિત આદિના ભાષણો કરાવી જૈનધર્મની સેવા કરે છે. આ માસમાં વિદ્યાવારિધી જૈનદર્શન દિવાકર પં. ચંપતરાયજી જૈન બાર-એટ-લો ઇગલાંડ જવા મુંબઇ જતાં સુરતમાં તા. ૯-૫-૩૪ દીને ઉતર્યા હતા તેમની પાસે "વિશ્વધર્મ"પર ભાષણ કરાવ્યું હતું. ભાષણ તો ઉત્તમ હતું, પણ સાર એ કે જૈનધર્મજ વિશ્વધર્મને લાયક છે. જો જૈનધર્મને વિશ્વધર્મ બનાવવો હોય તો દરેક જૈન ફિરકાએ પહેલાં એકત્ર થવું જોઇએ. ષટ્ દર્શનનો સમાવેશ જૈન શાસ્ત્રમાં થાય છે, તો શ્વેતાંબર દિગંબર સ્થાનકવાસીના પેટા ધર્મના સિદ્ધાંતો—ખાસ બાહ્ય આચાર વિચારોનો સમાવેશ એકરૂપ જૈનધર્મમાં નહીં થવો જોઇએ ? અરે એ ફિરકાઓના પેટા ભાગોના ગુરૂ પંડિત બ્રહ્મચારીઓએ પેટા વિભાગ દુર કરવા પ્રયાશ નહિં કરવો જોઇએ? મુંબઈમાં શ્રી. શ્વેતાંબર જૈન પરિષદે અને યુવક સંઘ પરિષદે ત્રણે ફિરકા એકત્ર કરવા, સર્વ જૈન એક પંક્તિએ બેસે તેમ કરવા, આદિ ઉત્તમ ઠરાવ કર્યા છે અને કાર્યકર્તા તેના અમલ માટે ઉત્સુક છે તે માટે તેઓને ધન્યવાદ ઘટે છે. અને આપણી ગુ. દિ. જૈન પ્રાંતિક સભાના ઉદ્દેશને ભારે મદદ મળે છે; પણ સુરતના દિ. જૈન યુવક સંઘના સભ્યો ખાસ ઘણે ભાગે દશા હુમડ ભાઇ છે, ગુજરાતમાં ઉત્તર ભાગમાં લગભગ ૩૦૦૦ દશા હુમડ ભાઇઓ છે, તેઓ સમસ્ત દિગંબર સાથે પંક્તિમાં સાથે બેસે છે. પણ સુરતના દશાહુમડ ભાઇ પોતાની જમણની ન્યાતમાં બીજા દિગંબર ભાઇઓને એક પંક્તિમાં બેસવા દેવા તૈયાર નથી! વિશ્વધર્મ પર પહોંચતાં પહેલાં જૈનોએ અનેક સુધારા કરવા જોઇશે અને તેવા સુધારા કરવા દરેકને વિનંતિ છે.
તા. ૧૨-૫-૩૪.

જાતિ સેવક.
છોટાલાલ ઘેલાભાઇ ગાંધી.
મહામંત્રી, ગુજરાત દિ. જૈન પ્રાંતિક સભા,
મેવાડાફળીયા, **અંકલેશ્વર.**

મિત્રોમાં વાર્તાલાપ.

(પડદો-૨.)

કાંતિલાલ—દોસ્ત, મહામંત્રીએ આપણી હકીકત સાંભળી તરતજ આગેવાનોને નિમંત્રણ આપી રીતરીવાજ સામાન્ય કરવાનો ખરડો તૈયાર કરાવ્યો-પણ યાર, એ બડો પાકો ખરો; સોજીત્રા સંભા સાથનું અંકલેશ્વરનું જોડાણ થયલું હોવાથી સોજીત્રામાં પંચ મળે છે તે વખતેજ વ્યવસ્થાપક કમીટીની બેઠક રાખે છે. એની આંતરિક વૃત્તિ તો સોજીત્રા સાથ આપે તોજ બીજા પંચ સાથે ભળવાની છે.

સાહિત્યચંદ્ર—એની આડખીલી તો છેજ. પણ દરેક પંચના આગેવાનોને સાથ લઈ ધીમે ધીમે પ્રાંતિક સભાના ઉદ્દેશ બર લાવવા એઓ આગ્રહી તો છેજ.

ઉત્સુકદાસ—અરે, એ મેવાડા ભાઇઓ કંઇ કરવાના નથી. જોયું'ને સબજેકટ કમીટીમાં! પેલા કાકા નાની ઉમરની કન્યાના વિવાહ જોડવા માટે કેટલા આગ્રહી હતા ? તેવા આગેવાનો હોય ત્યાં સુધારા તો ગોકળ ગાય. માફકજ ચાલે તો !

ગંભીરમલ—ભાઇ, તમે એ કાકાને પુરા ઓળખતા નથી. કાકા જમાનો સારી રીતે જાણે છે. અમદાવાદ બોર્ડીંગના દરેક મેળાવડામાં આવતા અને સુધારામાં પણ આગળજ એને સમજવા. પણ આ કાંતિલાલ જેવા ખોટી ક્રાંતિ કરે તે એમને પસંદ નથી તેથીજ સાવધાનીથી ડગલાં ભરે છે. સમજ્યા કેની?

ક્રાંતિલાલ—ગંભીરમલ તો રેતીમાંએ તેલ જુએ છે, પણ જુઓ, મુંબઇમાં પરિષદ, શ્વે. જૈન યુવક સંઘ અને શ્વેતાંબર જૈન કોન્ફરંસ મળી તે બન્નેમાં કેટલા આગળ પડતા સુધારા થયા? જુવાનોના જોર આગળ વૃદ્ધોને નમવું પડવાનું છે. એમ કહો કે દિ૦ જૈન યુવક ઢીલા છે એટલુંજ શરમાવાનું છે.

ગંભીરમલ—શ્વેતાંબર જૈન યુવક સંઘે તો ફરજયાત વૈધવ્યની વિરૂદ્ધમાં પણ ઠરાવ કર્યો છે. તેઓમાં મુનિ આર્જીકા થાય છે. આપણને દેશ અને ધર્મના સેવક જોઇએ છે તો વિધવા વિવાહના પ્રચારના કાર્ય કરવાના છેજ નહિં એટલે બાળ લગ્ન વૃદ્ધ વિવાહ અટકાવી વિધવા થતી અટકાવવી અને થાય તો તેને માટે આશ્રમો પાઠશાળા ખોલી વીતરાગ ભાવથી સેવક સેવિકા બનાવી તેઓ માટે સમાજની ઉન્નતિ માટેનો ઉદ્દેશ રાખી પ્રાંતિક સભા સ્થાપી છે. પછી શું આગેવાનો સાથ નહીં આપે? અરે જો જે આગેવાનો જરૂર સાથ આપશેજ અને સોજીત્રા સંભા તો બહુ ઉદાર અને સંપમાં જંપ માનનાર હોવાથી પરિષદના બધાએ ઠરાવને અનુમોદન આપશેજ.

સાહિત્યચંદ્ર—એઓમાં કેળવાયલા આગેવાન આગળ ધપશે અને તેઓ આંતરિક પ્રચાર સારો કરશે. એટલે મને પણ આશા તો રહે છે, પણ મને પેલા નાના પેટા ગોળ, કહેવાતા એકડીયા માટે શંકા છે. તેઓએ તો ઠરાવજ પાકો રાખ્યો છે કે પોતાના પેટા ગોળમાંથી બહાર કન્યા આપવીજ નહિં.

ગંભીરમલ—ના, ના; એમ નથી. એઓ પોતાનામાં કન્યા આપે તેને આપવી એવો ઠરાવ છે.

કાંતિલાલ—જાઓ, જાઓ, પેલા અંકલેશ્વરવાળાએ એમનામાં કન્યા આપી તોએ ત્યાં કયાં કન્યા આપે છે? એઓ સ્વાર્થી તો છે?

ગંભીરમલ—એમ તો બીજા પણ કયાં આપે છે? કન્યાનીજ ખોટ હોય પછી બહાર તે કયાંથી આપે!

ક્રાંતિલાલ—કન્યાની ખોટ હોય તો તો જરૂર બીજા પંચો સાથે જોડાશે. કારણ બીજા પંચમાં જોડાવાથી તેમને લાભ થશે. જુઓની રાંયકવાળા ભાઇની કન્યા એઓમાં ગઇ કેની?

સાહિત્યચંદ્ર—અરે એ તો લેનેમેં લાલા છે. કોઇને એ દે એમ નથી. પેલા સરૈયા તે વગામાં ફર્યા હતા અને તેમના આંતરિક નિર્ણય જાણી લાવ્યા હતા.

ક્રાતિલાલ—સરૈયાની વાત જવા દોને. જુવાનો તો કંઇક કરે એમ છે. એટલે જ્યારે ત્યારે બધું ઠેકાણે આવશે. જુઓને લગ્નગાળામાં પંચ મળી શું કરે છે?

ઉત્સુકદાસ—પંચમાં શું જોવાનું છે? નનાનપુરનું દશા હુમડ ભાઇઓનું પંચ નહોતું જોયું? અમુક આગેવાનોએ કુંડાળું વળી બેસી ખાનગી વિચાર કર્યો કે તે પંચના ઠરાવને નામે બહાર પડે. આજુબાજુનાંને સંભલાય પણ નહીં, એ પંચમાંથી પાછા ફરતાં એક દશા હુમડ ભાઇજ એમ બોલતા હતા કે પાંચેક વર્ષપર સોનાસણમાં ગોળ બહાર કન્યા આપવાની બંધીનો ઠરાવ કર્યો અને બીજી પંચો સાથે મળવાને અડધા ઉપરના દશા હુમડો તો આજે પણ તૈયાર છે, પણ આગેવાનોની રમતો આગળ સંભળાય છેજ કોનું?

કાંતિલાલ—એતો સંભળાશે. જરા જુવાનોનું જોર વધવા દ્યોને ? એ પંચ ફંચ કંઇ રહેવાના નથી.

ગંભીરમલ—શું પંચ રહેવાના નથી ? અરે પંચનું તેજ કેટલું છે તે જાણો છો ? સોજીત્રા સંભામાં કે જ્યાં જોઇએ ત્યાં પંચના ઠરાવ વગર કોઇ સામાજીક સુધારાની વાત પણ કરે છે ?

કાંતિલાલ—ફરી વાત ! કંઇ જુવાનો ચઢીને બોલતા થયા છે. અને વખત એવો આવશે કે પંચની જરૂરજ નહિં પડે.

ગંભીરમલ—જરૂરજ નહિ પડે, એ તો સાવ મુર્ખાઈ છે. ચોરીચકારી, મારફાડ, આદિ ગુના અટકાવવા સરકાર જેવી સંસ્થાની જરૂર પડે છે. રસ્તા, નાળા, કુવા આદિ બંધાવવા લોકલ બોર્ડ કે મ્યુનીસીપાલીટી જેવી સંસ્થાની જરૂર પડે છે. આર્થિક સ્થિતિ સુધારવા ઉદ્યોગીક મંડળો, સહકારી મંડળીઓ વીગેરે સંસ્થાની જરૂર છે. કેળવણી માટે શાળા બોર્ડ જેવી સંસ્થાની જરૂર તેમજ પ્રજામાં ધર્મ, ઉચ્ચ ચારિત્ર, વર કન્યાની આપ લેની મર્યાદા આદિ સામાજીક ઉન્નતિ માટે પંચોની જરૂર પડવાનીજ.

કાંતિલાલ—અરે રશીયામાં આખી પ્રજામાં પંચ જેવી વ્યવસ્થા નથી ત્યાં શું વર કન્યાની આપ લે, ચારિત્ર ધર્મ આદિ પળાતાં નથી ?

ગંભીરમલ—રશીયા અને હિંદુસ્થાન એમાં આસ્માન જમીનનો ફેર છે. રશીયા આર્થિક ઉન્નતિજ માંગે છે; અને હિન્દુસ્થાન આત્માની ઉન્નતિ માંગે છે. રશીયામાં તો જે કોઇ સ્ત્રી પુરૂષને જ્યારે ફાવે ત્યારે રજીસ્ટ્રેશનથી જોડાવાનું અગર છુટાછેડા કરવાનું છે તેવું આપણામાં કરવું છે ? હિન્દુસ્થાનના દરેક ધર્મના સામાજીક બંધારણ એવા છે કે પાછળની સ્થિતિમાં સ્ત્રી પુરૂષ ત્યાગ ગ્રહણ કરી આત્મોન્નતિ કરી શકે—સેવા કરી શકે.

સાહિત્યચંદ્ર—ત્યાગમાર્ગ રશીયામાં શું નથી ? બધાએ કામ કરે અને પોતાના જીવ જેટલું મેળવે તે ઉપરાંતની કમાણી પોતાની સરકાર માટે રહે. એક સરકારના હાથ નીચે એક કુટુંબવત્ આખી પ્રજા એ શું ખોટું છે ?

ગંભીરમલ—એવી વ્યવસ્થામાં દરેક કેટલા પરતંત્ર છે તે જરા અનુભવથી જાણી શકો. અને આપણી સામાજીક વ્યવસ્થામાં વ્યક્તિગત સ્વાતંત્ર્ય કેટલું બધું છે તે પણ તમે અનુભવથી જોઇ શકો એમ છે. હિન્દુસ્થાનમાં સંયોગો જુદા છે તે તો જુદું.

કાંતિલાલ—એ વાત ઠીક છે, પણ આપણા સામાજીક બંધારણમાં આ પંચ જેવા વાડાની શી જરૂર છે ?

ગંભીરમલ—સરકાર પ્રાંત, જીલ્લા, તાલુકા, ગામડા એમ વિભાગ પાડી વ્યવસ્થા કરી શકે છે. લોકલ બોર્ડ, મ્યુનીસિપાલીટી, સહકારી મંડળી આદિ દરેક સંસ્થાને હદ હોય છે. મર્યાદા સિવાય વ્યવસ્થા અનુકુળ ચાલીજ શકે નહિં. પંચની પણ મર્યાદા નહિં હોય તો ચાલેજ નહિં. બાર ગાઉએ બોલી બદલાય, સંસ્કાર બદલાય, રહેણી કરણી બદલાય તો આપણે ગુજરાત પ્રાંત જેટલી મર્યાદા રાખીએ છીએ તે કઇ ઓછી હદ નથી ! રેલ્વે ને તારના ઝડપી સાધનોના જમાનામાં ભાષા, સંસ્કાર, રહેણી, કરણી આદિ સરખા એટલા મોટા વિસ્તારમાં ઠીક થાય અને સમાજની ઉન્નતિ પણ ઠીક થાય.

કાંતિલાલ—ત્યારે શું આ પુરાણા પંચનીજ વ્યવસ્થા ચાલુ રાખવા માંગો છો ?

ગંભીરમલ—ના, ના. અત્યારે જે રીતે પંચ ચાલે છે તે રીતે તો ભારે વખત અને પૈસાનો ભોગ આપવો પડે છે અને તે છતાં એકાદ બે કામ થાય અગર નહિં થાય છતાં પંચ વીખરાઇ જાય છે. ધારાસભા, મ્યુનીસીપાલીટી, પોસ્ટ, સહકારી મંડળ કે વેપારી મંડળ આદિના સભ્ય હાલના પંચની માફક બેસીને કામ કરત તો એકે સંસ્થા ચાલી શકત નહિં. કાગળ પણ

વખતસર લોકોને પહોંચત નહિં અને આગમાડી પણ નિયમિત સ્ટેશને જોવામાં આવત નહીં. ખરી રીતે આપણું જીવન બધું અવ્યવસ્થિત હોત. પણ એ સંસ્થાના સભ્યની કમીટીમાં રજુ કરવા લાયક કામ વારાફરતી રજુ થાય છે હાથ પર લેવાયલાં કામપર વારાફરતી બોલાય છે. એક વાતમાં બીજી વાત કોઇ બોલે તેને પ્રમુખ બોલતાં અટકાવે છે. તે કામ પર ચર્ચા પુરી થાય એટલે દરખાસ્ત રજુ થાય છે. તે દરખાસ્ત શબ્દોની ફેરબદલી કરવી હોય અગર તો તે દરખાસ્તને બદલે નવીજ દરખાસ્ત બીજા કોઇને મુકવી હોય તો તે લેખી રજુ કરે છે. તે પર ટુંક ચર્ચા કરી મત લેવાય છે. અને જે દરખાસ્ત મંજુર થાય તેનો અમલ બધાને કરવાનો હોય છે. આમ થાય તો સમય અને પૈસાની બરબાદી થતી અટકે.

સાહિત્યચંદ્ર—અરે, નનાનપુરના ચોખલના પંચમાં તેનું બંધારણ બધું એ કાયમ રાખીનેજ આવા સુધારા કરવાની દરખાસ્ત મહામંત્રી છોટાલાલે પંચમાં મુકી; ત્યારે એક આગેવાને જવાબ દીધો કે આ તો બધા સભાના નિયમ છે એમ કહી ઉડાવી દીધા. લોકો અજ્ઞાન અને આગેવાનો મોટાઇ જતી રહે તેની બ્હીકમાં ગમે તેમ ઉત્તર આપે છે.

રતિલાલ—અરે હું ત્યાં હોત તો તરતજ ના કહેત કે પંચ એ સભા છે કે મેળો! અત્યારનું પંચ એ તો માછલીપીઠ જેવું નથી લાગતું?

સાહિત્યચંદ્ર—અરે એક આગેવાન તો બોલ્યા હતા કે બધા પંચના માણસને ગમે ત્યારે બોલવાનો હક જતો રહે. લેખીત દરખાસ્ત લાવવી અને તે ઠરાવ પરજ બોલવું; એ બધી વાત કરવા જઇએ તો એક બીજાના ઉભરા ક્યારે નિકળે?

ગંભીરમલ—ઉભરા કાઢવા હોય તે વિષયની પ્રાથમિક ચર્ચા વખતે કાઢી શકે છે, પણ ગમે તે ગમે ત્યારે ગમે તેવું બોલવાની સ્વતંત્રતા ઇચ્છે તેણે તો કોઇ સભા કે સમાજની વચમાં રહેવુંજ નહિં જોઇએ. સામાજીક પરતંત્રતા અને અંગત વ્યક્તિ સ્વાતંત્ર્ય એ સાચો નિયમ છે. જો કોઇને સમાજમાં રહેવું હોય તે તે સમાજના વધુમતે જે ઠરાવ થાય તે પ્રમાણે સર્વએ વર્તન કરવું જોઇએ. અને અંગત પોતાના કામ માટે સ્વતંત્રતા હોઇ શકે છે. પંચમાં ગમે તેમ ગમે ત્યારે ગમે તે બોલે છે તેથીજ પંચમાં કંઇ કામ થતું નથી. નનાનપુરમાં સાતસો માણસો મળ્યા બે ત્રણ હજાર રૂપીયા બધાના મળીને ખર્ચાયા. કેટલાએ દીવસ ભાંગ્યા તોએ કામમાં જોઇએ તો બે પાંચના દંડ કરી ઉઠી ગયા. હા. તારંગા માટેનો ફાળો ઠીક આપ્યો. જો સભાના નિયમનનો ઠરાવ મંજુર થયો હોત તો અનેક ઠરાવો પોતાની સમાજના ઉન્નતિના કરી શકત.

સાહિત્યચંદ્ર—હજુ પ્રચારની બહુ જરૂર છે. જેમ પ્રચાર થશે તેમ લોક કેળવાશે અને પંચોએ સભાની માફકજ કામ કરવું પડશે. જુઓની પારસી કોમના પંચ? કેટલાક કેળવાયલા હિંદુના પંચ બરોબર સભાના નિયમથી ચાલે છે. ને જલદીથી કામ આટોપી લે છે. આપણા પંચમાં તો મત લેવાની વાત કરવા જઇએ કે તડ પડવાની વાતની શંકા ઉભી કરે છે.

ગંભીરમલ—મત ગણત્રી વગર એકે સંસ્થા, સભા કે પંચ ચાલી શકે નહીં. સર્વાનુમતેજ કરવું એવું કહેનારનેજ ખ્યાલ નથી કે મગજે મગજે જુદી મતિ હોય છે. જો બધાને એકજ સરખી મતિ-બુદ્ધિ હોત તો આ સંસારી રેંટમાળજ ન હોત. એકસરખા મેંઢાને ઘણાએ ભરવાડ દોરી શકે છે, પણ જમાનો કેળવણીનો છે. કેળવાયલા કદીએ મેંઢા માફક ચાલવાના નથી. એટલે આજે નહીં તો આગળ ઉપર દરેક પંચે મતગણત્રીની પદ્ધતિ સ્વીકાર્યે છુટકો છે.

સાહિત્યચંદ્ર—ચોખલાના પંચમાં મતગણત્રીની પદ્ધતિ સ્વીકારાયલી છે. ત્યાં તો કમીટી પણ છે. બીજી કેટલીક પંચો પણ તે સ્વીકારે છે. આ સોજીત્રા સંભામાં તો મત

ગણુત્રની વાત થાય એમ નથી. એઓ તો એમ સમજે છે કે કોઇ દરખાસ્તમાં જરા ગુંચવાડો પડ્યો કે પંચ વિખરાઇ જાય. પછી વર્ષે બે વર્ષે જ્યારે તે વાત હાથ પર લેવાય. અને મત ગણવાની વાત આવે તો તે વાત પડતી મુકાય. એ રીતે કરવામાં તડ પડે નહિં એમ તેઓ માને છે. તેઓ માને છે કે સમાજમાં કંઇ સત્તા નહિં અને લોક પક્ષાપક્ષી તો કરેજ એટલે મતભેદની વાતજ શું કરવા કરીએ?

ગંભીરમલ—બંધારણ એજ સત્તા છે. સમાજનું બંધારણ જેમ વધુ સારૂ તેમ વધુ સત્તા તે સમાજને હોય. આગેવાન બંધારણ બરોબર નહિ ઘડે પછી સત્તા શી રહે? સમાજના બધા માણસને પક્ષપાતી ગણવામાં મોટું અપમાન થાય છે કેળવાયલો વર્ગ—અરે કેટલાક જુના અનુભવિઓ પક્ષપાતિ કામ નહિં કરવા ઇન્તેજાર હોય છે. પંચના કેટલાક માણસમાં પક્ષપાત હોય તેઓ પણ બહારથી નિષ્પક્ષપાતિ પોતાને દરાવવા માંગે છે. કાળો ચાંલ્લો કોઇને ગમતો નથી. પકા બંધારણ વગર બધું એ ખોટું છે. કાચા મકાન તો પવન પાણીથી નાશ થાયજ. પણ પકા મકાન ગમે તેવા વાવાઝોડા સામે ટક્કર ઝીલે છે તેમ પાકા બંધારણ ગમે તેવા પક્ષપાત સામે ટકી શકે છે.

સાહિત્યચંદ્ર—ખરી હકીકત તો આગેવાનોને આગેવાની જતી રહેવાનો ભય છે.

ગંભીરમલ—એ ભય ખોટો છે. કામ કરંદો આગેવાન જરૂર આગળજ આવનાર છે. ભોગ દેનારને કોણ છોડે? ત્યાગે ઉરકી આગે, મગે ઉસકે ભાગે જેવું છે.

કાંતિલાલ—હવે જોઇશું, સોજીત્રામાં લગ્નગાળો, પંચ, મુ. પ્રાં. સ. સ. વ્યવસ્થાપક કમીટીની બેઠક વગેરે અગત્યના પ્રસંગ આવે છે, શું બને છે તે જોઇશું. ચાલો આજે તો જઇએ.

"જૈન હિતૈષી" ના જયજિનેંદ્ર.

લગ્નના સામાન્ય—
—રીતરિવાજનો ખરડો.

સં. ૧૯૯૦ ના પ્રથમ વૈશાખ સુદી ૨ને વાર રવી તા ૧૫–૪–૩૪ ને રોજ અંકલેશ્વરમાં ગુજરાતના દિગંબર જૈનોના પંચ કે વ્યક્તિ તરફથી આગેવાનોને બોલાવી જુદી જુદી પંચોની વ્યક્તિઓએ છોકરા છોકરીઓના વિવાહ સંબંધ જોડતાં સામાન્ય રીત રિવાજ શું રાખવો તેનો કાચો ખરડો તૈયાર કરવા મહામંત્રીએ દિગંબર જૈનપત્રમાં જાહેર ખબર આપી હતી તે આધારે સુરત, આમોદ, અંકલેશ્વરના કેટલાક મેવાડા, વીનાહુમડ અને નરસિંહપરા જ્ઞાતિના પંચના પ્રતિનિધિઓ એકત્ર થયા હતા અને નીચે મુજબ કામકાજ થયું હતું:–

ઠરાવ ૧:—આજની સભાના પ્રમુખ રા. રા. છોટાલાલ ઘેલાભાઇ ગાંધીને નીમવા.

ઠરાવ ૨:—ગુજરાત દિગંબર જૈનોના તમામ પંચોના આગેવાન સદ્‌ગૃહસ્થો હાજર હોત એ ખુશી થવા જેવું હતું ભવિષ્યમાં તમામ પંચોના ગૃહસ્થો આ દીશામાં રસપૂર્વક ભાગ લે અને ઉન્નતીના માર્ગ મોકળા કરે. દરખાસ્ત:–છગનલાલ ઉત્તમચંદ સુરૈયા ટેકો:–માસ્તર ભુરાભાઇ મુળચંદ.

ઠરાવ ૩:—ગુજરાતના દિગંબર જૈનોની પેટા જ્ઞાતિઓમા પરસ્પર વિવાહ સંબધ જોડાય તેવે પ્રસંગે પલ્લાની રકમ ઓછામાં ઓછી રૂ. ૩૦૧) અને વધારેમાં વધારે રૂ. ૧૦૦૧) રાખવી. તેમજ કન્યના કપડાં ઓછામા ઓછા રૂ ૫૧,થી ૨૦૧) સુધીના કરવા.

દરખાસ્ત:–રા. ખીમચંદ સવાઇચંદ ટેકો:–હીરાલાલ પ્રેમચંદ સંઘવી.

ઠરાવ ૪:—લગ્નની ક્રીયા જૈન વિધીથી કરવી. અને વિવાહથી તે લગ્નસુધી સુધીના રીતરિવાજો વરકન્યાવાલાએ સમજીને કરવા.

દરખાસ્ત કરનાર:–મી. ઇશ્વરભાઇ કસનદાસ કાપડિયા ટેકો:–મી. નાગરદાસ નરોતમદાસ

ઠરાવ ૫:—લગ્ન પ્રસંગે પહેરામણી કરવી, વરઘોડીઆ, પંચોલું, ફટાણાં ગીતો આદિ રિવાજોથી વરકન્યાના પક્ષો વચ્ચે તકરાર થઇ જાય છે. આવા રિવાજો એવી રીતથી કરવા કે ઉભય પક્ષોમાં તકરાર થાય નહિ આ રિવાજો શાંતિથી ન થતા હોય તો બહેતર છે કે આવા રિવાજો શાસ્ત્ર-પ્રમાણ ન હોવાથી તે દૂર કરવા દરખાસ્તઃ- **છગનલાલ ઉત્તમચંદ સુરૈયા ટેકો-ખીમચંદ સવઇચંદ.**

ઠરાવ નં. ૬:—આ ઠરાવોનો ખરડો મહામંત્રીએ યોગ્ય સ્વરૂપે વ્યવસ્થાપક કમીટી બોલાવી જેમ બને તેમ જલદી રજુ કરવો

દરખાસ્તઃ-મુળચંદ કસનદાસ કાપડિઆ ટેકોઃ- નાગરદાસ નરોતમદાસ સંઘવી.

બધા ઠરાવો સર્વાનુમતે મંજુર થયા હતા અને પ્રમુખશ્રીનો આભાર માનવામાં આવ્યો હતો.

ભારત (દાહોદ) પત્રના ૧૩-૫-૩૪ ના અંકમાં એક જૈન યુવકનું ચર્ચાપત્ર છપાયું છે કે એક ભાવનગરના જૈન શેઠ ૪૦ વર્ષ ઉપરની ઉમરે અમદાવાદના અમૃતલાલની ૧૨ ૧૩ વર્ષની પુત્રી સાથે લગ્ન કરનાર છે જેથી શારદા એક્ટનો તથા ગુજરાત પ્રાં. સભાના ઠરાવનો ભંગ થાય છે. તેનો ખુલાસો મહામંત્રીએ કરવો જોઇએ વગેરે' આથી મહામંત્રી છોટાલાલ ગાંધી ખુલાસો કરે છે કે ભાવનગરના શેઠની ઉમર નિશ્ચિત ૩૯ વર્ષની છે ને કન્યાની ઉમર ૧૬ વર્ષથી વધુ છે એટલે અંતર ૨૪ વર્ષની અંદર હોવાથી ઠરાવનો ભંગ કોઇ રીતે થતો નથી. ચર્ચાપત્રીએ દિગમ્બર જૈનમાંજ એ ચર્ચાપત્ર મોકલવું હતું વગેરે.

ચતુરમતીબાઇ—દાહોદવાલાને ખુલ્લો પત્ર દાહોદના 'ભારત' નામે પત્રમાં પ્રકટ થયો છે તેમાં જણાવ્યું છે કે એ બાઇએ પોતાના પાવાગઢ મંદિર માટે નકામી ટીપ નહીં કરવી જોઇએ પણ તેરાપંથી પંચ તરફથી મલતી ૪૭૫) વાર્ષિકની આવકમાંથી દાહોદની પાઠશાળાને મદદ કરવી જોઇએ

ખડકની ૧૦ પાઠશાળાઓની પરીક્ષા-ગયા માસમાં લેવાઇ હતી જેનો રિપોર્ટ મોડાસિયા ફતેચંદભાઇ તારાચંદ મહામંત્રી તરફથી મલ્યો છે જેનો સારાંશ નીચે મુજબ છે. તા. ૧૦-૪-૩૪ હરીચંદ વસ્તા કન્યાશાળા **વિજયનગર** માં ૨૩ માંથી ૨૩ પાસ ને રૂા. ૧૭ાા ના પુસ્તકો ને કપડાંનું ઇનામ વેંચ્યું. તા, ૧૩ દોલાભાઇ કસ્તુરચંદ અમથા **નવાગામ** પાઠશાળામાં ૩૬ માંથી ૩૪ પાસ ને રૂ. ૪૬ાા નું ઇનામ વેંચ્યું. તા. ૧૪ ગાંધી તલકચંદ મોતીચંદ કન્યાશાળા **નવાગામ** માં ૧૫ માંથી ૧૧ પાસ ને રૂા. ૧૭ાા નું ઇનામ વેંચ્યું. તા. ૧૬ તલકચંદ જેઠાભાઇ તાસવાલા પાઠશાળા **બાવલવાડામાં** ૩૮ માંથી ૩૪ પાસ ને રૂા ૪૬ાાનું ઇનામ વેંચ્યું. તા. ૧૯ ખેમચંદ લાલજી પાઠશાળા ભુવરમાં ૨૯ માંથી ૨૭ પાસ ને ૩૭) નું ઇનામ વેંચ્યુ. તા. ૨૧ કેવલદાસ રાવજી પાઠશાળા **ભાણદા** માં ૨૬ માંથી ૨૩ પાસ ને રૂ. ૨૪ાા નું ઇનામ વેંચ્યું તા. ૨૩ શાંતિસાગર પાઠશાળા **વીંછીવાડામાં** ૫૧ માંથી ૪૫ પાસ ને ૪૦)નું ઇનામ વેંચ્યું. તા. ૨૭ શેઠ લલ્લુભાઇ લક્ષ્મીચંદ પાઠશાળા **છાણીમાં** ૪૧ માંથી ૩૮ પાસ ને રૂા. ૫૮ા નું ઇનામ વેંચ્યું. તા. ૩૦ હરીચંદ વસ્તા પાઠશાળા **વિજયનગર** માં ૨૬ માંથી ૨૬ પાસ ને ૧૦) નું ઇનામ વેંચ્યું. આ સાલ પ્રથમ નંબરે છાણી પાઠશાળા ને છેલ્લે નંબરે નવાગામ કન્યાશાળા આવી છે. ઇનામમાં પુસ્તકો મુનિશ્રી શાંતિસાગરજીના ઉપદેશથી સ્થપાયેલ ઇનામ ફંડના વ્યાજમાંથી અપાય છે તેમજ કપડાં દરેક ગામના ઉત્સાહી ભાઇઓની સહાયતાથી અપાય છે. સંસ્થાઓ ને સ્થાપક તેમજ તીર્થ ક્ષેત્ર કમેટી તરફથી પણ મદદ મળે છે તેમજ શેઠ લલ્લુભાઈ લક્ષ્મીચંદ ચોકસીની દેખરેખ સારી રહે છે, એ બધા ધન્યવાદને પાત્ર છે.

શ્રાવિકાશ્રમ સોજીત્રા નો વાર્ષિક મેળાવડો બીજા વૈશાખ વદ ૨ તા. ૩૦ મેની બપોરે થશે.

શ્રીમાલ મેવાડાની મોટી વાડી જે સોજીત્રામાં થાય છે તેમાં જે ભાઇઓએ નાણાં ભર્યાં હોય ને બાકી હોય તો તે નાણાં ભરવા વહીવટ કરનાર શેઠ ભગવાનદાસ ઝવેરદાસ જણાવે છે.

ઉજેડિયા—ની પાઠશાળાની પરીક્ષા લઇને શા. ચુનીલાલ મુળચંદ પેથાપુરે સંતોષ પ્રકટ કર્યો છે. તથા શેઠ નેમચંદ ઉગરચંદે ૧૦) ખરચી જમણ આપ્યું હતું.

સ્વર્ગવાસ—ભીલોડા નિવાસી સરળ સ્વભાવી, ધર્મપ્રેમી, મંદકષાયી શેઠ તલકચંદ ફુલેરદાસનો ૬૬ વર્ષની આયુમાં પ્ર. વૈશાખ સુદ ૩ ને દિને સ્વર્ગવાસ થયો છે. બ્ર. ફતેહસાગરજી પાસે હતા ને આપનું સમાધિ મરણ કરાવ્યું હતું. અંત સમયે સમાધિમરણ પુસ્તક વંચ્યું હતું ને ૧૦૦૧) દાન કરી ગયા છે જેનો ઉપયોગ આશા છે કે બ્ર. ફતેહસાગરજીની સુચના પ્રમાણે થશેજ.

મદદની જરૂર—વિજયનગરમાં પાઠશાળા ને કન્યાશાળા ત્રણ વર્ષથી ચાલે છે. ૬૦-૭૦ વિદ્યાર્થી લાભ લે છે પણ મકાનની અગવડ હોવાથી નવું મકાન બંધાય છે તેમાં ૧૦૦૧) ડુંગરજી નાનચંદ (કડિયાદરા) ના સ્મરણાર્થે મળ્યા છે. ને ૨૦૦૦) ની જરૂર છે જે માટે અત્રેથી દાદમચંદ ન્યાલચંદને ટીપ લઇને તા. ૯-૫-૩૮થી મોકલ્યા છે તેમને યથાશક્તિ રકમ ભરી આપવા વિનંતી છે. મોડાસિયા ફતેહચંદભાઇ મહામંત્રી.

ગુજરાત દિ. જૈન પ્રાં. સભાની વ્યવસ્થાપક કમેટી સોજીત્રામાં—મહામંત્રીને ઉતારે બીજા વૈશાખ વદ ૨ તા. ૩૦ મેની રાત્રે મળશે તેમાં નીચેના કામો વિચાર માટે રજુ થશે.

૧-પાચ માસનો રિપોર્ટ, ૨-ઝઘડા નિકાલ કમીટીનો રિપોર્ટ, ૩-પંચ બંધારણ કમીટીનો રિપોર્ટ, ૪-પેટા જ્ઞાતિઓમાં લગ્નના રીત રિવાજનો ખરડો, ૫-આવેલ વસ્તીપત્રકનું તારણ, ૬-શ્રાવિકાશ્રમને ઉત્તેજન કેવી રીતે આપવું, ૭-ચોખલાના દશાહુમડ પંચ તેમજ બીજા પંચે સભાને વધાવી લીધી તે માટે ઉપકાર, ૮-દિગંબર જૈન સંબંધી રિપોર્ટ, ૯-સભાની આવતી બેઠક ક્યાં ને ક્યારે કરવી, ૧૦-બજેટ, ૧૧-પ્રમુખશ્રી જે રજુ કરે તે. આણંદ પેટલાદ થઇ વસો લાઇનમાં સોજીત્રાનું ખાસ સ્ટેશન છે. કમીટીના દરેક સભાસદને અવશ્ય પધારવા વિનંતિ છે.

અંકલેશ્વર તથા સુરતનો અંતર્જાતીય વિવાહ માટે સહકાર.

ગત પ્ર. વૈશાખ સુદ ૨ ને રવીવારે અંકલેશ્વરની વીસા મેવાડા પંચે નીચે મુજબ ઠરાવ કર્યો છે—સુરત વીસા હુમડ જ્ઞાતિના ભાઇ મુળચંદ કશનદાસ કાપડિઆ તથા ઇશ્વરલાલ કશનદાસ કાપડિઆ તેમજ નરસિંગપુરા જ્ઞાતિના ભાઈ છગનલાલ ઉત્તમચંદ સરૈયા, તથા શ્રી ખીમચંદ સવાઇચંદ તથા આમોદવાસી શ્રી નાગરદાસ નરોતમદાસ એ ભાઇઓએ પરસ્પર સંબંધ જોડાવાના વિચાર જાણવાને માટે અંકલેશ્વર વીસા મેવાડા પંચ એકત્રીત કરાવ્યું તે પરથી આ પંચ એવો અભિપ્રાય ધરાવે છે કે એ ભાઇઓની પંચો આપણી સાથે પરસ્પર સંબંધ જોડવા રાજી હોય તો આ પંચ પણ સંબંધ જોડવા રાજી છે. એજ પ્રમાણે સુરતના સંઘ નાસિંહ પુરાનું પંચ પ્ર૦ વૈશાખ સુદ ૮ ને દિને મળ્યું હતું જેમાં નીચે મુજબ ઠરાવ થયો છેઃ—

અંકલેશ્વરના વીસા મેવાડા, સુરતના વીસા હુમડ અને મહુવા વ્યારા વગેરેના રાયકવાળ ભાઇઓમાં પરસ્પર સંબંધ જોડવા સુરતના પંચને યોગ્ય લાગે છે અને આપણા ગુજરાતના તમામ નરસિંહપુરા પંચમાં ઉપર મુજબ પરસ્પર સંબંધ જોડાય એ સુરતનુ પંચ યોગ્ય માને છે અને તે પ્રમાણે આપણે એકત્ર થઇને તેમ કરવા ભલામણ કરે છે જેથી આપણા તમામ નરસિંહપુરા પંચોનો એકત્ર ચાલતો આવેલો સંબંધ ચાલુજ રહે છે.

"जैनविजय" प्रिन्टिंग प्रेस, खपाटिया चकला—सूरतमें मूलचन्द किसनदास कापड़ियाने मुद्रित किया
और "दिगम्बर जैन" ऑफिस, चंदावाड़ी—सूरतसे उन्होंने ही प्रकट किया।

ગુજરાત દિગંબર જૈન પ્રાન્તિક સભાનું માસિકપત્ર—

दिगंबर जैन.

— संपादक अने प्रकाशक —
मूलचन्द किसनदास कापड़िया–सूरत.

वर्ष २७	वीर संवत २४६० श्रावण.	अंक १०

विषय सूची.

— खास निवेदन —

दिगम्बर जैनना ग्राहको अने गु० दि० जैन प्रां० सभाना जे मेम्बरोने आ वर्षनी बे अंको वी० पी० मोकलवामा आवी हती अने जेमणे वी० पी० पाछा फेरव्या छे तेमने दिगम्बर जैन बंध करवामां आव्युं छे. लाईफ (जिंदगी सुधीना) मेम्बरोमां १०–१५ मेम्बरोना रुपीया आवी गया छे अने बाकीना मेम्बरोए १०१) नी रकम हवे तो ताकीदे मोकली आपवी जोइए. –प्रकाशक ।

उपहारोंके पोस्टेज सहित वार्षिक मूल्य २।) व समाज अंक मू० ।।।)

वर्ष २७ वां
अंक १०

वीर सं० २४६०
श्रावण
सं० १९९०.

प्रासंगिकैः सामयिकैः सुवृत्तैर्लेखैर्विनोदैः कविता-कलाभिः।
सद्धर्मसाहित्यसमाजवृद्ध्यै "दिगम्बरो जैन" उदेत्यपूर्वः॥

पर्यूषण पर्व।

(रचयिता-श्री० डालचन्द्रजी जैन-हिंडोरी)

कहो कैसा यह पर्व मनावें?

त्याग बाह्य आडम्बर सारा,
धर्म ध्यान चित लावें।
या वस्त्राभूषणसे सज्जित,
हो निज मडक दिखावें॥
पड़े दुविधामें हम पछतावें॥ कहो०

दशलक्षण जो धर्म भाव हैं,
उनका गुण मन ध्यावें।
या पूरबकी मन मलिन्यता,
एकसा गार मचावें॥
करें क्या सज्जन शीघ्र बतावें॥ कहो०

रूखा सूखा लेवें भोजन,
कर व्रत काम नसावें।
या व्रत नाम रामकर भाई,
हलुआ पूड़ी उड़ावें॥
कहो अब कौन राह हम जावें॥ कहो०

पहिने शुद्ध स्वदेशी खादी,
मनको शुद्ध बनावें।
या विदेशका पहिने मखमल,
अपनें अपन दिखावें॥
नाथको कैसे हम अपनावें॥ कहो०

तजे दिखावा सारा भाई,
हित आतम वर ध्यावें।
दशलक्षणका धर्म पर्व यह,
क्षमा आदि दिखलावें॥
दिखावेंसे हम क्या सुख पावें॥ कहो०

हे भगवन्?

बार बार करते निराश आप दीनबन्धु,
होता है हृदयमें अपार दुख भारी है।
सेवामें तुम्हारी रह जानी कौनसी है भूल,
सत्वर बताओ यह सेवक दुखारी है॥
तारक उधारक सदैव एक आप ही हो,
तुम तक विश्वमें ये दौड़ हो हमारी है।
करते कृपा न क्यों कौनसी है कमी तुम्हें,
यहां रोम रोममें तो वेदना प्रचारी है॥१॥

अटल अचल एक तेरी ही प्रतीत मुझे,
हुई है हृदयमें मृदु मूरति निहारके।
मंत्र मुग्ध सा ही उसे सतत निहारता हूं,
आशा भरी दृष्टि द्वारा सबको बिसारके॥
हटते न नैन ये हटाये नाथ एक क्षण,
करो मुझे भाग्यवान मनमें उतारके।
आप तो कहाते दीनबन्धु नित्य निराबाध,
सार्थक करोगे कब हमको निहारके॥२॥

हम तो सदा हो आपके ही दीन बालक हैं,
चाहे अपनाओ अथवा न अपनाओ अब।
जायेंगे कभी भी नहीं आश्रय तुम्हारा छोड़,
चाहे तो रखाओ अथवा तो ठुकराओ अब॥
तेरी ही कृपा है भवसिन्धुमें आधार मुझे,
आप या हंसाओ मुझे अथवा रुलाओ अब।
मैंने निज नाव पतवार तुम्हें सौंप दिया,
पार या लगाओ चाहे उसको डुबाओ अब॥३॥

गुणभद्र जैन, राजचन्द्र आश्रम-अगास।

सम्पादकीय वक्तव्य।

पर्यूषण पर्व। प्रतिवर्ष अनेक पर्व आते हैं और चले जाते हैं। ज्ञानी, चतुर, विवेकी, लोग इस शुभ अवसरोंसे लाभ उठा लेते हैं और प्रमादीजन आंख बन्द किये हुये योंही पड़े रहते हैं। कुछ लोग ऐसे होते हैं कि वे स्वयं आंतरिक भावोंसे तो पर्वकी धार्मिक क्रियायें नहीं करते हैं, किन्तु लोकदिखावाके लिये सबके साथ शामिल होजाते हैं। और कुछ लोग ऐसे भी होते हैं कि जो बाह्य दिखावा तो नहीं करते हैं किन्तु आंतरिक शुद्धि किया करते हैं। इस प्रकार अपनी २ श्रद्धा भक्ति और ज्ञानके अनुसार लोग पर्व दिनोंका उपयोग किया करते हैं। **पर्यूषण पर्व, पर्वोंका राजा है।** इन दिनोंमें जैनियोंके धार्मिक भाव सहज ही बढ़ जाते हैं। तमाम स्त्री, पुरुष, बालक, बालिकायें सामायिक करते हैं स्वाध्याय करते हैं, पूजा करते हैं, शास्त्रोपदेश सुनते हैं और यथाशक्ति व्रत उपवास किया करते हैं। यदि सर्वसाधारण जनता पर्वके रहस्यको समझने समझानेका भी प्रयत्न करे तो विशेष कल्याण होसक्ता है।

* * *

दश धर्म। पर्यूषण पर्वके १० दिन उत्तम क्षमादि दश धर्मोंके नामसे माने जाते हैं। उन्हींके अनुसार प्राय: सर्वत्र दश धर्मोंका प्रतिदिन क्रमश: विवेचन होता है और तत्वार्थसूत्रके १० अध्यायोंका क्रमश: उपदेश होता है। वे १० धर्म इस प्रकार हैं—

(१) **क्षमा**-क्रोध कषायको काबूमें करना। क्षमाभाव धारण करना और अपनी आत्मशक्तिका विकसित करना। क्षमाधारी महापुरुष बदला लेनेकी शक्ति होनेपर भी दयापात्र व्यक्तिपर क्षमाभाव रखता है। इसका यह अर्थ नहीं है कि वह शत्रुओंके आक्रमण और अत्याचारियोंके अत्याचारोंको चुपचाप सहता रहता है! नहीं, वह समय आनेपर न्यायकी रक्षाके लिये युद्ध भी करता है। किंतु क्रोधको काबूमें रखकर आत्माको मलिन नहीं होने देता।

(२) **मार्दव**—मानकषायको जीतकर यह धर्म प्रगट होता है। धन, कुल, जाति और सत्ता आदिके मदमें मस्त होकर यह अज्ञानी जीव अपना तो अहित करता ही है, साथमें मानवजातिकी भी अवगणना करता है। इसपर अंकुश रखनेवाला मनुष्य मार्दव धर्मका पालक है।

(३) **आर्जव**—माया कषायको वशमें करनेसे यह धर्म प्रगट होता है। मायाचारसे लोग आत्मवंचना तो करते ही हैं साथ ही अपने जालमें फंसे हुये व्यक्तिका भी विनाश कर देते हैं। मायावी मनुष्य सबसे बड़ा पापी है। मायाका त्याग करके आर्जव धर्मका पालन करना चाहिये।

(४) **सत्य**—इस सुप्रसिद्ध धर्मसे आबालवृद्ध परिचित हैं। लोगोंकी धारणा है कि सत्यकी रक्षा करते हुये व्यापारिक और व्यावहारिक कार्य नहीं चल सक्ते, यह भ्रम है। अभी भी देखा जाता है कि जितनी दूकानपर एक ही भाव होता है उनके यहांका व्यापार अच्छा चलता है। दगाबाजी और लोभको संवरण करनेसे सत्यका पालन होसक्ता है।

(५) **शौच**-लोभके त्यागसे यह धर्म उदित होता है। लोभी मनुष्य कभी भी पवित्र नहीं होता। शौचका दूसरा अर्थ बाह्य शुद्धिसे भी है। मगर 'जैनधर्मने बाह्य शुद्धिके साथ ही विवेकसे काम लेनेका भी उपदेश दिया है। स्नान करके शरीर शुद्धि करो, मगर गंगा यमुनादिको पूज्य मानकर उनमें स्नान मत करो। अन्तरंग-बहिरंग शुद्धिका नाम शौच धर्म है।

(६) संयम-इन्द्रियोंको वशमें करने और इंद्रिय विषयोंसे लालसा घटानेसे संयम धर्मका पालन होता है। विषयोंके वशीभूत होकर यह प्राणी धन, धर्म, शरीर और सज्जनता भी खो बैठता है। संयमके पालनमें ही सच्ची मनुष्यता है।

(७) तप-बाह्य और अन्तरंगके भेदसे तप दो प्रकारका है। और उसके भी ६-६ भेद हैं। एकाशन, उपवास, आदि भी तप हैं। यथाशक्ति व्रतोपवास करके तपका अभ्यास करना चाहिये।

(८) त्याग-यों तो त्यागका अर्थ बड़ा विशाल है। फिर भी गृहस्थोंके यथा समय चतुर्विध दान करनेको भी त्याग कहते हैं। त्यागमें विवेक, समयकी मांग, पात्रका विचार और द्रव्यका विशेष उपयोग इन बातोंकी जानकारी रखना आवश्यक है।

(९) आकिंचन-परिग्रह पापका कारण है। अपना कुछ भी नहीं है, और अपन भी किसीके नहीं है, इस प्रकार संपूर्ण ममत्वका त्याग करके आकिंचन धर्मका अभ्यास किया जाता है।

(१०) ब्रह्मचर्य-स्वपरस्त्रीका मन, वचन, कायसे त्याग करके आत्मरत होजाना मुनियोंका ब्रह्मचर्य है या महापुरुषोंका धर्म है। किन्तु गृहस्थोंका ब्रह्मचर्य स्वस्त्री संतोष करके अन्य स्त्री मात्रसे रागभावका त्याग करनेसे होता है। विषयोंकी लालसा घटाये विना ब्रह्मचर्यका पालन करना अशक्य है।

* * *

हमारा कर्तव्य। इन दश धर्मोंके पालन करनेका सदा अभ्यास करते रहना गृहस्थोंका कर्तव्य है। मात्र इन १० दिनोंके लिये ही यह धर्म नहीं होने हैं किंतु यावज्जीवन इनके पालनमें उत्तरोत्तर वृद्धि करते रहना चाहिये। इन धर्मोंका उत्कर्ष करनेके लिये पर्यूषणपर्व निमित्त होता है। इन दिनोंमें हमें अपनी क्रियायें और आचार वास्तविक बनाना चाहिये। दिखावटको काम करके अंतरंगसे व्रतोंका पालन करना चाहिये। प्रतिदिन सामायिक, स्वाध्याय, पूजा, व्रत, उपवास और दान आदि करना आवश्यक है। मगर इन सबके साथ विवेकका होना विशेष आवश्यक है। आचार्योंने '**शक्तितस्त्याग तपसी**' सूत्र द्वारा यह स्पष्ट कह दिया है कि अपनी२ शक्तिके अनुसार त्याग और तप करना चाहिये। आत्माको क्लेशित करके मात्र वाहवाहीके लिये उपवासादि करना लाभकारी नहीं है। जो धर्मके रहस्यको जानता है वही जैन है। इन दिनोंमें हमें इसका प्रयत्न करना चाहिये। तथा यथाशक्ति व्रत व दान करना चाहिये।

* * *

દશ લાક્ષણી પર્વ. આપણો દશ લાક્ષણી પર્વ-પર્યુષણ પર્વ એકવાર ફરીથી ભાદરવા સુદી ૫ થી ૧૪ સુધી આવી પહોચ્યો છે જેમાં દરેક દેહરે અભિષેક, પંચ પૂજા, તત્વાર્થ-સહસ્ર નામ સૂત્ર વાંચન, સોલહ કારણ, દશ લક્ષણ, રત્નત્રય વગેરે પૂજન તથા પ્રભાવના નિયમ મુજબ થાય છે ને થશેજ પણ તે સાથે હવે થોડો વધુ સુધારો ગુજરાતમાં દરેક દહેરે થવાની ખાસ જરૂર છે ને તે એ છે કે પોપટજી અચરે અચરે રામની માફક સંસ્કૃત સૂત્રો વંચાય છે ને સ્ત્રી પુરૂષો તે સાંભળે છે પણ તેનો અર્થ ૧૦૦ માં ૧ પણ ભાગ્યેજ સમજતા હશે તો તેમ ન થતા હવે આ દશ દિવસોમાં દરરોજ ઓછામાં ઓછું તત્વાર્થ સૂત્રના એક એક અધ્યાયનો અર્થ તેમજ ઉત્તમ ક્ષમાદિ દશ ધર્મમાંના એક એક ધર્મનો વિસ્તારથી અર્થ વાંચી સંભળાવવો જોઇએ તેમજ દરેક પૂજા પણ બને ત્યાં સુધી ધીરેથી શુદ્ધતાથી ભાષામાં ભણવી જોઇએ કે જેથી તેનો ભાવ પૂજા ભણનાર ને સાંભળનાર બંનેના સમજવામાં

આવે. વળી આ દશ દિવસોમાં દરરોજ રાત્રે મંદિરમાં શાસ્ત્ર સભા થવીજ જોઇએ ને તેમાં એક એક ધર્મનું વર્ણન થઇ કોઇ કથા ગ્રન્થ વંચાવવોજ જોઇએ તેમજ ઉત્તમ ત્યાગ ધર્મને દિવસે યથાશકિત દાનની ટીપ પણ કરવી જોઇએ ને તે પછી ભાગે પડતી રીતે આપણી દિ. જૈન સંસ્થાઓને મોકલવી જોઇએ. દાન પુણ્ય કરવાનો ખરો અવસર-નિમિત્ત કારણ આજ છે માટે વર્ષભર કમાયા કર્યા પછી તેનો અમુકનો ભાગ દાન પુણ્યમાં દર વર્ષે ખર્ચવાનો સંકલ્પ દરેકે કરવોજ જોઇએ. વળી દરેક મંદિરોના હિસાબ ચૌદસ પહેલાં તૈયાર થઇ મંદિરોમાં લખાને ચોંટી દેવા જોઇએ કે જેથી હિસાબો વગેરે માટે અનંત ચતુર્દશી કલહ ચતુર્દશી ન થાય ને શાંતિથી ઉત્તમ ક્ષમાવણી થઇ શકે. જે જે સ્થળોએ મંદિરોમા પણ બે પક્ષ પડેલા છે તેથી અનેક પ્રકારના ઝઘડાઓ છે તેનો નીકાલ હવે તો આ પર્વમાં લાવી નાંખી ખરી ઉત્તમ ક્ષમાનું દિગ્દર્શન કરવું જોઇએ. કેટલાક ભાઇ બ્હેનો ૧૦-૧૦ ઉપવાસ કરે છે તેમણે એ ઉપવાસના ઉદ્યાપનમા માત્ર પૂજા, વરઘોડા ને જમણુજ કરીને બેસી રહેવું ન જોઇએ પણ એ વ્રત નિમિત્તે સારૂં જ્ઞાન દાન ને વિદ્યાદાન કરવું જોઇએ. આ પર્વ ઉજવાયાના વિગતવાર સમાચાર મોકલવાને અમે દરેક સ્થળના ભાઇઓને આગ્રહ કરીએ છિયે.

* * *

તીર્થ રક્ષા ફંડ. આપણી ભારત૦ દિ૦ જૈન તીર્થક્ષેત્ર કમીટી હીરાબાગ મુંબઇ લગભગ ૨૦ વર્ષથી આપણાં તીર્થોની રક્ષા ઉત્તમ રીતે કરી રહી છે, તેના નીભાવ માટે કંઇ મોટું સ્થાયી ફંડ નથી તેથી દર વર્ષે દરેક ઘર દીઠ માત્ર ૧) તીર્થ રક્ષા ફંડનો લેવાય છે તે આ અનંત ચૌદશને દિને દરેક સ્થળે મંદિરોમા કે ઘેરઘેર જઇ બધા ભાઇઓ પાસેથી ઉઘરાવી લઇ તીર્થક્ષેત્ર કમીટીને જરૂર મોકલી આપવો જોઇએ. આ એકજ રૂપિયો હજારો રૂ. એકઠા કરશે ને ધાર્યું કામ થઇ શકશે.

* * *

નરસિંહપુરા ભાઇઓ પ્રત્યે. ગુજરાતમાં અમારા નૃસિંહપરા ભાઇયો ન્યાતી ઝઘડાને લીધે હાલ બહુ વગોવાઇ રહ્યા છે, પણ હવે એ ઝઘડો પતી જવાના ભણકારા વાગી રહ્યા છે. તથા અંતર્જાતીય વિવાહ માટે આ ભાઇયો તૈયાર થઇ ચુકયા છે જે આ અંકમાં છપાયલા કલોલના સમાચારથી વાંચકોને જણાશેજ. અમને ખબર મળી છે ત્યાંસુધી નૃસિંહપરા ને રાયકવાળ પરસ્પર વિવાહ સંબંધ કરવા એકત્ર થઇ ચુકયા છે તેમાં નૃસિંહપુરાના અમુક ઘરો જે નાના પક્ષના નરસિંહપુરના પક્ષના છે તેઓ પ્રયત્ન કરવા છતાં પણ મળ્યા નહોતા એથી મળેલા ભાઇયોએ અમુક ઠરાવ ને ધારા ધોરણનો ખરડો તૈયાર કરી દીધો છે, ને ફરીથી પંચ આસો માસમા તારંગે કે કોઇ આમંત્રણ આપે તો તે સ્થળે મેળાવવા નક્કી કર્યું છે પણ તે પછી વધુ સમાચાર કંઇ જણાતા નથી તો હવે અમો નૃસિંહપુરા ભાઇઓના સાતે ગામના ભાઇઓને નમ્રપણે સૂચના કરીશું કે આપ આ પર્યુષણ પર્વમાં ભેગા મળી ૭ ગામનું પંચ એક સ્થળે મળવાનું નક્કી કરશો ને તેના સમાચાર વખારીયા ચંદુલાલ તારાચંદને કલોલ પહોંચાડશો કે જેથી સાતે ગામનું આખું પંચ એકત્ર થઇ લાંબા વખતના પડેલા ઝઘડાનો નીકાલ લાવી શકે. હવે જો ઝઘડાનો નીકાલ નહી આવશે તો તેનું સ્વરૂપ કંઇ જુદુંજ આવશે એ બંને પક્ષોએ નક્કી સમજી લેવું જોઇએ.

ખડકની પાઠશાળાઓ—ને કોદરલાલ વીરચંદ (મોડા) તરફથી ૯) લગ્નની ખુશાલીમાં મળ્યા છે. છાણી પાઠશાળા માટે અધ્યાપકની જરૂર છે. પગાર ૨૦) માસિક. લખો—મોડાસીયા ફતેચંદભાઇ તારાચંદ-વિજયનગર.

भ्रमण-

प० पीताम्बरदासजी, उपदेशक,सेठ माणिकचन्द जुबेलीबाग ट्रष्टफण्ड।

(बाबत माह अगस्त)

छाणी-में दो पुरुष सभा व दो स्त्री सभा हुई जिसमें विविध विषयोंपर विवेचन किया। ८ पुरुषोंने स्वाध्याय करना व दस स्त्रियोंने नवकार जाप जपनेके वचन दिये व कुछ कालकी मर्यादा रख खाद्य पदार्थ वर्तनेकी प्रतिज्ञायें कीं।

बड़ोदरा-में नवीपोलकी धर्मशालामें ठहरा, कुछ इन्दौरके परीक्षार्थी छात्र भी ठहरे थे किन्तु व्यवस्था व ठहरनेकी सुविधा कुछ भी ठीक नहीं है। वर्षाके कारण पानी प्रायः सभी धर्मशालामें चूता हुवा दीख पड़ा। सुनते हैं कि जबलपुर व कलकत्ताके लोगोंने पायखाने बनवानेका चन्दा करीब दो वर्ष हुए दिया था उसके बनवानेकी कुछ भी व्यवस्था अबतक नहीं की गई।

पश्चिमके सभी सुप्रसिद्ध तीर्थक्षेत्रोंके रास्तेपरकी यह धर्मशाला है। सम्भवतः आमदनी करीब चारसौ वार्षिककी यात्रियों व भाड़ेसे बतलाई जाती है किन्तु कोई रसीद नहीं दीजाती। प्रबन्धक महाशयको व बड़ोदराकी पंचायतको चाहिये कि प्रतिवर्षकी गत आमदनीका हिसाब पत्रोंमें प्रगट करावें व यात्रियोंको रसीद देनेकी व्यवस्था करें।

पादरा-में एक शास्त्रोपदेश व दुपहरको तीन स्त्री सभा हुई। कई पढ़ी स्त्रियोंने स्वाध्याय करना व नवकार जाप जपने तथा मर्यादा रख खाद्य पदार्थ वर्तनेके वचन दिये।

खेदके साथ लिखना पड़ता है कि ४० गृहके बन्धुओंमें सिर्फ एक भाई शास्त्र स्वाध्याय करते पाया। तीन रात्रि मंदिरके गोठी द्वारा बुलावा कराये गये व युवक संघके नेताओंसे प्रेरणा की किंतु सिर्फ एक रातको ६ पुरुष उपस्थित हुए। कुछ उपस्थितिमें मंदिरके प्रबंधककी त्रुटि भी शोचनीय है अर्थात् ठीक ८ बजे सांझको वे मंदिरके अहाते तकका ताला लगवा देते थे। जिससे कई लोग यह शिकायत करते हुए पाये कि कहां बैठें? और यह है भी ठीक कि समय विशेष उपस्थित होनेपर बैठनेका स्थान खुला रहे। प्रबन्धक महाशयसे कईवार प्रेरणा और प्रार्थना उपदेशकजीने की कि गर्भालयका ताला भले ही बन्द रहे किंतु शास्त्र सभाका स्थान जो खुला है ९. बजे तक खुला रक्खो। हम और आप बैठकर जो लोग आवेंगे उन्हें बैठाल चर्चा करेंगे किंतु कुछ सुनाई नहीं हुई व निराशा जनक प्रमादभरी बातें कर टाल टूल कर दी। मंदिर सर्वोत्तम व कुशल घरके प्रायः सभी २ लोग हैं किंतु इस तरह धार्मिक शिथिलता कोई शोभा नहीं देती। यहांके भाइयोंको पूर्ण रूपसे सावधान होना चाहिये।

भोज-में दो शास्त्रोपदेश हुए। ३ भाइयोंने स्वाध्याय करना व ९ श्राविकाओंने बालबोध जैन धर्म सीखनेके भाव प्रदर्शित किये। यहां चैत्यालय नहीं है। शास्त्रोपदेश प्रति सांझको भाई अम्बालालजी द्वारा होना चाहिये।

वडू-में नव दिन शास्त्रोपदेश व व्याख्यान सभा व स्त्री सभा होती रहीं। ३० भाइयोंने व १० पढ़ी लड़कियों व श्राविकाओंने स्वाध्याय करना स्वीकार व रात्रि भोजन त्यागे व खाद्य पदार्थ कुछ मर्यादा रख वर्तनेकी प्रतिज्ञायें कीं। रक्षाबन्धन व्रत कथा व व्याख्यान, विष्णुकुमार मुनिके अर्चन सहित पर्वकी स्मृति यथा विधि सभी भाई बहिनोंने मनाई।

भाई मूलचन्द रायचन्दजी व सेठ जयचन्द देवचन्दजीके प्रयत्नसे प्रतिसांझ शास्त्रोपदेश होना निश्चय हुवा। पंचायत २०) माहवारका कोई धर्म शिक्षक चाहती है, किसी समीपवर्ती भाईको प्रार्थना

मेज नियत होना चाहिये। यहांके मंदिरमें निर्माल्य द्रव्य कई माहका पड़ा हुवा मालूम हुवा उसकी यथाविधि जलप्रवाह (बादाम, लौंग, सुपारी, श्रीफल आदिकी) से यदि जन्तु न हुए हों तो, अथवा हवन आदिकर होना चाहिये तथा आगेको प्रतिदिन भस्म कराने व व्यास, गोठी आदिके इन्तजामसे होना चाहिये। (नोट—अच्छा तो यही है कि मंदिर साफ करनेवाला माली आदि ही वह द्रव्य लेलिया करे।)

इक्का—में दो शास्त्रोपदेश व दुपहरके एक स्त्रीसभा हुई। ८ भाइयोंने स्वाध्याय करना स्वीकारा। ९ श्राविकाओंने नवकार जाप जपने व देवदर्शन, बालबोध सीखनेके भाव दर्शाये। सेठ सौभागचंद कालीदासजी धर्मोत्साही हैं। उन्हें प्रतिसांझको मंदिरमें बैठ शास्त्रोपदेश करना चाहिये।

वडूकी तरह—यहांके पड़े हुए निर्माल्य द्रव्यकी व्यवस्था यथाविधि होना चाहिये।

वेहच—में सेठ मंगलदास नाथाभाईके प्रयत्नसे तीन पुरुष व तीन स्त्रीसभा हुई। १२ भाइयों व ७ स्त्रियोंने स्वाध्याय करना स्वीकारा व नवकार जाप जपने तथा खाद्य पदार्थ कुछ कालकी मर्यादा रख वर्तनेके वचन दिये। पर्यूषण पर्वतक अष्टद्रव्यसे जिनपूजन व प्रति दुपहरको शास्त्रोपदेश होना स्वीकृत कराया।

जम्बूसर—में शा० तलकचंद गुलाबचंदजीके गृहपर धर्मचर्चाकी। १ पुरुष, १ स्त्रीने प्रतिदिन शास्त्र पढ़ना स्वीकारा व एक विधवा बाईने श्रवण करना मंजूर किया।

विशेष—उपर्युक्त भ्रमणके ग्रामोंमें मेवाड़ा संप्रदायके अधिकतर गृह हैं जो कि स्टेट वड़ोदरामें होनेसे अनिवार्य शिक्षणके कानून द्वारा प्राथमिक गुजराती शिक्षणसे शिक्षित सभी गृही, गृहिणी व लड़के लड़कियां पाये जाते हैं, किन्तु उनमें **धार्मिक शिक्षाकी बडी भारी कमी है।**

पुरुष वर्गोंमें फीसदी (सैकड़ा) २९ पुरुष संभवत: ही निकल सकें जो कि शास्त्र स्वाध्यायके नामसे पाना पलटते हों? कितना ही क्यों न समझाया जावे पर ये लोग प्रचलित कुप्रथाओंसे मुख मोडनेमें मुनी अनमुनी कर सावधान नहीं होते। कुछ२ व्यक्ति प्राय: यही कहते हैं कि पूजा पढ़ने व स्वाध्याय करनेमें जरा गलती हुई कि हमारी दुर्गति होजायगी। इससे नियम लेनेसे डरते हैं और नियम नहीं लेते!

बन्धुओं! दुर्नीति पूर्वक व जानबूझकर गलती करनेमें पाप बंध व दुर्गति होती है, किंतु अभ्यास करनेमें क्रमश: भूल सुधरती व सुधारी जाती है। इसलिये आप स्वाध्याय कर२ प्रयोजनभूत बातोंका निर्णय करना अवश्य२ सीखें।

इसी तरह धार्मिक शिक्षा विना स्त्री शिक्षा व कन्या शिक्षाका कोई कल्याणकारी मार्ग प्रगट नहीं होता। इससे प्रत्येक माता पिताका कर्तव्य है कि प्रति सांझ लड़का लड़कियों सहित नत **बालबोध जैन शिक्षण** व कथा भागके शास्त्र व श्रावकाचारके विचार पढ़ २ मनन करें, जिससे कि प्रत्येक घरकी रीति, नीति सुधर सके।

मंत्री, **ठाकोरदास भगवानदास जोहरी,**
जुबेली बाग—ट्रस्ट फण्ड।

मूर्ति मिली—उज्जैनमें मोहनलाल मोदीवालोंके पुराने मकानकी दीवालमेंसे ३ वैष्णव व १ जैन मूर्ति १४ इंच ऊंची मिली थी। यह खड्गासन मूर्ति हमें मिल गई हैं व ता० ३१ अगस्तको माधवनगरके चंद्रप्रभ मंदिरमें विराजमान की गई है। इसपर सं० १९४९ व जीवराज पापड़ीवालका नाम खुदा है।

जैन समाचारावलि।

दमोह-में मुनिभेषी मुनींद्रसागरकी बड़ी दुर्दशा होरही है। इनकी परालकी चटाइमेंसे १८७०)के नोट व सोनेके जेवर निकले थे। भक्तानी मानेकबाईने वह अपना बताया था। दमोहमें दो पक्ष पड़ गये हैं व यह मामला पुलीसके सुपुर्द है। सच बात तो यह है कि अब तो हद होगई है। इस मुनिभेषीको तो ठिकाने लाकर जोर जुलमसे कपड़े पहना देना चाहिये।

तारेका टुकड़ा-चंदनकुटी (मुरादाबाद) गांवमें २३ अगस्तको एक तारा टूटा था उसका एक टुकडा ५ फुट गहराइसे खोदनेपर मिला है। वजन ११॥ शेर है जो मुरादाबाद कलेटरीमें रखा गया है। कोई विद्वान खुलासा करेंगे कि क्या ऐसा हो सकता है?

उत्तम जैन लेखक-पं० रामलालजी पंचरत्न रामपुरने पोस्टकार्डपर तत्वार्थ, महावीराष्टक व लघु सामायिक सुन्दर अक्षरोंमें लिखा है। इसपर लाहौर प्रदर्शनी व सहारनपुरसे आपको इनाम व सर्टीफिकेट मिला है।

विलायत गये-दमोहमें एक गोलालारीय दि० जैन भाई राजधरलाल बी० ए० एल० टी० विशेष अध्ययनार्थ ता० २२ अगस्तको विलायत गये हैं।

सागवाड़ा में आचार्य शांतिसागरजी (छाणी) के चातुर्माससे अच्छा धर्मलाभ होरहा है। अभी वहां श्राविकाश्रमका उत्सव हुआ था। उदयपुरमें आचार्य शांतिसागरजी (दक्षिण) संघका चातुर्मास है। वहां मुनि सुधर्मसागरजीकी प्रवृत्ति ठीकर न होनेसे अनैक्य होरहा है।

ध्वजादंड कमीशन-के कागजात देखनेके लिये दि० जैनोंको उदयपुर स्टेटसे इजाजत मिल गई है।

पावागिर तीर्थ प्रकट होगया-ऊण गांव जो होल्कर स्टेटमें बड़वानी व सिद्धवरकूट क्षेत्रके बीचमें खरगोनसे ९ मील व जलवानियासे १७ मिल है वहां आषाड वदी ७ को जमीन खोदनेसे सं० १२५२ माघ सुदी ५ की प्रतिष्ठित महावीर स्वामीकी ढाई फुट ऊंची पद्मासन प्रतिमा तथा और ४ प्रतिमाएं प्राप्त हुई थीं। वहां चेतनलाल पूजारीको स्वप्न आनेपर ही उनको खोदनेसे ये मिली थीं। निर्वाणकांडमें पावागिर क्षेत्रका बड़ा महात्म्य है। यहां ९९ मंदिर ९९ बावड़ी व ९९ कुए थे। आज भी ६-७ मंदिर जीर्णदशामें लाखों रुपयेके पाषाणमें कटावके कामके हैं। यहां जगह२ जिन प्रतिमायें पाई जाती हैं। जांच करनेपर यही पावागिर सिद्धक्षेत्र निश्चित हुआ है। अतः इन्दौर, बड़वाह, बड़वानी, सुसारी आदिके २०-२५ भाई वहां गये थे जिन्होंने इस सिद्धक्षेत्रका उद्धार करना निश्चित किया था फिर इसीलिये इन्दौरमें ता० १६ अगस्तको श्री० सरसेठ हुकमचन्दजी साहबके सभापतित्वमें बड़ी भारी सभा हुई थी उसमें इस क्षेत्रका उद्धार करना व प्रसिद्ध करना निश्चित हो चुका है। यह लाखोंकी लागतका तीर्थ आज १००००) लागतसे जीर्णोद्धार होसक्ता है। अतः ३१५७) उसी समय वहां भरे गये हैं। तथा शेष रुपयोंकी आवश्यक्ता है। यहां धर्मशाला भी बन रही है। सहायता इस पतेपर पावागिर तीर्थके नामसे भेजे। सर सेठ हुकमचंदजी साहेब-इंदौर।

वड़ागांव (खेखड़ा)-में १८ अगस्तको मंदिरकी पास आमका वृक्ष लगानेको जमीन खोदतेर आदिनाथ स्वामीकी २। फीट ऊंची प्रतिमाजी प्राप्त हुई है। १२ वर्ष पहिले भी यहां जिनबिम्ब निकले थे।

ललितपुर-में सेठ भगवानदासजी जैन शर्राफ आनररी मजिस्ट्रेट हुए हैं।

तीनों फिरकोंके छात्रोंको छात्रवृत्ति–हिन्दू यूनिवर्सिटी बनारसमें एम० ए०के जैन विद्यार्थियोंको व संस्कृतके उच्च विद्यार्थियोंको जैन साहित्य, तत्वज्ञान, रिसर्च (खोज) आदिकी पढाईके लिये ९)से लेकर ४०) मासिक तककी स्कोलरशीप देनेकी व्यवस्था श्वे० जैन कोन्फरन्स बम्बईकी तरफसे हुई है। इस विषयमें पं० सुखलालजी, हिन्दू यूनीवर्सीटी–बनारसको लिखें।

भ० विशालकीर्तिका–चौमासा नागपुरमें है।

बजरंगगढ–में हीरालाल भूतकी कन्या एक वृद्धको देनेसे बचाई गई थी, उसी कन्याका विवाह पछारके एक १९ वर्षके सुयोग्य युवकसे हो गया है।

ऋषभदेव तीर्थ–में उदयपुर स्टेटने नई कमेटी नियुक्त करदी है। इसमें ४ दि०, ४ श्वे० व प्रमुख देवस्थान हाकिम इस प्रकार ९ सभासद नियुक्त हुए हैं। दि० मेम्बर–सेठ भागचन्दजी, भंवरलालजी हुमड, लक्ष्मीचंदजी हुमड व सुन्दरलालजी ठोलिया जयपुर तथा श्वेतांबरी मे०–सुरपतसिंहजी, साराभाई डाह्याभाई, लक्ष्मीलाल चतुर व नगरसेठ नंदनलालजी हैं।

आनरेरी मजिष्ट्रेट–की पदवी पं० मक्खनलालजी शास्त्रीको मोरेनामें प्राप्त हुई है। वधाई!

जांबुडी (गुजरात) श्राविकाश्रम–के लिये अध्यापिकाकी आवश्यक्ता है।

दाहोद–में जीतमल चुन्नीलालजी म्यू० मेंबर हुए हैं।

कुशलगढ–में वीसपंथी भाइयोंमें धर्म कलह हो रहा है। कोर्टमें केस चल रहा है। क्या इस पर्यूषण पर्वमें भी वे उत्तम क्षमा नहीं करलेंगे?

आगरा–के स्व० सेठ पद्मचंद भूरामलजी १२०००)के दानका वसीहतनामा कर गये हैं जो सुरक्षित रहे हैं।

मुनि चंद्रसागरजी–आदिका कुचामन (मारवाड) में चातुर्मास है।

मुनि नेमीसागरजी–ने सावला (डुंगरपुर)में चातुर्मास किया है।

तीर्थरक्षा फंड–जो तीर्थक्षेत्र कमेटीसे फी घर १) प्रतिवर्ष लिया जाता है। उसमें गत वर्ष २६६१) आये थे जो अतीव कम है।

शेडवाल (बेलगाम)–में शांतिसागर जैन अनाथाश्रममें २५००), २५००)खर्च करके सेठ रावजी सखाराम दोशी व सांगलीवाले सेठने मकान व बड़ी वावडी बनवादी है, जिसका उद्‌घाटन अभी होगया है।

देहलीमें–पर्यूषणपर्वमें पं० देवकीनंदनजी शास्त्री व पं० कैलाशचंद्रजी शास्त्री पधारे हैं।

मुनि सूर्यसागरजी–ने मथुरासे आगरा जाकर चातुर्मास किया है।

ब्र० प्रेमसागरजी–ने हिसारमें चौमासा किया है।

ब्र० शीतलप्रसादजी–का स्वास्थ्य अब अमरावतीमें ठीक है।

भ० जशकीर्तिजी–ने परतावगढमें नहीं परन्तु कूण (मेवाड़) में चौमासा किया है।

પ્રાંતિજ દિ. જૈન બોર્ડીંગ—નો પાંચમો વાર્ષિક મેળાવડો શેઠ વ્રજલાલ કેવળદાસના પ્રમુખપણા નીચે આ માસમાં થયો હતો જેમાં વિદ્યાર્થીઓના સંવાદ અને ભાષણો સારાં થયાં હતાં. પ્રમુખે ૫૦) યુનીફોર્મ ડ્રેસ વિદ્યાર્થીઓ માટે આપવા ઇચ્છા જણાવી તથા આ સમયે મહાવીર દિ. જૈન પુસ્તકાલયની પણ સ્થાપના થઇ છે. ૫૦) મદદ મળી હતી ને નવા સેક્રેટરી મણીલાલ ચુનીલાલ નીમાયા છે. આસો માસમાં મેનેજીંગ કમેટી મળશે.

અક્ષયકુમાર. સુપ્રિં૦

વડોદરા—માં પં૦ ગીરધરલાલજી (સુરત ગાદી) ચોમાસામાં રહ્યા છે.

पर्यूषण-पर्व पदावलि।

ले०—श्री०ब्रह्मचारी प्रेमसागरजी—हिसार।

प्रार्थना—प्रथम जिनवरको शीश नमाऊँ ॥ टेक ॥
जिनका ध्यान धरत, अनुभव रस पीवत नाहिं अघाऊँ।
दरश करत अघ झरत सुकृतका अक्षय कोश भराऊँ ॥प्र०
वीतराग मुद्राको निरखत, अति आनन्द कमाऊँ।
निरख निरख अपने उर अंतर, साम्यभाव उपजाऊँ ॥प्र०
मंगल मूरति अद्भुत सूरत, ऐसी और न पाऊँ।
दुरित निवारण भवदधि तारण-तरणिभक्ति ठहराऊँ ॥प्र०
विघन विनाशी सुख परकाशी, अविनाशी प्रभु ध्याऊँ।
'प्रेम' पदांबुज परस परस कर, परमानंद समाऊँ ॥प्र०

१—उत्तम क्षमा।

न-कर नर क्रोध, महा दुखदाई ॥ टेक ॥
क-लह करत न डरत अपने मन, मनकी करत लड़ाई।
र-त न होत अपने स्वभावमें, जो हितकर क्षमताई ॥न०
न-य निश्चयसे परख निजातम, क्षमा रूप वह भाई।
र-म जा उसके ही स्वभावमें, तज दे गैर रुसाई ॥न०
क्रो-ध कुगतिके जानेवाला, इसकी त्याग मिताई।
ध-रम मित्रकी बहिन 'क्षमा'से, करले पार सगाई ॥
म-हा वही बन सकता है, जिसने सहिष्णुता पाई।
हा-नि लाभका पता लगाकर, तजे गहे-हित दाई ॥
दु-र्मति त्याग सुमतिको गहले, करले धर्म कमाई।
ख-न मत क्रूर गैरके ताने, सहले सकल बुराई ॥न०
दा-म लगत नहिं धाम छुटत नहिं, क्षमा-तत्वमें भाई।
ई-र्षा त्याग उसीको गहले, 'प्रेम' वही सुखदाई ॥न०

२—उत्तम मार्दव।

अ—रे नर तज अभिमान गुमान ॥ टेक ॥
रे-त होत उत्पन्न कौन विधि, इसका करले ज्ञान।
न-रम नहीं था *उपल इसीसे, पीसा गया महान ॥
र-तन ज्योतिमय जब होता है, जब चढ़ जाय ×मशान
त-ब फिर उसका नहिं रहता है, कीमतका अनुमान ॥
ज-बकी छाल कड़ी होती है, जिससे उसे गुमान।
अ-ति ही कुटता इसी सबबसे, तब पाता सम्मान ॥
भि-न्न जगतकी सकल वस्तुएं, आत्म-द्रव्यसे जान।
मा—न उन्हें अपनी अपनावे, करके अति अभिमान ॥
न—हीं भूलकर भी अपनावे, वसुमदको रुचि ठान।
गु—रु भाषत मार्दवसे अपनी, करले प्रीति महान ॥
मा—या महा अहितकी करता, उससे मद बलवान।
न—र भव सफल करो मार्दवधर, यही 'प्रेम'का ध्यान ॥

३—उत्तम आर्जव।

अ—रे नर मनकी माया मार ॥ टेक ॥
रे-ख नहीं वह मिट सकती है, जो खेंची करतार।
न—यन उघार देखले जगमें, कर इसपर मत रार ॥अ०
र—ह पाता है नहीं बहुत दिन, मनका मायाचार।
म—रम अंतमें खुल जाता है, जैसे अम्ल अनार ॥अ०
न—हीं बिछा अब और, किसीके लिये कपटका जाल।
की—र्ति नष्ट सब होगी तेरी, हास्य करे संसार ॥अ०॥
मा—या मार आर्जव धरले, करले उससे प्यार।
या—र वही है सच्चा तेरा, करे भवार्णव पार ॥अ०
मा—याने भव-भ्रमण कराया, धार सरलता धार।
र--मजा निजस्वभावके भीतर, 'प्रेम' करे क्यों वार ॥

४—सत्य।

की-जिये सत् वचनोंसे प्रीत ॥ टेक ॥
जि-तने वचन निकालो मुखसे, वे होवें मधु-गीत।
ये-शिक्षा श्री गुरुने दीन्ही, बोलो नहीं अलीक[१] ॥की०॥

*पत्थर। ×रत्न खरातनेकी मशीन। १-झूठ।

स-च प्रिय थोड़े किन्तु अर्थ युत, हित मित द्योतक निति।
त-था प्रमाणिक गौरवताके, बोलो वचन पुनीत ॥की०॥
व-ह मानव ही मानव मंदिरकी, होता है मीत।
च-लो उसीकी चाल देखकर, फैले जगत प्रतीत ॥की०॥
नौं-क झोंकमें पड़कर तजना, नहीं सत्यसे प्रीति।
से-वक रहना सदा सत्यके, चलना नहीं अनीति ॥की०॥
प्री-ति झूठसे तनिक न करना, रहना सत्य-समीप।
ति-स कारणसे ही पावोगे, "प्रेम" मोक्षका दीप ॥की०॥

५–शौच।

अ-रे नर धोले आतम चीर ॥ टेक ॥
रे-वा यमुना गंग गोमती, का माने शुचि नीर।
न-क्षत्र पाकर खूब नहावे, माने शुद्ध शरीर ॥अरे०॥
र-त मत हो विपरीत बात पर, सुन शुभ-शिक्षा वीर।
धो-वत मैल देहका माने, पहुंचे आतम-तीर ॥अरे०॥
ले-सुन ले यह बात तनिकसी, तज स्वभाव ज्यों कीर[१]।
आ-त्म अमूर्ति पास क्यों पहुंचे, सरिताओंका नीर ॥अ०
त-ट समकितके बैठ नहाले, शौच सलिल है सीर[२]।
म-ल तृष्णाका शीघ्र धुलेगा, शुचि हो आतम चीर ॥अ०
ची-ता है यदि ऐसी तेरी, पाऊँ भवनिधि तीर।
र-ट निज आतमराम 'प्रेम' से, क्षय हो शीघ्र त्रिपीर ॥अ

६–संयम।

ज-गतमें संयम धरम प्रधान ॥ टेक ॥
ग-फलतकी तज नींद अरे नर! भर समकितकी तान।
त-ब तू पावे संयम निधिको, होजावे धनवान ॥ज०
मे-ट सकल मिथ्यात्व हृदयसे, कर समकित रस पान।
स-गति पांच इन्द्रियोंकी तज, मान कही मतिवान ॥ज०
य-ह पांचों पक्की ठगनी हैं, इनने ठग्यो जहान।
म-नके साथ इन्हें वश करले, संयमकी पहिचान ॥ज०
ध-रम प्रेम है अगर वास्तविक, कर करुणाका दान।
र-क्षा कर स्थावर त्रसकी, षटकायक पहिचान ॥ज०
म-नके सकल विकार दूरकर, कर समता रस पान।
प्र-शम भाव पैदा कर अंतर, यह संयम परधान ॥ज०
धा-र्मिक भाव हृदय उद्भवकर, कर अपना कल्याण।
न-त मस्तक जिन चरणन पड़कर, प्रेम निजातम जान ॥ज

७–तप।

क-रो जिया तप द्वादश परकार ॥ टेक ॥
रो-को अभ्यंतर इच्छाएं, रत्नत्रयको धार।
जि-नसे अहित होत है तेरा, उनसे कैसा प्यार ॥क०
या-संसार असार जानकर, तज गये श्री जिनराज।
त-प कर अष्टकर्म-रिपु जीते, बैठ आतम जिहाज ॥क०
प-रिग्रह आरम्भ त्याग गये वन, आतम अनुभव गार।
द्वा-विंशति परीषहोंको सहकर, पहुंचे भवदधि पार ॥०
द-खल करो अपनी निधि ऊपर, कर करमोंकी हार।
श-क्ति छिपाओ नहीं विजयका, सुन्दर पहिनो हार ॥क०
प-रिचय पाकर आत्मशक्तिका, निर्भयताको धार।
र-णमें प्रस्तुत होकर चेतन, रहो मोहको मार ॥क०॥
का-या सफल जभी हो तेरी, करले तप स्वीकार।
र-त्नत्रयसे 'प्रेम' बढ़ाकर, वरले मुक्ति सुनारि ॥क०॥

८–त्याग।

क-हो कमला किसकी कब भई?
हो-ते हैं जो धनी कभी, उनको निर्धन कर गई ॥टेक
क-भी न करना, यकीन इसका, यह है कपट मई।
म-हा क्षुद्र गणिका सम समझो, स्थिर रहत नहीं ॥क०
ला-ज नहीं इसके मनमें कुछ, घर घर फिरत सही।
कि-सकी सगी भई कहिये तो, किसके पास रही? क०
स-बसे उत्तम बात यही है, दान करो नित ही।
की-रति तब पाओ इसके संग, और न बात नई ॥क०
क-रिये चार दानमें वितरन, अशन औषधी लई।
अ-रणों ज्ञान, अभय मुख कारण, इन बिन और नहीं॥
भ-क्ति भावसे दया भावसे, हृदय कली खिल गई।
ई-षत् दान बड़ा फल देता, 'प्रेम' त्याग यह सही ॥क०

९–आकिंचन।

जि-या तू आकिंचन व्रत धार ॥ टेक ॥

१–तोता, २–ठण्डा, ३–इच्छा।

या-समान कोई नहिं तेरा, जगमें है हितकार।
तू-त्रिभुवनका ईश, अकिंचन-तेरा है सहकार ॥जि०॥
आ-किंचनके लिये न किंचित्, राखे परिग्रह भार।
किं-च उदरमें होय तभी तो, होवे उदर विकार ॥जि०
च-ढ़ वैराग्य शैलके ऊपर, दृढ़ वेधे संग परिहार।
न-टवत् स्वांग धरणका, फिर तो होजावे संहार ॥जि०
बृ जबाला शिवसुन्दरि बाला, तुझे करेगी प्यार।
त-ब तो सचमुच होजावेगा, अविनाशी अविकार ॥जि०
धा-या इत उत खूब, न पाया तूने अपना द्वार।
र-म मत 'प्रेम' परिग्रह भीतर, जो चाहे उद्धार ॥जि०

१०-ब्रह्मचर्य।

करो नित शील सुधाका पान ॥ टेक ॥
रो-ग कुशील लगा है चिरसे, करदो उसकी हानि।
नि-रत रहो अपने स्वभावमें, यह औषधि परमाण ॥
त-निक नहीं उससे विरक्त हो, करना परका ध्यान।
शी-ल समान जगतमें कोई, वैद्य नहीं गुणवान ॥
ल-क्षण मध्यम शील धर्मका, तज परत्रियकी बान।
सु-न निजत्रियमें भी संतोष धर, आतमसे हित ठान ॥
धा-र शीलव्रत सार सयाने, तज कुशील दुख खान।
का-म कथा मत करे सुने मत, तज शृङ्गार सुजान ॥
पा-[१]रावार पार पावोगे-'प्रेम, मोक्ष स्थान।
न-कल सुदर्शनकी कर, कर हो नौक-शील प्रधान ॥

१ समुद्र।

हरिवंशपुराण।

पर्यूषणपर्वका प्रस्ताव।

(लेखक-श्री० ब्र० प्रेमसागरजी-हिसार)

(१)

देवदत्तके दरवाजेके सामने एक "जैन धर्मशाला" के ऊपरके कमरेमें "श्री महावीर पुस्तकालय" स्थापित है। उसकी आज मासिक बैठक थी। देवदत्त उसका महामंत्री था इसलिये वह अपने दर्वाजेके एक चबूतरेपर बैठा मेम्बरोंकी राह देख रहा था। उसे वहां बैठे करीब पौन घण्टा होगया, परन्तु कोई भी मेम्बर अबतक न आया। तब देवदत्तने कैलाशके द्वारा घड़ी मंगाकर देखी, उसमें ८॥ बजनेको थे। देवदत्त नियत समयसे घण्टा अधिक होजानेके कारण, मन ही मन मैंबरोंकी नासमझीपर अफसोस करने लगा। और विचार किया कि-पुस्तकालयके नौकरको पुकार कर सब मेम्बरोंको बुलवा लिया जावे। परन्तु उसी समय विष्णु आते दिखाई दिया। विष्णु, देवदत्तका परम मित्र और पुस्तकालयका कोषाध्यक्ष था। जब विष्णु देवदत्तके पासमें आगया तब देवदत्तने उससे पूछा कि आप ही सिर्फ आये, और महाशय नहीं आवेंगे क्या?

विष्णु-आते होंगे।

देवदत्त-कब आते होंगे? ८॥ बज चुके।

विष्णु-आप जानते हैं कि व्यापारी लोग हैं, दूकान बन्द करके आवेंगे। आप तो आगामी बैठक ९ बजेकी रखना। क्योंकि ८ बजे उन लोगोंको फुरसत नहीं मिलती। वे लोग तो ८॥ बजे दूकाने बंद करते हैं।

देवदत्त-अब ऐसा ही किया जावेगा। और यह तो बताओ कि आप भी आज देरीसे क्यों आए? आपसे तो एक बड़ा भारी काम था।

विष्णु-क्या?

देवदत्त—क्या भूल गए ? अरे वही दशलक्षण पर्वका था।

विष्णु—उसे तो अबतक ही ठीक करना था, क्योंकि अब उक्त पर्वके रहे ही कितने दिन हैं, केवल ८–१० दिन तो हैं।

देवदत्त—सो भी बातों बातोंमें जाते हैं।

विष्णु—अच्छा, तो जबतक मेम्बर लोग नहीं आए, तबतक पुस्तकालयमें बैठकर उसके ऊपर कुछ निश्चय विचार करलें।

देवदत्त—ठीक कहते हो, चलिये।

(२)

दोनों मित्र पुस्तकालयको चले गए। और बैठकर दशलाक्षणी पर्वके विषयमें विचार करने लगे। विचार-विवेचना करते २ करीब १५ मिनिट होगए स्थिर न कर पाए। इतनेमें श्री निर्मलकुमारजी पुस्तकालयके स्थायी अध्यक्ष आए और इन दोनोंको किसी विचार-धारामें लिप्त देख पीछेको लौटने लगे, यह देख देवदत्तने उन्हें यह कहते हुए बैठा लिया कि बैठिए, आपसे ही तो बड़ा काम था, अच्छा हुआ जो आप आगए।

निर्मलकुमार—कहिए क्या काम था ?

देवदत्त—इस वर्ष पर्यूषणपर्वकी एक ऐसी स्कीम तैयार करना है जो सदैवके लिए लागू हो और सर्वत्र उसका प्रचार किया जावे।

निर्मलकुमार—यह आपका तो विचार बड़ा ही उत्तम है। इसका मैं सच्चे हृदयसे समर्थक हूं। बताइये आपने क्या स्कीम सोची है ?

विष्णु—अजी भाईसाहिब ! हमने तो अभी कुछ भी नहीं सोचा, सोचते ही थे कि आप आगए, हमको एक बड़ाभारी सहारा मिल गया। अब आप ही कृपया इसको बनवा दें तो बहुत ही अच्छा हो।

निर्मल—अजी मैं क्या जानूं ? भैया देवदत्तसी प्रतिभा मेरी थोड़ी है। उनके तो ऐसी वैसी स्कीमें हृदयमें रक्खी रहती हैं।

देवदत्त—क्यों मजाक उड़ाते हो यार ? मैं सच कहता हूं कि जबसे आपको हमने पुस्तकालयका सभापति चुना है तबसे हमको बल सा आगया है। और हमारी वाक्पशक्ति बढ़ती गयी है। तथा बोलनेका तरीका भी मालूम होने लगा है। फिर भी आप मजाक उड़ाते हैं। ठीक है जितने बड़े पुरुष होते हैं वे छोटोंकी प्रशंसात्मक मजाक ही किया करते हैं। चलो अच्छा हुआ, मुझे आपका आशीर्वाद लगे कि मैं एक अच्छा अनुभवी वक्ता एवम् लेखक बनजाऊं।

निर्मल—यह तो आपकी भावना ही इस बातका सबूत देती है कि आप कर्मशील हैं और अपनी तरक्कीमें सतत प्रयत्न कर रहे हैं अतएव आप भविष्यमें अवश्य ही अपने उद्देश्यमें सफल होंगे।

देवदत्त—तो अब देरी न कीजिए ! फिर पुस्तकालयकी बैठकका वक्त होता है।

निर्मल—अच्छा लिखिए।

देवदत्त—बोलिये।

निर्मलकुमारजीने इस प्रकार स्कीम लिखवाई—

१—एक अच्छे विद्वान पंडित व कोई त्यागी ब्रह्मचारीको बुलाया जावे जिसके द्वारा जनताको धर्मोपदेशका लाभ हो। यह भी समझना चाहिए कि जो सच्चे सुधारका हामी हो और जो ठोस काम करके जनताको जगा सके, उसीको बुलाना चाहिए।

२—पंचमीके दिन श्रीजिनेन्द्र भगवानका जुलूस निकाला जावे।

३—प्रातःकाल सभी लोग मंदिरजी जाकर श्रीजीकी पूजन करें।

४—पूजन १० बजे तक हो।

५—पूजनके बाद ११ या ११॥ बजेतक तत्वार्थ-सूत्रकी बचनका हो। उसका एक २ अध्याय अर्थ सहित हो, और वह इस प्रकारसे श्रोताओंको समझाया जावे जिससे कि समझाया हुआ विषय उनके गले उतर जावे।

६-भोजनके बाद यदि अवकाश हो तो पूजन-पाठ हो या व्याख्यानसभा हो जिसमें क्रमशः प्रत्येक धर्मका स्वरूप भलीभांति समझाया जासके। यदि पुरुषोंकी सभा न होसके तो स्त्रियोंकी सभा अवश्य ही भराई जावे। पूजनपाठ भी होसकता है। दिनका कार्य २ से ४॥ तक हो।

७-शामको शास्त्रसभाके बाद व्याख्यानसभा अवश्य ही भराई जावे। उसमें धर्मके अंगका लक्षण वर्णन करते हुए धर्मका सच्चा स्वरूप जनताको सुनाया जावे। जिसके द्वारा वह रूढ़ि धर्मको छोड़कर सच्चे धर्ममें आजावे।

८-जो लोग किसी कारणसे जातिच्युत हैं, उन्हें उठाया जावे और उनको मंदिरजी खुलाना कर जिनेन्द्र दर्शन दिये जावें।

९-बहुतसी जगह लहुरांसेनों (दस्सों) को जिनेन्द्रदर्शन व पूजन नहीं करने दिया जाता तथा मंदिरमें नहीं आने दिया जाता सो खुलासा किया जावे। अर्थात् उनको मंदिरजीमें आनेका, दर्शन करनेका और पूजन करनेका अधिकार दिया जावे।

१०-मंदिरजीके कुल भण्डारका हिसाब पर्वके पहिले तैयार कर लिया जावे और उसकी रक्षाके लिये १ कमेटी स्थापित की जावे।

११-जिसके पास मंदिरजीका जो रुपया है उसे वसूल किया जावे। पंचायत इसपर सत्तासे काम ले। रुपया चाहनेवालोंको पर्वमें सूचित कर दिया जावे कि वे कमसे कम कार्तिककी निर्वाण १४ तक रुपया अदा करदें।

१२-कटनीके श्री० सि० पन्नीलाल तांतीलालजीके श्री मंदिरजीकी ट्रष्टियान कमेटी नियत होगई है जिसके नाम मंदिरजीका कुल सामान मय द्रव्य भण्डारके रजिष्ट्री करा दिया गया है। और कुल रक्षाका भार कमेटीके जिम्मे कर दिया गया है। उसमें सबसे अधिक हाथ सिं० कन्हैयालालजी सतनावालोंका रहा है। अर्थात् उन्होंने ही अपने दिमागसे यह नया उपाय सोचकर उसे कार्यरूपमें परिणत कराया है। उस उपायका अनुकरण किया जावे।

१३-शास्त्रभण्डारकी सम्हाल की जावे और जो न हो उनको भंडारके द्रव्यसे मंगाकर उसकी वृद्धि की जावे तथा बंद पड़े हुएको खोला जावे और बाहर रक्खा जावे।

१४-पर्वके अन्तमें खुले मैदानमें या धर्मशालाके विशाल स्थानमें आमसभा भराई जावे और उसमें आम लोगोंको बुलाया जावे। उसमें **दशलक्षण पर्वके स्वरूपपर भाषण** कराया जावे तथा जैनधर्मके सिद्धांत और उसके सार्थक पर्वोंका स्वरूप समझाया जावे।

१५-क्षमावणीके दिन सच्ची क्षमा मनाई जावे और बिछुड़े हुए भाइयोंको खुले दिलसे सप्रेम मिलाया जावे।

देवदत्त-आपकी स्कीम मुझे तो पसंद आई, जब कमेटी पास कर ले तब तो ठीक है नहीं तो परिश्रम करना ही हाथ रहेगा।

निर्मल-पास क्यों नहीं करेगी? क्या कोई अनुचित बात है?

देवदत्त और निर्मलकी बात हो ही रही थी कि पुस्तकालय कमेटीके कुल मेम्बरान आपहुंचे! देवदत्तने कहा--आप महानुभावोंने तो आज बहुत वक्त ले लिया!

सबकी एक आवाज--अजी क्या किया जावे मंत्रीजी? देरी हो ही जाती है। और अपने लोगोंका तो हिंदुस्थानी टाईम है!

कमेटीका कोरम पूरा होगया इसलिये कार्य शुरू किया गया। मंगलाचरणके बाद मंत्री पुस्तकालयने एक माहकी रिपोर्ट सुनाई। और उनके बाद विमलप्रसादजीका "पुस्तकालयसे लाभ" इस विषयपर भाषण हुआ। सबको पसंद आया। इस

कार्रवाईके अनन्तर निम्नप्रस्ताव पास किये गये—

१—यह कमेटी प्रस्ताव करती है कि शहरके प्रत्येक मुहल्लेमें इस पुस्तकालयके शाखा पुस्तकालय खोले जावे। जिससे कि साधारणसे साधारण जनताको ज्ञान लाभ कराया जावे।

प्र०—पं०परमानंद, अध्या० स्थानीय पाठशाला।
समर्थक—बाबू विमलप्रसादजी वकील।
अनुमोदक—पुस्तकालय मंत्री।

२—यह कमेटी प्रस्ताव करती है कि इस वर्षके पर्यूषण पर्वको सफल बनानेके लिये निम्न स्कीम पास की जावे (स्कीम पहिले लिखी जाचुकी है)।

प्र०—देवदत्त, मंत्री पुस्तकालय।

दो प्रस्तावके समर्थनके पहिले ही कुछ व्यक्तियोंने कहा कि स्कीम तो ठीक है, परन्तु जब कामयाब होजावे तब ना?

इसके उत्तरमें सभापतिने १९ मिनिट भाषण देकर उन्हें अच्छी तरह समझा दिया। बादमें उक्त प्रस्तावका समर्थन और अनुमोदन होकर सर्व सम्मतिसे पास किया गया। समर्थक रहे—श्री रामचंद्रजी मेम्बर पुस्तकालय और अनुमोदक रहे पं० परमानन्द। तथा विष्णुने उसका जोरदार शब्दोंमें समर्थन किया। इस लिये उनके पास होनेमें कोई देरी नहीं लगी।

(४)

सुन्दरपुरके युवकमण्डलने उक्त स्कीमको भली भांति कामयाब बनाया। उसे स्थानीय ग्रामपंचायतमें पास कराया तथा उसकी नकल छपवाकरके प्रान्तके प्रायः सभी ग्रामोंको भिजवा दी। ठीक समयपर कंचननगरसे श्री पं० प्रेमचंदजीको भी बुलवा लिया। स्कीमको भलीभांति दशों दिन सफलीभूत बनाया। दशों दिन ही अच्छी प्रभावना रही। सोलहकारण और दश धर्मोपर क्रमशः भाषण हुए तथा मोक्षशास्त्रका मौलिक विवेचन सुनाया गया। अन्तमें क्षमावाणी मनाई गई। उस दिन श्री०पण्डितजीका बड़ा ही सारगर्भित भाषण हुआ जिसका सार यह है कि—"दश दिन दशलक्षण धर्मके मनानेका फल आजके दिनकी उत्तम क्षमाका अर्थात् क्षमावाणीका मनाना है। यदि हम आज अपने भाइयोंको गले लगाकर मिला रहे हैं तो उसका नमूना भविष्यके लिए भी रहना चाहिये। हमने जिनको अपना शत्रु मान रखा है उनको आज अपना मित्र बनालें और आगेके लिये भी उनसे मैत्री भाव रक्खें। आपसकी हानिकारक पार्टीबंदी जो समाजमें बाबू व पंडितके नामसे प्रख्यात है मिटादें, मिलकर रहें, मिलकर काम करें तभी सफलता होगी। इत्यादि बातें पं० जीके भाषणमें थीं, जिनको जनताने महसूस की।

पश्चात् पांच आदमी जो कि कारण विशेषसे जातिच्युत थे, (जिनको केवल पर्वके दिनोंमें मंदिर खुलासी किया गया था) वे खड़े होकर प्रार्थना करने लगे, हमको बहुत दिन इस हालतमें होगये अब हम माफी चाहते हुये प्रार्थी हैं कि हमको अब उठा लिया जावे। इन भाईयोंकी दर्दनाक प्रार्थनाको सुनकर मंडलके जोशीले युवकोंकी आंखोंसे आंसू बह पड़े और उसी समय मंडलके सुयोग्य मंत्रीने उनको उठानेका प्रस्ताव रख दिया जो कि वादविवादके बाद सर्व संमतिसे पास किया। उनको पंचायतीने निम्न प्रायश्चित्त देकर मिला लिया। प्रायश्चित्त १—आनेवाली अष्टमीको एकासना। २—आजसे अष्टमीतक निरसन ऊनोदर व्रत तथा एक णमोकार मंत्रकी मालाका फेरना और नियमसे ९ वर्षतक शास्त्र स्वाध्याय करना। यह उनको स्वीकार हुआ और वे लोग जातिमें मिला लिये गये।

इस प्रकारसे सुन्दरपुरमें दशलक्षण पर्व मनाया गया जो अनुकरणीय था।

भ्रमण-

पं० पीताम्बरदासजी, उपदेशक,सेठ माणिकचन्द जुबेलीबाग ट्रष्टफण्ड।

(बाबत माह जुलाई)

तलोद-में चार शास्त्रोपदेश व तीन व्याख्यान सभाएं हुईं। जिनमें विविध विषयोंपर विवेचन किया। श्रीमती चंचल बहिन द्वारा प्रति रातको चातुर्मासमें शास्त्र सभाका होना स्वीकार कराया। १५ भाई व ३० स्त्रियोंने स्वाध्याय करना व शास्त्र श्रवण करनेके नियम किये। तथा इन्हींके द्वारा दुपहरको कन्याशाला व श्राविकाशाला चालू कराई और खाद्य पदार्थोंकी मर्यादित क्रिया स्वीकृत कराई।

खाटाना मुवाडा-में दो विवेचन जैनधर्मकी उपासना पर हुए। ९ भाइयोंने स्वाध्याय करना स्वीकारा व ७ स्त्रियोंने रात्रिको अन्नके पदार्थ खाना त्यागे। तथा चातुर्मासके लिये प्रति सांझको शास्त्र सभा स्थापित कराई।

बाकीसणा-में दो शास्त्रोपदेश व एक व्याख्यान सभा हुई। १० भाइयोंने स्वाध्याय करना स्वीकारा व रात्रि भोजन त्यागा तथा चातुर्मासको सात भाइयोंका वारा कर शास्त्रोपदेश होना निश्चय कराया व खाद्य पदार्थोंकी जैसे दुध, दही, पापड, वड़ी, सेव, आटे आदिकी कुछ मर्यादापूर्वक प्रमाण रख वर्तना स्वीकृत कराया। मंदिर अव्यवस्थित है व मुखियोंमें प्रमाद होरहा है। यहांकी पंचायतको धार्मिक कार्योंके करने व करानेको सावधान होना चाहिये।

करोल-में १४ भाइयोंने स्वाध्याय करना व १६ स्त्रियोंने शास्त्र श्रवणके नियम किये व रात्रिको चातुर्मासभरके लिये अन्नके पदार्थ खाना त्यागे। तथा प्रतिसांझको शास्त्रसभा करनेका निश्चय किया। यहांपर कन्याशाला चालू करानेको सेठ सवाभाई सखमलजी ओराणवालोंने १५) मासिक सहायता देना कबूल किया है। कोई गुजरात निवासिनी बाईको प्रार्थना भेज अध्यापिकाका पद लेना चाहिये।

बड़ोदा-में शा० तनसुखदास भोगीलालजी व सेठ साकलचंदजीके विशेष प्रयत्नसे अष्टाह्निका पर्वभर ठहरे। पं० गिरधारीलालजीके शास्त्रोपदेश बाद व्याख्यानसभायें होती रहीं जिनमें नित्य षट्कर्म, व्याहका विस्तीर्ण क्षेत्र, प्रभावना, कुरिवाज त्याग आदि उपयोगी विषयोंपर उपदेशकजीके विवेचन होते रहे। १५ भाइयोंने स्वाध्याय करना व १० स्त्रियोंने शास्त्र श्रवणकी प्रतिज्ञा की। पं० गिरधारीलालजी द्वारा चातुर्मासको शास्त्रसभा स्थापित हुई। अधिकतर स्त्रियोंने जिनपूजन श्रवण करनेके भाव दर्शाये व ३६ नरनारियों रात्रिको चातुर्मास (वर्षाभर) के लिये अन्नके पदार्थ खाना त्यागे। पढ़ने योग्य लड़के ५२ व ४० के लगभग कन्यायें हैं किंतु स्थानीय प्रतिष्ठित पुरुषोंके प्रमाद वश कोई भी प्रकारकी धार्मिक शिक्षण देनेवाली संस्था नहीं है। जब कि स्टेट गायकवाड़की ख्याति शिक्षावृद्धिसे जगप्रसिद्ध होरही है तब दि० जैन संप्रदायकी इस तरह लापरवाही खेदजनक एवम् निजगौरवको नष्ट करनेवाली दिखाई देरही है। आशा है कि बड़ौदाके मुखिया भाई इसपर ध्यान दें, जैन पाठशाला चालू करानेका स्थाई प्रयत्न करेंगे।

नवयुवक मुखिया महोदय दो सभामें कुछ २ उपस्थित हुए। किंतु कईवार प्रेरणा करनेपर किसी २ ने प्रति दिन देवदर्शन करने व स्वाध्याय करनेके भाव दर्शाये व अधिक वर्गने प्रमाद भरे शब्दोंमें कुछ अस्वीकृतसा कर विचित्र कहानी सुनाई कि यदि हमसे शास्त्र अशुद्ध पढा गया अथवा कोई दिन नहीं पढ़ा गया तो हमारे भद्रा-

रकजी कहा करते थे कि उल्टे नरकमें पड़ोगे इसीसे हम नियम नहीं करते।

बन्धुओ! बालक खड़ा हो क्रमशः चल२ कर गिरता है; इसी तरह उसके पग बलवान बन पाते हैं, इसी तरह आज संभवतः तुम अशुद्ध स्वाध्याय कर सके तो कुछ काल बाद अपनी भूलें जब२ शुद्ध पढ़ोगे और उसका सार्थक भाव भी ग्रहण कर सकोगे। इससे आपको स्वाध्यायका नियम करना चाहिये।

सिद्धक्षेत्र पावागढ-में गढ ऊपर श्री० चिंतामणी **पार्श्वनाथका** मंदिर बिल्कुल जीर्ण व वर्षाके पानीसे भर रहा है। इसका जीर्णोद्धार पावागढ क्षेत्र प्रबंध कमेटी व समाजके श्रीमानों द्वारा शीघ्र होना चाहिये।

विशेष-गुजरात प्रांतमें विवाह क्षेत्रकी बड़ी भारी संकीर्णता होरही है यही कारण है कि यहांके लोगोंने जुदे २ जत्थे स्थापित कर रक्खे हैं। जैसे कांठा, साठ, रायदेश, खड़ग, सोजित्रा, भावनगर, कलोल, वांच, सूरत आदि। किसी२ जगह जत्थेमें इतनी न्यून संख्या है कि जिनकी जनसंख्या दो२ चार २ सौसे भी कम पाई जाती है। इन जत्थोंमें यह नियम प्रचलित है कि प्रति२ जत्थेके जैन अपने ही जत्थेके ग्रामोंमें सगाई ब्याह कर सकते हैं अन्यत्र नहीं। और यदि कोई करे भी तो वह जाति च्युत किया जाता है तथा कई २ जत्थोंने ऐसे नियम किये हैं कि दूसरे जत्थेकी कन्या तो ब्याह ले पर अपने जत्थेकी कन्या दूसरे जत्थेके वरको नहीं ब्याहे! और यदि ब्याहे तो वह जाति च्युत किया जाय! इत्यादि।

इस भावसे योग्य सन्तानका जनक न्यून अशुद्ध होरहा है। यही कारण है कि साम्प्रति सन्तान दिन प्रतिदिन बुद्धिविहीन निर्बल और अशक्त होरही है। प्रत्येक जननी, जनक ब्याह कार्यके लिये ही शिशु, सुताको पढ़ाकर सुबोध और सशक्त बनाते हैं कि यदि हमारे शिशु, सुता अपढ और निर्बल रहेंगे तो उनके ब्याह किस तरह होंगे? क्योंकि गुणविहीनका ब्याह करनेसे सुखचैनसे वर, वधूका जीवन व्यतीत नहीं होता किन्तु जब यह नियम बन गया कि इतने ग्रामोंके शिशु, सुता इतने ग्राममें विवाहे जावेंगे अन्यत्रमें नहीं। तब फिर अपढ, सपढ, निर्बल, सबल वर, कन्याका क्या ठिकाना क्योंकि विवाह तो होना ही है, शिक्षा और सशक्त बनानेवाले परिश्रमको बिना प्रलोभनके कौन करने बैठे?

इसलिये समाजको चाहिये कि इस संकुचित क्षेत्रसे मुख मोड़ चाहे किसी भी जत्थेके योग्य वर कन्या हो, विवाहका निश्चय करें।

ठाकोरदास भगवानदास जौहरी,

मंत्री, सेठ माणिकचंद जुबेलीबाग ट्रष्टफण्ड-बम्बई।

कपडे पर पूजन विधानके बडे२ रंगीन नकशे।

निम्नलिखित नकशे हमने विक्रयार्थ मगाये हैं अतः आवश्यक्तानुसार हमारे यहांसे मगाइये।

५॥)	तेरह द्वीप	५)	अढाई द्वीप
४)	समोसरण बडा	३।)	समोसरण छोटा
१।)	जंबूद्वीप	१)	दशलक्षण
१)	सोलहकारण	१)	रत्नत्रय
१।)	कर्मदहन	१।)	पंच कल्याणक
१॥)	नवग्रह	१॥)	पंच परमेष्ठी
२)	दशलक्षण उद्यापन	१।)	सिद्धचक्र
१)	वर्तमान चौवीसी	४)	नंदीश्वर द्वीप
४)	तीन चौवीसी		

मंदिरोंके लिये व व्रत उद्यापनके लिये इन नकशोंकी एक २ प्रति तो अवश्य २ मंगाकर रखिये।

मैनेजर, दि० जैन पुस्तकालय-सूरत।

સુરતના પંચનું સ્તુત્ય પગલું.

મેવાડા ભાઈઓ ક્યારે ચેતશે ?

(લેખક-રતીલાલ કે. શાહ–ભરૂચ.)

ગત અષાડ માસના 'દિગંબર જૈન' ના અંકમાં સુરતના વીસાહુમડ પંચમાં નવું બંધારણ થયાના શુભ સમાચાર વાંચી ખરેખર અવર્ણનીય આનંદ થયો ! પરંતુ તે પંચે લીધેલ પગલાંનું અનુકરણ કરી બીજાં પંચો પણ પોતપોતાનાં બંધારણોની રચના કરી દેશે તો તે ઘણું સ્તુત્ય ગણાશે, અને ગુજરાત દિ. જૈન પ્રાન્તિક સભામાં થયેલ ઠરાવોનો કાંઈક અમલ થયો ગણાશે.

પંચનાં બંધારણો સંબંધી આ અગાઉ મહામંત્રીજી તરફથી તથા બીજા શુભેચ્છકો તરફથી ઘણી સુચનાઓ થઈ ગઈ છે, અને ઘણું લખાયું છે, એટલે તે બાબત અત્રે વધુ લખવું નિરર્થક છે, પણ તે બધું ધ્યાનમાં લઈને સુરતના પંચના પગલે બીજાં પંચો પોતાનો માર્ગ લેશે તો આગળ ઉપર વધુ સુધારાની આશા રાખી શકાશે.

આપણા સમાજમાં સંગઠન કરવાની ખાસ આવશ્યકતા છે, અને સંગઠનના પાયા રૂપ–મૂળ આધાર તરીકે–**આપણાં પંચોજ** છે, અને જો દરેક પંચ વ્યવસ્થિત અને સમયાનુકુળ હોય તો સમાજ સુધારનાં કાર્યો ઘણીજ સહેલાઈથી આગળ ધપી શકશે.

આપણી ગુજરાત દિ० જૈન પ્રાંતિક સભાના ઠરાવોથી, અને કાર્યવાહકોની પ્રેરણાથી અમુક અમુક પંચોએ ધીમે ધીમે સુધારા કરવા માંડયા છે, પણ હજુ તે જોઈએ તેટલા પ્રમાણમાં પુરેપુરી રીતે થયા નથી. માટે દરેક કોમના ભાઈઓ બીજાની રાહ નહિ જોતા પોતપોતાનાં પંચોનાં બંધારણો ઘડી કાઢશે, અને અમલમાં મુકશે તો તેમણે પોતાની કોમની સેવા બજાવેલી ગણાશે.

મેવાડા ભાઈઓએ પણ પંચની કાર્ય પ્રણાલીમાં ધીમો ધીમો સુધારો કરવા માંડયો છે તે પ્રશંસનીય છે. પંચ મળે તેમાં વારાફરતી એક પછી એક જણે ઉભા થઈને બોલવાની પદ્ધતિ આ વર્ષના લગ્નગાળામાં દાખલ થઈ છે તે સુધારાના એક પગથીયા રૂપ છે, પણ ગયા લગ્નગાળા વખતે મળેલ પંચમાં મંદિરના વહીવટ સંબંધીની ચર્ચામાં ગેરસમજુત થઈને જે મોટો ઉહાપોહ થયો હતો તે હવે ભવિષ્યમાં ન બનવા પામે, અને મોટું પંચ મળી સમજીને બંધારણના ખરડા ઉપર વિચાર કરીને પોતાને અનુકુળ બંધારણ નકી કરશે, અને તેજ મુજબ દરેક ગામનાં પંચો પણ સુરતના પંચની માફક પોતપોતાને અનુકુળ બંધારણો દાખલ કરશે તો મારૂં લખવું કૃતાર્થ થયેલું સમજીશ. **કાયમની શેઠની પ્રથા** હવે તો કાઢી નાંખીને નવા બંધારણપૂર્વક પંચ કમેટીની રચના કરવાની ખાસ આવશ્યક્તા છે. વર્તમાન સમય ક્રાન્તિનો છે, અને દરેક મનુષ્ય ક્રાન્તિને આરે એકત્ર થયેલ છે તેવે સમયે આપણે પણ કાંઈક સુધારા કરી સમાજનું હિત આદરવાની જરૂર છે.

નરસિંહપુરા અને રાયકવાલનું જોડાણ.

કલોલમાં થયેલો લેખિત ઠરાવ.

સંવત. ૧૯૯૧ના. ઝાલાવાડી અષાડ વદ ૩ રવીવાર તા. ૨૯–૭–૩૪ના દીને શ્રી શંઘ. નરસીંહપુરાના નીચે શહીઓ કરનાર ગામો પંચ સમસ્ત તથા શ્રી શંઘ રાયકવાલના નીચે શહીઓ કરનાર ગામોના પંચ સમસ્ત બન્ને મળી આજ-રોજ ઠરાવ કરીએ છીએ કેઃ—

૧—આપણે નરસિંહપુરા તથા રાયકવાળ બન્ને અત્યાર સુધી રોટી વહેવાર હતો પરંતુ બેટી વહેવાર નહોતો તેથી આજરોજ આપણે નીચે શહીઓ કરનાર ગામના પંચો એકઠા થઇ ઠરાવ કરીએ છીએ કે—

આપણે આજરોજથી કન્યા આપ લેનો વહે-વાર અરસ પરસ ચાલુ કરવાનો ઠરાવ કર્યો છે તે પ્રમાણે જેણે જેણે અનુકુળતા આવે તેણે તેણે અરસપરસ કન્યા આપ લે કરવાનો ઠરાવ કરવામાં આવે છે.

૨—આપણુ બધાને અનુકુળ આવે તેવા સમા-જના ધારાધોરણના કાયદા મુસદા મુજબ ઠરાવો સર્વાનુમતે પાસ કરવામાં આવ્યા છે, તે અને બાકીના ઠરાવો હવે પછી બીજી બેઠકમાં લાવ-વામાં આવશે તે બધા ઠરાવો પાસ કરી આખ-રના અમલમાં મુકવા સર્વાનુમતે ઠરાવશે ત્યારથી તે અમલમાં આવશે ત્યારથી તે ઠરાવો મુજબ વર્તવાનું છે.

આપણે ચાલુ થએલો વહેવાર પરમાત્મા દીન પ્રતિદીને ધણાજ ભાતૃભાવથી ચલાવે ને ઉત્તરોત્તર આપણી બધાની ઉન્નતિ થાય તેવા શુભ હેતુથી આપણે બધા એકત્ર થયા છીએ. આ લેખ કલોલ ગામમાં નીચે સહીઓ કરનાર ગામોના પંચો રૂબરૂ લખ્યો છે જેથી દરેક ગામના થડા પ્રમાણે મુખ્ય માણસોની સહીઓ કરવામાં આવી છે.

નોટ–સુરત તથા આમોદના પંચોને બોલા-વવાને કાગળો લખવામાં આવેલા પરંતુ તેઓ આવી શકયા નથી તેથી તેઓની સહીઓ તેઓ આવેથી તેમની સહીઓ લેવી.

કલોલ.

વખારીઆ તારાચંદ ગુલાબચંદની શહીદા. વખા-રીઆ ચંદુલાલ તારાચંદ

વખારીઆ અમથાલાલ ભાઇચંદની શહી દા- છોટાલાલ અમથાલાલ

શા. વમળશી નાનચંદની શહી દા. કેશવલાલ

શા. દલીચંદ અમુલકની સહી દા. ખુશાખીદાસ દલીચંદ

શા. નરોતમદાસ પરભુદાસની સહી દ. પોતે જહેર

શા. જમનાદાસ પરભુદાસની સહી દા. પોતે

શા. હેમચંદ વમળદાસ સહી દા. પોતે

શા. બાલચંદ ગુલાબચંદની સહી દા. પોચાલાલ બાલચંદ

પરી. ઇશ્વરલાલ હરચંદની સહી દા. પોતે

શા. પરશોતમ હરચંદ સહી દા. પોતે

શા. ચીમનલાલ નરસીંહદાસ સહી અમદાવાદ

સંઘવી રીખવલાલ નરોતમદાશની સહી. દા. ગાંડાભાઇ રીખવલાલ નરોડા

શા. ઉગરચંદ નરોતમદાસની સહી. દા. પોતે

શા. ચુનીલાલ દેવચંદ સહી દા. પોતે

શા. ભીખાભાઇ બહેચરદાસ સહી દા. પો. વાંચ

શા. ફુલચંદ મગનલાલ સહી દા. પોતે વાંચ

શા. ત્રીભોવન વીરચંદ ,, ,, પાલડી

શા. ગોરધનભાઇ ગીરધર સહી દા. પોતે મહીજ

,, મુલચંદ ફુલચંદ ,, ,, અસલાલી

,, ફુલચંદ દ્વારકાદાસ ,, ,, ભાયલી

,, મુલચંદ ગુલાબચંદ ,, ,, સોજીત્રા

,, બેચરદાસ ખુશાલદાસ ,, ,, વ્યારા

,, અમૃતલાલ જગજીવનદાસ ,, મહુવા

,, તલકચંદ દલીચંદ સહી દા. પોતે વ્યારા

પર્યુષણ અને આપણું કર્ત્તવ્ય.

(લે.:—મોહનલાલ મ. શાહ. કંપાલા, આફ્રીકા)

ભારત વર્ષનો એવો એક પણ મનુષ્ય નહિ હોય, કે—જે જૈનોના પર્યુષણ પર્વને ન જાણતો હોય! મહાવીર સ્વામીએ કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી વિહાર કર્યો, તે વખતે તેમણે જગતને સિદ્ધ કરી બતાવ્યું છે, કે—**જૈન ધર્મ, એ એકજ ધર્મ શંકા રહિત છે.** તે અનેકાંતવાદ (સ્યાદ્ વાદ)ના અમુલ્ય સિદ્ધાંતને માનનારો હોઇ, **મનુષ્ય માત્રને મુક્તિના રસ્તા તરફ લઈ જનારો છે.**

વર્તમાનમાં તેના ગમે તેટલા ફાંટા પડી ગયા હોય! જુદા જુદા માણસોએ તેમાં ગમે તે મિથ્યાત્વ ઘુસાડી દીધું હોય! ધર્મ એ શબ્દની નીચે અજ્ઞાન માણસોથી ગમે તે જાળ રચાઇ હોય! છતાં, એટલું તો માનવું પડશે, કે **જૈન ધર્મ હજી તેના મૂળ સિદ્ધાંતથી જરા પણ ખસ્યો નથી.**

આચાર્યોએ ક્રિયાકાંડ અને આચારના, પૂજાના અને ભક્તિના ગ્રંથોમાં ગમે તેમ ફેરફાર કર્યા. ગમે તે તુત ઘુસાડી દીધું, મૂર્તિની માન્યતા અને અમાન્યતા ઉભી કરી, ટંટા ઉપસ્થિત કર્યાં. વસ્ત્ર અને અવસ્ત્રનો ભેદ પાડી, વિખવાદ વધારી દીધો, છતાં જૈનધર્મ જે મહાવીર પિતાની દિવ્ય ધ્વનિ દ્વારા બહાર પડેલો છે, તેમાં **આત્મજ્ઞાનની સાથે તત્વજ્ઞાન** અને યોગનું જે વર્ણન આપેલું છે, કે—જે બીજા ધર્મમાંથી નાશ પામેલા તત્વજ્ઞાનની તુલનાએ, હજારો તો શું પણ, કરોડો દરજ્જે માનવા લાયક છે.

જગતના પૂર્વ અને પશ્ચિમ બે ભાગ પડી ગયા છે, તે વખતે પણ પૂર્વના દેશોમા જૈન ધર્મ પ્રચારક સિવાય પણ પૂજાય છે, એજ એના અમુલ્ય તત્વજ્ઞાનની સાબિતી છે.

આર્ય સમાજ અને વેદાંત ધર્મના હિસાબે જો જૈન ધર્મનો પ્રચાર યુરોપ અને અમેરિકામાં થાય, તો તો એવો એક પણ મનુષ્ય ન રહે, કે જે જૈન ધર્મથી વિમુખ હોય!

જૈનીઓએ પોતાની શક્તિ અને સ્થિતિનો વ્યય ચાલુ સમયમાં જે કલુષિત વાતાવરણમાં કરવા માંડયો છે, તે દેખી એક હાય! નો ચિત્કાર નાંખ્યા સિવાય રહી શકાતું નથી.

મહાવીર સ્વામીનાં પાંચે પાંચ કલ્યાણક માનનારા જૈનો માટે, જૈન તીર્થ-મંદિર અને આગળ પૂજા અને પાછળ પૂજા માટેની તકરાર માટે કોર્ટે જવું તે કેટલી નાદાનીયત છે, તેનો વિચાર પાઠકોએજ કરી લેવાનો છે.

તીર્થ અને મંદિર એક એવી સ્થાવર મિલ્કત છે, કે—જેના માલિક જૈન નહિ પણ મનુષ્ય માત્ર છે.

જ્યારે મંદિરોની પ્રતિષ્ટા કરવામાં આવે છે, તેની પ્રશસ્તિ (દાનપટ) કે—ધર્મપટ ઘડાય છે. તેમાં ચોકખું કહેવામાં આવે છે. કે—આ મંદિર અમુક વર્ષે, અમુક શ્રાવક તરફથી, અમુક આચાર્યના ઉપદેશથી બનાવવામાં આવ્યું છે, અને તે, અમુક તિથિએ, મનુષ્ય માત્ર નહિ પણ, પ્રાણી માત્રને ધર્મ લાભ લેવા માટે ખુલ્લું મુકવામાં આવ્યું છે. તો હે, જગતના જીવો! તમો આવો! અને આ ધર્મ સ્થળનો લાભ લઇ પુણ્ય પ્રાપ્ત કરો!

ઉપર પ્રમાણેના દાનપટ, જે આચાર્યો લખાવે, તે આચાર્ય, અને જે શ્રાવક લખે, તે શ્રાવક, શું તે મંદિરના માલિક હોઇ શકે!

હા! જે મંદિરો ખાસ શ્રાવકના ઘરમાંજ હોય! જેની વંદના—પૂજા, અને તે નિમિત્તનો ખર્ચ, તે શ્રાવકજ ઉપાડી લેતો હોય! તો તે મંદિરનો તે માલિક ગણી શકાય! અગર તો, જે મંદિરો કોઇ પણ એક ગામની પંચાયતે બંધાવેલાં હોય! તે મંદિરો તે ગામની પંચાયતની મિલ્કત ગણી શકાય, બાકી, જે મંદિરો કે તીર્થો, અમુક ધર્માત્માઓએ, પોતાનાં દુષ્કર્મના ક્ષય નિમિત્તે-પોતાની સંપત્તિને સદ્‌માર્ગે ખર્ચ કરવાના નિમિત્તે બંધાવી, જગતને અર્પણ કરેલ છે, તે મંદિરો કોઇપણ એક ધર્મ-સમાજ-પંચ કે-મનુષ્યની મિલ્કત કેવી રીતે હોઇ શકે!

પૂર્વના સમયમાં ઉદાર ધર્માત્મા શ્રાવકોએ બંધાવેલાં જિનાલયો અને ધર્મસ્થાનકો, મુસલમાન રાજ્ય કાળમાં પણ રાજ્ય તરફથી રક્ષા મેળવી, સચવાઇ રહ્યાં છે, તે બતાવી આપે છે કે–રાજા ગમે તે ધર્મ પાળતો હોય, છતાં પ્રજાને પોતપોતાને મનપસંદ ધર્મ પાળી ધર્મસ્થાનોનો લાભ મનુષ્ય માત્ર લઇ શકે, એમ દરેક રાજ્ય કર્તા ઇચ્છે છે.

મહાવીરસ્વામી અને બીજા તીર્થંકરોના **સમવશરણ પણ, એજ હિસાબે પ્રાણી માત્ર માટે ખુલ્લાં હતાં. દરેક પ્રાણી તેમાં વિના રોકટોક બેસી શકતા રાજા કે રંક, દેવ કે મનુષ્યનો ત્યાં ભેદભાવ હતો નહિ. તેવીજ રીતે આપણાં ધર્મસ્થાનો મનુષ્ય માત્ર માટે ખુલ્લાં હોવાંજ જોઇએ! એ સુવર્ણ વાક્ય સફલ કરવામાં જે કોઇ વિખવાદ નાંખે, આનાકાની કરે, તે મનુષ્યપણાથી રહિતજ હોય, એ નિઃશંસય છે.**

વર્તમાન કાલ ક્રાન્તિનો છે, યુવકો દ્વારા સમાજની ક્રાન્તિ થવા લાગી છે, ધર્મ ક્રાન્તિની પણ જરૂર છે, તે યુવાનો દ્વારા થશે, પણ તે પહેલાં વૃદ્ધોની ફરજ છે, કે–પોતાનાં હૃદય વિશાલ બનાવી, ધર્મનું ક્ષેત્ર કે જે તેમણે હાલ સંકુચિત બનાવી દીધું છે, તેને વિશાળ બનાવે.

હજારો વર્ષથી આપણે પર્યુષણ પાળ્યાં, વ્રત કર્યાં, પાખીઓ પાળી, વરઘોડા કાઢયા, પ્રભાવનાઓ કરી, અને ક્ષમાપના પણ કરી, તેવીજ રીતે શાસ્ત્ર વાંચ્યાં–સાંભળ્યાં અને ભૂલી પણ ગયા.

અત્યાર સુધી, ગમે તેટલા ભેદભાવ છતાં, સમાજ અને ધર્મ, બન્ને સંપીને રહેતાં, પણ છેલ્લાં પચાસ વર્ષમાં કેટલાક સ્વાર્થપટુ પણ, અજ્ઞાન શ્રાવકો અને સાધુઓ દ્વારા આપણા ધર્મનું નામ કીચડમા ઘુસી ગયું છે. તેમાં છિદ્રો રૂપી-ભાગ એટલા તીવ્ર બની ગયા છે તે છિદ્રો નાવને સાતમા પાતાળે (આપણે ચેતીશું નહિ તો) પહોંચાડશે, માટે આ પર્યુષણમાં આપણું કર્તવ્ય છે કે આપણે આપણા ધર્મને વ્યવસ્થિત બનાવવા માટે અને જૈન માત્રને એકત્ર થવાના ઉદ્દેશ્યને માટે નીચે પ્રમાણે ઉપાયો લેવા જોઇએ–

૧–પર્યુષણ પર્વ ત્રણ ફિરકાનાં ત્રણ ઉજવાય છે, તેને બદલે ત્રણે ફિરકાના સરખા વિદ્વાનો એકત્ર થઇ કોઇ એવા દિવસ મુકરર કરે કે જે ત્રણે ફિરકાવાળા સરખા સ્નેહથી પાળી શકે!

૨. દેવપૂજા અને ગુરૂપૂજા એમ પૂજાપાઠ વર્તમાનકાળે બે પ્રકારથી થતા જોવામાં આવે છે. તેને બદલે વિદ્વાનોએ તેનો તોડ એવી રીતે લાવવો કે પૂજા કોઇ પણ પ્રકારની કે કોઇ પણ ફિરકાવાળાની હોય, પણ તે પૂર્વે થઇ ગએલા તીર્થંકર, કેવલી કે–સિદ્ધ પુરૂષોની ગુણપૂજા હોઇ શકે.

૩. ધર્મ મંદિરો–પછી તે ગમે તે ફિરકા કે ગમે તે પ્રભુનાં હોય, પણ તે મનુષ્ય માત્રને ધર્મ ક્રિયા દ્વારા આત્મકલ્યાણ સાધવાની વર્તિકાઓ છે, તેમાં એવી સગવડ હોવી જોઇએ, કે–મૂર્તિને માનનારો વર્ગ જેટલી સગવડથી ધર્મક્રિયા કરી શકે, એટલીજ સગવડથી મૂર્તિને નહિ માનનારો વર્ગ પણ ધર્મક્રિયા કરી શકે! એટલે કે–ગૃહસ્થનાં ષટ્કર્મ જેવાં કે—

દેવપૂજા ગુરૂભક્તિ, સ્વાધ્યાય-સંયમ-તપ;
દાન દેવું ગૃહસ્થોએ, ષટ્કર્મ પ્રતિ દિને.

ગૃહસ્થ પુરૂષ કે સ્ત્રી ઉપરનાં છ કર્મ કરવા પ્રતિદીન વાસ્તવિક રીતેજ બંધાએલા છે, એમાં કોઇપણ ધર્મ-સંપ્રદાય કે ફિરકાનો ભેદ નડી શકતો નથી, માટેજ ધર્મ મંદિર એવાં વિશાળ બનાવવાં જોઇએ, કે–જેથી ત્યાં જઇ દરેક ગૃહસ્થ પોતાને પ્રિય ધર્મ–કર્મ કરી શકે. અગાસ સ્ટેશન નજીક શ્રીમદ્ રાજચંદ્રના નામ નીચે તૈયાર થએલું સનાતન જૈન મંદિર આ કોટીનું કંઇક અંશે ગણી શકાય ખરૂં, પણ તેમાંથી વધારે પડતી રાજચંદ્ર તરફની પક્ષપાત વૃત્તિનો નાશ થવો જોઇએ.

૪–ક્ષમા એ મોક્ષનો ભવ્ય દરવાજો છે. એ મહા સુત્ર આપણે જૈનોએ ભુલવું જોઇતું નથી. તીર્થંકરોએ દરેક વખતે જૈન એકલાં કે–મનુષ્ય એકલાને નહિ પણ જીવ માત્રને બોધ આપેલો

છે. પોતે એવા ગંભીર અને ક્ષમાદિ ગુણ યુક્ત બન્યા છે, કે—તેમની છાંયમાં, વાઘ અને બકરી. સાપ અને નોળીઓ, દેવ અને દાનવ, ઉંદર અને બિલ્લી એ સઘળા જીવ સ્વાભાવિક વેરને પણ ભુલી જઇ, ધર્મ-સભામાં સાથે બેસીનેજ ધર્મોપદેશ સાંભળતા. વર્તમાન કાળે આપણે જૈનોએ એ મહાપુરૂષના નામ પાછળ આપણે જે વિખવાદ અંદરો અંદર ઉભા કર્યા છે, તે ખરેખર પશુવૃત્તિનાજ ગણી શકાય! જૈન ધર્મસ્થાનોએ પ્રાણી માત્રની સંપત્તિ જાણવા છતાં, તેની પાછળ 'અહિંસા પરમો ધર્મ' માનનારા જૈનો અંદરો અંદર મારામારી કરી લોહી વહેવડાવે, પરદેશી સરકારની અદાલતોમાં લાખો રૂપિઆ સમાજના ખર્ચ કરે, એ કેટલી શરમની વાત છે, તેનો ખ્યાલ વાંચકેજ કરી લેવો, માટે આ પવિત્ર દિવસોમાં તે ઝગડાનો નિકાલ તટસ્થ વિદ્વાનો દ્વારા લાવી જૈન માત્રને એકત્ર કરવાની ભાવના સેવવી જોઇએ.

૫—ચોથ કે પાંચમના ભેદ કે-આંગી પુજાના ભેદ હવે ભુલી જવા જોઇએ.

કોઇ આપણાજ ગુરૂઓએ એ બધા મત ભેદ પાડયા હોય, તેથી તે કેવલી પ્રણિત છે, એમ માની લેવાનું નથી, પણ ખરી રીતે તો વીતરાગ પ્રભુ નિરંજન નિરાકાર છે એ સમજવા પછી વીતરાગતા ઉપજે તેવા મંદિરોમાં વીતરાગ ભાવ આવે તેવી રીતેજ ભક્તિ પુજા થવી જોઇએ,

વીતરાગ પ્રભુનાં ધામ વિલાસ મંદિર જેવાં થવા ન દેવાં એ વર્તમાન જૈન યુવકની પહેલામાં પહેલી ફરજ છે.

૬—બાર કે તેરવ્રત-ચોદ કે સોલ સ્વપ્ન-અમુક પ્રભુ પરણેલા અને અમુક કુંવારા, સ્ત્રીને મુક્તિ અને નહીં મુક્તિ એ અને બીજા કર્મ—કાંડોના ભેદો માટે જૈનો અંદરો અંદર જૈન શાસ્ત્રો ઉપર આક્ષેપ કરી, કેટલાંક ખરાં સૂત્રોના ખોટા અર્થ ન કરે, એજ જૈનો માટે જરૂરનું છે. અને તેથી એવું થવું જોઇએ, કે-આત્મજ્ઞાન કે આચાર શાસ્ત્ર ગમે તે ગ્રંથ પર, તે જૈન શાસ્ત્ર છે, એમ લખતાં પહેલાં તેને ત્રણે ફિરકાના વિદ્વાન પંડિતોની વગદાર કમીટીમાં પાસ કરાવવું જોઇએ.

૭—સગીર (બાળ) દીક્ષા સદંતર બંધ કરી, તેના પર શ્રી સંઘે અંકુશ મુકવો જોઇએ. વર્તમાન કાળે મુનિ દીક્ષા કરતાં બ્રહ્મચારી કે—એલક ક્ષુલ્લક કે—ઉદાસીન દીક્ષા સાધી શકાય તેવો છે, માટે મુનિ બનાવતા પહેલાં બધી રીતે તેની લાયકાત તપાસી પછીજ તેને મુનિપદ આપવા શ્રી સંઘે અનુમતિ આપવી.

૮—જૈન ધર્મી દરેક, જૈન સામાજીક બંધારણમાં જોડાય એજ જૈન ધર્મની ઉન્નતિમાં શ્રેયસ્કર છે. પરંતુ તેટલું બની શકે તેવી સ્થિતિ ઉત્પન્ન ન થાય ત્યાં સુધી દિગંબર જૈનોની પેટા જાતિઓમાં પરસ્પર રોટી—બેટી વહેવાર જોડવા આ પવિત્ર દિવસોમાં પ્રતિજ્ઞા લેવી જોઇએ.

ઉપર પ્રમાણે આ પર્યુષણ પર્વમાં જૈનોએ જૈન ધર્મના નાવને ઉપરની આઠ સુધારા રૂપી ગુણોથી સુધારી જૈન તંત્રને ઉજ્વલ બનાવવું જોઇએ.

પર્યુષણ પર્વનો અર્થજ ક્ષમાપન છે. પ્રથમ દિવસજ ઉત્તમ ક્ષમાના નામથી પુજાય છે. ક્ષમા ભાવ આવ્યા સિવાય બીજા ભાવ આવી શકતા નથી અને ક્ષમા સિવાયનાં ધર્મ કાર્ય પણ કંઇજ શ્રેય કરી શકતાં નથી, માટે વર્તમાન કાળે દરેક જૈને પોત પોતાના ગામમાં એકત્ર થઇ આ પર્યુષણના પવિત્ર દિવસોમાં ક્ષમા ગુણ ધારણ કરી જૈન માત્ર જગતમાં એકત્ર કેવી રીતે બને તેનો વિચાર કરી, તે પ્રમાણે વર્તન કરવા કટિબદ્ધ થવું જોઇએ, એજ ભાવના ભાવવા હૃદયને કેળવવું જોઇએ, જૈન માત્ર આ ભાવના ભાવે તો જૈન સમાજને ઉજ્વલ થતા જરાપણ વાર લાગે નહિ. પ્રભુ તે દિવસ જલ્દી લાવે કે ભારતવર્ષમાં જૈનો અંદરો અંદરનું વૈમનસ્ય ભુલી જઇ એકત્ર થાય અને મહાવીર સ્વામીની કીર્તિ ઉજ્વલ કરે.

એ કયારે ભુલશો ?

નૃસિંહપુરા ભાઇઓને નમ્ર વિનંતિ.

નૃસિંહપુરા ભાઇઓનું કલોલ, ઝેર વગેરે પાંચ ગામોનું પંચ ફરીથી કલોલ મુકામે રાયકવાલ ભાઇઓને અપનાવવા વગેરેના કામ માટે ખબર મળવા પ્રમાણે અષાઢ સુદ ૩ થી મળ્યું હતું, કહાનમ તથા સુરતના પંચોને પણ એ સંબંધી વિચાર કરવામાં સામેલ થવા એકદમ હાજર થવાનાં આમંત્રણ હતાં. એકજ ગામ કે શહેરમાં રહેતા ભાઇઓ તાત્કાલીક એકઠા કરી શકાય. આ તો જુદા જુદા ગામડાઓમાં રહેતા ભાઇઓને એકઠા મેળવી તેમની સમંતીથી પ્રતિનીધિઓ ચુંટીને મોકલવાના, એ બધું કરવાને કાંઇક પાંચ દીવસનો સમય તો જોઇએ. દેખાવ કરવા પુરતા આમંત્રણના વિનયને એ બે પંચો માન આપી શકયાં નથી, જ્યારે રાયકવાળ ભાઇઓ સાથે પંચના આગેવાનોને પ્રથમ મળવાનું થયું અને પાંચે ગામનું પંચ મેળવવાની મુદત નક્કી કરવામાં આવી ત્યારેજ રીતસરનું આમંત્રણ આ બન્ને પંચોને આપવામાં શું વાંધો હતો ? ભલે, પાંચ ગામનું પંચ મળ્યું, બધા એકમત થયા પછી બીજા બે પંચોને બોલાવવાનું સર્વાનુમતે ઠર્યું હશે. જરૂર હોય તેવી બાબતોમાં પણ બે જણને બોલાવી વિચાર કરવામાં માન અપમાનની લાગણીઓ ભારે વિઘ્ન નાંખી રહી છે, તેનું એ સિધ્ધું પરીણામ છે.

રાયકવાલ અથવા બીજા દિગંબર ભાઇઓ સાથે અમુક બંધારણ એકત્ર થવાની વાતમાં કાંઇ મુશ્કેલી નથી. ખાસ મુશ્કેલી તો સમાજમાં ઘર કરી બેઠેલા ઝઘડાઓની છે. ઝેર, નરસીંહપુરવાળા ભાઇઓ સંબંધી સુરત કોન્ફરન્સ વખતે નિમાયેલા બે ગૃહસ્થોનું નિવેદન બહાર પડી ચુક્યું છે, તે સંબંધી સાતે ગામનાં પંચો અંદરખાનેથી એકમત છે, આવી વાંધા ભરેલી વાતો પંચના ચોપડે સાચવી રાખવાની વિધિ પુરતો હવે વાંધો રહ્યો છે. જ્યારે બધા પંચો કાંઇ ખાસ ખટપટ કરાવ્યા શીવાય લાંબા વખતનો વિરોધ ભૂલી જવા તૈયાર થાય ત્યારે નરસીપુર પક્ષના ભાઇઓ, એટલી વિધી અમલમાં મુકવા પુરતી ઉદારતા બતાવે એ જરૂર ઇચ્છવા જોગ છે. એક મીયાંભાઇ–જમાઇ સાસરે ગયા હતા. સામાન્ય મુસલમાન ભાઇઓમાં મ્હોટા ન્હાનાના ભેદ રાખ્યા શીવાય એકજ ભાણામાં જમવા બેસવાનો રીવાજ હોય છે. સસરો જમાઇ સાથે જમવા બેઠા. સાસુએ સન્માનની ખાતર જમાઇ તરફથી વધુ પીરસ્યુ, સસરાએ એક યુક્તિ કરી. દેખો ઉરમાન મીયાં તમારા બાપે તમને આમ કહ્યું, એમ કરી જમણા હાથની આંગલીથી ભાણામાં ઘી ભરેલા ભાગમાંથી એક ઉભી લીટી પોતાના તરફ ખેંચી. તમારી માએ હમને તે દિવસે બહુ ગાળો દીધી. આમ બે ચાર ગુન્હાઓની દલીલો કરતાં કરતાં જમાઇ તરફનું ઘી પોતાના તરફ ખેંચી લીધું. જમાઇ ડાહ્યો અને વિચક્ષણ હતો, તેણે જોયું કે ડોશાએ આબાદ યુક્તિ કરી છે. જમાઇએ જવાબ આપ્યો-હશે ભાઇસાબ હમ કયા કરે !" "આજસે સબ સફા ચટ" એમ કરીને આખા ભાણામાં ગોળ આંગળી બે ત્રણ વખત ફેરવી દીધી. સસરો જમાઇ એક બીજાને સમજી ગયા, અને ઝગડાનો નિકાલ કરી નાખ્યો, આપણા ભાઇઓ પણ આવી મીયાંભાઇની લડાઇ લડવા બેઠા છે, તેને સફાચટ કરેજ છુટકો છે. જેટલો વધારે પડતા પાઠ ભજવાય છે તેટલો બળ, બુદ્ધિનો નિરર્થક વ્યય છે.

કાયદો અને બંધારણ (Law & order) ના બ્હાના નીચે કલેશ કર્યા કરી, જેનાથી આખો સમાજ દુખી થાય એવી વાતોને અમલમાં ન મુકતાં લંબાવ્યા કરવી એ કઇ જાતનું ડાહાપણ ! વામજવાળા ભાઇ મુળચંદના સંબંધમાં પહેલાં એક વખત વામજ મુકામે એ ભાઇની અરજથી પંચ મળ્યું હતું. તે વખતે બીજું પંચ મેળવવાનો વાયદો કરી વાત ઉંચે મુકી. ફરીથી પંચ મળ્યું તો પણ એક વાતનો પણ નિકાલ નહિ. પંચોની આવી બોખરી ન્યાય પદ્ધતિ કયારે સુધરશે ?

ખોટા માનપાન અને તુંપદભર્યા સ્વાર્થોને વેગળો મુકવામાં આવે નહિ ત્યાંસુધી પંચો કદી પણ ન્યાય પદ્ધતિ સ્વીકારી શકશે નહિ. પૈસે ટકે, અને વ્યાપાર રોજગારમાં આપણી કોમ સ્વાભાવિક રીતે હલકી છે, તેમાં વળી આવો વિખવાદ ઘર કરી બેઠો છે. અને તે વિખવાદ આપણા વહેપાર રોજગારમાં હવે વિઘ્નકારક થવા માંડ્યો છે. લાયક વર-કન્યાઓ મેળવવાની મુશ્કેલી વધતી જાય છે. કલેશથી પણ કેટલાંએક કુંટું બોના કેળવાયેલ છોકરાઓ જરૂર નાલાયક બનવાના છે. તેમનું માનસ કલેશમય બનવાનું. બી. એ. થાય કે વકીલ, શિક્ષક થાય, જ્યાં પેચની વાત આવી કે, જેમ એમના બાપદાદા લડતા આવ્યા છે તેમાં તેમની તીક્ષ્ણ બુદ્ધિનો ઉપયોગ કરી લડાઇને વધારે તીવ્ર બનાવવામાં મદદગાર થતા હાલ તો નજરે પડે છે. નહિ તો આજના કેળવાયેલ યુવાનો જો સમજે તો આવા નિરર્થક ઝગડાઓ એક પણ દિવસ ટકે એમ નથી. દેશદેશમાં જ્યારે યુવાન વર્ગ રાષ્ટ્રીય ભાવનાથી પ્રેરાઇને ઉન્નતિ તરફ પ્રયાણ કરી રહ્યો છે ત્યારે આપણા યુવાનો હજી સમાજના નાના વાડાના ઝઘડા દૂર કરી શકતા નથી એ કેટલી બેહુદી છે? જ્યારે ત્યારે જુની પદ્ધતિના ઝઘડા જમાવવાના કાવાદાવા અને ઝીણી ઝીણી સ્વાર્થહાનિની લાગણીઓને ભુલી ગયેજ છુટકો છે. લગભગ પંદર દીવસ નિરર્થક ખટપટ કરી, આસો માસમાં બધા નૃસિંહપુરા પંચોને તારંગા મુકામે મેળવવાનો ઠરાવ કરી કલોલ મુકામે મજેનું પંચ વેરાયું છે. આગળ દશ લક્ષણ ધર્મ સાધવાનો વખત આવે છે, તો તે દરમ્યાન બધા ભાઇઓ. જુના કાવાદાવા વીસરી જઇ ઉત્તમ ક્ષમા વ્રતને શોભાવશે, એવી કાંઇક આશા બંધાય છે.

આખો દિગંબર જૈન સમાજ એકત્ર થવાનાં કાંઇક ચિન્હ નજરે પડે છે. તેમાં જો નૃસિંહપુરા ભાઇઓ પોતાની સ્વાર્થની ભાવનાઓથી પ્રેરાઇને કલેશ નહિ છોડે, તો તે શુભ કાર્યમાં વિઘ્ન નાખવાનો દોષ તેમને શીરે જરૂર પડશે.

—નાગરદાસ.

મધુવનનો મહિમા.

વૃક્ષો ઉંચાં ગગન ચુંબીત હોંશ ધારી,
ઉંચે ઉંચે ચઢી જતાં નજરે નિહાળી;
ઉંચે જવાનું અહિંઆં દિસતું વિધાન,
જ્યાં જ્ઞાન, વીર્ય, સુખ, સંપત્તિનાં વિધાન.—૧

પામ્યા પ્રભુ સહજ જ્ઞાન, વિરાગ થાતાં,
આદર્શ મુક્તિ ભવ પંથ કપાઇ જાતાં;
જ્યાંથી સુબોધ પ્રદ જ્ઞાન સુધા પ્રસારી,
જ્યાંથી અમારી વ્રત[૧] ગર્જન કીધું ભારી—૨

ત્યાં ગીત ગાય મધુરાં, સૌ પક્ષી સાથે,
કુદરત તણા હૃદય વેધક દષ્ય ઓથે;
વાયુ સુગંધીત વહે, શ્રમ હારી મીઠો,
સૌંદર્યવાન ગિરિ શિખરરાજ દીઠો.—૩

સૌ વર્તમાન તિર્થંકર દેવ સાખે,
આ પૂજ્ય ભૂમી અર્વાનતળમાં વિરાજે;
એકાંત, શાંત, રમણીય, નિવાસમાં આ,
વિસરાય કયમ નહિ દુઃખ સહુ જનોનાં.—૪

—નાગરદાસ.

દિ. જૈન વીસામેવાડા મદદ ફંડ.

આપણી વીસામેવાડા કોમમાં ઘણાં કુટુંબો એવા છે કે પોતાનાં સંતાનોની મેટ્રીક પછીની કેળવણીનું ખર્ચ પોતે ઉપાડી શકે નહિ. આપણી કોમ કેટલાંક એવાં ગામોમાં વસેલી છે કે જ્યાં અંગ્રેજી કેળવણીની બીલકુલ સગવડ નથી અને નજીકમાં વિદ્યાર્થીઓને રહેવા માટે બોર્ડીંગો પણ નથી. કેટલાંક કુટુંબો અને કેટલીક વિધવા બ્હેનો એવી નીરાધાર છે કે જેઓને નિર્વાહનાં કોઇપણ જાતનાં સાધનો નથી. આપણી અને ગુજરાતની અન્ય દિગંબર કોમોની કેળવણી સંબંધી અગવડો દુર કરવા મુંબઇના દાનવીર શેઠ માણેકચંદ પાનાચંદે અમદાવાદ તથા મુંબઇમાં બોર્ડીંગો ઉઘાડી કોમને ઉચ્ચમાં ઉચ્ચ એવા વિદ્યાનાં દાન દીધાં અને દાનની દીશા બદલવામાં પહેલ કરી અને દાનવીરોને અને ધર્મપ્રેમી પુન્યશાલી પૈસાવાલાઓને બતાવી આપ્યું કે સૌથી સારામાં સારૂ દાન વિદ્યાદાન છે, પરંતુ અફસોસની વાત છે કે તેમણે બોર્ડીંગો કાઢયાં ને આજકલ કરતાં ત્રીશ વર્ષ થયા છતાં આપણી કોમ તરફથી તે દીશામાં આજ સુધી કોઇપણ જાતનો પ્રયત્ન સુદ્ધાં પણ થયો નથી. તેમની બોર્ડીંગોનો સૌથી વધારે લાભ જો કોઇએ લીધો હોય અને અત્યારે લેતું હોય તો તે આપણીજ કોમ છે પરંતુ બોર્ડીંગો એ અને લાભ લેનાર વિશેષ એટલે આપણી કોમના દરેક વિદ્યાર્થીને તેનો લાભ મળવો હવે શક્ય નથી તેથી કરમસદના વતની અને મુંબઇમાં રહેતા રા. રા. શાહ ત્રીભોવનદાસ રણછોડદાસના પ્રયાસથી તેમના પુજ્ય કાકાશ્રી બોરડના મરહુમ શેઠ શીવલાલ તુળશીદાસે રૂપીઆ ૫૦૦૦) મેવાડા મદદ ફંડ માટે જુદા કાઢયા અને તેની વ્યવસ્થા તેમના ટ્રસ્ટીઓ લગભગ દશ વર્ષથી કરતા આવ્યા છે. રૂપીઆ પાંચ હજાર જેવી નજીવી રકમ આપણી કોમ માટે પુરતી નહિ હોવાથી આ વર્ષના લગ્નગાળામાં કોમના કેટલાક સમજુ અને શુભેચ્છકોની પુરતી મદદને લઇ આપણી કોમની ઉપર જણાવેલી અગવડો દુર કરવા મેવાડા મદદ ફંડ સ્થાપવાનું નક્કી કરવામાં આવ્યું અને તેમાં તરતજ રૂ. ૩૨૭૪) નીચે જણાવેલા ગૃહસ્થોએ ભર્યા—

૬૦૧)	શાહ મોહનલાલ કાલીદાસ	મુંબઇ
૨૫૧)	શેઠ ત્રીભોવનદાસ રણછોડદાસ	,,
૧૫૧)	,, હરગોવનદાસ જીવાભાઇ	કાણીસા
૧૫૧)	,, ત્રીભોવનદાસ વલ્લભદાસ	,,
૧૫૧)	,, અંબાઇદાસ જીવાભાઇ	સાયમા
૧૫૧)	,, દેવચંદ જીવાભાઇ	,,
૧૦૧)	,, ચીમનલાલ લલ્લુભાઇ	બોરસદ
૧૦૧)	,, ચંદુલાલ માણેકલાલ	,,
૧૦૧)	,, મંગળદાસ નાથાભાઇ	વેડચ
૧૦૧)	,, મનસુખલાલ ભાઇજીભાઇ	,,
૧૦૧)	,, છોટાલાલ ઘેલાભાઇ	અંકલેશ્વર
૧૦૧)	,, કાલીદાસ જેશીંગભાઇ બીન કીશોરદાસ	,, બોરસદ
૧૦૧)	,, છગનલાલ તળશીદાસ	દાવોલ
૧૦૧)	,, મોતીલાલ તળશીદાસ	,,
૧૦૧)	,, શંકરલાલ તાપીદાસ	આમોદ
૧૦૧)	,, શેવકલાલ કેવળદાસ	,,
૧૦૧)	,, કાલીદાસ હરગોવનદાસ	,,
૧૦૧)	,, જેશીંગભાઇ ભાઇજીભાઇ	બોરસદ
૧૦૧)	,, વનમાળીદાસ હરખચંદ	ઓચાસણ
૧૦૧)	,, કેવળદાસ રણછોડદાસ	કરમસદ
૧૦૧)	,, મુલચંદ હરીલાલ	સોજીત્રા
૧૦૧)	,, ઝવેરદાસ રણછોડદાસ	,,
૧૦૧)	,, બાપુજી ઇશ્વરદાસ	,,
૧૦૧)	,, મનસુખલાલ બેચરદાસ ચોકસી	બોરસદ
૩૨૭૪) રૂ.		

આપણી કોમમા ઉપર જણાવ્યા સીવાયના ઘણા શ્રીમંત ગૃહસ્થો તથા સન્નારીઓ છે કે જેઓ દરેક આપણા આ ફંડમાં સારી રકમો ભરી આપશે એવી ખાત્રી આપવામાં આવી છે. પરંતુ લગ્ન ગાળાની આખરે આ ફંડ માટે

'દિગંબર જૈન' નો આ અંકનો વધારો.

॥ ॐ ॥

॥ श्री त्यागधर्वांगाय नमः ॥

શ્રી દિગંબર જૈન શ્રાવિકાશ્રમ સોજીત્રા

શ્રાવણ સુદી ૧૫ ના

રક્ષાબંધનના પવિત્ર દિવસે—

અમારી રક્ષાનું બંધન સ્વીકાર કરશો

આજે આખા હિંદુસ્થાનના લોકો શા માટે પ્રસન્ન દેખાય છે? આજે સધવાઓ અને કુમારી કન્યાઓ થાળીમાં મંગળસુત્ર અને મિઠાઇ લઇને પોતાના ભાઇઓ પાસે કેમ જાય છે?

કારણ કે આજે શુભ રક્ષાબંધનનો દિવસ-બળેવ છે. આજ દિને મુનિ શ્રી વિષ્ણુકુમારે અકંપનાચાર્યાદિ ૭૦૦ મુનિયો ઉપર બળીએ છલકપટ કરી ધર્મસંકટ નાખ્યું હતું, તે સંકટને દુર કરી ધર્મની રક્ષા કરી હતી. પછી ગામના સ્ત્રીપુરુષોએ નવધાભક્તિ સાથે તે મુનિઓને આહારદાન આપ્યું હતું, તે દિવસે તે લોકોના મનમાં પરસ્પર રક્ષા કરવાની ભાવનાઓ ઉત્પન્ન થઇ હતી, તે પવિત્ર દિવસની સ્મૃતિ માટે રક્ષાબંધન એટલે બળેવનો રીવાજ ચાલે છે, બહેન ભાઇના હાથમાં રાખ (રાખડી) બાંધીને તેમને ધર્મરક્ષાનું સ્મરણ કરાવે છે અને ભાઇઓ પણ બહેનોને તેના બદલામાં અમુક કંઇ ઉપહાર (ભેટ) આપી યોગ્ય સત્કાર કરે છે.

આ કથનાનુંસાર તમોને કર્તવ્યપરાયણ જોઇ અમે તમારી પાસે રાખડી મોકલીએ છીએ. આશા છે કે અમારી રક્ષાનું બંધન સ્વીકાર કરી આપણી જૈન સમાજની બહેનોને અને વિધવાઓને સુખી કરવા પ્રયત્ન કરી રહેલી સંસ્થાની યાદદાસ્તીમાં યથાશક્તિ તનમન અને ધનથી સહાયતા કરી આશ્રમવાસિની બહેનોના અને અમારા આશીર્વાદ લેશો. એના ઉદેશ પાછળ આપ્યા છે.

આપની શુભેચ્છક ધર્મભગિનીઓ—

ઠે૦ મનોરબાગ,
સોજીત્રા.
(વાયા—આણંદ.)

શ્રી. નહાની બ્હેન સંઘવી.
શ્રી. પ્રભાવતી બ્હેન ના
ધર્મસ્નેહ વાંચશો.

જૈન વિજય પ્રેસ—સુરત.

॥ ॐ ॥

શ્રી દિગંબર જૈન શ્રાવિકાશ્રમ સોજીત્રા

ના

નિયમ અને ઉદ્દેશ.

---

(૧) **આ આશ્રમનો મુખ્ય ઉદ્દેશ જૈન** સ્ત્રી સમાજમાં ધાર્મિક અને વ્યવહારિક જ્ઞાનનો પ્રચાર કરવા માટે યોગ્ય શિક્ષિકાઓ ઉપદેશિકાઓ તથા યોગ્ય ગૃહિણીઓ તૈયાર કરવાનો અને શ્રાવિકાઓને દિગંબર જૈન ધર્મના માર્ગ ઉપર સ્થિર રાખવાનો છે.

(૨) રૂ. ૧૦૦૧) અને એથી વધારે દાન આપનારે દાતારોનું નામ દ્રવ્યદાતારોના પાટીયા ઉપર સોનેરી અક્ષરોએ કાયમ રહેશે; અને રૂ. ૫૦૧) અને એથી વધુ આપનાર દાતારોનું નામ બીજા પાટીયા ઉપર સોનેરી અક્ષરે લખીને આશ્રમમાં કાયમ રહેશે. તથા તે રકમ સ્થાઇ ફંડમાં જમા થશે.

(૩) આ આશ્રમમાં સાત વર્ષથી ઓછી ઉમરની શ્રાવિકાઓ દાખલ થઇ શકશે નહિં.

(૪) આ આશ્રમમાં ભોજન ફીના માસીક રૂ. ૩) ત્રણ લેખે લેવામા આવશે અને કોઇને વિના ફીથી દાખલ થવું હશે તો વ્યવસ્થાપક મંડળની મંજુરી મંત્રી મારફત મેળવશે તો બની શકશે.

(૫) જે શ્રાવિકા ઓછામા ઓછા રૂ. ૫૦૧) ૫ ચસોને એક આશ્રમના સ્થાઇ ફંડમાં એકી વખતે આપશે તેની આશ્રમ જીવનપર્યંત રક્ષા કરશે.

(૬) પોતાને ઘેર રહી આશ્રમમાં ધાર્મિક અને વ્યવહારિક અભ્યાસ માટે આવનાર સ્થાનિક સ્ત્રીઓ પાસેથી કંઈ પણ ફી લેવામા આવશે નહિ. પરંતુ હા, જો તે કોઇ પ્રકારની સહાયતા આશ્રમને આપવા માંગશે તો ધન્યવાદ સહિત સ્વીકારવામાં આવશે.

(૭) જે શ્રાવિકા પોતાને ખર્ચે ધાર્મિક પુસ્તકો લાવી શકે તેમ ન હોય તો આશ્રમ તરફથી આપવામાં આવશે, પરંતુ તે પુસ્તકો આશ્રમ છોડતી વખતે પાછાં લેવામાં આવશે.

(૮) જે શ્રાવિકાઓ કંઇપણ નિયમિત પગાર લીધા વિના પરોપકાર માટે આશ્રમમાં રહીને અન્ય શ્રાવિકાઓનું ધર્મનું જ્ઞાન કરાવશે તથા સુમતિપર ચલાવશે તેમને ધર્મપ્રચારિકાના નામથી સંબોધવામાં આવશે.

મંત્રી, **શ્રી દિગંબર જૈન શ્રાવિકાશ્રમ.**

ઠે૦ મનોરબાગ, **સોજીત્રા.** (વાયા આણંદ.)

યાત્રા કરવા જવાનો વખત મળી શકયો નહિ અને આપણે સોજીત્રાથી પાછા વીખરાઇ ગયા. કેટલાક ગૃહસ્થો લગ્નગાળા પ્રસંગે સોજીત્રા પધારેલા નહિ હોવાથી તેમની પાસે પણ જઇ શકાયું નહિ અને ફંડનું કામ અધુરૂં નહિ મુકવું પરંતુ ચાલુ રાખવાનો કેટલાક ભાઇઓનો આગ્રહ હોવાથી ફંડમાં નાણા ભરનારાઓની એક મીટીંગ તા. ૨-૬-૩૪ને રોજ કરમસદના શેઠ કેવળદાસ રણછોડદાસના પ્રમુખપણા નીચે ભરવામાં આવી જેમાં નીચે પ્રમાણે ઠરાવ કરવામાં આવ્યો:—

ઠરાવ—૧ આવતા લગ્નગાળા સુધી આ ફંડની વ્યવસ્થા કરવા માટે નીચે જણાવેલા ગ્રહસ્થોની વ્યવસ્થાપક કમીટી નીમવામાં આવે છે.

પ્રમુખ—શેઠ કેવળદાસ રણછોડદાસ કરમસદ

ઉપપ્રમુખ—,, કાળીદાસ જેશીંગભાઇ

બીન ફીસોરદાસ બોરસદ

શેઠ મુલચંદ હરીલાલ સોજીત્રા

,, ત્રીભોવનદાસ રણછોડદાસ મુંબઇ

,, મંગળદાસ નાથાભાઇ વેડચ

,, ત્રીભોવનદાસ વલ્લભદાસ કાણીસા

,, છોટાલાલ પેલાભાઇ ગાંધી અંકલેશ્વર

,, મનસુખલાલ બેચરદાસ ચોકસી મુંબઇ

સેક્રેટરી—શાહ મોહનલાલ કાલીદાસ મુંબઇ

આ ફંડના ટ્રસ્ટીઓ તરીકે (૧) શેઠ કેવલદાસ રણછોડદાસ (૨) ચોકસી મનસુખલાલ બેચરદાસ અને (૩) શાહ મોહનલાલ કાલીદાસને નીમવામાં આવે છે.

ઉપર જે રકમો ભરાયલી છે તે બુજ રકમો છે. તે તો ફક્ત ફંડની સ્થાપના કરવા પુરતીજ છે કારણ કે આપણી કોમની આગળ પડતી એક પ્રતિષ્ટીત પેઢીના સમજુ ભાગીદારો તરફથી એવી ખાત્રી આપવામાં આવી છે કે આવા ફંડ માટે એક સારી રકમ તેમની પેઢી તરફથી ટુંક સમયમાં કાયદાસર ટ્રસ્ટ કરી જુદી કાઢવામાં આવશે.

આપણી કોમમાં એવી સખી દીલની સન્નારીઓ પણ છે કે જેઓની એક વખત એવી ઇચ્છા હતી કે આપણી કોમ માટે વડોદરા જેવા મધ્યસ્થ સ્થળે બોર્ડીંગ કાઢી પોતાનું તેમજ પોતાના સદ્દગત પતિનું નામ અમર કરવું પરંતુ કેટલાક સંજોગોને લઇ તેમના આવા શુભ મનોરથો મનમાંજ રહી ગયા છે છતાં હવે આપણે આવી દિશામાં શરૂઆત કરેલી છે એટલે એ સન્નારીઓ તરફથી આપણે સારી મદદની આશા રાખી શકીએ છીએ.

આપણી કોમમાં ઘણી એવી સખી અને પુણ્યશાળી વ્યક્તિઓ છે કે જેઓને મોટી રકમો ધર્માદા કરવાની ઘણા લાંબા સમયથી ઇચ્છા છે. પરંતુ તે કેવાં કામો માટે ખર્ચવી તે નક્કી નહિ કરી શકવાથી આજસુધી તેઓ કંઇ કરી શક્યા નથી, હવે આપણું મેવાડા ફંડ સ્થાપન થએલું હોવાથી આવી વ્યક્તિઓને ખાસ ભલામણ કરવામાં આવે છે કે પોતાની ઇચ્છાનુસાર આ ફંડમાં રકમો મોકલી આપી પોતાની દાન કરવાની ઇચ્છા તાબડતોબ બર લાવવી. કારણ કે શુભ કામો કરવામાં જરા પણ ઢીલ થવી જોઇએ નહી, નહીંતો મનની ઇચ્છાઓ કેટલીક વખત અણધારેલી અગવડો અથવા સંજોગો આવતાં મનમાંજ રહી જાય છે. આજે આપણી સ્થીતિ સારી હોય તો આપણે કંઇપણ સારા કામમાં પૈસા ખરચી શકીએ. કાલે કોણ જાણે શું થાય અને આપણી સ્થીતિ બગડે, આપણે નિર્ધન પણ થઇ જઇએ તો પછી આપણાથી કંઇપણ સારૂં કામ થઇ શકે નહિ. આવા ઘણા દાખલાઓ બનેલા છે અને આપણે જાણીએ છીએ એટલે તે બાબત વધારે લખવાનું યોગ્ય લાગતું નથી. કેટલાક દાખલાઓમાં એમ પણ બને છે કે પેઢીઓથી સાચવેલી મીલકત કોઇપણ સારા કામમાં નહિ ખર્ચતા આખરે સંતાનોના અભાવે કોર્ટોમાં અથવા પારકા લોકોમાં તેનો વ્યય થાય છે. જીવતાં જે માણસ એક પાઇપણ કંજુસ સ્વભાવને લઇ નથી ખર્ચતો તે માણસની મરવા બાદ

તેની આખી મીલકત પારકાઓ બરબાદ કરે છે. નથી તેનું નામ કે નીશાન. પરંતુ મરણ બાદ લોકો તેની હાંસી કરે છે. માટે ટુંકમાં લખવાનું કે આવા ફંડોમાં આપેલા નાણાંનો સારો ઉપયોગ થશે, આપણી કોમનાં બાળકો ભણશે, નીરાધારોને આજીવિકા મળશે. ફંડ પુરતું થશે તો કોમ માટે બોર્ડીંગ ઉઘાડવામાં આવશે. બોર્ડીંગ માટે જોઇતી રકમ મળશે તો પુરતી રકમ આપનારના નામે બોર્ડીંગ ખોલવામાં આવશે. માટે જે ભાઇ બ્હેનોથી બની શકે તેમ હોય તેમણે ઉપરની બાબતો ધ્યાનમાં લઇ કંઇ નહિ તો પોતાનું નામ અમર કરવા ખાતર પણ સારી રકમો આ ફંડમાં ભરી મોકલશો એવી આશા છે.

આ ફંડનું કાચું બંધારણ પણ સોજીત્રા મુકામે લગનગાળા પ્રસંગે મીટીંગમાં રજુ કરવામાં આવ્યું હતું અને તે પાસ કરવામાં આવ્યું હતું, પરંતુ તે ઉતાવળમાં ઘડેલું હોવાથી તેમાં કાંઇક સુધારો કરવાની જરૂર હતી તેથી સેક્રેટરીને આપેલી સત્તાની રૂએ તેમણે બનાવેલા પાકા બંધારણની નકલ પણ આ સાથે પ્રગટ કરવામાં આવે છે જે આપ બધા વાંચશો તો જણાશે કે આ ફંડની વ્યવસ્થા આપણે નીમેલી કમીટીદ્વારા કરવામાં આવશે અને આવી કમીટીઓ દર લગ્ન ગાળા પ્રસંગે નવી ચુંટવામાં આવશે અને ફંડની રકમ કોઇપણ એક ઠેકાણે નહિ રાખતાં ફંડના ટ્રસ્ટીઓ ટ્રસ્ટના કાયદામાં લખ્યા પ્રમાણે રોકશે એટલે ફંડની ગેરવ્યવસ્થા થવાની અથવા ઉચાપત થવાની અથવા ડુબી જવાની જરાપણ ધાસ્તી આપણને રહેતી નથી.

વીસા મેવાડા મદદ ફંડના બંધારણ તથા નિયમો.

૧. સોજીત્રા સંભાના વીસા મેવાડા કોમની કેળવણી માટે તથા નિર્વાહનાં પુરતાં સાધન નહિ હોય તેમને યોગ્ય મદદ આપવા માટે તથા નાણાંની પુરતી સગવડ થતાં કોમનાં વિદ્યાર્થીઓને રહેવા જમવાની સગવડ થતાં વડોદરા જેવાં મધ્યસ્થ સ્થળે બોર્ડીંગ ઉઘાડવા માટે આ ફંડ કરવામાં આવ્યું છે.

૨. આ ફંડમા પૈસા આપનારાઓના વર્ગ તથા હક નીચે પ્રમાણે છે.

વર્ગ	લવાજમ
(અ) પેટ્રન { વંશ પરંપરાના સભ્ય	રૂ. ૨૫૦૧)
(અ) પેટ્રન { જીંદગી પર્યંતના સભ્ય	રૂ. ૧૦૦૧)
(બ) વાઇસ–પેટ્રન	રૂ. ૫૦૧)
(ક) સાધારણ સભાસદ	રૂ. ૧૦૧)
(ખ) હિતેચ્છુ	રૂ. ૧) થી ૧૦૦) સુધીની કોઇપણ રકમ

૩. આ ફંડની વ્યવસ્થા પેટ્રનો ઉપરાંત બીજા નવ સભ્યોની બનેલી એક વ્યવસ્થાપક કમીટી દ્વારા કરવામાં આવશે. આવા નવ સભ્યો, વાઇસ–પેટ્રનો તથા સાધારણ સભાસદો વધુ મતે પોતામાંથી ચુંટી કાઢશે.

૪. વ્યવસ્થાપક કમીટીનું કામકાજ વધુ મતે કરવામાં આવશે.

૫. આ ફંડમાં જેણે ઓછામાં ઓછા રૂ. ૧૦૦૧) આપ્યા હશે તે વ્યવસ્થાપક કમીટીના જીંદગી પર્યંતના સભ્ય ગણાશે અને જેણે ઓછામાં ઓછા રૂ. ૨૫૦૧) આપ્યા હશે તેઓ વંશપરંપરાના સભ્ય ગણાશે.

૬. એક વર્ગમાંથી બીજા વર્ગમાં જવા ઇચ્છનાર સભ્ય પાસેથી બાકીનું લવાજમ લઇને તેમને ઉપલા વર્ગમાં લેવામાં આવશે.

૭. પેટ્રન સિવાયના કોઇપણ વર્ગના સભ્યની હયાતી બાદ તેમના વારસોએ નક્કી કરેલો એક વારસ રૂ. ૧૫) આ ફંડમાં આપશે તો તે મરનારના વર્ગના હક ભોગવી શકશે. જીંદગી પર્યંતના સભ્યની હયાતી બાદ તેમના વારસોએ નક્કી કરેલો એક વારસ રૂ. ૧૫) આ ફંડમાં આપશે તો તે સાધારણ સભ્યના હક ભોગવી શકશે.

૮. આ ફંડમાં રૂ. ૧૦૧) થી ઓછી રકમ આપનાર આ ફંડની કોઇપણ મીટીંગમાં મત આપી શકશે નહિ.

૯. આ ફંડમાં રકમ જો પેઢીના નામે ભર-

વામાં આવી હશે તો પેઢીના ભાગીદારોએ નક્કી કરેલા એકજ ભાગીદાર જે વર્ષનું લવાજમ પેઢી તરફથી ભરવામાં આવ્યું હશે તે વર્ષના હક ભોગવી શકશે અને રકમ જો સંયુક્ત કુટુંબના કોઇ સ્વર્ગસ્થ વડીલના નામે ભરવામાં આવી હશે તો આવા કુટુંબના એકવીસ વર્ષની ઉપરની વયના કુટુંબીઓએ નક્કી કરેલી એકજ વ્યક્તી જે વર્ષની રકમ વડીલના નામે ભરવામાં આવી હશે તે વર્ષના હક ભોગવી શકશે.

૧૦. દર લગનગાળા પ્રસંગે સોજીત્રા મુકામે નવી વ્યવસ્થાપક કમીટીની ચુંટણી કરવામાં આવશે અને તેને માટે એક સાધારણ સભા સેક્રેટરી બોલાવશે અને આવી મીટીંગની નોટીસ સોજીત્રાના દિ. જૈન મંદિરો તથા શાસન દેવી માતાના મંદિર ઉપર મીટીંગના ત્રણ દિવસ અગાઉ ચોંટાડવામાં આવશે. આવી મીટીંગમાં સેક્રેટરી ફંડના કામકાજનો રીપોર્ટ વાંચી સંભળાવશે અને ફંડ પુરતું હશે તો રીપોર્ટ છપાવી સભ્યોને વહેંચવામાં આવશે.

૧૧. વ્યવસ્થાપક કમીટીના સભ્યો પોતાનામાંથી એક પ્રમુખ, ઉપપ્રમુખ, અને સેક્રેટરી ચુંટી કાઢશે.

૧૨. ફંડના નાણા વ્યવસ્થાપક કમીટી તરફથી નીમાયલા ત્રણ ટ્રસ્ટીઓને સ્વાધીન રહેશે અને ટ્રસ્ટીઓ ફંડનાં નાણાં ટ્રસ્ટના કાયદા પ્રમાણે રોકશે. નિવેદક—

મોહનલાલ કાળીદાસ શાહ, સેક્રેટરી

શાહી બંગલો, બારમો રસ્તો–ખાર (મુંબઇ).

નોટ—જે પ્રમાણે વીસ મેવાડા ભાઇઓએ જ્ઞાતિના ભાઇઓની ઉન્નતિ અર્થે મદદ ફંડ સ્થાપન કર્યું છે તેજ પ્રમાણે વીસા હુમડ, દશા હુમડ, નૃસિંહપુરા, રાયકવાળ વગેરે જ્ઞાતિઓએ પણ સ્થાપન કરવાની જરૂર છે. ઉપલા ફંડના સેક્રેટરી શ્રી. મોહનલાલ કાળીદાસ સોલીસીટર એક અગ્રગણ્ય, કેળવાયલા, ઉત્સાહી અને પરિશ્રમી ભાઇ નીમાયા છે જેથી પૂર્ણ આશા રહે છે કે એ ફંડ સારા પાયા ઉપર આવશેજ. વીશા મેવાડા ભાઇઓનું આ પગલું અભિનંદનીય અને અનુકરણીય છે.

ધંધાની પસંદગી.

લે–ચુનીલાલ મ. શાહ, મેડીકલ કૉલેજ અમદાવાદ.

કોઇપણ વિદ્યાર્થી જ્યારે મેટ્રીકમાં પાસ થાય છે ત્યારે તેણે હવે કઇ લાઇન લેવી તથા કયો ધંધો પસંદ કરવો એ સવાલ તેને મુંઝવી દે છે, તો હું મારા અલ્પ અનુભવથી તથા અલ્પબુદ્ધીથી જે અભિપ્રાય આપું છું તેને વાંચક ધ્યાનમાં લે તેમ ઇચ્છું છું.

પ્રાચીન સમયમાં જ્યારે અમુક કોમને અમુક ધંધો કરવાનોજ હક હતો ત્યારે આ સવાલની જરૂર રહેતી નહિ ને બાપદાદાથી ઉતરી આવેલો ધંધો પુત્ર પણ રકતો ને તેમાં સંતોષ માનતો. પણ હવે તે વખત ગયો છે. પશ્ચિમના પવનના સુસવાટાઓએ તથા આવા વંશપરંપરાના ધંધા ભાંગતા જતા હોવાથી વિદ્યાર્થીએ ભણીને કયો ધંધો પસંદ કરવો એ સવાલ અગત્યતા ભોગવે છે. જમાનો બદલાયો છે, ખર્ચો વધ્યા છે, અને કમાવનારને એમજ માલુમ પડે છે કે મારી આવક ગઇ કયાં !

યુનીવર્સીટીઓમાંથી ઉપાધીઓ મેળવીને ઘણા વિદ્યાર્થીઓ બહાર પડે છે ને કેટલાક પોતાના અભ્યાસનું ગાડું ભવિષ્યની મોટી આશાઓનાં સ્વપ્ના સેવતાં હાંકે જાય છે. મા બાપો પણ પોતાનો પુત્ર સાહેબ થશે ને પોતાને ભવિષ્યમાં સુખ આપશે એ આશાથી દુઃખ વેઠીને પણ રાક્ષસી ખર્ચ પુરૂં કરે છે. બિચારા વિદ્યાર્થીઓ બેકારીની સુગંધી સેવ્યા કરે છે. વકીલ અને ડોકટરો પૂરતા થઇ પડયા છે. મેડીકલ લાઇનમાં તો એવી પડાપડી ચાલી છે કે તે લાઇનમાં કેવી રીતે દાખલ થવું એજ મુશ્કેલ થઇ પડયું છે. કેટલી લાગવગોને સીફારશો લગાવવા છતાં બીચારા નાસીપાસ થઇ વર્ષો ગુમાવે છે.

આવા વખતમાં દેશ, સમાજ, કે જ્ઞાતિ જો આવા પ્રશ્નને હાથમાં નહી લે તો આનું પરિણામ ખરેખર ગંભીર આવે તેમ છે. આજે એક

વિદ્યાર્થી મેટ્રીક પાસ થઇ કોઇને નવીન ધંધા માટે પૂછે છે તો સામા માણસને પણ જવાબ આપવો મુશ્કેલ થઇ પડે છે. આ બધાનું ખાસ કારણ એજ છે કે આપણા કેળવાયેલા વર્ગને જાત મહેનતનો તથા જોખમદારીનો **સ્વતંત્ર ધંધાપર અણગમો** છે. હવે આ અણગમો કેવી રીતે દૂર કરવો તે પણ એક અઘરો સવાલ છે. આપણને તો એવો ધંધો ગમે છે કે જેમાં મુડી રોકવાની ન હોય, ખુરશીમાં બેઠાં બેઠાં હુકમ કરવાનો હોય, કોઇ જાતની જોખમદારી ન હોય, ને મોજશોખ મારવાની હોય. હવે આપણે પણ વિચાર કરવો જોઇએ કે ખુરશીઓમાં જો બધા બેસશે તો હુકમ કોના પર કરશે માટે એ ખુરશીઓના મોહ છોડી હવે **જાપાન** તથા **અમેરીકાનો** દાખલો લ્યો. પરદેશ નીકળી પડી કળા, હુનર ઉદ્યોગો શીખો ને પૈસો દેશમાં ખેંચી લાવો. આપણામાંથી કેટલા વીર પુરૂષો નીકળ્યા કે જેઓએ મોટી કંપનીઓ ખોલી દુનીઆમાં ચાલતા મોટા વેપારો હાથ કર્યા? જૈન સમાજ પોતાને ભાગ્યશાળી ત્યારેજ ગણશે કે જ્યારે તેના પુત્રો પરદેશમાં જઇ સારા ઉદ્યોગ હુનરો શીખી ચાલી રહેલી પ્રગતિમાં મોખરે રહેશે. **આપણાં ફંડો શું કરવાનાં! પંચોની મીલ્કતો શું કરવાની!**

ટુંકામાં કહેવાનું કે હવે વિદ્યાર્થીઓએ ભણીને કળા તથા હુન્નર ઉદ્યોગ પરદેશથી શીખી લાવવાની ખાસ જરૂર છે અને જો તેમ નહિ કરે તો ભવિષ્યમાં શોષવાનો વખત આવશે. જેઓ પરદેશ ન જઇ શકે તેઓએ વડોદરાના **કળાભવનમાં** દાખલ થઈ તેમાં શીખવાતા હુનર ઉદ્યોગો શીખવા જોઇએ.

સમાજનો પણ ધર્મ છે કે આવા ધંધાઓને પ્રથમ સ્થાન આપવું ને આવા ધંધાઓ કેળવાયેલા વર્ગને આકર્ષે તેમ કરવા પ્રયત્ન કરવો. પંચનાં ફંડો તેમાં કરી જે નાતો કરવાના કામમાં વાપરે છે તે કરતાં જો આવા કામમાં વપરાય તો તે પૈસો જરૂર ઉગી નીકળશે.

માસિક નિવેદન.

ગુજરાતના દિગંબર જૈનોમાં દિન પ્રતિદિન ઐકયતાની ભાવના પ્રકટ થતી જાય છે. **વીશા હુમડ પંચ** સુરતની મળી ઐકયતા કરી બંધારણ તૈયાર કરે છે. **રાયકવાળ ભાઇઓની** ભાવના તો જ્યાં ત્યાં મળવાની છે. શ્રીમંત ગાયકવાડ સરકારના કાયદાને આગળ કરી તેઓ તો માને છે કે જ્યા ત્યાં બધા દિગંબરીઓ મળેલાજ છીએ. જે કોમ હવે અંતરાય રાખતી હોય તેણે તે અંતરાય છોડી દેવા જોઇએ. હાલમાં વીસાહુમડ ભાઇમાં રાયકવાળની કન્યા આવી, હવે વીશા હુમડ ભાઇઓનું પંચ મળી પોતાની એકમેક થવાની મનોવૃત્તિ જાહેર કરે એટલીજ વાર છે. તેમાં આગેવાનો તો સુરત પરિષદ ભરનારજ એટલે કાંઇ વાંધો આવે એમ જણાતું નથી. પણ હજી વિસ્તૃત પત્રક તૈયાર કરી મોકલવા જેટલી ફુરસદ આગેવાનને મળતી નથી એ ઠીક ન કહેવાય.

સરૈયાજીનો ફફડાટ ખુબ થયો. ગયા અંકમાં પંચ તોડવાના વિચારો જાહેર કર્યા છે. આ ગામમાં વરસાદથી ટેકા પડયા તો નથી? એ ભાઇ જાણતા નહિ હોય કે સમાજ જુથ નહિં હોય તો છુટા દાણા કયાં વિખરાઇ જશે? **નરસિંહપુરાનું** અને દિગંબરોનું તો નામ નિશાને શોધ્યું નહિ જડે!! ભાઇ ગમે તેવા ભાંગા તુટા સમાજને આ જમાનાના રંગ ચઢાવી તેમાં વેજ આણે તો ઠીક પડે. કહેવાય છે કે **જુહારી, બ્યારાના** નરસિંહપુરા તના વિચારના થતા નથી. પણ પંચ મેળવી પ્રયત્ન કયારે કર્યો? જુહારીમાં બે ઘરને બાવીશ વર્ષથી અલગ રાખ્યા છે. તે પૈકી એક બાઇ હાલ સાથે જુદી છે એ બ્હેનને જરા નમ્રુ અપાય તો શું? અને એક ભાઇ તો આ માદ ચારામાં જતા રહ્યા છે. આમ અલગ રાખવાના કે રખાવવામાં જુહારી-

વાળાની શી બહાદુરી મનાતી હશે? કંઇ દાદાના ડાપાના કે મંદીરનું ભેણું નિકળતું હોય તે પૈકી યથાશક્તિ આપે તેટલું લઇ લેવું જોઇએ. સરકારની મુદત ત્રણ વર્ષની, ન્યાતિ સરકારની કંઇ મુદતજ નહિ? શક્તિ નહીં હોય તો માંગો તેટલા રૂપીયા કયાંથી લાવે? તેનાં હાડકાં કંઇ વિલાય છે? આટલો ઝઘડો ખુહારીના શેઠીયા નહિં પતાવે તો કુસંપ વધવાના ભણકારા વાગી રહ્યા છે.

એક વિધવા બાઇને ન્યાતમાં સાથે જોડી હોય તેમાં આબરૂ શી નીચી પડે છે? પર્યુષણના **ઉત્તમ ક્ષમાના** દિવસો આવે છે તે પહેલાં જ્યાં જ્યાં તકરારો હોવ તે મટાવી પરસ્પર ઉત્તમ ક્ષમાના ભાવથી ભેટીએ. તેમ નહીં કરીશું તો દશ અપવાસ, ત્રણ અપવાસ, તેની પૂજા પ્રભાવના જે કંઇ કર્યું હોય તે બધું એ વ્યર્થ સમજવાનું છે. અરે સામાજીક ઝઘડા–હું મોટાના અહંપદમાં ઝહેરના મંદિરમા પૂજા પણ થતી બંધ કરનાર એ પક્ષના **નરસિંહપુરા** ન–સિંહ–પુરા માણસમાં પુરા સિંહ સમાન થઇ સામાસામી ઘુરકી કરનાર અહિંસાવાદીઓ તમો પર્યુષણ કરશો કે? ઉત્તમ ક્ષમાની પૂજા કરશો કે? હૃદય શૌચ કરશો કે? કે "ચોખા, બદામાદિ પૂજાપો ભગવાન લે અને ઘેર જવા દે" કરવું છે? સમાજમાં પરસ્પર પ્રેમથી બીજા જીવને દુઃખ નહિં લાગે તેનો સંભાળ રાખનારા જૈનોને ઝઘડા શોભે છે!

કલોલના કુમળા હૃદયના **નરસિંહપુરા** ભાઇઓએ પંચ મેલવ્યું. કંઇ ખર્ચ કરી ન બ્યો, **રાયકવાળ** ભાઇ જોડે એકત્ર થવા ઠરાવ કર્યો. એવા ઠરાવ કરવા તો ૧૯૪૨ની સાલમાં કલોલમાં કયાં નહોતા મલ્યા? પણ તમે રાયકવાળ–સંઘ પરાની માફક નીચી મુડી કરી દસ્તાવેજ કરી આપો એવી માંગણી કરવાનો તે વખતના જમાનો તો ગયો–પછી બ્યારાવાળા પાનાચંદ શેઠ ને કલોલના ચંદુલાલ વખારીયાએ એકત્ર થવા પ્રયત્ન કર્યો. સરૈયાજી તો ઝઝુમતા રહ્યા છતાં ૪૮ વર્ષે પાછા કલોલમાંજ નરસિંહપુરા અને રાયકવાળના પંચોએ એકત્ર થવાના ઉમળકા માત્ર ઠરાવ કરીને દર્શાવ્યા છે, છતાં તે ઠરાવના શબ્દોની ગુંથણી કંઇક હાસ્ય ઉત્પન્ન કરે છે. પહેલા ઠરાવમાં લખાય છે કે—"પરસ્પર કન્યા આપ લે કરવાનો ઠરાવ કરવામાં આવે છે" પછી બીજા ઠરાવમાં લખાય છે કે "ધારા ધોરણ બકી છે તે બીજી બેઠકમાં લાવવામાં આવશે તો બધા ઠરાવો પસાર કરી આખરના અમલમાં મુકવા સર્વાનુમતે ઠરાવશે ત્યારથી તે અમલમાં આવશે ત્યારથી તે ઠરાવ મુજબ વર્તવાનું છે."

રાયકવાળ ભાઇ તેમજ નરસિંહપુરા ભાઇઓ શ્રીમંત ગાયકવાડ સરકારનાજ ઘણા ગામોમાં રહે છે તેમને તો વગર ધારા ધોરણે એકત્ર થવાની છુટ છે. વિરોધ કરનારને દંડ થાય છતાં તે છુટ જતી કરી "સર્વાનુમતે ઠરાવશે ત્યારથી અમલમાં આવશે" ત્યારથી તે ઠરાવ મુજબ વર્તવાનું છે" એમ લખવાની શી જરૂર હતી? નરસિંહપુરા કોમ પોતાની જ્ઞાતિના ઝઘડાનો નિકાલ નહિ લાવે તો બીજા ૪૮ વર્ષ બગડી જાય એમ નહિં માને? નરસિંહપુરા ગામના પક્ષની તો હુંડાઇજ જબરી–જરા પેટનું પાણી હાલતુ નથી. વળી તેજ પક્ષના કલોલના એક સમજુ ભાઇ એ જ્ઞાતિ ત્રાસ નિવારણ કાયદાનો સહારો લઇ પોતાનું નોતરૂં કાપવા બદલ સામા પક્ષને નોટીસ આપ્યાનું જણાય છે એટલે એ લખવું હવે નકામું છે. જોઇએ છીએ કાયદો કયાં ઉંટ બેસડે છે? નોટીસ મળી એટલે પંચ વિખરાઇ જઇ આશો માસમાં ફરી મળવાનું ઠેરવી સૌ કોઇ વિદાય થયા. સુરત, આમોદના નરસિંહપુરાને તો પાછળથી તાર મુકાયા હતા અને વળી પાંચ ગામના અન્ન પક્ષ સાથે નહિ મળેલા એટલે બીજા બે ગામના ચોરાવાળા કલોલ જાય પણ શેના!

એ કોમનો ઝઘડો તો સાતે ગામની તમામ નરસિંહપુરાની કોમની સમગ્ર પંચ

મેળવાય તો સ્હેજે પતે એમ છે. એ માટે કલોલજ કેંદ્ર બનવું જોઇએ. ૧૧ વર્ષે ઉચ્ચના સંસ્કારવાળો શુદ્ર જો જૈન થઇ શકે-શુદ્રની કન્યા પણ લઇ શકાય એમ આદિનાથ પુરાણ કહે છતાં જૈનનીજ પુત્રી ત્રણ ત્રણ પોતાને હોય એવા ધર્મ સંસ્કારી ભાઇ મૂળચંદ દામોદરને તો હજી અપનાવી લેવાતા નથી ? શ્રી મગન હરજીવનનો બહિષ્કાર એક પક્ષેજ કર્યો હતો તે પક્ષે બહિષ્કાર હજીએ ઉઠાવ્યો નહીં ? એ બહિષ્કાર તો પ્રત્યેક ગામના અમુક પક્ષનો હતો. એને કાંઇ સમગ્ર પંચે-કે સાત ગામે બહિષ્કૃત કર્યો નથી તો પછી શા માટે મનના મેલ મુકાતા નથી ? એ ન્યાતનાં કેટલીએ બ્હેનોનાં અતર બળે છે. કોઇના વિવાહીત પુત્રને વિવાહીત કન્યા પસંદ નથી. કોઇની કન્યા કંઇ ઉઠાવે વધી ગઇ છે. કોઇ કન્યા ને વર પસંદ નથી તો કોઇ વરને કન્યા પસંદ નથી એમ જુવાન હૃદયો કોઇ સૌદર્યના પર, કોઇક કહેવાતા પ્રેમપર મોહીત થઇ સમાજના કંઇ નિયમને તોડવા મથન કરી રહ્યાં છે. બાળ વિવાહના અનિષ્ઠ ફળ દર્શાવી રહ્યાં છે. ખુદ મેવાડા કોમ વિવાહ નહિં તુટવા દેવામાં આગ્રહી હતા તે કોમમાં પણ બે વિવાહ તુટયા અને જમાનાને અનુસરીને તેમને કંઇએ દંડ થવાની આશાજ નથી, તો હવે વૃદ્ધ—આગેવાનો સમાજના સુધારા આ જમાનાને અનુસરતાં કેમ કરતા નથી ? હજીએ મોડું કરવું છે ? વધુ અનિષ્ટ ફળ નજરે જોવાં છે ?

સાંભળ્યું છે કે પાલીતાણામાં પુનઃ પ્રતિષ્ઠા માગસર માસમાં છે, ત્યાં જો ગુ. પ્રાંતિક સભાની બેઠક ભરવાની થાય તો તો ઉત્તર ગુજરાતના દશા હુમડ ભાઇઓનું સંગઠન પુરી રીતે ફતેહમંદ નીવડે. અને ઉત્તર વિભાગના દશા હુમડજ એકત્ર થાય તો ગુજરાતના અડધા દિગંબર જૈન એકત્ર થયા મનાય. છે કોઇ સભાને આમંત્રણ કરનાર ? આ વાસમાં જો જવાબ નહિં આવે તો તો પ્રાંતિક સભાની બેઠક માટે આપણું પાવાગઢનું સ્થાન નક્કીજ છે.

વિશા મેવાડા ભાઇઓએ—યુવકોએ—સેવા દળે, સેવિકા દળે, કાંઇ તૈયારી કરવા માંડી કે ? વૈશાખ માસના લગનગાળામાં થાકી જઇ ઘેર સુતાજ કે ? યુવક સંઘની પત્રિકા ક્યાં છે ! સેવાદળના સેનાપતિના નામ ક્યાં છે ? તેમના ગામના કરેલા કામ ક્યાં છે ? પ્રારંભ શુરાજ ગણાઇશું કે ? અગર પાલીતાણા કે પાવાગઢ પર પાછા ભાષણ કરીને નાટકજ કરીશું કે ?

શાબાશ છે સોજીત્રાના ભગવાનદાસ શેઠને અને બીજાને કે અંકલેશ્વર, કરમસદ આદી સ્થાનોએ ફરી ફરીને મેવાડા ધર્મશાળાનો ફાળો પુરો કરે છે, ઝંપતા નથી, પણ ભાઇ પેલા લેણા ફંડ રૂપીયો લેવા મેવાડા પંચે ઠરાવ કર્યો તે તો ચોપડેજ રહ્યો કે ? ઉઘરાણી કરનાર જાગ્રત છે ? મેવાડા મદદ ફંડના ઉત્સાહી મંત્રીની પત્રિકા તો ગામેગામ ગઇ, પણ પત્રિકા નાણાં નથી લાવતી. મોજમાદાર માણસો જ્યાં જાય ત્યાંથી નાણાં આવે. ફરે તે ચરે, તેમ હમારા મંત્રી પણ હવે બહાર ફરવાનો કાર્યક્રમ ઘડે તો ઠીક. એઓ કાંઇ નાણા એકઠા કરવા નહિં નીકળે પણ પ્રાંતિક સભાના પંચવાર પ્રતિનીધી—સભાસદ બનાવી પ્રાંતિક સભાને શોભાવશે તે માટે બનતું કરશે અને આવતી પરિષદમાં પંચો માર્ફતના ઠરાવો મેળવી—ઝગડા હોય ત્યાં નિકાલ કરતા જશે એવી આશા રાખી શકાય. સેવક તેમની સાથેજ હોય.

ગયા માસમાં સુરતમાં દિ. જૈ. યુ. સંઘના સેક્રેટરી ભાઇ ખીમચંદ ફક્ત ચાર દીવસની બેમરી સ્વર્ગવાસી થયા. એથી એ સંઘને તેમજ ગુજરાતના દિ. જૈનોને દીલગીરી ઉત્પન્ન થઇ છે. એઓ સ્વભાવે શાંત અને મુંગુ કામ કરનાર હતા. પાછળી કોઇ નથી, બ્હેનો સારે ઘેર છે. મીલ્કતનું વીલ કરી શકયા નહોતા. આ ભાઇનું સાચું અમર નામ રાખવું હોય તો પાઠશાળા માટે અગર

વિદ્યાર્થી માટે સ્કોલરશીપ કે દિ. જૈન લાયબ્રેરી તેમના નામની સુરતમાં કાઢવી જોઈએ. તેઓની ભાવનાજ તેવી હતી.

ગયા અંકના લેખો—જ્ઞાતિ પર આક્રમણ અને તે સાથે સમાજમાંજ વ્યક્તિ સ્વાતંત્ર્ય એ સમાજ બંધારણમાં મોટા ભય સમાન ભાસે છે. એ ગુ. દિ. જૈન પ્રાંતિક સભાના સમાજ બંધારણ પર રચાયલા ઠરાવ પણ ઉચ્છેદન રૂ જણાય છે. પણ આપણે તે બે બાજુ જોવાની છે. યુવકો ધારે છે, ઉત્સાહ ધરાવે છે તેટલે દરજ્જે કર્તવ્ય પાલન કરવામાં તેઓ હોય તો તો ક્યારનું એ મોટનું કામ આગળ આવત અને જે ઘડાયલા પંચના આગેવાનોને એમનું કર્તવ્ય ઠીક લાગતું નથી તેઓ જલ્દી જાગૃત થઈ કંઈ સુધારા પણ જલ્દી દાખલ કરત. હજીએ આગેવાનોને આ તકે વિનવું છે કે યુવકો વધુ આગળ ધપે તે પહેલાં જ્ઞાતિના ઝઘડા દૂર કરો. ગુ. દિ. જૈન પ્રાં. સભાના પાયા પાકા કરો. સુધારાના ઠરાવ કરો. જુદા જુદા પંચો મળી ગુજરાતનો એક વાડો કરો. ગયા અંકના બીજા ભાગમાં ગુજરાતના ત્રણ વાડા કરવાનું એક ભાઈ કહે છે. તે ખરી રીતે તો સંસ્કાર, રીત રીવાજ, પહેરવેશ આદિથી તો વ્યાજબી છે પરંતુ આ રેલ્વે ને તારના જમાનામાં અને તેમાં વળી ખુદ રી, બારા સાથે કલોલના મખીઆવના જોડાણ, તેમજ સુરત સાથે ભાવનગરના જોડાણ, અંકલેશ્વર સાથે સેજીત્રાના જોડાણ આ બધું સૂચવે છે કે આખરે ગુજરાત એક છે અને એકજ રહેવાનું છે.

લી० સેવક,

હીરાલાલ પી ગાંધી-મહામંત્રીના વંદન

ઉત્તમ ક્ષમાવણીના કાર્ડો ।।।) સો

" " ની ચિઠ્ઠીઓ ।।) સો

દીવાળીના કાર્ડ તથા ચિઠ્ઠીઓ પણ એજ પ્રમાણે મળશે

મેનેજર—દિ. જૈન પુસ્તકાલય-સુરત.

આદર્શ જ્ઞાતિ
યાને
જ્ઞાતિ સુધારણાના માર્ગો.

(લેખક—ડા૦ વીરચંદ છગનલાલ શાહ-વસો હાલ રતનપુર, કાઠીયાવાડ)

મનુષ્ય પ્રકૃતિજ એવી છે કે સંપૂર્ણ પરિપૂર્ણતા ભાગ્યેજ કોઈ સ્થળે માલુમ પડે છે, તેવીજ રીતે કોઈપણ જ્ઞાતિ એવી નથી કે જેની બધીજ રૂઢીઓ લોકોને તેમજ સમાજને સુખરૂપ હોય, છતાંએ જો સંપૂર્ણ આદર્શનું ધ્યેય રાખી જ્ઞાતિના કાર્યવાહકો ઉત્સાહથી કાર્ય કરે તો આદર્શતાએ નહી તો આદર્શતાની સીમાએ તો જરૂર કોમને લઈ જાય. એ હેતુથી નીચે એક આદર્શ જ્ઞાતિ કેવી હોઈ શકે તેનું વર્ણન કરવામાં આવ્યું છે:—

પંચ—આદર્શ કોમનું પંચ એક સુવ્યવસ્થિત બંધારણ પૂર્વક તૈયાર થયેલું હોવું જોઈએ કે જેથી તેમાં દરેકનું પ્રતિનિધિત્વ હોવાથી કોઈને અસંતોષ રહે નહી અને પંચના ઠરાવોનું સહેલાઈથી પાલન થઈ શકે. પંચના કાર્યવાહકો એવા હોવા જોઈએ કે જેઓ અંગત સ્વાર્થનો ભોગ આપીને પણ જ્ઞાતિનું હિત ધ્યાનમાં લઈ જ્ઞાતિના પ્રશ્નનો નિવેડો લાવી શકે તોજ તેમનો પ્રભાવ જ્ઞાતિ જનો પર પડી શકે.

કેળવણી—આદર્શ જ્ઞાતિમાં પુત્ર તથા પુત્રીને સમાન ગણીનેજ શારીરિક, માનસિક તેમજ ધાર્મિક કેળવણી આપવામાં આવે. જ્ઞાતિના દરેક બાળકની અભ્યાસની બધીજ જરૂરીયાતો જ્ઞાતિ તરફથીજ પુરી પાડવામાં આવે.

લગ્ન—આદર્શ જ્ઞાતિમાં-૧—એકવીશ વર્ષ પહેલાં. કમાવાની શક્તિ આવ્યા પહેલાં છોકરાનું લગ્ન ન કરવામાં આવે.

૨—લગ્ન પહેલાં થોડાજ વખતે વિવાહ (સગપણ) કરવામાં આવે.

૩—વર કન્યા વચ્ચે ઉંમરનું યોગ્ય અંતર તેઓની કેળવણી સંસ્કાર અને યોગ્યતા ધ્યાનમાં લઇ એક બીજાને સંસર્ગમાં લાવી, બન્નેની સમ્મતિ લઇનેજ વિવાહ તેમજ લગ્ન સંબંધ જોડવામાં આવે.

૪—લગ્નનું ક્ષેત્ર વિશાળ હોય કેમકે ટુંકા ક્ષેત્રમાં એ કજોડાં પેદા કરવાનું ભારે કામ કર્યું છે.

૫—લગ્નમાં ગહેણું, પરઠણ તેમજ રીત એ વગેરે રૂઢીઓ સદંતર બંધ હોય.

૬—લગ્નવિધી સાદાઇથી ઉદ્દેશો સમજાવી ધાર્મિક રીતથીજ ઉજવાતી હોય.

૭—લગ્ન વખતે જ્ઞાતિ સંસ્થાઓને યોગ્ય દાન અપાતું હોય.

જમણવાર—આદર્શ જ્ઞાતિમાં શ્રીમંત તેમજ મરણ પાછળનાં મોટાં જમણવાર સદંતર બંધ હોય.

મદદ—કોમનાં બેકાર તેમજ ગરીબ કુટુંબોને ગામેગામ ઉદ્યોગશાળાઓ ખોલી તેમાં જ્ઞાતિ બંધુઓનેજ રોજી યોગ્ય પગાર આપી કોમની આર્થિક સ્થિતિ સુધારવાની જવાબદારી આદર્શ કોમમાં જ્ઞાતિજ ઉપાડી લે અને અશક્ત કુટુંબોને પુરતી છુપી મદદ જ્ઞાતિ સંસ્થા તરફથી અપાય. ઉદ્યોગશાળાઓમાં ગૃહ ઉદ્યોગ વિભાગ ખોલી તેમા તૈયાર થતી વસ્તુઓને ઉત્તેજન આપવાથી જ્ઞાતિની બાઇઓ તેમજ વિધવાઓ પણ કમાણી કરી શકે.

વિધવા—કોમની દરેક વિધવાને જ્ઞાતિ તરફથી ખોલવામાં આવેલ શ્રાવિકાશ્રમ કે વિધવાશ્રમ જેવી સંસ્થામાં રહેવાની પૂરતી સગવડ જ્ઞાતિ તરફથી કરવામાં આવે અને જેમને સંસ્થામાં રહેવાને સંયોગો અનુકુળ ન હોય તેમને દરેકને માસિકથી રહી શકે તેટલી રકમ છુપી રીતે જ્ઞાતિ સંસ્થા તરફથીજ મોકલવામાં આવે. એવા સગવડ કરવામાં આવે તોજ પોકાંની પ્રથા સદંતર બંધ થાય એ આવશ્યક છે.

ફંડ—જે જ્ઞાતિમાં આવી વ્યવસ્થા હોય તે જરૂર આદર્શ કહી શકાય એમ મારૂં માનવું છે, પરંતુ કોમને ઉપરે પ્રમાણે વ્યવસ્થા કરવાને એક ઘણાજ મોટા ફંડની જરૂર પડે પણ તે ફંડને માટે લગ્ન વગેરે પ્રસંગોએ, તથા મરણાન્તે થતા દાન પ્રસંગે અને ધનવાન ગૃહસ્થો પસેથી વધારેમાં વધારે મદદ લઇ જોઇએ તેટલી રકમ થોડા વખતમાં મેળવી શકાય. જ્ઞાતિ બંધુઓએ સમજવુંજ જોઇએ કે આ ફંડ આપણે માટેજ છે અને કોઇ પ્રસંગે આપણને નહી તો આપણી ભવિષ્યની પ્રજાને તો જરૂરજ કામ લાગશે.

જ્ઞાતિ સુધારણા—મૂળથી કોમનું બંધારણ તો સુખને માટેજ રચવામાં આવેલું હોય છે પણ મનુષ્ય જેમ એક બાબત વારંવાર કરે છે અને ટેવ પડી જાય છે અને એ ટેવ જ્યારે દૃઢ થાય છે ત્યારે તે એટલો ઊંડો પાયો નાખે છે કે તે ટેવ છોડવી અને પોતાનો વગર હાલતો દાંત પોતાને હાથે ખેંચી કાઢવો એ બન્ને સરખું લાગે છે. માટે 'પડી ટેવ તે તો ટળે કેમ ટાળ્યા' એ કહેવત અનુસાર પડેલી ટેવ સહેલાઇથી ટળી શકતી નથી. વ્યક્તિને માટે જેમ ટેવ છે તેમ સમાજને માટે રૂઢી છે. એક વ્યક્તિ અમુક વસ્તુ સારાસારનો વિચાર કર્યા વગર કરે, તેનુ દેખાદેખી બીજાઓ વારંવાર કરે અને આવું લાંબો વખત ચાલવાથી રૂઢી સ્થાપિત થઇ જાય છે અને રૂઢીનું બળ પુરેપુરું જામી ગયા પછી તો તે બંધ કરવી, ફેરવવી, કે સુધારવી એ બહુજ મુશ્કેલ અને ઘણી વખત તો અશક્ય થઇ પડે છે અને જ્ઞાતીનું મુખ્ય હથીઆર બહિષ્કાર હોવાથી રૂડા ઉદ્દેશથી શરૂ થયેલી રૂઢી અથવા દેખાદેખી ચાલુ થયેલી રૂઢી કાયમને માટે ટકી રહે છે ભલેને પછી મૂળ ઉદ્દેશથી તેનું પરિણામ વિપરીત આવતું હોય. છતા અનિષ્ટ રૂઢીઓમાંની કેટલીક પ્રયત્ન કરવાથી ફરી શકે તેમ છે, પરંતુ આ પ્રયત્નો એક બે ચાર કે દશ વ્યક્તિઓ તરફથી નહીં પણ ઘણી

વ્યક્તિઓ તરફથી થવા જોઇએ. થોડી મુદત માટે નહી પણ વર્ષોનાં વર્ષો સુધી સતત ચાલ્યા રહેવા જોઇએ. એક ગામમાં કે જુથમાં નહીં પરંતુ બધાં ગામોમાં થવા જોઇએ. દેખાવ કે ડોળની ખાતર નહીં પણ ખરા અંતઃકરણથી કાર્ય થવું જોઇએ. પોતાના કુટુંબના, કે ગામના સ્વાર્થને ખાતર નહી પણ જ્ઞાતિ સમગ્રનું હિત લક્ષમાં રાખી પ્રયત્નો થવા જોઇએ. આ પ્રમાણે થાય તો જરૂર અનિષ્ટ રૂઢીઓ સુધરી શકે.

જ્ઞાતિ સુધારણાના માર્ગોને પાંચ વિભાગમાં વ્હેંચી શકાય

૧—સરકાર પાસે કાયદા કરાવવો:—અમુક અનિષ્ટ રૂઢીઓ જ્યારે સમાજ પોતે ન સુધારી શકે અથવા ઇષ્ટ રૂઢીઓ શરૂ ન કરી શકે ત્યારે સરકારને વચ્ચે પડવાની જરૂર પડે છે. તજ પ્રમાણે બ્રીટીશ સરકારે **સતી થવાનો રિવાજ બંધ કરવાનો** તથા **શારદા એકટ** કાઢ્યો છે. અને વડોદરા રાજ્યમાં તો **બાળ લગ્ન પ્રતિબંધક કાયદો** તથા **જ્ઞાતિ ત્રાસ નીવારણ કાયદો** એ બન્ને કાયદાઓ કાઢી શ્રીમંત મહારાજા સાહેબે સામાજિક ઉન્નતિ માટેની તેઓશ્રીની તીવ્ર ઇચ્છા પ્રગટ કરી છે અને તેમાં કેટલેક અંશે સફળતા પણ મળી છે.

૨—જ્ઞાતિએ નિયમો કાઢવા ને સરકારી મદદથી અમલમાં મુકવા:—બ્રિટીશમા તેમજ વડોદરા રાજ્યમાં એવો નિયમ છે કે જ્ઞાતિ પોતાને અનુકૂળ નિયમો તથા બંધારણ સરકારમા રજીસ્ટર કરાવે અને જ્યારે નિયમ ભંગનો પ્રશ્ન આવે ત્યારે સરકારની મદદથી દંડ વસુલ કરી શકે. અનિષ્ટ રૂઢીઓ દાખલ કરવા આ માર્ગ ઘણોજ સારો છે કેમકે આમા સત્તા જ્ઞાતીનાજ રહે છે અને દંડની રકમ જ્ઞાતી ફંડમાંજ જમા થાય છે.

૩—જ્ઞાતિનાં પંચો મંડળો યા જ્ઞાતિની પરિષદો ઠરાવ કરે અને જ્ઞાતિ જનો અમલમાં મુકે—

મંડળો અને પરિષદોમાં ઘણે ભાગે વિચારશીલ, દીર્ઘ દ્રષ્ટિવાળા અને કેળવાયેલા લોકોજ આગળ પડતો ભાગ લે છે એટલે સુંદર ઠરાવો તો ત્યા સહેલાઇથી પસાર થઇ શકે છે. પરંતુ તે ઠરાવનો અમલ કરાવવાનું તો તે વ્યક્તિઓની ઇચ્છા પર અવલંબી રહેલું હોય છે એટલે જ્ઞાતીની પરિષદો યા મંડળો લોકમત કેળવવા ઉપરાંત બીજું કંઇ વ્યવહારીક સારૂં પરિણામ લાવી શકતાં નથી. પરિષદો અને મંડળો દેખીતી રીતે જ્યારે નિષ્ફળ નીવડે છે ત્યારે **જ્ઞાતિ પંચો ધારે તો પુરેપુરી રીતે સરળતા મેળવી શકે** એટલે પંચના આગેવાનો પણ લોકમત કેળવાય એની સાથે પોતાના વિચારો કેળવી જ્ઞાતિમાં યોગ્ય સુધારા દાખલ કરે તો પોતાની મહત્તા સાચવી તેમની મોટાઇ અને માન જાળવી શકે. માટે આપણી કોમો માટે લોકમત કેળવી જ્ઞાતિના આગેવાનો દ્વારા સુધારા દાખલ કરાવવા એજ ઉત્તમ માર્ગ છે. તો પંચમાં કેળવાયેલ સમજુ નિઃસ્વાર્થ વડીલો તેમજ પૂજ્ય મુરબ્બીઓ જ્ઞાતિ સુધારણાનું કાર્ય હાથમાં લે ત્યારેજ કોમમાં અનિષ્ટ રૂઢીયો બંધ પડેલી અને ઇષ્ટ રૂઢીયો દાખલ થયેલી જોવાને આપણે ભાગ્યશાળી થઇએ, દરમ્યાન લોકમત કેળવવાનું કામ તો જ્ઞાતી મંડળો અને પરિષદો વારંવાર ભરી ચાલુ રાખવું જોઇએ.

૪—સભાઓ, ભાષણો, પત્રિકાઓ અને માસિકોદ્વારા લોકમત કેળવી જ્ઞાતિ હિતની યોજનાઓ રજુ કરી, જ્ઞાનનો તેમજ સદ્વિચારનો પ્રચાર કરવો:—

પ્રથમ જણાવેલા ત્રણ માર્ગમાં કંઇ ને કંઇ મુશ્કેલી રહેલી છે, કારણ કે તેમાં ઘણા જ્ઞાતિ બંધુઓના સમ્મત હોય તોજ કંઇ કરી શકાય, પરંતુ તે માટે જ્ઞાનનો પ્રચાર કરવાનો માર્ગ તો હરકોઇ પુરૂષ પોતે એકલો પણ લઇ શકે. આ માર્ગમાં તાત્કાલીક વ્યવહારીક પગલાં નહી લેવાના હોવાથી સફળતા નિષ્ફળ થવાનો પ્રશ્ન રહેતો નથી એટલે દર્શાવેલા વિચારોમાં સંમત થનારા ઘણા મળી

આવે છે. કેળવણી ઉત્તેજનની યોજનાઓમાં આર્થિક મદદ આપનારા પણ ઘણા મળી આવે છે એટલે પ્રમાણમાં આ માર્ગ સરળ, સહેલો અને શક્ય બને છે એટલે જેના ઇચ્છા થાય તે આમાંનો એક માર્ગ ઉપાડી લે છે, પરંતુ આ માર્ગ બહારથી દેખાય છે તેટલો ટુંકો નથી, ખરી રીતે બહુજ લાંબો છે. લાંબા વખત પછીજ ફળ આપે છે. તાત્કાલીક ફળની ઇચ્છાવાળાઓ સ્હેજ નિરૂત્સાહી બની જાય અને અને થોડા વખતમાં કંટાળી જાય તેવો આ માર્ગ છે. આ માર્ગમાં રહેલી સરળતાથી મંડળો જલદી સ્થપાય છે. શરૂઆતમાં ઉત્સાહથી કામ પણ થાય છે પણ પરિણામ ધીમું વા નહી જેવું જણાતાં સોબતીઓનો ઉત્સાહ મંદ પડે છે. આર્થિક મદદ પણ ઓછી થાય છે અને મંડળો પણ બંધ પડે છે. પરંતુ નિરાશ થનારાઓએ ધ્યાન રાખવું જોઇએ કે 'ઉતાવળે આંબા ન પાકે' અને કદાપિ પાકતા જણાય તો તે કુદરતી નહીં પણ મદારીના, દુરથી કેરી જોયાનો ભાસ થાય પણ ખાવાને તો તે નજ મળે માટે આપણી જ્ઞાતિની અનીષ્ટ રૂઢીઓ ફેરવવાની જેઓ ઇચ્છા ધરાવે છે, ને આ કાર્યમાં થોડી ઘણી પણ દીલસોજી રાખે છે તેઓ જો નિરાશ વ ઉદ્વિગ્ન ન બને અને ખંતથી પોત પોતાનું કાર્ય કર્યા કરે તો લાંબા કાળે ફળ મેળવવાની આશા રાખી શકેજ. આશા છે કે ઉત્સાહી જ્ઞાતિ બંધુઓ આ સરળ માર્ગનો કોઇ કાર્યક્રમ ઉપાડી લઇ જ્ઞાતિની યથાશક્તિ સેવા કરશે.

૫—સુધારાના સિદ્ધાંતની અને તેજ પ્રમાણે વર્તન કરવાની ઇચ્છા રાખનાર સ્ત્રી પુરૂષોનું એક મંડળ સ્થાપી પોતાને ત્યાં સારા માઠા પ્રસંગે પોતે શું કરવું ને શું ન કરવું એ સંબંધી નિયમો નક્કી કરવા અને મંડળના સભાસદોએ તે નિયમો પાળવા:—

લેખ લખનારાઓ, ભાષણ આપનારાઓ અને બાહેર પ્રવૃત્તિઓમાં ભાગ લેનારાઓના સબંધમાં ઘણી વખત એમ કહેવાય છે કે તેઓ લખે છે અને બોલે છે તે પ્રમાણે ચાલતા નથી તેથી **'પરોપદેશે પાંડિત્યં'** જેવો તેમના બોલવા લખવાનો અર્થ ગણાય છે અને તેથી તેમના બોલવા લખવાની જનસમુહ પર કંઇજ અસર થતી નથી. આમાં ઘણું સત્ય રહેલું છે, પરંતુ લેખકો અને ઉપદેશકોની પરિસ્થિતિનો પણ આપણે સાથે સાથે વિચાર કરવો જોઇએ. કારણ કે અમુક રૂઢી ખરાબ છે અને તે બંધ કરવી જોઇએ એમ તો હરકોઇ સ્ત્રી યા પુરૂષ ભાષણમાં યા લેખમાં સ્હેલાઇથી પ્રતિપાદન કરી શકે કારણકે લેખ લખવાનું કે ભાષણ આપવાનું કામ તો સર્વ કોઇ પોતાની એકલાની શક્તિથી કરી શકે છે પણ એ વિચારનો અમલ કરવાનો સમય જ્યારે આવે છે ત્યારે તેનાં માતાપિતાની તેમજ તેના કુટુંબના અન્ય સબંધીઓની સંમતીની ખાસ અપેક્ષા રહે છે. અને તેથી સંમતી ન મળે તો કોઇ વખત કુટુંબ ક્લેશ અને કોઇ વખત બહિષ્કારની શિક્ષા તેને ભોગવવી પડે છે. આ શિક્ષા સહન કરીને પણ પોતાના વિચારો અમલમાં મૂકે તેવાં સ્ત્રી પુરૂષો તો વિરલજ હોય છે, પણ સમજવા પ્રમાણે વા બોલવા પ્રમાણે આપણે બધું કરી શકતા નથીજ. ખાસ કરીને રૂઢીની બાબતમાં તો આપણે બીજાઓ કરતાં કશુંજ વિશેષ કરી શકતા નથી. જે સ્થિતિ આપણા બધાની છે તેવીજ ઉપદેશકની પણ છે. તો પછી લેખો લખનાર અને ભાષણો આપનારની સ્થિતિ તેમના ગૃહસંસારની પરિસ્થિતિનો વિચાર કર્યા સિવાય સામાન્ય રીતે જે ટીકાઓ કરવામાં આવે છે તેમાં ઘણે ભાગે તેમને અન્યાય થાય છે એમ હું માનું છું પરંતુ સાથે સાથે એમ પણ માનુ છું કે ભાષણ કર્તાઓ પોતાના એકલાથી પાળી શકાય તેટલું તો કરવાને બંધાયેલાજ છે.

વળી કેળવણી અને પ્રચારના પ્રતાપે લોકમત સારી રીતે કેળવાયો છે અને પહેલાં લોકો જે ન્હોતા સમજતા કે ન્હોતા સ્વીકારતા તે હવે સમજી શકે છે અને સ્વીકારી શકે છે. દાખલા તરીકે **બાળ વિવાહ નહી કરવાનું, લગ્ન મરણ પ્રસંગે ભારે ખર્ચ નહી કરવાનું અને મરણ પ્રસંગે રોવા કુટવાનું બંધ કરવાનું ઘણા સ્વીકારે છે** એટલે અમુક રૂઢીઓના ફેરફાર કરવામાં કોઇ મોળાપણું બતાવે તો તે લોકમત નહીં કેળવાયાના કે કુટુંબના સમજુ મનુષ્યોની સંમતિ નહી મળવાના કારણે નહીં, પરંતુ પોતાના સ્વાર્થના, લોભના વા અજ્ઞાનના કારણેજ એ સ્પષ્ટ છે. જો કોઇ આ પુરૂષ જરા હિંમત અને નિશ્ચયબળ બતાવે તો તે સુખેથી પોતાના નિશ્ચયો અમલમાં મુકી શકે. વળી કેટલીક અનિષ્ટ રૂઢીયો દૂર કરવાનું પોતાના એકલાના બળથીજ અમલમાં મુકી શકાય તેમ છે. તેમાં કુટુંબ ક્લેશ કે જ્ઞાતિ બહિષ્કાર જેવા પ્રસંગો નથી આવતા. ભાષણો અને લેખો કરતાં દ્રષ્ટાંતની અસર વધારે થાય છે. **ચારિત્રની એક મુઠી વિદ્યાના એક મણની બરાબર છે.**

રૂઢીયો દેખાદેખી દાખલ થાય છે અને દેખાદેખીથી દૂર થઇ શકે છે. માટે નિશ્ચયબળવાળા આ પુરૂષનું સંઘબળ જામે, તેઓ હિંમતથી અને જ્ઞાતિ હીતની લાગણીથી પ્રસંગ આવે શુભ દ્રષ્ટાંત બેસાડે, અને ઉપર જણાવ્યા પ્રમાણે લોકમત કેળવવા લેખો, ભાષણો અને જ્ઞાન પ્રચારના પ્રયત્નો ચાલુ રાખે તો અનુક્રમે જણાવ્યું કાર્ય શક્ય બને, અનિષ્ટ રૂઢીઓ કમી થાય ને ઇષ્ટ રૂઢીઓ શરૂ થાય. પરિણામે જ્ઞાતીની અંતર્ગત શક્તી વધે અને તે ઉન્નત માર્ગે પ્રયાણ કરે.

ગુજરાત દિગંબર જૈન પ્રાંતિક સભાનો ઉદ્દેશ ઉપરના પાંચ માર્ગ પૈકી છેવટના ચાલુ માર્ગ સ્વિકારી, સભાસદોએ પોતાનું, પોતાના કુટુંબનું અને સમગ્ર જ્ઞાતિનું હિત લક્ષમાં રાખી કેવળ કર્તવ્યની લાગણીથી સંયોગો અને સ્થિતિ પ્રમાણે પોત પોતાના નિશ્ચયો અમલમાં મુકવા મુકાવવા એજ છે. માટે **સભાની પ્રથમ બેઠકમાં તા. ૧-૬-૩૪ ના રોજ સુરત મુકામે** જે ઠરાવો થયા છે તેમાં અનુભવ મળશે તેમ તેમ ફેરફારો પણ કરવામાં આવશે. અને મંડળના સભાસદો અને શુભેચ્છકો પ્રચાર કાર્યથી તેમજ પોતાના દ્રષ્ટાંતથી સભાના સિદ્ધાંતો પોતે અમલમાં મુકશે અને બીજાઓ પાસે અમલમાં મુકાવવા પ્રયત્ન કરશે અને સભાની આગામી બેઠક પહેલાં કંઇક કાર્ય કરી બતાવશે એવી આશા છે.

ઇશ્વરને ઓળખવાના વા એક ગામથી બીજે ગામ જવાના માર્ગ અનેક હોય છે. દરેક માર્ગના ખાસ ખાસીયતીઓ પણ હોય છે, છતાં જેઓ અંતઃકરણના સાચા હોય છે અને ધ્યેય તરફ દ્રષ્ટિ રાખી સ્વીકારેલા માર્ગે પ્રયાણ કર્યા કરે છે તેઓ માર્ગ લાંબો હોય વા ટુંકો હોય, સરળ હોય વા અઘરો હોય તો પણ મંડ્યા રહે તો લક્ષ બિંદુએ વહેલા મોડા પહોંચે છેજ. તેજ પ્રમાણે જેમને ઉપરના પાંચ વા તે સિવાયના જે માર્ગમાં શ્રદ્ધા હોય તે માર્ગે તેઓ વાતો અને ટીકાઓ કરવાનું છોડી દઇ, એક નિષ્ઠાથી અને હિંમતથી આગળ ચાલવા માંડશે તો ધારેલા ધામે જરૂર પહોંચી જશે.

યુવા જ્ઞાતિ બંધુ! હિંમત હોય અને સંયોગો અનુકુળ હોય તો **'ગુજરાત દિગંબર જૈન પ્રાંતિક સભા'** નો તેમજ તારી પેટા **જ્ઞાતિના યુવક મંડળનો** સભાસદ થા. હિંમત ન હોય વા મંડળના સિદ્ધાંતોમાં શ્રદ્ધા ન હોય તો સભાનો વા મંડળનો સભાસદ ભલે તું ન થા પણ જ્ઞાતિ ઉન્નતિના વિચારો ચર્ચતું **'ગુ. દિ. જૈન પ્રાં. સભા'** નું માસિક મુખપત્ર **'દિગંબર જૈન'** નો ગ્રાહક થઇ, જન સેવા અને દેશસેવા જ્ઞાતિ સેવા દ્વારા થઇ શકે છે, એમ માની મંડળના કોઇ કાર્યમાં યા જ્ઞાતિ-

હિતની કોઇપણ પ્રવૃત્તિમાં રસ લે તો તું લે ને લેજ. સ્ત્રીઓને સારા સંસ્કાર આપ્યા વિના આપણો ઉદ્ધાર નથીજ થવાનો. હાલની સ્ત્રીઓ અને કન્યાશાળાઓમાં જે બ્હેનો હાલ ભણે છે વા કન્યાશાળામાંથી ભણીને જેઓ ઉઠી ગઇ છે તે બ્હેનો આપણી ભવિષ્યની પ્રજાની માતાઓ છે. તે વાંચ્યું હશેજ કે 'એક માતા સો શિક્ષકની બરોબર છે' તથા 'જે હસ્ત ઝુલાવે પારણું તે જગત પર શાસન કરે.' આપણને તો નથી મળતી યોગ્ય માતાઓ અને નથી મળતા સારા શિક્ષકો જો તું બીજું કંઇ ન કરી શકે તો તારા કુટુંબની તેમજ ગામની સ્ત્રી કેળવણી કે કન્યા કેળવણીને આપવા અપાવવાને અને શ્રાવિકાશ્રમ જેવા સંસ્થાઓનો લાભ કન્યાઓ તેમજ વિધવાઓ લે તેનો પ્રચાર કરવાને કંઇ ને કંઇ સતત પ્રયત્ન કર્યા કર અને જ્ઞાતિ પ્રત્યેની તારી ફરજ અદા કર.

કોમના સુજ્ઞ કાર્યકર્તાઓ, પૂજ્ય વડિલો, સુશ્રાવિકાઓ તેમજ યુવક બંધુઓને જ્ઞાતિ પ્રત્યેની પોતાની ફરજ અદા કરી જ્ઞાતિને ઉન્નતિને માર્ગે લઇ જવા પ્રેરે એવી નમ્ર પ્રાર્થના પ્રભુ પ્રત્યે કરી અત્રે વિરમીશ. **વીરચંદ.**

સોજીત્રાનો લગ્નગાળો—નામે એક લેખ જેઠ માસના 'દિગંબર જૈન' માં એક ભાઇ તરફથી છપાયો છે જેમાં શ્રાવિકાશ્રમના કાર્યવાહકોની ચુંટણી વખતે "નામ ખાતર ખોટી ઉહાપોહ કરવામાં આવી હતી." એ વાક્ય અસત્ય લખાયું છે કારણ કે એ પ્રસંગે અમો જાતે હાજર હતા ને તેમાં નામનો સવાલજ નહોતો. જે યાદી વંચાતી હતી તે નાણું ભરેલા ગૃહસ્થોની હતી, કે જેનાં નાણાં બાકી હતાં તેની યાદી હતી આટલોજ ખુલાસો પૂછવામાં આવેલો તેમાં નામ ખાતર ખોટી ઉહાપોહ જેવું હતુંજ નહિ. આવા લેખથી સમાજમાં ફેલાયલો રોગ દૂર કરવા આટલો ખુલાસો કરવો જરૂરનો છે. **રતીલાલ માણેકલાલ-વસોદરા.**

મેવાડા પારનગરનું અવલોકન—નામે એક લેખ 'એક સમાજ સેવક' તરફથી મળ્યો છે જેમાં જણાવ્યું છે કે સોજીત્રામાં ૫૦૦૦૦) ને ખરચે જે વાડી બંધાઇ છે તેનો ઉપયોગ હવે નહીં જેવો છે. એને બદલે મુંબાઇ જેવે સ્થળે એટલી રકમની બીલ્ડીંગ લીધી હોત તો તેનું સારૂં ભાડું આવત અને તેમાંથી જ્ઞાતિના ભાઇઓ ને બાળકોને મદદ આપી શકાત વગેરે.

સુરતમાં શોકજનક વિયોગ—આ માસના આરંભમાં સુરતના દિ૦ જૈન યુવક સંઘના એક ઉત્સાહી સેક્રેટરી તથા નવાપરા જૈન ક્લબના મંત્રી ભાઇ ખીમચંદ ચંદુલાલ ઝવેરીનો માત્ર બે ચાર દિવસની માંદગીમાં ૨૨ વર્ષની ભર યુવાનીમાં સ્વર્ગવાસ થવાના સમાચાર આપતાં અત્યંત શોક થાય છે. આ ભાઇ મુંગું કામ કરનાર અને ઘણા ઉત્સાહી હતા. એમના શોકમાં નવાપરા જૈન ક્લબે મળી શોકનો ઠરાવ કર્યો કર્યો હતો. તેમજ સુરતના દિ૦ જૈનોની સભા ખપાટીઆમાં તા. ૧૭-૮-૩૪ ને દિને શા. મગનલાલ સુતરવાલાના પ્રમુખપદે મળી હતી જેમાં પણ શોકદર્શક ઠરાવ થઇ તે પર વિવેચનો થયાં હતાં. આ ભાઇના આત્માને શાંતિ મળો એજ ભાવના છે.

સોજીત્રા શ્રાવિકાશ્રમને—આ વર્ષમાં ૨૦૧) હરગોવનભાઇ ગણુજ તથા ૧૦૧) છોટાલાલ જેચંદ પેટલાદ તરફથી મળેલા અને ૩૫૦) લગ્ન ગાળા પ્રસંગે મદદ મેળવી હતી. તેમજ કેવલદાસ હીરાભાઇ તરફથી ઘંટીની બે જોડ મળી હતી. આ આશ્રમને પણ સારે મોટે અવસરે મદદ આપતા રહેવાની જરૂર છે.

"जैनविजय" प्रिंटिंग प्रेस, खपाटिया चकला-सूरतमें मूलचन्द किसनदास कापड़ियाने मुद्रित किया और "दिगम्बर जैन" ऑफिस, चन्दावाड़ी-सूरतसे उन्होंने ही प्रकट किया।

ગુજરાત દિગંબર જૈન પ્રાન્તિક સભાનું માસિકપત્ર—

—संपादक अने प्रकाशक—

मूलचन्द किसनदास कापड़िया—सूरत.

वर्ष २७ | वीर संवत २४६० भाद्रपद | अंक ११.

विषय सूची.

दिगम्बर जैनका विशेषांक वीर सं० २४६१.

"दिगम्बर जैन" के २८ वें वर्षके प्रारम्भमें सचित्र विशेषांक "शिक्षा अंक" के रूपमें निकाला जायगा अतः उसके लिये हिन्दी, गुजराती, अंग्रेजी व संस्कृत भाषाके लेख व कविताएं (जैन शिक्षा संस्थाओं व पाठशालाओंके फोटो सहित) १५–२० दिनके भीतर २ भेजनेके लिये विद्वान् लेखकोंसे सादर निमन्त्रण है। लेख लम्बे न होने चाहिये इसपर हरएक लेखक ख्याल रक्खें। कुल दि० जैन पाठशाला व विद्यालयोंके मंत्री अपना २ विवरण भी भेजें।

आगामी आश्विनके अंकके साथ नूतन "जैन तिथिदर्पण" भेजा जायगा। **मैनेजर।**

उपहारोंके पोस्टेज सहित वार्षिक मूल्य २) व समाज अंक मू० ।।।)

शिखरजी यात्रा स्पेशल ट्रेन-चित्तौडगढसे मगसिर सुद १ को निकलेगी इसमें सब सुभीता रहेगा। टिकट ९८) है व १॥। माहका प्रोग्राम है। ५) पेशगी सहित नाम लिखावें—संतलाल जैन, परतापगढ (मालवा)

जैन वनिता विश्राम-चलानेवाले फूलचंद जैन आगराको ६ माहकी सजा हुई है।

फतेपुर—पं. પ્રજ્ઞારત્નજી ખાસ પધારવાથી ધર્મોપદેશ, તત્વ ચર્ચા, સામાયિક, પૂજા વગેરેનો આનંદ અપૂર્વ હતો. સંસ્થાઓ માટે ટીપ પણ થઇ હતી.

સુરત—બધા મંદિરોમાં પૃજન અભિષેક નિયમિત થયાં હતાં. નવાપુરાના દહેરે પં. પરમેષ્ઠીદાસજી શાસ્ત્ર વાંચતા હતા તેમા દશ ધર્મ સાથે ચારૂદત્ત ચરિત્ર વંચાયું હતું. આશરે ૨૦૦) ચાર દાનની ટીપમાં તથા આશરે ૪૦)થી ૫૦) તીર્થરક્ષા ફંડમાં ભેગા થયા હતા. એક ભાઇ ખીમચંદ સવાઇચંદ ને એક બ્હેને પાંચ પાંચ ઉપવાસ કર્યા હતા. ભા. વદી ૭-૮મે શેઠ કસનદાસ પુનેમચંદ કાપડિયા તરફથી ચોવીસ જિન પુજા ધામધૂમથી શાંતિનાથનાથને દેહેરે ભણાવવમાં આવી હતી ને નોમને દિને પારનાની ખુશાલીમાં જમણ થયું હતું.

ઉજેડીયા—પં. રતનચંદજી ત્યાં હોવાથી અભિષેક પૃજન શાસ્ત્રમાં આનંદ આવ્યો હતો. સંસ્થાઓ માટે ટીપ થઇ હતી. અત્રે ધર્મપ્રેમ સારો જોવામાં આવે છે.

થાંદલા—પં. મહેંદ્રકુમારજી શાસ્ત્ર વાચતાં હતા. ગેબીલાલજીની ધર્મપત્નીએ ૧૦ ઉપવાસ કર્યા હતા. પૃજનનો આનંદ અપૂર્વ હતો.

અંકલેશ્વર—બે બ્હેનોએ ૧૦-૧૦ ઉપવાસ કર્યા હતા. પૃજા પ્રભાવના અભિષેક વરઘોડા આદિનો આનંદ અપૂર્વ હતો.

સુદાસણા—પાંચ બ્હેનોએ પાંચ પાંચ ઉપવાસ કર્યા હતા. અનેક વ્રતો થયાં હતાં. વરઘોડો નીકળ્યો હતો. ૧૨૫)ની ઉપજ થઇ હતી.

સોજીત્રા—શ્રાવિકાશ્રમમાં અનેક વ્રતો થયાં હતાં. રોજ સામાયિક પુજન શાસ્ત્ર વગેરે નિયમીત થતાં. આશ્રમનો ૧૦ મો વાર્ષિક મેળાવડો હરીલાલભાઇ હેડમાસ્તર અંગ્રેજી સ્કુલના પ્રમુખપણા નીચે થયો હતો. ૩૦૦ની સંખ્યા હાજર હતી. બાળાઓના ગાયન ગરબા ઉત્તમ થયા હતા. તેમજ આશ્રમની ઉન્નતિ માટે અસરકારક વ્યાખ્યાનો થઇ પતાંસાની પ્રભાવના થઇ હતી.

બાવલવાડા—૫ બ્હેનોએ દશ લક્ષણ તથા સોલહકારણ વ્રત કર્યાં હતાં. સુદ ૧૪ જનોઇ બદલાયાં હતાં. જલયાત્રા થઇ હતી. એજ દિને ફડિયા ખુમજીભાઇનો સ્વર્ગવાસ થયો હતો જેઓ પાઠશાળાને સારૂં દાન કરી ગયા છે.

નરોડા—પૂજા અભિષેક સંગીત ધર્મધ્યાનપુર્વક થતાં હતાં.

प्रेमचन्द मोतीचन्द दिगम्बर जैन बोर्डिंग--अमदावादना विद्यार्थियो द्वारा
धर्मप्रचारार्थ स्थापित महावीर मंडलनो ग्रुप.

आगली हारमां बेठेला: १ आर. एन शाह, २ डी. एम. शाह, ३ एम. बी. जैन, ४ एम. सी. शाह, ५- डी. जे. शाह.

पाछली हारमां बेठेला: १ एन. ए. गांधी, २ एम. एम. [illegible], ३ -एम. के. महेता, ४ -सी. पी. शाह, ५ -बी. जे. शाह, ६ ए. झेड. शाह.

वर्ष २७ वां
अंक ११

वीर सं० २४६०
भाद्रपद
सं० १९९०.

प्रासंगिकैः सामयिकैः सुवर्त्तैर्लेखैर्विनोदैः कविता-कलाभिः ।
सद्धर्मसाहित्यसमाजवृद्ध्यै "दिगम्बरो जैन" उदेत्यपूर्वः ॥

शरद ।

(द्रुतविलम्बित)

[लेखक-श्रीयुत पं० पन्नालालजी जैनकाव्यतीर्थ-सागर ।]

सुजन मानससे घन लोकमें,
अब नहीं दिखते घन हैं कहीं ।
विविध रंग शरासन शक्रका,
छिटकती नहिं कांति कभी कहीं ॥

कमल काननसे सर हैं भरे,
भ्रमर गूँज रहे जिन पै खरे ।
कनक केशर मण्डित नीर भी,
द्रव सुवर्ण समान विराजते ॥

धवल वर्णयुता बक पंक्ति भी,
गगनमें उड़ती नहिं दीखती ।
विशद शारद वारिदको व्रजा,
व्यथित मानसके मनकी कथा ॥

शरदके सित कांतिकलापसे,
अखिल भूतल काश समूहसे ।
भर रहा, नभ भी शुभचन्द्रकी,
धवल कांति कला भरपूर है ॥

उड़ रही नभमें इस ओरसे,
शरद सूरतिकी सित केतु भी ।
नद नदीसर कूप तड़ाग भी,
सुर नदी सम है दिखते सभी ॥

जब निशाकरके शुभ योगमें,
सित विभा रजनी दिखती यहां ।
तब कवीन्द्र नई निज कल्पना,
हृदयसे रस पूर्ण निकालते ॥

गगन तारक मण्डलसे भरा,
अमल सागरमें तिरता अभी ।
तब नहीं दिखता कुछ भेद है,
सलिलराशि तथा नभलोकमें ॥

सम्पादकीय वक्तव्य।

दीपावली पर्व। समस्त भारतमें दीपावली मनानेकी तैयारियां होरही हैं। अपने अपने मकान महल और दुकाने साफ की जारही हैं। भूखे भाइयोंके पेटमें लात मारकर लाखों और करोड़ों रुपया फटाकों तथा गोला बारूदमें नाश किया जाता है, जुआके अड्डे जमाकर अपने अपने भाग्य अजमाये जाते हैं, और अनेक प्रकारके रागरंग मनाये जाते हैं। कहीं लक्ष्मीकी पूजा की जाती हैं, रुपयोंकी खनाखन होती हैं और अपने वैभवका प्रदर्शन किया जाता है। यह सब होता है धर्म समझ कर, कर्तव्य समझ कर, पावन पर्व समझ कर !

भाइयो ! अपनी अंतरंग स्थितिको देखो, अपनी हालतपर सच्चे दिलसे विचार करो, तनिक विवेक बुद्धिसे काम लो, अपने धर्म, देश और समाजकी हालतपर दृष्टिपात करो और सोचो कि आज क्या ऐसे रागरंग मनानेका समय है ? क्या इस प्रकार द्रव्यका दुरुपयोग करना ठीक है और क्या जो हम करते हैं वह धर्मानुकूल है ? उत्सव और हर्ष तो वहां मनाये जाना चाहिये जहां सब प्रकार अमन चैन हो, जहां देश सुखी हो, जहां समाज सानन्द हो, जहां ऐक्य और प्रेमका संचार हो, मगर यहां तो इन बातोंका नाम तक नहीं है. फिर उत्सव कैसा और रागरंग कैसा ?

दीपावली क्यों मनाना चाहिये. इसकी उत्पत्ति कब और कैसे हुई, इन बातोंका आज कितनोंको ज्ञान है। मात्र अन्ध परम्परासे पर्व मनानेकी रूढ़ि हमारे यहां चालू है। जिन्हें दीपावलीका इतिहास मालूम है और जो उसके रहस्यको जानते हैं वे उसपर चलते नहीं हैं। यही कारण है कि हमारा पवित्र एवं धार्मिक दीपावली उत्सव मिथ्यात्व (लक्ष्मी पैसा पूजा) पाप (जुआ) और अनर्थ (दारूगोला फोड़ने) के रूपमें परिवर्तित होगया है।

* * *

महावीर निर्वाण। जैन शास्त्रोंमें दीपावलीके सम्बन्धमें लिखा है कि इस दिन भगवान महावीर स्वामीने २४६० वर्ष पर निर्वाणपद पाया था। इसलिये देवोंने उनकी रत्न-दीपकोंसे पूजा की थी। तथा सर्वसाधारण लोगोंने कृत्रिम दीपकोंके प्रकाशसे भगवानकी भक्ति की थी। इससे सिद्ध है कि दीपावलीका अर्थ वीर-पूजा है ! मगर आज हम लोगोंमें वीरपूजाका भाव ही कहां है ? वीर भगवानने मोक्ष-लक्ष्मी प्राप्त की थी इसलिये लोगोंने मोक्ष-लक्ष्मीकी पूजा की थी। मगर आज मूर्ख लोग लक्ष्मी (रुपया पैसा) की पूजा करनेमें धर्म मानते हैं। आश्चर्य तो यह है कि इस लक्ष्मीकी प्राप्तिके लिये जुआ खेलकर खूब प्रयत्न किये जाते हैं। जबकि इसका अर्थ यह था कि अनेक प्रयत्न करके मोक्षलक्ष्मीको प्राप्त किया जाय। धर्म और पर्वके नामपर हमारे यहां मिथ्यात्व खूब फल गया है। इस दिन कोई बहियोंको पूजता है तो कोई तराजूकी पूजा करता है। कोई सेर पसेरीकी पूजा करता है तो कोई दरवाजा और देहलीको पूजता है, यह सब क्या है ?

जिन जैनियोंको मात्र वीतराग भगवान-तीर्थंकरोंकी ही मूर्ति पूजनेका विधान किया गया है और इनके अतिरिक्त तमाम पूजाओंको मिथ्यात्व बताया गया है, वहां हम धर्मके नामपर, वीर प्रभूके नामपर अनेक प्रकारका मिथ्यात्व सेवन करते हैं, यह महान खेदकी बात है। विश्वास रखिये कि तराजु, बाट, बहीखाते और रुपया पैसेकी पूजा करनेसे न तो लक्ष्मी आपके यहां ठ्ह

पड़ेगी और न पूजाके अभावमें वह भाग ही जायेगी। फिर यह मिथ्यात्व सेवन क्यों किया जाता है?

* * *

हमारा कर्तव्य। दीपावलीके इस पवित्र अवसर पर हमारा कर्तव्य है कि हम उसके रहस्यको समझें, तथा इस बातको भी जाननेका प्रयत्न करें कि वर्तमान प्रचलित हुई रूढ़ियोंका असली रूप क्या था। इसे जानकर मिथ्यात्वको छोड़े और सत्यका प्रचार करें। दीपावलीके दिन प्रातःकाल भगवान महावीरस्वामीकी पूजा करनी चाहिये, निर्वाण उत्सव मनाना चाहिये, जुलूस निकालना चाहिये, वीरके गुणगान करना चाहिये और जगह जगह सार्वजनिक सभायें करके वीर भगवानके उपदेशसे जनताको परिचित कराना चाहिये इतना ही नहीं किन्तु लोगोंको बताना चाहिये कि भगवान महावीरस्वामीका धर्म कितना उदार है।

दीपावली वीरपूजाका स्मारक पर्व है। किसीकी पूजा उसके गुणगान करनेसे ही नहीं किन्तु उसके सिद्धान्तोंपर चलने और प्रचार करनेसे होती है। वीर भगवानका उपदेश सबके लिये है। वीर भगवानका शासन उदार है। उसमें प्रत्येक मनुष्यको हरहालतमें पूर्ण अधिकार मिलता है तब हम क्यों इस उदार दरवाजेको बन्द किये हुये हैं? आने दो जो भी आना चाहें वीरपूजा करनेके लिये, करने दो जो करना चाहें वीर धर्म धारण, लेने दो जो लेना चाहें जैन धर्मकी शरणको तथा पवित्र होने दो जो होना चाहें पवित्र अपने पापोंका प्रायश्चित करके, यही दीपावलीका कर्तव्य है। यदि आप इतनी उदारता नहीं दिखा सकते हैं तो महावीरका निर्वाणोत्सव मनाकर कोरा स्वपर वंचना करनेसे कोई लाभ नहीं है।

* * *

ઉત્તમ ક્ષમા. ઉત્તમક્ષમાવણીનો અપૂર્વ દિવસ ભાદરવા વદ ૧ દિને વ્યતીત થઇ ગયો છે તે પ્રસંગે આ "દિગંબર જૈન" પણ ઉત્તમ ક્ષમાની યાચના કરવા ઉપસ્થિત થાય છે. અમારાથી આ વર્ષમાં "દિગંબર જૈન" પત્ર દ્વારા નિષ્પક્ષપણે સત્ય સમાચાર આપવામાં કે સત્ય ટીકા કરવામાં જો કોઇ ભાઇનું મન દુખાયું હોય તો તે માટે અમે આ પત્ર દ્વારા તે સર્વે ભાઇયોની પાસે ઉત્તમ ક્ષમા માગીયે છિએ. આશા છે કે દરેક ભાઇ ઉત્તમ ક્ષમાનું આદર્શ સ્વરૂપ સમજી ક્ષમા ભાવ ધારણ કરવા બનતો પ્રયત્ન કરશેજ

* * *

નૃસિંહપરા રાયકવાળ સંમેલન. ગયા અંકના લેખ અને સમાચારોથી વાંચકોને જણાયું હશે કે ગુજરાતના આપણા નૃસિંહપરા અને રાયકવાળ ભાઇઓએ પરસ્પર કન્યા આપ લે કરવાનો ઠરાવ કલોલમાં ભેગા મળીને લેખિત રૂપે કરી દીધો છે અને ધારાધોરણનો ખરડો પણ તૈયાર કરી દીધો છે જે બીજી બેઠકમાં પાસ થનાર છે. એ બીજી બેઠક **તારંગાજી** સિદ્ધક્ષેત્ર પર **આસો સુદ ૩** ને દિને મળનાર છે અને તેના છાપેલાં નિમંત્રણો (ધારા ધોરણના ખરડા સાથે) બહાર પડી ચુકયા છે જેની નકલ પણ આ અંકમાં છાપવામા આવી છે એ પરથી જણાશે કે એ પ્રસંગે સમગ્ર નૃસિંહપરા અને રાયકવાળ ભાઇઓને એમા બોલાવવામાં આવ્યા છે. જ્યારે બીજી બાજુથી એવું પણ સંભળાય છે કે નૃસિંહપરા ભાઇઓમાં બે પક્ષ કેટલાંક વર્ષોથી પડેલા છે ને તેનાં ઝેરવેર એટલાં ફેલાયલાં છે કે સગાં સગાં પણ એક બીજાની સામું જોવા તૈયાર નથી એવા સંજોગોમાં નરસિંહપુરવાલા નાના પક્ષને ખાસ આમંત્રણ થયું નથી. જો એ પ્રમાણે હોય તો તે વ્યાજબી ન કહેવાય. એ નાના પક્ષને તો ખાસ આમંત્રણ આપી

બોલાવવો જોઇએ અને આ સાથે ઘરનો ઝઘડો પણ કોઇપણ સંજોગોએ પ્રથમ પતાવી નાખવો જોઇએ તોજ નરસિંહપરા ભાઇઓની શોભા છે. અને મોટા પક્ષને માનરૂપ છે.

અમારા માનવા મુજબ તો આમંત્રણ નાના પક્ષને ગયુંજ હશે છતાં જો ન જ ગયું હોય તો હજી પણ થવાની જરૂર છે. તથા જો તે આમંત્રણ માનવા ન માનવા સંબંધમાં પણ નરસીંપુરના પક્ષના ભાઇઓને વાધો હોય (!) તોપણ એ નાના પક્ષે એજ સમયે તારંગાપર પોતાની બેઠક રાખવીજ જોઇએ કેમકે હવે તો નરસિંહપુરના પક્ષના નિરાંતે બેસી રહે તેમાં શોભા નથી. **એકયતા માટે બેદરકારી એ પણ એક પ્રકારનું પાપ છે.** અમારૂં તો એમ માનવું છે કે એક સિદ્ધક્ષેત્રના ઉપર બંને પક્ષના ભાઇઓ ઉદારભાવથી એકત્ર થશે તો ઘણા વર્ષોનો ઝઘડો પતી જશે અને રાયકવાળ ભાઇઓ સાથેનું જોડાણ પણ પાકું થઇ જશે. અમોને ખબર છે ત્યાં સુધી નરસિંહપરા જ્ઞાતિમાં બીજા પણ ૫-૭ ઝઘડાઓ છે જે તરફ પણ આંખઆડા કાન કરી માત્ર રાયકવાળ સાથે જોડાવું ને ધારધારણ પાસ કરી દેવા ને તે ન માને કે ને આવે તેની દરકાર ન કરવી એ પણ વ્યાજબી નથી (કેમકે ગૃહ કલહ કાયમ રહે તે ઇષ્ટ નથી) માટે અમો ફરીથી નૃસિંહપુરા ભાઇયો અને રાયકવાળ ભાઇયોનું સંગઠન કરવાનો પ્રયત્ન કરવાવાળા અગ્રેસર ભાઇયો કે જેમને તારંગાની બેઠકની વ્યવસ્થા સોંપાયલી છે, તેઓએ તાર તથા પત્રો દ્વારા કે બીજી રીતે નૃસિંહપુરાના બન્ને પક્ષોને તથા બધા રાયકવાળ ભાઇયોને તારંગા બોલાવવા તનતોડ પ્રયાસ કરવોજ જોઇએ. આમોદ તથા સુરત વિભાગના નરસિંગપરા ભાઇયો જે કલોલની બેઠકમાં જઇ શક્યા નહોતા તેમને સર્વેને તારંગાની બેઠકમા જરૂર જરૂર બોલાવવાજ જોઇએ. જો બધા ભાઇયો આગલી પાછલી વાતો ભૂલી જઇ જો ઉદારતા, નમ્રતા, અને ક્ષમાભાવ દર્શાવી એક દીલથી અને શાંત ભાવથી ને સરળ હૃદયથી તારંગાજીમાં મળશે તો જરૂર બધા ઝઘડાઓ પણ પતી જશે તેમજ નરસિંહપુરા અને રાયકવાળ ભાઇયોનું પાકુ જોડાણ થઇજ જશે. અને એ બેઠકની અંતે બે ચાર વિવાહ પણ નરસિંહપરા અને રાયકવાળ વચ્ચે થઇ જવાની જરૂર છે.

દિગંબર જૈનના ગ્રાહકોને ભેટ—આ અંક સાથે **"ભગવાન મહાવીર"** નામનું ગુજરાતી પુસ્તક શા. સુરજમલ તલોકચંદ ડેરીવાલા દાહોદ તરફથી તેમની સ્વર્ગીય પુત્રી શાંતાના સ્મરણાર્થે ભેટ વેચવામા આવ્યું છે. જે દરેકને વાચવા, વિચારવા અને તેનો અજૈનોમા પણ પ્રચાર કરવા ભલામણ છે. ભાઇ સાગરમલ મૂલચંદ તલાટી દાહોદનો આ પ્રયાસ ઉત્તમ છે અને આ પ્રમાણે એજ મુજબ ભગવાન પાર્શ્વનાથ વગેરે ટ્રેકટો ગુજરાતીમા છપાવી ભેટ વેચવાનો પ્રયત્ન કરી રહ્યા છે એ જાણી અમારા વાંચકોને અત્યંત આનંદ થશેજ.

નવોવાસ—મહાવીર મંડળના અમદાવાદ ૧૨ સભ્યોનો ઉત્તમ સત્કાર થયો હતો ને તેમના અસરકારક વ્યાખ્યાનો થયા હતા.

વિજયનગર—મોડાસિયા ફતેચંદભાઇના પ્રયાસથી અનેક વ્રત થયાં હતાં. રોજ શાસ્ત્ર સભા થતી. વરઘોડો પણ નીકળ્યો હતો.

ગુજરાતમાં ધર્મપ્રચાર કાર્ય—કરવા માટે પ્રે. મા. દિ. જૈન બોર્ડિંગના વિદ્યાર્થીઓએ મહાવીર મંડળ સ્થાપન કર્યું છે ને એના ૧૧ વિદ્યાર્થી ગત માસમા તારંગાની યાત્રા ગયા હતા ત્યાંથી ભાટવાસ, નવોવાસ, દાંતા, તથા સુદાસણા જઇ ભાષણો આપી ધાર્મિક સામાજીક વિષયોપર સારો પ્રકાશ પાડયો હતો. એ મંડળનો ૧ ગ્રુપ ફોટો પણ આ અંકમાં આપવામાં આવ્યો છે.

દાહોદ—પં. છોટેલાલ બરૈયા પધારવાથી શાસ્ત્ર સભા વગેરેમાં સારો આનંદ આવતો હતો. ત્રણે મંદિરોની રથયાત્રા આનંદથી નીકળી હતી, જમણ પણ મોટું થયુ હતું અનેક વર્ષોનો કુસંપ ઓછો થયેલો જણાતો હતો.

जैन समाचारावलि।

इस वर्ष पर्यूषण पर्व निम्नलिखित स्थानोंपर पूजन अभिषेक, शास्त्र सभा, जुलूस आदि द्वारा मनाये जानेके समाचार मिले हैं-सूरत, बम्बई, इन्दौर, खनियाधाना, तलवाड़ा, वांकानेर, खण्डवा, कुशलगढ़, विल्सी, गोगल, कलोल, मालवाड़ा, नवोवास, विजयनगर, अंकलेश्वर, वघेगांव, दाहोद, सोजित्रा, बावलवाड़ा, नरोड़ा, मुदासणा, हरदा, इटावा, झांसी, अमरावती, देहली, शिमला, मदरास, पाली, म ढूगल, पछार, मुरारिया, उजेडिया, बहराईच, सहारनपुर, थांदला, लखनऊ, कलकत्ता, डिब्रूगढ़, बड़वाहा, सोलापुर, खेकड़ा, चौरासी, पिढ़ाई, मोमीनाबाद, बड़नगर, बारासिवनी, जावुड़ी, बासौदा, बालाघाट, बारसलीगंज, अलाहाबाद, कारंजा, कासगंज, हिसार, फरुखाबाद, जयपुर, रानीपुर, जगदलपुर, अंगदपुर, उदयपुर, ग्वालियर, मनावर, मेरठ, छोटी सादड़ी, फतेपुर, सुजालपुर, धामपुर, धार, मुबारिकपुर, पावागिरी, बामौरा, डोरनकल, नसीराबाद, कुन्थलगिरि, मेलसा, रामपुर, चन्देरी, खुरई, मोरेना, गलियाकोट, मंदसौर, ललितपुर, किशनगढ़, अमदावाद, तिलोकपुर, वार्गीदौरा आदि अनेक स्थानोंसे समाचार मिले हैं। उनमें खास विशेषता यह थी—

इंदौर-में सुदी १४ को सौ० मैनाबाईजी देवीचन्दजीका स्वर्गवास होगया। आपके स्मरणमें १५००२) दानमें निकाले गये हैं जिसमें १०००१) से वहां श्राविकाश्रम खुलेगा। तथा ५००१) अन्य संस्थाओंको दानमें दिये जायगे। शिमला-में कई आम व्याख्यान हुए थे। गलियाकोट-में तेरहद्वीप पूजन हुआ था। आर्यिका चन्द्रमतीके उपदेशसे प्यारीबाईने ब्रह्मचर्य प्रतिमा धारण की है। अनेकने जनेऊ लिये व अनेक प्रतिज्ञाएं ली थीं। खण्डवा-में तत्वार्थके उत्तम अर्थ करनेवाले विद्यार्थियोंको सुवर्ण व रौप्यपदक दिये गये थे। सेठ चुन्नीलालजी आतरवालोंने ११०००) औषधालयको दान किये। इटावा-में युवक संघ व पं० चंद्रसेनजीके उद्योगसे अधिक आनन्द रहा था। मदरास-में सेठ वैजनाथजीने बड़ा उत्सव कराया था। आपकी धर्मपत्नीने जैन नित्य पाठ संग्रह १३०० कापी भेट वितरण की हैं। देहली-में पं० देवकीनन्दनजी, कलाशचंदजी व पं० बंशीधरजी पधारे थे। तीनोंमें पं० देवकीनन्दनजीका व्याख्यान अतीव प्रभावक रहा था। पछार-में ३००) का चार दानका चंदा हुआ। लखनऊ-में सेठ जेठमल सदासुखजीने १००) संस्थाओंको दान किये। दाहोदमें-१००) मोरेना विद्यालयको मिले। उदयपुरमें-आचार्य संघ होनेसे अतीव धर्मप्रभावना हुई थी। ९ बाईयोंने १० १० और १ ने ७ उपवास किये थे। अमरावतीमें-ब्र० सीतलप्रसादजी, प्रॉ० हीरालालजी व बेरिष्टर जमनाप्रसादजीके व्याख्यानोंसे अच्छी धर्मचर्चा हुई थी।

सेठ चुन्नीलालजी आतरवालों-ने दि० जैन पारमार्थिक औषधालय खण्डवाको पहिले ११०००) दिये थे तथा अभी १५०००) और दिये हैं।

मुनींद्रमंडलीका अंत-दमोहसे मुनींद्रमंडली मोटरमें जबलपुर गई थी, वहां तीनों मुनिने लंगोटी लगाली, व इनकी अनेक पोलें प्रकट हुईं। तथा उनके पास करीब २०००) और १५ तोला सोना निकला। फिर मुनींद्रसागरका अधिक बीमार होनेपर ता० २७ सितंबरको विक्टोरिया होस्पिटल जबलपुरमें देहांत होगया। उसके बाद एक मुनिवेषी शायद देवेंद्रसागरने कुएमें गिरकर प्राण त्यागा व इस मंडलीकी एक बाई हनूमान ताल (तालाब) में डूब मरी है। पुलिस तपास चालू

है। अंत समयतक मुनींद्रसागरको कषाय नहीं गई थी।

उस्मानाबाद–में सेठ माणिकचंद बालचंदजीका ६८ वर्षकी आयुमें स्वर्गवास होगया। २०००) दान कर गये हैं।

बड़वानी–स्टेटमें दशहरापर होनेवाली पशु हिंसा इस वर्षसे बंद हुई है।

ब्यावरके सेठजी–रा० सा० मोतीलालजी (चम्पालाल रामस्वरूपवालों) ने १४ वर्षके कम उम्रवाली सेठ राधाकिशनजीकी पुत्रीसे शादी की है। अतः आपपर शारदा–एक्ट अनुसार केस चलाया गया है।

बड़ौत–में दि० जैन हाईस्कूलका १८वां अधिवेशन १४–१५ अक्टूबरको होगा। तब सायंस विभाग भी खुलेगा। श्री० साहू जुगमंदिरदासजी नजीबाबाद सभापति होंगे।

चन्देरी–में १००० प्राचीन ग्रन्थोंका शास्त्र भण्डार है, जिसकी सूची सेठ पन्नालाल हाथीसावने अभी बनाई है। जिससे मालूम हुआ है कि ताड़पत्र व स्वर्णाक्षरोंके भी ग्रन्थ हैं। तथा २ शास्त्र संवत् १७३ का व संवत् १२९ के हैं। इसकी खोज होनी चाहिये।

ऋषभदेव–ध्वजादंड केसमें ध्वजादंड आरोहणके प्रमाण ता० २९ नवम्बरको पेश करनेके लिये दि० जैनोंको ध्वजादंड जांच कमीशनसे सूचना मिली है।

जीवदया सभा आगरा–के लिये निकाली गई सहायता आगरा अथवा सभापति साहु जुगमंदिरदासजी नजीबाबादको भेज सकते हैं। यह सभा जीवदयाका उत्तम कार्य कर रही है।

जैनी साहबके लाख रु०के फंडकी व्यवस्था–इन्दौरमें एक ट्रस्ट कमेटी (लालचंदजी, ब्र० सीतलप्रसादजी, विमलप्रसादजी व मित्तलसाहब) द्वारा उत्तमतया होती है। अभी ही सन १९३३ का हिसाब प्रकट हुआ है। इससे मालूम होता है कि जमा बाजू ९०८७१॥।=)॥२ हैं जिनमें करीब ८९०००) स्थायी फंड सुरक्षित है। फंड द्वारा अंग्रेजी भाषामें जैनधर्मका साहित्य प्रकट करनेका व लंडनमें जैनधर्मके प्रचारका कार्य अच्छी तरह हो रहा है।

चरणगांव–में पाठशालाका अधिवेशन होगया। लड़कोंने अकलंक नाटक खेला था।

वर्णीजीका (४१६)का दान–पं० मोतीलालजी वर्णी पपौराने अपनी वृद्धावस्था जानकर निज संपत्ति (४१६)का दान संस्थाओंको कर दिया है।

पुत्रजन्ममें बड़ा दान–सेठ गुलाबचंदजी गंगवाल लालूजवालोंने पुत्र जन्मके हर्षमें ४४२५)का दान किया है।

इन्दौरमें–ला० हजारीलालजीकी सौ० सुपुत्रीका स्वर्गवास धर्मध्यान पूर्वक होगया। २२५) संस्थाओंको दान किया गया था।

उत्तम लेखक–पं० रामलालजी रामपुर स्टेटने ३॥ इंच लंबी व २॥ इंच चौड़ी जगहमें भक्तामर स्तोत्र लिखा है। धन्यवाद!

इन्दौरमें नग्न साधुओंके विहारमें रुकावट डालनेका बिल–पेश हुआ है और वह जल्दी पास होनेकी संभावना है जिससे इन्दौरके जैनोंमें बड़ी भारी खलबल मच गई है और उसका विरोध करनेके लिये छहो गोटोंकी सभा मारवाड़ी मंदिरमें हुई थी जिसमें महाराज साहेबको यह बिल रोकनेके लिये तार किया गया और इस एक्टको रोकनेका प्रयत्न करनेके लिये १००–१५० मेम्बरोंकी कमेटी बनाई गई व उसके कार्यकर्ता चुने गये हैं तथा प्रथम मिनिस्टर व आवश्यकता पड़े तो महाराजा साहबके पास डेपुटेशन ले जानेका भी प्रस्ताव हुआ है।

સમાજની સળગતી સમસ્યાઓ.

(લેખકઃ—વિનય દેશાઈ, અમદાવાદ.)

આપણા સમાજે ચોમેર ઉભાં કરેલાં એવા અનિષ્ટ બંધનોની ને અન્યાયના અદ્દે લગ્ને પ્રમ- રાવતી સંગઠનને નામે આપખુદીથી ઊભી થયેલી આપણી જ્ઞાતિ તેના સંતાનોનું અનેક પ્રકારે બલીદાન લીધે જાય છે. આને માટે કોણ જવા- બદાર? ભારપૂર્વક જોતાં જણાશે કે સમાજના સુકાનીઓ પટેલો પંચો બીજે નંબરે વડીલશાહી સમાજની આપખુદીથી જ્ઞાતિ આગેવાનો મુડી વાદીઓ અને તેના ખીદમતગારો સમાજની જુની રૂઢ બનેલી અયોગ્ય પ્રણાલીકાઓને પોષે જાય છે અને આ પ્રકારે સબળો ગણાતો વર્ગ નબળા ઉપર જોહુકમી ચલાવે જાય છે, પણ હવે તો એ શાસનચારીઓ જેમના અન્યાયી ને અંધાધુંધી વાતાવરણથી સામાજીક સીતમો હદ વટાવી ગયા છે, તેમને પદભ્રષ્ટ કર્યેજ છુટકો અને યુવાનો પોતાના એકત્ર બળથી જ્ઞાતિઓના ટુકડા સાંધવા તનતોડ મહેનત કરાવે તથા અનીષ્ટ બદઓ દૂર કરે તથા જ્ઞાતિમાં દરેક વ્યક્તિને ન્યાય મળે, એ મુજબ કાર્ય પ્રણાલી ઉપાડવા સુકાન પોતાને હાથ ધરે તોજ જ્ઞાતીઓના સડા નષ્ટ- પ્રાય થાય, સમાજ બંધારણ મજબુત અને વિશાળ બને, આવું ક્ષેત્ર ઊભું કરવા દરેક યુવક યુવતી બંન્નેને શિક્ષણ, સ્વાશ્રય, સ્વતંત્રતાના ચુસ્ત ઉપાસક બનવું જોઈએ. સમાજની પુનર્રચના નવું ઘડતર ઘડવામાં નવ યુવાન વર્ગ પોતાનો યથાર્થ ફાળો પોતાની ફરજ સમજી આપે. ને ક્રાન્તીની ચીનગારી સળગાવે તોજ જ્ઞાતીઓના ભેદાભેદ નષ્ટ થાય. કારણ પ્રગતી પરિવર્તન સિવાય જીવન નથી. જુનું નવા સ્વરૂપમાં બદ- લાય તોજ ટકે, જગતમાં મોખરે આવે નહીંતો તેનો નક્કી નાશજ સમજવો.

સમાજ જીવનના મુખ્ય સ્તંભ ને ઉન્નતિ રૂપ લગ્ન જીવન કેટલું દુર્દૈવ ને દારૂણ છે એ જાણવું જરૂરનું છે. આપણાં લગ્નો પૈસો, કુલીનતા, રૂપ, મોહ ને વડીલોની મરજી ઉપર રચાયેલો છે. તેમાં પરસ્પરનું સામ્ય શિક્ષણ કે સદ્‌ગુણુને સ્થાન નથી. પરીણામે અનમેલ સંમતી વિનાનાં પ્રેમહીન લગ્નોમાં કંઇ રસકારી કે દાંપત્ય જીવનની ઉચ્ચતા ભાસતી નથી અને સળગતો સંસાર બની રહે છે. વડીલો બાળકોને પરણાવવાના લ્હાવા લેવા બાલ્ય વયે લગ્નમાં હોમે છે. એટલું ધ્યાન પણ બાળકોના આધ્યાત્મીક કે માનસીક વિકાસ પર- ત્વે કે તેમને સંસ્કારી ને વીર બનાવવા આપતા નથી. આવી નિર્માલ્ય પ્રજાની સંતતિનો પાક તો કોઇ ઓર દુબળો ફાલ્યો જાય છે. ગુલામોનો સમુદાય વધતો જાય છે. સંતતી નીયમન કે સંયમનો બળાત્કાર ત્યા લાગુ હોતો નથી.

આવા બાળલગ્નોના પરીણામે ઘેરઘેર બાળ- વિધવાઓના જુથ ભાસે છે અને તેમનાં ભાવી જીવન રડતાં નીવડે તેમા શી નવાઇ? આથી આગળ લગ્ન જેવા જીવનના સુખ દુઃખના પ્રશ્નોમાં જીવન સાથીની પંદસગી વડીલશાહીના ઉપર રહે અને તેનો સ્વાર્થની ખાતર દુર ઉપયોગ થાય એમાં શું કહેવાનું હોય? જાણે પોતાની જણેલી પ્રજાના તનમન ધનના માલિક બનવું તેમને રૂચે અને તેમના તમામ હક ખૂંચવી લેવાય. આવી પ્રજા પણ વડીલોની ગુલામીમાં સડતીજ હોય છે. વડીલ- શાહીની જોહુકમીમા કેટલીય નીર્દોષ બાળાઓ હોમાય છે અને તેથી વધુ જ્ઞાતિની સંકુચિત જાળમાં કેટલાય યુવાન હૃદયો યોગ્ય જીવન સાથીના અભાવે જીવન કરુણાથી ગાળે છે. આથી એકજ ઉપાય રહે છે કે આપણા લગ્નો અમુક યોગ્ય બંધનથી સ્વ પસંદગીના સ્વભાવ તથા નિર્માલ્ય સમાજ રચના તેની આડે આવે એ ન પોસાય. તે ઉપરાંત લગ્ન જીવન રસાળ ને સુખપ્રદ અને તે ખાતર તથા ભાવી પ્રજા બળવાન ને પરાક્રમી નીવડે તે માટે સંતતિ નિયમન ને યોગ્ય ઉંમ-

રના લગ્નો ઉપર ખાસ ભાર મુકાય અને આવા ધારા ધોરણો ન થાય, તો યુવાને નિર્માલ્ય પ્રજા તથા લગ્નપ્રણાલી પલટાવવા તથા ઘેરઘેર આદર્શ બાળકો નીપજાવવા અમુક વખત સુધી કોઇપણ સામાજીક કાર્યના બહીષ્કાર કરે (સીવાય ધાર્મિક) તોજ દેશનું સમાજનું ભાવી સુદ્રઢ ને ઉજળું બની રહેશે. ભાવી લગ્નપ્રથા સુધારવા સમાજ બંધારણ નવું ઘડવા તથા યુવકો પરસ્પર સહચાર સાધે તથા સમાજનું સંકુચિતપણું મીટાવવા પ્રયાસ કરે એ જરૂર ઇચ્છવા જોગ છે. આથી સમાજમાં નીતિનું ધ્યેય નહી સચવાય એવો નિર્માલ્ય ભય રાખવો યોગ્ય નથી. સમાજની પાંગળી નીતિ તથા ધર્મને નામે પોસાતી છુપી કલંક કથાઓ કરતાં આ નીતિ વધુ ઉજવળ નીવડી છે ને નીવડશે.

હવે સામાન્ય સ્ત્રીઓની સ્થિતિ તરફ નજર કરતાં જરૂર આદર્શ હૃદય દુઃખાય. સમાજના પુરૂષદેવે સ્ત્રીના નાનામાં નાના હકથી માંડીને દરેક હકો ઉપર પતિ વ્રતની સ્વામીત્વની બેડી કેટલાય વખતથી એવી સજ્જડ રીતે ઠોકી બેસાડી છે કે હજુ સુધી આપણો એ સ્ત્રી સમાજ એજ ગુલામીમાં સડતો રહયો છે અને એજ નિર્દય સત્તા ચાલુ રાખી તેણે સ્ત્રીને પાંગળી, નિરક્ષર તથા સ્વરક્ષણ કરવા બીરૂ બનાવી મુકી છે. પોતાને લાગુ પડતા સ્વમાન ને સ્વતંત્રતાના હકોથી અલગ રાખી છે. સમાજના પુરૂષોએ વિધવાને માટે લોખંડી સાંકળો ખડી કરી છે. વીધવા અપશુકનીયાળ ને ક્ષુદ્ર લેખવામાં આવે છે, તેમની ઉન્નતિના ક્ષેત્ર ઉભાં કરવા સ્વાર્થી સમાજ ભાગ્યે ધ્યાન આપે છે. સમાજની આ દાંભીક છળજાળને રૂઢી સંકલના નષ્ટપ્રાય કરી નવ સૃજન પ્રાપ્ત કરવા એકજ માર્ગ રહે છે અને તે એ કે જુનાં તત્વો કાઢી નાંખી તથા નવાં તત્વોનું તારતમ્ય કાઢી સમાજ અન્યની હરોળમાં ઉભા રહેવા નવ જોમ ને નવચેતન સાથે અવનવું પરીવર્તન કરી મુકે અને સમાજની પ્રત્યેક વ્યકિત યોગ્ય લાગતા નવીન સુધારા દાખલ કરી અપનાવી લે. કજીયા કુસંપનાં ઘમંડ દૂર કરે તોજ કાલનો અવ્યવસ્થીત સમાજ સંગઠીત વ્યવસ્થીત અને બળવાન પ્રગતીશાળી નીવડશે નહી તો આજે છે તેનાથી પણ વીપરીત દશા અનુભવશે અને એટલું તો ચોકસ છે કે સમાજના પાયા પ્રગતી પરીવર્તન શીવય છિન્ન ભીન્ન થઇ જવાના.

આને માટે એકજ માર્ગ અને એકજ વાત સમાજ ને પંચ કે વડીલશાહીને માટે એકજ ઉપાય છે અને તે એ કે જેમ બને તેમ વહેલી તકે આપણા સમજના અનીષ્ટ વાતાવરણને તાકીદે દૂર કરી શાન્તીનું રાજ્ય સ્થાપે તેમાંજ તેમનું સાચુ ગૌરવ છે, અને સાથે એટલું તો ધ્યાન જરૂર રાખે કે આજનો યુવાન વર્ગ ક્રાન્તી માગે છે પ્રગતી માંગે છે, તે સારૂ પોતાનું જુનું બંધારણ સાપની કાંચળી માફક અલગ કરી સમાજનો યુવાન ભત્રીજના સમાજના આ પ્રશ્નો અપનાવવા ઘુમી રહ્યો છે, તેનું રક્ત સમાજના દંભો દફનાવવા ઉકળી રહ્યું છે અને તે વાસ્તે તે હવે બહાદુર બની લોખંડી માનસથી ઝઝુમી માર્ગ કરવા માગે છે. બસ એકજ માર્ગ અને એકજ ધ્યેય.

ગોરેલ—બ્ર. ફતેહસાગરજીએ ૧૬ ઉપવાસ કર્યા હતા. પાનાચંદ ગુલાબચંદ શાસ્ત્ર વાંચતા હતા. બ્રહ્મચારીજીએ ૧૦૦) દાન ઉપવાસની ખુશાલીમાં કર્યું છે તેમાં ૫) દિ. જૈનને માટે પણ છે.

કલોલ—પૂજન અભિષેક નિયમિત થતા હતા. સેવામંડળની બે સભાઓ થઇ હતી. પૂનમે દિ. જૈન બાહુબલી વ્યાયામશાળાનો મેલાવડો થયો હતો, તેમાં વિદ્યાર્થીઓએ કસરતના અનેક ઉત્તમ ખેલો કર્યા હતા અંતમાં તેમને વાસણ, નાળિયેર રૂમાલ ને દુધ અપાયું હતું. વરઘોડો પણ નીકળ્યો હતો. સારી ધર્મ પ્રભાવના થઇ હતી.

માણસા—પૂજન અભિષેક શાસ્ત્ર ઉપરાંત ચોવીસ જિન પૂજા કરવામાં આવી હતી.

श्री अजितनाथजीका ऐतिहासिक चरित्र।

(लेखकः—श्री० भैंगेदा पद्मचंद सेठी, लाडनूं)

सदक्षराजराजित प्रभोदयस्त्व वर्द्धनः।
सतां तमो हरन् जयन महो दयापराजितः॥
सदक्षराजराजित प्रभोदय स्ववर्द्धनः
सतान्तमोहरंजयन् महोदयापराजितः॥१७

अजित—(१) अजेय जो किसीसे जीता न जासके, नेत्ररोग निवारक एक तेल विशेष, एक प्रकारका ज़हरमुहरा, एक प्रकारका जहरीला चूहा, विष्णु, शिव, शुद्धात्मा, परमात्मा।

(२) द्वितीय तीर्थंकरका नाम। वर्त्तमान अवसर्पिणी कालके गत चतुर्थ विभाग 'दुःखम सुखम' नामक कालमें हुए २४ तीर्थंकरों (धर्मतीर्थप्रवर्तक महान पुरुषों) मेंसे द्वितीय तीर्थंकरका नाम 'अजित' या 'श्री अजितनाथ' है॥

१—इन्होंने इक्ष्वाकवंशी काश्यप गोत्र अयोध्या नरेश महाराज 'जितशत्रु' (त्रृजित) की पटरानी 'विजयादेवी' (विजयसेना) के गर्भमें शुभ मिती जेष्ठ कृष्ण ३० (अमावस्या) की रात्रिके पिछले प्रहर 'रोहिणी' नक्षत्रमें विजय नामक अनुत्तर विमानसे आकर और दश दिवस अधिक अष्टमास गर्भस्थ रहकर नवम मासमें शुभ मिती माघ शुक्ल १० को प्रातःकाल रोहिणी नक्षत्रमें जन्म धारण किया।

२—इनका जन्म प्रथम तीर्थंकर 'श्री ऋषभदेव' के निर्वाणगमनसे लगभग ७० लक्ष पूर्वकाल कम ५० लक्ष कोटि सागरोपमकाल पीछे और अन्तिम अर्थात् २४ वें तीर्थंकर 'श्री महावीर स्वामी' के निर्वाण कालसे लगभग ४२ सहस्र वर्ष कम ७२ लक्ष पूर्व अधिक ५० लक्ष कोटि सागरोपमकाल पहिले हुआ था।

नोट—८४ लाख वर्षका एक पूर्वाङ्गकाल और ८४ लक्ष पूर्वाङ्गका एक पूर्वकाल होता है। ४१३४५२६३०३०८२०३१७७७४९५१२१९-२००००००००००००००००००० (२७ अंक और २० शून्य, सर्व सैंतालीस अङ्क प्रमाण) वर्षका एक व्यवहार पल्योपमकाल और १० कोड़ाकोड़ी अर्थात् १ पद्म (१०००००००००००००००) व्यवहार पल्योपमकालका १ व्यवहार सागरोपमकाल होता है।

अतः ७०५६०००००००००० वर्षका एक पूर्वकाल और ४१३४५२६३०३०८२०३१७७-७४९५१२१९२००००००००००००००००००-००००००००००००००००००० (२७ अङ्क और ३५ शून्य, सर्व ६२ अङ्क प्रमाण) वर्षोंका एक व्यवहार सागरोपमकाल होता है।

(नोट—परन्तु अवसर्पिणी कालकी गणना अद्धा पल्य व सागरसे है जो व्यवहारसे असंख्यातगुणा है।)

३—जिस रात्रिको 'श्री अजितनाथ' अपनी माताके शिशुकुक्षि अर्थात् गर्भमें आये उस रात्रिके अन्तिम भागमें इनकी माताने निम्नलिखित १६ स्वप्न देखे:—

(१) श्वेत ऐरावत हस्ती, (२) गंभीर शब्द करता एक पुष्ट श्वेत वृषभ अर्थात् बैल, (३) निर्भय विचरता हुआ केहरि सिंह, (४) लक्ष्मीदेवी जिसे दो श्वेत हस्ती अपनी अपनी सूँडमें स्वच्छ जल

भरकर स्नान करा रहे थे, (५) आकाशमें लटकती दो सुगंधित पुष्पमालाएँ, (६) तारागण मंडित पूर्ण चन्द्रमंडल, (७) उदय होता हुआ सूर्य, (८) कमलपत्रोंसे ढके दो स्वर्ण कलश, (९) सरोवरमें कल्लोल करती मछलियोंका जोड़ा, (१०) स्वच्छ जलसे भरा एक विस्तीर्ण सरोवर, (११) जलचर जीवों सहित विशाल समुद्र, (१२) रत्नजड़ित एक उत्तुंग सिंहासन, (१३) आकाशमें गमन करता एक रत्नमय देवविमान, (१४) पृथ्वीसे निकलता एक नागेंद्रभवन, (१५) बहुमूल्य रत्नोंकी एक ऊँची राशि, (१६) निर्धूम्र प्रज्वलित अग्नि।

इन १६ स्वप्नोंके पश्चात् माताने अपने मुख मार्गसे एक श्वेत गन्ध सिन्धुर (गन्धयुक्त हस्ती) को सूक्ष्म रूपमें प्रवेश करते देखा और फिर तुरन्त ही निद्रा खुल गई।

४–गर्भमें इस महान पवित्र आत्माके अवतीर्ण होनेसे षट् मास पूर्वहीसे महाराजा 'जितशत्रु' के नगर व राजभवनमें दैवबलसे अनेक दिव्य शक्तियोंका प्रकाश दिव्य दृष्टि रखनेवालोंको दृष्टिगोचर होता रहा। इस दैवी चमत्कारसे माताके गर्भका समय पूर्ण आनन्द और भगवद्भक्ति व धर्मचर्चामें व्यतीत हुआ। प्रसवके समय भी माताको किसी प्रकारका कष्ट नहीं हुआ किन्तु उस महान आत्माके पूर्ण पुन्योदयसे क्षणभरके लिये संसारभरमें आनंद लहर विद्युत लहरके समान फैल गई।

५–अपने अपने 'मति-ज्ञानावरण' और 'श्रुत ज्ञानावरण' कर्मोंके क्षयोपशमानुसार मतिज्ञान और श्रुतज्ञान, यह दो प्रकारके ज्ञान तो अरहन्तों व सिद्धोंके अतिरिक्त त्रैलोक्यके प्राणी मात्रको हरसमय निरन्तर कुछ न कुछ प्राप्त हैं। पर इस पवित्र आत्माको अपने अवधिज्ञानावरण कर्मके क्षयोपशमसे सुमतिज्ञान और सुश्रुत-ज्ञानके अतिरिक्त तीसरा अनुगामी सुअवधिज्ञान भी गर्भावस्थासे ही प्राप्त था, जो साधारण मनुष्योंमेंसे किसी किसीको ही उग्र तपोबलसे प्राप्त होता है। अतः इस महान आत्माको विद्याध्ययन या किसी लौकिक या पारमार्थिक शिक्षाके लिये किसी विद्या-गुरुकी आवश्यक्ता न हुई।

६–इनका दिव्य पवित्र भोजन-पान इतना विशुद्ध, सूक्ष्म, अल्प और अगरु (हल्का) होता था जो पूर्ण रूपसे शरीराङ्ग बन जाता था जिससे साधारण प्राणियोंके समान इनके शरीरमें मलमूत्र और स्वेद (पसीना) न बनता था अर्थात् सम्पूर्ण भोज्य पदार्थ यथा आवश्यक शरीरकी सप्त धातुओंमें परिवर्तित होजाता था जिससे इन्हें मलमूत्र आदि किसी भी मल-त्यागकी आवश्यकता न पड़ती थी। (नोट–जब तक तीर्थंकर गृहस्थमें रहते हैं तब तक देवोपनीत भोजन वस्त्र पहनते हैं। यह अमृतमई भोजन शरीरमें शीघ्र शुद्ध होजाता है।)

नोट–आयु भर भोजनपान ग्रहण करते हुये मलमूत्र त्याग न करना यद्यपि एक आश्चर्यजनक और बड़ी ही अद्भुत बात है तथापि सर्वथा असम्भव नहीं है। जब कि हम यह देखते हैं कि आजकल भी कोई साधारण मनुष्य कभी कभी और कहीं कहीं ऐसे दृष्टिगोचर होजाते हैं जो दो चार आठ दिन, या पक्ष दो पक्ष ही नहीं, दो चार मास या केवल वर्ष दो वर्ष नहीं, किन्तु निम्नलिखित एक व्यक्ति तो पूरे बारह वर्ष तक नित्य प्रति भोजन पान ग्रहण करता हुआ भी मल-त्याग बिना पूर्ण निरोग और हृष्ट पुष्ट बना रहा:–

१–श्रीमान बाबू प्यारेलालजी जमींदार अगौठा, डाकखाना हर्दुआगंज, जि० अलीगढ़ जो एक प्रतिष्ठित और सुप्रसिद्ध पुरुष हैं और जो ज्योतिष, वैद्यक, गणित, इतिहास, भूगोल, कृषि, वाणिज्य, शिल्प, इत्यादि अनेक विद्याओं और कलाओं सम्बन्धी अनेकानेक ग्रंथोंके रचयिता व अनुवाद-

कर्ता हैं, निज रचित 'जोहरे हिकमत' नामक उर्दू ग्रन्थकी सन् १८९८ ई०की छपी द्वितीय आवृत्तिके सप्तम भाग 'इलाजुल अमराज'के पृष्ठ ७ पर संख्या (२)में निम्न समाचार लिखते हैं:—

"मौजा सासनी, तहसील इग्लास, जिला अलीगढ़में मेरे मामूका साला एक शख्स पटवारी है। उसकी बारात गई। रास्तेमें वह एक कब्रके पास पाखानेको बैठा। उसी रोजसे उसका पाखाने जाना बंद होगया। वह तन्दुरुस्त रहा। खूब खाता पीता जवान होगया। मगर 'बारह बरस' तक कभी उसको पाखानेकी हाजत न हुई न दस्त आया। डाक्टरी इलाज कराया मगर बे सूद। आखिर उसकी औरत मर गई। फिर दूसरी शादी हुई। उस वक्तसे खुद ब खुद वह पाखाने जाने लगा और दस्त आने लगा"।

२–उपर्युक्त व्यक्तिके अतिरिक्त चार चार, पांच पांच, आठ आठ, दश दश या ग्यारह दिवसके पश्चात् मल त्याग करनेवाले निरोग स्त्री या पुरुष तो कई एक सुनने और देखनेमें आये हैं।

चरक आदि वैद्यक ग्रन्थोंसे यह भी पता चलता है कि 'भस्मक व्याधि' नामक एक रोग भी ऐसा होता है जिसका रोगी चाहे जितना भोजन करे वह सर्व ही मल नहीं बनता किंतु उदरमें पहुंचते ही भस्म होकर अदृश्य होजाता है जिससे ऐसा रोगी भूखासे हरदम बेचैन रहता है। यह रोग कफके अत्यन्त कम होजाने और वातपित्तके बढ़ जानेसे जठराग्नि तीव्र होकर उत्पन्न होजाता है। इसे अंगरेजी भाषामें बूलीमस (Bulimus), अरबी भाषामें 'जूउलबक्र' और उर्दू भाषामें 'भूखका होका' बोलते हैं।

उपर्युक्त कथनसे निःसंकोच यह तो प्रतीत हो ही जाता है कि ग्रहण किये हुए स्थूल भोजनका भी असार भाग स्थूल मल बनकर किसी न किसी अन्य सूक्ष्म और अदृश्य रूपमें परिवर्तित होकर शरीरसे निकल जासकता है। अतः जब साधारण व्यक्तियोंके सम्बन्धमें स्थूल और गरिष्ट आदि सर्व प्रकारका अधिक भोजन करते हुए भी किसी न किसी विशेष कारणसे उनके शरीरमें स्थूल मल न बननेकी सम्भावना है तो दिव्य शक्तियुक्त महा पुण्याधिकारी असाधारण पुरुषोंका विशुद्ध सूक्ष्म और अल्प आहार मलमूत्रादिक रूपमें न परिवर्तित होना कैसे असंभव होसकता है? यहां इतना विशेष है कि साधारण व्यक्तियोंके शरीरमें तो आहारका असार भाग (खल भाग) स्थूल या सूक्ष्म मलके रूपमें अवश्य परिवर्तित होता है और किसी न किसी मार्गसे शीघ्र या अशीघ्र कभी न कभी निकल जाता है परन्तु तीर्थंकर जैसे असाधारण व्यक्तियोंका प्रथम तो आहार ही ऐसा विशुद्ध होता है जिसमें असार भाग नहीं होता। द्वितीय उनके शरीरकी जठराग्नि तथा अग्न्याशय, पाकाशय आदि अङ्ग भी असाधारण होते हैं, जो आहारको सर्वाङ्गरसमें परिवर्तित करके खल भाग शेष नहीं छोड़ते।

७–इनके शरीरका रुधिर रक्तवर्ण न था किन्तु दुग्ध जैसा श्वेत वर्ण था। इनका शरीर अति सुन्दर, सुगंधित, समचतुरस्र और अष्टाधिक सहस्र (१००८) शुभ लक्षणयुक्त था। इनके शरीरका संहनन वज्रवृषभनाराच और अतुल्य बलवान था। सदैव हितमित प्रिय वचन बोलना उनका स्वभाव था।

८–इनके शरीरका वर्ण और कान्ति तापे स्वर्णसमान देदीप्यमान और ऊँचाई ४९० धनुष अर्थात् ९०० गज थी। इनके शरीरके १००८ शुभ लक्षणोंमेंसे एक 'गज चिन्ह' मुख्य था जो इनके वाम चरणकी पगतलीमें था।

९–इनका सम्पूर्ण आयुकाल लगभग ७२ लक्ष पूर्वका था। जिसमेंसे चतुर्थ भाग अर्थात् लगभग

१८ लक्ष पूर्वकी वयतक यह कुमार अवस्थामें रहे; पिताके दीक्षित होनेके पश्चात् ५३ लक्ष पूर्व और एक पूर्वाङ्ग कालतक मंडलेश्वर राज्यवैभवका सुख भोगते रहनेपर भी यह भोगोंमें किसी समय लिप्त न हुए।

राज्य कार्यको जिस उत्तमसे उत्तम प्रबन्ध और पूर्ण योग्यताके साथ इन्होंने किया उसके विषयमें इतना ही बता देना पर्याप्त होगा कि इन सर्व कलापूर्ण और विद्यानिपुण महानुभावने प्रजाके उपकारमें अपनी शक्तिका कोई अंश बचा नहीं रखा था। इनके शासनकालमें प्रजा सर्व प्रकारसे सुखी धर्मज्ञ और षट्कर्मपरायण थी। धर्म, अर्थ, काम, मोक्ष इन चारों पुरुषार्थोंका यथायोग्य रीतिसे निर्विघ्न साधन करती थी। सागार और अनागार धर्म अर्थात् गृहस्थ और मुनि धर्म दोनों ही सर्वांश सुव्यवस्थित नियमानुकूल पालन किये जाते थे।

१०-जब आयुमें एक पूर्वाङ्ग कम एक लक्ष पूर्व और एक मास २६ दिन शेष रहे तब माघ शु० ८ की रात्रिको 'उल्कापात' अवलोकन कर क्षणिक सांसारिक विभवसे एकदम विरक्त होगये।

अगले दिन माघ शु० ९ को प्रातःकाल ही अपने प्रिय पुत्र 'अजितसेन' को राज्यभार सौंपकर अपराह्न काल, रोहिणी नक्षत्रमें जब कि तिथि १० का प्रारम्भ होचुका था 'सुप्रभा' नामक दिव्य शिविका (पालकी) में आरूढ़ हो अयोध्यापुरी (विनीतापुरी वा साकेतानगरी) के बाहर सहेतुक (सहस्राम्र) नामक वनमें पहुँचकर और विषमच्छद अर्थात् सप्तछद या सप्तपर्ण वृक्ष (सतौनेका पेड़)के नीचे षष्ठोपवास (बेला, ट्ठेला) का नियम लेकर दिगम्बरी दीक्षा धारण करली। इसी समय इन्हें चतुर्थ ज्ञान अर्थात् 'मनःपर्य्यय ज्ञान' का भी आविर्भाव होगया।

११-जिस समय इन्होंने दीक्षा धारण की उस समय इनके अनन्य भक्त एक सहस्र अन्य राजाओंने भी इनका साथ दिया।

१२-षष्ठोपवासके दो दिन बीतनेपर माघ शु० १२ को अरिष्टपुरी अर्थात् अयोध्या हीमें महाराज ब्रह्मदत्त (ब्रह्मभूत)ने इन्हें नवधा भक्तिपूर्वक गोदुग्ध पाकका शुद्ध और पवित्र आहार निरंतराय कराया।

१३-मुनि दीक्षा धारण करनेके पश्चात् ११ वर्ष, ११ मास और १ दिनतकके उग्रोग्र तपोबलसे इनके पवित्र आत्मामें अनेक ऋद्धियोंका प्रकाश हुआ और अन्तमें शुभ मिति पौष शु० ११ को अपराह्न काल (सायंकाल) रोहिणी नक्षत्रमें अयोध्यापुरीके समीप हीके वनमें षष्ठोपवासान्तर्गत ज्ञानावरणी आदि चारों घातिया कर्मोंका एकदम अभाव होकर अनन्त चतुष्ट अर्थात् अनन्त ज्ञान, अनन्त दर्शन, अनन्त सुख और अनन्त वीर्यका आविर्भाव होगया।

नोट ३-जब कभी किसी तपोनिष्ट महानुभावके आत्मामें महान तपोबलसे 'अनंत ज्ञानादि चतुष्टय' का आविर्भाव और २८ मूलगुणों तथा ८४ लक्ष उत्तर गुणोंकी पूर्णता हो जानेपर जो परम पूज्य, पवित्र और परमोत्कृष्ट अवस्था प्राप्त होजाती है, उसी अवस्थाविशेषका नाम 'अर्हन्त' (अरहन्त) है। घातिया कर्मोंपर विजय पानेके कारण उसी अवस्था या पदवीका नाम 'जिन' है। कर्ममल दूर होने और परम उच्च बनकर त्रैलोक्य पूज्य अपूर्व अवस्थाकी नवीन उत्पत्ति हो जानेसे 'ब्रह्म' या 'ब्रह्मा' 'केवलज्ञान' (पूर्णज्ञान या अनन्त ज्ञान) प्रकाश होकर सर्वत्र उसकी व्यापकता होनेसे 'विष्णु' और अनन्त सुखसम्पत्तियुक्त पूर्णानन्दमय होनेसे तथा सब घातिया कर्मोंको जो संसारोत्पत्ति या जन्ममरणका मुख्य कारण हैं नष्ट कर देनेसे 'शिव', लोकालोकके सर्वचराचर पदार्थोंका निरावरण अनिन्द्रिय ज्ञान प्राप्त हो जानेसे 'सर्वज्ञ' तीन

काल सम्बन्धी पदार्थोंका ज्ञाता होनेसे 'त्रैकालज्ञ' इत्यादि अष्टाधिक सहस्र या असंख्य और अनन्त "यथागुण तथा नाम" इसी अवस्था युक्त पवित्र आत्माके है। आत्माकी इसी अवस्थायुक्त आत्माको "सकल परमात्मा" भी कहते हैं।

१४–कैवल्य ज्ञान प्राप्त होनेके पश्चात् 'श्री अजितनाथ' के द्वारा एक पूर्वाङ्ग ११ वर्ष, १० मास, ६ दिन कम एक लाख पूर्वकालतक अनेक भव्य प्राणियोंको धर्मोपदेशका महान लाभ प्राप्त हुआ। तत्पश्चात् बंग देशस्थ 'सम्मेदाचल' अर्थात् सम्मेदपर्वत जो बंगाल देशान्तर्गत 'हजारीबाग' जिलेमें आजकल 'पार्श्वनाथ हिल' या 'पार्श्वनाथ पर्वत' के नामसे लोकप्रसिद्ध है, उसके शिखर (चोटी) पर शुभ मिती फाल्गुन शुक्ल ५ का पहुंचकर आयुके शेष भाग अर्थात् एक मास पर्यन्त 'सिद्धकूट' नामक कूटपर ध्यानारूढ़ रहे जिससे शेष चारों अघातिया कर्मोंको भी नष्ट कर शुभ मिती चैत्र शु० ५के प्रात:काल रोहिणी नक्षत्रमें कायोत्सर्ग आसनसे परमोत्कृष्ट निर्वाणपद प्राप्त किया।

१५–श्री अजितनाथके सम्बन्धमें अन्य ज्ञातव्य बातें निम्नलिखित हैं:—

(१) कैवल्यज्ञान प्राप्त होते ही धर्मोपदेशार्थ ४ प्राकार (गोलाकार कोटकी भीत या चारदीवारी), ५ वेदिका, ८ पृथ्वी, १२ सभाकोष्ठ, ३ पीठ और १ गन्धकुटी इत्यादि रचनायुक्त जो दिव्य गोलाकार समवशरण अर्थात् सर्व प्राणियोंको समभावसे अवशरण देनेवाले सभा मण्डपकी रचना की गई। उसका व्यास साढ़े ११ योजन (४६ कोस या लगभग १०४ मील) था।

(२) इनकी सभामें ९० गणधर, ३७५० पूर्वधारी, ९४०० अवधिज्ञानी, १२४०० अनुत्तरवादी, १२४५० विपुल मनःपर्यय ज्ञानी, २०००० केवलज्ञानी, २०४०० विक्रिया ऋद्धिधारी, २१६०० सूत्राभ्यासी शिक्षक एवं सर्व १ लाख और ९० यति थे; और यतियोंके अतिरिक्त प्रकुब्जा (फाल्गु) आदि ३ लाख २० सहस्र (३२००००) आर्यिका, ३ लक्ष प्रतिमाधारी (प्रतिज्ञाधारी) श्रावक, ५ लाख श्राविकायें, एवम् सर्व ११ लाख २० सहस्र देशसंयमी व्यक्ति थे।

(३) इनके मुख्य गणधर 'सिंहसेन' थे जो मति, श्रुत, अवधि और मन: पर्यय, इन चारों ज्ञानके धारक और द्वादशांग पाठी श्रुतकेवली थे।

(४) इनके मुख्य श्रोता जो समवशरणमें मुख्य गणधर द्वारा अपने प्रश्नोंके उत्तर श्रवण करते थे, 'सगर' चक्रवर्ती थे।

(५) उपर्युक्त १ लक्ष यतियोंमेंसे २० सहस्र ने तो श्री अजितनाथसे समवशरण ही में और २७१०० ने अन्यान्य स्थानोंमें, एवम् सर्व ७७१०० ने कैवल्य ज्ञान यथा अवसर प्राप्त किया और श्री अजितनाथके कैवल्यज्ञान प्राप्तिके समयसे मोक्षगमन तकके समय तक इन सर्वने मुक्तिपद पाया। २० सहस्रने पंच अनुत्तर तथा नव अनुदिश विमानोंमें और शेष २९०० ने नव ग्रैवेयक तथा १६ स्वर्गोंमें जन्म धारण किया।

(६) इनका तीर्थकाल इनके जन्म समयसे तीसरे तीर्थङ्कर 'श्री संभवनाथ' के जन्म समय तक लगभग १२ लक्ष पूर्व अधिक ३० लाख कोटि सागरोपम काल रहा।

(७) इनके तीर्थकालमें हमारे भरतक्षेत्रके आर्यखंडमें यथार्थ धर्मकी प्रवृत्ति अखंड रूप रही और निरन्तर कैवल्यज्ञानियोंके उपदेशका लाभ मिलता रहा।

(८) यह तीर्थंकर अपने पूर्वभव अर्थात् पूर्वजन्ममें जम्बूद्वीपके 'पूर्व विदेहक्षेत्र' में 'सीतानदी'

दक्षिण तटपर बसे हुए 'वत्स' नामक देशकी 'सुसीमा' नामकी सुप्रसिद्ध नगरीके अधिपति 'विमलवाहन' नामक मांडलिक राजा थे जो सांसारिक भोगोंसे विरक्त हो, राज्यको त्याग, 'श्री अरिन्दम आचार्यसे मुनिदीक्षा ग्रहण कर, उग्र तपश्चरण करते हुए ११ अङ्गके पाठी हो, १६ कारण भावनाओंसे तीर्थङ्कर नामकर्मका बन्ध बांध, समाधिमरणपूर्वक शरीर त्याग 'विजय' नामक अनुत्तर विमानमें अहमेन्द्र पद प्राप्त किया और ३३ सागरोपमकी आयुको निरंतर अध्यात्म-चर्चा और आत्मानन्दमें व्यतीत कर अयोध्यापुरमें उपर्युक्त पवित्र राजवंशमें अवतार लेकर तीर्थङ्कर पद पाया।

(९) जब इन्होंने निर्वाण पद प्राप्त किया तब उसीके लगभग १००० अन्य महामुनियोंने भी निर्वाण पद पाया।

(१०) द्वितीय चक्रवर्ति 'सगर' जिसने लगभग ७२ लाख पूर्वकालकी वयमें निर्वाण पद पाया। और ११ अङ्ग १० पूर्वपाठी द्वितीय रुद्र 'जितशत्रु' जिसने लगभग ७१ लाख पूर्वकी वयमें परम कृष्णलेश्या युक्त शरीर त्याग सप्तम नरकमें जन्म लिया, यह दोनों 'श्री अजितनाथ' तीर्थङ्करके समकालीन थे।

(११) श्री सम्मेदशिखरके जिस 'सिद्धकूट' नामक कूटसे इन्होंने निर्वाण पद पाया उससे वर्त्तमान अवसर्पिणी कालके गत चतुर्थ विभागमें एक अरब अस्सी करोड़ ५४ लाख (१८०५४०००००) अन्य मुनियोंने भी मुक्तिपद पाया था।

मुनिराजको आहार देनेकी विधि।

(ले०—उपदेशक पं० पीताम्बरदासजी)

(१)

आहार विधि निर्ग्रंथ मुनिकी मैं करूं वर्णन उसे,
सांप्रति समयके श्रावकोंको रीति कहते हैं जिसे।
प्रासुक सुजल मिष्टान्न तरकारी गृही खाते सभी,
बनते आहार विभाग करते हों खड़े देखें तभी॥

(२)

पीते न नीर गृही सचित्त कर अचित वर्तनमें भरें,
लें सब अचीते अन्न, शाक, पके प्रासुक कर धरें।
निज उदर भरनें फल सचित्त लें कर अचित रक्खें गृही,
निर्ग्रंथको आहार दें श्रावक धर्म मुख्या यही॥*

(३)

निजद्वारके पथमें भ्रमण करते प्रत्यक्ष लखें यती,
मिल जांय सभ्य महाव्रती हों सोचते पंचम गती।
बोलें गृही तिष्ठ प्रभो! तिष्ठ प्रभो! तिष्ठ प्रभो!
आहार, जल अति शुद्ध है पड़गाहता हूं मैं विभो!

(४)

देखे खड़े मुनिराजको बोले गृही पूजें चरण,
दूं उच्च आसन आइये मैं शीश धर करता नमन।
पूजन करूं विधि आठसे मन, तन, वचनको शुद्ध कर,
आहार दूं अति भक्तिसे दूंगा कमन्डल नीर भर।

(५)

दातार श्रावक, श्राविका लेकर कलश निज हाथमें,
ले अष्ट मंगल द्रव्य वर्ते लगे यत्नाचारमें।
मन, तन, वचनमें रख विनय धो दे प्रथम मुनिके चरण,
निज शीशपर वह न्हौनका जल ले चढ़ा समझे तरण।

(६)

अर्चन किया दे अर्घ सविनय भोजनालयमें लखा,
रक्खा अहार विभाग यतिका यति मिले न गया भखा।

---

* संग्रहमुच्चस्थानं पादोदकमर्चनं प्रणामश्च।
वाक्कायमनःशुद्धिरेषणशुद्धिश्च विधिमाहुः॥

रक्खे कटोरे थालमें हों भोज पूर्ण जुदे ! जुदे !
रोटी, मठा, फल, दाल, शाक बने धरे वर्तन रुदे।

(७)

औषधि प्रासुक सहित व्यंजन धरे दीख सकें जुदे,
जिससे सुपात्र समझ सके आहार भक्ष्य [illegible]।
कर तल करें मुनिराज जब अंजुलि धुलावे नीर ले,
निर अन्तराय न भोज हो समझे यती [illegible]।

(८)

को प्रार्थना आहार लो मैं यत्नसे [illegible] क्रिया,
मन, तन, वचन मेरे सदय शुभ भाव रक्खूं [illegible]
कर तल लखूं उनपर रखूं आहार [illegible] यत्नसे,
निर अन्तराय सफल क्रिया [illegible] मेरे हस्तसे !

(९)

कर तल करें मुनिराज जब आहारदान करे शुरू,
प्रतिग्रासभक्षण कर चुकें दे नीर [illegible] जावे चुरू।
लें खींच अंजुलिको मुनी भोजन न लेना जो उन्हें.
दातार समता सहित समझे [illegible] जो देना इन्हें॥

(१०)

आहार पूरण कर चुकें जल [illegible] प्रासुक [illegible] किया,
उसको कमंडलमें भर मुनिके [illegible] दिया।
वैयाविरत श्रावक करें पग दाबके तन [illegible],
पर्वे चरण कांटे लगे हैं ऐंच चमड़ी [illegible] दे।

(११)

तनमें अनेको रोग हों हों [illegible], [illegible]
औषधि, मलम, शुचि तेल प्रासुक दे लगाकर [illegible]।
दे शास्त्रदान अपूर्व समझे [illegible]
पीछी, कमन्डल जीर्ण हो दे बदल [illegible] ॥

(१२)

बोले गृही उपदेश दो इच्छा हमारी [illegible],
समझें यती सम्बोध दें अथवा न दें स्वाधीन हों !
सम्बोध दें गार्हस्थधर्मी पालते निज [illegible],
करते विहार यती, गृही देता बना पथ सुगम [illegible] ॥

(१३)

बन [illegible] सदा गृहीनर भोगसे वैराग्य हो,
[illegible] ! [illegible] गुरु सेवा कभी सौभाग्य हो।
[illegible] दिगम्बर भेषको [illegible] तजूं समता भजूं,
तन है [illegible] यतिपद व्रत सजूं।

(१४)

[illegible] वचनसे इच्छा टले,
[illegible] दूर हों प्रति फल फले।
जबतक दिगम्बर भेष [illegible] उदय मेरे न हो,
तबतक मिले सत्सङ्ग औ तत्त्वार्थको चर्चा अहो ॥

स्वभावकी दवा नहीं।

(ले०–ब्र० प्रेमसागर पंचरत्न।)

हिन्दीके किसी कविने कहा है कि—

"जाको जौन स्वभाव, जाय नहिं जीसों।
नीम न मीठो होय, खायं गुड़ घी सों॥"

हर असल जिसका जो स्वभाव होता है वह नहीं जाता। [illegible] स्वभाव मूलसे ही क्या बीज (बीये) से ही कड़ुआ है। उसका बीज कड़ुआ है, बीज बो दिया जाता है, पौधा उत्पन्न होता है, चतुर मानव उसे मिष्ट पानी देकर उसे बढ़ाता है। उसकी सेवा करता है तथा मेहका मिष्ट जल भी उसे मिलता है परन्तु नीमका स्वभाव इतना कड़ुआ है कि वह मिष्ट जलको प्राप्त करके भी जरा नहीं बदलता बल्कि उस मिष्ट जलको अपने रूप कर लेता है। इसी प्रकार जौंकके स्वभावका अनुभव [illegible] है। जौंक गायके स्तनमें [illegible] उसका दूध नहीं पीती बल्कि खून पीती है। [illegible] स्वभाव [illegible] भी विचित्र है। आप सर्पको दूध पिलाइए परन्तु वह जहर ही उगलेगा।

नीम जोंक और सर्पके [illegible] और भी कई

जीव व तिर्यञ्च हैं कि जिनके स्वभाव कटुक और दुष्ट है। परन्तु उन सबका वर्णन करना पाठकोंके समयको लेना है अतः अब उन मनुष्योंके स्वभावका वर्णन किया जावेगा जो नीम, जौंक एवम् सर्प सरीखे स्वभाव रखनेवाले हैं, जिन्हें दूसरे शब्दोंमें दुर्जन कहना चाहिए।

दुर्जन मनुष्योंका स्वभाव बड़ा ही भयावना और दूसरोंके लिए अहितकर होता है। उससे सज्जन लोग बहुत ही डरते हैं क्योंकि उससे बुरा परिणाम होनेके अलावा और कुछ नहीं होता, इसीसे तो किसी दूरदर्शीने कहा है कि—

"भगवन्! दुर्जनसे बचाना।"

दुर्जनके वचन नीमसे भी अधिक कडुए होते हैं। वे कानोंको दुखदाई और इतने दुखदाई कि सुने भी नहीं जाते। दुर्जन वे मुखमें न मालूम कितना कडुआ जहर भरा है कि उसके वचनोंको सुनकर स्वाभाविक घृणा उत्पन्न होती है। नीमका स्वभाव यद्यपि कडुआ है परन्तु वह इतना असुहावना नहीं है जो कि मानव संसारके वास्ते उपयोगी न हो। लोग नीमकी दांतोंन ही अधिकतर पसंद करते हैं, कहते हैं कि "नीमकी दातोंन दांतोंको साफ और मजबूत करती है तथा मुखकी ग्लानिको दूर करती है. एक बात यह भी बताते हैं कि यदि कोई मनुष्य नियमसे १२ वर्ष नीमकी दांतोंन करलेवें तो उसे सर्पका जहर नहीं चढ़ता। नीम कडुवा होकर भी मानवके लिए उपयोगी साबित हुआ, परन्तु दुर्जनके वचन इतने कडुवे हैं कि वे किसी प्रकार भी उपयोगी नहीं हुए।

दुर्जनके वचन बतौर बाणके हुआ करते हैं। जिस प्रकार बाणसे प्राण चले जाते हैं उसी प्रकार दुर्जनके कडुए वचन सुनकर मनुष्यका बड़ा अहित होजाया करता है। दुर्जनके वचन मनुष्यको व्यर्थकी कषाय उत्पन्न कराकर कलह करा देते हैं, विसंवाद बढ़ा देते हैं, फूट करा देते हैं, आपसके प्रेमका नाश करते हैं, धर्मसे च्युत करदेते हैं, धनकी हानि करा देते हैं और मुकदमा लड़वा देते हैं। इसलिए दुर्जनसे दूर ही रहना सज्जनोंका प्रथम कर्तव्य है।

दुर्जन मनुष्यके अन्दर इतना कषायका कडुआ जहर रहता है कि जिसका कुछ ठिकाना नहीं। वह उसे उगलनेके लिए—सज्जनोंकी गोष्ठी, राजाका दरबार इत्यादि न कुछ है। यहांतककि उसे परमात्माके मंदिर तकमें अपने उस जहरके उगलनेमें भय और शर्म नहीं होती।

दुर्जनका दूसरा स्वभाव जौंककी तरह बताया है। ठीक है। जौंक, दूधको छोड़कर खूनको पीती है यह उसका स्वाभाविक स्वभाव है परन्तु वह भी मनुष्य या पशुओंके लिए उपयोगी साबित हुई है। सुनिए, जब किसी गाय या बैल आदि पशुओंकी ऐसी बीमारी होजाया करती है कि जिससे उनके किसी अंगका खून एक ही जगह ठहर जाता है। अर्थात् उसकी गति रुक जाती है और वह बीमारीका खास कारण होजाता है तब मनुष्य कई या दो चार जौंकोंको पशुओंके उसी स्थानपर चिपटा देते हैं जिससे वे उस स्थानका विकारी खून चूंस लें। बादमें निकाल देते हैं। इसी प्रकार मनुष्योंको जब कोई ऐसी बीमारी होती है तब वे भी ऐसा किया करते हैं।

इसका मतलब यह है कि जो कहुंका स्वभाव दुष्ट होते हुए भी जीवको उपयोगी भी है परन्तु दुर्जनका स्वभाव इतना बुरा है कि वह जौंकसे भी अधिक नंबर पा चुका है। दुर्जन मनुष्य कभी भी अच्छी बातको ग्रहण नहीं करता, यदि करे भी तो उसका उल्टा अर्थ लगाकर लड़ाई कर बैठता है, विसंवाद बढ़ा देता है, धर्म एवम् सामाजिक कार्योंको सफल नहीं होने देता। उसका स्वभाव ही ऐसा है कि

उसे धर्मका काम तो सुहाता ही नहीं। कहांतक कहें, दुर्जन मनुष्य दुष्ट है और दूसरोंके अहितके लिए ही है।

सर्पका स्वभाव दरअसल ऐसा ही है कि आप चाहे उसे दूध पिलावे या अमृत परन्तु उसके मूमें जहरके सिवाय और कुछ उत्पन्न ही नहीं होता परन्तु पाठको! जरा सोचने और समझनेकी बात है कि कोई २ सर्प मणि (रत्न) भी दिया करते हैं परन्तु दुर्जन मनुष्यका स्वभाव इतना बुरा है कि वह सर्पसे भी बढ़कर है। दुर्जन मनुष्यको अच्छी एवम् हितकर बात नहीं सुहाती, वह सर्पके समान गुणमें औगुण ही प्रकट करता है।

दुर्जनका जहर सर्पके जहरसे अधिक तेज होता है, ऐसा मैं मानता हूं। क्योंकि सर्पका जहर तो एक ही भवको नष्ट करता है परन्तु दुर्जनका जहर मनुष्यके भव-भवको नष्ट करता है। यह विषय भगवान पार्श्वनाथके जीव मरुभूत और कमठके सम्बन्धकी कथासे पुष्ट होता है। याने जब कमठ अपमानित होकर कुलिङ्गी तपसी होगया था और हाथ जोड़कर अपने कसूरकी उससे क्षमा मांगी थी, तब आपको याद होगा ही कि उस समय कमठने क्या किया था? कमठने वही किया था, जो कि एक महादुर्जन कर सकता है अर्थात् मरुभूत क्षमा मागते हुए कमठके चरणोंमें सिर झुकाता है और कमठ उसके ऊपर पत्थरकी सिला पटक देता है। बस इस कथासे आप समझ सकते हैं कि दुर्जनका स्वभाव कितना निर्दय एवम् दुष्ट होता है। कवि भूधरदासजीने कितना अच्छा कहा है कि—

दुर्जन और सलेखमा,[1] ये समान जग माहिं।
ज्यों ज्यों मधुरी दीजिए, त्यों त्यों कोप कराहिं॥
जा बजार दुर्जन बसे, सो बजार ऊजार।
जा उजार सज्जन बसे, सो उजार बजार॥
दुर्जनको विश्वास जे, करि हैं नर अविचार।
ते मंत्री मरुभूतिसम, दुःख पावे निर्धार॥
दुर्जन जनकी प्रीतिसों, कहु कैसे सुख होय।
विषधर पोषि पियूषकी, प्रापति सुनी न कोय॥

[1]—खासी।

વડોદરા રાજ્યમાં નવા સામાજિક કાયદાઓ.

(વડોદરા રાજ્ય આજ્ઞાપત્રિકા પરથી અનુવાદક—મોતીલાલ ત્રીકમદાસ માલવી-બાકરોલ)

સ્ત્રીઓની મીલકતને લગતા તથા વારસાઇ હક્કો.

હિન્દુ કાયદાની બે મુખ્ય શાળાઓ છે, એક મીતાક્ષરા જે હિન્દમાં બધે લાગુ પડે છે, અને બીજી દાયભાગ જે બંગાળમાં માન્ય છે. મીતાક્ષરાની શાળા ચાર વિભાગમાં વહેંચાયલી હોઇ—જુદા જુદા પ્રાંતો તે જુદી જુદી ટીકાઓને માને છે, અને તે પ્રમાણે મુંબઇ ઇલાકામાં—ગુજરાતમાં મીતાક્ષરા કરતાં વ્યવહારને મુખ્ય અને વધારે પસંદગી આપે છે. વડોદરા રાજ્યમાં હિન્દુ ધર્મને લગતા નિબંધોનું એકીકરણ કરવામાં આવ્યું છે. અવિભક્ત કુટુંબ, વારસાઇ હક્ક, મીલકતની વ્યવસ્થા, દત્તક, માબાપ અને બાળકો, લગ્ન, છુટાછેડા, વગેરે બાબતોને લગતા જુદા જુદા કાયદાઓ કરેલા છે, તે મીતાક્ષરાને આધારે વ્યવહારને મુખ્ય પ્રાધ્યાન્ય આપીને કરેલા છે. તેથી અત્યાર સુધી વડોદરા રાજ્ય અને બ્રીટીશ રાજ્યના હિન્દુઓ માટેના કાયદાઓમાં કંઇ મહત્વનો મતભેદ ન હતો, આ કાયદાઓમાં સ્ત્રીઓને તેમના કાયદેસર હક્કોમાંથી અત્યાર સુધી બાતલ રાખવામાં આવી હતી.

સ્ત્રીઓના અધિકાર સંબંધમાં વિચાર કરવા શ્રીમંત સરકાર મહારાજા સાહેબે સન ૧૯૨૯માં રા. બા. ગોવિંદભાઇ હાથીભાઇના પ્રમુખપણા નીચે સમિતી નીમી હતી. તેણે સુધારા માટે

કરેલી ભલામણો ઈ. સ. ૧૯૩૩ ના જાન્યુઆરીની ધારાસભામાં રજુ થઇ હતી અને તે પછી સુધારાની દરખાસ્તોને શ્રી. મહારાજા સાહેબે મંજુરી આપતાં તે અનુસાર સુધારા વધારા સાથે કાયદો થઇ તેનો અમલ ઇ. સ. ૧૯૩૩ના નવેમ્બરથી થયો છે. એથી વડોદરા રાજ્યમાં સ્ત્રીઓની સ્થિતિમાં મુખ્ય ફેરફાર નીચે પ્રમાણે થાય છેઃ—

અવિભક્ત કુટુંબ-વિધવાનો હક્ક.

હિન્દુ અવિભક્ત કુટુંબ પુરૂષઅંગજુતોનુંજ બનેલું હોય છે. વિધવા માતા, વિધવા પુત્રવધૂ અથવા વિધવા ભાભીને સંયુક્ત કુટુંબમાં ભાગીદાર તરીકે સ્થાન નથી, તેને માત્ર—ભરણ પોષણ, ખોરાકી પોશાખી ફક્ત મળી શકે, તે સિવાય તેને મીલકતમાં બીજો હક્ક હિસ્સો હોતો નથી. આ રાજ્યમાં નવા કાયદાથી સ્થિતિ બદલાઇ છે. તે મુજબ—સંયુક્ત કુટુંબનો ભાગીદારની વિધવા પોતે ભાગીદાર બનશે એટલે કે અવિભક્ત કુટુંબના પુરૂષઅંગજુતને મીલકતના હક્ક છે તે પ્રમાણે વિધવાને પણ મળશે, અને બીજા અંગજુતની સાથે સંયુક્ત મીલકત ઉપર તેની પણ હક્ક—માલકી થશે અને હાલ જેમ એક પુરૂષ મેંબર પોતાનો ભાગ સંયુક્ત મીલકતમાંથી જુદો નક્કી કરાવી અને માગી શકે છે, તેવી રીતે હવેથી નવા કાયદા પ્રમાણે સંયુક્ત કુટુંબની વિધવાને પણ તેનો ભાગ જુદો પડાવવા નક્કી કરવાના અને મેળવવાનો હક્ક પ્રાપ્ત થાય છે. અને તે મુજબ તે પોતાના છોકરાના જેટલો હિસ્સો—અને છોકરો ન હોય તો તેના મૃત ધણીને ભાગની વહેંચણ વખતે, તે જીવતો હોય અને જે હિસ્સો મળત, તે મેળવી શકશે.

ધણીની સ્વોપાર્જીત મીલકત.

સ્ત્રીનો ધણી મરી જાય ત્યારે તેની સ્વોપાર્જીત મીલકતના વારસ તેના પુત્રો, પૌત્રો, અને પ્રપૌત્રો થાય છે. અને પુત્ર પૌત્રાદિના અભાવે વિધવાને વારસો પ્રાપ્ત થઇ શકે છે, પરન્તુ નવા કાયદા પ્રમાણે હવેથી વિધવાને દીકરાના જેટલો હિસ્સો મળી શકશે. દીકરાની વિધવાને વારસાના ક્રમમાં બીલકુલ સ્થાન ન હતું તેને નવા કાયદામાં તેને માતાની પછીનું સ્થાન આપવામાં આવ્યું છે એટલે વિધવા પુત્રવધૂની સ્થિતિ પણ હવે સુધરી છે.

પુત્રીના હક્કો.

મરનારને પુત્ર-પૌત્ર-પ્રપૌત્ર અને વિધવા ન હોય તોજ તેની દીકરીને વારસો મળી શકતો. હાલ નવા કાયદાથી એ સ્થિતિમાં ફેરફાર કર્યો નથી, પણ દીકરીને તેના બાપના કુટુંબમાં વધારે હક્કો આપવામાં આવ્યા છે. સાસરાની તરફથી સાધન ન હોય તો પણ વિધવા દીકરીને બાપની મીલકતમાંથી કંઇપણ ભરણ-પોષણ મેળવવાનો હક્ક નહોતો; તેને બદલે હવે એવું ઠરાવ્યું કે—ધણી ગુજરી જાય ત્યારથી બાપની સાથે રહે, સાસરાનાં કુટુંબમાં ગુજરાનનું સાધન ન હોય, અને તેનું ગુજરાન કરવાની બાપની શક્તિ હોય તો તે વિધવા દીકરીને તેના બાપના કુટુંબમાં ભરણ પોષણનો હક્ક આપવામાં આવ્યો છે. અવિવાહિત છોકરીને બાપની મીલકતમાંથી ખોરાકી પોષાકી અને લગ્નનો ખર્ચ મેળવવાનો અધીકાર હતો અને જ્યારે ભાગ પાડવામાં આવે ત્યારે ખોરાકી પોષાકી અને લગ્ન ખર્ચને બદલે તેના ભાઇને જે મળે તેનો ચોથો ભાગ મેળવવાનો હક્ક હતો. હવે નવા કાયદાથી પોતાના ચોથા ભાગનો હિસ્સો જુદો કરાવવા, અને મેળવવાનો અધીકાર આપવામાં આવ્યો છે. આથી અવિવાહિત છોકરી વધારે સ્વતંત્ર દરજ્જો ભોગવી શકશે અને કુટુંબથી જુદી રહીને પોતાનું ભાવી જીવન ઇચ્છાનુરૂપ ઘડી શકશે.

મૈયત દીકરી અને બહેનના હક્ક.

પ્રથમ એવું હતું કે—બાપનો વારસો દીકરીઓને મળે ત્યારે જે દીકરી પહેલાં ગુજરી ગઇ હોય તેના દીકરાને કંઇપણ હિસ્સો મળતો નહિ. નવા કાયદામાં એ અન્યાય દુર કર્યો છે અને મૈયત દીકરીના છોકરાઓને હયાત દીકરીઓના

જેટલોજ હિસ્સો આપવા ઠરાવ્યું છે. મરનારની બહેનોને વારસો મળતો હોય ત્યારે પહેલાં ગુજરી ગયેલી બહેનના દીકરાને પણ બીજી હયાત બહેનોની સાથે વારસાનો હક્ક આપ્યો છે.

વારસાના કાયદામાં સુધારો.

જુના વારસાના કાયદામાં કેટલીક બાબતમાં ગુંચવાડો થતો હતો. જ્યારે છોકરીઓને વારસો મળતો ત્યારે અવિવાહિત છોકરીને વધારે લાભ મળતો અને વિવાહિત છોકરીઓ પૈકી ગરીબ સ્થિતિ હોય તેને વધારે મળતો. આ ભેદભાવ કાઢી નાંખી બધી છોકરીને સરખો હિસ્સો મળે એમ કરાવ્યું છે. સ્ત્રી ધનના વારસાનો કાયદામાં પણ સુધારો કરી–સ્ત્રી ધનના યૌતક, અયૌતક, અને શુલ્ક–એ ગુંચવાડા ભર્યા ભેદો કાઢી નાંખી, હવે વારસા માટે એક સરખું ધોરણ ઠરાવ્યું છે.

સ્ત્રીની મીલકત.

સ્ત્રી–ધન સિવાયની બીજી પ્રાપ્ત થયેલી બધી મીલકતમાં સ્ત્રીનો હિત સંબંધ મર્યાદિત હતો એટલે તેવી મીલકતનો ઉપયોગ કરી શકે પણ તેની વ્યવસ્થા કરી શકે નહિ. અને તેના મરણ બાદ એ મીલકત તેના વારસને નહિ પણ છેલ્લા પુરૂષ માલીકના વારસોને જતી તેમાં સુધારો કરી નવા કાયદાથી એવું ઠરાવેલું છે કે–સ્ત્રીને ભાગમાં અગર વારસામાં મીલકત મળી હોય તો રૂપીઆ બાર હજારની અંદર માટે તેને પૂર્ણ હક્ક રહેશે અને તે સિવાય–મીલકત ઉપર મર્યાદિત હક્ક રહેશે.

આ સુધારાનું પરિણામ.

હિન્દુ ધર્મશાસ્ત્રને લગતા કાયદામાં આ ફેરફારો ઉપરાંત લગ્ન વિચ્છેદનો કાયદો ઇ. સ. ૧૯૩૧ માં થયો છે. તેના પરિણામે ભવિષ્યમાં વડોદરા રાજ્યની સ્ત્રીઓની સ્થિતિ અને દરજ્જો હિન્દના બીજા ભાગોની બહેનો કરતા વધારે લાભકારક અને સ્પૃહણીય થશે (!) બ્રીટીશ હિંદમાં આ સુધારો જેમ વહેલો થાય તેમ સારૂં થશે (!)

હિન્દુ કાયદામાં બીજા સુધારા.

હિન્દુ લોમાં બીજા પણ કેટલાક સુધારા સમિતીની ભલામણ પ્રમાણે કરવામાં આવ્યા છે. શુદ્ર સિવાયની ત્રણ ઉચ્ચ વર્ણની કોમોમાં દાસીપુત્રોને માત્ર ભરણ પોષણ મેળવવાનો હક્ક છે. તેવુંજ ધોરણ નવા કાયદામાં શુદ્ર કોમ માટે પણ લાગુ કરવામાં આવ્યું છે. એટલે હવે એ કોમમાં પણ દાસીપુત્રોને વારસાઇ હક્ક મળશે નહિ.

મૈયતના કરજની જવાબદારી.

કુટુંબનો એક સહભાગી તેનો હિસ્સો નક્કી થયા પહેલાં અવિભક્ત સ્થિતિમાં ગુજરી જાય તો તેના કરજની જવાબદારી બીજા હયાત સહભાગીઓ ઉપર નહોતી, તે હવે નવા કાયદાથી રાખવામાં આવી છે. અવિભક્ત મીલકતમાંથી પોતાના હિસ્સાની વ્યવસ્થા વીલથી કરવા માટે હક્ક નહોતો તે પણ નવા કાયદાથી આપવામાં આવ્યો છે.

હિન્દુ હિન્દૂમાં પરણી શકે.

લગનના કાયદામાં એક ઘણો ક્રાંતિકારક સુધારો કરેલો છે, અત્યાર સુધી સવર્ણ લગ્ન કાયદેસર સ્વીકારાતાં અને જ્યાં રીવાજ છૂટ આપતો હોય ત્યાં અનુલોમ અને પ્રતિલોમ લગ્ન પણ સ્વીકારાતાં હતા. આંતર્જાતીય અને વર્ણાંતર લગ્ન કરવાં હોય તો ઐચ્છિક લગનના કાયદાનો આશ્રય લેવો પડતો. નવા કાયદાથી વર્ણની સત્તા હવે કાઢી નાંખવામાં આવી છે. જેથી હવે **સવર્ણને બદલે આંતર્જાતીય** તેમજ પ્રસંગોપાત હિન્દુ અને હિન્દુ વચ્ચે કાયદેસર લગ્ન થઇ શકે તેવી છૂટ આપી છે ! નિષ્ણાત ડૉક્ટરો અને સુપ્રજનન શાસ્ત્રીઓના અભિપ્રાય મેળવી તે પ્રમાણે ત્રણ પેઢી ઉપર અને ત્રણ પેઢી નીચેનાં લગ્ન માટે પ્રતિબંધ રાખ્યો છે (!) સમાન ગોત્રમાં લગ્ન ન થાય તે પ્રતિબંધ પણ દુર કર્યો છે !!!

દત્તકનો કાયદો.

દત્તકના કાયદામાં પણ ફેરફાર કરી ઠરાવ્યું છે કે દત્તક લેનાર માતાપિતા એકજ વર્ણનાં હોય તો દત્તક એજ વર્ણમાંથી લઇ શકાશે, અને માબાપ જુદા જુદા વર્ણના હોય તો દત્તક લેનાર બાપ જે વર્ણનો હોય તે વર્ણમાંથી દત્તક લઇ શકાશે.

સંન્યાસ-દીક્ષા.

બીજા કાયદાઓમાં સંન્યાસ દીક્ષાનો કાયદો તા. ૯-૧૧-૩૩થી અમલમાં આવ્યો છે. તે અન્વયે ૧૮ વર્ષની અંદરના સગીર બાળકોને દીક્ષા આપવાની મના કરી તેવી દીક્ષા રદ ઠરાવી છે. અને તેનો ભંગ કરનારને રૂપીઆ પાંચસો સુધીનો દંડની અને એક વર્ષ સુધીની કેદની સજા રાખી છે.

જ્ઞાતિ ત્રાસ નિવારણ.

સદર જ્ઞાતિ ત્રાસ નિવારણ નિબંધ શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ, સેના ખાસ ખેલ શમશેર બહાદુર જી. સી. એસ. આય. જી સી. આય. ઇ. ફરજંદે ખાસ-ઇ-દૌલતે-ઇંગ્લિશિયા એમની મંજુરીથી સન ૧૯૩૩નો નિબંધ ૫૫ તા. ૧૪ માહે ડીસેંબર સન ૧૯૩૩ ની વડોદરા રાજ્ય તરફથી પ્રગટ થતી આજ્ઞા પત્રિકામાં જન હિતાર્થે પ્રસિદ્ધ થયેલો-તેમાં ત્રાસદાયક રિવાજ એટલે શું, તેની વ્યાખ્યા સ્પષ્ટ કરી ઠરાવ્યું છે કે-તેવા રિવાજના ભંગ માટે-કોઇપણ જ્ઞાતિ બહિષ્કાર, દંડ, કે બીજી શિક્ષા કરી શકાશે નહિ, છતા કોઇ તેવું કરશે તેવા જ્ઞાતિના શેઠ, મુખી, પટેલ, અગર આગેવાન સામે ફરીયાદ થઇ-છ મહીના સુધીની સાદી સજા, અને એક હજાર રૂપીઆ સુધીના દંડની સજાને પાત્ર થશે. આ કાયદો તા. ૧૪ માહે ડિસેમ્બર સન ૧૯૩૩થી અમલમાં આવ્યો છે.

નોટ-ઉપરોક્ત જણાવ્યા મુજબ-સામાજીક કાયદાઓ પ્રજાહિતેચ્છુના શ્રીમંત સરકાર ગાયકવાડ તરફથી પ્રજા હિતને માટે હજુર હુકમથી પ્રગટ કરવામાં આવ્યા છે.

હાલમાં હિન્દુ સમાજ અને તેમાં આપણા જૈન સમજમાં-વિધવાપત્નિ, વિધવા પુત્રવધૂ, વિધવા બ્હેનો, વિધવા પુત્રીઓ, વગેરેને વૈધવ્ય દશામાં સાસરીયાં-(સસરા-સાસુ-જેઠ-દિયેર) આદિ કુટુંબીજનો, અને પિયેરીઆં-(માતાપિતાના અવશાન પછીથી)-કાકા, ભાઇ, ભત્રીજા આદિ અવિભક્ત કુટુંબીઓ-આવી રીતે ઉપરોક્ત વિધવા સ્ત્રીઓને ઉભય પક્ષ તેના સઘળા હકકો છીનવી લઇ પોતે હકદાર બની તેમને અનહદ ત્રાસ અને જુલમ આપી જીંદગી નિભાવવાનાં સાધન-જેવાકે ખોરાકી પોષાકી અને તન્દુરસ્તી નિભાવવાને માટે પણ અસમર્થ બનાવે છે; જેથી આવી દુઃખી જીંદગીથી કંટાળી કેટલીક વિધવાઓ અકાળ મરણને સ્વાધીન થાય છે. ને કેટલીક યુવાન બાળ વિધવાએ જીવન નિર્વાહના-સાધનના અભાવે નીતિ પંથથી ઉતરી જઇ અનીતિનો માર્ગ ગ્રહણ કરી, ઉભય પક્ષ, માતાપિતા અને શ્વસુર પક્ષ બંનેને કલંકિત કરે છે.

ઉપર જણાવેલા વિધવા વર્ગના ઉભય પક્ષ-શ્વસુર પક્ષ, અને પિયેરીઆં પક્ષના-અવિભક્ત અને વિભક્ત વર્ગને આ કાયદાનું ભાન થઇ તે વિધવા વર્ગ પ્રત્યે પોતાની યથાયોગ્ય ફરજ બજાવવા સમર્થ થાય, એવા ઉચ્ચ આશયથી આ સામાજીક કાયદાને જન હિતાર્થે અત્રે પ્રગટ કરવામાં આવે છે.

જ્ઞાતિત્રાસ નિવારણ નિબંધ (કાયદો)- આપણા દિ. જૈન ભાઇઓના હિતાર્થે આજ વર્ષના ફાલ્ગુન માસના અંકમાં સાદ્યંત આપવામાં આવ્યો છે, તો તેનું પુરેપુરૂં નિરીક્ષણ કરી પંચના આગેવાન શેઠીઆઓ, અને પંચના કાર્યવાહકો જ્ઞાતિઓમાં પડેલા વાંધાઓનું સંતોષકારક સમાધાન કરશે, એવી શુભ આશા સહ વિરમતો— **મો. ત્રી. માલવી.**

દિવાળી કેમ ઉજવશે ???

(લે-મોહનલાલ મથુરાદાસ શાહ-કંપાલા)

મહાવીર સ્વામીના સમયને ધર્મની પુનઃ રચનાનો સમય માની લઇએ, તો પચ્ચીસો વર્ષ જૈન ધર્મની પુનઃ રચનાને થઇ ગયાં. તેની સ્થાપના ક્યારે થઇ ? અને કોણે કરી ! તે વાત પ્રજ્ઞ પુરૂષોને માટે જાણવાની છોડી દઇએ, તો પણ, આપણને શ્રી. મહાવીરસ્વામીને એક ધર્મ-પ્રવર્તક માનવા પડશે.

પાર્શ્વનાથ ભગવાનના મોક્ષ ગમનને કેટલોક કાળ વિતી ગયો હતો. પૃથ્વી પર જુદા જુદા મનુષ્યોથી-જુદા જુદા ધર્મોનો પ્રચાર થઇ રહયો હતો તે વખતે——

બ્રાહ્મણોએ વેદનો આશ્રય લઇ નરમેધ-અશ્વમેધ-અજામેધ અને એવા બીજા પણ હિંસા દ્વારા થતા યજ્ઞ યાગનો ઉપદેશ આપી, ભારત-વર્ષની પ્રજાને પાપમાં પ્રવૃત્ત કરી હતી, બીજા કટલાય કહેવાતા ધર્મ પ્રચારથી જનતા ગભરાઇ ઉઠી હતી. કયું શ્રેષ્ટ અને કયું અશ્રેષ્ટ, એનો ઉકેલ લાવી શકતા નહોતા. ધર્મ શબ્દ પર કેટલાક પ્રજ્ઞ પુરૂષો પણ ઘૃણાની નજરે નિહાળતા હતા, ધર્મોપદેશ સાંભળવામા પણ બીક માનતા હતા, એમ નહિ પણ પોતાની શંકાઓનું સમા-ધાન ન થવાથી, કેટલીક વ્યાખ્યાન પીઠ પર મારામારી પણ જામી પડતી હતી. સત્તાથી ધર્મની શ્રેષ્ટતા જાહેર થતી હતી. તે વખતે ભરત ક્ષેત્રમાં શ્રી ગીતાજીના મહાવાક્ય—

જ્યારે વધે અધર્મનું બળ, ગ્લાનિ ધર્મની થાય છે,
અવતાર મહારો સૃષ્ટિપર, તે કાળમાં તો થાય છે;
સૃજન કરૂં હું સજ્જનોનું, દુષ્ટનો સંહાર હું,
કરવા સુધર્મની સ્થાપના, યુગેયુગે અવતાર લઉં.

એ કૃષ્ણ નારાયણના મુખમાં ગીતા ગુંથનાર શ્રી વ્યાસ મુનિએ મુકેલા શબ્દો સત્ય પડવાનો સમય નજીક આવ્યો.

કુંડલપુર નગરમાં સિદ્ધાર્થ રાજાના આંગ-ણામાં રત્નવૃષ્ટિ થવા લાગી. દેવ લોકોને ત્યાં દુદુંભી નાદ થવા લાગ્યા. અને જગત આખું આલ્હાદકારક દેખાવા લાગ્યું. એ અવસરે—

એક રાત્રિના પાછલા પહોરમાં સિદ્ધાર્થ રાજાને ત્યાં ત્રિશલા દેવીએ ગજેંદ્ર, બળદ, સિંહ, લક્ષ્મી, બે પુષ્પમાલ, ચંદ્ર, સૂરજ, બે માછલી, બે રત્નમય કુંભ, સમુદ્ર, સરોવર, સિંહાસન, વિમાન, નાગભુવન, બે મણીમાળ, અને ધુંવાડા સિવાયનો આગ્ન, એવી રીતે સોળ સ્વપ્નો અનુક્રમે જોયાં.

સ્વપ્ન બાદ એક સફેદ બળદને મુખમા પ્રવેશ કરતાં જોયો. પ્રાતઃકાલે જાગૃત થઇ, સ્નાન કર્મથી પરવારી, અનેક વસ્ત્રાલંકાર ધારણ કરી, સિદ્ધાર્થ રાજા પાસે ત્રિશલા રાણીએ સ્વપ્નની વાત નિવેદન કરી. નિમીત્તકોએ ગણિતદ્વારા જાહેર કર્યું કે—આપની કૂખે જગત ઉદ્ધારક મહાપુરૂષ તિર્થંકર આવી બિરાજેલા છે, જે પુરા મહિને જન્મ લઇ, જગતને પવિત્ર બનાવશે.

પોતાને મહાન પરાક્રમી મોક્ષગામી પુત્ર રત્નની પ્રાપ્તિ થશે, એ વાત જાણી રાજાએ અનેક વિધ દાન ધર્મ કરી, નગર મહોત્સવ કર્યો.

દેવ લોકોએ આવી અનેક પ્રકારે રાજા રાણીની સ્તુતિ કરી, જગત પતિના માતાપિતા થવા માટે ઘણી પ્રશંસા કરી. તેમને અનેક દિવ્ય વસ્ત્રાલંકર ભેટ કરી, મહોત્સવ કર્યો. રાણીની તહેનાતમાં દિકકુમારીઓને ગોઠવી, ત્રિશલા દેવીના દરેક ડહોળા પૂર્ણ કરવા સંપૂર્ણ ભલામણ કરી, દેવતાઓ સ્વસ્થાનકે ગયાં.

પુરા મહિને ત્રિશલા રાણીએ જગતપતિને જન્મ આપ્યો. પુત્ર રૂપ નિહાળી માતાના હર્ષનો પાર રહ્યો નહિ. રાજાને વધામણી દેવા દાસી દોડી ગઇ. રાજાએ મંગલકારક સમાચાર નગ-રમાં ફેલાવી નગર મહોત્સવ કર્યો. યાચકોને દાન આપી તૃપ્ત કર્યા. બંધીવાનોને બંધન મુક્ત કર્યા.

એમ જગત્ ઉદ્ધારક તિર્થંકર દેવનો જન્મ મહોત્સવ ચારે બાજુ થવા લાગ્યો.

દેવનાં વાજીંત્ર વાગવા લાગ્યાં. સ્વર્ગ અને પાતાળના દેવો એકત્ર થઇ, ભગવાનનો જન્મ મહોત્સવ કરવા આવ્યા.

ઇંદ્રાણીએ પ્રસુતિગૃહમાં જઇ, ત્રિશલા દેવીને મોહ નિંદ્રા મુકી, તેની બાજુમાં માયાવી બાળક સોદવી દઇ, ભગવાનને ઉપાડી લીધા. બહાર લાવી, ઇંદ્રને ભગવાનનું બાળક શરીર સોંપ્યુ. ઇંદ્ર પોતાનાં હજાર નેત્ર કરવા છતાં પ્રભુ દર્શનથી તૃપ્ત થયો નહિ. સર્વ દેવો ભગવાનના દિવ્ય સ્વરૂપનું દર્શન કરી, નૃત્ય કરવા લાગ્યા. પછી ઐરાવત હાથી ઉપર ઇંદ્ર ભગવાનને ખોળામાં લઇ બેઠો. અને અનેક પ્રકારની ધામધુમથી મેરૂ પર્વત પર ગયો. ત્યાં જઇ, ભગવાનને પાંડુક શિલા પર સ્થાપન કરી, ક્ષીર સમુદ્રમાંથી દેવતાઓએ હાથો-હાથ જળ લાવી ભગવાનનો અભિષેક કર્યો. અને તરેહવાર વસ્ત્રાભૂષણોથી ભગવાનના શરીરને શણગાર્યું. ખૂબી એ હતી કે ભગવાન તરતના જન્મેલા હોવા છતાં પાંડુક શિલા ઉપર અભિષેક વખતે સ્થિર બેઠા હતા.

દેવતાઓએ ભગવાનની અનેક ભક્તિભાવે પૂજા-વંદના કરી, તેમનું નામ શ્રીવીર જિનેંદ્ર પાડયું.

મેરૂ પર્વત પરથી અનેક તરહના વાજીંત્રના ઘોષ સાથે ભગવાનને ઐરાવત પર બેસાડી ત્રિશલા માતાને જાગૃત કરી, તેમને સુપ્રત કર્યા. અને રત્નવૃષ્ટિ કરી. સિદ્ધાર્થ રાજાની નગરી ઉજ્વલ કરી, દેવલોકો સ્વસ્થાનકે ગયા.

સિદ્ધાર્થ રાજાએ પણ નગર મહોત્સવ કરી, જોશીઓ સાથે મંત્રણા કરી, ભગવાનનું નામ વર્ધમાન પાડયું.

જેમ જેમ વીર જીનેંદ્ર મહોટા થવા લાગ્યા, તેમ તેમ તેમનાં નામ તેમના સાથીઓ દ્વારા, મહાવીર અને અતીવીર પડયાં. તેમની અથાગ બુદ્ધિ જોઇ, બુદ્ધ સિદ્ધાર્થ રાજાએ તેમનું નામ સન્મતિ પડયું.

એવી રીતે છેલ્લા તિર્થંકર જગતગુરૂ જગત ઉદ્ધારક મહાવીરસ્વામીનાં પાંચ નામ પડયાં.

દિનપ્રતિદિન મહાવીર સ્વામી વૃદ્ધિ પામવા લાગ્યા. અનેક દેવ કુમારો તેમની સાથે ભાત ભાતની રમતો કરી, ભગવાનને આનંદ આપવા લાગ્યા.

ભગવાન જ્યારે બાર વર્ષના થયા, ત્યારથી સિદ્ધાર્થ રાજા તેમની દરેક રાજકાર્યમાં સલાહ લેતા, એવી તેમની બુદ્ધિ અથાગ હતી.

મહાવીર સ્વામીને લગ્ન કરવા ઘણો વખત સમજાવવામાં આવ્યું, પણ જેને શિવ નારી સાથે લગ્ન કરવા તમન્ના હતી, તેણે સંસારીક બંધનમાં જકડાવા ચોકખી ના પાડી.

એક વખત મહાવીર સ્વામી પોતાના સાથીઓ સહિત વન ક્રીડામાંથી નગર તરફ આવી રહયા હતા. પાદરમાં આવતાં તેમણે એક ગાયોના ટોળાને જોયું, તે ટોળામાં એક ગાય ઠોક ખાઇ નીચે પડી. તે બનાવ મહાવીર સ્વામીના જોવામાં આવ્યો. અને તેમને સંસારની અસારતાની સમજણ પડી.

તેમણે વિચાર કર્યો કે આ દેહ નાશવંત છે. તેનો કયારે નાશ થશે તે ખબર નથી, મહા મહેનતે પ્રાપ્ત થએલો આ મનુષ્ય દેહ આમજ કાંઇ પણ સત્કર્મ કર્યા સિવાય ચાલ્યો જશે, માટે આ ક્ષણિક સુખ જેવા સંસારમાંથી મુક્ત થવાનો રસ્તો શોધવો જોઇએ.

ભગવાનનો વિચાર વૈરાગ્ય તરફ વળવાથી લોકાંતિક દેવોને ત્યાં દુદુંભી નાદ થવા લાગ્યો. તેથી તેઓ ભગવાનને તપ કલ્યાણકનો ટાઇમ નજીક સમજી ભગવાનની પાસે આવ્યા. અને ભગવાનને આ સંસારની અસારતા પૂર્ણપણે સમજાવી, તેમને ધન્યવાદ આપી કહેવા લાગ્યા, કે-હે ભગવાન! તમને ધન્ય છે તમે ઠીક

વિચાર કર્યો છે. જગત બધું અત્યારે અંધાધું-ધીમાં ગરક થઇ ગયું છે. ધર્મ માત્રનો જગત-પરથી લોપ થઇ ગયો છે, કર્મકાંડનો પત્તો નથી. દાનધર્મ નજર આવતાં નથી, હિંસાનું સામ્રાજ્ય જગતપર જામી ગયું છે, તે અવસરે હે, પ્રભુ ? આપનો વિચાર સ્તુત્ય છે.

એવી રીતે સ્તુતિ કરી દેવો આનંદ માનવા લાગ્યા, અને વિદાય થયા.

ભગવાને ઘર પર આવી માતપિતાને સંસારની અસારતા સમજાવી, પોતાનો વિચાર દીક્ષા લેવા તરફ છે, એમ જણાવી મુનિ થવા રજા માગી. સિદ્ધાર્થ રાજાએ તેમની બાળવય તરફ નજર નાંખી, હાલ સંસાર ત્યાગ ન કરવા સમજાવ્યા. પણ મહાવીર સ્વામીએ સચોટ સિદ્ધાંત સમજાવી, માતાપિતાની રજા મેળવી લીધી. એટલામાંજ તપકલ્યાણક મહોત્સવ કરવા દેવલોકો રત્નમયી પાલખી લઇ ત્યાં આવ્યા, અને ભગવાનને ધન્ય-વાદ આપી, સિદ્ધાર્થ રાજાની સ્તુતિ કરી, ભગવાનને પાલખીમાં બેસાડી પાલખી ઉપાડી, વિપુલાચલ પર્વત પર લઇ ગયા.

ભગવાને પ્રથમ ૐ નમઃ સિદ્ધેભ્યઃનો મંત્રોચ્ચાર કરી, પોતાનાં વસ્ત્રોનો ત્યાગ કર્યો. પછી ૐકારના ઉચ્ચારપૂર્વક પોતાના વાળ પોતાને હાથે ખેંચી ફેંકી દીધા. અને ભગવતી દીક્ષા ધારણ કરી, મુનિધર્મ અંગિકાર કર્યો.

ભગવાને બાર વર્ષ સુધી સતત તપ કર્યાં કર્યું: અને ચાર ધાતીયા અને અઘાતીયા કર્મોનો નાશ કર્યો

તેમના તપ સમયે તેમને ઘણા ઉપસર્ગો નડયા. પણ તે બધા તેમણે શાંતિપૂર્વક સહન કરી, તપ કલ્યાણકને ઉજ્વલ કર્યું.

ઘાતીયા અને અઘાતીયા કર્મોનો નાશ થવાથી તેમને કેવળજ્ઞાન ઉપજ્યું. દેવતાઓએ સમવશરણ તૈયાર કર્યું, અને તેમાં મહાવીર-સ્વામી ધર્મોપદેશ કરતા જગત પર વિહાર કરવા લાગ્યા.

ભગવાનની દિવ્ય વાણીને લીપીમાં ગોઠવવા દેવોએ ગૌતમ બ્રાહ્મણને સમવશરણમાં આણ્યા, જે ભગવાનનાં દર્શન માત્રથી તેમના ખાસ શિષ્ય બની ગણધરની પદવી પામ્યા.

ભગવાનનું સમવશરણ જ્યાં જ્યાં વિહાર કરતું. ત્યાં ત્યાં ચારે બાજુ સુકાળ, સૂકાં વૃક્ષ લીલાં થતાં અને કોરી નદીઓ પાણીથી ઉભરાઇ જતી એ અતિશય હતા.

દેશ દેશ ફરી તેમણે ધર્મનો પ્રચાર કર્યો. હિંસાનું ખંડન કરી જગત પર અહિંસા પરમો ધર્મની ઉજ્વલ ઘોષણા ફેલાવી દીધી. તેમણે વિહાર વખતે ઘણા આચાર્યો અને વિદ્વાનો સાથે વાદ કરી જીત મેળવી તેથી તેઓ વાદીગ-જકેશરી કહેવાયા.

ત્રણ કાળ, ત્રણ લોક અને જગતપરની દરેક ચીજનું જ્ઞાન થવાથી તે સર્વજ્ઞ કહેવાયા.

જગત પર ધર્મનો ઉદ્યોત કરી, હજારો રાજાને મુનિદીક્ષા આપી મોક્ષનો રસ્તો બતાવ્યો.

એમ મહાવીર સ્વામી જગત પર ધર્મ પ્રચાર કરી. બોત્તેર વર્ષની ઉમરે આસો વદી ૧૪ની રાત્રે પાવાપુરીમાં આવ્યા. રાત્રે ધ્યાનમાં લીન થયા. પોતાના દેહ પતનનો સમય સમજી જવાથી સમાધિ મરણ સાથી ધ્યાનમાં બેસી ગયા. પાછલી રાત્રે તેમના આયુનામ કર્મનો નાશ થયે તેમણે દેહ છોડયો. અને મોક્ષના પવિત્ર રસ્તા તરફ પ્રયાણ કર્યું.

મહાવીર સ્વામીના દેહ પતનનો સમય દેવોએ જાણી ત્યાં આવી ઓચ્છવ કર્યો. અગ્નિ-કુમાર દેવોએ વંદના કરવા જમીન પર આરોહણ કર્યું. જેના મુકુટની અગ્નિદ્વારા ભગવાનનો મૃતદેહ ભસ્મ થયો, પણ નખ અને કેશ આબાદ રહ્યા, જેને દેવતાઓએ રત્નની ડબીમાં ભરી ક્ષાર સમુદ્રમાં પધરાવ્યા.

ભગવાનના શરીરને સળગતું જોઇ નગરના લોકોએ પણ ભગવાનના મોક્ષગમનનો મહોત્સવ

કર્યો. અને અનેક જ્યોત જણાયાથી પ્રજાએ પણ દિવા સળગાવી રાત્રી જગમગાટ કરી મુકી તે દિનથી આજ સુધી દિવા સળગાવવાની પ્રથા ચાલુ છે. અને તે દિવા મહોત્સવને લઇ દિવાળી નામ પણ પ્રચલિત થયું.

મહાવીર સ્વામીનો નિર્વાણ મહોત્સવ કરી, દેવતાઓ સ્વસ્થાનકે ગયા, લોકોએ ત્યારથી વીર સંવત લખવા માંડયો. અને વર્ષની ગણતરી કરવા લાગ્યા.

મહાવીર સ્વામીના નિર્વાણ ગમનના પવિત્ર દિવસેજ ગૌતમ ગણધરને કેવળ જ્ઞાન પ્રાપ્ત થયું.

એમ બે રીતે દિવાળી પર્વ પવિત્ર ગણાવા લાગ્યું.

દિવાળીના પવિત્ર દિવસે આપણે શું કરવું જોઇએ, અને તે પર્વ કેવી રીતે ઉજવવો જોઇએ, તેનો હવે વિચાર કરીએ—

૧—પ્રાતઃકાળે સ્નાન કરી, પવિત્ર થઇ શ્રી મંદિરજીમાં મહાવીર સ્વામી અને ગૌતમ ગણધરના ગુણાનુવાદપૂર્વક પૂજન-ભજન કરી, મહાવીર સ્વામીના જીવન પરથી લેવા જોઇતા બોધનો વિચાર કરવો.

૨—દરેક જણે પોતાનાં ઘર દુકાન અને મંદિરોને શણગારી, કેળના થંભ રોપી મંગળ વાજાના ધ્વનિ સહિત મંગળ સુચક બનાવવાં.

૩—સાધર્મી ભાઇઓનો ભોજનાદિથી સત્કાર કરવો.

૪—સાયંકાળે આરતી ઓચ્છવ કરી, દીપમાલા પ્રગટાવી, મહાવીર સ્વામીનાં ગુણ કીર્તન કરવાં.

૫—રાત્રે ધર્મ સરઘસ કાઢી, મંદિર, ઉપાશ્રય, ધર્મશાળા કે ખુલ્લા મેદાનમાં જાહેર સભા કરી, મહાવીરસ્વામીના જીવન પર વિચાર કરી, ધર્મલાભ મેળવવો.

૬—ધર્મ-ધ્યાન પૂર્વક જાગરણ કરવું.

૭—પાછલી રાત્રે નિર્વાણ ગમનના સમયે, દિવાઓ ઝગમગાટ કરી, એ મહાવીર સ્વામીના નિર્વાણનો પવિત્ર દિવસ છે, એમ જગતપર જાહેર થાય તેમ કરવું.

૮—અમાસની પ્રભાતે અભિષેક કરી, નિર્વાણ પૂજા કરવી, અને મહાવીર સ્વામીના નિર્વાણ દિવસના ઉપલક્ષમાં યથાશક્તિ દાન કરવું.

૯—નવિન વર્ષમાં સ્વદેશી વસ્ત્ર વાપરવા પ્રતિજ્ઞા કરવી.

૧૦—સ્વામી વાત્સલ્ય કરવું. પાખી કરવી. સંઘ જમાડવો, પણ તે ધર્મના આધારે રહીનેજ. ખાલી વિતંડાવાદમાં ઉતરવા કાંઇપણ કરતા પહેલાં શક્તિનો વિચાર કરવો.

૧૧—સાયંકાળે ચોપડા પૂજન (સરસ્વતિ પૂજન) ધામધુમથી કરવું. ગતવર્ષનો હિસાબ મેળવવો. નવાવર્ષ માટે ગોઠવણ કરવી.

૧૨—જૈન માત્ર એકજ પિતાનાં સંતાનો છે, એવી ભાવના ભાવવી, અને તે કેમ પળાય, તેવા ઉપાયો લેવા.

ઉપર પ્રમાણે દિવાળી પર્વ ઉજવવો. પણ દારૂખાનું, જુગાર આદિ વ્યસનોનો જરાપણ સત્કાર દિવાળીના પવિત્ર દિવસે કરવો નહિ.

વ્યર્થ વ્યય-જરાપણ થવા દેવો નહિ ઉપરાંત કલેશનું વાતાવરણ ઉત્પન્ન થાય, તેવી કોઇ પણ ક્રિયા દિવાળીના પવિત્ર દિવસે થવા દેવી નહિ.

ભારતવર્ષમાં જ્યારે ઉપર પ્રમાણે દિવાળી પર્વ ઉજવાશે, ત્યારે ઘર ઘર જૈનધર્મનો પ્રચાર થશે. જૈન માત્ર એકજ છત્ર નીચે એકત્ર થશે ત્યારેજ જૈનેતર સમાજ જૈનધર્મ તરફ લાગણી ધરાવી તે તરફ ઝુકાશે!

પ્રભુ તે દિવસ જલદી લાવો કે-જૈન માત્ર એકજ રીત રિવાજથી મહાવીર જયંતિ અને મહાવીર નિર્વાણ દિન એકત્ર થઇ ઉજવે.

ૐ શાંતિ : શાંતિ : શાંતિ :

સંઘ નૃસિંહપુરા અને રાયકવાળ પંચોએ—

કલોલમાં મળીને કરેલો બંધારણનો ખરડો.
(જે પ્રથમ બેઠકમાં પસાર થયો છે)

સંવત ૧૯૯૦ ના ઝાલાવાડી અસાડ વદી ૧ શુક્રવાર તા. ૨૭-૭-૧૯૩૪ દીને શ્રી સંઘ નરસીંહપુરાના કલોલ, ઝહેર, નરોડા, મખીયાવ, અમદાવાદ, આમોદ, સુરતના પંચ સમસ્ત તથા શ્રી સંઘ રાયકવાળના ગામ વાંચ, અસલાલી, પાલડી, મહુવા, બ્યારાના ચોગના બધા ભાઇઓ મળી આપણો અંદર અંદર પ્રથમથી ભાણા વહેવાર ચાલતો આવેલો છે, તેમજ આપણો ધર્મ જૈન દીગમ્બર સંપ્રદાયનો એકજ છે, પરંતુ આપણો કન્યા અરસપરસ આપ લેનો વહેવાર નથી તેથી તેવો વહેવાર ચાલુ કરવા આપણા બધા ગામોના ભાઇઓનો વિચાર થવાથી તે સંબંધમાં નીચે મુજબના ઠરાવો કરીએ છીએ.

૧—આપણામાં કાષ્ટાસંઘી તથા મુલસંઘી એ બે ગચ્છ ચાલે છે. તેમાં જે જે ગચ્છમાં જે જે ધર્મગુરૂઓની માન્યતા ચાલતી આવેલી છે, તે તે પ્રમાણે વર્તવાનું છે.

૨—આપણે અરસપરસ એકમેકમાં કન્યા આપવા લેવાનો વહેવાર ચાલુ કર્યો છે.

૩—કન્યાના પલ્લા તરીકે (સ્ત્રીધન તરીકે) વર કન્યાના લગ્ન વખતે વર પક્ષે રૂપીઆ ૭૦૧) અંકે સાતસો ને એકની કિંમતના દાગીના લગ્ન વખતે ચાલતા ભાવના હીસાબે સોના ચાંદી વિગેરેના આપવાં, આ ઉપરાંત કન્યાને કપડાં રૂ. ૧૦૧) અંકે એકસો ને એકની કીંમતનાં આપવાં, તે કરતાં વરનાં બાપે વધારે કીંમતનું પલ્લું તથા લુગડાં આપવાં નહી ને કન્યાના બાપે વધારે લેવાં નહી, પરંતુ કન્યા પક્ષ એથી ઓછી કીંમતના દાગીના અગર કપડાં લે અગર બીલકુલ ન લે તો તેને ઉપરનો ઠરાવ બંધનકર્તા નથી.

૪—વર કન્યાના વેવીશાળ પછી કન્યાને નાનું વસન ચડાવવાનો રીવાજ છે તેમાં કપડાં રૂપીઆ ૨૫) અંકે પચીસનાં તથા દાગીના ૨૦૧) અંકે બસો ને એકની કીંમતના આપવા.

૫—કલમ ચારમાં લખ્યા પ્રમાણે નાના વસનમાં જે દાગીના ચડાવેલા હોય તે દાગીના લગ્ન પહેલાં એક માસ અગાઉ વરના બાપને પાછા પહોંચાડવા કે જેથી કરીને કલમ ત્રણ પ્રમાણે પલ્લાના દાગીનામાં તેનો સમાવેશ કરવામાં આવે.

૬—વરકન્યાના લગ્ન પ્રસંગે કન્યાના બાપ અગર પક્ષની મરજી મુજબ જાનમાં સાજન વરના બાપે લઇ જવું. વરના બાપે પોતાની મરજી મુજબ લઇ જવાનું નથી પરંતુ કન્યાના બાપની ઇચ્છા કરતાં વરના બાપની ઇચ્છા ઓછું સાજન લઇ જવાની હોય તો તેવા પ્રસંગે કન્યાનો બાપ વધારે સાજન લઇ જવાની ફરજ પાડી શકશે નહી.

૭—વરકન્યાના લગ્ન બાદ અરસપરસ કન્યાને વરપક્ષમાં અને વરને કન્યાપક્ષમાં હાથ ઝાલવાનું અર્થાત ખાંડ બોટામણીનો રીવાજ છે તે કાયમ છે. કન્યા વરપક્ષઓના સગાઓનો અને વર કન્યાપક્ષઓના સગાઓનો હાથ (ખાંડબોટામણી) બાબત જે તે પક્ષ કહે તે પ્રમાણે વર્તવું અર્થાત્ કન્યાપક્ષ કહે તેનો હાથ વરે ઝાલવો. અને વરપક્ષ કહે તેનો હાથ કન્યાએ ઝાલવો. હાથ ઝલામણુ એટલે ખાંડબોટામણી સમજવી.

૮—વરપક્ષની જાન જે દીવસે આવે તે દીવસે કન્યા પક્ષે કુંવારા જમણની ન્યાત કરવાની છે અને લગ્નના બીજા દીવસે વરોઠીની ન્યાત વરપક્ષે કરવાની છે, પરંતુ વરપક્ષને બહાર ગામથી આવેલા હોવાથી વધુ તસ્દી ન પડે તે કારણને લઇ વરપક્ષની મરજી મુજબ જમણની સંપુર્ણ વ્યવસ્થા કન્યા પક્ષે કરવી અને તેના ખરચના રૂપીઆનો આંકડો વરપક્ષે ચુકાવી આપવો. ગામમાં ને ગામમાં લગ્ન હોય તો જેણે તેણે પોતપોતાની

ન્યાતે કરી લેવાની છે. અને બહારગામની જાન આવેલી હોયતો ત્રીજા દીવસે જાનની વીદાયગીરી કન્યાપક્ષે ફક્ત વરપક્ષની જાનને જમાડી કરવી પરંતુ કારણ પરત્વે બહારગામની જાનને કન્યા-પક્ષ એકાદ દીવસ વધુ રાખે તો આ ઠરાવથી બાધ આવતો નથી.

૯–છોકરા છોકરીના વેવીશાળ થયા પછી બંને પૈકી કોઈને શારીરીક યા માનસીક અયોગ્યતા પ્રાપ્ત થાય તો તે પ્રસંગે કન્યા તરફથી બે સભ્યો ને વર તરફથી બે સભ્યો પોતાનીજ ન્યાતીના તથા એક સરપંચ બન્ને પક્ષને સગા સંબંધી ના હોય તેઓ ઉપરના ચાર સભ્યો વધુ મતે પસંદ કરે તે મળી પાંચ સભ્યોની કમીટી વધુ મતે જે ઠરાવ કરે તે બન્ને પક્ષને કબુલ કરવો પડશે.

૧૦–વરકન્યાનું વેવીશાળ થાય તે વખતે કન્યાના બાપના દેરાસરના ચોપડે રૂા. ૧। અંકે સવા રૂપીઓ આપી વરપક્ષે વિવાહ નોંધાવવો વિવાહ થયા પછી અઠવાડીયા અંદર નોંધાવવો જોઈએ.

૧૧–કન્યાવિક્રય કોઈ પ્રસંગે કોઈપણ વ્યક્તીએ કરવો નહી. તેથી વિરૂદ્ધ વર્તન કરનારે સમાજના બંધારણ વિરૂદ્ધ વર્તન કર્યાથી સમાજ તે સંબંધી વિચાર કરી શકે છે.

૧૨–મરણ પ્રસંગે ફરજીયાત કોઈપણ જમણવાર કરવાનું નથી. મરજીઆત કરવાને હરકત નથી. મરનારની ઉંમર ચાલીસ વરસ ઉપરાંત હોય તો મરજીઆત છે પણ ચાલીસ વરસ અંદર હોય તો કાંઈપણ કરવાનું નથી.

૧૩–આ ઠરાવો પોતાને બંધનકર્તા ને કબુલ છે તે બદલ ઉપરના ગામોના જે જે સભ્યો સહીઓ કરે નહી તેવા પ્રસંગે આ ઠરાવો કબુલ રાખનાર કન્યાનો પક્ષ અગર વરનો પક્ષ આ પહેલાં થયેલો વેવીશાળ છુટો કરી શકે છે, તે ઉપરાંત કન્યાનો પિતા અગર વાલી કન્યાની ઉંમર વરસ સોળની થયા છતાં વરનો પિતા યા વાલી (કન્યાના વાલી તરફથી લગ્નનું કહેણ મોકલ્યા છતાં) લગ્ન કરે નહિ તેવા પ્રસંગે પણ કન્યાનો બાપ વિવાહ છુટો કરી શકે છે.

૧૪–આ સમાજની ઉન્નતિ અર્થે સમાજની અંદર અંદર સંબંધ જોડવા ભલામણ કરે છે.

૧૫–આ સમાજ સમાજની ઉન્નતિ અર્થે કન્યાની ૧૬ વર્ષની ઉંમર થાય ત્યાં સુધીમાં સગાઈ કરવા ભલામણ કરે છે.

વખારીયા ચંદુલાલ તારાચંદ સહી દા. પોતે
પાંચ ગામના પંચોએ કહેવાથી ગામ કલોલના

શા. ભીખાભાઈ બહેચરદાસ
સહી દા. પોતે ગામ **વાંચના.**

ટીપ:—આ ઠરાવો બીજી બેઠક તારંગા મુકામે સંવત ૧૯૯૧ ના ઝાલાવાડી આસો સુદી ૩ ને ગુરૂવાર તારીખ ૧૧ અકટોમ્બર ૧૯૩૪ ના રોજ ભરવામાં આવશે તેમાં પસાર કરવામાં આવશે.

દરમિયાન પંદર દીવસ અગાઉ કોઈ ગૃહસ્થની યોગ્ય માંગણી પોતાના ખર્ચે પોતાની અનુકુળ જગ્યાએ કલોલના પંચમાં કરવામાં આવશે તો કલોલના પંચ તરફથી દરેક ઠેકાણે તે બદલ ખબર આપવામાં આવશે.

ઉપર હેડીંગમાં જણાવ્યા મુજબ ઉપર પ્રમાણેના ઠરાવો તેમજ સમાજ સંબંધી હાલના સમયને અનુકુળ બંધારણ તથા જે જે નવીન સુચનાઓ યા ઠરાવો આવે તે સર્વનો વિચાર પંચોના ઠરાવ મુજબ પાંચ ગામોના પંચના ખરચે પંચોની બીજી બેઠક કરવામાં આવશે.

ઉપરની હકીકત લાગતા વળગતા સર્વભાઈઓના જાણવા માટે પ્રસિદ્ધ કરવામાં આવી છે.

તા. ૧૬–૯–૩૪
ચંદુલાલ તારાચંદ વખારીયા.

यदि योग: चित्तवृत्ति: निरोध: । અથવા योग: कर्मसु कोशलम् । નો સિદ્ધાંત મિથ્યા ન હોય તો એ નિશ્ચયપૂર્વક એ એક પહોંચેલા યોગી પુરૂષ હતા. હરેક પરિચયમાં આવતા પુરૂષો અને પાડોશી એમને હરેક વખતે અર્ધ મિચેલાં નેત્રો સહીત ધ્યાનમાં પડેલા, પરાર્થ ચિન્તામાં લીન થયેલા જોતા. લોક અભિપ્રાય પ્રમાણે એ સાધારણ યોગી ન હતા, પરન્તુ યોગિરાજ હતા. દુનિયાની ગાઢ માટી નીચે દબાએલા ખાણમાં સંતાયેલ છુપા રત્ન સમાન એ હતા. નિર્જન જંગલમાં ખીલેલા પારિજાત સમાન હોવા છતાં એમનામાં રહેલા ઉજ્વલ આત્માને કાંઇ જોઇ શકયું નહતું એમનો ઉચ્ચ આદર્શ, એમના રોમેરોમ પુષ્પમા સુગંધની માફક રહેલો સેવા ભાવ અને એમના હરેક સામાન્ય વર્તનમાં નજરે પડતી એમના હૃદયની વિશાળતા વિશાળ જનસમુહ જાણી ન શકયો, એનું કારણ એ પોતેજ હતા. એ જાણી જોઇને કોઇના ખાસ પરિચયમાં આવવાનું ચ્હાતા ન હતા.

હા, એમને જાણનાર ઓળખનાર પણ હતાં! કોણ? દુઃખી મનુષ્યોના દીલ, જરૂરીઆતવાળાની આંખો, સહાય વિનાની વિધવાઓનાં આંસુ, સંતાપ પામેલા મનુષ્યોનો આત્મા, રોગી અને આંધળાં, લુલાં, અપંગ જનોની વેદનાથી ભરેલા અંગ પ્રત્યંગ, બસ જયાં, કોઇ જતું નહિ ત્યાં, દુઃખી દુઃખનિવારકની શક્તિ રૂપ એ હાજર રહેતા.

આજ વરસાદમા કિલીયાની ઝુંપડી ભાંગી ગઇ, સવારમાં તે સમારવાના કામમાં એ મદદ કરી રહ્યા છે. ઝુંપડી જુની હતી, વાંસ ભાંગીને ચુરા થઇ ગયા છે, તાપ અને વરસાદથી છાજ કોહી ગયું છે તેથી નવા વાસ અને છાજ મંગાવવાની જરૂર છે. કેટલાએ વખતથી કીલીયાએ પેસાનું મ્હોંપણ દીઠું ન હતું, ખેતરમાં મજુરી કરવા જાય તેના બદલામાં ઘઉં, ચણા વગેરે જે કાંઇ ધાન મળે તેમાં ગુજારો કરી લેતો હતો. યોગીથી આ કાંઇ અજાણ્યું નહતું. એમણે જલદીથી હિસાબ કરીને કીલીયાના ગજવામાં રૂપીઆ નાખ્યા અને કહ્યું. 'જાઓ, જલદીથી વાંસ અને છાજ ખરીદ કરી લાવો.' જમના દુઃખી હતી. એને કોઇનો આશ્રય ન હતો. ભીખ માગીને જ્યાં ત્યાં પેટની જ્વાળા શાંત કરતી હતી. ગામના સુતારને એને માટે રેંટીઓ તૈયાર કરવા કહ્યું. જમીનદારને ત્યાંથી રૂ વેચાતું લીધું, પોતાને હાથે પિંજી પુણી તૈયાર કરી જમનાને આપી આવ્યા. 'બસ આજથી કોઇ જગ્યાએ ભીખ માગવા જવું નહિ. જલ્દી સુતર તૈયાર કરો અને લે, આ તો તારે ખાવાને માટે છે. જ્યારે સુતર તૈયાર થશે ત્યારે તેનું કંતામણ તો જુદું ચુકવવામાં આવશે, એમ કહી અને બુઢ્ઢી સ્ત્રીના હાથમાં રૂ. પાંચ ચુપકીથી આપ્યા.

દુઃખી જમના નિહાલ થઇ ગઇ, તેના હાથે પાંચ તોલા ચાંદીનો ભાર કયારે ઉંચકયો હતો? તેના વજનથી એટલી ઝુકી ગઇ કે, એ એમના ચરણોમાં લોટી જવાની હતી. એકદમ યોગીરાજ દૂર ઉછળીને ઉભા. "હાં હાં મા, એ શું કરો છો? એમ કહી ઝટ ઝુંપડીની બહાર ચાલ્યા ગયા. એક અઠવાડીઆની અંદર બુઢ્ઢી માથા ઉપર સુતરની પોટલી લઇ આવી પહોંચી. એને કંતામણ આપી, બદલામાં અસંખ્ય મુક આશીર્વાદ લઇને, એને એમણે વિદાય કરી. વણકરને તે સુતરનું કપડું જલદી વણી આપવાનું કહેવામાં આવ્યું. તૈયાર થતાંની સાથે ખાદી લઇ ડસીના દ્વાર આગળ આવી કહેવા લાગ્યા—લ્યો મા, તમારો ચણીઓ અને ચાદર. એટલાથી ઠીક ચાલશે ના? આખો વખત એ એવી રીતે મચ્યા રહેતા હતા. ગરીબની દાદ એમની આગળ પુરી થયા શિવાય રહેતી ન હતી. તે એમના કોમળ હૃદયમાં ઘુસતી જતી

અને અંદર હા, હાકારની સૃષ્ટિ રચતી. બસ, એ તેને શાંત કરવા કાંઇપણ કરવાનું બાકી રાખતા નહિ. તુરત કર્તવ્ય પરાયણ થઇને તે કાર્ય આટોપવા લાગી જતા. નાના મ્હોટા, ઉંચ નીચ, વૃદ્ધ બાળક, સ્ત્રી પુરૂષ, બ્રાહ્મણ ચમાર, બધાંજ સમાન ભાવથી લાભ ઉઠાવી શકતાં હતાં. હરીજન છોકરાને પણ એ એટલાજ પ્રેમથી પાસે બેસાડી તેને ભણાવતા, જેટલા પ્રેમથી બ્રાહ્મણના છોકરાને. એમના એ પ્રકારના સમાન ભાવને ઉંચ્ચ જાતિના લોક સહન કરી શકતા ન હતા, તેથી કરીને શરૂઆતમાં તો તે લાલ પીળા થઇ જતા અને ખીજાતા; આખરે બધાની એવી ધારણા થતી કે એ સાધુ મહાત્મા છે, એમને પુણ્ય, પાપ, ધર્મ, અધર્મ, ઉંચ-નીચ, છુત-અછુતનો ભેદભાવ હોતો નથી. એ એક એવા મહાત્મા છે, કે જેમની થાળી ખુદ ભગવાનને ત્યાંથી પીરસાઇને આવે છે. ભોળા ગામડીયાનો એ નિશ્ચય હતો, કે ભગવાન પાસેથી લઇને એમને સહાય કર્યા કરે છે, અસ્તુ એવા સાથે રહેનારા અને સેવકોને લઇને એમની જીવન યાત્રા સફલ હતી.

એ સિવાય એમને એક સહચરી પણ હતી તેની સાથે પણ એમનો પ્રેમ એટલોજ હતો કે જેટલો કોઇ પુરા પ્રેમીનો પ્રેમ પોતાની જીવન સર્વસ્વ માશુક ઉપર હોઇ શકે. યુવાન અવસ્થાના પ્રથમ પ્રભાતમાં, જ્યારે એ સાધનાના કઠીન દુર્ગમ પ્રદેશમાં વિહાર કરી રહ્યા હતા. એનો એમના સાથે અને એમનો એ સુંદરી સાથે સાક્ષાત્કાર થયો હતો. બસ પ્રથમ દર્શનમાંજ એક બીજાને ઓળખી ગયાં હતાં. તેજ દીવસથી એ એક બીજા સાથે ચિર પ્રેમ સૂત્રથી બંધાઇ ગયાં હતાં.

એને પ્રાપ્ત કરીને એ પોતાની સાધનામાં કોઇપણ દીવસ સ્હેજ પણ સ્ખલીત થયા ન હતા. એનું કારણ એ હતું કે એ પોતાને સાધ્ય કરવાની વસ્તુ નહતી પણ તે એક સાધન તરીકે હમેશ ઉપયોગી નિવડે એજ માત્ર ભાવના હતી. એમના સ્પર્શ માત્રથી એ વિણા રૂપી સુંદરી મગ્ન કરી દેતી, અને એ રીતે એમની સાધનામાં મદદગાર થતી અને એ પોતાની જીવીતેશ્વરી પ્રિયતમાની સમાન સમજી, બધું ખોઇ નાખી પોતાની જાતને પણ ભૂલી જઇ એ સિતાર મય થઇને પ્રભુ ભજનની ધુનમાં મસ્ત થઇ જતાં. એ તેમનું પૃથ્વી ઉપરનું સ્વર્ગ હતું.

બસ એજ એમની દિનચર્યા હતી, એજ એમની સાધના, એજ ત્યાગ અને સેવા ભાવની દિક્ષા લેવાનો પ્રકાર હતો. એજ એમનો યોગ. એ કાર્ય ક્રમમાં પરિવર્તન કરવાની એમને ન તો આવશ્યકતા કે અભિલાષા કદી ઉત્પન્ન થતી.

એક દિવસ એ પ્રમાણે એ જ્યારે પોતાના નિત્ય નિયમ પ્રમાણે સિતાર લઇ તન્મય થઇ બેઠા હતાં, ત્યારે કોઇક અવ્યક્ત અવાજે એમને સુતેલા જગાડીને કહ્યું.-"ઉઠો વત્સ ! તપસ્યા પૂર્ણ થઇ છે, હવે પરિક્ષાને માટે તૈયાર થઇ જાઓ, જાઓ, ઘર, ઘરના હાહાકાર, ચીત્કાર અને રૂદનને આ વીણાના ઝંકારે મૃદુલ ધ્વનિ અને હર્ષમાં સમાવી દે; પરંતુ પદભ્રષ્ટ ન થશો, ધનવાન અને સુખી મનુષ્યોનો પરિચય કરવામાં એનો ઉપયોગ ન કરતાં દુઃખી, રીબાતાં અને ત્યજાયેલાંની સેવામાં તેમની જાણ પિછાણ કરવામાં એનો ઉપયોગ કરો. બસ એજ મારો આદેશ છે, એજ ઉપદેશ અને આશીર્વાદ." ત્યારપછી એ ધ્વનિ સંભળાયો નહિ. ધ્યાન છુટ્યા પછી યોગીએ જોયું કે એમની વીણા હાથથી છુટી ગઇ હતી. એમની આંખ સ્થિર ભાવથી આકાશ તરફ નિહાળી રહી હતી, એમનું હૃદય જોરથી ધડકતું હતું. એજ સ્થિતિમાં ક્ષણભર એમણે વિચાર્યું-'મેં શું સ્વપ્ન તો નથી જોયું.' એને સ્વપ્ન કલ્પનામાં એ સફળ ન થયા, છેવટે એને દૈવી પ્રેરણા સમજીને વસ્તિવાળા પ્રદેશમાં એ વિચરવા લાગ્યા, સાથે એમની સહચરી પ્યારી સેવિકા વીણા પણ હતી. જે જે માણસો એમના પરિચયમાં આવતા, તે એમને દીવ્ય પુરૂષ માનતા. એમના ચહેરા ઉપર સદા સાત્વિક શાન્તિ રમ્યા કરતી, અને હૃદયમાં જીવમાત્ર ઉપર દયા ભાવ.

એમના કેટલાએ શિષ્ય હતા. બાળક એમની સાથે રમતાં, યુવાન એમની પાસે ભણતા અથવાં કાંતતાં શીખતા, અને વૃદ્ધ પુરૂષો યોગ અને સિતાર શીખતા. જ્યારે એ ભણાવતા ત્યારે ચંચળ સ્વભાવનાં નાનાં નાનાં બાળક એમના ખોળામાં અથવા ખભા ઉપર બેસીને એમની દાઢીની સાથે રમતાં રમતાં પુછતાં–"બાબુ (ઘણે ભાગે બધાં એમને એ નામથી બોલાવતાં) તમે રાત્રે કયાં જતા રહ્યા હતા? દરરોજ તમે એમ કેમ જતા રહો છો! એવી રીતે હમે નહિ ભણીએ, પહેલો સિતાર સાંભળાવો." તેના ઉત્તરમાં તેમની માફક સફળતાથી હસતાં હસતાં એ કહેતા, "ભલે ઠીક પહેલાં સિતાર સાંભળી લ્યો, પછી ભણજો." એમ કરી એ સિતાર હાથમાં લેતા, ક્ષણભરમાં બધા તન્મય થઇ જતા, પછીથી જલદી ઉંઘમાંથી જાગીને તે કહેવા લાગતાં. 'ચાલો હવે ભણીએ," બચ્ચાં પોતપોતાની ચોપડીઓ અને સ્લેટ પર ભણવા લાગતાં. ગામડાંના યુવક કાંતતાં, પીંજતાં તો જલ્દી શીખી જતાં, પરંતુ સિતારના ઝીણા તાર ઉપર તેમનું કામ ઠીક ચાલતું નહિ ત્યારે એ તેમને ઉત્સાહથી આગળ વધારવા પ્રયત્ન કરે જતા. વૃદ્ધ જનોને એ કહેતા કે તમારે જરૂર સિતાર શીખવો. એનાથી તન્મય થવાય છે. તન્મય થવાથી ચિત્તની વૃત્તિયો રોકાઇ જાય છે, એજ 'યોગ' કહેવાય છે. સંગીતમાં એમને એટલો પ્રેમ હતો કે તેને એ ઠામ ઠામ, ગામગામ, ઘેર ઘેર દરેક વ્યક્તિ સુધી પહોચાડી દેતા. દીવસના કઠોર કામકાજની કર્કશતા પછી મનને આનંદમગ્ન કરવાને સંગીતથી તાજગી આવે છે. તેથી એ તેને કદી ન ભુલતા. આ કાર્યક્રમમાં, એ સ્ત્રીઓને પણ સામેલ કરતા, તેમને એ જુદી રીતે ઉપયોગી શિક્ષણ આપતા.

બસ, પોતાના એ પ્રોગ્રામની સાથે એક સ્થાન ઉપર એ છ માસ કે વર્ષથી વધારે ન રહેતા. ગામની આગળ પાછળની સફાઇ, એક નાની સ્કુલ, ઘર ઘરમાં ચાલતા રેંટીયાનો મધુર ધ્વનિ અને કોઇ પણ રોકટોક કે ભેદભાવ સિવાય સ્વચ્છંદ વિચારના હરિજનોને જોઇને જણાઇ જતું કે એ સ્થાન ઉપર યોગીગજની વીણા વાગી ચુકી છે. જોનારાઓને આશ્ચર્ય થતું કે આમ થોડા વખતમાં એ એટલું બધું કામ કેવી રીતે કરી શકે છે. દીવસ રાતના ચોવીશે કલાકને એ એવી રીતે વ્યતિત કરતા કે, મોટાં મોટાં કામ એમના સંકલ્પ માત્રથી સિદ્ધ થયેલાં માલુમ પડતાં.

એમને કાંઇ એકલી ગંધેલી રશોઇ જમતા જોયા ન હતા. કમંડળુમાં ભિંજાવેલા કાથા ઘઉં અને ચણાં એમનો સ્વાદીષ્ટ ખોરાક હતો, કપડામાં એક નાની ચાદર, જેને ઓઢી રહેતા અને રુદ્રાક્ષ જેને એ પહેરી લેતા, એજ માત્ર એમના અંગરક્ષક હતાં. ગરીબોને મદદ કરવામાં જે નાણું એ બધું કયાંથી આવે છે! તે સંબંધી ભક્તો એમને વારેવારે પુછતા. તેના જવાબમાં એ માત્ર મંદ હાસ્ય કરતા. એ પ્રમાણે કેટલાએ વખત સુધી એમનું રહસ્ય યોગી જીવન છુપું રહ્યું તે એક દીવસની ઘટનાથી અચાનક જાહેરમાં આવ્યું.

વાત એમ બની કે, એ તો લોક જોયા કરતા હતા કે, ઘણે ભાગે મહીનામાં એકવાર એમની પાસે એમના જેવા વેશવાળો એક સુંદર યુવક આવ્યા કરતો. બંને ઘણા વખત સુધી ચુપકીથી વાર્તાલાપ કર્યા કરતા. યોગી પોતે તો બહુ ઓછું બોલતા પણ સાંભળતા હતા વિશેષ. એ પ્રમાણે એક બે દિવસ રહીને ચાલ્યો જતો. એક વખત મહીનો વિતિ ગયા છતાયે ન આવ્યો. લગભગ દોઢ મહિનો થઇ ગયો હતો. એકસો રૂપીઆનો મનીઓર્ડર લઇને પોષ્ટમેન સુધીન્દ્ર બાબુને ખોળતો આવ્યો. સુધીન્દ્રબાબુ નામની કોઇ વ્યક્તિ છે, તે કોઇની જાણમાં ન હતું. એ પહેલાં એ શીરનામાથી કંઇ પત્ર પણ આવ્યો ન હતો. શોધતો, શોધતો પોષ્ટમેન પોળની પાસે ગયો. પટેલે પોષ્ટમેનના હાથમાંથી મનીઓર્ડરનું ફાર્મ લઇ ઝીણા ઝીણા અક્ષરોમાં લખેલી બાબત વાંચી જોઇ. તેમાં લખ્યું હતું:—

"પ્રિય સુધીન્દ્રબાબુ,

તમારો પત્ર મળ્યો. માતાજીની બિમારીના કારણુથી હું આવી ન શક્યો. હાલ રૂ. સો મોકલું છું. જલ્દી આવી જવાનો પ્રયત્ન કરીશ. તમને માલુમ હશે કે અહિંઆ આ વર્ષે દુકાળ છે, તેથી કરીને હરવખત રોકાઇ રહેવું પડે છે. આજ આ ગામમાં, તો કાલ બીજામાં. બેન્કમાં રૂપીઆ પણુ હવે વધુ નથી. યોગ્ય અભિપ્રાય લખશો. એજ.

સ્નેહાધીન—"દ્વારીકા."

હવે પટેલની ઉત્સુકતા ઘણી વધી. થોડું થોડું અંગ્રેજી એ જાણુતા હતા. તેથી એ પણ જાણી લીધું કે રૂપીઆ કયાંથી આવ્યા છે. મોકલનારના શીરનામામાં લખ્યું હતુ. "દ્વારીકાનાથ C/o પોષ્ટ માસ્તર, હિસાર."

એ પ્રમાણે કરીને પોષ્ટમેનને મનીઑર્ડર ફોર્મ પાછું આપતા કહ્યું "માલુમ પડે છે કે એ યોગીજ સુધીન્દ્રબાબુ છે," જા, આગલા ભાગમાં ભણાવતા હશે. એમને જઇને પુછતો ખરો કે સુધીન્દ્રબાબૂ કોણ છે? પોષ્ટમેને એ પ્રમાણે કર્યું. પટેલનું અનુમાન ઠીક હતું.

"સુધીન્દ્ર બાબૂ', પોષ્ટમેને બુમ પાડી, તે સાંભળી યોગીએ મોં ઉંચું કરી પુછયું—કોણ શું કામ છે? બાળકો ચિત્રવત્ ચુપચાપ જોઇ રહ્યાં હતાં. આપનો મનીઓર્ડર છે. ઠીક કહી પોતે આગલી પરશાળમાં આવ્યા, અને રૂપીઆ લઇને ચુપચાપ કાંઇ વીચાર કરતા ફરીથી સ્થાન ઉપર આવી બેઠા. હવે તો પાસેનાં બાળકો બોલી ઉઠયાં—"સુધીન્દ્ર બાબૂ"—"સુધીન્દ્ર બાબૂ" યોગીએ બહુ રીતે બાળકોને કાંકરા લઇ બે અને બે ચાર, ચાર અને ચાર આઠ એમ ગણુતરી કરતાં સમજાવવાનો પ્રયત્ન કર્યો; પરંતુ એકપણ બાળકનું લક્ષ તે તરફ વળ્યું નહિ. આ પરે હારીને સુધીન્દ્ર બાબૂએ હારીને કહ્યું—"શું કહો છો બોલો!"

"આપનું નામ સુધીન્દ્ર બાબૂ છે!"

"હાં."

"આપે પહેલાં કયમ ન બતાવ્યું?"

"હવે તો બતલાવી દીધું ના."

બીજે બીજે ગામના એકેએક માણુસ જાણી ગયું કે યોગીજી સુધીન્દ્ર બાબૂ છે.

(३) दर्शन-आरती-इसमें दर्शन पाठ, अहो जगतगुरुकी विनती, अनेक आरती, स्तुतियों और मेरी भावनाका उपयोगी संग्रह है। मू० -)।

जैन समाजके कर्णधारोंसे।

यह सिद्धान्त निर्विवाद अक्षरशः सिद्ध है कि प्रत्येक देश अथवा जातिका उत्थान और पतन उस देशके विद्यार्थी वर्ग वा नवयुवकोंके ऊपर ही निर्भर रहता है। वर्तमानमें जिन देशों वा जिन जातियोंने जो भी कुछ उन्नति प्राप्त की है, वह उस देशके नवयुवक अथवा विद्यार्थीगणके द्वारा प्राप्त हुई है।

वर्तमानमें विश्वकी सम्पूर्ण जातियां दिन प्रतिदिन उन्नति पथपर जारही हैं परन्तु यह जैनजाति उन्नति पथपर जाना तो दूर रहा परन्तु उस पथपर जानेका प्रयास तथा विचार भी करना आवश्यक नहीं समझती, यह तो अपने व्यापारसे ही जाति देश तथा सम्पूर्ण विश्वकी उन्नति समझती है।

देशके अनेक नवयुवक स्वतन्त्रतादेवीके चरणोंके प्रसाद बनकर आज विश्वके सन्मुख इस प्रकार आदर्श मार्ग बतला रहे हैं तथा जिनके सिद्धान्तोंके पत्रोंको उलटनेसे आज यह भलीभांति विदित होजाता है कि हम भी अपने जीवनमें अवनति पथ प्राप्त रूढ़िग्रस्त मृतप्राय जैन जातिको सन्मार्ग दिखला सकते हैं। आज हमारी आत्माओंमें वह प्रबल शक्ति विद्यमान है जो कि आज समस्त विश्वकी आत्माओंपर अपना प्रभाव डाल सकती है। क्या आज हम लोगोंकी आत्माएं इतनी बुजदिल होगई? क्या समस्त विश्वको एक तन्तुमें बांधकर उच्च कोटिकी पराकाष्ठाको प्राप्त करनेकी शिक्षाके स्थान अनेक विश्वविद्यालय स्थापित करनेकी शक्ति सिर्फ अन्य समाजके सुशिक्षित विद्वानोंमें ही है? क्या कोई वर्तमानमें जैन समाजमें ऐसा प्रौढ़ पराकाष्ठाको प्राप्त कर सकनेके योग्य जैन विश्वविद्यालय स्थापित नहीं होसकता है? क्या आज भी जैन जातिके नवयुवक अपनी निद्राको त्याग कर विश्वके सन्मुख आदर्श मार्ग दिखलानेमें असमर्थता प्रकाशित करेंगे?

"क्या आज जैन जातिके धनिकोंके पास अपव्ययको छोड़कर समुचित शिक्षाप्रदान करनेवाले एक भी विश्वविद्यालयको स्थापित करनेके लिये द्रव्यका सर्वथा ही अभाव है? मैं तो आज इस प्रकार कहनेको तैयार हूं कि वर्तमानमें प्रत्येक वर्ष इस जैन समाजका जितना धन बिम्ब प्रतिष्ठा, जलयात्रा, रथोत्सव अथवा तीर्थयात्रादिके उत्सवोंमें व्यय होता है उसका सहस्रवां भाग भी शिक्षा विभागमें व्यय नहीं होता। मैं इस बातको पुनः पुनः कहनेका दावा रखता हूं कि वर्तमानमें इन कार्योंकी कोई महती आवश्यक्ता नहीं है।

क्या आज बिम्ब प्रतिष्ठाकी इतनी आवश्यक्ता है कि उसके बिना पूजन करनेके लिये प्रतिबिंब मिलेगी ही नहीं। आज जहां पचास पचहत्तर वेदिकायें विद्यमान हैं उन बड़ेसे बड़े नगरोंमें भी पूजनकी तो बात ही क्या, यदि पुजारी न हो तो प्रक्षाल भी नहीं होपाता। तब जो प्रत्येक वर्ष नवीनसे नवीन मंदिर अपनी कीर्तिको चिरस्थाई करनेके लिये तैयार किये जारहे हैं, क्या इनकी भी भविष्यमें यह अवस्था नहीं होगी? अवश्य होगी। उस समय तुम्हारी ही संतान तुम्हारा स्मरण कर कर चिरकालतक कीर्ति गानके बदले तुम्हारे नामपर अश्रुधारा बिना बहाये नहीं रहेंगी। आज समाज जो इतनी पतित अवस्थाको प्राप्त होरही है उसका मुख्य कारण एक अविद्या है।

तथा जैनधर्मके धारकोंकी आज तो प्रत्येक वर्ष जन संख्या घटकर अन्य समाजकी वृद्धि होरही है उसमें एक अज्ञानता ही प्रधान कारण है।

अतः बन्धुओ! संसारकी हृदय विदारक परिस्थिति पुकार पुकारकर कह रही है कि अब भी सचेत हो आंख खोलकर कार्य करना सीखो और द्रव्यको सदुपयोगमें लगाओ। इसीमें देश और जाति दोनोंका हित है। —प्रेमचन्द्र शास्त्री।

પ્રગતિને પંથે.

નરસિંહપુરાને બે બોલ.

કલોલ મુકામે નૃસિંહપુરા ભાઇઓના પાંચે ગામનાં પંચ, રાયકવાળ ભાઇઓને અપનાવી લેવા માટે અશાડ સુદ ૭ જે મળ્યાં હતાં. ઠરાવોની રૂપરેખા સુંદર રીતે 'વિષય' ના નવીન અભિધાન નીચે છાપી ગામે ગામ પહોંચાડી દેવામાં આવી હતી. કહાનમ અને સુરતનાં પંચો તાત્કાળીક આમંત્રણ સ્વીકારી ન શક્યાં તેટલા માટે, તે પંચોની બેઠકનું દ્વિતીય અધીવેશન તારંગાજી તીર્થના પવિત્ર સ્થાન ઉપર રાખવાનો ઠરાવ પણ સર્વાનુમતે કરવામાં આવ્યો હતો.

આ બધી અમૃત તુલ્ય સુંદર વાનીઓનાં ઢગલા નીચે, ઝીણી ઝીણી જહેરની ચીણગારીઓ છુપાઇને પડી હતી, તેનો ખ્યાલ રાખ્યા સિવાય સુધારા કરવાના હર્ષોન્માદમાં પંચોના આગેવાનો આ બધી ચાલબાજી કરી રહ્યા હતા. પરિણામે, તારંગાજીનું પવિત્ર સ્થાન અપવિત્ર ભાવનાઓને ન રૂચ્યું. કેટલાક ભોળા ભાઇઓ તારંગાજી સુધી નિરર્થક અથડાઇ નિરાશ થઇ પાછા વળ્યા, કેટલાએક ભાઇઓ, કોઇપણ રીતે રાયકવાળ ભાઇઓને અપનાવવાના સુધારાના બ્હાના નીચે, મથન કરવાથી પેઢીઓગતથી ચાલતો આવેલો ઝેર નરસીંપુરના ઝઘડાનો નાશ કરી શકાય, કે જેથી હનુમાનના પુંછડે રાવણે આગ લગાડી ત્યારે વીર હનુમાને છાપરે છાપરે કુદી આખી લંકા નગરી ભસ્મીભૂત કરી નાખી, તેવા રૂપક-વાળો એ ઝઘડો આખા દિગમ્બર જૈન સમાજને નડતર રૂપ ન થાય, તેવી લાગણીથી વગર તેડે નોતરે પણ તારંગાજી જવા પોટલાં બિસ્તા બાંધી તૈયાર થઇ રહયા હતા. તારંગાજીની બેઠક બંધ રહ્યાના ખાનગી પત્રો મળ્યા, જેમાં જણાવવામાં આવ્યું હતું કે, પંચને ત્વછુડાનું નડતર થયું છે' હવે કપડવંજ પાસે ડેમઇ મુકામે કારતક સુદ ૮મે પંચ મેળવવા માટે ઝહેરના ભાઇઓએ બધાને આમંત્રણ મોકલાવ્યું છે.

આ આમંત્રણને સફળ બનાવવા માટે, બધા પંચના ભાઇઓ દીલસોજી રાખે તોજ, જ્ઞાતિઓનાં સાંકડાં થઇ ગયેલાં બંધારણને વિશાળ બનાવવાનો સુધારો સારી રીતે અમલમાં મુકી શકાશે, નહિ તો જેવી રીતે અત્યારે ઝેર, નરસીપુરના મૂળમાં વારસાના ઝઘડાને લઇને પાંચે ગામના જેવોજ કલેશ કહાનમ, સુરત વગેરે સબંધ ધરાવતાં ગામનાં પંચમાં ક્રમે ક્રમે પ્રવેશ કરતો જાય છે, તેવીજ રીતે આપણી સાથે નવા સંબંધમાં આવતા રાયકવાળ વગેરે ભાઇઓને પણ એ કલેશના ભાગીદાર થયેજ છુટકો છે. સુરત વિભાગના રાયકવાળ ભાઇઓ ઉપર તે વિભાગમાં રહેતા અને વધુ સંબંધમાં આવતા નૃસિંહપુરા ભાઇઓની અસર થશે. અને વાંચ, અસલાલી વગેરે ગામમાં રહેતા ભાઇઓ ઉપર અમદાવાદ એટલે ઝેર, નરસીંપુર પક્ષના ભાઇઓ સીધી અસર પાડવાનો પ્રયત્ન કર્યા શીવાય રહેશે નહિ. પરિણામે કલેશ કરનારો પક્ષ વધશે. સરસ રસ્તો એજ છે કે પહેલેથી આખી ભૂમિકા સ્વચ્છ કરી તેની ઉપર નવું ચણતર કરવું, નહિ તો ડગમગતા પાયાવાળું ચણતર જરૂર ગબડી પડયા સિવાય રહેવાનું નથી.

સુરત મુકામે આપણી કોન્ફરન્સ પ્રસંગે, સમાધાન કરવાની જે વિધી અખત્યાર કરવામાં આવી હતી, તે લગભગ અમલમાં મુકાઇ ગઇ છે. માત્ર દીલશોજીના અભાવે બન્ને પક્ષનો મેળ ખાતો નથી. બન્ને પક્ષમાંથી માનની ભાવનાઓ ઓછી થઇ નથી. કલેશ-કુટીલ થઇ ગએલા વર્ગમાં કલેશ કરવાનો એટલો સરળ અભ્યાસ થઇ જાય છે કે, કલેશની પરાકાષ્ટા આવી જતાં છતાં બન્ને પક્ષમાંથી એક પણ પક્ષ થાકતો નથી. તેવીજ પરિસ્થિતિ હાલ પાંચે ગામનાં અને સાથે કહાનમમાં પણ ઉભી થઇ છે. લાંબા કાળનો સ્નેહ સબંધ અને હેત પ્રીતિનો તેમજ ન્હાના મ્હોટાની

આમન્યાનો સદંતર નાશ થતો જાય છે. જેમ પુરૂષ વર્ગમાં તેવીજ રીતે સ્ત્રી વર્ગમાં સ્વાભાવિક કોમળતા અને સૌંદર્યનો નાશ થતો જાય છે. હિસ્ટીરીયા, ગાંડપણ જેવાં માનસિક દર્દો, અતિશય કલેશના પરિણામેજ થાય છે. આમ અધોગતિએ પહોંચતા જતા સમાજને બચાવવો હોય તો પહેલો, જે સડો છે, તેને પ્રથમ સાફ કરીનેજ નવાં કાર્યની શરૂઆત કરવી જોઇએ એક બાજુથી આપણા લાંબા કાળના સ્નેહી, સબંધી દૂર થાય અને બીજી બાજુએ નવો સ્નેહ બાંધવાનો આપણે પ્રયત્ન કરીએ, તે યુક્તિયુક્ત તો નહિજ ગણાય.

સામાધાન કરવાની વિધિ તો પુરી થઇ છે તો સામા પક્ષના ભાઇઓને આમંત્રણ શા માટે આપવામાં આવે નહિ? જો, અમુક ભાઇઓને પક્ષ તરીકે આમંત્રણ ન અપાયું હોય તો સાતે ગામનાં પંચ મળી તેમને આમંત્રણ મોકલે; અથવા તો સામાપક્ષના ભાઇઓ પોતાની મેળેજ જુદા એકઠા મળી કેવી રીતે, એક બીજાનો સહકાર ફરીથી ચાલુ થાય તે સંબંધી વિચાર કરી, બન્ને પક્ષનું માન સચવાય એવી રીતે હૃદયનો ખટકો કાઢી નાખે. મુંબઇમાં આખા દેશની મહાસભા મળી ગઇ છે. પૂજ્ય માલવીયાજીનો આખો પક્ષ મહાસભાની પાર્લામેન્ટરી બોર્ડની વિરૂદ્ધ પ્રચાર કામ કરી રહ્યો હતો. બન્ને પક્ષમાં પુરેપુરી કડવાશ વ્યાપી ગએલી જણાતી હતી. મહાત્મા ગાંધીજીએ અનેક યુક્તિ પ્રયુક્તિથી સમજાવ્યા છતાં, જાતિય હીત (Communal award) રક્ષક કાયદાનો વિરોધ કરવાના પોતાના મંતવ્યને એમ છોડયું નહિ, છેવટ મહાસભા મળી છે, તેમાં એ બધાઓ આવ્યા હતા ને વિષય વિચારીણી કમીટીમાં એમના પક્ષને સખત હાર મળી હતી. મહાસભાના ચાલુ અધિવેશનમાંએ પોતાની દલીલ રજુ કરી ચુકયા અને દેશહિતને માટે યા હોમ! કરવાની સંપૂર્ણ ધગશથી એ સામા પક્ષ સાથે પોતાની અંતઃકરણની માન્યતા મુકી હૃદયનો ખટખટો દૂર કર્યો છે, તો છેવટ એ મહાન પુરૂષ જરૂર દેશમાં બે ભાગલા કાયમ નહિ થવા દે, તેવીજ રીતે આપણા બન્ને પક્ષો સ્વમાન પૂર્વક એક સ્થાને મળે એવો આ પ્રસંગ છે.

ત્યાં બધા સમાધાન લાવવાની ભાવનાથી એકઠા મળે, અને જે તે રીતે, પુરી થઇ ગએલ વિધીમાં વધારે ચુંથાચુંથ કર્યા શિવાઇ, બીજા જે કોઇ અગત્યના મતભેદ અને વાંધાઓ હોય તેનો નિકાલ આણી દે. સાતે ગામ ટાળે થવાનો અને સાથે સાથે રાયકવાળ વગેરે ભાઇઓનો સમાગમ મળવો દુર્લભ છે. એ ભાઇઓ પણ, એવા નિશ્ચય પૂર્વક ઉમઇ આવે, કે, નૃસિંહપુરા ભાઇઓના બંન્ને પક્ષ સંધાય તોજ તેમાં જોડાવું શ્રેયકર છે. આ નિશ્ચયમાં અડગ રહેવાથી કોઇનું અહિત થાય એમ નથી. સંપની ભાવનામાં મદદ કરવાનું શ્રેય એમને પ્રાપ્ત થશે અને એમના જોડાણના આરંભ મહુર્તમાંજ આ શુભ કાર્ય સધાશે, તેનું પૂણ્ય જરૂર તેમને પ્રાપ્ત થશે.

આમ પ્રગતિને પંથે, પ્રયાણ કરવાનું ચૈતન્ય પ્રેરનાર આપણી ગુજરાત પ્રાંન્તીક સભાનું ગૌરવ પણ ત્યારેજ વધશે, કે, જ્યારે આપણા સામાજમાંથી કલેશ નિર્મૂળ થશે, બંધારણ મ્હોટા કરવાનો હેતુ પણ તેજ છે, કે ભવિષ્યમાં અણઘટતાં ઝઘડા ઉભા કરવાનાં બીજનો નાશ થાય ક્રમે ક્રમે આખો દિગમ્બર સમાજ એકમેકમાં કન્યા લેવા આપવાનો વ્યવહાર સરલતાથી ચાલુ કરી શકે, એવી ઉદાર ભાવનાથી આપણાં જોડાણ થાય તે ઇચ્છવા યોગ્ય છે, જ્યાં જ્યાં કિંચિંત કલેશનાં બીજ પડેલાં હોય ત્યાં, ત્યાંથી તેનો નાશ કરવાનું બંધારણના ઠરાવોમાં નહિ પરંતુ તે ઠરાવોને અમલમાં મુકવાની રીતમાં રહેલું છે. ઠરાવો અમલમાં મુકવામાં ઉદારતા હોવી જોઇએ. ગંભીર નુકશાન થતું ન હોય તેવા પ્રસંગોમાં જોયું ન જોયું કરીને તેવી ભૂલો નભાવી લેવી. જોઇએ પંચોમાં જ્યારે એવી ઉદાર ભાવનાઓ દાખલ થશે,

ત્યારેજ બધે સંપ સચવાશે. ન્યાયનું ધોરણ કુટીલતા ભરેલું ન હોવું જોઇએ. ન્યાયના બ્હાના નીચે આપણાં બધાં પંચો અનેક પ્રકારનો કલેશ અને અવ્યવસ્થા નિભાવી રહ્યા છે, તે નીતિનો નાશ કરી ઉદાર નીતિ અખત્યાર કરે, ન્યાયનું ધોરણ સાચવે; પરંતુ વિનાશનો પ્રસંગ ન આવે તેટલો વિવેક રખીને કામ લે. ગરીબ, તવંગરના ભેદ ભૂલી સૌને એક દૃષ્ટિથી જુવે એવાં લવાદ મંડળ, ન્યાયનું ધારણ સારી રીતે સાચવી શકે છે. આ બધું અમલમાં મુકવાનો શુભ અવસર નૃસિંહપુરા ભાઇઓને માટે નજીકમાં આવી ગયો છે તો તેનો લાભ લેવાને તે ભાઇઓ નહિ ચુકે. બધા ભાઇઓ દીલશોજીથી પંચના કામમાં ભાગ લેવા આવે. ખોટી ખેંચાતાણ પડતી મુકે, અને પ્રથમ, માર્ગમાં પડેલા મ્હોટા અવરોધ રૂપ ઝઘડાનો નાશ કરી નાખે. આખર કેટલાએક અજ્ઞાનતાથી માન મદમાં દોરાઇ પોતાની જીકર ન છોડે તો છેવટ તેમના તરફ "क्लिष्टेषु जीवेषु कृपा-परत्वम ॥ દયાભાવ રાખીને સત્ય ધર્મનો અંગીકાર કરે—'પ્રગતિના પંથે જવામાં સદ્‌બુદ્ધીનો ઉપયોગજ શ્રેયષ્કર થાય છે, નવિન વર્ષ નિમીતે આ અભ્યર્થના સ્વીકારી સૌ ભાઇઓ શુભ કાર્યમાં જોડાય તેમાજ આપણા અહિંસા પ્રધાન ધર્મનો વિજય છે.

—નાગરદાસ.

વીર અભયકુમાર.

(લેઃ—મોહનલાલ મથુરાદાસ શાહ-કંપાલા)

આજથી પચીસસો વર્ષ પૂર્વે આપણા હિંદુસ્થાનમાં મગધ નામના દેશમાં, રાજગૃહી નામે એક નગર હતું. ત્યાં ગુણવાન અને વિદ્યાવાન વળી, પ્રજાનું પુત્રવત્ પાલન કરનાર શ્રેણિક નામે એક રાજા રાજ્ય કરતો હતો. તેને અભયકુમાર નામે એક પુત્ર હતો. જે જન્મથીજ તેના જ્ઞાનનો પ્રકાશ આપતો મોટો થયો. તેની પંદર વર્ષની ઉમરે તે ઉપાધ્યાય પાસે દરેક પ્રકારની વિદ્યા શીખી હોંશિઆર બન્યો હતો. તે એટલો વ્યવહાર-કુશળ હતો, કે જેની બરોબરીમાં વૃદ્ધો પણ પાછા પડતા. તે એટલું ખાસ સમજતો હતો. કે—આ દુનિઆમાં જેટલા પાપ છે, તે દુર્ગતિમાં લઇ જનારાં છે.

શ્રેણિક રાજાએ પોતાના પુત્રની આવી હોંશીઆરી જોઇ, તેને તેટલી નાની ઉમરે પણ રાજમંત્રી બનાવ્યો હતો. અને અભયકુમાર તે પદને સંપૂર્ણપણે લાયકજ હતો. તે બહુજ વિનયવાળો હોઇ, કૃતજ્ઞ, દયાળુ અને નીતિજ્ઞાનની સાથે સંપૂર્ણ પરાક્રમી હતો.

શ્રેણિક રાજાએ પુત્રની ચાતુર્યતા વધુ ને વધુ પીછાણી લઇ, તેને આખા રાજ્યની દેખરેખ રાખવાનું કામ સોંપ્યું, તે ઉપરાંત ન્યાયમંત્રી પણ તેનેજ બનાવ્યો. શ્રેણિક રાજા એવી રીતે પોતાના પરાક્રમી પુત્રને સંપૂર્ણ રાજ્ય વ્યવસ્થાનું કામ સોંપી દઇ, પોતે પોતાની પ્રાણપ્રિય ચેલના રાણીના મહેલે રહેવા લાગ્યો. અને રાજ્યકારભાર અભયકુમાર ચલાવવા લાગ્યો.

એક વખતે હેમંત ઋતુમાં ભગવાન મહાવીરસ્વામી રાજગૃહી નગરીમાં પધાર્યા. એક દિવસ સાંજના વખતે શ્રેણિક રાજા ચેલના રાણી સહિત, નગર બહાર વન પર્યટણ કરવા નિકળ્યો. જંગલમાં સારી રીતે પર્યટણ કરી, પાછા

ફરતાં તેમણે નદી કિનારે એક મુનિરાજને ધ્યાન કરતાં જોયા.

રાજા અને રાણી મુનિરાજને નિહાળતાંજ વાહન ઉપરથી નીચે ઉતરી ભક્તિપૂર્વક નમસ્કાર કરી ફરી વાહન ઉપર બેસી મહેલમાં ગયાં.

રાત્રે રાણીનું શરીર ઓઢયા સિવાય રહી જવાથી, તેને ઠંડી લાગવા લાગી, ને તેની ઉંઘ ઉડી ગઇ. રાણી વિચાર સાગરમાં પડી, અને તે વિચાર વમળમાં તે અર્ધ નિદ્રીત સ્થિતિમાં આવી ગઇ. વિચારોમાં તેના હૃદયમાં નદી કિનારે ધ્યાન કરતા, મુનિરાજના ધ્યાનની કલ્પના થઇ, અને તેનાથી એક હાય સહિત બોલી જવાયું, કે......તેમની શરદીમાં શી દશા થતી હશે?

ઉપર પ્રમાણે વાકય નિકળતાંજ રાજા પણ જાગી ગયો, અને રાણીનાં ઉપરનાં વાકય સાંભળી વિચાર કરવા લાગ્યો, કે–શું! આ ચેલના વ્યભિચારીણી થઇ ગઇ છે.! શું! અત્યારે તે તેના યારનો વિચાર કરે છે!

એવી રીતે વિચાર કરતાં રાજાને ઘણોજ ક્રોધ ચઢયો. ને તેને ત્યાર પછી બિલકુલ ઉંઘ આવી નહિ. સવાર થતાંજ તે બહાર નિકળ્યો, અને અભયકુમારને બોલાવી કહ્યું–પુત્ર! અંતઃપુરની નીતિનો નાશ થયો છે, માટે તેની ચારે તરફના દરવાજા બંધ કરી, આગ લગાડી દે!

ખબરદાર! માતાના સ્નેહમાં આવી જઇ, મારી આજ્ઞાનો ભંગ ન કરતો! રાજા એવું કહી, તરતજ મહાવીરસ્વામીને વંદના કરવા ચાલ્યો ગયો.

અભયકુમારે વિચાર કર્યો, કે, મારી બધી માતાઓ સતીઓમાં તિલક સમાન છે. વખતે પિતાજીને ભ્રમ થયો હશે! અને તેથીજ આવી નિષ્ઠુર આજ્ઞા કરી છે. પિતાજીના ક્રોધની જ્વાલામાં અનેક સતિ સ્ત્રીઓ ભસ્મ થાય, અને તેથી વગર વિચારે કરેલા કાર્યથી, પાછળથી પસ્તાવાનું થાય! કહ્યું, છે કે—

सगुणमपगुणं वा कुर्वता कार्यमादौ।
परिणतिरवधार्या यत्नतः पंडितेन॥
अतिरभसकृतानां कर्मणामाविपत्तेः।
भवति हृदयदाही शल्यतुल्यो विपाकः॥

અર્થ—કાર્ય સારું હોય યા નઠારું પણ ડાહ્યા માણસની ફરજ છે, કે–તેણે પહેલાં તેના ફળનો પરિણામનો વિચાર કરવો જોઇએ! કામ કરવામાં ઉતાવળ ન કરવી. જે કામ ઉતાવળથી–વિચાર્યા વિના કરાય છે, તેનું પરિણામ મરણ પર્યંત દુઃખદાયકજ આવે છે.

માટે હું આ કાર્યને વિચાર કર્યા પછીજ કરીશ, પણ રાજા અને તેમાંય વળી મારા પિતાશ્રીની આજ્ઞાનું પાલન થાય, એ માટે મારે કાંઇ ને કાંઇ તો જરૂર કરવું જોઇએ!

એવો વિચાર કરી તેણે એક જુના–પુરાણા હાથીખાનાને આગ લગાડી, અને શહેરમાં ખબર ફેલાવી કે,–અંતઃપુરમાં આગ લાગી છે. એમ કરી તે પણ મહાવીર સ્વામીને વંદના કરવા ચાલી નીકળ્યો.

વ્યાખ્યાન સમાપ્ત થયું, એટલે શ્રેણિક રાજાએ ભગવાનને પુછયું કે, પ્રભુ! ચેલણા સતી છે કે કુલટા! ભગવાને કહ્યું, હે! શ્રેણિક રાજા! ચેલા રાજાની કન્યા ચેલના. શીલરૂપી અલંકારને ધારણ કરનારી શિરોમણી છે. તું તેના પર જરા પણ સંદેહ ન કર!

ભગવાનનું એવું વાકય સાંભળી, શ્રેણિક રાજા ઘણો ઉદાસ થયો. અને ભગવાનને નમસ્કાર કરી કરી, નગર તરફ રવાના થયો.

રસ્તામા અભયકુમાર સ્હામો મળ્યો, તેને રાજાએ પુછયું–કુંમાર! શું, અંતઃપુરને આગ લગાડી? અભયકુમાર હાથ જોડી બોલ્યો, હે! પિતાજી, આ પૃથ્વી ઉપર એવો કોણ આદમી છે, કે–જે તમારી આજ્ઞાનું ઉલંઘન કરે!

રાજા અભયકુમારનું બોલવું સાંભળી, અને ક્રોધથી વ્યાકુળ થઇ બોલ્યો—હે, દુષ્ટ! જે

આગમાં તારી માતાઓને સળગાવી તે આગમાં તું કેમ ન બળ્યો !

અભયકુમારે શાન્તી પૂર્વક કહ્યું, હે, તાત ! ધર્મ રથ પર આરૂઢ થએલા તમારા પુત્રનું મૃત્યુ એમ નથી થતું, છતાં તમે જો તે વખતે તેવો હુકમ આપ્યો હોત, તો તેમજ થાત !

રાજાના અંતઃકરણમાં વજ્રપાત સમાન ક્ષોભ ઉત્પન્ન થયો, ને બેભાન થઇ, જમીન પર ઢળી પડયો. અભયકુમારે શીત ઉપચાર કરી, રાજાને શુદ્ધિમાં આણ્યો, અને કહ્યું, હે, પ્રભુ ! અંતઃપુરમાં મેં આગ સળગાવી હતી, પણ તે મારી માતાઓના શીલ પ્રભાવથી બુઝાઇ ગઇ.

રાજા એ પ્રમાણે સાંભળવાથી ઘણોજ ખુશ થયો, અને મહેલ તરફ ચાલ્યો. રસ્તામાં અભયકુમારે હાથીખાનું સળગાવવાની, ને અંતઃપુર રક્ષિત રાખવાની બધી વાત કહી સંભળાવી.

બંન્ને જણ એમ વાતો કરતા કરતા રાજ ભુવનમાં ગયા. રાણીને જીવિત જોઇ, રાજા ઘણો પ્રસન્ન થયો, અને અભયકુમારને વચન માગવા કહ્યું—હે પુત્ર, તને જે ઠીક લાગે, તે માગ ! હું તારા કર્તવ્યથી ઘણોજ પ્રસન્ન છું.

અભયકુમારે નમ્રતા પૂર્વક કહ્યું, હે, પિતાશ્રી, જે માણસ આપનો પુત્ર છે. અને મહાવીરસ્વામીનો સેવક છે, તેના માટે દુનિઆમાં કઇ, ચીજની કમીના હોય ! તો પણ, હે, પ્રભુ ! જો આપ છો, તો એક વચન આપો ! કે, જ્યારે હું સાધુ ધર્મ પાળવા ઇચ્છા કરું, ત્યારે આપ તરતજ આજ્ઞા આપો !

શ્રેણિક રાજાએ તથાસ્તુ કહી, ચેલના રાણીના મહેલ તરફ ગમન કર્યું. ત્યાં ચેલનાએ તેનો પ્રેમ પૂર્વક સત્કાર કર્યો. રાજાએ વિચાર્યું કે,—ચેલના મને પહેલેથી પ્રિય હતી, વળી તેના શીલની પ્રશંસા શ્રી વીર પ્રભુના મુખથી સાંભળી મને તે વધુ પ્રિય થઇ છે, જેથી મારે તેની કંઇપણ યાદગીરી કરી, તેના પ્રેમનો બદલો વાળવો જોઇએ !

એવી રીતે વિચાર કરી શ્રેણિક રાજાએ અભયકુમારને બોલાવ્યો, અને કહ્યું.—હે ! કુમાર ! ચેલના માટે એક સુંદર અને એકજ સ્થંભવાળો મહેલ તૈયાર કરાવ ? કે—જેથી તેનું નામ અમર થવાની સાથે, તેમાં તે સુખ પૂર્વક રહી શકે.

અભયકુમારે કહ્યું—ઠીક, તે થોડાક ટાઇમમાં થઇ જશે ! એમ કહી તે દરબારમાં ગયો. ત્યાં તેણે એક હુશિયાર કારીગરને બોલાવ્યો, અને તેને મહેલ બાંધવા સંબંધી વાત કરી. કારીગરે અભયકુમારના કહેવા મુજબ એક સ્થંભવાળો મહેલ બાંધવા હા પાડી. અને તેને યોગ્ય.વૃક્ષની તપાસ કરવા જંગલમાં ગયો.

જંગલમા ઘણી શોધ કર્યા પછી એક વિશાળ વૃક્ષ કારીગરના જોવામાં આવ્યું. તે તેને સ્થંભ બનાવવા યોગ્ય લાગ્યું. અને તેને કાપવાનો વિચાર કર્યો, પણ જે વૃક્ષ કાપવામાં આવે, તે કાપતા પહેલાં તેમાં રહેતા વ્યંતરાદિ દેવોને પૂજન આદિથી સંતોષિત કરવા જોઇએ, એવી અભયકુમારની આજ્ઞા હતી, જેથી કારીગરે એક ઉપવાસ કર્યો, અને પ્રાતઃકાલે અષ્ટ દ્રવ્ય આદિ લઇ, વ્યંતર દેવની પૂજા કરી, અને આરતી કર્યા બાદ ઇષ્ટ પ્રાર્થના કરતાં કહ્યું, કે—હે, ગંધર્વદેવ ' યક્ષ, રાક્ષસ, વ્યંતર આદિ આ ઝાડમાં નિવાસ કરતા દેવ ગણો, મારા ઉપર પ્રસન્ન થાઓ ? કેમકે રાજાની આજ્ઞાથી આવતી કાલે સવારે હું આ ઝાડ કાપવાનો છું.

એવી રીતે કારીગર યક્ષની પૂજા—અર્ચા કરી, રાત્રે તેજ ઝાડ નીચે સુઇ રહ્યો. રાત્રે વ્યંતરદેવે વિચાર કર્યો કે—અભયકુમાર કેટલો વિનયી અને દયામય છે. જો તેણે આ સુથારને મારી ઉપાસના કરવાનો હુકમ ન કર્યો હોત, તો મારા ક્રોધરૂપી અગ્નિમાં આ સુથાર, અભય કુમાર અને આખું રાજ્ય પતંગીઆની માફક હોમાઇ જાત.

ઉત્તમ પુરૂષો વગર વિચાર્યું કોઇપણ કામ કરતા નથી, એ નીતિ સુત્ર છે. અને તેથીજ

ઉત્તમ પુરૂષોનું કામ વિના ઇચ્છાએ બીજાંઓ દ્વારા થઈજ જાય છે. અભય કુમારે મને સારી રીતે સંતોષિત કર્યો છે, માટે મારે પણ તેનું કાર્ય કરવું જોઇએ!

આવો વિચાર કરી, વ્યંતર દેવે રાત્રે અભયકુમારને સ્વપ્નમાં જઇ કહ્યું,–હે, વત્સ! હું તારા વિનય અને નમ્રતા આદિ ઉત્તમ ગુણોથી સંતુષ્ટ છું. વળી તારા કારીગર દ્વારા થએલી અર્ચનાથી હું તારા ઉપર ઘણોજ પ્રસન્ન થયો છું માટે તારે જંગલમાં ઝાડ કાપી, કારીગરો રોકી મહેલ બાંધવાની જરૂર નથી, હુંજ તને એક સ્થંભવાળો મહેલ અને તેના ચારે બાજુ છએ રૂતુનાં ફળ–ફુળથી સુશોભિત બગીચો તૈયાર કરીશ, માટે તું માણસ મોકલી, કારીગરને જંગલમાંથી પાછો તેડાવી લે! એમ કહી વ્યંતર દેવ અંતર્ધ્યાન થયો, ને અભયકુમારની આંખ ઉઘડી ગઇ.

અભયકુમાર જાગીને જુએ છે, તો કોઇ મળે નહિ, તેણે તરતજ સેવકને જંગલમાં મોકલ્યો. તેણે કારીગરને શોધી કાઢી અભયકુમારનો હુકમ કહી સંભળાવ્યો જેથી કારીગર પાછો આવ્યો.

અભયકુમારને વચન આપ્યા મુજબ બીજે દિવસેજ વ્યંતર દેવે એક મહેલની યોજના કરી, ને થોડાકજ દિવસમાં મહેલ અને બગીચા તૈયાર કર્યો. અભય કુમાર મહેલની બાંધણી જોઇ આશ્ચર્ય ચકિત થયો અને વ્યંતરની સત્ય ઘટનાથી પ્રસન્ન થયો. પછી શ્રેણિક પાસે જઇ કહ્યું, હે! પિતાજી! મહેલ તૈયાર છે. આપ ચાલો, અને જુઓ!

શ્રેણિક રાજા અભયકુમાર સાથે એક સ્થંભી મહેલમાં ગયો. તે મહેલની બાંધણી અને તરેહ તરેહની રચના જોઇ, ઘણોજ પ્રસન્ન થયો. વળી તેને આશ્ચર્ય લાગ્યું કે–આટલી થોડી મુદતમાં આવો સરસ મહેલ કેમ કરી તૈયાર કર્યો, જેથી તેણે અભયકુમારને પુછ્યું, અભયકુમારે તેને બધી હકીકત નિવેદન કરી. જેથી શ્રેણિક રાજા ઘણોજ આનંદિત થયો.

શુભ મુહુર્તમાં શ્રેણિક રાજાએ તે મહેલ ચેલના રાણીને અર્પણ કર્યો, અને તેનું નામ ચેલના ભુવન પાડયું; અને કહ્યું કે–હે! સુંદરી! તમો અહીં રહી સુખ પૂર્વક ધર્મ અને અર્થનુ સાધન કરો!

અભયકુમારને એક વખત શ્રેણિક રાજાએ બોલાવીને કહ્યું, કે–હે કુમાર? હવે હું વૃદ્ધ થયો છું, માટે તું આ રાજ્ય ગ્રહણ કર! પરંતુ અભયકુમારે કહ્યું, હે! પિતાજી! હું અન્તિમ રાજર્ષિ થઇ શકીશ કે નહિ? તે જાણ્યા વિના રાજ્ય ગ્રહણ કરી શકતો નથી. જો મારા ભાગ્યમાં અંતિમ રાજર્ષિ થવાનું હશે, તોજ હું રાજ્ય ગ્રહણ કરીશ! માટે આપ હમણાં સ્થિર થાઓ! જ્યારે ભગવાન મહાવીર સ્વામી આ બાજુ આવશે, ત્યારે પૂછીને ખાત્રી કરીશું!

અભયકુમારનો દૃઢ નિશ્ચય જોઇ, શ્રેણિક રાજા ચુપ રહયો. ત્યારબાદ થોડા દિવસ પછી શ્રી મહાવીર સ્વામી રાજગૃહી પધાર્યા, વિપુલાચલ પર્વત પર દેવો દ્વારા સમોશરણની રચના થઇ. અને ભગવાન ધર્મોપદેશ કરવા લાગ્યા. અભયકુમાર ટાઇમ જોઇ, પ્રભુની વંદના કરવા ગયો. ત્યાં તેણે સમય મેળવી, ભગવાનને પુછ્યું, હે, પ્રભુ! આ ભરત ક્ષેત્રમાં અંતિમ રાજર્ષિ કોણ થશે? ભગવાને દિવ્ય ધ્વનિમાં કહ્યું કે વિતભય પટ્ટણનો રાજા ઉદયન અંતિમ રાજર્ષિ થશે, તેની પછી તેના જેવો, કે–તેનાથી મોટો કોઇ રાજા, આ પંચમ કાળના પ્રભાવે કરી, સાધુ વ્રત લઇ શકશે નહિ.

એવું ભગવાનનું વચન સાંભળી, અભયકુમારે ત્યાં ને ત્યાંજ શ્રેણિક રાજાને નમસ્કાર કરી કહ્યું, હે, પિતાજી! આપે મને પહેલાં જે વચન આપ્યું છે. પાળવાનો પાળવાનો ટાઇમ આવી પુગ્યો છે. આજ સુધી હું અંતિમ રાજર્ષિ બનવાની ઇચ્છાથી, સાધુ વ્રત લેતો

નહોતો, પણ આજે ભગવાનના મુખદ્વારા જાણી લીધું કે-તેમ થવાનું નથી. જેમાં મારો વિચાર શ્રી ભગવતી દિક્ષા લેવાનો છે, માટે હે, પિતાજી, મને આજ્ઞા આપો, કે-હું શ્રી પ્રભુજી પાસે દિક્ષા લઇ કૃતાર્થ થાઉં!

પુત્રનાં વચન સાંભળી શ્રેણિક રાજા પુત્ર વિયોગ અને મંત્રી વિયોગનું દુઃખ થશે, એમ જાણી દિલગીર થયો, પણ તેને પોતાના વચનની કિંમત હતી, તેથી ધીરજ રાખી કહ્યું, હે, વત્સ' તારા જેવા ઉત્તમ પુરૂષોને માટે તેં કરવા ધારેલું કાર્યજ ઇષ્ટ છે. હું જાણું છું કે, તારા જવાથી મારો જમણો હાથ ભાંગ્યા જેવું થશે? પણ તારા શુભ કાર્યમાં હું વિઘ્ન નાંખવા માંગતો નથી! આજસુધી જેમ મેં તારી દરેક વાત માન્ય રાખી છે, તેવીજ રીતે આજપણ તારી વાત માન્ય રાખું છું.

જે રાજ્યના લોભથી અનેક રાજકુમારો, અનેક કુકર્મો કરી નાંખે છે, તે રાજ્ય તેં દ્રઢતા પૂર્વક ત્યાગ કરવા ઇચ્છા કરી છે. તે તારી દ્રઢતાને ધન્ય છે! પુત્ર, જાઓ, દ્રઢ વ્રત પાળી હમારા મુખને ઉજવળ કરો!

એવી રીતે પિતાની આજ્ઞા મેળવી, અભયકુમારે પોતાની માતા પાસે પણ 'રજા મેળવી લીધી. પછી મહાવીર સ્વામી પાસે શ્રી જિનેશ્વરી દિક્ષા ગ્રહણ કરી, મુનિધર્મ અંગિકાર કર્યો પછી સ્થળ સ્થળ વિહાર કરી ધર્મનો ઉદ્યોત કર્યો.

એવી રીતે એક બળવાન રાજાના ભાગ્યશાળી સુત હોવા છતાં અભયકુમારે રાજ્યનો મોહ નહિ કરતાં આત્મ કલ્યાનને રસ્તે વળ્યો. શાબાશ છે, તેની દ્રઢ મનોવૃત્તિને'

અભયકુમાર જેટલો પ્રિય શ્રેણિક રાજાને હતો તેથી હજાર ઘણો પ્રિય રાજગૃહીની પ્રજાને હતો. તેના વિશાળ જ્ઞાન પાસે વૃદ્ધને પણ નમતું આપવું પડતું.

મનુષ્ય માત્ર તેનાં શુભ અને કર્મો પ્રેરેજ રૂપ, ગુણ, કુળ, સંપદા, મેળવી શકે છે. માટે દરેક જણની ફરજ છે, કે-હમેશ શુભ કર્મનો બંધ કરવા કોશીશ કરવી. ૐ શાંતિ:

શ્રી સંઘ નૃસિંહપુરા બંધુ-ઓને વિનંતી.

કલોલની પત્રિકા પ્રમાણે આપણું સમસ્ત પંચ (દરેક ગામનું) શ્રી તારંગાજી મુકામે એકઠું થયું નહોતું પણ કાર્તક સુદી ૮ મે ઝહેરની પાસે ડેમઇમાં એકઠું થનાર છે, તે માટે મારી નીચેની સુચનાઓ તરફ લક્ષ આપવા વિનંતિ છે.

કલોલ મુકામે કરેલા બંધારણના ખરડામાં જે ઠરાવો રજુ કરવામાં આવ્યા છે. તે એકલાજ સમાજની આપણે જેવી ઉન્નતિ કરવા માગીયે છીએ તેવી ઉન્નતિ કરવા મને પુરતા જણાયા નથી. અને એમાં કંઇક સુધારાઓ કરવાની તેમજ થોડાક નવા ઠરાવો પણ રજુ કરવાની મને જરૂર જણાઇ છે. એથી સમાજ સેવાની ભાવનાથી પ્રેરાઇને હું નીચેનું લખાણ તમારા સર્વેની સમક્ષ રજુ કરૂં છું:—

ઠરાવોની વિગતમાં ઉતર્યા પહેલાં હું એક નજીવી પણ ખાસ અગત્યની બીના ઉપર તમારા સર્વેનું ધ્યાન ખેંચવા માગું છું. કલોલની એ ઉપર્યુક્ત પત્રિકામાં શરૂઆત ઝાલાવાડી સંવતથી કરવામાં આવી છે. આપણે જૈન છીયે અને આપણને ઝાલાવાડી સંવત સાથે કઇ રીતે સંબંધ હોઇ શકે એ મને હજી લગી સમજાયું નથી. હું માનું છું કે આપણે આપણા ધર્મનું અભિમાન પણ આપણામાં જાગૃત રહે.

ઠરાવ નં. ૧, ૨, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, અને ૧૩ માં હું કંઇ વધારો કરવા ઇચ્છતો નથી. મને તે યોગ્ય, સારા અને હિતકર લાગ્યા છે.

ઠરાવ નં. ૧૪ નકામો છે. કારણ એની વિગત ઠરાવ નં. ૨ માં પુરેપુરી આવી જાય છે.

ઠરાવ નં. ૩ ને બદલે હું નીચેનો ઠરાવ રજુ કરવા માગું છું—"કન્યાના પક્ષ તરીકે

(સ્ત્રી ધન તરીકે) વરકન્યાના લગ્ન વખતે વરપક્ષે રૂ. ૭૫૧) અંકે સાતસો એકાવન આપવા અને તેની સ્ત્રીના નામ પર ગવર્નમેન્ટ સીક્યુરીટી લેવી અથવા તો તે રૂપીઆ બેંકમાં યા પોસ્ટ સેવીંગ ખાતામાં સ્ત્રીના નામ ઉપર જમા મુકવા કે જેનો ઉપાડ સ્ત્રી પોતાની સહીથીજ કરી શકે. એ ઉપરાંત કપડાં તેમજ દાગીના વરપક્ષ પોતાની મરજી મુજબ પોતાની શક્તિ અનુસાર આપી શકે છે.''

આને માટે હું ટુંકમાં કારણો જણાવવા માંગું છું. (ક) અત્યારના જમાનામાં એ અનુભવ-સિદ્ધ બીના છે કે દાગીના સ્ત્રી ધન તરીકે રહી શકતાજ નથી. લગ્ન પછી ધારે તો, વર સ્ત્રી પાસેથી દાગીના લઇને તેનો ગમે તેમ ઉપયોગ કરી શકે છે અને સ્ત્રી એ વિષે કશુંજ બોલી શકતી નથી. (ખ) પત્રીકામાં જે ઠરાવ રજુ કરવામાં આવ્યો છે તે ખરી રીતે જોવા જતાં પુરૂષના એકપક્ષી સ્વાર્થ સાચવવા માટેજ છે. ઉપરાંત ઘરડાઓ કહે છે તેમ એવા એકજ પહ્રાથી ઘણાંએ લગ્નો કરી અને કરાવી શકાય છે. અમુકજ સ્ત્રીનું એ સ્ત્રી ધન રહી શકતુંજ નથી (ગ) શક્તિ મુજબના દાગીના તથા કપ-કપડામાં કોઇએ કોઇની ખોટી આબરૂમાં કે હરીફાઇમાં તણાઇ જવાની જરૂર નથી. અમુકે આમ કર્યું માટે આપણે પણ એમજ કરવું જોઇએ અને નહી કરીએ તો નાક કપાઇ જાય એ ભાવના અને વિચારો આપણે હવે છોડી દેવા જોઇએ કારણ કે એથી થયેલી આપણી અધોગત આપણે અત્યારે જોઇ શકીયે છીયે.

ઠરાવ નં. ૪ અને નં. ૫ તદ્દન નિરર્થક છે. કોઇ જમાએ એવા રિવાજો જોવામાં આવતા નથી, અને એ રિવાજોને આપણે શાથી વળગી રહેવું જોઇએ એનાં પણ સચોટ કારણો આપણે જણાવી શક્તા નથી. એને છોડી દઇએ તો આપણને સ્હેજ પણ નુકશાન નથી.

ઠરાવ ૧૨ ને બદલે હું નીચેનો ઠરાવ રજુ કરૂં છું—''મરણ પ્રસંગે કોઇપણ જમણવાર કરવાનો નથી પછી મરનાર બાળક હોય, યુવાન હોય કે વૃદ્ધ હોય.''

અત્યારે મરણ પછીના બારમાઓને આગળ પડતા વિચારો કરનાર ભણેલા અને કેળવાયેલા ગૃહસ્થો 'પ્રેત ભોજન' કે કોઇ પ્રસંગે તો 'શોકીના લાડુ' પણ કહે છે. કોઇના મૃત્યુ પછી આપણને એવો કયો આનંદ હોઇ શકે કે જેથી આપણે બધા એકઠા મળી મિષ્ટાન જમી શકીએ એ બુદ્ધિમાં ઉતરતું નથી. ચાલીસ વર્ષ પછીનાં બધાંજ જમણો નિર્દય અને જંગલી છે.

ઠરાવ નં. ૧૫ ના બદલામાં નીચે મુજબ:— ''કન્યાની ઉંમર ઓછામાં ઓછી પુરાં બાર વર્ષની થયા વગર સગાઇ (વેવીશાળ) કરવી નહિ તેમજ તેને સોળ વર્ષ પુરાં થયાં પછીજ તેનાં લગ્ન કરવાં.''

ઉપર જણાવ્યા છે એ સિવાય બીજા કેટલાક ઠરાવો હું હવે રજુ કરૂં છું:—

૧. 'પુરૂષની ઉંમર ચાલીસ વર્ષની થાય પછી તે લગ્ન કરી શકે નહી.''

શું 'વિધવા લગ્ન' થાય એવું ઇચ્છો છો? વિધવાઓની સંખ્યા દિન પ્રતીદિન વૃદ્ધ લગ્નોને લીધે વધતી જાય છે એ વસ્તુ હવે તો દીવા જેવી સ્પષ્ટ થઇ ગઇ છે. ચાલીસ વર્ષ પછીનો પ્રૌઢ માણસ એક સોળ વર્ષની કુમારી છોકરી-ને પરણે એ કેટલું ખરાબ કજોડું કહેવાય? મનના વિચારોનું સરખાપણું તો ક્યાં રહ્યું પણ શારીરિક સરખાપણું એમાં ક્યાં છે એ કોઇ બતાવશો?

૨. ''કોઇપણ પુરૂષ એક સ્ત્રીની હયાતિ પર બીજી સ્ત્રી સાથે લગ્ન કરી શકે નહિ. પણ જો સ્ત્રીની શારિરીક તેમજ માનસીક અયોગ્યતાના કારણે તેને લગ્ન કરવાં હોય તો એ માટે તે પોતાના ગામના પંચને પોતાના સગાં નહિ એવા પાંચ માણસોની વધુ મતે કમિટિ નીમવાનું કહે. તે કમિટિની આગળ પોતાનાં તેવાં કારણો

રજુ કરે અને ત્યાર બાદ એ કારોબારી [illegible] મતે જે ઠરાવ કરે એ પ્રમાણે [illegible]"

આપણા સમાજમાં એક સ્ત્રી ઉપર બીજી સ્ત્રી કરવાનો પુરૂષને હક [illegible] બીજો પુરૂષ કરવાનો હક નથી [illegible] આવતો. પુરૂષ, સંતાન નથી [illegible] બહાનું કહાડે છે, સ્ત્રી એ બહાનું કહાડે તો [illegible] લગ્ન કરવાની છુટ નથી [illegible]. માટે જો સમાજનું [illegible] આ વર્ત-માન યુગમાં હવે [illegible] સ્વાર્થમાં તણાઇ જતાં [illegible].

૩. "દરેક [illegible] ગુજ-રાતી પાંચ ધોરણ લગી [illegible] અને એ ઉપરાંત શીવણ, [illegible] ધાર્મિક જ્ઞાન માટે પણ બનતી કોશીશ [illegible]."

૪. "બીન વારસદાર [illegible] ભરણ પોષણ કરવા તેના સસરા [illegible] (નજીકના ન હોય તો પિત્રાઇ વગેરે [illegible] બંધાયેલા છે, કારણ કે તે એકલા [illegible] પક્ષ ઉપર પોતાનો નિર્વાહ [illegible]."

આર્થિક [illegible] મુંઝવણને લીધે વ્યભિચાર [illegible] જવા લલચાતી વિધવાઓ [illegible] કરતાં અટકાવવી હોય ([illegible] ખાતર એમ આપણે [illegible] છું કે ઉપરનો ઠરાવ [illegible].

૫. "[illegible] નાખી ખાલી આવજાવ [illegible] કરવામાં આવે છે અને રાતના [illegible] આવે છે તેમ નહિ કરતાં [illegible] રાતના પ્રથમ સારા ચોઘડીયામાં [illegible] કલાકની અંદર તેને સમાપ્ત [illegible]."

૬. "લગ્નની [illegible] વિધીને હવે તિલાંજલી આપી [illegible] વિધીસરજ લગ્ન કરવાં જોઇએ."

૭. "સીમંતનો જાહેર અવસર અત્યારના સમયને જરીએ અનુકુળ નથી. મરજીઆત કે ફરજીઆત જમણ એમાં હોઇ શકે નહિ. જેઓ એને આનંદની બીના ગણતા હોય એઓ પોતાના ઘરમેળે પોતાના સગાં સંબંધીઓ સાથે જે કંઇ આનંદ ભોગવે તેમાં સમાજ કશો વાંધો લેશે નહિ. આથી સીમંતના વરઘોડા તેમજ જમણો બંધ થવા જોઇએ."

ઉપરના ઠરાવો શિવાય હવે થોડું સમાજના પંચ વિષે કહેવાનુ બાકી રહે છે. તમે સૌ ઉન્નતિ માટે ભેગા થાઓ છો અને "પંચનું બંધારણ કેવું હોવું જોઇયે," એ વસ્તુ ઉપર ઓછું લક્ષ્ય નહિ આપો એમ હું માનું છું.

દરેક સમાજ સંગઠન અને વ્યવસ્થા શક્તિ ખીલવે તોજ ઉન્નતિ સાધી શકે છે. અને એમ કરવા માટે હંમેશાં એવા બંધારણની જરૂર હોય છે કે જે સમાજના મોટા ભાગને માન્ય હોય. આપણા પંચો અત્યારે દરેક જાતની સત્તા ચલાવે છે અને એથી એ સત્તાનો દુરૂપયોગ ન થાય એ આપણે જોવાની ચોકશ જરૂર છે. આપણા પંચોમાં સત્તાધારીઓ તરીકે જુના સત્તાધારીઓના વારસદારોજ કામ કરતા હોય છે, કહેવાતી આબરૂ અને મોભ.તેજ વજન આપી તેઓ પંચોનો વ્યવહાર કુશળતા અને બુદ્ધિ પૂર્વક ચલાવવા અશક્ત તેમજ નાલાયક હોય છતાં આપણે તેમને શેઠ તરીકે ચલાવી લઇયે છીયે. પરીણામે પંચોની હાલમાં એવી વિચિત્ર સ્થિતિ થઇ છે કે જે કોઇપણ સમાજ સેવક સાંખી શકે નહી. બંધારણ જેવું કંઇ રહ્યું નથી અને આપ ખુદ સત્તા તેમજ વગવસીલાથીજ સમાજ હિત ધ્યાનમાં લેવાયા વગર પંચોનું કામ ચાલ્યે જાય છે.

આપણે આ સ્થિતિ હવે દૂર કરવી જોઇએ. આપણા સમાજની ઉન્નતિનું કામ એવા કેળવા-ળેલા, શિક્ષિત, અનુભવી તેમજ કાબેલ પુરૂષોના હાથમાં સોંપવું જોઇએ કે જેઓ આપણને આ

આધુંનિક જમાનાને લગતી આપણી જરૂરીઆતો.

(લે:-મણિલાલ હીરાચંદ ગાંધી, ભાવનગર)

આપણી કોમમાં ખાસ કરીને ગુજરાત, કાઠીયાવાડ ઘણી બાબતોમાં પછાત છે તેમ સુધારકો માને છે, જ્યારે રૂઢી પુજકો તથા અશિક્ષિત મુડીવાદીઓ એમ માને છે કે જે રીત રીવાજો છે તે બરાબર છે અને તેને વળગી રહેવા મક્કમતા દાખવે છે. તેને અંગે જમાનાને અનુસરીને જ્યારે કોઇ સુધારક કોઇપણ રીવાજમાં સુધારો કરવા માંગે છે ત્યારે બન્ને પક્ષો વચ્ચે વૈમનસ્ય ઉત્પન્ન થાય છે. હવે, રૂઢી પુજકો ખોટા છે અને અશિક્ષીત મુડીવાદીઓ પણ તેમ છે અને સુધારકો સાચા છે એમ ખાસ મ્હારૂં કહેવું નથી પણ જમાનાને અનુસરીને જેમ દરેક પ્રજા તથા કોમો વિજ્ઞાન તથા બીજી બાબતોમાં આગળ વધતી જાય છે તેને અનુસરીને જે જે રીત રીવાજોમાં વ્યવહારીક તથા આર્થિક દૃષ્ટિએ આપણી સાદી સમજ પ્રમાણે ફાયદો લાગતો હોય ત્યાં તો જરૂર ફેરફારો દાખલ કરવા જોઇએ.

દાખલા તરીકે:—આપણા ઘરડાઓ બળદ ગાડામાં અગર પગે મુસાફરી અથવા સમેદ-શિખરની યાત્રા શીખે કરતા હતા પણ હાલના જમાનામાં આપણે તેની જગ્યાએ રેલ્વેનો ઉપ-યોગ કરીએ છીએ અને આગળ વધીને ભવીષ્યમાં કદાચ વીમાનનો ઉપયોગ કરીએ તો પણ નવાઇ નહિં. આ બાબતમાં જેમ આપણે વગર ઉપદેશે સુધારાનો અમલ કરી રહ્યા છીએ તેમ બીજી ઘણી બાબતોમાં સુધારા વધારાઓની આપણી કોમને જરૂરીઆતો છે, તે નીચે મુજબ:—

૧–અસલના વખતમાં નવું દેહેરાસર બંધાવવું તે પુન્યમાં લેખાતું હતું જ્યારે હાલના જમાનામાં જુના દેહેરાસર છે તે પણ સમારવા મુશીબત છે તો નવા દેરાસરો ન બંધાવતાં જ્યાં જ્યાં જીર્ણોદ્ધારની જરૂરીઆતો હોય ત્યાં જીર્ણોદ્ધાર કરાવી સંતોષ માનવો જોઇએ. વધારામાં માણસોને આજીવિકા કમાવાને પુરી પ્રવૃત્તિ કરતા પણ આજીવિકા મહા મુશીબતે મળે છે તેવા કારણોને લઇને તથા આધુનિક કેળવણીને અંગે પણ ધાર્મીક શ્રદ્ધા દીવસે દીવસે ઘટતી જાય તેવા સંજોગ ભાવ્યમાં વધારે પ્રમાણમાં ઉપસ્થિત થાય તેમ ક્ષિતિજ ઉપર દેખાય છે તેવે વખતે આપણી કોમ દેહેરાસર તથા પ્રતિષ્ઠાઓ પાછળ પૈસાનો વ્યય કરવા કરતાં જો સહધર્મ ભાઇઓને ટકાવી રાખવામાં તેમજ પ્રત્યક્ષ નહીં તો પરોક્ષ મદદ કરવામાં દ્રવ્યનો ઉપયોગ થાય તો વધારે સારૂં છે. વળી રત્નકરંડ શ્રાવકાચારમાં એક ઠેકાણે કહે છે કે—

स्मयेन योन्यानत्येति, धर्मस्थानगर्विताशयः ।
सोऽत्येति धर्ममात्मीयं, न धर्मो धार्मिकैर्विना ॥

એટલે કે—જે ગર્વિષ્ઠ માણસ બીજા ધાર્મિક માણસોનો સર્વથી તિરસ્કાર કરે છે તે પોતાના ધર્મનો તિરસ્કાર કરે છે કેમકે ધાર્મિક સિવાય ધર્મ નથી.” તાત્પર્ય–જે ધર્મના અનુયાયીઓ ન હોય તે ધર્મ નથી અર્થાત્ તે ધર્મ નામ માત્રનોજ રહે છે–માટે જો સહધર્મી ભાઇઓને ટકાવી રાખ્યા હોય તો આપણે ધર્મને ટકાવી રાખ્યો કહેવાય. હવે સહધર્મી ભાઇઓને ટકાવી રાખવા માટે શું જરૂરી છે તે ઉપર આપણે જોઇએ. પ્રથમ તો (૧) આપણી કોમમાં ધર્મ એક પાળવા છતાં કન્યા લેવડ દેવડ માટે ન્હાના ન્હાના વાડા જેવું છે જેને અંગે એક વાડામાં કન્યાની છત જેને વર મળે નહિ, જ્યારે બીજા

આધુનીક પ્રગતીના યુગમાં કંઇક આગળ લઇ જાય. કેળવણી તેમજ બીજા એવા કેટલાક ક્ષેત્રોમાં આપણે એટલા બધા પછાત છીયે કે કહેવાતા મોભાદાર પણ આ યુગનું જેને ભાન નથી એવા વૃદ્ધ શેઠીઆઓ આપણે સ્હેજ પણ પ્રગતિપંથે દોરી શકે એમ નથી.

હરીલાલ વિમળશી શાહ–મુંબઇ.

વાડામાં કન્યાની અછત જેમાં છતે પૈસે કન્યા વગર તે ઘરે તાળું દેવાય તેથી વસ્તી દીવસે દીવસે ઘટે પણ આપણા સુભાગ્યે આપણી ગુજરાત દિગંબર જૈન પ્રાંતીક સભાએ તેવા વાડાઓ તોડવાનું અને કન્યાનું અરસ પરસ લેવડ દેવડનું કાર્ય ઉપાડ્યું છે તેમાં પુરતી ફતેહ મળે તો આપણી પહેલી જરૂરીઆત પુરી પડી ગણાય, તો દરેક ભાઇઓને તેમાં નિઃસ્વાર્થ સહકાર આપવા વિનંતિ છે.

(૨) કેળવણી બાબતમાં જેમ મર્હુમ શેઠ માણેકચંદ હીરાચંદે જ્યુબીલી બાગ ટ્રસ્ટ ફંડ સ્થાપી આપણી અજ્ઞાન કોમને જાગતી કરી છે તેવી રીતે હજુ પણ દરેક કોમવાર, ગામવાર, પ્રાંતવાર કેળવણીની બાબતમાં પુરજોરથી ઉત્તેજનની જરૂર છે. તેમાં પછાત પડીશું તો બીજી કોમો કરતાં આપણે પછાડી રહીશું. વળી, ધાર્મિક કેળવણીની તેની સાથે ખાસ જરૂરીઆત છે. આપણી પાઠશાળાઓ-વિદ્યાલયો ચાલે છે. તેમાં સ્તોત્રો તથા કાવ્યો થોડા અપવાદ સિવાય શીખવાય છે અને તેમાંજ ધાર્મિક કેળવણીનો સમાવેશ થઇ ગયો તેમ માને છે, પણ હાલનો જમાનો તેનાથી આગળ વધે છે અને તે આપણી જુની રીતે નહિં પણ આર્ય સમાજીસ્ટની જેમ બીજા ધર્મથી આપણા ધર્મમાં શું વિશેષતા છે (Theoritically) કાર્ય કારણ આપી દલીલ સાથે સમજાવાય તો તેના હૃદય ઉપર જે છાપ જૈન ધર્મની ઉચ્ચતા વિશે પડે તે કદી ભવિષ્યમાં ભુંસાય નહીં. વિશેષમાં, જૈન ધર્મના સિદ્ધાંતો સાથે મેળવી દરેક ભાષામાં પ્રસિદ્ધ કરાવી સસ્તી કીંમતે દરેક બુક સ્ટોલ ઉપર વેચાય તેવી વ્યવસ્થા થાય તો અન્ય ધર્મીઓ પણ તેનો લાભ ઉઠાવી શકે અને આપણા ધાર્મિક સિદ્ધાંતોનો વધારે પ્રચાર થાય. આગળ વધીને ટુંકમાં કહીએ તો વ્યવહારિક કેળવણી સાથે ધાર્મિક કેળવણી અપાય તેવી જૈન કોલેજોની પ્રાંતવાર જરૂર છે, જેમાં દિગંબર, શ્વેતાંબર, સાથે સ્થાનકવાસી સાથે રહી અભ્યાસ કરી શકે અને ભ્રાતૃભાવ કેળવી શકે. સ્ત્રી કેળવણી બાબતમાં પણ સ્કુલ તથા કોલેજોની સ્ત્રી કેળવણી કરતાં ભરવાનું, શીવવાનું, ગુંથવાનું એવી કળા ગૃહોપયોગી તથા વિજ્ઞાન શીખવાય તો તેના ભવિષ્યની જીંદગીમાં તેને ઉપયોગી થઇ પડે તેમજ પોતાની આજીવિકા માટે બીજાને આશ્રિત થવા ઓછો સંભવ રહે.

(૩) મોટા શહેરમાં ટુંકા પગારદાર કે ટુંકા ધંધાદારી-થોડી આવકવાળા સામાન્ય વર્ગથી કુટુંબ સાથે બાળ બચ્ચા સાથે-તેમની સગવડતા-વાળા અને હવા પ્રકાશવાળા મકાનમાં રહી શકાતું નથી કારણ ઘર ભાડાં મોંઘાં હોય છે અને તેના પ્રમાણમાં આવક ઓછી હોય છે. તો તેવા વ્યાપારવાળા મોટા શહેરોમાં આપણે સસ્તા ભાડાની ચાલી કે મકાનો બંધાવીએ તો સહધર્મી ભાઇઓ તેની અંદર રહી પોતાની આબરૂ સહીત આપણો ધર્મ જાળવી શકે. તેમ કરીને પણ આપણે પરોક્ષ એક પ્રકારની મદદ આપી શકીએ છીએ. વિશેષમાં, જનસમુહમાં કહેવત છે કે-"જૈનોકા ચુનેમેં ઔર વૈષ્ણવકા દૂનેમેં " અર્થાત્ જૈન કોમ પાસે ધન વધે તો દેરાસરમાં માટીનું કામ હોય તે ઉખેડી તેથી વધારે શોભા માત્રની ખાતર તેને બદલે ચુનો કરાવે અને ચુનો હોય તે ઉખેડી લાદી જડાવે અને લાદી હોય તે ઉખેડી આરસ જડાવે એટલે દેહેરાસરને શણગારવામાં જેટલું દ્રવ્ય ખરચાય છે તેટલું દ્રવ્ય જાતિ ભાઇઓના ઉદ્ધાર અર્થે લક્ષ્ય આપવું પહેલું જરૂરનું છે.

તીર્થ યાત્રાને અંગે પણ જેટલું દ્રવ્ય રેલ ભાડા માટે તથા સુખ સાહબી માટે અપાય છે તેનો સોમો ભાગ પણ તીર્થના ઉદ્ધાર માટે ભાગ્યેજ અપાતો હશે.

જો કે તીર્થ યાત્રામાં પુન્ય ઉપાર્જનનો રસ્તો કેટલોક જોવાય છે છતાં પણ એટલું તો કહ્યા વગર રહી શકાતું નથી કે તીર્થયાત્રાને વધારે

મહત્વ આપીને આ જમાનામાં આપણે ખાસ કરીને રેલ્વે કંપનીનેજ રળાવીએ છીએ તો હાલનો જમાનો તેમાંથી બને તેટલો વધારે કેળવણી તેમજ આવા આર્થિક મુંઝવણના જમાનામાં સહધર્મી ભાઇઓને આજીવિકા મેળવી શકે તેવા ઉદ્યોગ કે ધંધા તરફ દ્રવ્યનો સદ્વ્યય થાય તો તે વધારે રૂચિકર છે. મેળાવડાઓ કે પ્રતિષ્ઠાઓ કરીને પણ સંઘપતિ જ્યારે લાખ પચાસ હજારનું પાણી કરે છે ત્યારે સામું મેળાવડામાં આવનાર ભાઇઓ પાસેથી તેટલીજ અગર તેથી વધારે રેલ ભાડા અગર તેવા ખર્ચામાં વ્યય કરાવે છે. જોકે ધાર્મિક દ્રષ્ટિએ આ પ્રભાવનાના અંગ તરીકે ગણાય છે, પણ વ્યવહારીક દ્રષ્ટિએ આપણા જૈન ભાઇઓના ખીસ્સાં ખાલી કરાવી અન્ય ધર્મીઓના ખીસ્સાં ભરીએ છીએ. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ભાવને અનુસરીને એવા પ્રભાવનાના અંગમાં પણ ફેરફાર થવો જોઇએ. સાથે સાથે, આપણા સંઘ, વરાઓ તથા જ્ઞાતિ ભોજનો કરવાની પ્રથા પણ ફેરફાર માંગે છે જો કે સ્વામી વાત્સલ્ય એટલે સાધર્મી ભાઇઓ સાથે બેસી પ્રીતિ ભોજન લેવું જરૂરી છે પણ તેના બાહ્ય આડંબર-દેખાવ માટે—દુનીયામાં "વાહ વાહ" કહેવરાવવા માટે દોઢા બમણા ખરચા કરવામાં આવે છે તેમાં પણ કાપ મુકવાની જરૂર છે પણ પ્રીતીનું ખરેખરૂં ભોજન લેવાતું નથી. જ્યારે હૃદયમાં પ્રીતી હોય અને તેની ખાતર અથવા તેના અંગ સાથે ભોજન લેવાય તે પ્રીતી ભોજન ખરેખર રીતે કહી શકાય પણું બાહ્ય આડંબરો અને દેખાવો ખાતર થતા બમણા ખરચા થાય તે તો ઓછા થવાજ જોઇએ કેમકે તેઓ બીન જરૂરી છે. પ્રીતિ ભોજનો સાદગીથી પણ થઇ શકે છે.

(૫) દેરાસરની બાબતમાં પણ જોકે આપણે શ્વેતાંબરની જેમ વીતરાગ મૂર્તિને આંગી આભુષણ ચડાવતા નથી છતાં પણ ઉપકરણ જેવાં કે છત્ર ચમર, છત્રીઓ-સોના-રૂપાની, વીગેરે ચાંદી, સોનું કે [illegible] સુધી બનાવવાની હદ સુધી [illegible] ઉપકરણોની જરૂરીઆત સંભવી [illegible] જરૂરઆતથી વધારે [illegible] ચોરી વીગેરે થવાનો [illegible] વિધર્મી ભાઇઓ [illegible] ઉપરના દ્રવ્યના [illegible] તોડી ફોડી નાંખે છે, જે [illegible] થયાના ઘણા [illegible] નાસ્તિક જમાનાને [illegible] વીતરાગ પ્રભુની મૂર્તિને [illegible] છે, જ્યારે તેના અનુયાયીઓ [illegible] ઉપરની બાબતમાં [illegible] કરીએ તો આ કહેવત [illegible]

[illegible] તે પણ જમાના [illegible] માગે છે. આ વિષય [illegible] છે. અને તે સહજ [illegible], પણ ટુંકમાં તે નીચે [illegible] છે.

(અ) [illegible] કન્યા બન્નેને એક [illegible] કરી અને તેમની [illegible] કરીએ તો તેમનો [illegible] નાશ તેમજ એક બીજા [illegible] એવું કારણ મળે અને [illegible] ન્હાની ઉમરનો વાંધો [illegible] કારણ ઉમર લાયક થયા [illegible] અનુમતિ સંભવી શકે નહિં.

(બ) [illegible] દાગીના તથા કપડાને અંગે [illegible] ખરચા કરવામાં આપણે [illegible] કદાચ પહોંચી શકતા [illegible] સંતતિ પરણાવી [illegible] ખર્ચ વખતે મુંઝવણમા [illegible] બાબતમાં જો આપણે કરકસર કરીએ અને શ્રીમંતોનો સહકાર મેળ-

વીએ તો આપણા ગરીબ ભાઇઓના ઘર આપણે ઉઘાડાં રાખી શકીએ નહિંતો સુરત તરફ આપણા કેટલાક દશામેવાડા બંધુઓ કન્યાના અંગે ધર્મ ફેરવી "કુંઠી બંધ" થઇ ગયા છે, તેવો વખત ભવિષ્યમાં આવે તો નવાઇ નથી. ઉપરની બાબતમાં આપણા આગેવાનોએ ખાસ ધ્યાન પહોંચાડી સમયને અનુકુળ ફેરફારો કરવા ઘટે છે નહિંતો દર દશકે વસ્તીપત્રકમાં આપણી વસ્તીની સંખ્યા ઘટતી આવે છે તેમ વધારે ઘટતી જશે.

૭—**આપણી જીવદયા:**—આપણો જૈનધર્મ શાસ્ત્રોના સિદ્ધાંત અનુસાર જીવદયાની બાબતમાં પ્રધાનપદ ભોગવે છે. પણ આચારમાં આપણે પુરી જીવદયાનો અમલ કરી શકતા નથી. ફક્ત જૈનધર્મ અનુસાર સારામાં સારી રીતે જીવદયાના સિદ્ધાંતો જો કોઇપણ સમજી શકી પચાવી શક્યું હોય તો ફક્ત એકજ વ્યકિત ને તે મહાત્મા ગાંધીજી છે. અને જે તેનું આપણા જૈનો કરતાં સારામાં સારો અમલ પણ કરે છે જો કે આપણે પ્રત્યક્ષ હિંસાથી દૂર રહેવા પ્રયાસો કરીએ છીયે પણ પરોક્ષ હિંસાને પોષણ કરતા રહીએ છીએ.

કપડાંની બાબતમાં આપણે રેશમી લુગડાનો વપરાસ શ્રીમંત વર્ગમાં વધારે છે. રેશમની ઉત્પન્ન માટે અસંખ્ય જીવની હિંસા કરવી પડે છે. ગરમ ઉનના કપડામાં પણ આપણે મુલાયમ ઉનનું કાપડ વાપરવાનો મોહ રાખીએ છીએ તેમાં પણ મુલાયમ ઉન ઉતારવા માટે અસંખ્ય ઘેટાનાં ન્હાના બચ્ચાંની હિંસા કરવી પડે છે તેથી આગળ વધીને મુલાયમ ઉન માટે બચ્ચાંને ગર્ભમાંજ મારી નાખવામાં આવે છે. મીલનાં મુલાયમ વસ્ત્ર કે જેમાં લાખો મણ ચરબીનો ઉપયોગ થાય છે, તે બધાં હિંસાને પોષણકર્તા છે. હવે ઉપરની બધી બાબત જોતાં જો આપણે શુદ્ધ ખાદી વાપરવા તરફ આગળ વધીએ તો પરોક્ષ હિંસામાંથી બચી શકીએ. બૈરાંઓના પહેરવેશમાં પણ ખાસ કારી મોટા શહેરમાં કાચની કચકડાની બંગડી, માથાના ચીપીઆ તથા ફેન્સી પીનો વિગેરે પણ જીવ હિંસા પોષણકર્તા છે કારણ કે તે બધાની ઉત્પત્તિમાં જીવ હિંસા પ્રધાનપદ ભોગવે છે.

૮—**આપણા પર્વોમાં બાહ્ય અડંબર:**—આપણા અઠ્ઠાઇ પજુસણ જેવા મોટાં પર્વોમાં આપણું લક્ષ ધાર્મિક ભાવના તરફ આપવાને બદલે આપણા વસ્ત્રો તથા આભૂષણો તરફ આપીએ છીએ તેમાં ખાસ કરીને સ્ત્રી સમુહ પોતાના ભારેમાં ભારે કપડાં તથા દાગીનાઓના પ્રદર્શન માટેજ ધાર્મિક પર્વો હોય તેવી રીતે વર્તાવ રાખે છે. ભક્તિભાવ, પૂજાપાઠ, વીગેરે વીતરાગ ભાવના કાર્યોમાં સ્વચ્છ તથા સાદાં વસ્ત્રો હોયતો મનને વીતરાગ ભાવ ઉતારવા માટે મનનું વધારે સરલપણું અને શાંતીપણું જાળવી શકાય છે જ્યારે કીંમતી કપડાંથી તે કપડું સાચવવાની ફીકરમાં અને સૌથી સારાં અને કીંમતી કપડાંઓ તથા દાગીનાઓની સ્પર્ધા કરવામાં તેમનું દીલ ખેંચાયા કરે છે. દિગંબર ધર્મમાં વીતરાગ ભાવ પેદા કરવાના મુખ્ય આશયે સચવાય તેવો સાદગી (ખાદી)નો પહેરવેશ વધારે અનુકુળ તથા અનુકરણીય હોઇ શકે તેનાથી આપણે સાદાઇ તરફ વળી શકીશું તેમજ આ આર્થીક મુંઝવણના જમાનામાં આપણે કરકસર કરવાની આપણી ફરજનો એક મુખ્ય પાઠ શીખીશું.

ઉન્નતિને આરે.

(રચનાર–શાહ ચંદુલાલ હાથીચંદ–સોનાસણ)

હરિગીત છંદ.

જગવિજયી જૈનોત્તર તણા સંતાન સો શાણા તમે,
તમ જ્ઞાતિનો સેવક વિનય ને સ્નેહથી તમને નમે;
દિન આજ રહમ એક છે દિલમાં ધરો જૈની વરો,
હું પ્રેમથી પૂછું તમોને કોનફરન્સો કાં ભરો–૧

*   *   *

હાંસી કરે સૌ હેતથી જગ્ જૈન ભેગા થાય છે,
ભાષણ નકામું ભરડતા હો, હા કરી વેરાય છે;
ના ન્યાતનું ધોળે કર્યું ડાહ્યાં ઘણાં જૈની ધરો,
હું પ્રેમથી પૂછું તમોને કોનફરન્સો કાં ભરો–૨

*   *   *

નવ બંધ થાતાં બાળ લગ્નો બહુ બુરૂં તે થાય છે,
બાળા વરસ દસ બારની તે સાસરે રૂંધાય છે;
નિપજે પ્રજા નીર્બળ અરે તન સુખ તેનું કાં હરો,
હું પ્રેમથી પૂછું તમોને બાળ લગ્નો કાં કરો–૩

*   *   *

રે તો બિચારી બાળ વિધવા અલ્પ વયમાં થાય છે,
સંસાર સુખ ચાખ્યા વિના ખુણા વિષે ખડકાય છે;
શું દંપતીનો ધર્મ તે જાણ્યા વિના આ શું કરો,
હું પ્રેમથી પૂછું તમોને કોનફરન્સો કાં ભરો–૪

*   *   *

રે દીકરીના દોકડા લેવાય છે આ જ્ઞાતિમાં,
વય ગુણ રે જોવાય ના નાણાં મળે જ્યાં હાથમાં;
બસ સુખ સૌ તનયા તણું હાથે કરીને કાં હરો,
હું પ્રેમથી પૂછું તમોને કોનફરન્સો કાં ભરો–૫

*   *   *

હા વિત્ત હરવા વૃદ્ધ રોગી આંધળો પણ ના જુવે,
હોયે અપંગ અનાથ નિર્બળ નાખતા કન્યા કુવે;
રંડાય છે ભંડાય છે દીલમાં દયા તો કંઇ ધરો,
હું પ્રેમથી પૂછું તમોને કોનફરન્સો કાં ભરો–૬

*   *   *

નવ બંધ થાતાં બારમાં લાડુ ઉડાવો લહેરમાં,
દેવું કરી દહાડો કરો, નવ ખાખ ખાવા ઘેરમાં;
ચગદાઇ પરના રણુ તળે, જીવતર અકારૂં કાં કરો,
હું પ્રેમથી પૂછું તમોને કોનફરન્સો કાં ભરો–૭

*   *   *

જે ઘેર મૃત્યુ હોય ત્યાં રોપીટ ઝાઝી થાય છે,
પણ બારણામાં પ્રેમથી ચુરમા મગજ પીરસાય છે;
મૃત્યુ ભલે હો યુવકનું પણ મુખમાં મોદક ધરો,
હું પ્રેમથી પૂછું તમોને કોનફરન્સો કાં ભરો–૮

*   *   *

જે છે લગનનાં ખર્ચ મોટાં તે કમી કે થાય ના,
ઘર બાળીને તીરથ કરો હા ? આંખથી જોવાય ના;
ઘરમાં મળે ના પાઇ ને પહેરી પીતાંબર શું ફરો,
હું પ્રેમથી પૂછું તમોને કોનફરન્સો કાં ભરો–૯

*   *   *

'ઉંચા અમે' કોઇ કહે કન્યા બીજે ના આપીએ,
પણ આપનારો હોય તો બે ઉપર ત્રીજી સ્થાપીએ;
કન્યા રડે રખડે ભલે પહેરામણી પહેલી ધરો,
હું પ્રેમથી પૂછું તમોને કોનફરન્સો કાં ભરો–૧૦

*   *   *

એવણુ બીજા બહુ દોષ છે જે કાં જરા જોવાય છે,
નિર્ધન અને નીસ્તેજ જ્ઞાતી બંધુ થાતા જાય છે,
દે શીખ કે ભય દંડથી અટકાવ બસ એનો કરો;
હું પ્રેમથી પૂછું તમોને બાળ લગ્નો કાં કરો–૧૧

*   *   *

ખોટાં ખરચ અટકાવીને પૈસા ભરાવો ફંડમાં,
તન કેળવો જ્ઞાતિ તણા લ્યો નામના નવ ખંડમાં;
થાઓ ઉદય કે આપણો એવા ઇલાજો આદરો,
વીસમી સદી વેગે વહી મીંચ્યાં નયન ખુલ્લાં કરો–૧૨

કર્તવ્ય કર્મનું વિસ્મરણ.

(લે.—હીરાલાલ રાયચંદ શાહ-અંકલેશ્વર.)

તામસ ગુણનું કાર્ય આળસં, પ્રમાદ ને નિંદ્રા છે. તામસ ગુણની વૃદ્ધી થવામાં આ બધું મળી આવે છે, કર્મમાં આળસ થાય. પ્રમાદ એટલે કર્તવ્ય કર્મનું વિસ્મરણ થાય. નીદ્રા વધારે આવે. આમ જ્યાં થાય ત્યાં નક્કી માનવું કે તમોગુણ પ્રધાનપણે કાર્ય કરતો થયો છે, તમોગુણ એકંદરે બધાગુણોથી ઉતરતો છે.

પ્રમાદ અત્યારે જ્યાં ત્યાં જોવામાં આવશે. ઘણે ભાગે આ ગુણનો પ્રભાવ જામી ગયો હોય તેમ બધેજ જોતાં જણાશે. આ ગુણ પ્રકૃતીવાળા પણ સમાન છે. અસુર કેવાય રાક્ષસ આવે કેવા-જેવા જાતા નથી, એ બધું અત્યારે જોવાશે અસુર બનવામાં સુખ નથીજ, ક્લેશ છે, દ્વેષ છે. માંહે માંહે વીખવાદ છે. આનંદ નામે નથી. જેમાં સુખ નહી, તેમાં રહેવું કામનું-લાભનું શું?

સત્વગુણમાં રહેવું એ વિશેષ ઉત્તમ છે, કર્તવ્ય છે. જેમાં સત્વગુણની વૃદ્ધિ થાય; તેમાં પ્રવૃત્ત રહેવું એ સુંદર તક સાધી કહેવાય. મનુષ્ય-પણું આવ્યું, તેને વ્યર્થ ગુમાવી દેવું એ ઠીક નથી. આળસ પ્રમાદ છોડી દઇ પોતાની ફરજ વિચારી સુંદરતામાં જવું એજ ભાવી સુધારણા છે. આગળ વધો. પોતે પોતાને જાણવો એ ખરૂં કામ છે, પોતે પોતાને ન જાણે ત્યાં તે અપૂર્ણ છે. પૂર્ણ તત્વ સમજી વિચારી જાણી વર્તનમાં રહેતા થવું એજ ભાગ્ય છે. સુંદર ફળ છે.

પદાર્થ મેળવવામાં અથાગ મહેનત કરતા જોઇએ, પણ આત્મતત્વ વિચારવામાં જરાપણ સમય આપતા જોવામાં આવે છે. ક્યાંક ચોવીસ કલાકમાં નામે પ્રભુ તરફનો વિચાર આવતો હોય છે? આ વિચારી લઇએ એટલે આ પ્રથમ કર્તવ્ય કર્મ વિસ્મરણ; સીંહપણું છોડી બકરા પણું લાવવું-આવવું આ શું અધોગતિ નથી? જાગ્રત બનવું જોઇએ, ચેતવું, પંચ ત્યાં પરમેશ્વર આ કહેતી અત્યારે છે? આ પ્રમાણે જ્ઞાતિના અગ્રેસરો પંચમાં બેસી ન્યાય બરોબર તોળે છે? પક્ષાપક્ષીનું સબળ કાર્ય એ શું વ્યાજબી છે? આમ જ્ઞાતિના અગ્રેસરો કર્તવ્ય કર્મ ચૂકેલા અંધારામાં બાચકા ભરાવા બીજાને પોતા તરફ દોરે છે. કાવા દાવા પોતે કરે છે. સ્વાર્થ સાધુ બને છે? કન્યા આપવા લેવામાં સ્વાર્થી વલણ પકડી પોતાનું ધાર્યું કરે છે. આ બધું કર્તવ્ય વિસ્મરણ નહી તો બીજું શું? પંચ વિચારે, ચેતે વિસ્મરણ વહેલું ન લાવે.

જ્ઞાતિના અગ્રેસરો જ્ઞાતિ સુધારણાનું કાર્ય જે કરવાનું તેને બદલે પક્ષાપક્ષી ઉભી કરે, તડગલા પાડે, વિખવાદ કરાવે, માંહે માંહે લડાવે, આ બધું કાર્ય જે ન કરવાનું તે કરવા ચુકતા નથી, એટલે એમ નક્કી થાય છે કે અગ્રેસરો પટલાઇ કરવામાં કર્તવ્ય કર્મ ભૂલી સ્વાર્થી વલણમાં અહંમય કરે છે. માતાપિતાની જે ફરજ છે, તે પોતે ચૂકે છે. બાળક પ્રાંત સુંદર દ્રષ્ટી ન રાખતાં જેમ તેમ વલણ પકડી માત્ર પદાર્થ મેળવવામાં સમય ગુમાવે છે. તેમાં, ન તો, બાલકની ફરજ વીચારે કે ન તો પોતાની ફરજ વિચારે. આ બધું કર્તવ્ય કર્મ વિસ્મરણ નહી તો બીજું શું! માતા પીતાએ ફરજ વીચારવી જોઇએ. સંસારમાં સુંદરતા મેળવવી જોઇએ.

પતી પત્નીનો વીચાર કરીએ. આમાં પણ કર્તવ્ય કર્મ વિસ્મરણ જોવામાં આવશે. એક બીજા પ્રતી સુંદર પ્રેમ જોઇએ, તે જણાશે નહી. ધન્યવાદ ગૃહસ્થાશ્રમ તે ક્યાંથી હોય? સ્ત્રી પ્રતી-માનની દ્રષ્ટીથી જોવામાં આવે નહી, કેળવણીનો અભાવ હોય, આનંદ ત્યાં શાનો હોય? આ બધું કર્તવ્ય કર્મ વીસ્મરણ નહી કે? સુખી સંસાર બનવામાં કર્તવ્ય કર્મ વીચારવું જોઇએ. સમજી ચાલવું જોઇએ. સંસારમાં યોગી બનવું સારૂં છે.

આ જીવ સેવા માટે છે. ભક્તિ પ્રધાન શરીર છે. સેવામાં મેવા છે. પણ સેવા છે ક્યાં? અત્યારે તો સેવા માત્ર ક્લેશી વાતાવરણ રચું કરવામાં રહેલી છે, વિખવાદ કરી ધાર્યું કરવાનું વલણ હોય છે. આ પણ કર્તવ્ય કર્મ વિસ્મરણ છે ને?

યુવાન વર્ગ પોતાની ફરજ વિચારે નહી; ગુલામી સમજે નહી, તે સ્વતંત્રતા શી રીતે મેળવે? મોજ શોખી જીવન એ સુંદરતા શી રીતે પ્રાપ્ત કરી શકે? એ સમજવું જરૂર છે.

આમ ઘણી રીતે કર્તવ્ય કર્મ વિસ્મરણ જોવામાં આવશે. વિચાર કરી આગળ વધે છે. આગળ વધે છે. રોવા રૂપ જીવન ગુજારી બીજાનું ભલું કરવામાંજ સમય વ્યતિત કરે છે એ આત્માને ધન્ય છે?

નરસિંહપુરા સમાજને.

મોટા ખેદની વાત તો એ છે કે જ્યારે અન્ય કોમો અને ધર્મો પ્રગતિને પંથે જાય છે, અને પોતાના વિકાશને માટે તનતોડ પ્રયત્ન કરી રહી છે, ત્યારે આપણી દોઢસો બસો ઘરોની નરસીંહપુરા કોમ અવનતીને પંથે પ્રયાણ કરી રહી છે. જ્યારે સાબરતીનો સંત (ગાંધીજી) ઐક્યતા માટે આખા દેશમાં પડકાર કરી રહયો છે, અને તેના માટે આખા દેશમાં ભ્રમણ કરી અથાગ પ્રયત્નો કરી રહ્યો છે, ત્યારે આપણી એક નાનીશી કોમની અંદર નાત બહારના નિમિતે ભયંકર અગ્નિ જવાળાઓ વર્ષોથી પ્રસરી રહેલ છે. જ્યારે અન્ય દેશો માંહોમાંહેના ક્લેશ યા કુસંપને બાજુપર મુકી સ્વદેશ ઉન્નતિ અર્થે દૂર દરિયાપારના દેશોમાં પોતાનો વિકાશ કરી રહ્યા છે, ત્યારે ભારત માતાની કુખે જન્મેલા એ દેશબંધુ ધર્મબંધુ અને જ્ઞાતિ બંધુને વર્ષોથી અલગ રાખવા એ ઠીક નથી. સમાજના ડાહ્યા અને અગ્રગણ્ય પુરૂષોએ તો હંમેશાં ઉદાર મન રાખવું જોઇએ. એક સમયે કોઇ વ્યક્તીની ખુલ્લે ખુલ્લી ભુલ થઇ હોય તો પણ પોતાની જ્ઞાતી અને ધર્મની આબરૂ ખાતર તેને પેપરો દ્વારા ખુલ્લી ન કરતાં પોતાની મેળે તેનો નીકાલ લાવવો તેનેજ હું તો શ્રેય માનું છું.

કેટલાક કુરીવાજ અને પોતાની જરૂરીઆત પુરી પાડવાના અભાવે કોઇ જ્ઞાતી બંધુ પોતાના ધર્મનો ત્યાગ કરી પરધર્મનો આશ્રય લે તે શું આપણે માટે શરમ ભરેલું નથી? આવા બનાવો મોટી સંખ્યામાં બનેલા હોવા છતાં આપણે હજુ ભરનિદ્રામાં ઘોરીએ છીએ, અને ગુજરાત દિ. જૈન કોનફરન્સ જેવી એક સુધારક અને કુરીવાજોનો વિનાશ કરનારી એક આદર્શ સભાને ટેકો આપી તેને ચીરસ્થાયી બનાવવાની જરૂર છે.

જેમ કોઇ નવી ઇમારત બાંધવી હોય તો જુની ઇમારતને તોડી તેને છિન્નભિન્ન કરી નાંખી પાયામાંથીજ તેનો ઉચ્છેદ કરવામાં આવે છે, અને તેના ઉપર નવા પાયા નાંખી નવી ઇમારત સારી રીતે બાંધી શકાય છે, તેવીજ રીતે જમાનાને માન આપી, સારા રિવાજો ઘડવા માટે કુરિવાજોનો મૂળમાંથી ઉચ્છેદ કરવો ઘટીત છે,

ભાઇઓ! જમાનો બદલાય છે, તેને માન આપીને ઉદાર મન રાખીને, પોતાની સંસ્થાઓને મજબુત પાયા પર મૂકીને સ્વોન્નતિને પંથે પ્રયાણ કરવું એજ યોગ્ય છે. કુસંપ એ અનેક આપત્તિનું મૂળ છે, માટે જેમ બને તેમ તેનાથી આપણે સર્વે દૂર રહેવાનો પ્રયત્ન કરીશું તેવી આશા સાથે હું વિરમું છું.

જીવણલાલ સોમચંદ, કલોલ.

નરસીંગપુર પક્ષનો વિરોધ—ડેમઇ (ઝહેર) માં કાર્તિક સુદ ૮ મે નરસિંહપુરા અને રાંધકવાળોનું સમસ્ત પંચ મળવાનું છે તેની વિરૂદ્ધમાં નરસીંગપુરા પક્ષના શા. ડુંગરચંદ અમથાલાલ, કેશવલાલ લલુભાઇ, મગનલાલ હરજીવન વગેરે ૭ સહીથી હેંડબીલ નીકળ્યાં છે કે—"પંચ મારેનો કાગળો સમસ્ત પંચ તરફથી લખાયા નથી તેમ સમસ્ત પંચ કદિ મળ્યુંજ નથી તેથી પંચને નામે લખાયેલ કાગળ સમસ્ત પંચના નથી ને તેને અમે સમ્મત નથી!

"આ પ્રમાણે નરસીંગપુરનો નાનો પક્ષ અલગ રહેવા માંગે છે, એટલે હવે ડેમઇ મુકામે શું થાય છે તે હવે પછી જણાશે.

સુરતથી સારૂં દાન—સુરતમાં પર્યુષણ પર્વમાં ૪૭) તીર્થ રક્ષા ફંડમાં ભેગા થયા હતા તેમજ ચાર દાનની ટીપમાં ૨૧૯) આવ્યા હતા જેની નીચે મુજબ વ્યવસ્થા થઇ છે. ૮૩) સુરતમાં નીચે મુજબ.—૧૦) શ્રાવિકા પાઠશાળા, ૧૦) ફુલકોર કન્યાશાળા, ૧૦) જીવદયા ખાતું, ૧૩) સાધર્મીને ટીકીટ માટે, ૧૩) દિ. જૈન યુવક સંઘ કેળવણી ફંડ, ૧૦) દિ. જૈન પાઠશાળા, ૧૨) ટ્રેકટ પ્રચાર માટે, ૫) અશક્તાશ્રમ. બહારગામ ૧૩૬) નીચે મુજબ—૧૦) સ્યાદ્વાદ વિ. કાશી, ૧૦) ઋષભ બ્ર. આશ્રમ મથુરા, ૧૦) કુંથલગિર બ્ર. આશ્રમ, ૧૦) ઋષભદેવ વિદ્યાલય, ૧૦) સાગવાડા વિદ્યાલય, ૧૦) વડનગર ઔષધાલય-અનાથાલય, ૧૦) જીવદયા સભા આગરા, ૧૦) અનાથ વિધવા ફંડ આગરા, ૧૦) સેંવારી વિદ્યાલય, ૧૦) સોનાગિરી વિદ્યાલય, ને ૨૫) તાર્થોને. આજ પ્રમાણે દરેક સ્થળેથી ટીપ કરી સહાયતા મોકલવી જોઇએ.

ઇંડરમાં—સભા થઇ-ઇદારમાં મુનીવિહાર પ્રતીબંધ એકટના વીરોધમાં તાર કરવામાં આવ્યો હતો.

ચિતોડથી—શિખરજીની યાત્રાની સ્પેશયલ ટ્રેન માગશર સુદ ૧ ને દીને નીકળવાની છે. ૬૦ દીવસનો પ્રોગ્રામ છે. ૬૪) ભાડું ને ૧૪) માસીક ભોજન ખર્ચ છે. ને દરેક પ્રકારની સગવડ છે. માટે ગુજરાતના દિ૦ જૈનોએ એ ટ્રેનમાં સામેલ થવું હોય તો ૧૦) મોકલી સંતલાલ જૈન પરતાબગઢ (રાજપૂતાના) ને નામ લખાવવાં. ને એ ટ્રેનમાં વડોદરાથી રતલામ થઇ ચીતોડ જઇ સામેલ થઇ શકાશે.

સ્વ. જૈન મહિલારત્ન મગનબ્હેન—ની ચી૦ સૌ૦ કેશરબ્હેન ચંદુલાલની ૧૭ વર્ષની પુત્રી જયવંતી બ્હેને પેરીસ (ફ્રાન્સ) માં ફ્રેન્ચ ભાષામાં બાકાલોરીયા પરીક્ષા (જેમાં અંડર ગ્રેજ્યુએટ જેટલું જ્ઞાન મળે છે તે) પાસ કરી છે.

શાન્તિમાંજ સુખ છે.

હરીગીત.

જ્યાંજ્યાં નજર મ્હારી ફરે, ત્યાં ત્યાં સદા એ ભાસતું,
આવેલ સુખ જે અલ્પ તે, પળવારમાં ચાલી જતું.
જેની હશે જેવી નજર, તેઓજ તેવું પામશે,
સાકર તણો ઇચ્છનાર કહો ? સુવર્ણ ક્યાંથી કાઢશે ?
મહેનત કરી મહીતળપરે, તગદીર વીણ પસ્તાય છે,
આશા ધરે જો ઇશથી, તેના થકી સુખ થાય છે.
જેને હશે જેવી જરૂર, તેનેજ તેવું લાદશે,
ઇશ્વર સદા એ નીતિનો, અંતર મહીં ઉતારશે.
આવેલ જે જે જન્મીને, પ્રાણી બધા સંસારમાં,
તેઓ તણું છે ચક્ર સૌ, આનંદના આધારમાં.
શાંતિ હશે સા સુખ થશે, પૈસે કશું નવ થાય છે,
પૈસા થકી પામર બની, જન અંધ થઇ અથડાય છે.
એવી નીતિ સંસારની માની બધા શ્રમ આદરો,
નીતિ અને શક્તિજ સૌ શાંતિજ માટે પાથરો;
શાંતી હશે જે ગૃહ વીષે તે સ્વર્ગસમ સોહાય છે,
મોહન કહે શાંતિ વિના જન મૂર્ખ સમ લેખાય છે.

મોહનલાલ મથુરાદાસ શાહ—કમ્પાલા.

આત્મ નિર્ણય.

આત્મ નિર્ણયનો સ્પષ્ટ અર્થ એ નીકળે છે કે સૌ મનુષ્ય પ્રાણીમાં, પુરૂષ, સ્ત્રી, બાળક તેમજ તેઓના બનેલા સમાજમાં વિકાસ પામેલ અથવા વિકાસ પામતા, નાના કે મોટા સૌમાં એક આત્મા છે, એક જીવ છે કે જેને પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કરવા માટે પોતાને અનુકુળ પડે તેવું જીવન ગાળવાનો અને તે જીવનને આત્મ વિકાસની પ્રાપ્તિ તરફ દોરવાનો હક છે. સર્વ રાજકીય, સામાજીક ને ધાર્મિક સુધારા, ધારા, ધોરણ વિગેરેનો પણ દરેકોઇ મનુષ્યે આત્મ નિર્ણય કરીનેજ તેવા સુધારા વિગેરેને પોતાના જીવનમાં ઓતપ્રોત કરવા પ્રયાસો કરવા જોઇએ. હિંદુસ્તાન સ્વધર્મથીજ પોતાનું અને જગતનું કલ્યાણ કરી શકશે. સ્વધર્મ એટલે જેટલું બહારથી મળે તેટલું બધું તજી દેવું એમ નહિ; પણ તેમાંથી જેટલું આપણા આત્મ વિકાસમાં અડચણ ન કરે તેટલું સ્વીકારવું. આપણી સામાજીક જુની રૂઢિઓ જે આપણા આત્મ વિકાસમાં ઘણે પ્રકારે નડે છે તે આત્મ નિર્ણય કરી ફેંકવી જોઇએ.

જે સમાજનું બંધારણ એવું હોય કે જેથી આપણા બંધુઓ વાસ્તવિક દલીલ કરીને રહે તો તે બંધારણ ધિક્કારને પાત્ર છે અને તેવા બંધારણને અનુસરનાર અસંખ્ય માણસોની દરકાર ન કરતા ડાહ્યા માણસે તેવા બંધારણને અનુસરનાર અસંખ્ય માણસોની દરકાર ન કરતા ડાહ્યા માણસે તેવા બંધારણને ગૌણ ગણી પોતે આત્મ નિર્ણય કરી પોતાનો આત્મા જે માર્ગે દોરે તેવા સુમાર્ગેજ જવું જોઇએ. અને તેમ કરતા જતા કોઇ વિઘ્ન આવે તો આત્મ વિશ્વાસનું દૃઢ રીતે શરણ લેવું જોઇએ. બીજાનું જે સારૂં હોય તે ગ્રહણ કરવું તેનો અર્થ હું એમ કરૂં છું કે જે આપણને સારૂં લાગે તે તેના બાહ્ય સ્વરૂપમાં ન સ્વીકારતાં તેનો શું ઉપયોગ છે, તે આપણા જીવનમાં, આપણા આત્મ વિકાસમાં કામ આવી શકે તો કેવી રીતે કયા સ્વરૂપમાં, કયાં ભાવનાઓથી અને કયા તંત્રથી વીગેરે નક્કી કરી. આપણું જીવન સુધારવું જોઇએ ને તેવા સુધરેલાં જીવનને ક્રમે ક્રમે આત્મ વિકાસનું તીવ્ર ભાન કરાવવું જોઇએ. દરેક વ્યક્તિએ અમુક કાર્યો આત્મ નિર્ણય કરવાની ટેવ આત્મ વિકાસમાં એક હથીયાર રૂપ છે, પરંતુ આત્મ નિર્ણય કરતાં મનને બીલકુલજ શાંત રાખવાની જરૂર છે અને તેવીજ અવસ્થામાં આત્માનો સાક્ષાત્કાર (આધુનિક ભાષામાં પ્રભુનો સાક્ષાત્કાર) થઇ શકે છે. એટલે કે આત્માનુભવ થાય છે, અને તેને પરિણામે વિજ્ઞાનનાં કિરણો અનુભવમાં આવે છે. બીજી સ્થિતિમાં તે કિરણોનો સ્પર્શ કરી તેને બરાબર ગોઠવવા પડે છે. અને તે બરાબર ગોઠવ્યા પછી તેનો અનુભવ પરત થયે ચૈતન્ય મળતાં મળતાં નિર્વાણ થાય છે. માટે જ્યાંસુધી જ્ઞાન અનુભવાત્મક ન થાય ત્યાંસુધી જ્ઞાનનો ઉપયોગ નથી. અંતમાં મનને એવી દશાથી શાંત કરવું કે જેમાં તે ઉપરની સત્તાને શરણ રહે અને ઉપરની સત્તાને કામ કરવા જગ્યા આપે અથવા મન શાંત ન હોય તો તે દરેક કાર્ય કરતાં રહેવું; [illegible] આપણા કર્મો કરે છે, એ બાબ એક ક્ષણ પણ વિસરવું નહિં. આત્મનિર્ણયજ આત્માને ક્રમે ક્રમે સાધ્ય વસ્તુ તરફ પ્રયાણ કરાવે છે અને તેનું ખરૂં સ્વરૂપ સમજાવે છે. માટે દરેક માણસે આત્મનિર્ણય કરવાની ટેવ પાડવી જોઇએ. અને એટલું તો ચોક્કસ છે કે જ્યારે સમાજમાં સર્વ માણસો તેવા સ્વધર્મનું પાલન કરશે, ત્યારેજ સમાજ સર્વ પરિસ્થિતિ તેમજ સર્વોત્કૃષ્ટ જૈનધર્મનું સત્ય સ્વરૂપ સમજી શકશે. ને પરિણામે આત્મોન્નતિ થઇ શકશે ને સમાજ સારી સ્થિતિએ આવી જગતભરમાં અગ્રપદ ધરાવવા સમર્થ થઇ શકશે.

રમણલાલ કે. શાહ—વડોદરા.

"जैनविजय" प्रिन्टिंग प्रेस, खपाटिया चकला—सूरतमें मूलचन्द किसनदास कापडियाने मुद्रित किया और "दिगम्बर जैन" ऑफिस, चन्दावाडी—सूरतसे उन्होंने ही प्रकट किया।